# સ્ત્રીબોધ.

[ કહે નપો ધન દેશને, કરવા આબાદાન, સરસ રીતછે એજકે, દો માતાને માન ]

## પુસતક ૮ મું.

### જાનેવારીથી ડીસેમબર સને ૧૮૬૪ સુધી.



મુંબઈના

દફતર આશકારા છાપાખાના મધે છાપીઉછે

૧૮૬૪

વીટી .. .. .. .. .. .. .. .. .. .. .. ૧૨૮
રમુજી ફુરસત .. .. .. .. .. .. .. ૧૭૯
પરચુરણ બાબદો .. .. .. .. .. .. ૧૨૯
સ્ત્રીઓને ભણવા વીશે (ગરબી) .. .. .. ૧૩૦
સવાડીશટ પકવાંનો, ઇતીઆદી .. .. .. ૧૩૦

આંક ૭ મો—જુલાઈ શને ૧૮૧૪.

કજીઆખોર કબીલાઓ .. .. .. .. ૧૩૧
રંડાપો .. .. .. .. .. .. .. .. .. ૧૩૮
હુપલીઉ .. .. .. .. .. .. .. .. ૧૩૯
રાણી માઈલન .. .. .. .. .. .. ૧૪૦
ગરમ પાંણીના ફુવારા—(ચીતર સાથે) .. .. .. ૧૪૧
દુરબીનની અજાએબીઓ, (ચીતરો સાથે) .. ૧૪૨
લાડવાની ખીર .. .. .. .. .. .. ૧૪૫
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. ૧૪૭
"એકજ લોહી"—(ચીતર સાથે) .. .. ૧૪૯
પંખા .. .. .. .. .. .. .. .. ૧૫૦
મેતરજાતી રમત—(ચીતર સાથે) .. .. ૧૫૧
રમુજી ફુરસત .. .. .. .. .. .. ૧૫૩
પરચુરણ બાબદો .. .. .. .. .. .. ૧૫૩
મનને શીખામણનું પદ .. .. .. .. ૧૫૪

આંક ૮ મો—આગસટ શને ૧૮૧૪

કજીઆખોર કબીલાઓ .. .. .. .. ૧૫૫
કસરત શાળા (ચીતર સાથે) .. .. .. ૧૬૧
અંતકરણનો દુખ .. .. .. .. .. ૧૬૩
હીંદુઓની માહાકાલી—(ચીતર સાથે) .. .. ૧૬૪
દુરબીનની અજાએબીઓ—(ચીતરો સાથે) .. ૧૬૬
બજાં ખાવાની બાન .. .. .. .. ૧૬૮
રૂનો રોપો—(ચીતર સાથે) .. .. .. ૧૭૧
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. ૧૭૩
રમુજી ફુરસત—(ચીતરો સાથે) .. .. ૧૭૫
પરચુરણ બાબદો .. .. .. .. .. ૧૭૬
શારૂ કામ કરવામાં હીમત રાખવા વીશે (ગરબી) .. ૧૭૬

આંક ૯ મો—સપટેમબર શને ૧૮૧૪.

વગર પઈસાનો કીમતી વારસો .. .. .. ૧૭૭
નાથાની હોઈગનીસ .. .. .. .. ૧૮૦
શેહેરોમી ગેદ .. .. .. .. .. ૧૮૧
દુરબીનની અજાએબીઓ, (ચીતર સાથે) .. .. ૧૮૨
સમી સાનની સરાક! .. .. .. .. ૧૮૪
પરેસીડંટ લીનકંન, (ચીતર સાથે) .. .. ૧૮૬
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. ૧૮૭
ઉદીઓગ અને તેનુ ફલ .. .. .. ૧૯૦
ગરૂડ પંખી, (ચીતર સાથે.) .. .. .. ૧૯૧
મીનાઈ વાસણ .. .. .. .. .. ૧૯૨
લખનૌનો ઇમાંમવાડો, (ચીતર સાથે.) .. .. ૧૯૪
દુરશુદનો વખત .. .. .. .. .. ૧૯૫
રમુજી ફુરસત .. .. .. .. .. ૧૯૭
પરચુરણ બાબદો .. .. .. .. .. ૧૯૭
મુરીઆમ કાલનું ચીલ, (કવીતા) .. .. .. ૧૯૮

સવાડીશટ પકવાંનો, ઇતીઆદી .. .. .. ..

આંક ૧૦ મો—અકટોબર શને

વગર પઈસાનો કીમતી વારસો .. .. ..
સ્ત્રીની એકીનદારી .. .. .. .. ..
મારાં વેહેમી સાસુજી .. .. .. ..
અફીણ—(ચીતર સાથે) .. .. .. ..
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. ..
સાધારણ સમજ .. .. .. .. .. ..
પુરૂથવી અને તેને લગતા બનાવો .. .. ..
મીસરનાં હાકમને માટે બનાવેલી રેલવેમાં જોડવાની ગાડી—(ચીતર સાથે) .. .. ..
કુતરૂં—(ચીતર સાથે) .. .. .. ..
દીવાલી .. .. .. .. .. .. ..
એક નોકરની નીમખહલાલી .. .. ..
રમુજી ફુરસત .. .. .. .. ..
પરચુરણ બાબદો .. .. .. .. ..
એક પરદેશી ભરથાર ઉપર તેની સ્ત્રીએ લખેલો પતર .

આંક ૧૧ મો—નવેંમબાર શને ૧૮૧૪.

વગર પઈસાનો કીમતી વારસો .. .. .. ..
લારડ બરોહામ .. .. .. .. .. ..
સમએ સુચકતા .. .. .. .. .. ..
એક નીરદઆલુ બાપનો દઆલુ દીકરો .. ..
ઉપકારનો બદલો—(ચીતરો સાથે) .. .. .. ૨૨
ગાણકબાઈ મસકલી .. .. .. .. .. ૨૨
કીમતી પથરાઓ—(હીરો) .. .. .. .. ૨૩
કુતરૂં—(ચીતર સાથે) .. .. .. .. ૨૩
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. ૨૩
સાધારણ સમજ .. .. .. .. ..
શેઠ હોસાબાઈ શોહોબજી મુનશી—(ચીતર સાથે) ..
પુરૂથવી અને તેને લગતા બનાવો .. .. ..
પરચુરણ .. .. .. .. .. ..
ભણેલીઓને શીખામણની ગરબી .. .. .. ૨

આંક ૧૨ મો—ડીસેમબર શને ૧૮૧૪.

વગર પઈસાનો કીમતી વારસો .. .. ..
સંસારનો સનેહી—(ચીતર સાથે) .. ..
રંગ .. .. .. .. .. .. .. ..
દુનીઆંનો મુસાફર—(ચીતર સાથે) .. ..
પુરૂથવી અને તેને લગતા બનાવો (ચીતરો સાથે)
કીમતી પથરાઓ—(હીરો) .. .. ..
સંકટ અને ધીરજ .. .. .. ..
સુખ! સુખ—(ચીતર સાથે) .. .. ..
સાધારણ સમજ .. .. .. .. ..
દીનબાઈ દંડાએઆં .. .. .. ..
કનતાન શેહેરનો એક મોહોલો—(ચીતર સાથે) ..
પરચુરણ .. .. .. .. .. ..
દઇવ ભુલાવેનો કોણ ભુલે નહી? (ગરબી) .. ..
પોહોંચ .. .. .. .. .. .. ..

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. | જાનેવારી ૧૮૬૪ | આંક ૧ લો.

## ધીરાં કાંમ સાહેબના.

અથવા

## સાંમટું શંકટ અને સાંમટું સુખ.

એક વારતા †

---

### પરકરણ પેહેલું.

### સાકર અને મધ.

સાંજ પડેલીછે. સીરેપોહોરનો વખતછે. આફ્તાબ આકાશની,હેઠણમાં આવીઓછે અને તેના સુનેરી કીરણોથી સાંમેના વાદલાંઓ ઉપર જહલકતો ઘેર મહુડીઓછે, જે આસપાસના ખોલાં બલુ આસમાનમા બહુ જહલકાટ મારેછે. ઠંડા પવણની ધીમી લેહેકી ગોએઆ ચામડીને ચુંમી લીએછે અને કાંનમાં હરૂસે અવાજ કરેછે.

કેકાઉસ પાદશાહાનો મેહેલ એક શુંદર સરોવરની સામે બહુ દમાંમથી દીપેછે. સરોવરના પાંણી આફ્તાબના કીરણોને બારી બારણાઓ ઉપર ફેંકેછે, જેથી મેહેલ સુનેરી લેબાશ લીએછે અને ફરતા બાગને વધારે રોશન તથા તેજદાર કરેછે જેમાંના શુંદર તથા મોટાં જાહાડો તે ઉપરના ખુશબોદાર ફુલ અને લેહેજતદાર ફલો સાથે તથા રંગ બેરંગી બુલબુલ અને બીજાં પખશીઓ સાથે દીલને બહુ આંનંદ પમાડેછે. આસપાસના મેદાન તથા ફરવાની જગામાં કુદરતે ગોએઆ લીલો ગાલીચો પાંથરીઓછે. ટુકમાં જે સાંજનું હમે બેઆન કરીએ છઇએ તે સાંજના કુદરતની કલમ એવીતો બારીકીથી ફરી વલી હતી કે કોઇબી માણુસ સઉથી અગતનું કાંમ મેલીને તાંહાં બે ઘડી ગુજારવાને લલચાવા વીંના રેહે નહી.

અને તે સાંજે બે શુંદર છોકરીઓ આ રલીઆંમના બાગ મધે ફરવા નીકલી હતી. તેઓ પીઆરના અતી ઘણા મનપસંદ જુસામાં ગોએઆ લપેટાએલી હતી. આસપાસની દુનીઆંની તેઓને ગોએઆ ફીકર ચીંતા નહી હતી, પણ એક એકસે બગલગીરી કરી રમત અને મોજથી બાગના એક ભાગથી બીજા ભાગમાં પોતાના હલકાં નાજુક કદમે તેઓ ફરતાં હતાં અને તે વખતે તેઓને ઘડીમાં હસતા અને ઘડીમાં ગંભીર, ઘડીમાં વાત કરતાં અને ઘડીમાં એક એકને ખરી મોહોબતથી બોસા લેતાં, ઘડીમાં ખીસી જતાં અને ઘડીમાં એક એકસે હાથ મેલવતાં, જેબી ધણીએ જોએઆં હશે તે આ શુંદર સાહેલીઓને માટે આફરીન કીધા વીના રહેઓ નહી હશે.

એના કારણ દેખીતાંછે. તેઓનું હોશાન અને રૂપ મોટા સાધુને તેના કામમાથી ચુકવે એવું હતું, પણ વલી તેઓની ઉભી પેશાની, કમાનદાર ભવાં, પોહોલું કપાલ અને જલકતી આંખોથી એવી મંનશકતીની ગવાહી મલતી હતી કે તેઓમા ખુબ શુરતી એજ એખલો ગુણ નહી પણ જેવાં બાહેરથી દેલદાર તેવાંજ અંદરખાંનેથી તેઓ ગુણવંતાં હતાં એવું ઉઘાડું હતું. તેઓ ઉમરે જવાંન અને ઓરતપણામા આવેલાં હતાં, પણ તોબી તેઓ નાદાન બચાં સરખાં દીસતાં હતાં. દુનીઆની જંજાલ ઇઆ સંસારી ચુંથણામાથી તેઓ હજુર નીરાલાં હતાં. ખીલતી કલીની મીશાલે તેઓની હાલત હતી.

આ ! હા ! તે બચગીની હાલતને કોણ ઇઆદ નહી કરશે ? કેવાં તે વખતે હલકાં મંન, કેવો ખુશી સવભાવ, કેવો હસતો જીવ, કેવો જંજાલ ઓછી, કેવી ચંતા દુર હતી !

પણ આપણ પેલી બે નારીઓ તરફ પાછું ધેઆન દોડાવીએ. ઉપલી સાંજના તેઓનું મંન કોઇ બાબદ ઉપર રોકાએલું હતું અને તે જાણવા તથા તેઓની પીછાણ કરવા માંટે, બાગમાના સરોવરને કાહેની બેઠક ઉપર જઇ બેઠા પછે હવા ખેરતાં તેઓ જે વાત કરતાં હતાં તે સાંભલીએ.

"ઓ મારી મીઠી, મીઠી, શીરીન, મારૂં કહેઉં તું કબુલ રાખ. પીંઆરી સીરીન, હવે તારા ગમને દુર કર અને વધારે ખુશાલી બતાવ."

"વાહાલી સુશાન, તારી એ ફીકરની વીનંતીછે. હું ખુશી તો છઉંજ અને જો વધારે ખુશી મારામા ઇછતી હો એતો તે કાંઇ એકદમ આવવાની નથી."

"પણ ઓ મંનપસંદ મીતર તુને પગે પડીને કેહું છઉં કે તારા દીલમા જેબી દરદ હોએ તેને દુર કર, જેબી ચીંતા હોએ તેને કાહાડી નાખ, જેબી અંદેસો હોએ તે

† આ વારતાનો પાઓ શુરશેકસપીઅરના એક મનોરંજક નાંટક ઉપરથી રચીઓછે

ને ભુલીજા અને પાછી આગલના જેવી હસતી, રમતી સાકર સરખી શીરીન થા"

"અને હમણા શું હું રડતી શીરીન છઉં? હમણા શું તું આગલની પેઠે મને સાકરનું નામ નથી આપતી? હમણા શું મારો સવાદ તુંને ઓછો લાગેછે. પીઆરી, સાકર તે સાકરજછે પણ મધ સરખી સુશન તેમા જે ફેરફાર જુવેછે તે કદાચ તેનો પોતાનો ફેરફાર હશે"

"નહી, નહી, શીરીન એવી રીતે આપણે વાત કરવી નહી જોઈએ" એમ કહીને તેણે આંસુ ભરી આંખથી શીરીનને પોતાની છાતી સાથે દાબીને એક ચુમી લીધી તથા પછે બોલીકે "વાહાલી બેહેન આપણમા કાંઈજ જુદાઈ નથી અને કદી થસેબી નહી. આપણ સાથે જીવીઆં છઈએ અને જીવવું ઇઆ મરવુંબી સાથેજ થશે. જો શીરીન હવે તું શા માટે એવી ગંભીર થાએછે?"

"મારા દેશનીકાલ બાપને ભુલી જવાનું જાંહાં સુધી મને આવડે નહી તાંહાં સુધી હાલના કરતાં વધારે હસતી રેહેતા મને કાંહાથી આવડે?"

"પણ નેક શીરીન એમાં તારો અંદેશો શું ફાએદો કરવાનોછે? હમણા જેમ મારા બાપે તારા બાપને દેશનીકાલ કીધોછે તેમ જો તારા બાપે મારા બાપને કીધું હતેતો હું તેની દીકરી તેને એટલી બધી ઇઆદ રાખવા કરતા ગમ ભુલી જવાની કોશેસ કરતે તથા તારાજ બાપને મારા બાપ સરખા ગણતે."

સમજુ શીરીન સમજી ગઈ. સાકર ઉપર મધની અસર થઈ અને બંને જણ પીગલીને એકદમ મલી ગએઆં તથા એકવાર ફરીને આંસુની આંખે એકેકને ગલે વલગીઆં સાંજ પડવા ઉપરથી મેહેલ તરફ પાછાં ફરવા લાગાં જતાં જતા વખતે શીરીન બોલી કે—"ઉદાર દીલની સશન જારે તારી મરજીછે તારે હું કાંઈબી વાંધો લેતી નથી હું કબુલ થાઉં છેઉં કે આજ પછે હું બનતાં સુધી મારા ગમને ભુલી જવાની કોશેસ કરશ અને તારા બેહદ પીઆરના બદલામા મારાથી જેટલો પીઆર થશે તેટલો કરીને તારૂં મન રીજવશ."

વાંચનારી બાંનુઓને ઉપલી વાતચીત ઉપરથી માલુમ પડીઉં હશે કે આ બે સુંદરી તોખમે શાહાજાદી હતી કે કાઉસ પાદશાહા સુશનનો બાપ હતો અને શીરીન તેની ભતરીજી થતી હતી, પણ એ પાદશાહા સારી દેખાનતનો નહી હતો. જે ગાદી ઉપર તે હાલ બીરાજતો હતો તે ગાદી અસલ તેના ભાઈ અથવા શીરીનના બાપ લોહોરાસપની હતી, પણ લોહોરાસપ લગાર નબલો તથા ભોલો રાજે હોવાથી કેકાઉસે તેના હાથમાંથી રાજને છીનવી લઈ પોતાના ભાઈને દેશનીકાલ કીધો હતો. લોહોરાસપે પોતાના રાજનો સઘલો અખતીઆર કેકાઉસને સોંપીઓ હતો, જે વીસવાસનો લાભ લઈને તે તરકટ કરી ફાવી ગએઓ હતો અને ઘણી મુદત સુધી તેણે રાજ ચલાવીઉં હતું.

કેકાઉસ પાદશાહા મીજાજે ઘણો આકલો, સવભાવે લોભી અને દીલે અદેખો હતો. પોતાની તકસીરને માટે તેને પોતાને બહુ ચીંતા હતી તેથી તે પોતાના ભાઈ પાદશાહા લોહોરાસપને દેશનીકાલ કરીને બેસી રહેઓ નહી હતો, પણ તે સાથે તેના દરબારીઓ અને મીતરો રખે કોઈ દાહાડે ઉઠી ઉભા થાએ એવી ધાસતીને લીધે તેઓનેબી દેશનીકાલ કીધા વીના તેને કરાર આવીઓ નહી હતો.

એવા એક રાજાએ પોતાના દુશમનની છોકરી શીરીનને પોતાના મેહેલમાં રેહેવા દીધી, એથી વાંચનારીઓ કદાચ અચરત થશે પણ એ રાજાને પોતાને પોતાની ભતરીજી તરફ કાંઈ પીઆર નહી હતો, તેથી ઉલટું તેનીને રાખવા પછે જેમ જેમ મુદત જવા લાગી તથા જેમ જેમ તેની પોતાની દીકરી શુશન કરતાં શીરીન મોટી ઉમરની હોવાથી તે હોશીઆર અને પકી છોકરી દરબારમાં નાદાન શુશન કરતાં વધારે દીપવા લાગી તેમ તેમ કેકાઉસ શીરીન ઉપર અદેખાઈને લીધે ઓછો પીઆર રાખતો હતો, બલકે તેને શીરીન તરફ પીઆરતો કાંઈ હતોજ નહી. તેની દીકરી શુશનને શીરીન બાનું સાથ જે મોહોબત હતી તેને ખાતર તથા પીરોજ એખલી પડીને જુહુરાઈ નહી જાએ એટલા માટે તેણે શીરીનને પોતાના દેશનીકાલ બાપ સાથ જતાં અટકાવી હતી શીરીનને જે ગમ લાગો હતો તે તેના બાપ સંબંધી હતો, શુશનમા તેના બાપથી ઉલટા ગુણો હતા. તે શીરીનને બેહેન સરખી ગણતી હતી અને કેકાઉસ જારે પોતાના ભાઈ સાથ વેર રાખતો હતો તારે તેની આ શુંદર શુશન પોતાની બેહેન તરફ હદથી જીઆદે મોહોબત રાખતી હતી શીરીન સાકર અને શુશન મધ હતું.

---

## પરકરણ બીજું.

## કુસતી અને કશટી.

શુંદર શીરીને જારે વધારે ખુશી રેહેવાની તથા પોતાની મંનપસંદ વાતો અને રમતોથી શુશંનને ખુશી રાખવાની કબુલાત આપી તારે પોતાના ગમને ભુલી જઈને શુશંનનુ મંન રીજવવાની કોશેશ કરવામા તેણે જરા વીલમ લગાડીઓ નહી, બલકે ઉપલી વાત થવા પછે તરત તેણે તરેવાર મજાખ મશખરીઓ કીધી હતી. તે બોલતી કે "વાહાલી શુશંન આપણે કીઓ ખેલ કરીએ! આપણે કીઓ દાવ રમીએ? શું આપણે સેતરંજ ઉપર હાથ હલાવીએ. કે શું આપણે કોઈ મરદ ઉપર આશક થવાનું ઢોલ ઘાલી તેને ઠગીએ?"

શુશન—મારા મંનની માલા શીરીન તે બધું તારે હાથેછે, પણ ખોદાને વાશતે આ છેલી રમતમા નહી પડીએ, કાંએકે મરદસે મોહોબત રાખવી કેવી બારીક બાબદછે તે તું જાંણેછે!

શીરીન—હા જાંણુંછઉં કે મોહોબતનો પવીતર જુસો સંભાલવો ઘટેછે. પણ હુંતો અમસથી મશખરી કરૂં છઉં. શુશન તારા કરતાં હું વધારે મોટી છઉં માટે એંવા તનો ખીઆલ મને જરા વધારે લાગેછે, તોબી એક મરદની ઓલખ ઇઆ પીછાંન કીધા વગર એકદમ તેની ઉપર દીલ લગાડવાની ચાલને હું ધીકારૂં છઉં.

આ વાત કરતાં કરતાં શીરીન અને શુશન મેહેલની ચોક મધે આવી લાગાં. પણ તાંહાં તો એક તદન જુદો જ દેખાવ તેઓની નજરે પડીઓ. તાંહાં કોઈ મોટો બનાવ બનીઓ કે બનવાનો હતો. તાંહાં લોકોની મોટી

ભીંડ મલી હતી અને સરવે જણ ઈનતેજારીથી કોઈની વાટ જોતાં હતાં. પણ શીરીન અને શુશન જાણતાં હતાં કે પાદશાહા કેકાઉસ પોતાના મલોની 'કુસતી' રમાડવા માટે તે ચોક વાપરતો હતો અને આ સાંજના પણ એવીજ એક કુસતી થવાની હતી.

પાદશાહાની ચાકરીમા અકવાન નામનો એક જોરાવર મલ હતો. તે રાજાનો પગાર ખાઈને પાલીઆ સરખો બનીઓ હતો અને તેણે પોતાનું આંગ બહુ વધારી મેલીઉં હતું. તે સાથે તે પેહેલવાંન સરખો જોરાવર અને કદાવર હતો. તેનો ધંધો એજ હતો કે જેવી માણસ તેની સાંમે મેદાનમા ઉતરે તેની શાથ કુસતી રમી પાદશાહાનો શોખ પુરો પાડવો. શેહેરના ઘણા ચપરખંદા રેહેવાસીઓ અકવાંન સાથ કુસતી રમવા આવીઆ હતા પણ એ મલ એકબી વખત હારીઓ નહી હતો અને તેને બદલે દરએક જણના પગ કે પાંસલાં ભાંગતો હતો

આજે અકવાન સાથ કુસતી રમવાને એક હીમતવાન જવાન બાહેર પડીઓ હતો અને તેને માટે ઉપલો મેલાવરો થએઓ હતો. શીરીન અને શુસનને એવી કુસતીની જંગલી રમત ગમતી નહી હતી, પણ આ વખતે તેઓબી પાદશાહાની રજાથી તે કુસતી જોવા ઉભાં તે એટલાજ માટે કે જે હીમતવાન જવાન અકવાંન આંમે બાજુ ઠોકવાનો હતો તેની સઘલા તમાસગીરો વખાણ કરતા હતા. તે આ મરદની હીંમત ઈઆ બાહાદુરીને માટે નહી, પણ તેની ચાલાકી, લાએકી તથા નેકીને માટે તેઓ તેને વખાંણતાં હતાં અને ઘણી ધાસતી કરતાં હતાં કે આ પેહેલવાંન સાથ લડવાથી તે મરદ નાહેકનો હેરાંન થશે. એથી તાંહાં ઉભાં રેહેવાની ઉપલી બે છોકરીઓને આતુરતા થઈ હતી તેઓ ઘણા અજબ થતા હતા કે આ નવો શખસ પોતાના સારા ગુણ છતાં રાજાના મલ સાથ લડીને પોતાનો જાંન ખોહોવા શા માટે આવીઓ હશે ?

આ અચરતીનો થોડાવારમાં ખોલાસો થએઓ. જે જવાનની સઘલાઓ ઈનતેજારીથી રાહા જોતા હતા તે જવાન જલદીથી પાદશાહા અને તેની દીકરી તથા ભતરીજીની સાંમે સલાંમ કરી આવી ઉભો, અને તેને જોતાંવાર પાદશાહાના દીલમાંબી દએઆં આવી. તે માતર જવાન છોકરો હતો અને અકવાનના બદન આગલ તે કશી બીસાદમા નહી હતો. તોબી તેના કરતાં જોરાવર માણસો જારે હારીને હેરાંન થએઆ તારે આ છોકરો હાથે કરીને ખાડામાં પડવા આવીઓ માટે રાજા તેને સમજાવા લાગો, પણ ના—તે તો હઠીલા ડુંગર સરખો હતો. તે ઉપરથી રાજાએ શીરીન તથા શુશનને અરજ કીધી કે—"છોકરીઓ તમે દએઆ કરીને આ છોકરાને સમજાવો. કદાચ તમારી મીઠી વાતોથી તેનું દીલ પીગલશે." આ હોકમને માન આપી તેઓએ તે છોકરાને દુર બોલાવીઓ. શીરીને તેને બારીકીથી જોઈ લીધો અને તેને જોઈને આ છોકરીના દીલમાં કાંઈ જુસો ઉભાઈ આવીઓ તથા ચેહેરા ઉપર લોહી ફરી વલીઉં. તે કાંઈ આ છોકરાને ઓલખતી નહી હતી, અને તોબી તેની નમનતાઈ, તેની બોલવાની ઢપ અને લાએકીથી શીરીનના મન ઉપર ઘણી અસર થઈ. તે પેહેલાં બોલી કે,

શીરીન—એ જવાંમરદ, અકવાન સાથ શું તમે બાઠ ભીંડવા માંગોછો ?

જવાંમરદ—નહી, શુંદર શાહાજાદી. બાઠ ભીંડનારો તો અકવાનછે અને હું તો માતર બીજાઓની પેઠે મારૂં જોર અજમાવા આવીઓ છેઉં.

શુશન—અરે ભલાં આદમી તમારી ઉલટને ઉમર દગો દીએછે રાજાના મલનું કુવત કેવુંછે તેના છાટકી દાખલા તમે જોએઆ હશે, અને તમારીજ અકલે તમુને દેખાડીઉં હશે કે જે કાંમ તમે માથે લીધુંછે તે સાદી સમજથી ઉલટુંછે તમારે પોતાને ખાતર હમે તમોને અરજ કરીએ છઈએ કે તમારી સલાંમતી જુવો અને કુસતી માંડીવાલો.

શીરીન—હા ભાઈ એમજ કરો. તેથી કાંઈ તમારી આબરૂ જવાની નથી. તમારી તરફથી હમે પોતે બોલવા લાગશું અને અકવાનને સમજાવશું.

જવાંમરદ—બાંનુઓ હું માગી લેઉં છેઉં કે તમારી જીભથી મને ના મારો. તમો સરખી નેક બાઈઓની અરજ નાકબુલ રાખતાં મને દલગીરી ઉપજેછે, પણ બેહેનો તમે મારા વીચારને મલતાં થાવો. જો હારશતો હું સરમાવાનો નથી. જો હું મરી જવશતો જીવવાનો મને દરકાર નથી. મારા મોહોતથી કોઈને ખરાબી થશે નહી, કેમ કે મારા કોઈ દોસત નથી, દુનીઆંને કાંઈ નુકસાન થશે નહી, કેમકે દુનીઆં મને અકારીછે અને તે છોડી જવાથી મારી ખાલી જગા વધારે સારી રીતે પુરાવાની આશાછે.

આ છોકરાની બોહોસ આગલ શાહાજાદીઓ નાચાર થઈ. અકવાંને રાખશનાં શરખો પોકાર મારી તેને સાંમે બોલાવીઓ અને તે છોકરો તુરત પોતાનાં બદન ઉપરનાં કપડાં કાહાડી તઈઆર થએઓ. તે વખતે સરવેને ઈનતેજારી થઈ, પણ શીરીનને સઉથી વધારે ઈનતેજારી લાગતી હતી. આ શખસે કપડાં ઉતારવાથી તેનુ સંગીન અને પીલતન સરખું બદન જોઈ તે અચરત થતી હતી અને બીજા હાથ ઉપર કુસતીથી થવાનાં તેનાં માઠા હાલને માટે તે તથા શુશન ધાસતીથી ધ્રુજતી હતી

કુસતી ચાલુ થઈ. પેલા છોકરાને માટે તમાસગીરોની છાતી ધાસતીથી ધકધકવા લાગી અને સઘલાં એવાં ચુપ રહેઆં કે સોએ નીચે પડેતો તેનો અવાજ સંભલાએ. બાજુઓ તરાંબાંની મીશાલે ઠોકાઈ અને એક હાથ ઉપર શીરીન જારે તે છોકરાની ફતેહને માટે દુવા દેતી તારે સુશન ચાહાતી કે ખોદા હું બેમાલુમ રીતે જાઈને તેને મદદ કરૂં. આ બે હમનબરદો એકે એકને ભીડી પડીઆ તથા હાંફતા અને કાંપતા આંગ કસવા લાગા, પણ અફસોસ, પેલો જવાંમરદ નીચે પડીઓ. તે જોઈ લોકોએ પોકાર ઉઠાવીઓ—પણ વલી તે જરામાં નરમ પડીઓ કેમકે તે મરદ તુરતજ હસતે ચેહેરે પાછો ઉઠીઓ અને અકવાંનને એવાં જોરથી પછાડીઓ કે તે ચીસ પાડી નીચે પડીઓ. અને તે મલ જીંદગીમાં પેહેલીજવાર એક ઉઘરતા છોકરાથી હારીઓ. તે ઉઠી શકીઓ નહી કેમકે ધાસતી ભરેલી રીતે તેના એકુએ હાડકાં ભાગાં હતાં અને તેથી કેકાઉસના હોકમથી કેટલાંક માણસો મલીને તેને ઉંચકી લઈ ગએઆ.

આ જવાંન છોકરાનુ આટલુ બધુ કઉવત જોઈ એકે એક તમાસગીર અચરત થએઓ. રાજા સાબાશીથી

હાથ અફાડવા લાગો અને તે છોકરાનુ નાંમ નીશાંન પુછ વા લાગો. તે છોકરાએ જવાબ દીધો કે "જાંહાંપનાંહાં મારૂ નાંમ અસફંદીઆરછે અને મરનાર નરીમાંન બીન પશુતનનો હું બેટો થાઉં છઉં." પણ આ નામ સાંભલીને રાજાનેતો ગોએઆ તીર લાગી હતી. આતો તેના દુશમન નો છોકરો નીકલી આવીઓ અને જેનું નામ લેવાને તે ચાહાતો નહી હતો તેનો છોકરો તેના મેહેલમાં દાખલ થ એઓ, કુસતી રમીઓ અને કીરતી પાંમીઓ. એ કાંઈ પાદશાહા કેકાઉસથી જોવાઈ શકાએઉં નહી. તે મોટી ઉદા સીમાં તાંહાંથી જતો રહેઓ અને જતાં જતાં તેણે અસફંદી આરને એટલુંજ કહેઉં કે—"છોકરા તેં કોઈ બીજા બાપનું નામ કાંએ નહી દીધું ? દુનીઆં તારા બાપ નરીમાંનને આબ રૂ આપેછે, પણ હું હજુર તેને મારો દુશમન ગણું છઉં અ ને તેનો છોકરો જો તું નહી હતેતો મને વધારે ખુશી ઉપજતે." રાજાનાં શબ્દુનો આ હીમતવાંન છોકરાને શ ખ્ત લાગા અને તેણે ધીકારથી વીચારીઉં કે "હું નરીમાંન નો બેટો થવાને વધારે મગરૂર છઉં અને રાજા પોતે મને છોકરો કરી લીએ તોબી હું એટલી મગરૂરી ધરાંઉ નહી."

અસફંદીઆરને આ અપમાંન મલવા ઉપરથી પે લી બે શુંદરીઓને દલગીરી ઉપજી. તેઓ કેકાઉશનાં નર સા ગુણોને સારીપઠે ઓલખતાં હતાં માટે જારે આ જ વાંનને દીલાસો દેવાને શુશને દરખાસત કીધી તારે શી રીનતો બમની ખુશી થઈ કેમકે તે આ છોકરા શાથ વધા રે વાત કરવાને ખંતી હતી, અને જારથી તેણીએ તેને જોએઓ તારથી તેનુ મંન એ જવાંમરદ તરફ લોહોચું બકની મીશાલે સાથી ખેંચાએઉ તેને માટે આ કુલવંતી સી ઘણી અચરત થતી હતી. પણ તે ખેંચાણનુ કારણ શોધવા કરતાં તે પુરૂશ તરફ ખેંચાવાની તેને વધારે તાંણ થતી હતી અને તેથી અસફંદીઆર જારે પોતાનાં કપડાં પેહેડી અંદેશો કરતો હતો તારે પોતાની પછવાડે આ બે પરી ચેહેરેની બાંનુઓને ઉભેલી જોઇ તે જરા શર માએઓ. તેણે પણ જારથી શીરીનને જોઈ હતી તારથી તેને એ બાંનુની ખુબસુરતી તથા લાએકી વીશે સારૂ મત બેહેલુ હતું.

પેહેલાં શીરીને વાત કાહાડવા માંગી, પણ તે બો લવા શું જાએ ! તેની છાતી ગોએઆ દબાઈ ગએલી હ તી, તેની જીભ ગોએઆ બોલતાં બોલતાં ખેંચાતી હતી અ ને વલી ફરીથી તે અજબ થતી કે આ નવો જુસો શું થઈ આ વીઓછે. તે જેમ તેમ કોશેશ કરીને બોલી કે "સાહે બ તમારી બાહાદુરીથી હમે ઘણાં ખુશી થએઆં છ ઈએ અને તેની ઈંધાંની દાખલ આ સાંકલી બાહાલ રા ખો." એમ કહીને તેણે પોતાના ગલાંમાંથી એક સાં કલી કાહાડી આપતાં તે બોલી કે "એ તમે પેહેડજો અ ને જેણે તે આપીછે તેને વીશે એટલુંજ વીચારજો કે તે ની પાસે જો કાંઈ વધારે હતેતો તે વધારે પણ તમોને આ પી દેતે."

અસફંદીઆરની હાલતબી શીરીનનાં જેવીજ હતી. તે પણ આ નહી ધારેલી ભેટ જોઈને અચરતીથી દંગ થ ઈ ગએઓ અને શું બોલવું તેનો વીચાર કરવા લાગો.

પણ શીરીન અને શુંશંનથી બોટી રેહેવાએઉ નહી. અ વારૂ થઈ જવાથી તેઓએ મેહેલમાં જલદી જવું હતું અ ને તેટલા માટે અસફંદીઆરે ટુંકમાં ઉપકાર માંનવા પછે તથા શીરીન અને શુશને તેને સાબાશી આપવા પછે તે એ થોડી મીનીટમાં મેહેલ મધે પોતાને ઠેકાંણે ગએઆં.

પણ શીરીનની હાલત કાંઈ તેટલા વખતમાં શુધરી ! નહી. નરીમાંનનાં દીકરા સાથે વાત કરવાની તેની ખાહેશ પુરી પડી તારેતો તેને બીજીવાર મુલાકાત કરવાની ખાહેશ થઈ અને વધારે વખત ઉભાં રહી વધારે વાત નહી થઈ માટે તેને દલગીરી ઉપજવા લાગી. શીરીનનુ ધક ધેઆં ન અસફંદીઆરમાં ગોવાએઉ અને આ અજાએબ જે વી અસર એટલીતો દેખીતી હતી કે શુશંન સારીપઠે તે સમજતી હતી. શીરીન તેને ભુલી જવાની કોશેશ કર તી પણ અસફંદીઆર જાંણે તેની આંખમાંથી ખીશતો ન હી હતો. શીરીન વાત કરી વખત ગુજારવા માંગતી હ તી, પણ અસફંદીઆરની વાતચીત, તેના અવાજ જાંણે તેને સદા સંભલાતા હતા. એ શું થએઉં ?

મોહોબત, મોહોબતે તેના દીલમાં ઘર કીધું. મોહો બત કેવી હોએ, ખરી પરીતીનો જુસો કેટલી અસર કરે તે તેણે પેહેલ વેહેલું આજે જોએઉં અને તેથી હસતી બોલ તી શીરીન ગમભીર અને બાવરી થઇ ગઈ. કુસતી જોવા પછે તેને મનસે ગોએઆ તેના ઉપર કાંઈ કશટી આવી પ ડી અને તેને એ જુસાના દર્ખાનમાં જોઈ, તેની સોબતી શુશન પણ દલગીર થવા લાગી, તેને આ બનાવ પસંદ પડીઓ નહી. એક મરદને તપાસવા વગર માતર તેને જો ઈનેજ શીરીન ફીદા થઈ માટે શુશન તકરાર કરવા લાગી કે, "વાહાલી શીરીન જો એ લાલચનો ફાંસોછે. ઘણી પ રીતીથી કાંઈ ઘણો ફાએદો થતો નથી, તપાસવા વગર કોઈ ઉપર પરીતી રાખવામાં આખેરે કોઈવાર પસતાવો કરવો પ ડેછે. મારી સાકર તું બોલ, જરા વાત કર, તારી અકલ થી મને તકરારમાં હુલી કર."

**શીરીન**—પણ તારેતો આપણ બંધે હુલાં થઈશું કેમ કે હુંતો હવે આગમચથી તે હાલતમાં આવી ચુકી છઉં."

**શુશન**—પણ શું તારો એ બધો અંદેશો તારા બા પનેજ માતર કરેછે ?

**શીરીન**—નહી, મારાં બચાંના બાપને માટે પણ મ ને અંદેશો લાગેછે. અરે બોદા ! આ દુનીઆંમાં કેવું કે વું દેખાએછે !

**શુશન**—પણ વાહાલી શીરીન તેમાં કાંટા ઘણાછે. અને જો આપણે સંભાલથી નહી ચાલીએતો તે કાંટા આ પણને વલગી જશે.

**શીરીન**—હા, પણ જે કાંટો મને લાગેછે તે તેમાંનો નથી. એ કાંટાનેતો પીઆરથી જાલવી રાખતાને હું ખુ શી છઉં.

**શુશન**—પીઆરી મને ઘણી અચરતી ઉપજેછે કે ન રીમાનના દીકરા ઉપર તું એટલો ચાહા રાખેછે.

**શીરીન**—મારો દેશનીકાલ બાપ એ છોકરાના બા પને ઘણો ચાહાતો હતો.

**શુશન**—પણ તે ઉપરથી એમ નહી ઠરતું કે તેં તેનાં

દીકરાને પણ ચાહાવોજ જોઈએ. જો એમજ હોએ તારે તો મારો બાપ એ છોકરાને ધીકારેછે તેમ મારેબી તેને ધીકારવો જોઈએ, મગર હુંતો તેની તરફ છઉં.

આ વાત આગલ ચાલતે, પણ તે અધવચમાંજ અટકી પડી કેમકે પાદશાહા કેકાઉસ ગુસામાં પગ અફાડતો આ બંને પુતરીઓની આગલ આવી લાગો. તેની આંખો ગુસા ભરી હતી અને છોકરીઓ જોતી હતી કે તેમના શંકટમાં બીજું નવુ શંકટ ઉમેરાવાતું હતું.

રાજો આવતાંનેવાર બોલીઓ કે—"ભતરીજી શીરીન મારી ખાહેશ થાએછે કે તું જલદીથી તઈઆર થાએ અને મારો મેહેલ છોડીને જાએ."

શીરીનનુ મંન આ વાત સાંભલીને ગભરાવા લાગુ. તેણે ખાતરી કરવા પુછીઉં કે "કાકા શું તમે મને કેહોછો ?"

રાજો—હા બેહેન, આજથી દસ દાહાડામાં જો મારા મેહેલમાં કે તેની આસપાસ તમારો ચેહેરો દેખાશેતો તમારૂ મોહોત આવેલુ સમજજો.

શીરીન—નાંમદાર મુરબી, અગરજો મારી ઉપર તમુને દગેઆ હોએતો મને જણાવો કે મેં તકસીર શું કીધી ? કાંઇબી ગુનાહા મેં મારા મંનમાં વીચારીઓ નથી અને જો વીચારીઓ હોએતો તેને અમલમાં આંણવાની મારામાં શકતી નથી.

રાજો—તાજના બધા ગુનેહગારો એમજ કેહેતાતા. બસ હું એક બોલનુ માણસ છઉં અને જારે એમ કેહું કે તમારી ઉપર મારો વીસવાસ નથી, તારે તમે લાંબી ટકટક નહી કરવી જોઈએ.

શીરીન—પણ સાહેબ હું બેવીસવાસુ હોઉનો તેમાં તાજ તરફ મેં સું અપરાધ કીધો ?

રાજો—લાંબી વાત નહી—તું તારા બાપની દીકરી છે એજ તારો અપરાધ.

શીરીન—પણ એમતો જારે તમે નાંમદારે મારા બાપનુ રાજ લીધુ, જારે તમે તેને દેશનીકાલ કીધો, તારેબી હું મારા બાપની દીકરી હતી. જાંહાંપનાહા અપરાધબી કાંઈ હોએ ઉતરતો નથી, અને અગરજો તેમ થતું હોએ તોબી મને કાંઈ તે વારસા દાખલ મલીઓ નથી કેમકે મારો બાપ કાંઈ અપરાધી નથી.

બીચારી શુશંન જે પોતાના નઠારા બાપની ધાકને ખાતર અતીઆર સુધી મુંગી બેઠી હતી તેને પોતાની વાહાલી શીરીનને ખાતર બોલવાની ફરજ પડી.

શુશંન—બાવાજી જરા મારીબી વાત સાંભલો.

રાજો—અરે સાંભલી, સાંભલી. તારે ખાતરજ મેં એને આજસુધી રાખી મેલી, નહીતો અતીઆરે તે પોતાના બાપની સાથે સુરસાંનનાં જંગલમાં જઈ પડી હોતે.

શુશંન—મારા મુરબી તમે એને રાખી તારે મેં તમુને અરજ કીધી નહી હતી પણ તમે પોતાની મરજીથી તેને મેહેલમાં રેહેવા દીધી હતી. તે વખતે હું નાંહાંનું બચું હોવાથી સાકરની ખુબી સમજતી નહી હતી. પણ એની સાથે ઉછરીને હું મોટી થઈ છઉં અને અગરજો એની કાંઈ તકસીર થઈ હોએતો તેજ મારીબી થવી જોઈએ—કેમકે સંધાં કાંમ હમે સાથે કીધાંછે અને સંધી જગોએ હમે સાથે ગએઆં છઈએ.

રાજો—દુકતી હવે બોહોસ નાં કર. એને હું કાહાડી મેલુ છઉં તે તારાં સારાંને મારેછે. એ આ મેહેલમાં રહીને તારી ખુબીઓને ઢાંકી નાંખેછે. જેમ એ મુંગી રેહેછે તેમ લોકોમાં એનુ શંકટ વધારે બોલાએછે. જેમ એ ધીરજ પકડેછે તેમ લોકો એને અને એનાં બાપને વધારે દગેઆ દેખાડેછે. એની કીરતીથી તારી કીરતી ઓછી થાએછે, પણ એ હીઆંથી જવાબાદ તું વધારે જહલકશે, તારી ઉપર લોકો વધારે ધેઆંન આપશે. બસ હુ બોલીઓ કે થઈ ચુકું, બોલેલું પાછુ આવશે નહીં અને મેં એને જે ટેપ મારીછે તે ફેરવાશે નહી.

શુશંન—પણ બાવા તારે મનેબી તેજ ટેપ મારો એનાં વગર મારીથી જીવાશે નહી.

પણ આ છોકરીઓનુ કાંઈ વલીઉં નહી. રાજોતો શીરીનને દેશનીકાલનો હોકમ કરીને ગુસામાં જતો રહેઓ. શીરીન વીચારમાં પડી અને શુશન દીલાશો દેવા લાગી કે "વાહાલી ધીરજ રાખ—ધીરાં કાંમ સાહેબનાં. જો તુને હીઆંથી જવુજ પડશેતો હું તારી સાથે આવશ."

---

## પરકરણ તરીજું.

## દગેઆલુ દોસ્તી.

હવે જરાવાર આ છોકરીઓને પડતી મેલી પેલો છોકરો અસફંદીઆર જે રાજાના મેહેલમાં કુસતી લડી ગએઓ હતો તેની તરફ ધેઆન પોહોંચાડીએ. કુસતી રમવા પછે તે રાજાના મેહેલમાંથી તુરત કુચ કરી ગએઓ. કાંએ ? તે જગા તેને લાએક નહી હતી. રાજાએ તેને પસંદ કીધો નહી, કાંએકે તેનો મરનાર બાપતો રાજાનો દુશમન નીકલી આવીઓ, માટે તાંહાં વધારે વખત ઉભો રેહેવાને બદલે શીરીને ભેટ કીરેલી સાંકલી પોતાની પાસે રાખીને વીચારમાં ને વીચારમાં તેણે ચાલવા માંડીઉં.

અસફંદીઆર શાહાજાદીઓને સારીપરે ઓલખતો હતો. પણ શીરીનની નરમાસ, લાએકી તથા ખુબસુરતીએ તેના ઉપર ઘણી અસર કીધી હતી અને તેણે ઠરાવ કીધો કે "અગરજો કોઈ કાલેબી હું પરણુંતો એજ પુતરી સાથે પરણું અને નહીતો કાચો કુમારો આ જીંદગી પુરી કરૂં." પણ વધારે વીચાર કરતાં તેણે જોઈ લીધું કે એ ઠરાવ કીરેલો નકાંમોછે. "શીરીનતો એક શાહાજાદીછે અને હું એક મીસકીન રઈએત છઉં. વલી હું રાજાના દુશમનનો દીકરો છઉં માટે આસમાન નીચે આવે એવું જો કદી બનતું હોએતો રાજો મને શીરીન સાથે પરણાવે એવું કદાચ બને. તે સાથે શીરીન કાંઈ રાજાની પોતાની છોકરી નથી. માટે રાજો પોતાની છોકરીની આગમચ શીરીનના લગણ કરે અને તેબી વલી મારીજ સાથે કરે એ વાત કાંઈ ધેઆનમાં ઉતરતી નથી." એ પરમાણે બીચારા અસફંદીઆરે પોતાની માગુકની આશા મેલી હતી અને તોબી તેને દુનીઆની બીજી કોઈ ઓરત પસંદ નહી હતી.

રાજાના મેહેલની બાહેર નીકલીઓ તેવો અસફંદીઆર ચેહેર તરફ રસતો લીધો. તેનું મન ઘણું ગંભીર

અને ચીંતાતુર હતું. તે પોતાની આસપાસ કેથે જોતો નહી હતો, પણ નીચી મુડીએ ચાલીઆ કરતો હતો અને તેના મોહો ઉપરથી દેખાતું હતું કે તેના ઉપર કોઈ મોટી મુસીબત આવી પડી હતી.

પણ શું એખલા શીરીનનોજ તેને અંદેશો હતો ?

નહીં. શીરીન એક ઓરત હતી, અને અસફંદીઆરે તેને માતર એકજવાર જોઈ હતી. માંટે એટલા વખતમાં ને તે બાંનું ઉપર એટલો બધો મોહીત થાએ કે તેથી અચબુચો તે આવી હાલતમાં આવે અને સુનો સાવજ સરખો થઈ જાએ એ માનવા જોગ નથી એક સ્રીનાં મોહોબત કરતા કોઈ બીજા વધારે ગમે તેની સીકલ ઉપર છાપ મારેલો હતો. તે ચોકસ• ઠરાવથી કોઈ ઠેકાંણે જતો હતો અને સાફ દીસતું હતું કે તે ઠેકાંણે જઈને શું કરવુ તેના અંદેશામાં તે હતો.

આપણબી તેની સાથે જઈએ.

ઘણું ચાલીઆ બાદ અસફંદીઆર એક બાગમાં દાખલ થએઓ તે બાગ મોટો અને શુંદર હતો તથા તેને નાકે એક સોભાઈતું મકાન હતું. બાગના રખેવાલે બારણું ઉંઘાડી તેને દાખલ થતાંજ સલાંમ કરી ઉભો રહેઓ. અસફંદીઆર બંગલા આગલ આવી પુગો. તે બંગલો જેમ ઘણો નામીચો નહી તેમજ ઘણો લોથ નહી હતો, પણ એક મધીઅમ દોલતના પુરૂશે રેહેવા માટે બંધાવેલો દીસતો હતો. અસફંદીઆર બારણા આગલ ગએઓ, પણ બારણું બંધ જોઈને અસફંદીઆર અચરત થએઓ તે બીજે બારણે ગએઓ અને તે પણ બધ હતું. એ શું થએઉં ? કેટલોક વીચાર કરીને તેણે બારણું જોરથી ઠોકીઉં અને થોહો વખત લગાડીને એક બુઢો ડોસો બારણું ઉંઘાડી બાહેર આવીઓ.

તેણે આવતાંવાર અસફંદીઆરને કાંઈ બોલવાજ નહી દીધું. તે ડોસો બોલીઓ કે "અરે મારા મુરબી તું હીઆંથી જા—તું જા અસફંદીઆર તારા એ શું ગરેહ બેઠાછે ? તારી કંમબખતી કોણે ઘેરીછે ? અરે ! રે ! તારી મને દએઆ લાગેછે"

અસફંદીઆરને આ શબદોની કાંઈ સમજ પડી નહી. તેણે પુછીઉં કે "બારણું કોણે ધાંકીઉં ? મને અંદર આવા કેમ નહી દીધો ?"

ડોસાએ પાછું ટાહેલું શરૂ કીધું. "અસફંદીઆર તું આવો જવાન, આવો ખુબસુરત, આવો કાબેલ, અરે તારીજ ઉપર સેહેતાન ખીટીઓછે, તુંનેજ તે ખરાબ કરવા બેહોછે ? અરે ભાઈ તું હીઆથી જા—અતર ઘડી જા—તુંને મારો બાપ કરૂં, તું હીઆંથી જતો રેહે. શું તું• નથી જતો ? હાએ ! હાએ ! છોકરા તારૂં શું થશે!"

આ શુખનો બોલતાં બુઢાની આંખમાથી આંશું આવી ગએઆં અને તારેજ અસફંદીઆરની ખાતરી થઈ કે એ બુઢો ખરાં દીલથી બોલેછે અને તેનો કાંઈ ભેદછે. તેણે તે બુઢાને ધીરજ આપી કે "શીઆંના અરજાસપ મારી ઉપર તું દુખ સમજેછે અને તોબી મારે બદલે તું કાંએ રડેછે ?"

અરજાસપ—પણ તું નથી રડતો તે વાસતે. તુંને દુખતો કાંઈ લાગતું નથી. તારે મનસે જાણે હું બોલું તે ઘાસ કાંપું છઉં. તો દુખ શું કે આફત શું તે સમજતો નથી. પણ જુવો અસફંદીઆર મારાંતો રૂવેરૂવાં ઉભાં થાએછે વાસતે તું હીઆથી જા."

અસફંદીઆર—પણ દએઆલુ અરજાસપ તું મને કાંહાં મોકલેછે ? હું મારૂ પોતાનુ ઘર મેલીને કાંહાં જાઉ ? અને હું સા વાસતે જાઉ ? તુ મારા દુખની વાત કરેછે, પણ મારૂ દુખતો એકજછે અને તે એજેકે મારો વડો ભાઈ મારી ઉપર જુલંમ પાડેછે. મારા મરનાર બાપની દોલતને તે એક હાથ કરી બેઠોછે અને મને એક એક બદાંમને વાસતે રહજલાવેછે. પણ તે વાસતે શું હું ઘર મેલીને નાંહાંસી જાઉ ?

અરજાસપ—હા ભાઈ હા, હુંબી તેનીજ વાત કરૂં છઉં, જુવો શેઠ તમારા ભાઈને તમારી ઘણી અદેખાઈ લાગેછે. તમારી ખુબસુરતી ઉપરથી આખાં ગાંમની ઓરતો તમોને જોતાંવાર તમારી ઉપર આશક થાએછે અને તે ઉપરથી તમારા ભાઈનાં પેટમાં બલતાં આવેછે. તમારી જાતી હોશીઆરી ઉપરથી તેને વલી વધારે અદેખાઈ લાગેછે કેમકે તે પોતે તમારા જેટલો હોશીઆર નથી, વાસતે તે હરેક બાંહાંને તમારો ફુટંબો કરવાનું શોધેછે. પણ આજે તમે કુસતીમાં જીહીતીઆ પછેતો તેને વધારે અંટસ લાગીછે અને ગાંમ તમારી જે વખાંણ કરેછે તે તેનાંથી જોવાઈ સકાતી નથી અરે ખોદા ! આ દુનીઆં કેવીછે કે ભાઈ ભાઈઓ વચે વેર પડાવેછે ! તમારા ભાઈએ આજે ઠરાવ કીધોછે કે આજની રાત તમે સલાંમત જીવો નહી. એટલા વાસતે તમે સુતા પછે તમારાં બીછાંનાંને આગ લગાડવાનો તેણે કેટલાંક માંણસોને હોકમ આપીઓછે. અરે ભલાં આદમી તું જા—બાપુ તું હીઆંથી જતો રેહે. જીવ લઈને નાંહાંસ. અરે જા—જા—શું નથી જતો ? તું ઉભો રેહેવાનો ! આ બુઢાનાં કલેજાંને ફાટવા દેવાનો ! તું જા, તું જા, તારે પગે લાગુ, કાલાવાલા કરૂ છઉ કે તું જા, બસ જા"

—————

## સઉથી સરસ સુખ સામાછે ?

વાંચનારી બાંનુઓ આ સવાલ તમે કોઈ દાહાડે તમારા મનમાં પુછીઓછે ? સુખ, એ નાંહાંનાં બોલમાંથી જે મોટો અરથ થાએછે અને જેને ખાતર રાત અને દાહાડો પરૂથવીના કુલ માંણસો તન અને મંનથી મોટી લડત સાથે જીંદગીની મંજલ કાપેછે, તે બોલના ભીતરનાં ભેદ તપાસવાની તમે કોઈ વખત કોશેસ કીધીછે ? જો નહી કીધી હોએતો હલ તેમ કરવાની એક તકછે. હીઆં હમે "સુખ" નું એક ચીતર આપી એ બાબદ તમારા ધેઆંન ઉપર ખેંચવા માંગીએ છઈએ, કેમકે તે જેમ મરદ તેમ ઓરતને સરખી રીતે લાગતી વલગતી બાબદછે; જેમ પુરૂશ તેમજ સ્રી સરખી રીતે સુખને માટે મેહેનત ક



રેછે, બલકે સુખમાંજ તેઓ જીવતર સમજેછે. પોપ નામનો નામીચો કવી કેહેછે કે "સુખ એ માણસની નેમ અને મુરાદછે," માટે તે ઊપર થોડો વીચાર કરવો જોઈએછે.

સુખ વીશે લોકોમાં તરેહવાર વીચારોછે. ગરીબો સમજેછે કે પઈસાવાલા થવામાં સુખછે, પણ પઈસાવાલાઓ સમજેછે કે છતે પઈસે તેઓને ફીકર ચીંતાછે તથા સુખ નથી. તારે સુખ સાંમાંછે ? એના જવાબમાં હમે કહીશુ કે ઊપલુ ચીતર જુવો. એ ચીતરમાં સુખછે. હીઆં એક આખો કબીલો ભેગો થએઓછે. તેમાં મોટાબાવા અને મોટાંમાઓબીછે તથા તેમાં નાહાના બચાં અને મોટો ભાઈ પણછે. તેઓ છેક ભીખારી અવસથામાં નથી તેમજ તેઓ કોઈ પાદસાહી ઓલાદનાંબી નથી, કેમકે તેઓનું ઘર સાદું, પોશાક સાદો અને સાંમાંન પણ સાદોજછે. તેઓ ઘણા આજારી અથવા દુખી નથી તેમ વલી તેઓ ઘણા પરબે તથા આંગ વધારી પાલીઆ બનેલાંબી દીસતાં નથી. તેઓના ચેહેરા ઊપર મધીઆમ ગરીબાઈની નીસાંનીછે, તેઓના કપાલ ઊપર કરચલી વલેલીછે અને તે દેખાડી આપેછે કે આ દુનીઆંની મુસાફરીમાં તેઓને સઘલો રસતો સપાટ ઈઆને અડચણ વગરનો નહીઓ નથી; પણ કેટલેક ઠેકાંણે તેઓએ ઠોકર ખાધેલી છે. પણ તોબી સુખે તેઓને છોડીઆં નથી, અને હમે કહીએ છઈએ કે એમાં પુરૂં સુખછે.

તારે શું પઈસામાં સુખ નથી ? છે—પણ એખલા પઈસા મેલવીઆ એટલે સઉથી સરસ સુખ મેલવાતું નથી. તેમજ વલી પઈસા નહી મેલવીઆ માટે સુખ નહી મલતું એવુંબી નથી. ઊપલાંજ માણસોને પાછાં લેવો. તેઓ પાસે કાંહાં પઈસાછે ? તેઓતો સાધારણ ધનધાદોરી આદમીઓછે. હાથમાં પઈસા આવેતો મોહોમાં ખોરાક જાએ એવી તેઓની સથીતીછે. મોટાંમાએ રાંધણીમાં કાંમ કરીને તરતનાજ આવેલાંછે અને પોશાક ખરાબ નહી થાએ એટલા માટે કંમરે બાંધેલો કટકો હજુર તો તેવણે છોડીઓબી નથી, પણ તોબી તેઓ બેસીને ગાઈ વગાડી વખત કાહાડેછે. એબી તેઓના સુખની સાબેતી છે; કેમકે સઊ જાણેછે કે દુખના વખતમાં માણસને ગાવાનું મન થતું જ નથી. એ ઊપરથી શું આપણે એમ નહી સાર કાહાડીએ કે સુખી થવા માટે ખામખા પઈસાની કાંઈ જરૂર નથી ?

પણ હીઆં એક અગતનો સવાલ ઊઠેછે ખરૂં સુખ મેલવવાને જારે પઈસાની ખચીત જરૂર નથી તારે બીજા સાંની જરૂરછે ? ડરાઈડન નામનો ઇંગરેજી સાહેર કેહેછે કે " જાંહાં આસાએસ નહી, તાંહાં સુખબી નહી" વલી સુખને માટે તંદરોસતી જરૂરની છે અને વલી તંદરોસતીની સાથે "મન દરોસતી" પણ જોઈએ. તેને માટે પેટ ભરીને ખાવાનું, દીલ ભરી કસરત અને મન ભરી સબુરી જોઈએ. એ તરણે ચીજ મલીતો પછી ગોઓઆ હરધું સુખ મલીશેં અને તે ઊપરાંત જો રમુજી બચાં, હસતી બાએડી અને સારૂં ઘર સચવાઈશેં તો પુરતું સુખ સચવાએશેં એમ સમજવું જોઈએ. જે માણસને પોતાને તંદરોસતી, બચાં સુખી, અને ઘર ખુશી મલીશેં તેને પઈસા મલીઆ ઈઆ નહી મલીઆ એ કાંઈ જાજી બીસાદ નથી.

વધારે ખોલાસાથી બોલીએતો ખરૂં સુખ ઘરના સુખમાંછે. ઘર સા માટે કરીએ છઈએ ? થાકેલા જીવને કરાર, ભુખી આંતરડીને આસીસ, કંટાલેલાં મનને રમુજ અને દુખી દીલને આરાંમ મલે એવી જે જગા તે ઘરછે. તેમાં બઈરીતો જોઈએ, કેમકે બઈરી વના આ દુનીઆંમાં મીઠાસ અને માએઆ પુરેપુરી કોણ સમજેછે ? તેમાં બચાંતો જોઈએ, કેમકે સઊથી નીરદોસ રમુજ બચાં વગર બીજાં કોણથી મલેછે ? પણ તેમાં કાંઈ ખામુખા પઈસા જોઈતા નથી. એક પઈસાવાલાનો દાખલો લેવો. તેની પાસે

સુનું રૂપું અને હીરા માણેક ઘણા હોએ, તેની પાસે તીજોરીઓની ચોર ઊપર ચોરં ચહડાવેલી હોએ, તેની ચાકરીમાં એકસો ચાકરો દમેદમ ફરતા હોએ, તેના તબેલામાં ગાડી અને ઘોડાઓ હારેકટાર ઊભા હોએ, તેની ટેબલ ઊપર સુના રૂપાંના વાસણો સણગાર આપતાં હોએ, તેના બીછાંના ઊપર કસબી તકીઆ અને સાટીનની તરાઈ હોએ; પણ તેને હસાવનારૂં, રમાડનારૂં ઘર નહી હોએ તો પછે બાહારને બાહાર તે વધારે કેટલું સુખ ભોગવે ? અથવા ઘર હોએ અને તેમાં તેના ગલાંની આસપાસ હાથ નાખી તેને બોસા લેનારી બાએડી નહી હોએ, તેને તુરત દોડતાં લેવા આવે અને તેની ખાંધ ઊપર ચહડી બેસે એવાં બચાં નહી હોએ, પણ તેથી ઊલટું કજીઆખોર બાએડી અને રડતાં બાલકો તેને કંટાલો આપતાં હોએતો બે ઘડી જારે તે થાકેલો પરાકેલો ઘરમાં આવે તારે તેને પઈસા ટકાનું સુખ શું કાંમનું ? ખરેખર પઈસાના સુખ કરતાં ઘરનું સુખ સરસછે અને નામીચો સાહેર મીલટન કેહેછે તેમ “ પેલી જીહાંનના બેહસ્તનું એખલું એ ઘરનુજ સુખ આ જીહાંનના માણસને મલીઊંછે.”

—///—

# સુવાવડ સંબંધી સુચનાઓ.

## ૧.

અબલા જાતીની જીંદગીનો જે સઊથી ધાસતી ભરેલો તે જણવાનો વખતછે. સ્રીની આખી હઈઆતીનું જે સઊથી જોખમ ભરેલું તે બચાંને જનમ આપવાનું કાંમછે. ને કાંમનો તેઓને ઈશવરની દરબારથી લેખ મારેલોછે અને કુલે ઓરત જાતની જીંદગીનો સઊથી બારીક સમો તપાસીએતો તે એછે, કેમકે એ વખતે તેઓને જાણે જીવ ઊપર ખેડવું પડેછે. પણ અફસોસ એ અગતની બાબદમાં આપણી ઓરતો કેટલું બધું અગનાનપણું ધરાવેછે ! એ સઊથી અગતના કાંમમાં જે સંભાલ લેવો ઘટેછે તે એટલોતો થોડો લેવામાં આવેછે કે તેથી નીપજતી ખરાબીને માટે અફસોસ કરવો પડેછે.

એકતો આપણા લોકોમાં બાલ લગણની નકારી રસમને લીધે, તથા બીજુંતો આપણા દેશની હવા તથા ગરમીની ખુગીને લીધે, વેલાતના તથા બીજાં દેશોના મરદો તથા ઓરતો કરતાં હીઆંના મરદો તથા ઓરતો સંસારમાં જલદી પડેછે અને સંસારમાં પડવા જોગ ઊમરમાંબી તેઓ જલદીથી આવેછે. એક વીદવાન મુસાફર લખેછે કે જારે તે મીસર દેશના ચોકસ ભાગોમાં મુસાફરી કરતો હતો તારે બાર અથવા તેર વરસની વએની છોકરીઓને કેડે બચાં હતાં અને તે બચાં તેઓના હતાં. કદાચ હીઆં તેટલી બધી નાંહાંની વએ નહીતો એથી જરાકજ વધારે ઊગરમાં હીઆંના છોકરાઓ બાપ અને છોકરીઓ મા થાએછે. એવા વખતમાં તે બાંનુઓને જીંદગીના આ સઊથી અગતના કાંગને લગતી મુશકેલો ખમવાને જે કઊતી તથા શકતીની જરૂરછે તે વારેવાર તેઓમાં ઓછી હોવાને લીધે તે બીચારી કુમલી માતાઓને ભારી પીડાકારી સોસવી પડેછે અને કોઈ વખતતો પોતાનો જાન ખોહોવો પડેછે. પણ વલી તેવામાં એ કાંમ સંબંધી જોઈતી સંભાલ લેવાનું આસપાસની ઓરતોને નહી આવડવાથી તથા તેઓના વેહેમી કાંમોથી ઊપલી ખરાબીમાં હુંમેશ થાએછે.

જેમકે સુવાવડનું કાંમ સારી રીને પાર ઊતરવા ઊપર મા તથા તેના બચાંની બનેની જીંદગીનો આધારછે; પણ તે કાંમ બજાવવાને આપણી સ્રીઓ અનઘડ દાઇની મદદ લીએછે. તેના ઘણા ગેરફાએદાછે. અલબતાં બધી સ્રીઓ કાંઈ દાઈઓને લીધે મરી જતી નથી, પણ આ વાતતો હમારા વાંચનારાંઓ કબુલ કરશે કે સરીર વીદીઆ તથા વઈદક શાસતરનું દાઈઓને કાંઈ ગનેઆન નથી. સરીરના જુદા જુદા અવીઅય તથા સાંધાઓ જે બચાંને રાખવાના, ઊચારવાના, અને જણવાના તથા બીજાં કામો બજાવેછે તેનો તે દાઈઓએ અભીઆસ કીધો નથી તથા ચોકસ કાએદા પરમાણે તરબીએત લીધી નથી. પણ તેઓ જે કાંઈ કરેછે તે માતર પોતાની અજમાએસથી કરેછે ઈઆને ઘણા દાખલા બજાવવાથી એ કાંમ જાંણે તેઓને હાથ આવી રહેઊંછે. પણ બચાં જણાવાના કાંમની જારે બારીકી તપાસીએ છઇએ તારે માતર એક માણસ જેને એ કાંમની થોડી ઘણી અજમાએસ હોએ, પણ તેને લગતી કાએદાસર કેલવણી લીધી નહી હોએ તે તે કાંમને નાલાએક કરેછે. તે બચાંની જુદી જુદી હાલત તથા જુદી જુદી જગા

ઓ નહી જાણવાને લીધે બધી વખત એકજ રીત લગાડવા જાએતો પછે ખરાબી થાએ, અને બચું મરી નહી જાએ, તો એવી ખાંમી ભરેલી હાલતમાં નીકલે કે તે ખાંમી તેના જનમ સુધી રહી જાએ, એ શું થોડી ખરાબીછે? એવી ખરાબીઓને ખાતર સુવાવડ સંબંધી થોડીક સુચનાઓ અગતની લાગેછે.

કોઈબી હમેલદાર સ્રીને હમેલથી છુટા અગાઊ આગચથી ચોકસ ચીનીહો અથવા નીશાંનીઓ થાએછે. તેનું ગનેઆન ઘણું અગતનુંછે માટે હાલ તે નીશાંનીઓનીજ વીગત આપીએ છઇએ. કેટલીક ઓરતોમાં એ નીશાંનીઓ એવીતો સારી અને ખોલી રીતે જણાઇ આવેછે કે બચું જણવાનો વખત નજદીક આવીઓછે, એવું સમજીને મા બરોબર પોતાની સાઊચેતીમાં રહી શકેછે, પણ વલી કેટલીક ઓરતોમાં એ નીશાંનીઓ બરાબર જણાતી નથી. એવી નીશાંનીઓ ઘણી જાતની હોએછે પણ માતર તેમાંની મુખીઅ નીશાંનીઓનીજ વીગતો હીઆં આપીએ છઈએ.

પેટનું ઓછું થવું એ એવી નીશાંનોમાંની પેહેલી નીશાંનછે. આ વાતતો જાંણીતીછે કે હમેલ રેહેવાબાદ આસતે આસતે પેટ ઊપસીને ઊંચું થાએછે અને બચું ગરભસતાનમાં જેમ જેમ ઊધરભાવ પકડેછે તેમ તેમ બચાંના પોશણને માંટે તથા તેને ખોલાસથી રેહેવા માટે એ જગા પણ વધીઆ કરેછે. નવમાં મહીનાની શરૂઆતમાં પેટ ઘણું ખીલેછે, અને ગરભનો ઊપલો ભાગ છેક સીપી તુલીક આવેછે. પણ તાર બાદ જણવાની આસરે પંદર દીવસ અગાઊ ગરભ પેટના હેઠાંણ તરફ જવાથી ઊપરનો ભાગ ઓછો થાએછે.

બચું જણવાનો વખત જેમ નજદીક આવતો જાએછે તેમ હમેલદાર સ્રીને પીસાબની હાજત વધારે અથવા વારેઘડીએ થાએછે. એનુ કારણ સેહેલાઈથી માલંમ પડેછે. જારે ઘરભ ફુલીને મોટો થાએછે અને પેટનાં હેઠલા ભાગમાં જાએછે તારે તે પીસાબ એકઠી થવાના ફુકા ઊપર પડવાથી તે ફુકો સાંકડો થાએછે. તેને લીધે ફુકામાં ઘણી પીસાબ જમાવ થઈ શકતી નથી અને તેથી કરીને જેવી તે એકઠી થાએછે તેવી બીજી પીસાબને જગા આપવા માટે બાહેર નીકલેછે. પીસાબની હાજત વારેઘડીએ થવાનાં એ સીવાએ બીજાંબી કારણોછે, પણ ઊપલુ કારણ મુખીઅછે. જેમ પીસાબની હાજત વારેઘડીએ થાએછે તેમ ઊપલાંજ કારણને લીધે જાહાડાની પણ હાજત થાએછે.

નવમાં મહીનાની આખેરીએ હમેલદાર સ્રીને પેટ મધે કાંઈ નીચવાતુ હોએ એવું લાગેછે. એબી હમેલ છુટવાનો વખત નજદીક આવવાની નીશાંણછે. આ નીશાંણ કેટલોક વખત સુધી ટકીને પછે તે જતી રેહેછે. આ નીશાંણથી હમેલદાર સ્રીને કાંઈ પીડા થતી નથી અથવા તેને કોઈ વેદનાં ભોગવવી પડતી નથી.

બાલકને જનમ આપવાની આસરે ચોવીસ કલાક અગાઊ બચું જણવાના અવીઅયમાંથી એક જાતનો રસ અથવા પરસેવ વેહેછે. એ રસ અથવા પરસેવ પેહેલ વેહેલાં રંગ વગરનો અને ભાંગાં પાંણી કરતાં જરા જાડો હોએછે. તે કેટલીક સ્રીમાંથી પુશકલ નીકલેછે. વલી કેટલીક સ્રીમાં એ રસ થોડોવાર નીકલવા બાદ વીર થવા પછે તેમધે લોહીની છાંટી નજર આવેછે. એ રસ બચાંને પેદા થવામાં સેહેલાઈ કરેછે. તે કીરતારની બેહદ કુદરતથી એ રસે કરીને બચાંને સવલો મારગ મલેછે જે વાટે તે સેહેલાઈથી સડી પડેછે, એટલુંજ નહી પણ બચાંનુ બદન જણવાના મારગ સાથ ઘસાવાથી બેઊને એ રસને લીધે નુકસાંન થતુ નથી.

એ સીવાએ હંમેલ છુટવાની આગમચ બીજી જે નીશાંણો થાએછે તે એકે પગ અને જાંગમાં આંકરાં આવેછે, તથા તેઓ સુજેલા માલંમ પડેછે. જણતી માંની ભુખ પણ વધારે સુધરેછે, પેટ હલકુ લાગેછે અને ચાલ હાલ વધારે સેહેલથી થઈ શકેછે, ઈતીઆદી. આ સઘલી નીસાંણીઓ પુરતો ભરૂસો રાખવા જોગ નથી પણ થોડીએક ઊપર ભરૂસો રાખી શકાએછે અને હંમેલદાર સ્રીને ચેતવણી મલેછે કે તેની જીંદગીનાં સઊથી બીકટ કાંમને માટે તેણે તઈઆર રેહેવું. ઊપર ટાંકેલી નીશાંણો મધેની પેહેલી ઈઆને પેટનું ઓસડવું, બીજી ઇઆને પીસાબ તથા જાહાડાની વધતી હાજત એવુ દેખાડવા માટેછે કે હંમેલ પુરા થવા આવીઆછે. પેટ મધે નીચવાતું હોએ એમ જે લાગેછે તે ઊપરથી એવુ સમજાએછે કે વાર આવવાને કાંઈ વીલંમ નથી તથા જણવાનાં અવીઅયમાંથી રસ

નીકલીઆ એટલે સીધ થાએછે કે હમેલ છુટવાનુ તાંકણુ દુર નથી.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૧૭.

પીઆરાં બેહેન,




આગલા ચાંચીઆ તથા લુટારાઓના ડેનમારક દેશમાં થોડોક વખત ગુજારીને મેં સુવીડન તથા નોરવેમાં મુસાફરી કીધીછે. ડેનમારક હાલંડની ઊતરે આવેલુંછે અને તેની તરણ બાજુએ દરીઓછે તેમાં જોવા લાએક કાંઇ જાજું નથી. તાંહાંની હવા, જમીન, વેપાર અને કલાકઊશલ ઘણીખરી બાબદોમાં હાલંડ તથા બેલજીઅમને મલતાંછે, જેઓનું બેઆન મેં મારાં ગએઆં પતરમાં કીધુંછે. ડેનમારકનું પાએતખત શેહેર કોપનહેગનછે, જે ઈઊરોપના બીજાં મોટાં શેહેરોની મીશાલ થોડીક જોવાલાએક જાહેર જગાઓ ધરાવેછે. તેમાં ડેનમારકની "ઈઊનીવરસીટી" અથવા મોટી મદરેસા સારૂં માન ધરાવેછે. એ કેલવણી ખાતાં મધે ૧૧૦૦ વીદીઆરથીઓ અભીઆસ કરેછે જેઓને તરબીએત આપવા માટે ૩૬ પંડીતોને મોટા પગારે રાખેલાછે. વલી આ શેહેરમાંના પાદશાહી પુસતકખાંના મધે ૪ લાખ કેતાબોછે. ડેનમારકના જંગલોમાંથી ફાડી ખાનારાં હેવાંનોએ પોતાનો રસતો માંપીઓછે અને હલકી કીસમના પરાંણીઓની તેમાં વસતી જોવામાં આવેછે. ડેનમારક દેશ પોહોલું અને સપાટછે. તેમાં થોડીક નદી નાલાં વેહેછે અને ૪૦૦ સરોવરોછે. તાંહાં આસરે બે કરોડ માણસોની વસતીછે અને હાલ ફરેડરીક નામનો પાદશાહ રાજ ચલાવેછે.

મેં ઊપર કહેલુંછે કે ડેનમારક આગલ લુટારાઓનું દેશ હતું અને તે ઊપરથી ઈઊરોપના લુટારાઓના દેખાવનો થોડોક વીચાર આપવા માટે હાલ ઊપર મેં એક ચીતાર ટાંકીઓછે. હાલ આ નાહાનું દેશ આપણી વધારે જાણમાં આવીઊંછે. બેહેન તમે જાણતાં હશો કે આપણી નામદાર રાંણીને ડેનમારકના રાજ સાથ હમણાજ સગાઈ થઈછે.




તે નામદારની વડી વહુ સાહજાદી અલેકસાંનડરા જેના લગણ ગએજ વરસે રાંણી વીકટોરીઆના વડા છોકરા સાથ થએઆં હતાં અને જેની તસવીર મેં હીઆં ખીડીછે તે બાંનું આ ડેનમારક દેશની એક શાહાજાદીછે. વલી હાલ ડેનમારકનાં રાજને હોલસટીન નામના એકશેહેર બાબે પડોશના જરમનીના રાજ સાથ વાંધો પડીઓછે અને તે ઊપરથી લડાઈ થવાની ધાસતીછે. ડેનસ લોકો ઈસવી સનેની આઠમી સદીમાં ચાંચીઆ ચોર અથવા લુટારા દાખલ જાણીતા હતા અને પોતાની ચઢતી કલાના વખતમાં તીર કાંમઠાં બાંધી તથા વાંહાંણે ચહડી જુદા જુદા સમુદરો ખેડતા અને દેશો ઊપર હોમલા કરતા હતા. તેઓ વેલાતમાં પણ થોડુંક સુધી રહેઆ હતા, જે પછે તેઓ ઘણા ગોકવાએઆ હતા. તેઓનો "કનીઊટ" નામનો રાજો મોટો કાબુ મેલવી ગએઓ હતો અને તેઓની મારગરેટ નામની એક રાંણીને ઊતર ભાગની "સેમીરામીસ" નું નામ મલીઊં હતું. ડેનમારક વીશે એટલીજ નોધ મેં બસ ધારીછે અને હવે હું સુવીડન દેશ ઊપર આઊં છઊં.



આ લોકો સુવીડનના રેહવાસીઓછે. કોપનહેગનથી નીકલીઆ પછે ઊતર તરફ વાંહાંણ હંકાડતાં સુવીડન દેશ આવેછે. તેનીજ પડોસમાં નારવે દેશ આવેલુંછે અને એ બે મલીને એક આખું રાજ થાએછે, જેને સકાંનડીનેવીઆ કરી નામ આપેલુંછે. સકાંનડીનેવીઆ ઈઊરોપની છેક ઊતરેછે, જેની પશચમ તથા ઊતર દસાએ આટલાંનટીક માહાશાગરછે તથા દખણ અને પુરવ તરફ બાલટીક સમુદર અને લાપલાંડનું ટાપુછે. આ આખાં રાજનો વીસતાર ૨૯૨૧૦૦ ચોરસ માઈલનોછે તાંહાંનો જમીન ઘણી ગરીબ અને પેદાએસ વગરનીછે, તો જોકે તાંહાં નદી અને પાહાડોની કાંઈ તંગી નથી, જેનો એક પાહાડ દેશની છેક ઊતરથી દખણ સુધી ફરી વલીઓછે અને એજ પાહાડથી નારવે તથા સુવીડન જુદાં ગણાએછે. વલી હીઆંના પાહાડો ઊપરથી વેહેતા કેટલાક ધોત ઘણાજ સુંદર અને દબદબા ભરેલાછે; જેમાંના કોઈ કોઈ એક હજાર ફીટની ઊંચાઇએથી મોટો અવાજ કરતાં પડેછે. પણ હીઆં કકડની થંડી પડેછે અને સાત આઠ મહીનાં સુધી શીઆલો ટકી રેહેછે, જેટલા વખતમાં મોટી નદી નાલાંઓ બંધાઈને લોકોને રસતા દાખલ કાંમ લાગેછે. શીઆલો જવા પછે હુનાલો શરૂ થાએછે, પણ તે વખતે ગરમી સારી પડેછે અને તેથી કરીને કેટલોક પાક વાવેઆ પછે આઠ અઠવાડીઆંમાં ઊગી નીકલેછે. સકાનડીનેવીઆનાં મધીઅ ભાગોમાં આસરે ૧૬૦૦૦ માઈલ સુધીની જમીનમાંથી મુખીઅ કરીને તરાંબું તથા લોહાડું મલી આવેછે.

સકાંનડીનેવીઆ ખાને રીછની વસતી ઘણીછે.



પણ એ પરાંણી મુખીઅ કરીને જંગલોમાં વસેછે તથા વસતીવાલા ભાંગોમાં જે રીછ જોવામાં આવેછે તે માણસોને ઈજા દેતાં નથી. કેહેછે કે એક વખત ઊપર નારવેનો એક રેહવાસી એક બોટમાં બેસી ફરવા જતો, તેવામાં તેની બોટને એક છેડે એક રીછ આવીને મુગું મુગું બેઠું હતું. તે પછે જારે બોટ કીનારે આવી તારે આ પરાણી ઊતરી ગએઊં અને તે બોટવાલાને જરા ઈજા દીધી નહી. સાબર પણ આ થંડા મુલકમાં સારી રીતે વસેલુંછે.



સુવીડનના લોકો શીઆલાથી એટલાનો કંટાલેછે તથા ચાંમડાં અને બાલનાં કપડાં કાહાડી નાંખવાને એવા ખંતી હોએછે કે હુંનાલો આવતાંવાર તેઓ મોટી ખુશાલી દેખાડેછે શીઆલો જવાની ખુશાલીમાં મે મહીનામાં તેઓ ખેતરોમાં મોટા આતસ સલગાવેછે, અને ઊપલાં ચીતર પરમાંણે ચોકસ દાહાડે ખોલાં મેદાંનમા ફુલની તોરણ સુધાંની લાકડી દાટીને મરદો તથા ઓરતો તેની આસપાસ ગાઈ વગાડીને નાંચેછે. સુવીડનનુ પાએતખત સટાકહોમ નાંમનુ શેહેરછે. તેમાં રાજાનો એવો રોણકદાર મેહેલછે કે આખાં ઈઊરોપમાં તેવો કોઈજ હશે. એ શેહેરમાં દરરોજ રાતને વખત એક સરકારી આદમી ફરવા નીકલેછે અને દરરોજ બુમ મારેછે કે "તે સરવ શકતીવાંન ખોદાની કુરપાથી આપણુ શેહેર આગ ઇઆ બલતાંથી બકાત રેહેશે."

નારવેનાં લોકોની કેટલીક હસવા સરખી રસમોછે. મુવેલાં માંણસને દાટવા લઈ જતી વખતે હંમેસાં એક જણ સારંગી વગાડતો લાસની આગલ ચાલેછે. તારપછે તેઓ તે લાસને કેટલાક સવાલો પુછેછે, જેમકે "તમે મરી કાંએ ગીઆ ? તમે હવે કાંહાં જશો ? તમારાં બાએડી છોકરાંએ તમારી ચાકરી કીધી હતી ? " એ અને એ વીનાંએ બીજું ઈતીઆદી પુછેછે. નારવેના કોસટ ઊપર દર વરસે એક તોફાંન થાએછે, જેમાં દરીઆના મોજા ગોલ ઘેરાવમાં ફરેછે, અને વચે જો વાંહાંણ આવીઊ હોએતો તેના ભાંગીને કટકા થાએછે અથવા જો મગરમછ આવી ગએઊતો તે તરફડીને મરણ પાંમેછે. આસરે સો વરસની વાત ઊપર સુવીડ લોકોનુ ૭૦૦૦ માંણુશોનુ એક લશકર નારવેના એક પાહાડ ઊપર ઠંડીથી બંધાઈ ગએઊ હતુ.

સકાંનડીનેવીઆમાં ચાર કરોડ માંણુસોની વસતીછે પણ અજાએબ જેવુ એછે કે હીઆં આખી વસતી વાંચી લખી જાંણેછે તથા હજારમાં કોઈજ એ

કાંમથી અનઘડ મળી આવશે. એનું કારણ તાંહાંનો શખત કાએદાછે. તે એમકે જે શખસ વાંચી લખી જાં ણે તે સીવાએ બીજાથી લગણ થાએ નહી. આ કાએદા પરમાંણે જે ધણી પરણવા નીકળીઆ હોએ તેને ચોકસ હોદેદાર પાસેથી પોતાની કેલવણીની સ રટીફીકેટ મેલવવી પડેછે અને તે વગર તેનાં લગણ થ ઈ શકતાં નથી ! રાજ વીશે બોલતાં તાંહાંનાં આગલા રાજા બારમાં ચારલસની વાત ઈઆદ આવેછે એ રાજો પંદર વરસની ઊંમરમાં તખતે બેઠો હતો, તેની નાંહાંની વએ જોઇને રૂશીઆ, પોલાંડ અને ડેનમાર ક એ તરફે રાજવાલાઓએ તેની સાંમે સંપ કીધો હતો તોબી ચારલસે એક નાંહાંની ફોજથી તે તરફે રાજ વાલાઓને એક પછે એક તેઓનાં દેશમાં જઈ હાર ખવાડી હતી. અને એક ચોથી લડાઈમાં તે હા રીઓ, જેથી તેને દેશદેશ ભટકવુ પડીઊં હતું. પણ જારે તે પાછો પોતાના રાજમાં ગએઓ તારે તેનાં લોકે પાછી ઊસકેરણી કીધી અને પોતાની છેલી લડા ઈમાં તોપનો ગોલો લાગાથી તે મરણ પાંમીઓ, હાલ મેજઅરજ.

હું છઉં તમારો
**વાહાલો ભાઈ.**

---

## ભરથારને લઈ નાહાસેલી બાએડીઓ.

સ્ત્રીઓનો પંથ જોકે કુદરતથી ઘણો નાજુકછે તોપણ મોટી ભએને વખતે ઘણી બાએડીઓએ લાએ ક હીમત દેખાડેલીછે. એવી હીમતવાન સ્ત્રીઓના કે ટલાક દાખલા હમે પરગટ કરી ચુકા છઈએ અને જ રૂર પડવે પોતાના ભરથાર તથા કબીલાનેજ નહી પ ણ ભાઈબંધોને મદદ આપનારી પરોપકાર સ્ત્રીઓની કાંઈ થોડી નોંધ લેવાઈ નથી. પણ તે સરવેમાં હદસ ટાંકલી સ્ત્રીઓનો હેવાલ ખરેખર જાણવા જોગછે, જે હે વાલને એક ફરેંચ પુસતક ઊપરથી ઊતારી લીધોછે અને જેમાં એક આખાં શેહેરની સ્ત્રીઓએ અજાએ બ જેવી રીતે અકલ વાપરીને નામ આશકારા કીધુંછે.

કેહેછે કે જરમનીના રાજા તરીજા કાનરાડે મી ઊનીચ નામના શેહરને જારે પોતાના તાબામાં લીધું તારે તેણે એવો ઠરાવ કીધો હતો કે તે શેહેરના શાહા જાદા તથા સરવે રેહેવાસીઓને ગરદન મરાવવાં, પ ણ આ ઘાટકી કાંમમાંથી તે શેહરમાં રેહેનારી ઓરતો ને બચાવવાનો તેણે તેઓ ઊપર દએઆ આંણીને વીચાર કીધો હતો. એટલા માટે તેણે જાહેર ઢંઢેરો પીટાવી શેહેરની સરવે સ્ત્રીઓને હોકમ કીધો કે તે ઓને જે ચીજ સઊથી વાહાલી હોએ તે લઈને તેઓ એ ગાંમ બાહેર નીકલી જવું. અને તે સ્ત્રીઓની સ ઊથી વાહાલી ચીજ કેઈ હતી ? તે તુરત માલુમ પડી ઊં. તેઓએ પોત પોતાના ભરથારોને પોત પોતાની ખાંધ ઊપર બેસાડીને ગાંમની બાહેર નાહાસવા માંડી ઊં, અને સતાવાલાઓ તેઓને અટકાવી શકીઆ ન હી કેમકે તેઓને સઊથી વાહાલી ચીજ લઈ જવા દે વાની ઢંઢેરામાં કબુલાત હતી. તેથી ઊલટું તેઓના આ કાંમથી પાદશાહ ઓર ખુશી થએઓ અને તે ખુ શાલીની કેફમાં તેણે મીઊનીચના શાહાજાદાને તથા પુરૂશ રેહેવાસીઓને માફી બખશી.

સાબાશછે આવી ઓરતોને ! પોતાના ખાવંદ કરતાં આ દુનીઆંમાં વધારે વાહાલી બીજી કેઈ ચી જ હોએ ?

---

## લીમજીનાં લગણ.

(રાસ દોરડાંનો રકાકુટો.)

**વીરલ**—તોબા, ખોદાએ તોબા ! હોજની એ પીરા કાંહાંથી આવીને બાજ ખાધી ! સાવખશા તમેતો દાંતમાં ખાસડું આપીઊં. આએ પંદર પંદર વરસવેર તમારાં ઘેર માં ગોલાંમડીની માફક વહીતરૂં કીધું ને તમે તેનો મને જસ આપોછકેની ? વારૂં મરૂં, તમેબી તમારીથી જેટલી ખુબી થાએ તેટલી કરી લેવો. હું તે સુંપુંછીને તમારે ઘેર આવીતી. મુંવો કોઈ બાંમણ જોશી શું નહીઓજ નહી ! ભલાઈ જોવાનાં કાંમબી કાઈ સોખાંછે ? એતો નસીબની વાતછે, ને એવાં કોણનાં ધન ભાએગ હોએ કે મરવાની અગાઊ પોતાનાં બચાંને ઠેકાંણે પાડી જાએ.

**સાવખશા**—વીરલ ગુસે થઈકે ? મેં સું કાંઈ તારા છોકરાને પરણાવા નાં કહેઉં ? જા, લગણ કરની—પણ તુતો એવો બુક પકરેછે કે મને હારી ખાવી પડે, મેં તું ને એક વખત કહેઉં કેની કે હાલ મારો હાથ ભીડમાંછે !

**વીરલ**—અરે વારૂં રે સાવખશા ! જેમ તમુને ગ મે તેમ તમે તવલાવો. તમેતો કેજે ઘેરસોભત છોકરીબી લેઉં ને વલી પઈસાબી થોડા દેઉં તે કાંહાંથી બને ! સારી પપે હાત કાહાડો, ને જોવોકે છમ છમ કરતી લછમી ત મારા ઘેરમાં આવેછ કે નહી. પેલા કેહે તેમ "લેને વાલે ફકર ને દેને વાલે તકર" તેમાંની શું વાત કરોછ ?

સાવખશા—પણ તું વધારે માંગી માંગીને કરવાની શું ! આપણે કોઈની છોકરી મફત તો નથી લેતા. છોકરો આપશું ને છોકરી લેશું. તેમાં વલી એટલો બધો ખરચ સાંનો કરાવેછ ?

વીરલ—અરે મરૂં રે તમારી અક્કલ પરથી ! કાંઈ ઠેકુંછે વારૂં કે છોકરીનાં મા બાપ લઈને ઉડારી નાંખશે ? પઈસાવાલાં માંબાપબી જોઈએ, રૂપવાલી છોકરીબી જોઈએ ને વલી ઉપરથી તમુને પઈસા આપતી આવે એવી જોઈએ ! બેસો બેસો તમે લગણ કીધાં ને હમે ભલાઈ દીઠી.

સાવખશા—બસ બસ મેં તુંને કહેઉં તેટલામાં પરવહેતો જા લગણ કર ને નહીતો તુંછે ને તારો છોકરોછે, જોઈએ તે કર.

વીરલ—પણ એટલી રૂપરડીમાં તે હું કીઆ ચુલામાંથી ખરચ કરૂં ? મુઈ મોંઘવારીતો કેંજે મારૂં કાંમ. જણેજણ જાણે આજેતો લુટવા બેહેલાછે ને જેમ તેમ કરીને મુવાઓનાં કપાલમાં દાંહાંમ દેવો પડવાનો. તારે તમે જે કેહોછ તેટલા રૂપીઆતો મુવા કાપડીઆને કનદોરે હોકાવાનાં. અરે સાબાસરે સાવખશા ? એટલો શખુન નહી કરતા ? આપણાં કાંહાં અખઈ રહેઆં કોઈની કાંની સાત પાંચ દીકરા દીકરીછે કે ઘડી ઘડી આપણુને કરવુંછે.

સાવખશા—હા. પઈસા જાહાડ ઉપર ઉગેછેકેની તે તારે વાસતે ટોડી લાંઉ ?

વીરલ—અરે બસરે સાવખશા બસ કરો ? એતો "જેનુ રચે તેનુ પચે" જો. ખાંડી મુડીનાં સગાં વાહાલાંઓ, જણુ જણાવર, ચાકર નફર, સઉને આશા જો ! જરા ધુમસર ખરચ કરોએતો વારૂં કાંઈ નહીતો નાંમતો રેહે. પાંચ માટીડા ને પાંચ બઈરાંને લઈને પરણાવી આવીઆ તે કેવાં લાગેછ ને વાજાં ટોલ સાથે એક સાજણ જાએ તે કેવું લાગેછ તે જાવો. આએ હવેતો તમુને છેલી વખત કેહુંછ કે જો મનચેર મેવાવાલાની ઘેર સેંભત છોકરી લેવાના હોવોતો બે હજાર આપો, ને નહીતો કોઈ બીજાંની છોકરી ગમે તાંહાંથી શોધી કાહાડો.

સાવખશા—નાં, તારેતો એક હજારબી નહી આપું. મોટાંનો મેહેલ જોઈને શું ગરીબની જીંફડી ટોડી પાડવા જાઈએ ? અભાગણી હુંને તું વેચાઈએ તોબી ધુમસર લગણ નહી થાએ.

વીરલ—ઓવારૂં રે ! સપરમે દાહાડે તમે એવી વાંણી કાહાડોછ નહી ! કેહેતીછે કે "જેને લાગે તેને વાગે" તે ખરેખરીછે. તમારા દીકરાનું તમુને મારી માફક લાગતું હોએતો તમે નાં નહી કેહો. અરે ખોદા ! તમે મારૂં કહેઉં કેદારે કીધુંછ કે આજે કરશો ? મારી સરજત હોશે તાહાંસુધી તમારા ઘરમાં વહીતરૂ કરવા જીવશ ને પછી મરશતો કોઈ ઇઆદબી નહી કરશે કે સાવખશાની વીરલ ફલાંણી ચીની થઈ ગેઈ. ઇઆદગારી રાખવાનો ધુમસર લગણ કરવા જેવો બીજો કીઓ ઉપાએછે ? જણુ મારાં ફુટેલાં નસીબછે તે છેજ.

અંતે સાવખશા હારીઆ. મનચેર મેવાવાલાની છોકરીને વહુ દાખલ લેવાનું તેનું એટલુંતો મંન હતું કે તેવણ બે હજારબી આપવાને રાજી થએઅ અનો વીરબાઈએ તેથી ખુશી થઈને તુરત પોતાની બેહેનને ઘર જાઈ પોતાના પંથકી દાદાદારૂને તેડાવી મંગાવીઆ.

વીરલ—દાદાદારૂ આજનો દાહાડો કેવોછે વારૂં ?

દાદાદારૂ—જી દાહાડોતો ઘણો રૂડોછે. બુધને કાંમ થાએ સુધ, તે ને બેહેરાંમરોજ એ જેવો બીજો શારો દાહાડો કોંહાં મલશે ? પણ ઓલુંછે તે, કંઈ હમુને ઇઆદ કરશો કે.

વીરલ—અરે બાવા ગરીબ માંણસ તમુ મશ તકીઆંછ ને કાંહાં કાંહાંથી લાવીને પુરૂં કરીએછ, તોબી જેનાંવોની મેહેનત હોશે તેનાવોને કાઈ ભુલી જવાશે ? જરા તમે આ ટપકો જોવાની. આપરા લીમજી સાથે રાસ આવશેકે ?

દાદાદારૂ રાસ જોવા બેઠા. ટપકો લઈને આંગલાં ઉપર ગણવા લાગા તથા પાટલા ઉપર રાખ વડે ચકરડાં પાડીને મોટા પંડીતની માફક તેવણે ધેઆંન ખોસાડી દીધું. વીરબાઈ અને તેની બેહેન જરબાઈ બારી ઇંતેજારીમાં હતાં, પણ દાદા દારૂએતો વાર ઘણો લગાડીઓ. વીરબાઈ બોલી "ચોખી દીવા જેવી રાસ જોજો હો મરૂ!" દાદાદારૂએ ઘણેવારે જવાબ દીધો. "માએ રાસતો જેવી કે હે તેવી શે, પણ સુકરનો ગરેહ મકર રાસીના સુરજની પાસેછે વાસતે નાંમ ઉપર જરા રતીભાર શે ખરો." એ વીરબાઈ શું સમજે ? "જાંણું મારી બલા, મકર રાસીને જરા મરૂ, સમજ પાડોની કે એ જોડું બાધીએતો પછવાડેથી કાંઈ વરવાંધો તો નહી ? " દાદાદારૂએ આખમાંથી ચસમો કાહાડીને જવાબ દીધો કે "જોવોની બાઈ, રાસતો સારીશે. પણ આંએ એક ધાલું જે નજરે આવેશ તેથી ઓલું કરીને માટીબઈએરને બને નહી, ને વહુને માંયેનું, આખું વરશ બારૂીને ભારી રેહે, ને તારપછી એ જોડું બંધાવાથી કરીને વરરાજાને તથા તેનાં માંબાપને બધાંને રાહુની દશા બેશે." આ વાત સાંભલીને વીરબાઈજી ઘણાં દલગીર થએઆં, પણ તેવણ શું કરે ? નાંચાર—કાંઈ ઈલાજ રહેઓ નહી. જરબાઈએ વીરબાઈને સાફ કહેઉં કે રાસ વગરતો કદીબી લગણ કરવાં નહી. મારે વીરબાઈજી ઘર ગએઆં અને રાતનાં જારે સાવખશા ખાઈ પીને વાડીએથી આવીઆ તાંહાંસુધી જાગીને તેવણને સઘલી હકીકતથી વાકેફ કીધા.

સાવકશા—અરે એ તમારાં બઈરાં લોકનાં બધા વેહેમછે.

વીરલ—ઓવાએ સાવખશા ! તમે શું રોચણગા લોછ. રાસ જોવાડીએ કે તેટલુંબી નહી કરીએ.

સાવખશા—મુવાં તમે રાસનાં જોવાડતાં. તેથી શુ વલવાનુછે ?

વીરલ—તેથી નહી વલવાનુ ? એતો મારો એકનો એક દીકરો જો. હું કાંઈ રાસ આવીઆ વગર કરશ નહી જો તમુને સાફ કેહુછ ! ચોખી દીવાની જોત જેવી રાસ જોઈએ.

સાવખશા—પણ ઘેલી એટલાં કારણ ઉપરથી આ પરી જેવી છોકરીને જતી મેલશે કે ?

વીરલ—તારે વાએ નહી કે ? પરી શું કે ફરેસતો શું, રાસ જાંહાં નહી આવી, તાંહાં કોઈનુ નહી ચાલવાનુ, કેહેતીછે કે "રાસતો આસ ને નહીતો નાંસ."

સાવખશા—અરે હુંતો સમજતોતો કે એ પુતરી વગર બીજી કોઈ છોકરીને હું લેવશ નહી. વીરલ હું ખ

રૂ કેહુંછ કે તેને મારી વહુ કરવાનુ મારૂ ઘણુ મંન હતુ. તેના જેવી ખુબસુરતબી કોઇ નથી, ને વલી ઈસકોલની પરીખશામાં તેણે જેવાં ગીત ગાએઆં કે હું તો બસ હરખાઈ ગીઓ. એવી સીખેલી છોકરી લેવી સારીછે.

વીરલ—પછારા ! બધાં વેજાંછે. તમે વલી એવા કેદારે હુતા !

સાવખશા—નહી પણ વીરલ જો રાસ વગર આપણ લગણ કરીએતો કેવુ સારૂ

વીરલ—નાં—નાં—નાં. તારેતો લગણ કરોજનાં. જુવો ધણી, બઈરાંનાં એ વેહેમ હોએતો વેહેમ, ને ખરી વાત હોએતો ખરી વાત, પણ તમે તેમાં મુદ્દું નાં ખોશો. એતો જેના કાંમ તેજ કરે બઈરાંની વાત બઈરાં જાંણે. રાસ વગર મારા કાળગરા છોકરાને દુશમનને ખાડામાં નાખુ કે !

સાવખશા—પણએના જેવી વહુ કાંહાં મલશે !

વીરલ—અરે તમે ધીર ખાંઓરે. હોંજીઉ એકદમ છપલુ દેવાથી કંઈ સારૂ થવાનુછે. અકરાવોછ કાંએ, ધીરે સાસતેથી સોધશુંતો એવી બાર છોકરીઓ મલશે ઉતાવરાં તે બાવરાં ને ધીરાં તે વીરાં. તમુને ઘેર સોભત વહુ અપાંઉંતો બસકેની !

સાવખશાએ વાડીમાં સારી પઠે બેવરો ગલીઓ હતો અને તેથી તેવણને ગુસામાં આવી જતાં વાર લાગો નહી હતો, માટે પોતાની બાએડીની હઠીલાઈ ઉપર બડબડીને ઉંઘાઈ ગએઓ. તેનેબી તેની બાએડીની માફક જાજી અકલ નહી હતી બાકી હોતતો તે પોતાના દસ વરસનાં બચાંનાં બાલલગણ કરતે નહી તથા ખામખા ગોરી વહુ લેવા જવા કરતાં એમ વીચારતે કે એવાં લગણ કીરાં તે શું અને નહી કીધાં તે શું !

બીજે દીને સહુવારનાં વીરલે પોતાના પંથકીને ટેડાવી મંગાવીઓ અને લીમજીને માટે સારૂ કાજ લાવવાની પરણુ કીધી દાદાદારૂનો પેહેલો સવાલ એ હતો કે "ઘરેણું કેટલું કરશો" અને વીરલ જવાબ આપવાને તઈઆર હતી કે "જોવોની બાયા, ગરીબ સંસારે હુમારા ગુંજાસ માંફક જરા રતી કરશું, નહીં કરશું એમ નહી. એકુ દોહોડ હજારથી ઓછું તો નહીજ કરશું." દાદાદારૂ ઉઠાઆ તેવી વીરલે ઈઆદ આપી કે "હુમારી આબરૂ પરમાણેની રીતબી જોઈશેજો મરૂં." દાદાદારૂ ધીરજ આપીને પોતાનાં એક ઓલખીતાં કુલ નાંમે બાપુજી બતાસાવાલાને ઘર ગએઆ.


બાપુજીની તરણ છોકરીઓમાંની એક આઠ વરસની છોકરી કુમારી હતી. તે ઘહુંને વરણની હતી અને તદન બચું હતું. તેનાંબાપે તેને નીશાલમાં માતર બે વરસ રાખીને ઉઠાડી મેલી હતી, કેમકે તેની મા બાઈઆઈ બોહોસ કરતી હતી કે "હવે બચું દાહાડેનુ થએઉં ને થોડા મહીનાંમાં સારી પેહેડશે." દાદાદારૂએ પેહેલાં બાઈઆઈ સાથ વાત કીધી તે જાંણુતો હતો કે લીમજી જેના કાજને માટે તે આવીઓ હતો તે પોતાનાં માંબાપનો એકપુરો હતો અને તેથી તેઓએ તેને એટલોતો લાડમાં રાખીઓ હતો કે તે ઘણો મસતીખોર, તથા જરા બીગડેલો, બેવકુફ હતો તથા દસ વરસનો થએઓ તોબી નોશાલે જતાં રડતો હતો, જેથી ચાકર તેને ખાંધ ઉપર બેસાડીને લઈ જતો હતો. એ જાંણવા છતાં દાદાદારૂએ જારે તેની વાત કીધી તારે બાઈઆઈને એવું સમજાવીઉં કે—"જી છોકરો તે છે.કરોજછે જો. ઓલુ કીધું ને ઇશકુલે ભનવા જાએરા ને બે કલમ નોતો ધણી થએઓશ. હજુરતો નાદાંનશેજી, ને ખોદા રાખે દાહાડેનો થશે તારે સઉ સમજમાં આવશે ને તમાંરૂં બચું સુખી થશે. 'મારૂં જો કહેઉં માંનોતો ખોદાનું નાંમ લઈને તમે બંનબેસાડો. એવી એવી વાતો કીધાથી બાઈઆઈએ પોતાનાં વર બાપુજીની રજા માંગવાનું કબુલ કીતું. તેટલાંવલી દાદાદારૂ સાવખશાનાં ઘરમાં વીરબાઈજી પાસે ગએઆ. "હવે મેં તમારા શોકરાને લાએક પુતરી શોધી કાહાડીગજો, વાસતે પઠણ કરતાં વધારે ઈનાંમ આપશો કેની ?" વીરબાઈજીએ "હારે મરૂં મારી આંખોાર આપશ" એવો બરૂશો દીધા પછે દાદાદારૂએ બાપુજીની છોકરીની વખાંણ કરવા માંડી "માએજી તમારે નસીબે ઘણીજ રૂપવંતી છોકરીછે. એમ, જાણે ચાલેતો ઓલા પડે, ને પાંણી પીએતો ગલાંમો ઉતરતું દેખાએ. તેના આંગલાંતો જાણે લખવાની કલમ ને હાથતો એવા ગોલ ને સુમારા કે જાણે આપરે જોએઆજ કરીએ. મોહોડાંનો ઘાટ ઘટમબી સારોશે." પણ વીરબાઈજીનેતો પઈસાવાલો વેહેવાઈ જોઈતો હતો, માટે જાણે કે તેનો છોકરો તે વેહેવાઈ સાથ પરણવાનો હોએ તેમ તેણુંએ પુછીઉં કે "પણ બાવા માટીહો કેવોછે ?" દાદારૂએ ટકા ચહડાવીને વાત કીધી, જેથી વીરબાઈ એટલી મધંન થઈ પોતાના વરની પાસે ગેઈ. એટલા અરસામાં દાદાદારૂએ બંધે બોરદુવાલાંઓને ઉલટ પાલટ સમજાવાનું કાંઈ બાકી રાખીઉં નહી, કેમકે તેને એમાથી ટડાકો પડવાનો હતો.

અંતે વાતનો નકી થઈ. બંને બોરદુ રાજી થએઆં એટલે રાસ જોવાડી અને વેહેમી વીરલ કેહેતી તેમ રાસ તો "દીવાની જોત જેવી" આવી. પણ સાવખશાએ એવી કબુલાત કરવા માંગી કે "છોકરીને નજરે જોઉં નહી તાંહાં સુધી હું હા નહીં કેહું." એ ઉપરથી દાદાદારૂ છોકરીનાં માંગણી કરવા ગએઆ. બાઈઆંઈ પેહેલાતો જરા છછની પડી "એ વાએ કાંઈ રમતે નાખી દેવાનુંછે કે હું મારી છોકરીને ઘેરેઘેર દેખાડવા મોકલું ! બા, જેછે તે એ છે, સારૂ કે માઠું. ઘહુંને વરણની કે દુંને વરણની. વસતે એ વાત કાંઈ બને નહી તમે તમારે ઘેર, હુમે મારે ઘેર રહુઆ." દાદાદારૂએ ઘણી બોહોસ કીધી અને અંતે તેજ દાહાડે સાંજના વીરબાઈની બેહેન જરબાઈ એક બીજી "દાહી બઈરી" ની સાથે છોકરીને ટેડી લાવી પણ સાવખશાનેતો તે ગમી નહી. હવે શું કરવું ! વીરબાઈ ઘભરાટમા પડી અને જરબાઈ તથા બીજાં ભરભાંડુને સંમજાવા આવીઆં. "બાવા, સાવખશા, એ તમે શું ચેડાં લઈ બેઠાછ. એમ વરી કંઈ હોએ ? જેછે તે એછે, હવેતો કબુલ રાખો. સારૂં માઠું કરતાંતો બધાં જનમ અટવાઈ જશે"

વીરલ—અરે માએ છોકરીમી મજેનીછે. મારા ને તમારા કરતાંતો ઓલા રંગનીછે.

સાવખશા--નહી, નહીં, મને ગોરી વહુ જોઈએ !!

વીરલ—પણ એથી સરસ તે કેવી હોએ ! ગોરા ને ગોરી સરખીજો.


GÉANT

**જરબાઈ**—ભાઈ તમે એટલો વીચાર કરો કે આજે છઈએ ને કાલ ઉઠીને કોઈ દુશમેન મમઈ બપઈને કજા રજા થઈતો છોકરો એમનો એમ રહાજ જાએકેની !

**વીરલ**—વારૂં સાવખશા, મારો એકતો બોલ પાલો. બસ હવે, ઘણી બોહોસ સારી નહીંજે. આજે વહુ આવેતો ઘેરમાં ચાકરનીતો ગરજ સારશે.

**સાવખશા**—પણ ગાંમમાં છોકરીઓનો ટોટોછેકે !

**વીરલ**—પણ લાવોની તમેતો એકબી નહી શોધી કાહાડી. ને તે કરતાં સે તમુને ગમી નહી તો તેને ઘેરવેર ચાલી ચલાવીને બોલાવી કાએ !

**સાવખશા**—પણ તેનેતો મને દેખાડવા ટેડાવી.

**જરબાઈ**—ને હવે પાછી વાલશો કે ! ઓ વાએ ! એ સી આફત ! ગાંમનાં ધારાથીબી ઉલટું ! કોઈ કેહેશે કે આમથી છોકરીને મોહોડે ચહડાવી નારે બા—પર લોકમાં આબરૂને ખાતરતો બીહો. કોઈનું સુનાં જેવું બચુ બોલાવીઉં ને તેને પાછું વલાએ.

આબરૂની વાત આવી તારે સાવખશા નાચાર થએઓ. તેણે જોઈઉં કે બઈરાંઓની બોહોસથી એ છોકરીતો તેનાં દીકરાને નસીબે આવી ચુકી તે વીચારતો કે "એતો કીસમત—જાંહાં દાંનાં પાંણી હોએ તાંહાજ થવાનું, પછી તમે ગમે એટલાં ફાંફાં મારોનો" એમ સમજીને તે મુગો બેઠો અને એક નહારી રસમને આધીન થએઓ. તેનાં વીચાર પરમાણે છોકરીને જોવા તેડવીજ નહી હતી કાંએકે જોવા તેડી તારેતો તે કપાલે ચોંહોંટી વીરબાઈએ આ છોકરીનાં હાથમાં પાંચ રૂપીઆ તથા મીઠાઈનું પડીકું આપી તેને વદેઆ કીધી.

તારપછે લગણની તઈઆરીઓ ચાલી. પણ તેની વીગત હમે કેમ આપીએ ! તથા વલી મુહુરત જોવાડી છોકરીનો "દીવો દીધો" તથા ટપકાના કપડાં મોકલીઆં તારથી તે લગણ સુધી જે કીરીઆઓ થઈ તેનો હેવાલબી અપાતો નથી, મારે તે કોઈ બીજી વખત આપીશું અને હીઆં ટુકમાં એટલુંજ લખીએ છઈએ કે મોટી ધુમસર લગણ થએઆં. વીરબાઈએ દસ દાહાડાનો માંડવસરો કીધો. સગલી કીરીઆમાં વીરબાઈ ભાગ લેતી, અને તેમાં અરધમુરત, માદવસોરો, એલીટેલા, સોગું મોગું, ગીઓપીઓ હુકરડી રમાડવા, આડા અંતર, ઈતીઆદીનુ અને એ વીનાએ બીજું ઘણું કાંમ પોતે જાને બનાવા જતી, જેટલા અરસામાં સગી વાહાલીઓ સાથ હસતાં બોલતાં અને તેઓને ધમકાવતાં તથા બુમ પાડતાં તેનું ઘાંટું પડીઉં હતું; ટેટાં કરતાં કરતાં તે થાકી જતી હતી અને નોબી જેમ ગરબા તથા અતસનું ગીત ગાનારીઓને બતાસા વેહેચવાનું તેમજ બઈરાંઓને સારી પડે જમાડવાનું, વરણી તથા ગોર રૂપીઆમાં સેરુને સારી પડે ગોઠવવાનું એવાં નાંહાંનાં કાંમોનેબી તે ભુલી જતી નહી હતી.

"આંજે વીવાહા ને કાલે જેવાને તેવા" લગણ વીતા પછે સાવખશા વીચારમાં બેઠા. હીસાબ કાહાડતાં માલુમ પડીઉં કે બેને બદલે ચાર હજારનો ખરચ થએઓ અને તેમાં છોકરાને સાસરેથી તથા બીજે ઠેકાંણેથી જે પેહેરાંમણીઓ થઈ તેનાં એક હજાર બાદ કરતાં નકી ખરચ તરણ હજારનો નીકલીઓ. લગણનાં દીવસો ઉપર સાવખશાની જેમ વખાંણ થતી તેમ તને ખરચ કરવાની ઉલટ વધતી હતી, પણ પછવાડેથી ઉપલો આંકડો જોઈ તે પસતાતો હતો અને જે થોડુંક દેવું થએઉં હતું તેનાં વીચારમાં ને પડેલો હતો, પણ એટલુંજ તેનું દુખ નહી હતું. વેહેવાંણ તો કોઈ માહા ફલાંટ બઈરી નીકલી હતી તેને ઘરણું ઓછું પડીઉં તથા વીરબાઈને રીત ઓછી પડી મારે તેઓ ઘણીવાર લડી ચુકાં હતાં. એટલું છતાંબી કાંઈ ઠીક વહુ નહી મલી માવખશાની વહુ ઘણી માંદી તથા નબલી હતી. તેનો તેને ઘણો બલાપો લાગો હતો, કેમકે મનચેર મેવા વાલાની છોકરી જેમ ઉમરે વધતી ગેઈ તેમ ઘણીજ રૂપવાલી અને હોશીઆર થતી ગેઈ જેથી સાવખશા તેને સદા ઇઆદ કરતો. અને છેલે લગણ પછે દોઢેડ વરસે તેની વહુને તેનાં દસમાં વરસમાં સહીએડ આવીઆ અને થોડા દીવસ માંદગી ભોગવીને તે બીચારી મરણ પાંમી !

તેજ રાતનાં સાવખશાએ સપનો જોએઓ કે તેનો મરનાર ભાઈ જે તરણ વરસ અગાઉ ઘણી હોશીઆરીથી જાંણીતો થએલો હતો તે તેની પાસે આવીને કેહેવા લાગો કે—"ભાઈ તમે જે બલાપો કરોછો તે હવે ફોકટછે જે કાંઈ બનીઉંછે તે તમારી અને તમારી બાએડીની ખાંમીથી બનીઉંછે. તમે દસ વરસનાં બચાને પરણાવીઉં એમાંજ ભુલ કીધી. અને એથી તે બીચારાને નકાંમી બદનાંમી આપી. તેવું કરવાની જરૂર શું હતી ? તે બીજાં છ સાત વરસ રેહેતે અને મોટો થઈને પરણતેતો ચાલતે કે નહી ! વલી લગણ કીધાંતો કીધાં પણ તમે ઘણી વેહેમી રીતે કીધાં તથા કરવા દીધાં. ઘણો ખરચ કરતી વખતે તમે વીચાર રાખીઓજ નહી, પણ હવે ફરીથી તમે તેમ નાં કરતા અને બીજાંઓનેબી સમજાવજો કે તેઓ પણ તેમ કરવાની પોતાની ભુલ જુવે."

## હવાઈ મુસાફરી—વીદીઆનાં ચમતકાર.

ગુલેબકાવલીની અને બીજી કાંહાંનીની ચોપડીઓમાં જે બેહેનીઓએ આગલા વખતની પરીઓ તથા દેવો વીશે એવુ વાંચીઉં હશે, કે તેઓ પાહાડના પાહાડોને પોતાનાં ડરથી ધ્રુજાવતા હતા, તથા માંણસોને હવામાં ઊંચકીને ઊડી જતા હતા, તે બેહેનીઓ આ જમાનાનાં માંણસ જાત તરફ અચરતીથી જોશે કેમકે તે વખત ઊપર જે કાંમ દેવસતાંનનાં ગણાતાં હતાં તે આજે માંણસ કરી શકેછે. ઊપલી કોહાંનીઓનેનો આપણ ખરી માંનતા નથી, કેમકે તે જોડી કાહાડેલી વારતાઓછે અને આ દુનીઆંમાં એવા દેવ દેવતાઓની હસતી થઈ ગઈ હોએ એ વાત અકલ કબુલ કરતી નથી. તોપણ જે માંણસ આજે એજ

પરમાંણે મોટા ડુંગરોને હટાવેછે તથા જેમ લાંમબા વીશતારની ખુસકી ઊપર ફરેછે તેમજ માહાશાગરો નાં પાંણીમાં સફર કરેછે અને છેલે આકાશની હવામાં ઊડવા લાગુંછે તેને આપણ શું નામ આપીશું ?


હવાઈ મુસાફરી એ વીદીઆનો જાણે સઊથી છેલો ચમતકારછે. માણસ પોતાની અકલને એટલી બધી સુધારી શકેછે કે પોતાની હાજતોને બનતી સેહેલાઈથી પુરી પાડવા માટે તે અજાએબ જેવી કલા વાપરેછે. તે પરમાણે જારે તેણે જોએશું કે ખોદાએ તેને પાંખ આપી નથી તારે હવામાં ઊડવાની કલા શોધી કાહાડીને પાંખની પણ ગોએઆ તેણે ગરજ સારી છે અથવા વધારે બરોબર બોલીએતો પોતાની બાજુએ તેણે અકલની પાંખ કીધીછે. હવામાં ઊડવા માટે જે ચમતકારીક સાંચો વપરાએછે તેથી વાંચનાર અનજાંનાં નહી હશે. થોડાંજ વરસ ઊપર મી૦ કાઈટ નામનો એક ઈંગરેજ "બલુન" નામના એક હવાઈ ફાંનસમાં બેસો અતરે ઊડીઓ હતો. તે બલુન જારે છેક ઊંચે ગએશું તારે ઘણી વાંચનારી બાઈઓએ પોતાની અગાસી ઊપરથી તેને જોએશું હશે. તે બલુનમાં તેણે સાધારણ હવાના કરતાં એક હલકી હવા ભરી હતી જેથી તેને છુટું મેલતાં ઊંચે તે ચહડી જતું હતું, અને તેની હેઠે એક મછવો લટકાવીને તેમાં ઊપલો ઈંગરેજ બેઠો હતો

પણ હવેતો હવાઈ મુસાફરી કરવા માટે ઊપલાં ફાંનસનીબી જરૂર નહી પડે એવો વખત આવીઓ છે. વેલાતમાં માણસને પાંખથી કરીને ઊડવાનો સાંચો બનાવીઓછે ! આ વાત કદાચ હમારી વાંચનારીઓ માણસે નહી, પણ તે ખરી વાતછે. તે સાંચાનું ચીતર પાસેના સફામાં આપીશુંછે અને તે માતર જોવાથી જ સમજ પડશે. આ શું તલેશમાત ! આતો કાંઈજ નહી પણ એક ઊડવાનુ ઈઅંતરછે. તે કાંઇ બલુન નથી, અને તેમાં કાંઇ હવા ભરી નથી, પણ તેનેતો પાંખ જડેલીછે. આ અચરતીનો અંત સેજ ખોલાસાથી આવી જશે.

આટલું ધેઆંનમાં રાખવું કે આજ ઘણ થએ ઊં વીદવાંન લોકોનુ ચીત હવામાં મુસાફરી કરવા ઊપર લાગી રહેલુંછે. તેઓનાં મંનમાં મોટો સવાલ એ છે કે આપણ માંણસ જાત જારે જમીન તથા પાંણીમાં મુસાફરી કરવાને ફતેહમંદ થએઆ, તારે, હવા જે એખલી બાકી રેહેછે, અને જેમાં પરાણીઓની મુસાફરી સેહેલી કરવાનો ખોદાએ ગુણ મેલીઓછે તેમાં આપણ શામાંટે નહી જઇએ ? એ ઊપરથી ઘણા કાબેલો હવામાં ઊડવાની ચોકસ કલા બનાવા પડીઆછે અને બલુનની શોધથી તેઓ કેટલેક દરજે ફતેહ પાંમીઆછે, પણ હાલ હવામાં ઊડવાનાં કરતાં મરજી પરમાંણે ઊડવાનો સવાલ અગતનો થઈ પડીઓછે. બલુંનથી ઊચે જવાએછે ખરૂ, પણ પવન પરમાંણેજ વાએછે, અને માંણસની મરજી પરમાંણે એક ગમથી બીજી ગમ જવાનુ કાંમ હજુર બીકટ રહેલુંછે.

હવે પાસે હમે જે સાંચાનુ ચીતર આપીઊછે તે સાંચાને ઊપલી મતલબથી મી૦ મારીઅટ નાંમનાં એક ઈંગરેજે શોધી કાહાડીઓછે. જારે તેણે તેમાં પાંખથીજ ઊચે ઊડવાનો વીચાર કીધોછે, તારે તેનુ મન કેવું ચપલ હશે તે માલંમ પડેછે. તેણે ઊડનાર માણસને બેસવા માટે એક નાહાની ગાડી બનાવીછે. તે ગાડીની ઊપર જે આડા પરદા જેવુંછે તે પાંખછે અને તેની મતલબ ગાડીને હવામાં ટેકાવી રાખવાનીછે. તેની ઊપર એક મોટો સડ બાંધીઓછે જેથી સાંચો પવણના સુમાર પરમાણે ઊંચો ઈઆ નીચો થઈ શકે. આ ગોઠવણ ઊપરાંત સાંચાને ચલાવા માટે બે મોટા ગોલ પંખા કીધાછે જે પોતાની ધરીની આસપાસ ચકીની મીશાલે ફરીઆ કરેછે અને એ પંખા ઊપર આખા સાંચાને ઊડવાનો આધાર છે. એટલો એ સાંચાનો બાહેરનો દેખાવછે, અને અંદરથી તેમાં માતર એક બાફના સાંચાનો વધારોછે, જે બાફની મદદથી આ પંખાઓ ફરતા રેહેશે એવું તેનો બનાવનાર કેહેછે. ખરેખર આ સાંચો એટલો અજાએબ જેવોછે કે તે ચાલશે કે નહી તે વીશે શકછે. હાલનો એ સાંચાની માતર ગોઠવણ થઈછે, પણ હજુર સુધી તેને તપાસવાનોછે, અને જાંહાં સુધી તપાસ થાએ નહી તાંહાં સુધી કસું મત આપી શકાતું નથી. હવાઈ મુસાફરીનું કાંમ એટલુંતો બીકટછે કે ઘણી વખત હાર થશેતો એક વખત માણસ જીતશે, અને કદાચ આ સાંચામાં નીસફલ થવું પડે તોબી તે વીદીઆનો મોટો ચમતકાર ગણાશે.

પણ તેટલાં વલી ફરાંનસ દેશનાં નામીચા વીદવાન અને હવાઈ મુસાફર માંનશીઊર નાંદરનાં "રાખસે" લોકોને વધારે અચરતીમાં નાંખીઆછે. તેની



મી॰ મારીઅટનો હવામાં ઉડવાનો સાંચો.

સઘલી કીરતી એક ગંજાવર બલુન બનાવામાંછે,
જેનુ નાંમ તેણે "રાખસ" આપીઊછે. એ "રાખસ"
નું એક ચીતર હમે પાસે આપીઊછે. બે તરણ મ
હીના થએઆ તેની તપાસ થઈ ચુકીછે અને તેથી
જોકે ઊપર કહેલી મુસાફરીની મોટી મતલબ હજુર
સુધી પાર પડી નથી બલકે તેમાં બેસનારાઓનાં જી
વ એકવાર ધાસતીમાં આવી ગએઆ તો પણ
એ બલુનબી વીદીઆનો એક બોજો ચમતકારછે. તે સ
ઘલું તેનાં મોટાં કદને લીધેછે. જારે હમે કહીશું કે એ બ
લુન જે દાહાડે તઈઆર થએઊં તે દાહાડે તેનો ઘેરાવો
૧૦૦ વારનો હતો તારે વાંચનાર શું વીચારશે ?વલી
તે ૧૮૦ ફીટ ઊંચું હતું, એ ઊંચાઈ આપણી કોલાબા
ની દાંડી જેટલી થઈ ! આ મીશાલથી નાંદરનાં "રાખ
સ" નો થોડો ઘણોબી ખેઆલ આવશે.

માંનશીઊર નાંદરે પોતાનાં હવાઈ શંનસનાં તરણ
ભાગ કીધા હતા. ચીતરમાં દેખાડીઆ મુજબ પેહલાં મોટું
બલુંન હતું જે સફેદ સાટીનથી વણેલું હતું; તારપછે
એક નાંહાંનું બલુન હતું, જે એટલા માંટે જોડીઊં હ
તું કે ઊંચે ગીઆ પછે જો મોટું બલુન દબાએતો તે
માંની હવા આ નાંહાંનાં બલુનમાં સચવાઇ રેહે અને
એ રીતે મુસાફરી કરવાની હવા રદ નહી થાએ; અ
ને તેની નીચે ઊડનારાઓને માંટે જગા રાખી હતી.
બીજાં બલુનોમાં જારે ઊડનારાઓને એક મછવામા
બેસવું પડેછે, તારે આં રાખશી બલુનની હેઠે મછવાને
બદલે એક નાંહાંનું સાધારણ ઘર લોકોને માંટે લટકા
વીઊં હતું !!

આ રાખશી દદાને વણવા માંટે ૨૦ હજાર વા
ર સફેદ સાટીન ખપી હતી. એ વણતને માંટે ૨૦૦ અ
સતરીઓને એક મહીનો સુધી કાંમ ઊપર રાખવી પડી
હતી. બલુનની નીચેનાં ઘરને એક ખરકી તથા તેને
મથાલે અગાસી હતી. એ ઘર જાવલી, સાદરાં, નેતર
તથા લાકડાંથી બનાવીઊ હતુ. તે ૮ ફીટ ઊંચું અને
૧૩ ફીટ લાંબું હતું. તેમાં બાર માંણસો રેહે એટલી
જગા હતી. તેઓને શુવાનાં તથા જમવાનાં ઓરડા કી
ધેલા હતા, અને તે ઊપરાંત તેમાં ફોટોગરાફીથી સબી
લેવાનો સાંચો અને છાપાખાનુંબી હતું ! આ ઘર મ
ધે તરણ બીછાનાં, કપટાંનની કેબીન, ઈતીઆદી હતાં.
જે દાહાડે બલુંન ઊડવાનું હતું તે દાહાડે પારીસ ખા
તે મોટી ધુમધાંમ થઈ હતી, એક વીદવાન મંડલીએ
તેનો સઘલો ખરચ માંથે લીધો હતો. તમાસગીરોને
માંટે મોટો ચોક રાખીઓ હતો, જેમાં દરએક માંણસ
ને ટીકીટથી દાખલ કીધા હતા અને તેટલા માટે આસરે
૩ લાખ રૂપીઆની કીમતની ટીકીટો વેચવા મેલીહતી.
એમાંની જો પા ટીકીટો ખપી હશેતો બલુંનનો સઘલો
ખરચ નીકલી ચુકો હશે, અને લોકોની જે મોટી ઠઠ મ
લી હતી તે ઊપરથી ઊપલી કરતાં વધારે ટીકીટો ખ
પી હતી એવો સુમાર કાહાડીઓછે લોકોની એ ઠઠમાં
સમાંધાની રાખવા પોલીસ તથા લશકરને હાજર થવું
પડીશે હતું. ઠરાવેલે વખતે બલુન સાથ લટકાવાનાં ઊ
પલાં ઘરને એક મોટાં ગાડાંમાં નાખી લઈ આવીઆ.
તે ઊપર વાવટા જડેલા હતા, અને તેમાં મુસાફરોનો
અસબાબ તઈઆર હતો. તે મધે તરકારી, મેવો, મર
ઘાં, બટકાં, તરાઈ, તકીઆ, કપડાં, હથીઆર, સાંચા,
સણ ભરેલાં હતાં અને તે ઘરની આસપાસ વાવટાઓ
ટાંગેલા હતા. નાંદરે દરએક ખાહેશમંદ મુસાફર પાસે
થી ૧ હજાર ફરાંક લીધા હતા. તેવા ૧૩ મુસાફરો
આ બલુન સાથ ઊડવાને તઈઆર હતા. તેઓ વખ
ત થતાંજ ઘર મધે ચહડી બેઠા અને વાંચનારી બાંનુઓ
અચરત થશે કે તેઓમાં આબરૂવાલી એક સ્રીબી હ
તી ! તેઓ બેઠા પછે જેવી માંનશીઊર નાંદરે નીશાંણ
કીધી કે જે મરદ લોકો બલુનનાં દોરડાં ધરી ટીંગાએ
લા હતા તેઓએ તે દોરડાં છોડી દીધાં અને લોકોની
ખુશબખતીનાં પોકારો વચે આ "રાખશ" નીચેનાં ઘર
સમેત ઊંચે ઊડી ગએઊં. આ બલુંને સારી મુસાફ
રી કીધી હતી, કેમકે પારીસથી નીકલવા બાદ કેટલેક ક
લાકે જરમની દેશમાં તે ઊતરીઊં હતું.

---

## જાંણીતી સ્રીઓ.

### લુસી ડી મેરનનાં જીવની કાંહાંની.

આંખ એક રતનછે. પણ આંધલું માંણસબી
જીવેલું કાંમનુંછે. જે પોતાની એ મોટી ખાંમી છતાં
આ દુનીઆંમાં રહીને ભલાઈ કરેછે લુસી ડી મેરન નાં
મની એક આંધલી સ્રી ઈસવી સને ૧૮૦૨ માં ઈંગ
લંડ ખાતે જનમી હતી. તેનો બાપ એક ફરેંચ હતો
પણ તે ઈંગરેજ ઓરત સાથ પરણીઓ હતો અને તે
સ્રી આ દીકરીનો જનમ આપીને તરણ મહીનાંમાં મ

રણ પાંમી હતી. એ રીતે કમનશીબ લુસી પોતાની માંને જોવા પાંમી નહી હતી અને તે શંકટમાં વલી તેનાં અંધાપાથી ઘણો ઊમેરો થએઓ હતો. લુસી જારે માતર એક મહીનાંની હતી તેટલાંમાં તેને આંખનું એક દરદ થવાથી તે પોતાની બેહુ આંખ ખોહી બેઠી જેથી તે બીચારી માં વગરની છોકરીની બધી બરદાસ્ત તેનાં એખલા બાપ ઊપર આવી પડી હતી. મેરન લુસીને ઈંગલંડથી ફ્રરાંસ ખાતેનાં ડીજેનસ નાંમનાં ગાંમમાં લાવી રહેઓ તથા તાંહાં તેણે લુસીની બનતી માવજત લેવા માંડી.

લુસી પોતાનાં ભલા બાપની મેહેનતથી નાંહાંની વએ વાંચવા લખતાં શીખી હતી. એક આંધલું માંણસ વાંચવા તથા લખતાં શીખે એ વાત કેટલીક વાંચનારીઓને અજાએબ જેવી લાગશે. પણ એ અચરતી માતર આપણનેજ લાગેછે, બાકી ઈઊરોપખંડમાં વીદીઆ હોનરનો એટલો વધારોછે કે આંધલાં માંણસોનેબી ઊતમ કેલવાણી મલેછે. તેઓને વાંચવાની ચોપડીઓ તદન જુદી હોએછે, જેમાંનાં હરફો ઊપસેલા હોવાથી આંધલાં માંણસો તે ઊપર પોતાનાં આંગલાં ટેકવી ટેકવીને તે અખેરોને ઈઆદ રાખેછે અને પછે તે એટલું સેહેલું થાએછે કે તેઓ સાધારણ માંણસોની માંફક તે વાંચી અને લખી શકેછે. વલી એ અપંગ છોકરી ગુંહતાં તથા વજંતર વગાડવાબી શીખી હતી. એનું કારણ એજ કે તેની સાંભલવાની ઈંદરી ઘણી સરસ હતી અને તે ઓલખીતાંઓને તેમનાં પગલાં ઈઆ દમ ઊપરથી નાંમ કહી આપતી તથા અગાસી ઊપર બેસીને માતર હવાની હીલ ચાલ ઊપરથી તોફાંનો પારખતી હતી.

પણ લુસીનાં પાછલા, મોટાં શંકટના દીવસો વધારે નોધી રાખવા જોગછે જેથી એ આંધલી ઓરતની જીંદગીનો હેવાલ આજે એક કાંહાંણી સરખો ગણાએછે. લુસી જેમ પોતાની માં તેમજ બાપ સાથે જાજી મુદત સુધી જીવવા પાંમી નહી હતી. જારે તે ઊમરે વધીને જુવાંન અને ખીલતી કલી સરખી થઈ તારેજ તેનો બાપ મરણ પાંમીઓ, જેથી આ ગરીબ છોકરીનો સંભાલ લેનાર કોઈ રહેઓં નહી. તેનાં ઘરમાં માતર એકજ જુનો ચાકર પોતાની બાએડી સાથ રેહેતો હતો અને લુસીનાં બાપે પોતાનાં બચાંનાં આંસરાનો સઘલો આધાર આ બુઢા ચાકર ઊપર સમજીને તેને પોતાનાં બીછાંનાં આગલ બોલાવી અરજ કીધી હતી કે "તેણે તેની ગરીગ છોકરીને છોડીને કેથે જવું નહી."

બીચારી લુસીને પોતાનાં બાપનાં ગમ ઊપરાંત બીજોબી અંદેશો હતો. તેને એક સગાંનો સારો વારસો મલીઓ હતો પણ તેની આંખ એવી રીતે રદ થઈ હતી કે તે બીચારી પોતાની દોલતને વીચારી શકતી નહી હતી. તેની સારી ખુબસુરતી હતી અને વલી જુવાંનીનાં જોબનમાં આવીઆથી બીજી ઓરતોનાં સરખા પરીતી અને મોહોબતનાં જુસા તેની છાતીમાં ઊભાતા હતા. પણ તેની સઘલી ખુબશુરતી અને કાબેલીઅત છતાં ખોદાએ તેનાંમાં એવી ખાપણ મેલી હતી કે કોઈબી મરદ તેનો હાથ પકડી દુનીઆંમાં તેને તેરવી કાહાડે નહી. તોબી લુસીનો જુસો એક ચોકસ પુરૂશ તરફ હતો એ અચરતી બરેલુંછે. તે પુરૂશને બીચારી લુસી આંખેતો જોઈ શકતી નહી, પણ તેનો અવાજ, તેની વાતચીત, તેની રીતભાંત, તેની નરમાસ અને લાએકી એ સરવેએ લુસી ઊપર અસર કીધી હતી. તે હેનસ નાંમનો એક ચંચલ ચીતારો હતો અને તેનાં મરનાર બાપની હઈઆતીમાં તે લુસીને ઘર વારેવાર આવતો હતો. તારથી લુસીએ તેને માટે ચોહાબત બાંધી હતી, પણ તેમાં તેનું શું વલે ? તે ધણીએનો લુસીને તાંહાં આવવાનું મેલી દીધું હતું અને શું એવુંબી બને કે એ છોકરી પોતાની ખાપણ જાંણવા છતાં તે ધણી સાથ પરણવાની તેને ખાહેશ દેખાડે ? નહી. ધીરજ, ધીરજ, એજ બોલોને લુસીએ પોતાની છાતીમાં કોતરીઆ હતા. એવી હાલતમાં ઘણાં મહીનાં નીકલી ગએઆ.

એનેશક એવો બનીઓ કે આ વખત ઊપર ગાંમમાં એક નાંમીચો ગવઈઓ ખેલાડી આવેલો હતો અને તેનુ ગાએણ સાંભલવા લુસી પોતાની સાવકી ફુઈ સાથે ગઈ હતી. લુસીની આ સગીને તેનાં બાપે મુવા અગાઊ બોલાવી હતી કે તે આવીને લુસીની સાથે રેહે તથા તેની માંવજત કરે. પણ લુસીને એ ફુઈ ઊપર કાંઈ પીઆર નહી હતો કેમકે તે લાલચુ, લોભી અને ખુસાંમત ખોર હતી. તેની સાથે જારે લુસી ઊપલો ખેલ સાંભલવા ગઈ તારે લુસી એક ઓડરીએન નાંમની પોતાની સહીને લઈ ગઈ હતી. તાંહાં એક હાથ ઊપર જારે લુસી ઊપલા ખેલાડીનું ગાએણ સાંભલતી હતી તારે બીજા હાથ ઊપર તેને ખબર પરી કે તેનાં બાપ

નો પેલો મીતર હેનરી તાંહાં હાજર હતો અને લુસી ગમથી દોકુ ફેરવતોજ નહી હતો. આ ખબરથી બીચારી લુસીને તેનાં આગલા જોસાઓ કેવા ઈઆદ આવીઆ હશે! પણ થોડા વારમાં બનાવ એવો બનીઓ કે ખેલ ચાલતો હતો તેવામાં જે જગા ઊપર લુસ્રી બેઠી હતી તે જગામાં આગની બુમ પડી, જે સાંભલતાં વારજ લુસીની ફુઈ પોતાનો જીવ બચાવાને લુસીને મેલીને નાંહાસી ગઈ અને તેની સોબતણ એડરીએનનો બેસુધ થઈ પડી. અંતે તેથી લુસીને હેનરીનું મીઠું નામ બોલાવાની ફરજ પડી, અને તે પછે તેણે જોએઊં કે આગમાંથી તેને તથા એડરીએનને બચાવનાર એ ચંચલ ચીતારોજ હતો.

આ બનાવથી બીચારી લુસીનું મન હેનરી તરફ વધારે લાગું. હેનરીબી લુસી તરફ વધારે દોસતી દેખાડવા લાગો. તેને લુસીની ચાલચલણ તથા લાએકી એટલીતો પસંદ પડી કે આ ગરીબ છોકરી લુસીનાં અંધાપાની હેનરીને પેહલાં ખબર નહી હતી. લુસી હંમેસ પોતાનાં મોહો ઊપર બુરખો રાખતી હતી, જેથી તેની ખાપણ દુરથી જાણતી નહી હતી, પણ જારે લુસીની એ ખામી તેણે જોઈ તારે હેનરીએ કાંઈ લુસી ઊપરથી મંન ઊતારો કીધો નહી. તેથી ઊલટું તેને વધારે દએઆ આવવા લાગી. તે દએઆને લીધે હવેનો તે ગોએઆ લુસીનો ગોલાંમ થઈ પડીઓ. ફરતાં હરતાં તેનું બધું ધેઆંન લુસી ઊપર હતું અને તેને હાથ પકડી ચલાવાને તથા તેને બીજી સઘલી સગવડ કરી આપવાને હેનરી ઘણો ખંતી થતો હતો. એ ઊપરથી લુસી તેની ચાલને પોતાની ફુઈની ચાલ સાથ સરખાવી જોતી હતી. તે વીચારતી કે "મારી સગી માતર બાહેરથીજ પરીતી દેખાડેછે, પણ ખરી પરીતી આ જવાંમરદનીછે, કેમકે તે મારી ફુઈની માફક માતર મોહાડેથી બોલીનેજ બેસતો નથી, પણ મારી ચાકરી કરવા લાગેછે. આ ખોદા તે મને ચાહાનોતો નહી હાએ? પણ હું આંધલીને ચાહીને તે કરશે શું? અલબતાં કદાચ મારી ખાપણની તેને દરકાર નહી હશે અને તે સમજતો હશે કે એ ખાપણ છતાં મારા ગુણ સાચા છે એટલે બસ. ખોદા કરેને મારે વીશે તે એ વીચારે!" પણ તેમજ ખરેખર બનતું હતું. જેમ લુસીએ હેનરી ઊપર પરીત બાંધી હતી તેમજ હેનરી લુસીને ખરાં દીલથી ચાહાતો હતો; પણ એ બધે જણ પોતપોતાના જુસા એક એકને કેહવાની હીમત કરતાં નહી હતાં. અંતે તેનોબી વખત આવીઓ. એક સાંજે તેઓ લુસીના ઘરની અગાસી ઊપર બેસીને વાત કરતાં હતાં, તેવામાં લગણની વાત નીકલી અને તે વખતે હેનરીએ આંસુ ભરી આંખોથી લુસી તરફનો પોતાનો સઘલો જુસો જાહેર કીધો. આ વખતે બીચારી તે આંધલીને ઘણો દીલાસો લાગો. તેણે આજ સુધી સરવે સાથે ભલાઈ કીધી તથા અંધાપા છતાં પોતાના પઈસાથી ઘણા ગરીબોને ફાએદો કીધો તેના બદલામાં ગોએઆ ખોદાએ તેને માટે ભરથારનું નહી ધારેલું સુખ મોકલીઊં. તે દીવસથી હેનરી અને લુસી એકએકસે પરણવાને કબુલ થએઆં.

પણ આ વાત લુસીની ફુઈને પસંદ આવી નહી. તે લુસીને એક સગા સાથ પરણાવા માંગતી હતી તે એટલાજ માટે કે લુસીની દોલત પારકે ઘર નહી જાએ અને ફુઈને પડતો તડાકો બંધ નહી થાએ. એટલા માટે તે સ્ત્રીએ લુસીને ખોટું ખોટું સમજાવા માંડીઊં. "જુવો બેહેન લુસી, એ હેનરી કાંઈ સારૂં માણસ નથી. તે ખામખા તમારા પઈસાને ખાતર તમારી સાથ પરણવા નીકલીઓછે, બાકી તમેજ વીચાર કરો કે જારે તે પોતે એટલો ખુબસુરત અને જવાંનછે કે તેને નસીબ સઊથી સરસ બાએડી મલીઆ વગર રેહે નહી તારે ખામખા તે એક અપંગ ઓરત સાથ શા માટે પરણે?" આ વાતથી લુસીનું મન ફરીઊં, પણ તે જારે હેનરીએ શોધી કાહડીઊં તારે લુસીએ ખરેખરી હકીકત કહી દીધી. તેથી હેનરી ગુસે થએઓ નહી. તે બોલીઓ કે "પીઆરી લુસી જેમ તારી ફુઈ કેહછે તેમ આખી દુનીઆં કેહેશે. લગણને તેઓ એટલું નજીવું ગણેછે કે તેઓ તેના એવા હલકા અરથ ઊઠાવે. લુસી ખરૂંછે કે મારી પાસે પઇસા નથી અને તેથી દુનીઆંને બોલવાનું ફાવેછે—પણ કસમ ખાહીને કેહુ છઊં કે હુંબી ધંધો ચલાવસ, પઈસા મેલવસ અને તાર પછીબી તારીજ સાથે પરણીને દુનીઆંને તેની ભુલ દેખાડશ." આ વાત લુસીને ઘણીજ પસંદ આવી, માટે તેણે પોતાની એક વીટી હેનરીને પીઆરથી પેહરાવી. તે દીવસથી તેઓ ગોએઆ અદરાઈ ચુકાં.

(એનું સાંધણછે.)


## રમુજે ફુરસત.

શીખ્યાની ૯રઓ,

જો તમે  નાવ જાંણવા ચાહોતો હું

માં  તાનાં ૧૦૦ખ થકી કહુંકે ઊતાવલ

સારી નથી. અગાઊ જારે મારી રહેન ☞ ઈજીને

ટે  વાનાં વીજથી હું ની 

ક્લી, તારે ૧કા૧ મારો ગુશો ઊ  અને

ગરાટમાં ૧૨ જતાં એક  આવી લાગી, જે

માંનુ  ઘણું તોફાંની હતું, જેનું એક

૫  ભાગેલું હતું અને ૫ 

ચહડાવેલાં હતાં. તેથી દોડતાં હું એવી થાકી કે ઘર

જઈને ૫ગ  વા પડીઆ અને ઘણુ સુધી

પાં  આનો રસ ને દુધ સેવીઊં.

---

## સવાલોનાં જવાબ.

(જુવો ગયા આંકના સવાલો)

૧. ૯૨૯—૨૯—૯૨.

ભુગોલનાં સવાલો.

૧ આઊદ, ૨ સેતારા, ૩ દોલત આબાદ, ૪ કને આ કુમારી.

---

## પરચુરણ બાબદો.

**એદાંનો અર્થ**—*છેલી ગણતરી પરમાંણે એકલાં લંડન શેહેરમા દર વરસે ૧૮૦૦૦૦૦૦ એડાં ખપેછે અને એટલીજ બીજી શંખીઆ જો આખાં દેશને માટે ગણીએ તો ઈંગલંડમાં દર વરસે ૨૦૦૦૦૦૦૦૦ એ અબજ એડાં ખપેછે. અલબતાં તેનો ઘણો મોટો ભાગ લોકોનાં ખાધામાં જાએછે. એડુ, એ માંણસનો ઘણો પોશન કરતો અને અગતનો ખોરાક ગણાએછે.*

---

**બુચના ગલીચા**—ઈઊરોપમાં હાલ દરરોજ કાંઈને કાંઈ નવી શોધ થાએછે. હમણાં વેલાત ખાતે બુચમાંથી ગલીચા બનાવવાનુ શરૂ થએલછે !

---

**શીખાંમણની ધાત**—"સઊથી ધાસતી ભરેલી બદી તેકે જે નેકીનુ ડોલ ઘાલતી હોએ."

"જે માણસ એકાંતપણે પોતાને આબરૂવાલો ગણી શકે તે માંણસ દુનીઆંમાં આબરૂવાલો ગણાશે."

"જે માંણસ ગરજ કરતાં વધારે કાંમની પંચાતી કરે છે તે માણસ ગરજ કરતાં વધારે પરીનાંમ ભોગવેછે."

"મગજને વીચાર કરતાં, અંતકરણને દએઆ કરતાં અને દીલને કાંમ કરતાં શીખવો."

"શંકટ ખમવાની શકતી નહી હોએ એ સઊથી મોટું શંકટ જાંણવુ."

---

**શેકારી માંછલી**—જેમ શેકાર કરનારા કુતરા હોએછે તેમ શેકારી માછલીઓ પણ કેટલાક સમુદરોમાં વસે છે. તેની શેકાર કરવાની રીત અજાએબ જેવીછે. જારે કોઈ ખડક કે જાહાડ ઉપર એકુ જીહીનુ પરાંણી બેઠેલુ હોએ તારે તે પેહેલાંતો ધીમેથી તેની નજદીક જાએછે અને થોડેક તફાવતે ઉભી રેહેછે. તે પછે પોતાના શેકાર તરફ નેમ ટીકીને એકદમ મોહોમાંથી પાંણીની એક સેરને તીરની માંફક છોડેછે જેનાં આંચકાથી તે પરાંણી ટુટી પડેછે અને પછે તેને તે માંછલી ગલી જાએછે.

---

**ચંદર**—કેટલાક ફીલસુફો ચંદર વીશે અજાએબ જેવો વીચાર રાખેછે. તેઓ ધારેછે કે આપણો ચાંન અસલ કોઈ પુછડીઓ તારો હશે, જે પછે સુરજની આસપાસ ફરતાં તે ધરતીની એટલો નજદીક આવીઓ હશે કે જેથી ધરતીએ તેને પોતા તરફ ખેંચવાથી તેની ગતી બદલાઈ ગઈ અને તે દુનીઆંની આસપાસ ફરવા લાગો હશે.

**એક ગાંમથી બીજે ગાંમ વાત કરવાની રીત**—ઈંગલંડમાં એક ઘણીજ અજાએબ જેવી ઈઉકતી શોધી કાહાડવામાં આવીછે, જેથી દુરનાં શેહેરવાલાઓ એક એક સાથે મોહોડે બોલીને વાત કરી શકે! એમાં વીજલીનાં તારનાં સરખી ગોઠવણછે. એક સાંચાની નલી આગલ મોહો કરીને જો ચોકસ ગાયેણ ગાએઉ હોએ અને તે સાંચાને બીજા દુરનાં સાંચા સાથ જોડીઓ હોએતો ઉપલુ ગાએણ તે બીજા સાંચામાં વાગેછે અને સંભલાએછે. આ સાંચાની હજુર તપાસ ચાલેછે અને એવી વકીછે કે જેમ ગાએણના રાગ એક ગાંમથી બીજે ગાંમ જઈ શકેછે તેમ વાતચીતના બોલ પણ જુદે જુદે ગાંમ સાંભલી શકાશે!

---

**ઓગણચાલીસ છોકરાંની માં**— સપેનદેશમાં એક વઈદની બાએડીએ હમણાં તરણ છોકરીઓને એક દમ એકજ વખતે જનમ આપીઓછે. આ તરંણે જોડ બેહેનો તનદરોસતછે. ઉપલી સ્ત્રી ૪૩ વરસની વએની છે, પણ અજાએબ જેવુ એછે કે બધી મલીને તેર વખત તેણે એ પરમાંણે તરણ તરણ બચાં જણીઆંછે!! જો આ હકીકત ખરી હોએતો તે સ્ત્રીનાં ૩૯ બચાં થએઆં, પણ તે માંનાં કેટલાં જીવેછે તે છપાએઉં નથી

---

**હાથે ઊતરતી ખાંમીઓ**—કેટલાક હઈઆત કબીલાછે જેમાં સરવેનાં હાથને ૭ ૭ આંગલાંછે અને વલી ઓલાદની ઓલાદ સુધી તે ખાંમીઓ ચાલુ રેહેછે. એક સ્ત્રી જેને ૭ આંગલાં હતાં, તેણે અગીઆર બચાં જણીઆં હતાં, જેમાનાં દસ બચાંનાં બેહુ હાથે તથા અગીઆરમાં બાલકને એકજ હાથે ૭ આગલાં હતાં. એક એવા કબીલાની નોધ લેવાઈછે જેની નવ ઓલાદ સુધી બચાંઓનાં આંગલાં અને અંગોઠા નખ વગરનાં તથા જોડાએલા હતા. આસટરીઆના સેહેનસાહી કબીલામાં બાર ઓલાદ થઈ ઉપલો હોઠ ઉપસેલો રહેઓછે.

---

# ઘરઘટુ ખોરાકીઓ, ઈતીઆદી.

**કાંદાના અચાર**—પેહેલાં કાંદાને છોલીને તેની નાહાની કાતરીઓ કરવી અને તે કાતરીઓને એક રકાબીમાં પાથરવી. તે પછે તે ઉપર થોડુંક નીમખ ભભરાવવું. પછે આસરે અરધો કલાક થોભીને જે ખારૂં પાંણી થાએ તે કાહાડી નાખવું અને કાંદાને એક બરનીમાં ભરવા. તેની ઉપર ગરમ કીધેલો સરકો નાખવો, પણ તે સરકાને ઉકાલતી વખત તેની અંદર સરકાની દરએક પેંટે સવા તોલો કાલાં મરી, સવા તોલો ચીનીકબાલા, અરધો તોલો લવંગ અને અરધો તોલો સુંઠ ભેલીને તે સરકાને ઉકાલવો. એ રીતે બનાવેલો સરકો અચારની ઉપર આવે તાંહાં સુધી તે કાંદા ઉપર નાખવો અને પછે તે બરનીને ગરમ ચુલા ઉપર એકુ બે દાહાડા રેહેવા દેવો. તાંહાથી ઉંચકીઆ બાદ બરની ઉપર મોહોરો કોરેલી મલમલનું કપડું બાંધવું. એક મહીનામાં તે અચાર તઈઆર થશે.

**દરાખની જેલી**—એને માટે છેક પાકેલી નહી હોએ એવી દરાખ લેવી. તેને સારીપઠે ધોઈને પછે તેમાંનું પાણી ટીપાઈ દરાખને સુકાવા દેવી. તે પછે તેને એક મરોડીની બરની ઈઆ પાટમાં નાખી તેને ગરમ પાંણીની એક કીટલીમાં ઉકાલવા મેલવી, પણ સંભાલવું કે પાંણી પાટમાં દાખલ નહી થાએ. જારે દરાખ ફાટે તારે તેને એક ફલાંનીલની કોહલીમાં ખાલી કરવી, અને તેના રસને એક ઉંડી રકાબીમાં ટીપાવા દેવો, પણ તે દરાખને દાબવી અથવા નીચવવી નહી. જેવો બધો રસ ટીપાઈ રેહે કે તેમાં જેટલી પેંટ રસ હોએ તેટલી દરએક પેંટે દોહોડ રતલ સફેદ ખાંડ તથા એકક ઇંડાંની સફેતી કાલવીને નાખવી. તારપછે તે સીરો ધીમેથી ઉકલે એમ મેલવો અને જેવો કકરો આવે તેવોજ સીરાને ચુલા ઉપરથી ઉતારીને આસતે રહીને ઉપરની થરી કાહાડી નાખવી. તેને વલી પંદર ઈઆ વીસ મીનીટ ઉકાલવા મેલવો જે પછે તેને જરા પાંણીમાં નાખી તપાસવો કે જો તે ડુબી જાએતો વધારે ઉકાલવો નહી, પણ તુરત ટંબલરોમાં નાખવો અને ઈંડાંની સફેતી લગાડેલું એક કાગજ ચોંહોંટાડી તે ટંબલરોને તડકાંમાં મેલવાં.

---

## ભણેલી સ્ત્રીપર સાસુનું પડેલું દુખ.

"લલના નહી થાય લગાર કામણ મંત્ર કરે" એ રાગ

સહેતાં સાસુ નણંદનું દુખ, ગયો મુજ જનમારો,
કહુ કરતાને વદી મુખ, આથી મુજને તારો; ટેક.

સાસુ મારી બહુ નઠારી, જારી દુખ કરનારીરે,
દુનીયાંમાં દીઠી નર નારી, હારી એથી હું ભારી,
વીતી વાત કહુ.

કામ કરતાં હું અકળાવું, જાઉ જરા હું ફરવારે,
સાસુ નણદી ઉતર દે સૌ, વઉ આવે શીદ કરવા; વીતી૦

જે જે વસ્તુ જોઈતી કરતી, માગતી તેહ તમામરે,
કામ નથી એવું કહી લડતી, આપતી ઉત્તર આમ; વીતી૦

મીઠા વચનથી વાત ન થાતી, જાતી તર્ત ચીડાઈરે,
વેહેમ ઘાલીને વળની વીમાતી, આથી હું અકળાઈ; વીતી૦

બે ત્રણ ભામની ભેગી મળતી, કરતી હોય કસેરરે,
ત્યાંહાં જઈ સાસુ ભેગી ભળતી, ફ્રણતી જઈ હમેશ; વીતી૦

સાસુ નણદી મુજને સાલે, આલે ઉત્તર અવળારે,
મોન કરેને ઘરમાં મ્હાલે, આલે નહી મુજ કલા; વીતી૦

કંથને મોઢે અવગુણ કહેતો, તેતો નવ સમાઈરે,
એવું દુખ અતીશે દેતાં, સહેતાં હું અકળાઈ; વીતી૦

સંકટમાં મને સાહાય ન થાતી, ઉલટી સલા આપેરે,
તેથી ન ચાલે મારી છાતી, પછી પોતે કહુ થાપે; વીતી૦

કરતાને કર જોડીને કહું, હું દુખ દરીએ બુડીરે,
તે દુખથી હું દુર કેમ થઉ, રહુ સાસુથી જુદી; વીતી વાત કહું.

મે. બો. ના.

---

# માહાવારી ખબરોનો સાર.

(તારીખ ૧૫ મી ડીસેમબર ૧૮૬૩ થી ૧૫ મી જાનેવારી ૧૮૬૪ સુધી.)

**આ મહીનાંમાં** સરકારે પોતાના પગારદાર નોકરોના પગારમાં મોંઘવારીના સબબથી વધારો કીધો હતો એ વધારો પરમાણ મુજબ હતો અને રૂ૧૦ ના પગારવાલાના દર માસે ૨૫ ટકા રૂ૨૦૦ ના પગારવાલાને ૫ ટકા વધારીઆ હતા આ કામથી ગરીબ લોકોને જરાબી ધીરજ આવી હશે

**મુંબઈમાં** ચહડતી કેલવણીનો વધારો કરવા માટે સ્થાપેલી "મુમ્બઇ યુનીવરસીટી" નામની મદરેસામા દાખલ થનારા વીદીઆરથીઓની જે પરીખશા છેલી થઇ હતી તેમાં ૫૬ છોકરાઓ પસાર થએઆ હતા એમધે ૪૨ હીંદુ, ૧૨ પારસી અને ૨ મુસલગાન હતા

**આ દેશથી** ઇગલંડ જે રૂ જાએછે તેમા કચરો તથા બીજો માલ ભરવાનો હાંઆના વેપારીઓમા રવઇઓ પડી ગએઓછે તેનો અટકાવ કરવાને મુમ્બઇની સરકારે એક ધારો પસાર કીધોછે અને તે ધારો આ મહીનાથી અમલમા લાવવાની ગોઠવણ થઇછે એ ધારા પરમાણે હીંઆં અને દેશાવરના રૂ દાબવાના કારખાનાવાલાઓને હવેથી પરવાનો લેવો પડશે અને તેમા જે રૂ દબાએ તે ઊપર સરકારના માણસો ચોકસી રાખશે કે કાઇ ભેળસેળ તેમા નહી હોએ અને જો તેવુ માલમ પડશેતો સજા થશે

**જરતોસતી** લોકોના કેટલાક દસતુરો અને બીજાઓ પાસે જંદની, સગદરીના બાશાની અને બીજી આગલા વખતની પણ અગતની જે કેતાબો પડેલીછે, તે એકઠી કરવાને સરકારે ડાકટર હાઊગને ગુજરાત તરફ ફરવા મોકલીઆછે આ યુરોપીઅન જરતોસતી ધરમ સારીપઠે સમજેછે તથા ઘણા પારસીઓ કરતા તનો અભીઆસ મોટોછે તેણે દસતુર હોશંગજીને સાથે લઇને સુરત તથા નવસારીમા ઘણી ખોલ કીધીછે તથા કેટલાક પુસતકો મેલવીઆછે.

**હીંદીઆંની** રેલવેની એક ટરેનમા નારેલ આગળ જે મોટી કજા બની હતી તથા જેથી બે જુવાન પારસીઓ મરણ પામીઆ હતા તેમાનો ત્રીજો પારસી પેસતનજી પીહોચખાનાવાલો કેટલાક દીવસ માદગી ભોગવી મરણ પામીઓ હતો તેની લાસ ઊપર કોરોનરની જુરી બેઠી હતી, જે વખતે લંબાણ તપાસ કરતા એવુ માલમ પડીઊ કે આ પારસી જારે જખમી થએઓ તારે જો તેણે પોતાનો પગ કાપવા દીધો હતતો તેના જીવની આશા રેહેતે મારા નસીબે ડાકટરો જારે વાહાડકાપની વાત કરેછે તારે આપણા લોકો એટલીતો બીક બતાવેછે કે તેના જે જીવ બચી શકે તેનીથી ખુવારી થાએછે વલી ઊપલી જુરીએ તપાસ કરીને એવુ જાહેર કીધુ હતુ કે જો રેલવેવાલાઓએ લાઇન ઊપર સારી વાર ભરી હતેતો પેલી ભેસ પાટા ઊપર કદાચ આવી શકતે નહી અને આ કજા કદાચ બનતે નહીં

**ભાડુતી** ગાડીવાલાઓ ઘણી વખતે લોકો પાસેથી મોહ્ટુ ભાડું માગેછે, એવા એક ગાડીવાલાને પોલીસમા ૬ દની સજા થઇ હતી કેમકે તેણે એક ભાડુતને ચોકસ જગાએમા લઇ જવાને હદથી જીઆદે ભાડુ માગીઊ હતુ સરકારે જુદી જુદી જગાઓને માટે એ લોકોને ભાડાનો દર બાધી આપેલોછે, પણ જારે તેઓ ખવાઇ કરીને વધારે માગે તારે તેઓને પોલીસમા ઘસડી લાવી સજા કરવી ઘટેછે

**"ફેલોશીપ"** એ બોલ વાચનારી બાનુઓએ કદાચજ સાભલીઆ હશે વેલાતની મોટી મદરેસાઓમા એવો ધારોછે કે જે ઘણી ચોકસ કેળવણી લીએ તેને તેના મોહોત સુધી વરસાન મલીઆ કરે, જેથી તેને પેટ ભરવા માટે મેહેનત નહી પડે, પણ વીદીઆ શીખવાનુ જારી રખાએ અને શીખી શીખીને લોકોને ફાએદો કરે એવા ચણાક વરસાન જુદા જુદા શખ્શી પુરશો આપેછે અને તેને "ફેલોશીપ" કેહેછે મુબઇમા એવી બે "ફેલોશીપ" થઇ હતી તેમાની એક મરનાર ગવરનર જેનરલને નામની હતી જે મધે શેઠ દાદાભાઇ નવરોજજીએ ૫૦ હજાર રૂપીઆ તથા બીજા ગરહસથોએ મોટી રકમો ભરી દોઢલાખ રૂપીઆ કીધા હતા બીજી "ફેલોશીપ" શેઠ શોરાબજી પેસતનજી ફરામજી કાવસજીએ પોતાના બપાવાને નામની કાહાડીછે જેમા તેવણે ૧ લાખ રૂપીઆ આપીઆ હતા એ "ફેલોશીપો" મા સરકાર એટલીજ રકમ વધારી આપશે

**આ દેશનો** નવો ગવરનર જેનરલ સર જાન લારનસ તા૦ ૧૨ મી જાનેવારીને દીને કલકતે આવી પુગો હતો તે નામદારને માહા રાણીજીએ મુંબઇ, મદરાજ અને બીજી જગાઓના હાકમની ઊપર ઠરાવીઓછે અને તે વડુ સારૂ માણસછે

**નેકનામ** શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ દોઢોડ લાખ રૂપીઆની રકમ સરકારમા ભરી હતી તે એટલા માટે કે મુબઇથી તરણ અને કલકતા તથા મદરાજથી મલીને બે વીદીઆરથીઓને બારીસટરનો ધંધો શીખવા તેમાથી વેલાત મોકલવા એવા દરએક જણને તેના ખરચનાં ૨૦ હજાર તથા પસાર થવા પછી તેનાં ઇનામના ૧૦ હજાર રૂપીઆ મલશે સરવે શકતીવાલા માબાપોની ફરજછે કે પોતાના દીકરા દીકરીને વેલાત ખાતે શીખવા તથા ફરવા મોકલવા

**હીંદુસતાંન** અને ટીબેટ વચેના રસતા ઊપર કામ કરનારા આસરે ૧૦૦ મેગારીઓ, તે તરફ ફરા અને બરફનુ તોફાણ થઇ આવાથી તેમા દટાઇ ગએઆ હતા એ માણસો દુરના એક ગામમા રેહેતા હતા, પણ તાંહા તેઓ પાચ છ જણ મલીને એક બાએડી રાખતા હતા, જેથી તાહા વસતી વધતી નહી હતી, અને હવે ઘણાં મરદો મરી ગીઆથી તાહાની વસતી તેથીબી ઓછી થઈ હતી

**જે જે** વીદીઆના ઇઆ બીજા હોનરના શોખીઓ ધંધા શીખવાના વીચારથી વેલાત જવા ચાહાતા હોએ, પણ પાસે ખરચના પઈસા નહી હોવાથી જઇ શકતા નહી હોએ તેઓને થોડે બીઆજે નાણુ ધીરવાને એક કંપની ઊભી થઇ હતી એ કંપનીના ફંડમા કેટલાક શેઠીઆઓએ મોટી રકમો આપી હતી

**શેઠ** સોરાબજી જમશેદજી જીજીભાઇએ સુરતમા એક મોટી ઇગરેજી મદરેસાને માટે ઇમારત બાધવા સારૂં ૫૦ હજાર રૂપીઆ આપીઆ હતા.

**સુરતમા** છોકરીઓને ઊતમ કેલવણી આપવા માટે શેઠ રાએચદ દીપચંદે એક નીશાલ ઊઘાડી હતી

**એજ** શેહેરમાં લોકોને ફરવાનો એક જાહેર બાગ બનાવાને સેઠ પરેમચદ રાએચદે ૫૦૦૦ રૂપીઆ આપીઆ હતા

## પોંહોંચ.

"સ્ત્રી ઊપીઓગી સુચના"—આ એક નાહાનો અને અતી ઊપીઓગી ગરથછે તે મધે સ્ત્રીઓને લગના જુદા જુદા દરદોની ઘણી અછી સમજ આપેલીછે દરએક દેશી સ્ત્રીએ પોતાની પાસે તે રાખવી ઘટેછે

કવી હીરાચદ કાનજીની કવીતાનુ ચોપાનીઊ મલીઊછે એ ચોપાનીઊ એક ભાટીઆ સ્ત્રીએ પોતાને ખરચે છપાવીઊ માટે તેને સાબાસી ઘટેછે

મો૦ સવીતા નારાએણે છોકરીઓને માટે બનાવેલી કવીતાનુ ચોપાનીઊ પુગુછે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. ફેબરવારી ૧૮૯૪ આંક ૨ જો.

## ધીરાં કાંમ સાહેબનાં.

અથવા

## સાંમટું શંકટ અને સાંમટું સુખ.

એક વારતા.

### પરકરણ ચોથું.

### અરજાસપ અને અસફંદીઆર.

પેલા દએઆલુ હોસ અરજાસપે અસફંદીઆરને ઘરમાંથી નતો રેહેવાનું ઘણું સમજાવીઉં પણ એ જુવાંન છોકરાએ હજુર નાથી હા નહી કહેઉં. તે અફસોસ કરવા લાગો કે "અરે ખોદા! મારા ઉપર કેટલો જુલમ ગુજરેછે! કેવું અનઘટતુંછે કે જે ધણી મરવાને તઇઆરછે, જેનું આ દુનીઆંમા કાંઈ કામ નથી અથવા જે કસી પરકારે માંણસ જાતને ઉપીઓગમા લાગતો નથી, તેને-તું જીવાડેછે, અને જેઓ ઘણાં કાંમનાં, જેઓ ઉપર કુટુંબ પરીવારોનો આધાર, જેઓ પરજાનાં જહલકતા હીરા, તેઓનું મોહોત બખશેછે. ખામખા પાદશાહા કેકાઉસનાં મલ સાથે કુસતીનાં મેદાંનમાં હું લડવા ઉતરીઓ, તે જતે વાતે નજદીથી મારો નીકાલ કાહાડવા, પણ વલી પાછો હું દોલતો રહેઓ છઉં. હું નહી મરી ગએઓ કે નહી જીવીને શુખી થએઓ, પણ એ બે અંતની વચે જેવોને તેવો દુખી રહેઓ છઉં, ઓર પેલી પરીજાદે મને જખમી કીધોછે અને મારા ઘરનાં બારણાં મારી સાંમે બંધછે. રાજાએ પરીતી ઉતારી નાંખીછે અને મારો સગો ભાઈ મારી સાથે વેર લઈ બેઠોછે. એ કેવું શંકટ!!"

અસફંદીઆરને આ ગમમાં ગીરફતાર થએલો જોઈ ભલા અરજાસપથી થોભી શકાએઉં નહી. આ બુટો પોતાનાં બચપણથી અસફંદીઆરનાં બાપની ચાકરીમાં હતો, અને તે આ છોકરાને ખરાં દીલથી ચાહાતો હતો. તે અસફંદીઆર ઉપર ગુજરતી ગેરઈનસાફીઓ સમજતો હતો માટે આ વખતે તેનો જુસો ઉભાઈ આવીઓ અને તે આંખોમાં આંસુ લાવી ફરીથી કાલાવાલા કરતો બોલીઓ કે "જો દોસત, તારા ભાઈએ તુંને આજે આગમાં બાલવાનો ઠરાવ કીધોછે વાસતે તું અગાઉથી નાહાસી જા."

**અસફંદીઆર**—પણ અરજાસપ હું મારૂ પોતાનુ ઘર મેલીને કાંહાં જાઉં ?

**અરજાસપ**—જો અસફંદીઆર તારૂજ કાંઈ એખલું ઘર નથી અથવા આ ગાંમ તે કાંઈ આખી દુનીઆ નથી. તારા સરખા ઘણાં દુખીઆરાઓને આ પોહોલી ચોહોલી પરૂથવી સમાવી શકેછે વાસતે તુંને એખલાને નાંપાડી ભુખે મારશે નહી.

**અસફંદીઆર**—અને આ રાતને વખતે, જારે પંખીઓ પોતાનાં માલામા ભરાએ તથા જારે પસુઓ મીઠી નીંદ કાહાડે, તારે હું—હું નરીમાન બીન પેશોતનનો છોકરો—મારૂં ઘર છોડી, મને વારસામાં મલેલી દોલત મેલી બાહેર જાઉ. આ દુનીઆમાં શું ઈનસાફ નથી કે મારે જણીઓ ભાઈ મારા લોહીનો તરસો થએઓછે અને મારી ઉપર આહે તેવો જુલમ પાડેછે. તે મારા કરતાં ઉમરે વહેલો આવીઓ અને મારા મરનાર બાપની મીલકત તેના સવાધીનમાં રહી, તેથી શું તે મને એવો હલકો ગણશે?

**અરજાસપ**—ભલા અસફંદીઆર તું એમ ના પુછ આ પુછવાનો વખત નથી. તું બીહીમાં પણ જા. અરે તારા જનમથી મેં તુંને મારા ખોલા ઉપર લઈને રમાડેલોછે. તારી હોશીઆરી અને હીમત ઉપર હું મારી આજ આંખે તાજુબ થતો આવીઓ છઉં અને આજ મોહોડે મેં આફરીન કીધેલીછે. અને હવે, તારા ઉપર એક આપખુદ ભાઈની સતા જોઈ મારો જીવ બલીને ભશમ થાએછે. પણ વલી તુંજ, મારા વાહાલા શેઠનો વાહાલો દીકરો, આ જે તારા બીછાંનાં ઉપર બલીને રાખ થાએ એ જોતા મારી આખો આંધલી થશે. અસફંદીઆર તું સમજ, તારી ઉપર દએઆ લાવીને હું કહું છઉં કે તારા ભાઈએ તારૂં બીછાંણું સલગાવાનો સંપ કીધોછે માટે આ ઘરમાથી નીકલી જા.

**અસફંદીઆર**—પણ અરજાસપ હજુરતો હું જુવાંન બચું છઉં, હજુરતો મારા દાંતમાંનું દુધ સુકાએઉં નથી અને તેવામાં તું મને જવા કેહેછે એ કેમ બને? મારો ભાઈ મને હમણાં કાંહાં થોહો બાલેછે કે આગમાં બલવાથી હું બીહું. અને તે માતર થોડું ઘણું ખવાડીજ જાંણેછે. તારે હું આ દુનીઆમાં અવતરેલો શું કાંમનો? એમતો એનાં તબેલામાંનાં ઘોડાબી ખાઈ જાંણેછે અને તેઓ તથા હું વચે તારે ફરક શું? અરજાસપ તે પોતે બાહેર ફરેછે

અને મને ઘરમાં ગાંધેછે. તે પોતે સારી પખે પુંજી ઉપાડે છે અને મને કાંઇ આપતો નથી પણ તે ઉપરાંત મને કુદરતે જે બખશેશ કીધેલીછે તેને માંટે તે મારી અદેખાઈ કરેછે.

અરજાસપ ચાહાતો કે જેસે રીતે અસફંદીઆર ઘરનો બાહેર જાએ એટલે બસ, માંટે તેને હજુર સમજાવાનું બાકી રાખીઉં નહી. તેથી જારે અસફંદીઆર નહી સમજીઓ અને ફરીઆદ કરવા લાગો કે "મારી પાસ કાંઇ પઈસા નથી મારે હું બાહેર જઈ શું ભીખ માંગુ !" તારે અરજાસપ પોતાની પેટીમાંથી પોતાની નાંણાંની થેલી લઇ આવીઓ અને કેહેવા લાગો કે "જો અસફંદીઆર દુનીઆંની તું ફીકર નાં કર. મારી પાસે આ પઈસાછે તે તારા બાપનાજ આપેલાછે અને મારા પગારમાંથી મારૂ પોશાણ કરતાં બાકી વધેલાછે. જારે ઘડપણ અને નાતવાંનીથી હું ઘર બેશું તારે કાંમ લાગે એવા વીચારથી મેં તેને એકઠા કીધાછે, પણ તેનાં કરતાં હમણાં તુનેજ આપવાથી તે વધારે કાંમ લાગશે. લે ભાઈ આ પઈસાથી દુનીઆંમાં તું જાંહાં જશે તાંહાં આસરો પાંમશે."

પણ નહી—અસફંદીઆર હજુર પીગલીઓ નહી તે પુછવા લાગો કે "જારે સગો ભાઈ મને ઘરની બાહેર કાહાડેછે તારે કોણ પારકાં માણસને એટલી ગરજ પડીછે કે મને પોતાનાં ઘરમા રાખે !"

અરજાસપે જોએઉ કે હવે એકજ ઉપાએ બાકી રહેઓ અને તે આ પરમાંણે દેખાડવાની તેને ફરજ પડી, "અરે નાંદાંન—જો તું સોબતીથી બીહીતો હોએતો હું તારી સાથે આવવાને તઈઆર છઉં. મારી ઘણી ખુશીછે કે તું સરખા મારા શેઠનાં ચેરાગની સાથેનો સાથે રેહું અને તેથી હું કસમ ખાઈને કહુ છઉ કે તુથી હું છુટો પડશ નહી. તું કબુલ થા, મોહોતમાંથી બચી જા અને તારી ખીજમતમાં હું આગલ છઉં."

અસફંદીઆરને એથી વધારે શું જોઈએ ? પોતાના જઈફ નોકરની સાથે આ અકારૂ ઘર છોડીને નીકલી જવાનો તેણે ઠરાવ કીધો, પણ પેલી રૂપાલી શાહાજાદી શીરીન તેને ઇઆદ આવી જેમ જેમ વખત જતો તેમ તેમ તેનો હાથ મેલવવાની જોગવાઇઓ ઓછી થતી ગઈ અને તેને ખોહોવાની વકીથી બીચારો અસફંદીઆર તદન નીરાસ થઈ ગએઓ ! તેણે ઘર છોડી જવાનો ઠરાવતો કીધો પણ તેનુ મંન ધચુપચુ થવા લાગુ.

---

## પરકરણ પાંચમું.

## આગ ! આગ !

મધરાતનો વખતછે. મરનાર નરીમાંનના બાગ અને મેહેલમાં એકાંતપણુ રાજ ચલાવેછે. ચોકીબાંન, જેણે મોડો વખત સુધી દરવાજા આગલ બેસીને ગીતો ગાએઆં હતાં, તે હવે જુકવા લાગોછે. ઘરમાંની બતીઓ જાંખી રોશની આપેછે અને ઉજાસ કરતાં અંધારાંનો ભાગ વધારેછે.

એવી મધરાતને વખતે અસફંદીઆરનાં સુવાનાં ઓરડાનુ બારણું આસતેથી ઉંઘડીઉં અને બે માંણસો અંદર દાખલ થએઆં. તેઓની આંખ દાખલ થતાંવાર બીછાંનાં ઉપર ગઈ. અસફંદીઆરનો પલંગ ઓરડાની એક બાજુએ હતો. તે ઉપર મછરદાંની નાખેલી હતી અને આસપાસ કેટલોક સાંમાંન હતો. તે પલંગ તરફ જોતાંવાર આ માણસોએ ખુશીની નીશાંન દેખાડી. તેઓની સઘલી વાતચીત નીશાંનમાં હતી, અને મુંગા માંણસની પેઠે અસારતથી દરએક કાંમ કરતા હતા. તેઓએ કુરટીનમાંથી જોએઉતો અસફંદીઆર પલંગ ઉપર સુતેલો હતો. તેઓ આગલ ગએઆ, અને તેબી એવાં હલકાં કદમે કે ગોએઆ જમીન પવણની બનાવેલી હોએ અને તેઓ તે પવણ ઉપર ચાલીઆ હોએ. જરા દુર રહી તેઓએ વધારે ખાતરી કીધી. અસફંદીઆર માંથાં સુધી ચાદર હોડીને સુતેલો હતો. એ વખતે તેઓને કેટલી ઈનતેજારી લાગી હશે !

તેઓનુ પેહેલુ કાંમ એક કાકડો સલગાવાનુ હતું, જે કાંમ એકે કીધા પછે બીજાએ અસલ બતીને તુરત બુજવી નાંખી. એક જણ કાકડો લઈને બીછાંણાંની હેઠે ભરાએઓ અને બીજો અસફંદીઆરનાં તકીઆ આગલ ઉભો રહેઓ. તેઓએ શું કીધુ તે વાંચનારાંઓએજ વીચારી લેવુ આંખ વીચીએ એટલાવારમાં બીછાંણાંની હેઠે મોટો ભભુકો ઉઠીઓ અને આ બે માણસો તુરતજ વીજલીની પેઠે દોડીને ઓરડાની બાહેર આવીઆં. થોડા વારમાં બીછાંણું સલગીઉં. પલંગના લાકડે લાકડાં છુટાં પડીઆં, ફટાકાની મીશાલે તેમાંથી અવાજ આવવા લાગા અને આખા ઓરડાની દેવાલ ભઠીનાં સરખી ગરમ થઈ ગઈ.

અસફંદીઆરનો વડો ભાઈ ગસતહમ બારણાંની બાહેરજ મોટી ઈનતેજારીમાં ઉભેલો હતો અને તેનાં કાવતરાંનુ પરીનાંમ શું આવેછે તે જાંણવાને ખંતી હતો. જારે ઉપલાં ઘાટકી માણસો પોતાનુ કાંમ બજાવી રહીને તેની પાશે આવીઆં તારે તેણે પેહેલ વેહેલો સવાલ એ પુછીઓ કે "અસફંદીઆર બીછાંના ઉપર હતો કે નહી." જેવાં માંણસો હા બોલીઆં કે ગસતહમની બીહીક અરધી ઓછી થઈ અને પાસેના ઓરડા મધેના કરાકા તથા ધરાકા જારે એક કાંને તે સાંભલતો તારે બીજે કાંને ઉપલાં માણસો સાથ પોતાના ભાઈના હાડકાં દાટવાની મસલત સાંભલતો હતો.

પણ તેની સહવારે વાત ગસતહમ પોતાના ભાઈ ઉપર ફાવીઓ અને રાતોરાત તેનો અંત આંણીઓ. એટલે તેને મનસે પાર પડીઓ અને નચીંતથી ઉંઘ કાહાડવાને પોતાના ઓરડા તરફ ગએઓ.

વાંચનારી બાંનુઓ ! શું આ વખતે ગસતહમ ખુશી હતો ? મારા ભાઈનો જીવ લીધો એવા વીચારથી શું તે સુખી થએઓ ? નહી. તેની ઈનતેજારી લગાર નરમ પડી પણ તેનો ઘભરાટ વધીઓ. તેના દીલમાં દેહેસત પેદા થઈ અને તેના મનમાં આડા તથા ઉભા વીચારો આવવા લાગા. તેનું હઈડું તેને દંખવા લાગું અને પોતાના ઓરડા આગલ જઈ પુગો તેટલાં એકથી વધારે વખત પોતાના માણસને પુછી રહેઓ કે "હવે મને સાંની ધાસતી છે ?" પણ જેમ તે વધતો વીચાર કરતો તેમ વધતો ગુંચવાતો હતો અને ગોએઆ અસફંદીઆર ભુત થઈને તેની આગલ આવતો હોએ એવું તેને દીસવા લાગું.

ભારી કદમે અને તેથીબી ભારી દીલે ને પોતાનાં પ

લંગ આગલ ગએઓ, પણ તેટલાંમાંજ અચકીઓ. તેનાં પગ આગલ એક કાગજ પહેલું હતું. તે જોઇને ગસતહમ બહુ અચરત થએઓ અને તે ઉંચકીને વાંચવાની તેને ફરજ પડી.

"કમબખત ભાઇ,

તમે સમજતા હોશો કે અસફંદીઆરનો તમે અંત આણી ઓછે પણ તેમા તમારી ભુલછે હું તો જીવતો છઊ અને ઇઆ ૬ રાખજોકે આપણો બેહેશતી બાપ તથા તે સાહેબ તમારાં બધાં તરકટ ઊપરથી જુવેછે, પણ તમારા જેવો હું નથી હું કાંઇ તમારી ઊપર વેર લેવાનો નથી પણ એટલુજ ઇછું છઊ કે તમારા કરણુકની મજા તમે પોતાની મેલે જોશો

લા૦ તમારો ગરીબડો ભાઇ

અસફંદીઆર."

આ કાગજ વાંચતાંજ ગસતહમને એકાએક ધ્રુજરી થઇ આવી. તે એક મોટી ચીસ પાડીને પોતાના બીછાંનાં ઉપર ઉંધે મસતકે પડીઓ અને ફીકરથી તેનો અરધો જીવ ઉડી ગએઓ.

આ કાગજ કાંહાંથી આવીઉં ! અસફંદીઆરે તે ફી આરે લખીઉં ! તેણે તે કોણ પાસે મોકલીઉં ! એ સરવે વીચારોથી તે ગુચવણમાં આવી ગએઓ. પણ તેને મોટી ગુચવણ એમ લાગી કે અસફંદીઆર જીવતોછે કે મરી ગએઓ ? તેણે પેલાં ઘાટકી માંણસોને પાછાં બોલાવીઆ અને તેઓને ફરીથી પુછીઉં. તેઓએ કહેઉં કે "બીછાંનાં ઉપર એક માંણસ મોહોડાંવેર ચાદર ઓહોડીને સુતેલું'તો હતું." અલબતાં તે અસફંદીઆર હોવો જોઇએ—પણ જો તે હોએતો વલી આ કાગજ કેમ લખે અથવા ખુશીથી આગમાં બલી કેમ જાએ ! તેણે બુમ કે સોહોર કેમ નહી પાડી ?

આ સઘલા સવાલો ઉપર વીચાર કરવાનો ગસતહમને જરા વખતબી નહી મલીઓ. ગસતહમ બીચારો ખરેખર કમબખત હતો. તેનું પાપ તેનેજ નડીઉં, કેમકે થોડા વખતમાં આખાં ઘરમા મોટો ઘોંગાત ઉઠી રહેઓ. આગ ! આગ ! એવી બુમો પડી અને ચાકરો ગસતહમને દોડતા બોલાવા આવીઆ. ઓરડા ઉપર ઓરડાઓ સલગવા લાગા અને ગસતહમ મોટા ઘભરાટમાં પડીઓ. આસપાસથી મદદ ઘણીબી મલી, પણ કોઇનું કાંઇ ચાલીઉં નહી—સૈતાંન ગોએઆ ગસતહમ ઉપર ખીટીઓ હતો, માટે તેનાં ઘરની જે વખાર વીશે તેને ધાસતી હતી તે વખાર અંતે સલગી અને તારપછે આખું ઘર તથા બાગને સલગતાં વાર લાગો નહી.

અને હવે ગસતહમની હાલત કોઇએ જોઇ હતે ! તેણે પોતાનાં ભાઇને બાલી નાંખવાની કોશેસ કીધાથી આ આગ લાગી હતી એતો ચોકસ હતું અને અંતે એટલુંબી ચોકસ ઠરીઉં કે અસફંદીઆર કાંઇ ખરેખર બલી મુવો નહી હતો. તેનાં જે ચાકરો તેનાં તરકટ જાંણતા નહી હતા તેઓની સાખશીથી એ બીનાં માલંમ પડી. એકે કહેઉં કે "સાહેબ અસફંદીઆરતો પેહેલી રાતથી બુઢા અરજાસપની સાથે કેથે ગએઆ હતા." બીજાએ કહેઉં કે "સાહેબ અરજાસપે જવાની અગાઉ મારી પાસે થોડુંક ઘાસ મંગાવી તે વડે તરણ ચાર તકીઆ ભરીઆ હતા તથા અસફંદીઆરનાં બીછાંનાં ઉપર મેલીઆ હતા."

અને એવી પુછપરછોથી પુરતો ખોલાસો થએઓ. ગસતહમે જોઇ લીધું કે એ બુઢો અરજાસપ તેનાં તરકટોથી વાકેફ હતો માટે તેજ અસફંદીઆરને બચાવી લઇ ગએઓ, અને ગસતહમના માંણસોને ઠગવા માટે ઘાસથી ભરેલા ટકીઆને અસફંદીઆરનાં બીછાંનાં ઉપર ગોઠવી તથા તે ઉપર ચાદર ઢાંકી ગએઓ હતો, જેથી આગ લગાડનારાઓ અસફંદીઆરને સુતેલો સમજી પોતાનું કાંમ કરી આવીઆ હતા, પણ પલંગ ઉપર ઘાસ હોવાથી ધારવા કરતાં આગ વધારે લાગી હતી તથા તેનાં સબબથી ગસતહમની મતલબ જારે ધુલ વલી તારે ઓર તેની મીલકત બલી ગઇ અને તે પાએમાલ થઇ ગએઓ !

---

## પરકરણ છઠું.

## શીરીન અને સુસન.

સરસાનનાં મોટાં જંગલમા હવે આપણને નજર કરવી જોઇએ તાંહાં મોટા મોટાં જાહાડો અને દરખતો રંગબેરંગી પાતરાં અને ફુલોનાં લેબાશમાં ઉભેલાં હતાં. તાંહાં એક નાંહાંની નદી પોતાના કુદતાં પાણી સમેત સાંપના સરખી વલાંણ લઇ ચાલી જતી હતી. તાંહા ભરવાડોનાં જુપડાં થાંમેથાંમ પડેલાં હતાં અને તાંહાં માણસો તથા ઢોરોની સેજસાજ વસતી હતી.

અને ઉપર જણાવેલી રાતના તે જંગલને એક નાંકેથી બે માણુશો તેમાં દાખલ થએઆં. તેઓમાં એક જવાંન અને છોકરવંન મરદ હતો અને બીજી નાજુક નારી હતી. ઠંડી કકડતી પડતી હતી તથા પુણેમનો ચંદર આ ખુબસુરત જોડાંનાં મોહો ઉપર પરકાશતો હતો અને તેથી એવુ દીસતુ કે જાંણે તેઓનો ઘાટ ઘડતાં કુદરતનાં હાથ હદથી જીઆદે કુરબાંન હતા અને ઉપલા મરદ તથા ઓરત બંને દેખાવમાં ફરેસતા હતા. પણ તેઓ માંણસ એટલાથી દીસતાં કે તેઓના ચેહેરા ઉપર શંકટની નીશાંન હતી. તેઓ થાકીને નાતવાંન થઇ ગએઆં હતાં તથા હાંફી હાંફી જતાં હતાં.

તેઓ કોણ હતાં ?

એ જાંણવા માટે તેઓની વાતચીત સાંભલીએ. તેઓ જંગલમાં મુગાં મુગાં ચાલતાં હતાં, પણ થોડોવાર પછે પેહેલાં પેલી કુમલી સ્ત્રી ફસડાઇ પડી. તે બોલીકે "અરે ! રે ! હવેતો મારીથી નહી ચલાતુ. એકતો હું ભુખી છઉં, બીજુતો હું થાકી ગએલી છઉં, અને તરીજુતો થંડી બહુ પડેછે, પણ વલી મને ચાલવાની ફરજ પડેછે તોબી હવે આગલ નહી ચલાશે." પેલો મરદ સમજાવીને કેહેનો કે "જો બેહેન તું એટલુ ચાલી આવી અને થોડાંને માટે તું કાંએ હીમત મેલેછે. વાહાલી હાલનો વખત ખમવાનોછે અને જાંહાંસુધી શકતી હોશે તાંહાંસુધી ખમવાને આપણ તઇઆર છઇએ." એ ઉપરથી તે ઓરતને હાંફીને ઉત્તર વાલીઓ કે—"મારી સાકરીઆ શીરીન હવે શકતી તો કાંઇ રહી નથી. હું મેહેલમાં ઉછરી તથા સુખમાં મોટી થઇ તારે મારા ઉપર જે સાંમટુ શંકટ પડીઊછે તે હવે કેમ શેહેવુ." મરદે જવાબ આપીઓ કે "વાહાલી શુશન તુ મારે ખાતર આ દુખ ભોગવેછે. જારે તારો બાપ મેહે

ઘર્માંથી મને કાહાડી મેલવા આવીઓ તારે તેં મને એખલી જવા દીધી નહી, પણ મારા દુખમાં લાગ લેવા માંગીઓ. તારે ખાતરતો મેં મારો ઓરતનો પોશાક કાહાડી નાંખીઓ અને નાંજ તથા નખરાં દુર કરી આ મરદનો આકાર તથા દેખાવ લીધો. પણ હવે આ જંગલની વચમાં તુ આવીને હીમત છોડેછે, તારે હીઆં આપણી દાદ કોણ લેશે ?"

આ વાતચીત દેખાડી આપેછે કે ઉપલાં મરદ અને ઓરત શીરીન અને શુશંન હતાં. જારે શાહાજાદી શુશંનના બાપે શીરીનને દેશનીકાલ કરવા માંગી તારે શુશને પોતાની વાહાલી સોબતન અને સગીને એક જાલમ બાપને ખાતર એખલી જવા દેવા કરતાં તેની સાથે જવાને માથે લીધુ, તથા જંગલમાં તેઓ પકડાઈ નહી જાએ એટલા મારે તેઓએ ભરવાડનો લેબાસ લીધો. શીરીનને મરદનો પોશાક છાજતો લાગો અને શુશન તેની બેહેન થઈ. એમ તઈઆરી કરીને તેઓ તેજ રાતનાં પોતાના મેહેલમાંથી નીકલી પડીઆં અને એ રીતે આ જંગલમાં તેઓનુ આવવુ થએઉ.

પણ લાંબી મંનજલ, ઉજાગરા, ભુખ અને મેહેનતથી તેઓ થાકી ગએઆં તથા ઠંડીના વખતમાં આસરા વગર તેઓ થથરવા લાગાં. શીરીન જેમ વધારે ખુબશુરત તેમ વધારે તનદરોસત હતી અને વલી તેણે મરદનો લેબાસ લીધેલો હતો, મારે જોકે તે કાંઈ થોડી થાકી નહી હતી તોપણ તેને હીમત રાખવાની ફરજ પડી હતી. તે શુશંનની નાતવાંની જોઈને અંદેશો કરવા લાગી અને મદદની આશામાં તે આસપાસ શોધ કરવા મંડી.

થોડા વખતમા તાંહાં તુર અને સલમ નામના બે ભરવાડો આવી લાગા અને પેહેલાંતો શીરીન તથા શુશને દુર બેસીને તેઓની વાતચીત ઉપર ધેઆન આપીઉં. તુર નામનો ભરવાડ તેજ જંગલમાં રેહેનારી એક હોમાએ નામની ભરવાડ સ્ત્રી ઉપર મોહીત થએલો હતો, મગર તે સ્ત્રી તેને ધીકારતી હતી અને તેની તે પોતાના મીતર સલમ આગલ ફરીઆદ કરતો હતો. તે બોલતો કે "સલમ, એ ઓરત મારાં ઘરને સુખી કરશે એવી મારી ખાતરીછે અને તેથી હું તેને મારી બાએડી કરવાને અતીઘણો ખંતી છેઉં, પણ તેતો મને ચાહાતી નથી. મને મીજાજમાંને મીજાજમાં ઉતર દીએછે. મારી બધી ભેટ અને નજરાંણાઓને પાછાં વાલેછે તથા મારીસે પરણવાને ના પાહેછે." એ રીતે ફરીઆદ કરતાં તેની નજર શીરીન ઉપર પડી, જેથી તે ભરવાડે તે વાત બંધ કીધી અને સલમને તાહાજ મેલીને તે બીજે રસતે ચાલી ગએઓ.

શીરીન ઉપર આ ભરવાડની ફરીઆદથી અસર થઈ. મોહોબત એ કેવી ચીજછે તે તેને ઈઆદ આવીઉં અને શીરીને તુરત અસફંદીઆરને ઈઆદ કીધો. પણ હા ! તે જવાંન ક્રાંહાં અને શીરીન કાંહા આવી પરેલી ! તેના વીચારમાં તે પોતાની વાહાલી શુશનને એટલીતો ભુલી ગઈ કે બીચારી સુશંનને બોલવાની ફરજ પડી કે "શીરીન ખોદાને ખાતર આ ભરવાડને તેડીને પુછ કે તે મારે વાસતે કાંઈબી ખાવાનું લાવે, નહીતો હું હવે બેશુધ થવશ." એ ઉપરથી શીરીને તે ભરવાડને આગલ બોલાવીઓ અને કહેઉં કે "ભાઈ અગરજો આ એકાંત જગામાં પઈસા દઈ આ દએઆથી કાંઈ આસરો મલતો હોએતો હમોને કોઈ એવી જગામાં લઈ જા, કે જાંહાં હમોને ઉંઘ આવે તથા હમારી ભુખ મટે. આ મારી બેહેન મુસાફરીથી થાકી ગઈછે અને મદદ વગર માંદી પડીછે."

**સલમ**—સાહેબ, એ બાઈ ઉપર મને દએઆ લાગેછે અને તેમજ વલી તમારો મનપસંદ દેખાવ મારા ઉપર વધુ અસર કરેછે અને હું ચાહું છઉં કે જો ખોદાએ મને પઈસાવાલો કીધો હતેતો તમ સરખાંઓને ખાતર મારો જીવ આપતે."

**શીરીન**—પઈસાની કાંઈ વાત નથી. તે આપનાર હમે કેવાં છઈ !

**સલમ**—પણ ભાઈ પઈસા લઈને હું શું કરૂં ? જો મારૂં ઘર હતેતો હું તમોને મારી આંખો ઉપર રાખતે. પણ હુંતો પરાએઆ ઘરમાં રહું છઉં અને ચાકર આદમી છઉં જે ઢોરને હું ચરવા લેઈ જાંઉ છઉં તે ઢોર કાંઈ મારા નથી તેમજ જે શેઠની હું ચાકરી કરૂં છઉં તેનો મીજાજ કાંઈ સારો નથી. વલી તેનું જુફડું, સાંમાંન તથા ટોરોને હાલ વેચવા કાહાડીઆંછે, શેઠ પોતે જુફડાંમાંથી બાહેર ગએલો છે અને ઘરમાં ખાવા જોગ કાંઈ નથી.

**શીરીન**—પણ ભલા ભરવાડ તારા શેઠનો એ બધો માલ ખરીદ કરવાને હું ખુશી છઉં, મારે અગરજો આજને આજ એ સારૂં બની શકેતો નકી કર કે હમણાજ હમોને આસાએસની જગા મલે.

સલમ, શીરીન તથા શુશનને પોતાની સાથે પોતાના જુફડાંમાં લઈ ગએઓ. તે પછે તેણે પોતાના શેઠને સરવે હકીકત કહી, જેથી તે મોટા ભરવાડે આ બે મુસાફરોને પોતાને તાંહાં ઉતારો આપીઓ અને સહુવારના પોહોરમાં શીરીન તથા શુશને સાથે મલી તે જુફડું, ટોરો, ઈતીઆદી ખરીદ કીધાં. સલમ તેઓના ચાકર દાખલ રેહેઓ અને જુફડાંનો ધણી નફા ઉપર રાજી થઈ તાંહાંથી નીકલી ગએઓ.

સાકર અને મધને જેવું જોઈતું હતું તેવુંજ મલીઉં. તેઓને માતર ઉતારો કરવાની જગાનાં સાંસા હતા, તાંહાં વલી તેઓને આ મોટાં જંગલમાં એવી જગા મલી આવી કે જેને તેઓ પોતાની મીલકત કરી શકીઆં. હીઆં તેઓને ખાવા તથા આસાએશ કરવા મારે દરએક સગવડ હતી અને તે જોકે તેઓનાં પાદશાહી મેહેલના જેવી મોટા પાએઆ ઉપર કીધેલી નહી હતી તોપણ એટલુંબી મલીઉં મારે રાજી થઈને શીરીન તથા શુશંને ખોદાના શુકર કીધા. સલમે તેઓની સારી મદારત કીધી. તેઓને મારે ખાંનું પકાવી આપવામાં તેણે જરા ઉતાવલ કરવાની બાકી રાખી નહી અને તેમજ પલેશનાં જહરામાંથી નીતરૂ પાંણી લાવીને પોતાનાં શેઠ શેઠાંણીની સાંમે લાવી મેલીઉં, અને તે ખાવાથી શીરીન તથા શુશંનને કેટલી ધીરજ આવી હશે ! સલમની ઈમાંનદારી ભરેલી ચાકરીથી તેઓને કેટલું ચેન થએઉં હશે !

અને એ ઉપરથી એક ભરવાડની જીંદગીનું શુખ ઈઆદ આવેછે. અગરજો નમુનો જોઈતો હોએતો આ સલમનોજ દાખલો લેવો. કેવો તે ભલો અને ભોલોછે. તેના ભોજનને મારે સુકી પાકી ચીજો સીવાએ બીજું કાંઈ નહી

મીયાં પકવાંનો નથી. તેની આસાએસને માટે નીપેલી જમીન સીવાએ બીજાં કાંઇ સીસમનાં પલંગ ઇઆ મખમલનાં બીછાંનાં નથી. તે બીચારાને દુનીઆંની કાંઇ ફીકર ચીંતા નથી. પેટ ભરવા વીશે તેને કાંઇ અંદેશો નથી, અને તોબી તે પોતાને સુખી સમજેછે. તે ઢોર ચરાવા જાએછે તો લીલાં ઘાંસ ઉપર લોટીને ગીતો ગાએછે તથા પોતાનાં ગોવાલાં સાથ રમેછે. જે કોઇ માંણસસે કાંમ પડીઉં તો ઇમાંનદારીથી બજાવી આપેછે. જેમ તે વીદીઆ હોનરોથી અનજાંનોછે, તેમજ કાવતરાં ઇઆ તરકટ તેનાંથી છુપાંછે.

એવાં એક "ખોદાને ઘરનાં આદમી" સાથ બે ઘડી વાત કરવા કોણને નહી ગમે? શીરીન તથા શુશંન ખાંનું ખાઇ રેહેવા પછે સલમને લઇ બેઠાં. તેઓએ ખુશ મીજાજથી તેને તરેહવાર સવાલો પુછીઆ અને જંગલ તથા તેમાં વસનારાઓની વાતો કાહાડી બેઠાં. સલમ ઘણો વેહેમી નીકલી આવીઓ. તે બોલતો કે "બાઇ સાહેબ આ જગા ઉપર લાંબો વાર જાગવું નહીં જોઇએ, કાંકે હીઆંના પેલા મોટા પીપરાનાં જાહાડમાં દેવસતાનછે અને તે જારે જાગેછે તારે આપણે ઉંઘાવું ઘટેછે." તેને જારે કોઇ ચોકસ જીકડાં વીશે પુછવામાં આવતું તારે તે જવાબ દેતો કે "અરે મારા શેઠ તેમાંતો લુતછે. તે તેની પાસે જે કોઇ જાએ તેને ઘેરેછે, વાસતે તમે કાંઇ તે રસતે જતાંનાં હો—ને જાઓતો લીબુ લેતાં જજો, તે એ વાસતે કે જેવા માંમાંની કાંઇબી નીશાંન જણાંએ કે તરત લીબુની ચાર ચીર કાપીને ચાર દસાપર નાખી દેજો." બીચારા સલમનાં આવા આવા વેહેમોથી શીરીન અને શુશંનને બહુ રમુજ ઉપનતી હતી. તેઓ કાંઇ તેટલો વેહેમ રાખતાં નહી હતાં. તેઓનેતો મેહેલની કેલવણી મલેલી હતી અને એવા વેહેમોને તેઓ હસી કાહાડતાં, તોબી સલમની વાતચીતથી તેઓનું મંન ઘણું રીજવાએઉં અને જારે સુસંનની આંખ ઉપર નીંદની લેહેર આવવાલાગી તારે તેઓ બંધે જણ સલમને છોડીને સુવા ગએઆં.

સહવારના પોહોમાં ઉકતાંવાર શીરીનને સઉથી પેહેલો ખીઆલ એ આવીઓ કે આ જગામાં આપણ વખત કેમ ગુજારશું? તેણે શુશનને પુછીઉં અને શુશન વીચારમાં પડી. તેઓને કાંમ કરવાનું થોડું હતું. રાંધવા સીધવાનું તો સલમે માંથે લીધું હતું. ગોવાલાં ચરાવવાનેબી તે શક્તીવાંન હતો માટે કાંઇ એવી રમત તેઓને શોધી કાહાડવી હતી કે જેથી તેઓનું મંન રોકાએલું રેહે.

અને તેનાં વીચારમાંને વીચારમાં નાંસતો કીધા પછે આ શુંદર જોડું જંગલમાં ફરવા નીકલીઉં. તેઓએ ઠરાવ કીધો કે સલમનો પેલો ભરવાડ-મીતર જે એક ઓરતની પરીતીમાં ગીરફતાર થએઓછે પણ તે ઓરત તેને ધેઆંન આપતી નથી, તે ઓરત સાથ સલમની મારફતે મુલાકાત કરવી કે પછે તેનું મંન પીગલાવીને ભરવાડ તુર સાથ તેને પરણાવવી જ્યાં તેઓનું કાંમ થાએ અને આ બંનેને જણને રમુજ મલે.

એ સરસ! એમાં તમોએ પોતાનું મંન રોકવાનું કાંમ શોધી કાહાડીઉં અને વલી કાંમબી સારૂંજ સોધી કાહાડીઉં. એક કજીઆખોર સ્રીને સમજાવવી અને જે ઘણી તેનાં બલાપામાં દુખી ફરે તેની સાથ તે સ્રીનું જોડું બાંધવું એ શીરીન તથા શુશંનને દમેઆનું કાંમ લાગું.

પણ તેનો વીચાર થતો હતો તેટલાં વલી એક એવો બનાવ બનીઓ કે આ શુંદરીઓ એ બધા વીચારને ભુલી ગઇ અને તેઓનું ગોલાબી રંગનું મોહો સફેદ થઇ ગએઉં.

પેલુ જાહાડ જેમાં સલમે કહેઉં હતું કે દેવસતાંન વસેછે તે ઉપર શુશંનની નજર પડી. જોકે તેને તથા સીરીનને કાંઇ વેહેમ નહી હતો તોપણ તે જાહાડ ઉપર એક કાગજ ચોહોંટાડેલું જોઇને તેઓનાં મંન ઉપરથી આ વીચાર સેજ ચાલી ગએઓ કે એ કાંઇ ચાલાતો નહી હોએ? છી! એ શું વાત? તેઓ કાંઇ એવું માંનતાં નથી અને તેથી તે કાગજમાં શું લખેલુંછે તે વાંચવાને તેઓ જાહાડ આગલ ગએઆં.

આ! હા! તે ઉપરતો મોટા અખેરે શીરીનનું નામ લખેલું હતું! એ શું ઢોંગ? શીરીનતો તે નાંમ વાંચતાંજ ચોંકીને બે કદમ દુર ગઇ.

પણ નહી, દુનીઆંમાં કાંઇ તે એખલી શીરીન નહી હતી. શુશંને હીમત આપી કે "વાહાલી તું એટલાંમાં સાંની ઘભરાએછે? કદાચ કોઇ બીજી શીરીન હીઆંથી આવી ગઇ હોશે અને ઇઆદગારીને માટે પોતાનું નાંમ ચોંહોંટાડી ગઇ હશે."

ખરી વાત! ખરી વાત! શીરીને પોતાની ભુલ જોઇ અને તેથી હીમત રાખી આગલ વાંચવા માંડીઉં.

પણ શીરીનનાં નાંમની હેઠેતો વલી શુશંને ઓલખ વાંચી! "શીરીન—ઓ શીરીન! —ઓ પરી ચેહેરેની શાહાજાદી શીરીન!" હીઆં વલી શીરીન ચોંકી અને સુસંન પણ જરા ગભરાઇ ખરી. તોબી વાંચવાનું નહી મેલીઉં. "શીરીન, તે દેશનીકાલ પાદશાહા લોહોરાસપની દીકરી, અને કેકાઉસની ભતરીજી."

હવે એ શું? શીરીનતો મોટી ફીકરમાં પડી અને શુશન વીચારવા લાગી કે "આ દેવસતાંન કેહેછે તે ખરૂં છે કે શું? રખે તે આપણુને ઘેરતું હોએ!"

પણ હવે જારે થોડું વાંચીઉં તારે બાકીનું શા માટે રાખવું જોઇએ! તે નીચે પરમાંણે હતું—

"શીરીન, તું ખરેખર ખુબશુરતછે! તારો ચેહેરો આ જંગલને સોભા દેશે અને તારો આકાર આ આંખોમાં રોશની આપશે, પણ શીરીન તું હમણાં કાંહાંછે? તું શું વીચાર કરેછે? તું કોણને ચાહેછે? તું કેવી હાલતમાં છે? હા! એ સવાલોનો અને કેઆરે ખોલાસો થશે?"

આ શું ચાલા? શીરીનથી ધાસતી ખમાઇ નહી. તેનું મંન ફરવા લાગું અને તે આજારી જેવી દેખાઇ. સમજ નહી પડી કે આ કાંઇ દેવસતાંનનાં ચાલાછે કે પાદશાહાનાં કોઇ માંણસ જે તેઓની શોધ કરવા નીકલીઆં હોએ તેમાંનાં કોઇએ લખેલુંછે? એ ઘભરાટથી નાંજુક શીરીનનાં મંન ઉપર ઘણી અસર થઇ. શુશંને સમજાવીઉં કે "બેહેન ધીરજ રાખ, ધીરાં કાંમ સાહેબનાં." પણ શીરીન સમજી નહી. જોકે મરદનાં લેબાસમાં હતી તોપણ હવે તેની હીમત રહી નહી અને તે તાંહાંજ બેસુધ થઇ પડી.

---

# ભરથાર અને બાએડી.



આફરીકા દેશના એક જાતના હબસીઓમાં લગણના દીવસો ઊપર જે કીરીઆ થાએછે તેમાં એક એવી હોએછે કે પરણતો મરદ પોતાની કનીઆને કહે છે કે "ઘરમાં જા અને લાકડાંની ભારી બાંધી લાવ" તથા તેમ કેહેવા પછે તે બાએડી ખરેખર લાકડાંની એક ભારી લાવી આપેછે. વાંચનારી બાંનુઓ, આ કીરીઆ ગમે એવી નજીવી લાગેછે, તોપણ તેમાંનો ભેદ આ વખતે ધેઆંન પોંહોંચાડવા જોગછે. આ કીરીઆ એવું દેખાડવાની મતલબ ધરાવેછે કે મરદ જે પરણેછે તે પોતાની બાએડી સોહેથી ઘર સંબંધી કાંમમાં મદદ મેલવવા માટે પરણેછે. ઓરત એજ મતલબને માટે આ દુનીઆંમાં અવતરીછે. તે મરદનાં ઘરનો પરધાંન, તેનો જમનો હાથછે અને લગણ નાંમનાં પવીતર ગાંઠે કરીને જે વખતથી તે મરદ સાથ જોડાએછે તે વખતથી તે મરદનો મદદગાર અને તેને સુખ તથા આરાંમ આપનાર થઈ રેહેવાને બંધાએછે.

આ બીનાં ઊપર જો કોઈને શક હોએતો તે સેજમાં દુર થઈ શકશે. મરદ અને ઓરતનો બાંધો તપાસો. એ બે વચેનો ફરક જુવો, જે ફરકનું જરમી ટેલર નાંમનો વખનાએલો લખનાર આ પરમાંણે બેઆંન કરી ગએઓછે. "મરદ બજાવવે અને સ્ત્રી ખમવે બાહાદુરછે. મરદ બાહેર અને સ્ત્રી ઘરમાં પરકાશેછે. મરદ ખાનરી કરવા માટે અને ઓરત સમજાવા તથા રાજી રાખવા માટે વાત કરેછે. મરદનું શખત અને ઓરતનું પોચું હઈડુંછે. મરદ કંગાલીઓતને અટેકાવેછે, ઓરત કંગાલીએતને મીટાડેછે. મરદને વીદીઆછે, ઓરતને શોખછે. મરદને દાહાપણું છે, ઓરતને સમજછે. મરદ ઈનસાફનું આદમીછે, ઓરત દએઆનું આદમીછે." આ આખા ફકરાનો અભીઆસ કરતાં તેમાંની મતલબ એવી નીકલેછે કે મરદ અને ઓરતમાં ખોદાએ ચોકસ ફરક રાખીઓછે, ને બેહુને બે જુદાં જુદાં કાંમ સરજેલાંછે અને તે બજાવવાને જુદી જુદી શકતીઓ બખશીછે. માટે જારથી તે ઓરત "બાએડી" નો એલકાબ મેલવેછે તારથી તે ચોકસ જોખમ પોતાનેસર ખેંચેછે અને તે શંભાલવાના ખોદા સાંમે તે જે સપત લીએછે તેને લગણ કેહેછે.

તે જોખમ શું છે? તે દરએક બાએડીએ સમજવું જોઇએ. જંદ અવસતામાં આ ફકરો આવીઓછે—"અશો ઓરત જે ઘણી નેક કેરદારની, ખુબ અને શીખેલી તે પોતાના મરદને સરદાર તથા પાદશાહ કરી ગણે." હીંદુઓની માહાભારતા નામની કેતાબમાં લખીઉંછે કે "ઓરત મરદનો જીવછે—તે મરદનો અરધો ભાગછે." અને એથી વધારે સમજ જો જોઈતી હોએતો ઊપલું ચીતર જુવો. આ! હા! કેવો તે શંતોશકારક દેખાવછે. ખરી બાએડી.અને ખરો ભરથાર તે એછે. ખરો શંતોશ અને ખરો ખોદાને તાંહાંથી ઊતરેલો પીઆર એ મરદના મોહો ઊપરછે. ખરી વફાદારી અને ખરી ચાકરી આ ઓરતના ચેહેરા ઊપર ચીતારીછે. ખરી મોજ અને ખરી આશાએસ એને કેહેવી જોઈએછે!

તારે બાએડીનું કાંમ શું પોતાના વરને આશાએસ અને મોજ આપવાનુંછે? હા. તે પેહેલું અને મુખીઅ કાંમછે. તેની ચાકરી કરવી, તેને રાજી રાખવો અને તેને માન આપવું એ તે બાએડીની ફરજછે અને તે જો નહી બજાવેતો પરણતી વખત ખોદાની સાંમે લીધેલા કસમ તુટેછે. તેમજ ભરથારે તે બાએડીને મદદ કરવી, તેનું પોશણ કરવું, તથા તેને ચાહાવી એવું ખોદાનું ફરમાનછે. એ રીતે બંને જણે એકમેકના આ દુનીઆંમાં પોતાના મોહોત સુધી કાંમે લાગવાં જોઈએ, અને તારેજ તેઓએ પોતાને સર ખેંચેલા જોખમ પાર પાડેલા કેહેવાએ. સ્ત્રીનું કાંમ કાંઈ એખલાં બચાં જણવા અથવા ઘરનું એખલું વહીતરું કરવાનું નથી. તેતો તેનાથી બને એટલું બજાવવું જોઈએ પણ તે બજાવવાની તેનાંમાં ખોદાએ જે શકતી મેલીછે તેના કરતાં વધારે શકતી બીજાં કાંમોને માટે આપીછે અને તે

કાંમ ઘરને વાજતું ગાજતું રાખવામાંછે. એ પરીનામ નીપજાવા માટે દરએક સ્ત્રીએ કેટલાક કાએદા ધેઆન માં રાખવા જોઈએ. જેમકે ભરથારને તાબે રેહેવું, તેને રાજી રાખવા તથા મન રીજવવાના ઊપાએ કરવા, ઘરને સાફ સુફ રાખવું, બચાંને સારી તરબીએત આપવી, ખાધા પીધામાં જતન લેવી, તથા ચાકરો ઊપર સંભાલ અને તકેદારી રાખવી.

પણ હીંઆં વલી એક બીજી વાતછે. જો વફાદારીના જુસાએ દરએક સ્ત્રીના જીગરમાં ઘર કીધું હોએ અને એકજ મરદને પોતાનો સંબંધ ચાહા દેખાડવાના સવાબ વીશે મનમાં ખાતરી રાખી હોએતો ભરથારને પોતાની મેલે માન અપાશે. વલી જો પોતાનું બદન સાફ રાખવાની પોતાને ટેવ પાડી હોએતો ઘરને પોતાની મેલે સાફ રાખી શકાશે. જો સારો સવભાવ અને હશમુખો મીજાજ ધરાવીઓ હોએનો, બચાંની તરબીએત લેતાં ગુસો અથવા ચીડ પોતાની મેલે દુર થશે. જો કજીઆ કંકાસનું મોહો કાલું કીધું હોએ અને પોતા ઊપરજ પોતાને હોકમ રાખવા શીખવીઊં હોએતો ચાકરનફર ઊપર પોતાની મેલે હોકમ રેહેશે. જો પોતે એલમ હોનરની કેલવણી લીધી હોએ તો વરને રાજી રાખવાનું તથા તેના કાંમકાજમાં સલાહ તથા મદદ આપવાનું કાંમ પોતાની મેલે બનશે. સઘલાં માંટી બઈએરે પોતાને એક સમજવાં જોઈએ. માટીના સુખમાં બાએડીએ પોતાનું સુખ વીચારવું જોઈએ અને એવી રીતે રેહેવું જોઈએ કે એકેક વચે એકકનાં દુખ સુખની વાત છુપી રાખવાની ગરજ પડે નહી.

---

## સુવાવડ સંબંધી સુચનાઓ.

### ૨.

બચું જણવાનાં વખત અગાઊ એક હમેલદાર સ્ત્રીને જે પેટમાં દુખેછે તેને વીર કરીને કેહેછે. એ વીર વીશે થોહુંક જાંણવું જોઈએછે—કેમકે ઘણીક દેસી સ્ત્રીઓ જણવા અગાઊની નીશાંનો ઊપર ધેઆંન આપવાને બદલે, જારથી પેટમાં દુખીઊં તારથી વીર ચાલુ થએઊં એમ સમજવાની ભુલ કરેછે. વીર બે જાતનાં હોએછે, એકને "ખોટું વીર" અને બીજાને ખરૂં વીર" કેહેછે તથા એ બેમાં શું તફાવતછે તથા તેમને કેમ પારખી શકાએ તે જાંણવાની દરએક સ્ત્રીને અગતછે.

ખોટું વીર કેટલાંક કારણોને લીધે થાએછે, જે દુર કરવાનું દરએક સ્ત્રીનાં હાથમાંછે. શકતી ઊપરાંત કાંમ કરવાથી, થાક ચહડવા દેવાથી, બદ પરહેજી અથવા અજીરણથી, જાહાડો ઘણો કબજ હોવાથી અને સરદીથી ગરભવંતી ઓરતોને "ખોટુ વીર" થાએછે. જે ચંચલ સ્ત્રી ધેઆંન રાખીને તપાસી જોશે તેને જણાશે કે ખોટાં વીરથી ઘણોખરો પેટમાં દુખારો થાએછે અને ખરાં વીરની મીસાલે કંમર દુખતી નથી.

વલી ખરાં વીરની માફક તે આસતે આસતે વધતું નથી અને તે દરએક વીરમાં વખતનો કંઈ ચોકસ તફાવત માલમ પડતો નથી. ઈઆને કોઈ વેલા પાંચ પાંચ મીનીટે આવેછે અને કોઈ વેલા પાઓ કલાકે તો કોઈ વેલા દસ મીનીટે આવેછે. ખોટાં વીરથી ગરભસતાંનનુ મોહ ખોલાસાથી હુગડતું નથી અને જે પાંણીની કોઠલીમાં બચું હોએછે તે કોઠલીબી બાહેર નીકલતી નથી.

જારે ખરૂ વીર શરૂ થાએછે તારે પેહેલ વેહેલાં કમરમાં દુખારો થાએછે અને પછે પીહુમાં દુખેછે. ખરાં વીરમાં વખતનો ચોકસ તફાવત આવેછે. વલી ખરૂ વીર આસતે આસતે વધતું જાએછે અને તેથી ગરભસતાંનનુ મોહડું ખોલુ થાએછે તથા પાંણીની કોઠલી બાહેર નીકલેછે. ખોટાં અને ખરાં વીરમાં એ રીતનો તફાવત હોએછે અને એ તફાવત જાંનીઆથી વેઆતી સ્ત્રી પોતાને વાસતે ઘરતા ઊપાએ કરીને પોતાને ખોટાં વીરની વેદનામાંથી છુટી કરેછે. જારથી ખરૂ વીર શરૂ થવા માહીઊં તારથી જણતી ઓરતોએ એમ શમજવું કે જાંણે બચાંને પેદા કરવાનું અગતનું કાંમજ ખરેખરૂ શરૂ થઊં. કુદરત વેઆવાનુ કાંમ ઘણું ખરૂં ૨૪ કલાકની અંનદર પુરૂ કરેછે. દરએક સ્ત્રીનાં ધેઆંનમાં આ બીના સેહેલથી ઊતારવાને એ ચોવીસ કલાકની અંનદર વેઆતી સ્ત્રીનાં જણવાનાં અવીઅયમાં જે બનાવો બનેછે તેની થોડીક સમજ આપવી ઘટેછે. વઈદોએ આ ૨૪ કલાકને તરણ ભાગમાં વેહચી નાંખીઆછે અને તે આ પરમાંણે—

૧. પેહેલા વખતમાં ગરભ ઊંઘડેછે. જારે ગરભનું મોહ વકાશીને મોટુ અને ખુલ્લુ થાએછે તારે

વીઆવાનાં કાંમનો પેહેલો ભાગ પુરો થએલો ગણાએછે.

૨. વેઆંવાના બીજા વખતમાં જારે બચાંનુ માથું અને બદન આસતે આસતે બાહેર નીકલીને દુનીઆંમાં આવેછે તારે વીઆવાનો બીજો ભાગ પુરો થએલો સમજાએછે.

૩. બચાંનુ બદંન બાહેર નીકલીઆ પછે થોડેએક વારે જારે "ઓર" બાહેર નીકલેછે તારે વીઆવાનું કાંમ તમાંમ ખતમ થએલું કેહેવાએછે.

હવે એક હમેલદાર સ્ત્રીના બચ્ચું જણાવાનાં કાંમના ઊપલા તરણ જુદા જુદા ભાગો ઊપર જુદુ જુદુ બેઆન પોંહાંચાડીએ. વેઆવાના પેહલા વખતમાં જે વીર થાએછે તે વીર બીજી વખતના કરતાં તદંન જુદુ છે. પેહેલા વખતનું વીર ઘણો થોડોવાર રેહેછે અને વારેઘડીએ અથવા એક બીજા પછે તરતને તરત તેઓ આવતાં નથી પણ આ વીર જોકે બીજી વખતના વીરના કરતાં ઘણા જોરાવર નથી તોએ પણ તેઓની વેદના વેઆતી સ્ત્રીથી જાજી ખમાઈ શકાતી નથી. વલી વેઆવાના પેહેલા વખતમાં વેઆતી સ્ત્રી ઘણી બેચેન રેહેછે. તે વારેઘડીએ પોતાની જગા બદલેછે, તથા પોતાને વીશે તેને ઘણી ધાસતી પેદા થાએછે. આ વખતમાં બદન કાંઈ વધારે ગરંમ થતું નથી. બચાંનું માથું જારે ગરભના મોહ આગલ આવેછે તારે જરા દીલ કાંપેછે અથવા ધ્રુજેછે. વેઆવાના પેહેલા વખતમાં ઊલટી પણ થાએછે અને તે ઊલટી થવાથી જણતી સ્ત્રીને ઘણો શાએદો થાએછે. નહી પચે એવી જે ચીજ ખાધામાં આવી હોએ તે ઊલટી સાથે બાહેર નીકલેછે અને ગરભનું મોહો પણ જરા ઢીલું થાએછે જેથી પછે તેને ખોલું થવાને ઘણો વાર લાગતો નથી. વલી પેહલા વખતમાં વીરથી ગરભનું મોહ કંઈ એકદમ મોટું થતું નથી, પણ તેને ઘણો વાર લાગેછે અને કુદરત આસતે આસતે તે કાંમ કરેછે. જારે પુરતી રીતે મોહ વકાશીને ખુલુ થઈ ચુકેછે કે તરત પાંણીની કોટલી બાહેર નીકલેછે તે પછે તે શાટી જાએછે અને તેમાંનું પાંણી નીકલી જાએછે. એટલું કાંમ થએઊં કે વીરની મદદથી બચાંનું માથું ગરભના મોહ આગલ આવેછે અને હીઆં સુધી બચ્ચું જણવાનાં કાંમનો પેહેલો ભાગ પુરો થાએછે. બીજા ભાગોને લગતી હકીકત હમે હવે પછેનાં આંકોમાં આપીશું.

## જાંણીતી સ્ત્રીઓ.

### લુસી ડી મેરનના જીવની કાંહાંની.

(ગએઆ આંકથી સાંધણ)

એક આંધલી છોકરી, જેનો તેના અંધાપાને લીધે કોઈબી કાલે ઉઠાવ થવાની આશા નહી રહેલી, તે બદસુરત છોકરીસાથ પરણવાના એક ખુબસુરત જવાંને કસમ ખાધા એ અજાએબ જેવુંછે. પણ ઈઆદ રાખવું કે હેનરી લગણ કરવામાં એખલી ખુબસુરતી ઉપર લોભાવાને બદલે જે ફલ બાહેરથી બેડોલ અને અંદરથી સવાડીશટ હોએ તે ફલને વધારે ચાહાતો હતો, માટે લુસીએ જારે તેને પોતાની વીટી પેહેડાવી તારે હેનરી ઘણોજ આંનંદ પાંમીઓ અને હું લુસીના પઈસાને ખાતર પરણતો નથી એવું સાબેત કરવા માટે તે લગણ મુલતવી રાખીને ધંધો કરવા તથા નાહાની પુંજી એકઠી કરીને પરણવા સારૂં લુસીની છેલી ભેટ લઈ બીજા ગાંમ તરફ ગએઓ.

પણ લુસાની સાવકી ફુઈ કલોરીનડાને આ બીના પસંદ આવી નહી. તેણે ઉપલું કારજ અટકાવા માટે કીધેલા બધા ઉપાએ જારે રદ થએઆ અને જારે તેની ભતરીજી તેના તરફ વધારે કરડી થઈ તારે આ લાલચુ સ્ત્રીએ બીજી ઈઉકતીઓ કરવા માંડી તે એવા વીચારથી કે "લુસી જો હેનરીને તજેતો તેના લગણ મારા એક સગા સાથ કરાંઉં અને લુસીની દોલત મારા કબજામાં રેહે." તે સગાને તેણે લાવીને લુસીના ઘરમાં રાખીઓ તથા ફુરસતને વખતે લુસી પોતાની ફુઈને મોહોડે કાંઈ નહી પણ તે સગાનીજ તારીફ સાંભલતાં કંટાલી ગઈ. એટલુંજ નહી પણ તે પહરાંનો જેનું નામ બેરન સટાસી હતું, તે લુસીની પુઠેપુઠ ફરવા લાગો અને એવીતો માએઆ દેખાડવા લાગો કે જો કોઈ બીજી સ્ત્રી હોતેતો તેના ઉપર કદાચ લોભાવા વગર રેહેતે નહી. પણ જારે એક વખત બેરન સટાસીએ ખાંનગી રીતે લુસી સાથ પરણુવાની માંગણી કીધી તારે તેણે રોકડો જવાબ આપીઓ કે "ભાઈ એ વીચાર એક ઘડીબી મારાં મનમાં ઉતરશે નહી કાંએકે હુંતો અદરાઈ ચુકી છઉં."

પણ આટલી હારી ખાવા છતાં કલોરીનડા પોતાની કોશેશમાં હટી નહી. એ લુસીની ફુઈ નહી પણ છુપો દુશમન થઈ લાગી. તેણીએ એવા ઉપાએ કરવા માંડીઆ કે જેઓની ઉપર આંધલી લુસી ઘણો આધાર રાખતી હતી તેઓથી તે આપોઆપ છુટી પડે. એક દાહાડે લુસીનો પેલો બુઢો ચાકર આવીને અરજ કરવા લાગો કે "બાઈ હું ઘણો ઘરડો થએઓ છઉં અને નોકરીનું કાંમ મારીથી બનતું નથી. વાસતે દરવાજાનો જે રખેવાલ મરણ પાંમીઓ છે તેની જગા મને આપો કે હું તેની બંગલીમાંજ રેહુ અને મારે લાએક કાંમ તાંહાં કરીઆ કરૂં." લુસીએ તેને જવાની રજા આપી, પણ તે ચાકરની બાએડીને પોતાની પાસે રાખી, પણ તેબી પોતાનો વર દુર પડવાથી કેટલીક ફરીઆદ કરવા લાગી અને તેનો અંત લાવવાને લુસીએ તે બાએડીનેબી તેના વર પાસે મોકલી દીધી. એ પરમાણે

લુસીના આ બે નીમખ હલાલ માણસો દુર ગએઆં તેમા તેની સાવકી ફુઈના કારસતાંન હતાં.

વલી ફલોરીનડાએ લુસીની એકની એક સહી એડ રીએનનેબી લુસીથી છુટી પાડી. તેને સમજાવી પટાવી ને ગાંમમાં તેને માટે એક ઘર ભાડે લીધું અને તાંહાં એડરીએન થોડા થોડા દાહાડા રેહેવા લાગી. પણ પછેતો તેણે લુસીને સબરદબર તજી, કારણ કે તેની ફુઈ એડરીએન સાથ કજીઓ કરીઆ કરતી હતી. હવે લુસી પાસે એખલી એક મેરી નાંમની સાહેલી રહી, પણ થોડા દાહાડામાં તેબી આજારી પડી ને પોતાને ઘર ગઈ અને જારે સાજી થઈને તે પાછી આવી તારે ફલોરીનડાએ તેનું ભલું કરવાને બાંહાંને એક વર શોધી કાહાડી તેને પરણાવી આપી, જે ધણી મેરીને પોતાને ઘર લઈ ગએઓ અને લુસીને એખલી પાડવાની તેની ફુઈનો મતલબ પાર પડી.

બીચારી આંધલી લુસીના સાથીઓ જેમ એક પછે એક જવા લાગા તેમ તે વધારે દલગીર અને ગંભીર થવા લાગી. પણ તેના એકાંતપણામાં તેને વધતું દુખ એમ લાગતું કે તેનો વાહાલો હેનરી છ માસ થએઆ ગાંમ ગએઓ તોબી પેહેલી બારીમાં તેણે લુસી ઉપર પીઆર તથા રૂડા સમાચારના જે માતર થોડાંક કાગજો લખીઆં હતાં, તેબી હવે એકાએક બંધ પડીઆં, લુસીએ ઘણા કાગજો બીડીઆં પણ તેમનો એક જવાબ ફરી વલીઓ નહી. એટલા અરસામાં લુસીના મન ઉપર એવા વીચારો ઠસાવાની પેરવી થઈ કે હેનરીતો બેવફા થએઓછે અને તે બીજી સ્રીનો ધણી થવા ચાહેછે, પણ આ વાતો ઉપર લુસીને ભરોસો નહી હતો. તેને ધાસતી લાગી કે "જાંહાંછે તાંહાં હમારાં કાગજો ખોરવાએછે." પણ તે વીશે તેની ખાતરી કેમ થાએ ! લુસીએ પોતાની સહી ઉપર તે વીશે ચીઠ્ઠી લખવાનો ઠરાવ કીધો કે તેથી તેનો ભરથાર તે બાબેનો તલાસ કરે. પણ એડરીએન જોગનું તે કાગજ લઈ જાએ કોણ ! લુસીના ઘરના માણસોનેતો કદાચ ફલોરીનડાએ ફુસલાવી રાખેલાં હશે.

સારાં ભાએગે લુસીને એક છુપો ખીદમતગાર મલી આવીઓ. તે એક ભરવાડનો છોકરો હતો. જારે લુસી પોતાની ખુશીના વખતમાં અગાસી ઉપર બેસતી, તારે આ છોકરો અગાસી હેઠે ખેતરમાં ટોર ચરાવા આવતો અને ગીતો ગાઈ લુસીને ખુશી કરતો હતો. તેના મા કે બાપ કોઈ નહી હતાં માટે લુસી પોતે આંધલી હોવા છતાં તે દેખતા છોકરાને તેણે વાંચતાં લખતાં શીખાડીઉં હતું. તે છોકરાનો એક મોટો પાહાડી કુતરો હતો અને જારે લુસી છોકરાને શીખાડતી તારે આ કુતરો પીઆરથી લુસીને ચુંમતો હતો. તે છોકરો આજે કાંમ લાગો. તે લુસીનું કાગજ એડરીએન પાસે લઈ ગએઓ. તેમાં લખવા પરમાણે તેના ભરથારે હેનરી વીશે તલાસ કાહાડી અને પછે જવાબ દેવાને એડરીએન પોતે લુસીને મલવા આવી આ બે સહીઓ ઘણી મુદતે સાથે મલી, માટે વાત પછે વાત કાહાડી તારે લુસીને માલંમ પડીઉં, કે તેના વાહાલા હેનરીને જારે લુસીના કાગજ નહી મલીઆં, તારે તે નાસીપાસ થઈ બે ચીતારાઓ સાથે રોમ ગએઓ હતો, જાંહાં એક કબીલામાં તેણે ઉતારો કીધો હતો અને "તે કબીલામાં એક ખુબસુરત બાએડી હતી" !

આ વાતથી લુસીને ઘણો ગમ લાગો. તે સમજી કે હેનરી બેવફા થએઓ, પણ ખેર આ શંકટ ખમવાની તેણે ખોદા પાસે શકતી માગી અને પછે ઠરાવ કીધો કે હેનરીનું ફરી નામ નહી લેવું, પણ લુસી પેલા લુછા બેરન સટાસીથી કંટાલી ગઈ. એક પરાઈ સ્રી આવીને લુસી આગલ ફરીઆદ કરવા લાગી કે તેના એ સગાએ જાહેરમાં તે બીચારી ઉપર હોમલો કીધો. એ ઉપરથી લુસીને ઘણોજ ગુસો લાગો. તેણે એક જુદાં કાંમને ખાતર ગાંમનાં કોટવાલને તેડાવીને એક ઓરડામાં બેસાડીઓ અને બીજા ઓરડામાં તેણે પોતાની ફુઈને ટેડાવીને કહેઉં કે "ફલોરીનડા, આ જે લફંગા સગાને તમે મારા ઘરમાં લાવી રાખીઓછે તેની ખરાબ ચાલ વીશે ફરીઆદ સાંભલતાં હું કંટાલી ગઈ છઉં વાસતે અતર ઘડી તમે તેને મારા ઘરમાંથી કાહાડી મેલો અને નહીતો મેં ગામનાં કોટવાલને એક જુદા કાંમ સર ટેડાવીને પાસેના ઓરડામાં બેસાડેલોછે તેનાં સવાધીનમા એ લુછાને હું આપી દેવશ" ફલોરીનડા આ ધમકીથી હેરત થઈ. તે લુસીને સમજાવા લાગી પણ લુસી એવાતો સખત બોલો બોલી કે તેની ફુઈને ફફડાત લાગો અને બેરનને કાહાડી મેલવા કરતાં એ લોભી સ્રી પોતેબી તે લુછાની સાથે લુસીનુ ઘર મેલીને જતી રહી. તેથી લુસી ઓર ખુશી થઈ. કેટલાએક નઠારા ચાકરોને તેણે કાહાડી મેલીઆ અને નવેસરથી પોતાના ઘરનો વહીવટ પોતાનાં હાથમાં રાખીઓ.

એ પછે એક સાંજનાં લુસી જારે પોતાની અગાસીની હેઠે મેદાંનમાં ફરતી હતી તારે થોહેક છેટે કોઈ માંણસ શંકટમાં પડી બુમ મારતું હોએ એવો અવાજ લુસીને સંભલાએઓ. તે સાંભલીને આ દએઆલુ આંધલી ઠહોસતી ઠહોસતી તે જગા આગલ ગઈ, પણ તાંહાં બીચારીનેજ ફસી પડી. જેવી તે તાંહાં ગઈ તેવોજ કોઈએ તેને એક શખત આચકો મારી જમીન ઉપર તોડી પાડી, જે પછે તેનાં મોહોમાં ડુચો દીધો, અને તેને ઘસડી લઈ જઈને એક ગાડીમાં નાંખી. એજ વખતે કોઈએ લુસીને કહેઉ કે "બીહીતી નાં, તુંને કોઈ હેરાન નહી કરશે, પણ મુગી મુગી ચાલ અને જો જરા ગડબડ કરશેતો મારી નાંખીશું." બીચારી લુસી મુગી મુગી બેસી રહી. ઘણે કલાકે તે ગાડી એક ઘર આગલ ઉભી રહી અને તેનાં ઓરડામાં લુસીને લઈ જાઈને બેસાડી. તાંહાં એક જણે લુસીને ચાંપીને કોટી કીધી અને સાધ ઉપરથી લુસીએ પારખીઉં કે તે તેની ફુઈ હતી. તેણે પુછીઉં કે "ફુઈ તમે આવી રીતે મને હીઆં ઘસડી તેનું કારણ શું ?" ફુઈએ જવાબ દીધો કે "દીકરી, હાલ તરતતો તું આસાએસ લે, સહવારે બધો ખોલાસો કરશ." મુસાફરીની થાકને લીધે લુસીને સારી ઉંઘ આવી. સહવાર પડતાં ફલોરીનડા લુસીની ચાકરીમાં હાજર થઈ. તે એવું દેખાડવા માંગતી કે લુસીને તેની સાથે કાંઈ દુશમની નથી. સાંજનાં વલી લુસીને ફલોરીનડા બાગમાં ફરવા લઈ ગઈ. તે ઠેકાંને પેગ સત્રો બેરન સ્ટાસી હાજર થએઓ. તેણે વલી પાછી લુસી સાથે પરણવાની વાત કાહાડી પણ લુસીએ જારે હાંઆંબી-નાં ક

હેઉં તારે બેરંન ગુસામાં આવીઓ અને ધમકી આપી કે "આંધલી છોકરી તું એમ નાં સમજતી કે તારી દોલત તું ભોગવશે. હમે કોરટમાં ફરીઆદી માંડશું અને દેખાડશું કે તારા બાપની દોલત તુંને પોંહોંચે નહી, કારણ કે તું કાંઈ તેની પરણી બાએડીની દીકરી નથી પણ તારી માંનેતો તારા બાપે રાડ રાખેલી હતી. હજુરબી સમજ, વીચાર કર, મારી સાથ લગણ કર અને નહીતો આ દાવાથી કરીને તારી બધી દોલત તુંને ખોહોવી પડશે." એમ કહીને બેરન તથા કલોરીનડા લુસીને એખલી મેલી જતાં રહેઆં.

લુસી ફીકર અને અંદેશો કરતી બાગમાં ચાલી, પણ તેવામાં દુરથી કુતરો ભોસવાનો અવાજ સંભલાએઓ અને થોડા વખતમાં પેલો ભરવાડનો છોકરો મોટા હરખથી લુસીની પાસે દોડી આવીઓ તે બોલીઓ કે "બાઈ મેં તમોને બધેબધ શોધીઆં, પણ તમે હવે હીઆં કાહાં ચાલી આવીઆં!" લુસીએ કહેઉં કે "છોકરા, વાત કરવાનો વખત નથી. તું મને આ બાગનાં દરવાજામાંથી પાછી મારે ઘર લઈ જશે?" છોકરાએ ખુશીથી હા કહેઉં અને લુસીનો હાથ ધરી તે તેને દરવાજાની બાહેર લઈ ગએઓ તથા લુસીનાં ઘર તરફનો રસતો પકડીઓ હવે તેને જાણે નવો જીવ આવીઓ, પણ અફસોસ, પછવાડેથી કોઈ દોડતાં માંણસનાં પગલાં સંભલાએઆં. તેલો પેલો બેરન સટાસી લુસીને પકડવા આવતો હતો. હવે શું કરવું? લુસીતો ઘભરાટમાં નાહાસવા લાગી અને ભરવાડ છોકરો અંદેશામાં પડીઓ પણ તેનો પાહાડી કુતરો બેરન તરફ જોસથી ભોસવા લાગો. તોબી બેરને લુસીની પુઠ છોડી નહી, પણ ગરીબે ઈઆર ખોદા. બેરન એક ઠોકર લાગાથી તુટી પડીઓ અને ભરવાડનો શીઆંનો કુતરો તેના ઉપર ચહડી બેઠો તથા તેને ગલાંમાંથી એવોતો સજર ભખીઓ કે તાંહાંથી ઉઠવાની તેને તાકાત રહી નહી! આ મોજેજા સરખા બચાવથી લુસી પોતાને ઘર સલાંમત ગઈ.


હીઆં લુસી ધીરજથી વીચાર કરવા બેઠી. તેને ખબર પડી કે લુછા બેરન સટાસીના જખમ સારા થએઆછે અને લુસીની ફુઈ સાથે તેઓએ ખોટા શાખસીઓના ટરકટથી એવી ફરીઆદ કરનારછે કે લુસી તેનાં બાપની રાંડને પેટની દીકરી હોવાથી ધારા પરમાંણે તેની સઘલી મીવકત કલોરીનડાને મલવી જોઈએ. હવે લુસીનો બાપ તો ઈંગલંડમા પરણીઓ હતો અને લગણને લગતા દસતાવેજો તાંહા હોવાથી લુસી ઘભરાવા લાગી કે મારો બચાવ કેમ કરશ. ફરીઆદીતો મંડાઈ ચુકી અને અંતે બેરન સટાસીએ એવા શાખસી ઉભા કીધા હતા કે કોરટે તેના લાભમાં ચુકાદો કીધો. પણ લુસીએ તે ચુકાદા ઉપર નારાજી થઈને મોટી કોરટમાં ફરીઆદી માંડી અને તે નીકલવાની હતી તેટલાં ઈંગલંડથી તેના બાપના લગણની નોધ લાવવા માટે લુસીએ એક શખસને રવાંને કીધો શેવટના ચુકાદામાં ટીલ પડી અને તેટલાં લુસી નાઉમેદ થઈને જોગનોના એક "કાંનવેંટ" ઈઆને મઠમાં જઈ રહી.

આ ઠેકાણે એક વખતે લુસી પોતાના ઓરડામાં બેસી ખોદાની બંદગી કરતી હતી, તેવામાં તેની ચાકરડી મેરી દોડતી આવીને કેહેવા લાગી કે "બાઈ તમુને કોઈ પુછેછે, તેવણ તમારા ઘરમાં આવીઆ હતા અને તાંહાંથી તેવણને હું હીઆં લાવી છઉં." લુસી તેને મલવા ગઈ, અને જોએઉં તો હેનરી, તેનો વાહાલો હેનરી સાંમે આવીને ઉભો હતો. તેણે વરતમાન પતરોમાં લુસીને લગતા મુકદમાંનો હેવાલ વાંચોઓ તારે જાંણીઉં કે નાંહાંની કોરટે તે બીચારીનો મીલકત ઉપરનો હક રદ કીધો. હેનરીને ખબર નહી હતી કે લુસીએ મોટી કોરટમાં ફરીઆદી માડેલી હતી માટે તે બોલીઓ કે "પીઆરી લુસી, હવે જારે તું ગરીબ થઈછે તારે હું ખામખા તારી સાથ નેકા પાડવા આવીઓ છઉં અને દેખાડવા માંગું છઉં કે આગલથી હું તારી સાથે અદરાએઓ તે કાંઈ તારા પઈસાને ખાતર નહી હતું." આ વાતથી લુસીને મોટો હરખ લાગો હીઆં સઘલો ખોલાસો થએઓ. હેનરી કાંઈ બેવફા નહી હતો, પણ તે પોતાને ધંધે લાગી રહેઓ હતો. વલી લુસીની ફુઈની તરફથી તેને એવી ખબર મલી હતી કે લુસી તો પરણી ચુકી અને લુસીના કાગજો (તે લુછીએ અટકાવી આથી) જારે તેને નહી પુગાં તારે તેને વધતી નાસીપાસી લાગી હતી. આ ખોલાસાથી લુસીને ધીરજ આવી અને એક ચોકસ દાહાડે લગણ કરવાની ગોહવણો થઈ. થોડા વખતમાં લુસીએ વેલાતથી જે દસતાવેજ મંગાવીઓ હતો, તેબી આવી લાગો, તેથી કોરટમાં સાબેત થએઉં કે લુસીની મા તેના બાપની પરણી બાએડી હતી અને લુસી તેનો હકદાર વારેસછે. એથી લુસીને તેની સરવે મીલકત પાછી મલી, અને હવે તેના જેવી સુખી બીજી કોણ?

પણ નહી લુસીના નસીબમાં દુખજ હતું. લગણની એકજ દીવસ અગાઉ જારે હેનરી પોતાની પીઆરી લુસીને મલવા આવીઓ તારે તે તથા લુસી બંને જણ મોટી ઈનનેજારીથી વાતો કરી છુટાં પડીઆં. પણ લગણને દાહાડે સહવારના પોહોરમાં લુસીને ખબર મલી કે હેનરીને જાહેર રસતા ઉપર પેલા લુછા બેરંને બહુ માર મારીઓ તથા શખત જખમ કીધા જેથી તે બીચારો ઘરમાં બીછાંનું ભોગવેછે. આ વાત સાંભલતાં વારજ આંધલી લુસી હેનરીને ઘર ગઈ, પણ અફસોસ! તેતો હેનરીનું મોહોતનું બીછાંનું હતું, અને હવે લુસીની નાસીપાએસીનું શી તરેહથી બેઆન થાએ? તે બીચારી પરણવાની તથા લગણના મીઠાસ ચાખવાની આશામાંતો તદન નીસફલ થઈ, તોપણ પોતાના વાહાલા ભરથારની અદરાએલી બાએડી દાખલ તેની છેલી ઘડીએ તેની બનતી સેવા બજાવવાને તેણે ટીલ કીધી નહી. લુસીએ પોતાના ધણીની ઘણી ચાકરી કીધી, પણ થોડા દીવસ માંદગી ભોગવીને તે મરણ પાંમીઓ. ગરીબ બીચારી લુસી લગણની અગાઉ રંડાઈ, જેથી પોતાની કાહાંની ભરેલી જીંદગીના બાકીના દાહાડા ગમ અને ધરમીપણામાં તેણે ગુજારીઆ. હેનરીના મોહોત પછે તે એમજ સમજવા લાગી કે સુખ તેના નસીબમાં નથી માટે બંદગી અને ધરમ ધેઆનમાં તેનો બધો વખત ગીઓ. પોતાના મોહોતને વખતે લુસી શંતોશથી મરણ પાંમી. આ દુનીઆંમાં તેણે ઘણી પાકીજગી, માએઆ અને ભલાઈ ભરેલી જીંદગી ગુજારી હતી અને તેમ કરતાં જો કે તેને શંકટ ઘણા નડીઆં તોપણ શેવટે તેને ધીરજ એટલા માટે આવી કે તેને પેલી જીહાંનનું સુખ ખચીત મલશે.

# દુનીઆંનો મુસાફર.

પત્ર ૧૮.



પીઆરાં બેહેન,

સુવીડનનાં પાએતખત શેહેર સટાકહોમથી નીકલેલો હું લાપલાંડ દેશમાં આવી પુગો છઊં. લાપલાંડ નાંમ તમે કદાચજ સાંભલીઊં હશે. તે ઈઊરોપખંડની છેક ઊતરે આવેલુંછે અને એ વખનાએલા ખંડનાં નકસા ઊપર ઘણું નજીવું જેવું ગણાએછે. પણ તોબી મારી મુસાફરીમાં હીઆં થોડોવાર થોબવાંની મને ખાહેશ થઈછે. હીઆંનાં રેહેવાસીઓ, જેમાંનાં એકનું ચીતર મેં ઊપર બીડીઊંછે, તથા હીઆંનાં હવાપાણી થોડુંક બેઆંન કરવા જોગછે. આપણી નજદીકનાં દેશો ઊપર જારે આપણ ઘણું ધેઆંન આપીએ તારે દુરનાં દેશોની થોડી ઘણીબી વાકેફગારી મેલવવાનું ભુલી જવું નહી જોઈએ.

લાપલાંડ ઈઊરોપનાં બીજાં દેશોની મીશાલે કાંઈ જુદું દેશ ગણાતું નથી. તેનો અરધો ભાગ સુવીડનની સરકારને તથા અરધો ભાગ રૂશીઆનાં રાજને તાબે હોવાથી પેહેલું લાપલાંડ સુવીડનમાં તથા બીજું રૂસીઆમાં ખપેછે. તેની ઊતરે આરકટીક માહશાગર, દખણે ફીનલાંડનાં ટાપુ, પુરવ દસાએ "વાહીટસી" નાંમનો સમુદર અને પસચીમે નાંરવે દેશ આવેલાંછે. તેનો વીસતાર આસરે દોહોડ લાખ ચોરસ માઈલનોછે અને તેનાં તરણ ભાગમાંનાં બે ભાગ રૂશીઆ દેશને તાબેછે. લાપલાંડની જમીન પશચીમ તરફથી પાહાડીછે, પણ બાકીનાં ભાગો ખાતે સરખી અને સરોવરોથી ભરેલીછે. તાંહાં આસરે ૬૦૦૦૦ માંણસોની વશતી ગણવામાં આવીછે, પણ લાપલાંડનાં દેશી રેહેવાસીઓ માતર ૭૦૦૦ છે, જેઓ ઘણી જંગલી અવસથામાં હોએછે. તેઓ નાંહાંનાં જુપડાં મધે રેહેછે અને ઘણોખરો વખત ભટકતા ફરેછે. તેઓની નીતી સંબંધી અને બીજી ચાલચલણ ઘણી ઊતરતીછે લાપલાંડનાં એક રેહેવાસી તથા તેની જુપડી આબેહુબ ઊપલાં ચીતરમાં દેખાડીઆ જેવાં હોએછે.

લાપલાંડમાં અતીશએ ઠંડી પડેછે. વલી હીંઆં રાત ઘણી લાંબી થાએછે. બેહેન, તમે કાંહાંનીઓમાં એવું વાંચીઊં હશે કે કોઈ જગામાં છ મહીના રાત અને છ મહીના સુધી દાહાડો ચાલતો હતો. હવે એ વાતને તમે એકદમ હસી કાહાડતાં ના. દુનીઆંના ઊતર તથા દખણ છેડાઓ તરફ જેમ આપણ જઈએ છઈએ તેમ રાત અને દાહાડા બહુજ લાંબા થાએછે. લાપલાંડના લોકો કેહેછે કે લાપલાંડથીબી ઊતરે, દરૂ તરફ, કેટલાંક ટાપુ આવેલાંછે જાંહાં છેક છ મહીનાવેર નહી તોપણ કેટલાક દીવસ સુધી સુરજ દેખાતો નથી.



હીંઆં મેં દરૂ બોલ વાપરીઓછે માટે કદાચ તમોને સમજ નહી પડશે એમ વીચારીને પરૂથવીના ગોલાનું એક ચીતર હીંઆં બીડું છઊં. આપણી દુનીઆં આ ચીતરમાં દેખાડવા પરમાણે નારંગીના સરખી ગોલછે તેતો તમે જાણતાં હશો. હવે એને જો આપણી સાંમે રાખીઓ હોએતો એ ગોલાનો જે ભાગ જમણા હાથ ઊપર હોએ તે પુરવ, ડાવા હાથ ઊપર પશચંમ, ઊપરનો ભાગ જે સફેદ કરી દેખાડીઓછે તે ઊતર તથા નીચેનો ભાગ દખણછે. એ રીતે દસા તપાસીઆ પછે તમે ધેઆનમાં રાખવું કે દુનીઆંના ઊતર તથા દખણના છેડાઓને દરૂ કેહેછે. તાંહાં ઠંડી ઘણી પડેછે અને રાત અતીશએ લાંબી હોએછે.

પણ આ લાંબી રાત તથા તાહાડથી લોકોને અગવડ નહી પોહોંચે એટલા માટે પાક ખોદાતાલાએ ઘટતી ગોઠવણો કીધેલીછે. રાત જારે ઘણી લાંબી હોએછે તારે આ લાપલાંડ તથા બીજાં દેશોમાં આકાશ ઊપર એક જાતની રોશની થઈ આવેછે. તેને ઈંગરેજીમાં "આરોરા બોરીઆલીસ" કેહેછે. આસમાન ઊપર જાણે કે આતસે કરીને ગોલ લીસોટીઓ પાડી હોએ તેવો તે વખતે દેખાવ લાગેછે અને તેથી એરલોતો મોટો ઊજાસ મારેછે બેહેન, જારે મેં પેહેલવેહેલી તે રોશની જોઈ તારે "આગ લાગી, આગ લાગી" એ

વી ખુમ પાડીને હું દોડી ગએઓ હતો. એમજ "આ રોરા બોરીઆલીસ" થી અનજાંનાંઓ વારેવાર ઠગાએછે. એ રોશનીથી તાંહાંનાં લોકો રાતનાં પોતાનું કાંમકાજ કરી શકેછે.

વલી તાહાડમાંથી લોકોનો બચાવ કરવાને ખોદાએ હીઆં જે ગોઠવણો કીધીછે તે જુવો. લાપલાંડમાં જે મુંગાં જનાવરોની વસતીછે, તેમાં સાબર અને બીજી જાતનાં હરણો મુખીઅછે. આ સાબરનું ચાંમડું તાંહાંનાં લોકોને ઠંડીનાં દાહાડા બદન ઢાંકવા કાંમ લાગેછે. ગરમીનાં દાહાડા ઊપર વલી લાપલાંડરો એજ પરાંણીનાં ચાંમડાંનાં કટકા સીવીને તેના તંબુ બનાવેછે. તેનાં સીંગડાંમાંથી તેઓ પોતાનાં હથીઆરોનાં હાથા અને બીજી જીણસો બનાવેછે. ટુકમાં કહું છઊં કે લાપલાંડમાં જો સાબરની વસતી નહી હતેતો હીંઆં લોકોને જીવવું ઘણું ભારી પડતે.

સાબર ઊપરાંત લાપલાંડમાં બીલાડીઓ પાછલ લોકોને ઘણો શોખ હોએછે. એ તેઓની એક નવાઈ સરખી ચાલછે. દરએક લાપલાંડર એકેકી કાળી બીલાડી પાલેછે. તેની સાથે તે વાત કરેછે તથા તે કાલી બીલાડીની સલાહ પુછેછે, જાંણેકે તે પરાંણી તેમની વાતચીત સમજતું હોએ ! વલી હીઆં બીજી નવાઈ સરખી રીત મુસાફરી કરવાનીછે. તેઓ એક નાંહાંનાં મછવાની ગાડી બનાવેછે અને તેને સાબર સાથ જોડેછે, જે પછે એ પરાંણી ઘોડાની મીશાલે તે મછવાને પઈડાં વગર ઘસડી લઈ જાએછે અને ઘણી વારસુધી થાક વગર એકદમ તીસ અથવા ચાલીસ માઈલ દોડી શકેછે. એવી અજાએબી ભરેલી ગાડીનું એક ચીતર જે તમે વારેવાર જોએશેં હશે તે હાલ ભેટ કરૂં છઊં. એ ચીતર ઊપરથી આરોરો બોરીઆલીસની રોશનીનોબી તમોને થોડોક ખેઆલ આવશે.



આવતું કાગજ હું રૂશીઆ દેશમાંથી લખશ, એજઅરજ.

હું છઉં તમારો,
વાહાલો ભાઈ.

## બચરવાલ બચું.

બેહેનો, તમે બચરવાલ બચાં જોએઆંછે ? કદાચ હમારો સવાલ તમે સમજતાં નહી હશો. તમે એવાં બચાં જોએઆંછે કે જે પોતે બચાં હોએ અને તેઓ વલી બચરવાલ થઈ પડીઆં હોએ—જેઓને પોતાને જો બચાંમાં ગણીઆં હોએતો ચાલે અને વલી તેવાં બચાંને ઘર બચાં હોએ ? જો એવાં બચરવાલ બચાંના નમુના જોવા હોએ તો તે વાલજીની પોલમાં રેહેનારી બચુંબાઈછે. તેની ઉંમર આસરે સોલ વરસનીછે અને તેટલાં તેને તરણ બચાં થએઆં છે, જેમાનું એક મરણ પાંમીઉંછે અને બે જીવતાંછે. એ શંખીઆ તેની ઉમર પરમાંણે લગાર મોટીછે અને તેથી તેને લોકો બચુંબાઈ બચરવાલ ગણેછે. પણ બીચારી બચું પોતેજ હજુરતો એક બચાં જેવીછે અને તેવાં બચાંને ઘર જારે બચાં આવે તારે તેઓની મદારત અને માવજત તે બાલકમાંથી કેમ થાએ ! ખરેખર બીચારી બચુંબાઈનાં હાલ દએઆ આંણવા જોગછે, પણ તેનાં જેવા દાખલા આપણાં લોકોમાં ઘણે ઘર જોવામાં આવેછે.

બચું જારે દસ વરસનું બાલ હતું તારે તે "સારી પેહેડતી છોકરી" ગણાતી હતી. બઈરાંઓ તેની માં મેરબાઈ આગલ આવીને વાત કરતાં કે "ઓવાએ માંએ દાહારેનું બચું થએઉં ને આજકાલ સારી પેહેડશે, તે વાસતે લગણ કેઆરે કરશો." મેરબાઈને પણ તેમજ લાગતું હતું. તેને બલાઈ જોવાની આશા હતી, તથા જલદીથી મમઈ બપઈ થવાને તે એટલીતો ખંતી હતી કે બીચારી બચુંને પુરી બાર વરસનીબી થવા દીધા અગાઉ દીનાં દારૂવાલાનાં છોકરા હીરજીભાઈ સાથે તેને પરણાવી દીધી. બાર વરસમાતો બઈરાંઓ તેનેબી બઈરી ગણવા લાગાં, અને તેને શીખવવા કે લવવાનું મેલી દઈને પોતાની ચાલ પરમાંણે તેની આગલ બચાં જનવાની, વરનાં રાહાટવાની અને એવી એવી નકામી વાતો કરવા લાગાં. "સારી પેહેડતી દીકરી" અને "દાહારેનું બચુ" એ બોલતો તેને કાંને દર રોજ આવવા લાગો અને તેનું ધક ધેઆંન બીજી અગતની ફરજોને બદલે એ ખલી એજ બાબદ ઉપર રોકાએલું રહેઉં. ટુકમા બીચારી બચુંબાઈ માતર મઉદ વરસની જરા ઉપર ગઈ એટલાંમાં તો એક છોકરાની માં થઈ, પણ તે વખતે તે પોતે એટલી તો નાદાન હતી કે મેરબાઈને તે છોકરાંને પોતાનાં સંભાલમાં રાખવું પડીઉં હતું. તે બચાંનો બાપ હીરજીભાઈતો ઈસકુલે શીખવા જતો હતો.

હીરજીભાઈ માબાપ વગરનો હતો, પણ તે બચુનાં બાપનો સગો અને જમાઈ સાથે થતો હતો, જેથી તે સાસરા ઘરમાં રેહેતો હતો. હીરજીભાઈ બીચારો ઘણો ગરીબ, એકમારગી, અને ઓછી અકલનો હતો. વલી તે આંખે હેરાંન હતો અને બધો આધાર તેનાં સાસુ સસરા ઉપર હતો, જેઓ તેનાં ઉપર શરવે ખાહેશોમાં ફાવતાં હતાં. જારે મેરબાઈની દીકરીને તાંહાં દીકરી આવી, તથા તેની પછવાડે વલી સોલ વરસની વએમાં બચુએ બે બીજી દીકરી જણી તારે મેરબાઈતો પોતાને ભમાઈ થએલી જોઈને મલકાઈ જવા લાગી. હીરજીભાઈ તરણ છોકરાંનો બાપ થએઓ તોબી શીખવા જાએ એ ઘણું ખરાબ લાગાથી તેને બીચારાને ઇસકુલેથી ઉઠાડી મેલીઓ, જે પછે ઘણું સુધી તે ઘરમાં રહેઓ અને જારે ચાકરીએ લાગો તારે માતર પંદર રૂપીઆનોજ પગાર લાવી શકીઓ.

મેહેરબાઈને પોતાની બચુનાં બચાં સંબંધી વેહેમો ઘણાં હતા. અગત કરીને બચુને છોકરો નહી થવાથી તે અતીઘણી નાંસીપાસ થતી હતી. બચુને લઈને તે સઈએદોને ઘર તથા બીજા ધુતારા જોશીઓ આગલ ભટકતી હતી, જેઓ દોરા ચીઠીને મસે તરેહવાર રકમો ખાતા હતા. એક દાહાડે ખબર પડી કે મેહેમમાં એક બરાંમણ છોકરા છોકરીનાં જનમની અગમચેતી આપેછે. એ ઉપરથી મેહેરબાઈ બચુને લઈને તાંહાં ગઈ. વાટમાં બલદની ગાડીનું ચાક ભાગાથી તે બીચારીને ઘણાં રસતા ઉપર ચાલતું જવું પડીઉં. તે વખતે હુનાલાનું ટડકું જબરદસત પડતું હતું જેથી મેહેરબાઈને લુ લાગી અને તે તાપે પડી. આ તાવ કાંઈ ઘણી ખરાબ જાતની હતી. તેમાંથી એકાએક તેને પવણ થએઓ અને ઘણેક દીવસે તે હેરાંન થઈને અંતે મરણ પાંમી. એ રીતે ગરીબ બીચારી બચું એખલી પડી.

પણ હમણા તેના હાલ ઉપર દએઆ આવેછે. બચું તે ખરેખર બચચુંજછે અને મા બાપની મુરખાઈથી એવાં બચાંને તાંહાં બચાં આવીઆં એ તેના ઉપર હાલ એક પીડા થઈ લાગીછે. બચુબાઈ પોતે બચાં દાખલછે તેનું કારણ કાંઈ એખલી તેની ઉમર નથી, પણ તે સાથે તેની અકલબી બચાંના જેવીજછે. તેને વીચાર શકતી કે સારી સમજ કાંઈ નથી. વલી તેની કાએનાત જાજી ચાલતી નથી. દેહેથી તે સદાની દુખી ફરેછે. જોબનના બાહારમાં તે ખીલતી ને બદલે ખરી પડેલી કલીના જેવી દીસેછે. હારે તે ઘણી ઠીંગણીછે અને આપણા બઈરાંઓબી વાનબીની રીતે એટલી વએના માણસને નાદાન ગણેછે. એવાં બચાંને ઘર એકથી વધારે બચાં થાએ એ કેવું કઠણ દીસેછે!

બચું પોતાના બચાંની જતન લઈ શકતું નથી, અને એખલી જતન લેવાનુંજ તેનું કાંમ નથી. એકતો તેને પોતાના જીવનો સંભાલ આવી લાગોછે. તેને આટલી નાહાની ઉમરમાંથી આખો દાહાડો પોતાને માંથે પાટો બાંધી રાખવો પડેછે. જો તેને જરા વધારે મેહેનત પડેછે, ઇઆ જો તે જરા તરડાઈને બોલેછેતો તે માંદી પડેછે, અને તોબી તેને આખો દાહાડો સરદીમાંને સરદીમાં ફરવું પડેછે. ધુંમાડામાં તેનો રેહેવાસછે, અને ખરાબ હવામાં તેનું ઘરછે જેથી તેના આવરદાબી ટુકા થતા હશે. બીચારી બચુને તેની ખબરછે. તે સમજેછે કે આવી હાલતમાં હું કાંઈ લાંબા દાહાડા કાહાડશ નહી. તોપણ કરે શું? ઘર માંથે પડીઉં, મરતી કે જીવતીબી ઉઠીને ઘરનું કાંમ કીધા વીના કાંઈ ચાલે?

પણ કાંમ તે કેટલાંનું કરે? પોતાનું, કે વરનું, કે બચાનું કોણ કોણનું તે કામ કરે? અલબતાં પોતાનીતો તેને જાજી ચીંતા નથી, પણ તેને વધારે દુખ પોતાના બચાંઓને માટે લાગેછે, જેઓને ખાતર તેને દરરોજ હીરજીભાઈ સાથ કજીઓ થાએછે. હીરજીભાઈબી મોટી આપડામાં આવી પડીઓછે. તેને બીચારાને જો કાંઈબી આવડતું હોએતો તે હાલના કરતાં વધારે કમાએ અને જારે વધતી કમાઈવાલાઓને આજના વખતમા પેટ ભરવું ભારી પડેછે તારે હીરજીભાઈ સરખાના હાલ કેહેવા કરતાં વીચારી લેવા બસછે. તેની બાએડી મરાએછે એટલા માટે કે છોકરાંઓનું પોશણ બરોબર થતું નથી, અને હીરજીભાઈ બાએડી સાથે એટલા માટે મારામારી કરેછે કે બચું બચાંને ચાકરી કરી શકતી નથી. બેહુનો વાંક નથી, પણ બેહુ સમજતાં નથી અને તેથી કોઈવાર તેઓ એવા કજીઆ ઉપર આવી જાએછે કે ભરભાડુતોને વચે આવવું પડેછે.

આખો દાહાડો બીચારી બચુને ગોલાંમડીની માફક કાંમ કરવું પડેછે. પાછલી રાતના ઉઠીને ચુલો સલગાવીઓ તારથી તે રાતના સુવા અગાઉ ચુલો પાછો જાલવે એટલો બધો વખત સુધી બચું મેહેનત કરતાં થાકેછે. ચાકર નહી હોવાથી હાંડા ભરીને પાંણીબી તેજ કાહાડે અને કચરો પુંજો તથા વાસણ કુસણબી તેજ કરે. બચાંને ચાહે પાંણીબી તેજ પાએ અને વરનું ભાણું ભોજણ તેજ કરે. રાધવા સીંધવાનુંબી તેનાજ હાથમાં અને સીવવા સાંધવાનુંબી તેનુંજ કાંમછે. પણ તે બધું એખલે હાથે કરતાં બપોર પછે તે બીચારીને જરા પરવાર મલેછે. તેટલાં તેના બચાં તેને જેટલો જોઈએ એટલો કંટાલો આપેછે. તેઓને એવી ખરાબ ટેવો પાડેલી હોએછે કે જેથી તેઓએ જો મસતી શરૂ કીધી તો પાછાં દાહેઆં થતાં તેઓને વાર લાગે અથવા જો તેઓ રડવા પડીઆં તો રડીઆજ કરે. પણ તેઓની ચીચારી અને બુમોથી બચુને રાંધણીમાં કાંઇ કાંમ સુજ પડતું નથી, કેમકે ઘણીવાર બચાં રહેતો તે કેમ રડીઆં, કોઇએ મારીઆં હશે અથવા પડી ગએઆં હશે, એવી ધાસતીથી તેનો જીવ બેબાખરો થઈ જાએછે. પણ વારેવાર તેઓની આગલ દોડતાં અને પટાવતાં રાંધરીમાં જો કાંદો લાલ કરવા મેલીઓ હોએતો બલી જાએછે અથલા ખાંનું તલીએથી દાહાજેછે, જેથી બચું ઉપર તેના વરનો ઠપકો પડેછે. જો બચાં પડી ગએઆંતો "શું થએઉંતું! બચાંને પાસે રાખીને કાંમ કરીએની કે પડી નહી જાએ" એવા ઠપકા તે સાંભલે. જો બચાંને પાસે રાખીઆં તો તેઓની તાહી, બોલબોલ કરવાની ટેવ, તથા ટવલવાથી બચું કાંમ ભુલી જાએછે અને તેનો ઠપકો જુદો. માટે તે બીચારી ગોએઆ દુખના વમલમાં પડીછે, અને જેમ ફરેછે તેમ દુખ અને દુખજ તેના દીકામાં આવેછે.

બચુના બચાં માંદાં અને કાવલાંછે. તેઓની જતન કાંઈ મલે નહી. બચુંબાઈ સમજેછે કે હું જેટલી જતન લેઉંછું તેટલી કોઇ માં નહી લેશે. તે ખરેખર તેમ કરેછે. પોતાને અંગે થોડું લઈ બચાંને તે વધારે આપેછે—પણ

તોબી બચાં સુખી નહી મલે તેના કારણ ઘણાછે. જારે બચુંબાઈ કંટાલી જાએછે તારે બચાંને એવાતો ધંમકા મારેછે કે છેક ભોંએતલીએ તેનો સાધ સંભલાએ. જારે બચુંબાઈ વાસણ ઉજારવા ઇઆ બીજાં કાંમ ઉપર બેસેછે તારે કોઈ બચું સુતરમાં પડીઉં પડીઉં રંડીઆ કરેછે અને અલબતાં બે કાંમ એકજ વખતે બની નહી શકવાથી આ મા (! જો બચું કહીએતો ચાલે) એક કાંમ કરી રહીને બચાંની ખબર લીએછે. આવી ગફલતને લીધે બચાં આજારીના આજારી ચાલીઆ કરેછે, પણ વલી બચુંબાઈ તરત ઉપાએ લેતી નથી તે ઘણુંકરીને બારધુંટી અથવા સુનામખીના જોલાબ બધી વખત પાવા 'જાએછે, જેમાં વલી કોઈ વખત ઓર બગાડો થઈ પડેછે. હરડે, કરીઆતું અને કાલી દરાખ તે ઘરમાં રાખી મેલેછે—પણ ખરી દવાઓની આલસને લીધે બચુંના બચાં હાલહવાલ રીતે જીવેછે.

એ રીતે બચુંના બધા દાહાડા જાએછે; પણ રાતબી બીચારીને નસીબે તેવીજ હોએછે. મોડેથી સુતા પછે બચાંના રડવા તટલવાથી તે ઝીઠી ભર ઉંઘમાથી જાગી ઉઠેછે, જે વખતે તેને એટલોતો ગુસો લાગેછે કે બચાને સરાપ ઉપર સરાપ દીએછે અને "તમે મરે, તમારૂં સતીઆનાસ થાએ, તમે મરી કાંએ નહી જતાં, તમુને કોણે માંગીઆંતાં ?" એવી એવી ગાલો દીએછે. કોઈવાર જારે તે ઉંઘમાં વધેતી પહેલી હોએ તારે કોઈ બચું ટવલીઆજ કરેછે અને એકાંત રાતે જારે તે પોતાને નાહાને સાધે "માએ, માએ" બોલતાં થાકી જાએછે તારે પહોશીઓ દએઆ લાવીને બચુંને હાંક મારી ઉઠાડેછે, જે વખતે વલી તેના વરનો મીજાજ જાએછે. કોઈ વંખતે બચાંને જોલીઆંજ પેટ આવેછે, પણ તારે તેનો વર પોતાની આંખમાંની ખાંમીને લીધે'ધોવા ધાવામાં કાંઈજ મદદ કરી શકતો નથી અથવા મદદ કરવા જાએતો અચબુચું તેને હાથે દીવાનું ટંબલર ઉંધું વલી જાએછે ઇઆ એવીજ બીજી અડચણથી નહી કાંમનું કાંમ કાહાડેછે.

આ ! હા ! બીચારી બચરવાલ બચુંનું આ કેટલું બધું દુખ ? તે વીચાર કરેછે કે "હું આ દુનીઆંમાં શું આવું દુખ ભોગવવા આવી, અને જો તેમજ હતેતો મારા જનમને વખતે મારી ગરદન ઉપર કોઈએ સુલીઓ કાંએ નહી ફેરવીઓ ?" આવો વીચાર તેને એટલા માટે કરવો પડેછે કે પોતાનું દુખ ખમવાની તેનામાં શક્તી નથી. તે શક્તી કાંહાંથી આવે ? દુનીઆંમાં જરા વધારે ઉંમર ગુજારી હોએ, સંસારની અજમાએસ મેલવી હોએ, કેલવણીથી પોતાની ફરજ શીખાઈ હોએ, તો તે બચાં કેલવવાના મુશકેલ કાંમ કરી શકે. પણ તે શકતી તેનામાં મલે નહી, બચાંના સુખ તથા દુખ તે જાણે નહી, કેલવણી તેણે કાંઈ લીધી નહી અને તેથી તે પોતે બચું તેટલાંમાં જારે બચાંની મા થાએ તારે દુખના બોજા તલે ચમપાઈને બીચારી બલીઆ કરે તેની શી નવાઈ ? અફસોસછે બાલ લગણનાં નઠારા રેવાજ ઉપર ! અફસોસછે માતાઓના અગનાંનપણાં અને ઓછી સમજ ઉપર કે, પોતાના અનજાંનપણાં તથા નઠારા રેવાજોને લીધે થતી ખરાબીઓની તેમને ખબરનથી.


—————

## "ટરાંમવે" નામની લોહોડાંની સડક.

લોહોડાંની શડકથી આ દેશનાં લોકો હવે પુરતી રીતે વાકેફગાર થઈ ચુકાં હશે. સાધારણ રસતા કરતાં એ રસતાથી કેટલા ફાએદા થાએછે તે સમજાવવાની કસી જરૂર રહી નથી, પણ એનેજ લગતી એક બીજી બીનાં હાલ હમે જણાવવા માંગીએ છઈએ. પાસેનાં ચીતરમાં લોહોડાંની સડક ઊપર બલદની મદદથી એક આખી ટરેન ચાલતી ચીતારીછે. તે જોઈ હમારાં કેટલાંક વાંચનારાંઓ કદાચ વીચારમાં પડશે. તેઓ પુછશે કે આગની ગાડીનીબી ગરજ હવે દૂર કીધી કે શું ? બલદો આગની ગાડી કરતાંબી સરસ નીકલીઆ કે શું ? આ બીનાંનો થોડોક ખોલાસો જાંણવો અગતનોછે. એવી ગાડીઓબી ચાલવાનો આપણાં દેશમાં વખત આવીઓછે અને વરોદરાનાં માહારાજાએ પોતાનાં એક ગાંમમાંનો એવી શડક ચાલુ પણ કીધીછે.

આ નવી જાતની લોહોડાની શડકને "ટરાંમવે" કહેછે. આગની ગાડીવાલી શડકતો રેલવેના નાંમથી ઓલખાએછે અને એ બે શડકનાં જુદાં જુદાં નાંમછે તે ઊપરથીજ વાંચનારીઓ જોઈ લેશે કે એ બેનાં કાંમબી જુદાં જુદાંજ હશે. એ બે વચે ફરક એટલોજ છે કે રેલવેમાં બાફનાં સાંચા અથવા આગની ગાડીની જ મદદ લેવી પડેછે, "ટરાંમવે" ઊપર ખામખા તેજ નહી મગર બલદ ઈઆ ઘોડાથીબી કાંમ થઈ શકેછે. પણ તેટલા માંટે જે ટરેન બલદોથી ઇઆ બીજા કોઈ નાંહાંનાં સાંચાથી ખેચાએ તે રેલવે કરતાં સરસછે એમ સમજવું નહી. મુસાફરીમાં સઘેથી ચહડતી પદવી રેલવેનીછે, અને જાંહાંબી ઘણી ગાડીઓ લઈ જવી તથા મોટી મુસાફરી કરવી હોએ તાંહાં આગની ગાડી વગર છુટક નથી. પણ ટરાંમવેમાં થોડીજ ગાડી અને નાંહાંનીજ મુસાફરી થઇ શકેછે.

ગએઆ આંકમાં હમે હવાઈ મુસાફરીનું થોડુક બેઆંન આપીશું હતું. પણ તેનાં કરતાં જમીન ઊપર મુસાફરી સેહલી કરવા ઊપર ઘણું વધારે ધેઆંન આપવું ઘટેછે. ખુસકીની મુસાફરીમાં પેહલી સગવડ કરી આપવી જોઈએછે અને લોહોડાંની શડક અથવા રસતાથી ઘણી સારી સગવડ થઈછે. તેમાં લોહોડાંની સડકજ પસંદ કરવાનાં કેટલાંક કારણોછે. મુસાફરી સેહલી કરવા માંટે સારા રસતાઓની



"ટરાંમવે" નામની લોઢીગાંની સડક.

ઘણી જરૂરછે. જેમ એક રસતો સાફ અથવા અટ કાવ વગરનો હોએ તેમ એક પઈડાંની ઈઆ ગાડીની ગતી વધેછે; એ કુદરતી કાએદોજછે. ખોદાતાલાએ એવો નીઅમ રાખીઓછે કે એક ચીજને જો ગતી આપી તો જાંહાંસુધી તેને અટકાવનાર કોઈ મલે નહી તાંહાંસુધી તે ગતી ચાલુ રેહે. પણ કોઈ વલી પુછશે કે એક દડાને રસતા ઊપર ગગડાવીઓ તો તેને નહી અટકાવા છતાં તે થોડુંક દોડીને ઊભો કેમ રેહછે? તેનું કારણ એછે કે જોકે તમે હાથે કરીને તે દડાને ઊભો નથી રાખતાં તોપણ રસતો અટકાવથી ખાલી નથી. તે તમેજ તપાસી જુવો. પેહેલાં એક દડાને ઘાસનાં ખેતર ઊપર ગગરાવો, તે થોડોજ દોડીને અટકશે. તારપછે તેને સાધારણ રસતા ઊપર ગગડાવો અને તે વધારે આગલ જશે. તારપછે તેને બરફ ઊપર ગગરાવો અને તેને ઊભો રેહેતાં ઘણો વાર લાગશે. તારપછે તેને હવામાં ગગરાવો અને તે વધારે લાંબો જશે. હવે એનું કારણ શું? આ દુનીઆમાં ખોદાનો કાએદોછે કે એક ગતીવાલી ચીજને જેમ અટકાવ થોડા તેમ તે ગતી વધારે વખત ટકશે અને તે ઊપરથી ખોલું ઠરેછે કે જો કોઈ ચીજને બીલકુલ અટકાવ નહી હોએ તો તે કદી થોભે નહી. પણ તે માંણસથી બનેજ નહી અને કેટલીક સગવડોને ખાતર માંણસને તેવું જોઈતુંબી નથી. એતો ખોદાનુજ કામછે, જે કીરતારે આકાશ ઊપરનાં ગોલાઓને એકજ વખત ગતી આપી અને તે વગર થોભવે દોડીઆ કરેછે.

હવે એજ કાએદાને ખાતર સાધારણ શડક કરતાં લોહોડાંની શડક પસંદ કરવામાં આવીછે. જો બાફનાં જોસ ભરીઆ સાંચાની મદદ લઈને મુસાફરીની જહડપજ કરવી હોએતો ખબરાએલા રસતા કરતાં લોહોડાંનો સફાઈદાર રસતો લેવો જોઈએ. આગની ગાડી ઘણી જલદી દોડેછે તેનું કારણ માંતર એખલી આગની ગાડીજ નથી, પણ લોહોડાંની શડક એક બીજું કારણછે. પણ આગની ગાડી પડતી મેલી સાધારણ ઈશિકતીઓથી મુસાફરી કરવામાં જો લોહોડાની સડક રાખી હોએ તોબી ફાએદોછે. રેલવેનાં મથકો ઊપર હારબંધ ખાલી ગાડીઓ માતર માંણસોનાં એકજ આચકાથી કાંહાંની કાંહાં ચાલી જાએછે. તેજ પરમાંણે બલદો ઇઆ ઘોડાઓથી ચાલતી ગાડીબી જો લોહોડાં ઊપર ચલાવી હોએતો તે સાધારણ રસતા કરતાં વધારે જલદી જાએ ખરી. એવી જે લોહોડાંની શડક ઊપર જનાવરો ઈઆ નાંહાંનાં સાંચાઓથી ગાડી ચાલે તેને "ટરાંમવે" કેહછે.

"ટરાંમવે" જોકે રેલવે કરતાં ઊતરતી તોપણ ઘણી ફાએદા ભરેલીછે. જે ગાંમડાંઓ, રસતાઓ ઈઆ મોહોલાઓમાં આગની ગાડી જઈ નહી શકે, તાંહાં ટરાંમવે રાખવાથી મોટા ફાએદા થાએછે. એક બલદની જોડ એક ગાડીને જેટલા વખતમાં લઈ જાએ, તેથી વધતા વખતમાં પાંચ ગાડીને ટરાંમવે ઊપર ઘસડી શકેછે અને જો વધતા બલદો જોડીઆ હોએ અથવા એક નાંહાંનુ "એનજીન" મેલીઊં હોએતો તે ગાડી ઘણી સરસ મુસાફરી કરી શકેછે. મુસાફરી સેહેલી થવાથી વેપારમાં અને બીજા કાંઈ થોડા ફાએદા થતા નથી. એવી "ટરાંમવે" આ દેશમાં કેટલેક ઠેકાંણેછે. વરોદરાનાં ગાએકવાડે મીઆંગાંમ અને દભોઈ નામની બે જગાઓ વચે ટરાંમવે બંધાવીછે અને પાસેનુ ચીતર તે ટરાંમવેનુછે.

---

## નથ અને એરીંગ.

ઘરેણું શોભાને માટે પેહેડાએછે. પણ દેશી સીઓના કેટલાંક ઘરેણાથી શોભાને બદલે એબ લાગેછે. એવાં જરીઆનમાં નથ એક જણસછે. ઈંગરેજો પોતાને ભાએગસાલી સમજેછે, કેમકે નથ સરખી કાંઈ જીણસ નાખમાં ખોસવાનો તેઓની બઈરીઓએ રવઈઓ પાડીઓ નથી. સારાં ભાએગે, હમણા હમણા પારસીઓમાંથી નથ નીકલી જવા લાગીછે.

નાખમાં ઘરેણું પેહેડવાની જંગલી ચાલ ઘણા દેશોમાં જાએજછે. જેમ મોહોડાંમાં ખોરાક ખોસી દેવાએછે તેમ કેટલેક ઠેકાંણે નાખ મધે દાગીના ખોસી દેવામાં આવેછે. એ ઘરેણું ઘણુંકરીને નાખના ફફરાં ઊપર લટકતું રેહેછે, પણ ઓરમજ નામના ઈરાંણી પરાંતમાંતો નાંખના કુમલાં હાડકાં મધે આંધરું પાડવામાં આવેછે જેમાં એક સુનાનો હુક ખોસીને તેના સાથે મોતી તથા પાંણાથી લાદેલી મોટી નથ લટકાવી રાખેછે.

એથી ઊલટું એરીંગ ખરેખર સોભા દેતી જીણસછે, તે ઘણા આગલા વખતથી વપરાતું આવેછે અને પારસી સ્રીઓમાં તેનો ઘણો ફેલાવો થએઓછે

એ ઠીકછે. અથવા કાંનમાંની જાણસ "એરીંગ" નું
પુરાતનપણુ એમ પુરવાર થાએછે કે હોમર નામ
નો જે ઈઊનાની સાહેર પુરાતન જમાંનામાં થ
ઈ ગએઓછે તે જુનો નામની દેવીના કાંનમાં
નું એરીંગ વખાંણતો હતો. ઈઊનાની લોકોમાં કાંન વીં
ધાંને તે મધે ઘરેણા પેહડવાં એ મોટાઈની નીશાન ગણા
તી હતી, પણ હીબરૂ અને ફીનીશીઅન લોકો વચે તે ગોલાં
મગીરીની નીશાન હતી. આગલાં મીસર દેશની ઓર
તો જે એરીંગ પેહડતી હતી તે હાલ જમાંના સુધી જાલ
વી રાખેલાંછે. તે ગોલ ચોકરાં રૂપાંનાં હતાં. ઊંચી તો
ખમતી બાંનુઓ સાંપ રોકા આકારના હીરાના એરીંગ
પેહડતી હતી. થીબસ ખાતે રૂપાંના એરીંગ પેહડાતાં
હતાં. આદમ અને ઈવ નામનું જે જોડું આ દુનીઆં
માં પેહલું જનમીઊં હતું, તેમાંની ઓરત ઈવના કાંન
માં, મરદ તરફ તાબેદારીની નીશાન દાખલ વેહ પાડેલો
હતો એવું દંત કથા કહી જાએછે.

ઈઊનાની સ્રીઓના હીરાના એરીંગ હતાં, પણ
રૂમીઓમાં પેહલાં મોતીના એરીંગ ફેલાએલાં હતાં જે
ને માટે તેઓ મોટો ખરચ આપતાં હતાં. તે એરીં
ગોમાં મોતીની એક સલગ હાર હતી, અને તેમને એ
વી રીતે જોડેલાં હતાં કે જારે પેહડનાર સ્રી ચાલતી
તારે ઘુંગદાની મીશાલે તેમાંથી અવાજ થતો હતો. સે
હેનશાહાજાદી પોપાઈઆના એરીંગની કીમત ૧૨ લા
ખ રૂપીઆ હતી, અને પંકાએલા સીસરની રાંણીના એ
રીંગ ૨૪ લાખની કીમતના હતાં. વલી રૂમી સ્રીઓ
ના એરીંગ એટલાંતો ભારી હતાં કે કેટલીક વખતે બો
જાથી તેઓના કાંન ફાટી જતા હતા, અને એ બનાવ
વારેવાર બનવાને લીધે કેટલીક ઓરતો તે રૂજ લાવ
વાનો ધંધોજ કરતી હતી. રૂમી મરદોને એરીંગની મ
નાઈ કરવા માટે સરવીઅસ નામના રાજાએ ધારો કા
હાડીઓ હતો.

બરમાંનો રાજા પોતાના ખેતાબ દાખલ "સફેદ
હાથી અને બે એરીંગનો ધણી" કરી લખેછે! આવા
અને હીંદુસતાનના કેટલાક ભાગોમાં મરદો અને સ્રીઓ
કાનમાં રકાબીઓના જેટલાં કદના વીટલા પેહડેછે. દ
ખણ અમેરીકામાં કાંન મધેની જાણસ ચોકસ ખેતાબવા
લું માણસ પેહડી શકેછે. પીરૂ દેશમાં એરીંગ પેહડવા
ની ફરજ હાથે ઊતરતી ગણાએછે અને તાંહાં
ની સ્રીઓના એરીંગ એવાં ભારી હોએછે કે
માથાં ઊપરથી એક સાંકલી વડે તેમને બાંધી રા
ખવાં પડેછે. ઈંગલંડ મધે આગલા વખતમાં કાંન
મધે એરીંગ દાખલ કુંચી અને ટાલાં ઓલવવાનો
રેવાજ હતો! ફરાંનસનાં આગલા રાજા તથા તેમનાં
દરબારીઓ કાંનમાં કરી ખોસતા હતા, તથા વેલાત
ની રાંણી એલીજાબેથનાં વખતમાંબી એ રીત એટલી
ફેલાતી હતી કે શેકસપીઅર જેવા વીદવાંનનાં કાંનમાં
બી આપણુ કરી પેહડેલી જોઇએ છઇએ. જરમની
દેશમાં જે મરદોને ફીફર ઈઆ એવા બીજા મરજો હો
એછે તેઓને ઈલાજ દાખલ કાંનમાં એરીંગ પેહડાવા
નો વેહમ ચાલેછે!

## બીલાડી.



બીલાડી ૧૨ વરસની
ઊમરમાં વાઘ થાએછે એવો
લોકોનો વેહમછે, પણ બી
લાડી વાઘની જાતવાલું પરાં
ણીછે એ ખરી વાતછે. વા
ઘ ઈઆ ચીતાનો સઘલો આ
કાર, ઘાટઘટમ, તથા ચાલચલણ બીલાડીને મલતીછે,
અને તે બેમાં માતર કદનો ફરકછે. તેઓ ઘણોખ
રો વખત ઊંઘમાં કાહાડેછે અને જારે ભુખ લાગે તા
રેજ બાહેર આવેછે, જે વખતે કુતરાની માંફક તેવો
પોતાના શેકારની પુઠે જતાં નથી પણ ચોકસ જગા
ઊપર પડી રહી તેમની વાત જુવેછે. તેઓની હીલ
ચાલથી જરા અવાજ થતો નથી કારણ કે તેઓનાં પ
ગમાં મારા ઘણુછે. ખીલાડી ઘણી જાતની હોએછે
અને જેમ જંગલમાં તેમજ વસતીમાં રેહેછે. જંગલી
બીલાડી લગાર કદાવર અને ખરાબ મીજાજની હોએ
છે. વસતીમાં રેહનારી બીલાડી બીહીકની, ગરીબ અ
ને માણસ સાથ પરોટાએલી રેહેછે.

દેશો દેશની બીલાડીઓમાં રંગ, રૂઆં તથા આ
કારનો ફેર હોએછે. આંગોરા દેશની બીલાડીના બાલ
રૂપેરી તથા રેસમ સરખા હોએછે, અને ગરદન આગ
લથી સંહીની મીસાલે તેમનો જથો મોટો હોએછે. ઈ
રાંણી બીલાડી માથાં આગલથી હંમેસ ભુરા રંગની હો
એછે, પણ તાંહાંથી સરીર તરફ આવતાં તે રંગ ઓછો

થાએછે અને પેટ આગલથી તદન સફેદ હોએછે. ચીનાઈ બીલાડીના બદન ઊપર કાલા અને પીલા પટા હોએછે તથા તેના કાંન ઘણા ઝુલતાછે. હીંદુસતાંનમાં બીજાં જનાવરોની મીશાલે જાત જાતની બીલાડીઓની ઘણી મોટી વસતીછે.

હીંદુઓ ચીનાઓ અને ઈરાંનીઓમાં અસલથી બીલાડીનો શોખછે. આગલા વખતના રૂમીઓ, અને ઈઊનાનીઓ બીલાડીને માન આપતા હતા તથા ઈજીપશીઅનોની કેટલીક મુરતી બીલાડીના આકારની હતી. મીસર દેશમાં અગાઊ જો કોઈ બીલાડી મરણ પાંમતી તો ચોકસ રીતીઓથી લોકો શોક કરતા હતા તથા જો બીલાડીનું ખુન થતુંતો તે ખુન કરનારને શખત સજા થતી હતી. એક વખત એક રૂમીએ એક બીલાડીને અપમાન આપવાથી મીસરના લોકોએ મોટો બલવો કીધો હતો. કેહેછે કે ઈરાંનના રાજા કમબાઈસીસ જારે પેલીઊસીસ નામના શેહેર ઊપર મારો લઈ આવીઓ તારે તેણે પોતાના દરએક સીપાઈના હાથમાં એકેકી બીલાડી આપી હતી, તેથી તેની ફતેહ થઈ હતી, કેમકે તે શેહેરના ઈજીપશીઅનો બીલાડીને એટલીતો ચાહાતા હતા કે તેઓ ઊપર લશકર દુખ પાડે તે દેખી નહી શકવાથી તેઓ પોતાની ગલે તાબે થએઆ હતા. તુરકી દેશમાં ડેમાસકસ ખાતે બીલાડીઓને માટે એક ઈસપીટાલ બાંધેલી છે. કેહેછે કે જારે મહમદ તે શેહેરમાં રેહેતો હતો તારે તેણે એક બીલાડીને પોતાના જભાની બાંહમાં રાખી મેલી હતી અને તેને પોતાને હાથે ખવાડતો હતો. તે ઊપરથી તાંહાંનાં મુસલમાંનોને વેહેમ લાગોછે અને તેઓ ગાંમની બીલાડીઓની જતન લીએછે.

બીલાડી ઘણું ગરીબ અને રમતીઆલ પરાંણી છે. કુતરાંની મીશાલે બીલાડી પણ માંણસો તરફ મમતા રાખેછે અને પોતાનાં મુરબી અથવા પાલનારને મલી જઈ તેની ખીજમતમાં ઈમાંનદારીથી રેહેછે. એવા સેંહેંકડો દાખલાઓ નોધાએલાછે, જેમાં બીલાડી પોતાનાં શેઠની સાથે દરએક જગોએ જતી હતી તથા તેઓનાં ખોલા ઊપર બેસી ઈઆ તેઓની પુઠે પુઠે દોડીને તેઓનાં મંન રીજવતી હતી. કેટલીક વખતે મુસાફરોનાં એખલા દોસત તેમની બીલાડીઓ હતી, જેઓ પોતાનાં શેઠનો અવાજ ઓલખતી તથા નીશાંણો પારખતી હતી. કેટલાક શખસોએ પોતાની બીલાડીઓને અજાએબ જેવી જતનથી પાલી હતી. મહમદની નાંહાંની બીલાડી જારે તેની બાંહમાં ઊંઘાઈ જતી તારે જો જલો કાહાડવો પડતોતો મહમદ બીલાડીને ઊંઘમાંથી ઊઠાડવાને બદલે પોતાની બાંહે કાપી નાંખતો હતો. વીદવાંન ડાકટર જાંનસનની બીલાડી જારે એક વખત માંદી પડી અને તેથી જારે તેને કાલુ સીવાએ બીજી કોઈ ચીજ ખાવા ગમતી નહી હતી તારે તે પંડીત ચાકરો ઊપર વીસવાસ નહી રાખીને પોતે બજારમાં જતો તથા થોડાંક કાલુ વેચાતાં લાવીને બીલાડીને ખવાડતો. સુવીટજરલાંડમાં ગોડેફરાઈ નાંમનો ચીતારો તેઓનો એટલો શોખી હતો કે જે બીલાડી તેનાં હાથમાં આવી તેને લઈને રંગતો હતો. એક દાહાડે બરન શેહેરની બીલાડીઓ હરખાઈ જવાથી આસરે ૮૦૦ બીલાડીઓને સરકારનાં હોકમથી મારી નખાવી હતી. તે વખતે આ ચીતારો મોટા ગમમાં ગીરફતાર થએઓ હતો. પારીસ ખાતેની એક સ્રી જારે મરણ પાંમી તારે તેની પીઆરી બીલાડીને ઓરડામાંથી હાંકી કાહાડવા છતાં સહવારનાં ચોહારમાં તે પોતાની શેઠાંણીની લાસ આગલ જઈને મોટે બુમો પાડતી હતી અને તેને દાટવા પછે તેની ઘોડ ઊપર તે બીચારી બુમ પાડી પાડીને મરણ પાંમી હતી.

## સેતરંજની રમત.

### ૧.

ફુરસતનો વખત સારી રીતે ગુજારવાની એક સઊથી સરસ રમત સેતરંજછે. તેથી જેમ વખત જતો જણાતે નથી, તેમજ અતી ઘણી ગમત મલેછે અને વલી વીચાર શકતી ઘણી ખીલેછે. તેથી લાંબો વીચાર કરવાની ટેવ પડેછે અને આ શંની દુનીઆંમાં નીતીથી રેહેતાં શીખીએ છઈએ. દરએક જણને પોત પોતાના કાંમ ઊપર કેટલું ધેઆન આપવાની ફરજછે; તે ફરજ બજાવવામાં આલસાઈ ઈઆ ગફલતી કીધાથી કેટલી ખરાબી થાએછે; હરએક કાંમ કીધા અગાઊ કેટલો વીચાર કરવો ઘટેછે; ઘડીની વચમાં શુનું શું થઈ જાએછે તથા જે એક વખત નબલો ને બીજી વખત ઊંચો જોરાવર બનેછે તે સેતરંજની રમત શીખાડેછે.

• એવો નીરદોશ અને ફાએદા ભરેલો, જે


દાવ, તે શીખી લેવાને વાંચનારી બાંનુંઓએ ઢીલ કરવી નહી જોઈએ. આપણા બઈરાંઓ ફુરસતનો વખત સુવામાં, સીવવા સાંધવામાં અથવા ટાહેલાં અને તાહારી મારીમાં ગુજારેછે. પણ જો તેઓ સેતરંજ શીખી લીએતો પોતાના ભરથારો ઈઆ બચાંઓને ગમત આપવાનું એક નવું હથીઆર ગોએઆ તેઓના હાથમાં આવે તથા વલી તેઓને પોતાને ધીરજથી ધેઆન આપવાની ટેવ પડે. ઈંગરેજ સ્ત્રીઓનો મોટો ભાગ સેતરંજ રમી જાંણેછે અને હમારી બેહેનીઓમાં તેનો શોખ પેદા કરવાની હાલ હમે મતલબ રાખીછે.

એટલા માટે સેતરંજ કેમ રમવી તેની થોડીક સમજ આપવા માંગીએ છઈએ. હમારા એ ધડાઓ ઊપર જો વાંચનારીઓ ધેઆંન આપશે તો કોઈ રમનારની સેજસાજ મદદથી તેઓ એ રમત જલદી શીખી શકશે. સેતરંજ કાંઈ હધડી રમત નથી. તેમાં પેહેલાં જરા ધેઆન આપવુ ઘટેછે અને પેહેલાં કદાચ કંટાલો લાગે અથવા કાંઈ સમજ નહી પડે તોપણ તેની પુઠે લાગાથી પછે તે એટલો આવડશે કે હાથમાંથી છોડવા નહી ગમશે. હમોને આશાછે કે હમારા આ ધડાઓથી તથા ભરથારો, ભાઈ ઈઆ ભાંડુંઓ જે રમી જાણતા હોએ તેઓની મદદથી વાંચનારી બાંનુંઓ સેતરંજની શાએદા ભરેલી રમતનો અભીઆસ કરશે.

સેતરંજ એક પાટીઆં ઊપર રમાએછે. તે પાટીઆંમાં ૬૪ ખાંણાં હોએછે જેને "ઘર" કેહેછે અને તે ઘર આંતરે આંતરે સફેદ તથા કાલું હોએછે. એ પાટીઆં ઊપર રમવાને ૩૨ મોહોડાં બનાવેલાં હોએછે. તેમને ચોકસ પરાંણીઓ ઈઆ પદારથોનો આકાર આપેલો હોએછે અને તે ઊપરથી તેમને મોહોડાં કેહેછે. એ આકાર ઘણું કરીને વેલાતી મોહોડાં ઊપર બરોબર પાડેલો હોએછે. એમાંનાં ૧૬ મોહોડાં એક રંગનાં તથા બીજાં ૧૬ બીજા રંગનાં હોએછે. તેમાં બે માંણસો રમવા બેસેછે તથા તેઓ પોત પોતાને ગમતા રંગનાં મોહોડાં લીએછે, ને પછે તેજ રંગનાં મોહોડાંથી દાવનું શેવટ આવે તાંહાંસુધી તેઓને રમવું પડેછે.


સેતરંજનાં મોહોડાં નીચે પરમાંણે હોએછે.

પાદશાહ. વજીર. હાથી. ઘોડો. ઊંટ. પીઆદું.



શીખનારે પેહેલાં આ મોહોડાંઓને બરોબર ઓલખતાં શીખવાં જોઈએ. તે થોડે વખત દરએકને એક પછે એક ધેઆંનથી મંનમાં ગોખવાથી ઈઆદ રેહેશે. દરએક રંગનાં ૧૬ મોહોડાં મધે પાદશાહ અને વજીર એકેકજ હોએછે, હાથી, ઘોડો, અને ઊંટ બબે હોએછે, તથા પીઆદાં અથવા સીપાઈ આઠ આઠ હોએછે. ઈંગરેજો એ મોહોડાંઓને જુદાં નાંમ આપેછે. પાદસાહાનેતો તેઓ પાદશાહજ કેહેછે, પણ વજીરને રાંણી, હાથીને કીલો, ઘોડાને સવાર, તથા ઊંટને પાદરી કરી કેહેછે. પણ હમે ઊપર આપણી રીત પરમાંણેનાં નાંમ આપેલાંછે અને ઈઆદ રાખવું કે નાંમ ગાંમઠીછે તોપણ ઊપલાં મોહોડાં વેલાતીછે અને ગાંમઠી મોહોડાંનાં આકાર જુદા હોએછે. એ સેજ જાંણવા માટે લખીશુંછે.

મોહોડાં ઓલખતાં સીખવા પછે બીજી બાબદ તેમને પાટીઆં ઊપર ગોઠવતાં શીખવાનીછે. એબી સેજ ધેઆંન આપવાથી આવડશે. જારે પાટીઆં ઊપર તેમને ગોઠવીઆં હોએછે તારે તે આ પરમાંણે દેખાએછે—



એમાં દરએક ઓરદુને બે નાંકે બબે હાથી, તેઓની પાસે બબે ઘોડા, તેઓની પાસે બબે ઊંટ અને તારપછેનાં બે ખાંનાં મધેનાં રમનારનાં જમણા હાથ ઊપરનાં ખાંણામાં પાદશાહ તથા ડાવા હાથ ગમ વજીરને ગોઠવવામાં આવેછે. તેઓની નીચેનાં ખાંણાંની એક હાર પીઆદાં અથવા સીપાઈઓથી રોકાએછે. એ પરમાંણે મોહોડાં ગોઠવીઆ પછે બે ર

મનારાઓની બે બાજુનાં બબે ઘરની હાર ભરાએ છે અને વચમાંની ચાર હાર ખાલી રેહેછે. એમ મોહોરાં ગોઠવીઆ પછે રમત શરૂ થાએછે, પણ તે રમવાનાં કાએદા હમે આવતા આંકમાં આપીશું તેટલાં ઊમેદછે કે વાંચનારી બાનુંઓ શેતરંજનું પાટીઉં તથા સોટકાં મેલવીને ઊપલી સમજને ધેઆનમાં રાખશે.

---

## જીવ સાથે લખત.

જોનાટન એડવરડસ નામના એક નામીચા અધીકારીએ રાજ કારોબાર ચલાવવામાં ઘણી કીરતી મેલવી હતી તથા તેણે ઘણા સારાં કામો કીધાં હતાં. આ ફેરફાર તેની જીંદગીના પાછલા દાહાડાઓ ઊપર એકાએક થઈ ગએઓ હતો. તે કેમ હશે વારૂં ? તેને કાંઈ નવી દોલત નહી મલી હતી, તે કાંઈ નવા લાગ વગથી ઈઆ એવીજ કોઈ બીજી રીતે દુનીઆંમાં વધી ગએઓ નહી હતો. પણ વાંચનારી બાંનુઓને આ વાત લગાર નવાઈ સરખી લાગશે કે તેણે એક દાહાડે બેસીને પોતાના જીવ સાથે લખત કીધું હતું જેમાં તેણે સીનેર શરતો લખી હતી અને તે કલમો પરમાંણે ચાલવાના તેણે સપત વઠીક લીધા ' તે પોતાના મોહોત સુધી આ લખત પરમાણે ચાલીઓ હતો અને તેથી તે ઘણી નેકી કરી શકીઓ. તે લખતમાંની મુખીઅ કલમો નીચે પરમાણે હતી.

૧. ખોદાની મદદ વગર મારાથી કાંઈ બનતું નથી વાસતે તેનું નામ લઈ આ નીચે ટાંકેલી શરતો પરમાણે ચાલવાનો હું. ઠરાવ કરૂં છઊં. એ શરતોને દર અઠવાડીઆંના એક વખતે મારે વાંચી જવી.

૨. જે કામ ખોદાની મરજી તથા હોકમ પરમાણેનું હોએ તથા મારા ભલાં, નશા અને મોજને મલતું હોએ તે મારે વખત ઈઆ મુશકેલનો વીચાર કીધા વીના બજાવવું. એમાં માણસ જાત તરફની મારી દરએક ફરજ બજાવવામાં મારે કમી કસુર રાખવી નહી.

૩. હંમેસાં કાંઈ નવી ગોઠવણ અને નવી ઈરીકતીઓની ઊપલાં કાંમ બજાવા ખાતર, મારે શોધ કરવી.

૪. એક ઘડીબી જો હાથમાં આવીનો તેને જવા દેવી નહી, પણ જે કાંમ ફાએદા ભરેલું હોએ તે કરી લેવું.

૫. જે કાંમ કરવામાં મને ખોદાની બીહીક હોએ, તે મોહોત કાંએ નહી આવે તોબી બજાવવું નહી.

૬. ખાવા પીવામાં હંમેસાં મધીઅમપણું રાખવું.

૭. જે કાંમ બીજાઓએ કીધુ હોએ અને તે મને નાંપસંદ હોવાથી તેને ખાતર બીજાંને હું ઠપકો આપું તે કાંમ પોતે કદી કરવુ નહી.

૮. જેવુ મારીથી કાંઈ ખરાબ કાંમ થઈ ગએલું માલંમ પડે તેવુજ તેને અટકાવવુ અને તે કેમ થએઊં તેનુ કારણ સોધી કાહાડવુ, તથા તે થએશે તેને માટે પસતાવો કરવો અને ફરીથી તે નહી થાએ એવા ઊપાએ લેવા.

૯. દર અઠવાડીએ કાંમની નોધ રાખવી અને અઠવાડીઊ પુરૂ થતાંજ તે તપાસી જોવી કે આગલાં અઠવાડીઆં કરતાં આ અઠવાડીઆંમાં વધારે સારાં કાંમ થએઆંછે કે નહી ' દરરોજ રાતે દીવસનાં કાંમ ઊપર વીચાર કરવો

૧૦. જો કોઈ વીસવાસ કરેતો તે વીસવાસને જાલવવો.

૧૧. લોકો વચે કજીઓ નહી થાએ પણ હંમેસ સમાંધાંની રેહે એવાં કાંમ કરવાં.

૧૨. હું પોતે પોતાનો ધણી હોએ એમ સમજીને નહી, પણ ખોદા મારો ધણી હોએ એમ સમજીને ચાલવુ.

૧૩. કોઈ હસી કાહાડે, કોઈ ગુસે થાએ ઈઆ કોઈને ખરાબ લાગે એમ બોલવુ નહી.

૧૪. સારા, મીઠા, ગંભીર, એકાંત, શંતોશી અને દઓઆલુ સવભાવથી જે કાંમ ઊલટુ હોએ તે નહી કરવુ, અને તે સવભાવ જે કાંમ બતાવે તે કરવુ.

૧૫. આ દુનીઆંમાં નહી પણ આવતી દુનીઆંમાં શુખ કેમ મલશે તે મતલબ મનમાં રાખીને હરએક કાંમ કરવું.

૧૬. જારે મોહોત આવે તારે "જો ખોદા મને મારી જીંદગી પાછી આપેતો હું વધારે સારી રીતે ગુજારત" એમ મને કેવુ નહી પડે એવી રીતે જીંદગી ગુજારવી.

૧૭. જારે એક કાંમને મારે બીજાંની વખાંણ થાએ અને હું જોઊં કે હું તે કાંમ કરશ તો મારીબી વખાંણ થશે તો મારેબી તે કાંમ કરવુ.

૧૮. જારે કાંઈ દુખ આવી પડે તારે વીચાર

કરવો કે તેથી મને ફાએદો શું થએગો અને તેથી વધારે દુખ ખોદાએ જો મને આપીઊ હતેતો કેટલો ગેરફાએદો થતે.

આવી રીતનુ લખત જો બધાં માંણસો પોતપોતાનાં જીવ સાથ કરેતો કેવુ સારૂં ? કદાચ બધાંને એ રીતે લખત ખરેખાતે લખવા ગમતું નહી હોએ તોબી મનમાં એવી સરતો સમજી શાખવાનાબી ફાએદા ઘણાછે.

—————

## રમુંજે ફુરસત.

૧. હું એક જીણી પણ કાંમની ચીજ છઉં. મને જીબ નથી તોપણ બોલું છઉં, અને મારી ભાશા ઘણી સાદીછે. હું દલગીરી, ગમી અને ખુશી દેખાડું છઉં. મને પગ નથી તોપણ તમે મને દોડતી જોવોછો. મને માછલીના સરખી પાંખ નથી તોપણ હું તરતી ફરૂં છઉં. જોકે મને જડી લીધીછે તોપણ હું લટકું છઉં જોકે હું સથીર તોપણ બેકરાર છઉં. કોઇ કેહેછે કે હું બારી છઉં, કોઈ કેહેછે કે હું બારણું છઉં, અને કોઈ મને ગોલો, આરસી, સાંકલીઉં અથવા અવીઅય સાથ સરખાવેછે. પણ વધારે શું છે ? કોઇ કેહેછે કે માથામાં મારૂં રેહેઠાનછે, પણ કોઇ કેજે હું સોએમાં છઉં અને પરેટામાબી છઉં. કોઇ મને હીરો કેહેછે, કોઇ મને ફતર કેહેછે, અને કોઇ મને પાંણી કેહેછે. હું કાલી, બલુ, ઘોલી અને ભાનરી છઉં. હું ગોલ, નીચી, પોહોલી ઇઆ ચપટીબી છઉં. હુ જોકે નાજુક તોપણ શખત છઉં. હું બેવડી છઉં અને એકવડીબી છઉં. હું નમણી છઉં અને દાવીબી છઉં. હું ભીજાએલી છઉં અને સુકોબી છઉં. હું ધીકારતી છઉં અને દએઆલુબી છઉં. હું પોતે અંધારાંમાં છઉં તોપણ ઉનરફુ આપું છઉં. હું કાલી તોપણ ચલકતી છઉં. હું નાગી તોપણ ધંકાએલી છઉં. ફે. ક.

૨. **જાદુઈ ખેલ**—ઘડીઆલને આપણા હોકમ અને મરજી પરમાણે ચલાવવા અથવા બંધ પાડવાનો અખતરો ઘણો રમુજીછે. તમે એક મીજલશમાં કોઇનું ઘડીઆલ લેવો અને એકુ જણના કાંન આગલ ધરો. તે કેહશે કે ઘડીઆલ ચાલેછે, પણ તેજ ઘડીઆલ બીજાના કાંન આગલ ધરો અને તેને તેની ટકોરી સંભલાશે.નહી. રીત—જે ઘડીઆલ ઉપર તમે અખતરો કરો તે બીગડેલું નહી હોએ તે તપાસજો. તાર પછે હાથમાં લોહોચુંબકનો એક કટકો છુપાવી રાખો. જારેબી તે કટકો ઘડીઆલને લાગશે તારે તેનો સાંચો બંધ પડશે, પણ જેવું લોહોચુંબક આગલથી ખીશીઉં કે તે ચાલવા માંડશે. આ અખતરો સારી રીતે કરવા માટે લોહોચુંબક એક હાથમાં અને ઘડીઆલ બીજા હાથમાં રાખવું તથા જારે તેને બંધ પાડવું હોએ તારે લોહોચુંબકવાલા હાથમાં રાખીને કાંન આગલ ધરવું.

—————

## પરચુરણ બાબદો.

**વસતીની ગણતરીમાં ખરચ**—ગએઆ મહીનાંમાં મુંબઈ મધે વસતીની જે ગણતરી થઈ હતી તે પરમાંણેની ગણતરી ઇઉરોપનાં જુદાં જુદાં દેશોમાંતો વારેઘડીએ થાએછે અને તેમાં મોટો ખરચ કરવો પડેછે. ગએઆં સને ૧૮૬૧ મા ઇંગલંડ અને વેલસ ખાતે જે ગણતરી થઈ હતી તે વખતે એ કાંમ પાછલ સાડાનવ લાખ રૂપીઆનો ખરચ બેઠો હતો. દર હજાર માંણસની ગણતરી કરતાં ૪૧ રૂપીઆ લાગા હતા. અલબતાં એ કાંમ પાછલનો મોટો ખરચજ એ કાંમની અગત દેખાડી આપેછે.

—

**જેવો જેનો શોખ**—બેનીડીક્ટ સપીનોજા નાંમનાં એક નામીચા લખનાર વીશે એવુ કેહેવાએછે કે તે દરરોજ માતર ચાર પાંચ દોહોડીઆં ખોરાકી પાછલ ખરચતો હતો. બટનર નાંમનો એક જરમન વીદવાંન પોતાનાં અભીઆસનો એટલો શોખી હતો કે વખત ચુકવાની ધાસતીથી તથા જે નાંણુ વધે તેની ચોપડી ખરીદવાની આશાને ખાતર તે દરરોજ માતર એકજ વખત ખાતો હતો. લલંડ નાંમનો ફરેંચ પોતાના ગજવાંમાં હંમેશ એક નાહાની પેટી કરાડીઆ તથા કામડીઆથી ભરેલી રાખતો હતો, કેમકે તે પરાંણીઓને ખાવાનો તેને ઘણોશોખ હતો.

—

**રાખશી રેલવે**—અમેરીકામાં મોટી ટરેનોને ૫૭ વાહેથી હંસેલામારી ચલાવા માટે હાલ એક રાખશી કદની આગ ગાડી બનાવીછે. તેમાં બાર પઈડાંછે અને તે દરએકની વીઆસ ૪૩ ઈંચછે. એ ગાડીનુ વજણ ૧ લાખ ૬ હજાર ૩૨૦ રતલનોછે.

—

**કાતર**—એકેએક વાંચનારી બાંનુ દરરોજ પોતાની પાસે સોએ, દોરો અને જીણી કાતર લઈને બેસતી હશે. પણ હેઠલ ટાંકેલી કાતર ઉપર તેઓ શું મત આપશે ? વેલાતનાં એક કારખાનાવાલાએ હાલ રૂશીઆની સરકારનાં એક કારખાંનાંને માટે એક મોટી કાતર બનાવીછે. તે વજણમાં ૨૪ ટનછે અને જે ચીજને. કાપી નાખવી હોએ તે ચીજ ઉપર ૧૦૦૦ ટનનાં બોજા જેટલુ દબાંન થાએ એવી રીતે તેને બનાવીછે. એ કાતર ઠંડા લોહોડાંનાં જાડા સલીઆને આરપાર કાપી શકેછે. અલબતાં તેને ચલાવા માટે સાંચો વાપરવો પડશે.

—

**માહા રાંણીજીની માએઆ**—નામદાર રાણી વીકટોરીઆ પોતાની રઈએત તરફ કેટલી પરીતી અને માએઆ ધરાવેછે તથા તેઓને સારાં કાંમોની કેવી ઉલટ આપેછે તેનાં બેહદ દાખલા છપાઈ ચુકાછે. હેઠલ એક નવો દાખલો આપીઓછે. થોડાક દીવસ ઉપર રાંણીજીનાં મરનાર ભરથારનુ એક બાવલુ ગોઠવવા અગાઉ એક નીશાલની ૧૩ વરસની વએની એક છોકરીએ તે મરનાર શાહાજાદા વીશે પોતાની અકલ મુજબ એક સારી કવીતા જોડી હતી. તેની ખબર નાંમદાર રાંણીને થવાથી તેણે

પોતાના કારભારીની મારફતે તે છોકરીના ઈનાંમ દાખલ ૩૦ રૂપીઆની રકમ મોકલીછે.

---

## સવાડીશટ પકવાંનો, ઈતીઆદી.

**નવી જાતનુ પુડીંગ**—અછેર ઇઆ તેથી થોડા વધારે પાંઊના પોપરા તથા કગરસો, મે પેટ દુધ, એક કપ ભરીને ખાડ, ચાર ઇડાંની દાલ કાલવેલી, એક લીંબુની છાલ બારીક કીધેલી, અને એક ઇડાના કદ જેટલુ માંખણ—એ સરવેને લેલીને ભુજવા મેલવુ જારે તે જરા કઠણ થાએ અને પાંણી જેવુ નહી રેહે, એટલે તેને ચુલા ઊપરથી ઊતારવુ અને તે ઊપર જેલી ઇઆ એવી કોઇ ચીજનુ એક પડ કરવુ તે પછે એક કપ ભરીને ખાડમા એક લીંબુના રસને કાલવવો તથા તેમા ઊપલા ચાર ઇડાની સફેતી નાખીને જરા તાટ થાએ તાહાંસુધી કાલવવુ એટલુ કરીને તેને પુડીંગ ઊપર પાડરવુ અને તાર પછે તેને ચુલા ઊપર ફરીથી ભુજવા મેલવુ

**ઉચું કેક**—પોણી રતલ સફેદ ખાડ અને હરધુ રતલ માખણને જાહાંસુધી તમાંમ સફેદ થાએ તાહાંસુધી કાલવો. તારપછે સાત ઇડાની દાલ અને સફેતીને જાહાંસુધી ફીણ ઇઆ ફેદર આવે તાંહાસુધી કાલવો અને તેમાં એક વાઇન ગલાસ બરાડી, એક ખમનેલુ જાએફલ, અને દોઢોડ રતલ ચાલેસો મેદો ઢુમેરવો. તેમા ઊપલી ખાડ અને માખણને મેલવી નાખવુ તથા તારબાદ થોડીક ઊચી મલાઈ તથા એક રતલ ખીસમીસ ભેલીને એ આખી મેલવણીને ભુજવા મેલવી.

**લીંબુનું સરબટ**—આઠ મોટા લીંબુને છોલીને તેની નાહાની નાહાની ચીપ કરવી અને તેને એક બાટલીમાં ભરવી પછી તેમા વાઇન અથવા બરાડીની "ઇસપીરીટ" (જે ટરીચરને તાહાથી મલશે) તે એક પેટ નાખવી અને બાર કવડી બદામને છોલીને તેની ભુકી ભભરાવવી એવી હાલતમા તે બાટલીને ૬ દીવસ રેહેવા દેવી. તારપછે એક રતલ ઊચી શફેત ખાડનો સીરો કરવો, તેને મારીપઠે ઊકાલવો પછે ઠ ડો પાડવો અને છેલે તે બાટલીમા નાખી બીજા ૬ દીવસ રેહેવા દેવો તારપછે બલાટીંગ પેપરમાંથી તેને ગાલી કાહડવો અને ખુચ મારવો જેમ તે વધતા દીવસ રેહશે તેમ સુધરશે.

---

## છોડીઓની નિશાળનો દેખાવ.

(ગરબી.)

"વારૂણું વીઠલરે કે, પાલવ નવ ઝાલો." એ રાગનીછે.

અમે આજ ગયાતારે, નિરખવા નીશાળે,
તે જુગતી જોતાંરે, તુરત ચિંતા ટાળે. ૧

બાળકિયો બેઠીરે, ભલી વિધ ભણતીછે,
કોઈ બીજગણિતનારે, ગણિત પણ ગણતીછે. ૨.

કોઈ નિર્મળ નીતીરે, વિવેકે વાંચેછે,
પ્રકરણતો જેમાંરે કે, પૂરા પાંચેછે. ૩.

કોઈ લેખણ લઈનેરે કે, લખવા બેઠીછે,
કોઈ ઉંડે વિચારે રે કે, પૂરી પેઠીછે. ૪.

કોઈ ગરબી ગીતોરે, હરી ગુણ ગાતીછે,
કોઈ શિક્ષક પાસેરે, સમજવા જાતીછે. ૫.

કોઈ ચતુરપણાથીરે, ચિતર ચીતરતીછે,
કોઈતો ભલિ ભાતેરે, ભરત શુભ ભરતીછે. ૬.

કોઈ પ્રશનો પૂછેરે, પરસપર પ્રીતિથી,
કોઈ કવિતા કરતીરે, રૂડી રસ રીતિથી. ૭.

કોઈ ભુગોળ ભોળેરે કે, નજરે નરખેછે,
સગળી વિધ સમજીરે કે, હઇડે હરખેછે. ૮.

કોઈ ખગોળ શીખેરે, ખરેખરિ ખાંતેથી,
કોઈ નકશો નિરખેરે, નચિંત નિરાંતેથી. ૯.

કોઈ વાતો વાંચેરે, જુગતિ બહુ જેમાંછે,
કોઈ પાઠ પઠેછેરે, તવારિખ તેમાંછે. ૧૦

કોઈ કળા કુશળતારે, શિખેછે સજ થઈને,
કોઈ પ્રયોગ બનતારે, જુએછે ત્યાં જઈને. ૧૧.

કોઈતો ગ્રામાંતરરે કે, મનથી માપેછે,
કોઈ પુરૂં ભણીનેરે, પરીક્ષા આપેછે. ૧૨.

કોઈ ભણી ગણીનેરે, બિજીને ભણાવેછે,
કોઈ વાદ કરીનેરે, વિચાર છણાવેછે. ૧૩.

કોઈ ચંચળ ચતુરાંરે કે, નાજુક નહાનીછે,
કોઈતો વિદિયાનીરે, અધિક અભિમાનીછે. ૧૪

કોઈ સદગુણવાળીરે કે, સમજુ સારીછે,
કોઈ પુત્ર બરાબર રે, પિતાને પ્યારીછે. ૧૫.

કોઈ લાયક ગુણનાંરે કે, લક્ષણવંતીછે,
કોઈના તન ઉપરરે કે, વસ્ત્ર વસંતીછે. ૧૬.

કોઈ સારા ઘરનીરે કે, રંગે રૂડીછે,
કોઈના કરમાંહીરે, ચળકતી ચૂડીછે. ૧૭.

કોઈ દિલની ડાહીરે, ભલીજ ભણેલીછે,
કોઈ લાડકવાઈરે, કોઈ અલબેલીછે. ૧૮.

કોઈ મીઠા બોલીરે, ઉમરમાં મોટીછે,
કોઈને વળિ કાંનેરે, અમુલ્ય અકોટીછે. ૧૯.

કોઈ કેળ સરીખીરે, કોમળ વચનીછે,
કોઈતો મૃગ સરખીરે કે, નિર્મળ નયનીછે. ૨૦.

શિર કેશ સમારીરે કે, વેણો ગુંથીછે,
કોઈતો સમજેછેરે કે, શોભા હુંથીછે. ૨૧.

દીકરિયો જાણેરે કે, છે સઉ દેવતણી,
ઉપમાશી આપુંરે, ઘટિત એથીજ ઘણી. ૨૨.

જગદેવ દયાથીરે કે, એવી દીકરિયો,
ધન્ય જે જનનીનેરે કે, ઉદરે અવતરિયો. ૨૩.

જેના જશ જગમાંરે, વિવિધ વખણાયાછે,
ગુણ દલપતરામેરે, ગણી ગણિ ગાયાછે. ૨૪.

---

# માહાવારી ખબરોનો સાર.

(તારીખ ૧૬ મી જાનેવારી ૧૮૯૪ થી ૧૫ મી ફેબરવારી ૧૮૯૪ સુધી.)

**દુસટ** કોલારાથી કરીને આ મહીનામા એક પારસીનુ આખું કુટુંબ મરણ પાંમીઊ હતુ. તેમાં તેના બ દીકરા, એક દીકરી, એક દીકરાની દીકરી, એક વહુ અને એક જમાઇ તરણ દીવસમા મુવા હતા ઘરમા કોલારો થતાંજ બચાં છોકરાને દુર રાખવાં ઘટેછે.

**મોંઘવારીને** લીધે કચ ખાતે કેટલાક સખી ભાઠીઆઓએ સસતે ભાવે અનાજ વેચવાની દુકાનો ઊઘાડીછે એને માટે ૪૦ હજાર રૂપીઆનુ ફંડ થએઊ છે અને દર રોજ ૪ હજર માણસો ૧૨૦૦ થી ૧૩૦૦ રૂપીઆનો માલ ખરીદેછે

**ખેતીવાડીને** લગતા બારથી ચાલના ઓજારો જે જમખડીનાં રાજાએ વેલાતથી મગાવીઆછે તેમની તપાસ થઇ સુકીછે એમા જમીન ખેડવાનાં તથા બીજા સાચાઓછે જેથી ખેતીવાડીનુ કામ અજાએબ જહડપથી ચાલેછે

**મુંબઈનો** ગવરનર ગુજરાતમાં ફરવા ગએઓ હતો સુરતમા શેઠ કાવશ્જી જહાગીરે બધાવેલી ઇસપીટાલ તેણે ઊઘાડી હતી જહા તેણે કીમતી ભાશાણ કીધુ હતુ મુંબઇથી સુરતવેર તે નામદાર રેલવે માજ ગએઓ હતો આપણો ગવરનર પેહેરવાસમા એટલો સાદોછે કે એકુ બે ગામના પટેલોએ તેને નજરાનુ આપવા જતી વખતે પેહેલા માનીઊ નહી કે ગવરનર તેજછે

**રાજા** ગાએકવાડ જે મુબઇ આવીઓ હતો તેણે વીકટોરીઆ મીઊસીઅમમા નામદાર રાણીનુ એક બાવલું મેલવાનો હોકમ આપીઓ હતો. રાજાનુ ૭૮ લાખ રૂપીઆનુ જરીઆંન ટાઊનહાલમાં દેખાડવા મેલીઊં હતું કેટલાક વરતમાન પતર વાલાઓને તેણે નાણા ભેટ કીધા હતા થાણામા બરાખો વચે તેણે ૨૦ હજર રૂપીઆ વેહેચીઆ હતા છેલે દાહાડે તે કેટલીક રાંડોની મુલાકાત લઇને હલકો પડીઓ હતો

**વલી** એક હીદુ માહારાજે કોઇ માતબર ભાટીઆની છોકરીને બીગાડીછે આવા હેવાનોને મોટી સજા ઘટેછે

**પુણામાં** પુરંધરની કાપમાં મી॰ અરદેસર ખરશેદજી કામા અને મેજર મારગન નામનાં અમલદાર વચે વાંધો પડીઓ હતો, કારણકે એ અમલદારે મી॰ અરદેસરને એક નજીવે બાંહાને કાપમાથી કાહાડી મેલીઓ એ નથા જાહેર રસતા ઊપર કેટલીક ગાલો દીવી હતી એની ફરીઆદી કોરટમાંતો ઊપલા ઇગરેજની તરફ થઇ હતી પણ સરકાર તરફથી તે ઇગરેજને શખત ઠપકો મલીઓછે

**કાલબાદેવી** ઊપર કોઇ ઠગારો બરાભણ આવીઓછે અને જે વેહેમી બઇરાઓ તેને ભવીશ પુછવા જાએછે તેઓને તે ધુતેછે આવા ઠગારાઓ પાસ જવા અગાઊ બઇરાઓએ વીચારવુ જોઇએ કે તે એક ખોદા શીવાએ બીજુ કોઇ માંણસ ભવીશ જાણતું નથી

**સુરતમાં** એક ખુટા સુથારનુ ખુન થએઊછે ખુન કરનાર તેનો પડોશી હતો અને તે હાલ કેદીછે

**નાગપોર** આગલના જગલમાથી પાલખીમા બેસી જતી એક લેડી ઊપર એક વાઘે હોમલો કરી તેને પાલખીમાથી ખેચી કાહાડી ને લઇ ગએઓ હતો મધી અ હીદુસતાનમા વાઘોની મોટી વસતીછે

**તારીખ** ૨ ૭ ફેબરવારીની રાતના મુબઇની વસતીનો સુમાર કાહાડવામા આવીઓ હતો આવી ગણતરી કીવાથી લોકોને કેટલા ફાએદા થાએછે તથા રઇએતનુ સુખ વધારવાનુ સરકારને કેવુ બની આવેછે તે સમજાવાને ઘણાક ગરહસથોએ અછી મેહેનત લીધી હતી મુબઇમા ૪ લાખ કબીલા વસેછે, જેમાના માતર ૨૮ હજર કબીલા વાચી લખી જાણેછે

**શેઠ કાવસજી જાંહાંગીરે** ૨૦ હજાર રૂપીઆ આપીને ગણદેવી ગામમા એક ઇગરેજી નીશાલ કેહડાવી હતી. ગણદેવીના રેહેવાસીઓએ પોત પોતાની ગુજાઇશ માફક તે નીશાલના ફડમા ૪૦૦ રૂપીઆ ભરીઆ હતા

**અમેરીકામાં** હાલ જે લડાઇ ચાલેછે, તે ઊપરથી દખણ વાલાઓની એક મનવાર નામે "આલાબામા" પોતાના દુશમનના વાહાણો પકડવા માટે જુદે જુદે ઠેકાણે ફરતી ફરેછે તે મનવાર મુબઇની નજદીક આવીછે અને આજ સુધી તેણે આસરે ૮૦ વાંહાણ લુટીઆછે

**જેમ** મુબઇનાં હજામોએ સપ કરીને પોતાના ભાવ-વધારીઆ હતા તેમ ધોબીઓએ પોત પોતાની એક સભા ભરીને કીધુછે. તેઓના ઠરાવેલા ભાવથી જે ધોબી ઓછુ લીએ તેને સજા કરવાનુ તેઓએ વીચારીઊ હતુ

**લાકડાં વાલાઓએ** સંપ કીધા ઊપરથી સરકારે લોકોને સસતે ભાવે લાકડાં વેચવા માટે વારીબંદર આગલ એક વખાર ઊઘાડવાનુ ઠરાવીઊં હતુ. તાહાથી ૧૦ રૂપીએ ૧॥ ખાંડીની એક ગાડી મલી શકશે

**મુંબઈમાં** દેશાવરથી અનાંજ મંગાવી સસતે ભાવે વેચવાને કેટલાક ગરહસથો એ મલીને એક કંપની કીધી હતી માહેલા પરાતોને માટે પણ એવીજ એક કંપની થઇ હતી

**શીગરાંમમાં** બેસીને ટકસાલ જોવા ગએલી કેટલીક સ્રીઓની ગાડી ટકસાલના તલાવ આગલ પુગા પછે, ઘોડો એકાએક તલાવ ઊપર ચહડીને અંદર પડીઓ હતો અને ગાડી તેમાના બઇરા સુધાં તેમા પડવાની ધાસતી હતી, પણ શારાં ભાએગે તે બચી હતી

**કલકતામાં** એક બાલક પોતાના પર આગલના કુવા આગલ રમતા તે કુવામા પડીઊ હતુ. આ બનાવ બારીએથી જોઇને તેની જવાન મા તુરત નીચે દોડી આવી અને બચાંને બાહેર લાવનાર કોઇ નહી મલવાથી તેણે પોતે નખાવી દીધું જેથી બચાની સાથે તેથી મરણ પામી

**આપણી રાંણીનો** વડો પુતર જે ગએ વરસે પરણીઓ હતો, તેને તાંહાં એક બેટાનો જનમ થએઓછે. આ બનાવની ખુશાલીમાં મુંબઇના લોકોએ માહારાણીઊપર માન પતર મોકલીઊંછે

**વાલકેશવર** અને કોલાબા વચે જે મોટી ખાડી આવીછે તે પુરવાનો હાલ વીચાર ચાલેછે. શેઠ કાવસજી જહાંગીર, શેઠ પરેમચદ રાએચદ, અને બીજા બે ઇગરેજોએ મલીને એ વીશે સરકારની રજા માગીછે અલબતાં આ દરીઓ પુરવાને કાઇ નાહાનો ખરચ થશે નહી.

**આપણાં** દેશમા સુનાના સીકા ચલાવાની ઘણી જગોએથી સરકારને ભલાંમણ થાએછે. સુનુ હાલ દુનીઆંમા પુશકળ મલેછે માટે તેના સીકા રૂપાંના કરતા વધારે સગવડ કરશે

**પંજાબ** અને કલકતામા મોટાં સંગરહસથાનો થએઆછે બંગાલનાં સગરહસથાનમા ખેતીવાડીનું કામ સારાથી કેવુ સરસ ચાલેછે તથા ઊચા ઢોરો કેવાં અને કેમ થાએછે તે ખેડુત લોકોને ખુરત દેખાડીઊ હતુ.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. મારચ ૧૮૬૪ . આંક ૩ જો.

## ધીરાં કાંમ સાહેબના

અથવા

## સાંમટું શંકટ અને સાંમટું સુખ.

એક વારતા.

### પરકરણ સાતમું.

### અસફંદીઆરને આસરો.

સુરસાંનનું જંગલ કાંઇ નાહાનું નહી હતું. તેના છેડાતો જાંણે બીલકુલ દેખાતાજ નહી હતા. તેમાં કુદરતે કરેલી વસતી પોતામાંજ જાંણે એક નાહાની સરખી દુનીઆં હતી. જંગલના એક ભાગમાં શું બનતું હતું તેની બીજા ભાગમાં ખબર આવતી નહી હતી, અને તેવી ખબર રાખનારાંબી તાહાં કોઈ નહી હતાં. સુખી ભરવાડોને માતર પોતાના જીફડાં અને ગોવાલાં કરતાં વધારે કાંઇ બીજની દરકાર નહી હતી! અને તેથીજ પેલી નેકબખત શીરીન તથા શુશન બાંનુઓ જારે ભાઈ બેહેનોના લેબાશમાં આ બોહોલાં જંગલમાં એક ગરીબડા ભરવાડનું જીફડું ખરીદ કરી આવી રહેઆં, તારે તે જંગલના બીજા ભાગમાં કોણ વસતાં હતાં તે તેઓ જાંણતાં નહી હતાં. બાકી જો તેઓને તેવી ખબર હતેતો પીપરાના જાહાડ ઉપર શીરીન પોતાનું નામ વાંચીને બેશુધ થતે નહી.

પણ આપણુ તે ખબર મેલવીએ શીરીન તથા શુશંનની સાથ જારે આ જંગલમાં આપણ આવી ચુકા તથા જારે તેઓને આપણે ભરવાડના જીફડાંમા વાસો કરતાં જોએઆ તારે તેઓને હવે પડતાં મેલી આગલ વસનારાઓની આપણ ખબર લઈએ. અલબતાં રંગબેરંગી પંખીઓ, ઉડતાં પાતરાંઓ, અને કુદતા જહરાઓ આગલથી આપણ ચાલીએ છઈએ—અને ઘણે વારે એક ઠેકાંણે આવી પુગા છઈએ. પણ હીઆં શું દેખાવ નજરે આવેછે ? હીઆતો ભરવાડોના જીફડાંને બદલે હારેકટાર તંબુઓ મારેલાછે. હીઆંતો ગરીબડાં ગોવાલાંને બદલે તીખા ઘોડાઓ તથા સવારો તથા ચોકારીઓ ફરતા ફરેછે. હીઆંતો ઓરંણો ઉપર વખાતાં મેલેલાં કપડાને બદલે લાંબી કાઠીઓ ઉપર મોટા વાવટાઓ મોજાની મીશાલે પવણ ઉપર ઉરેછે. ટુકમાં આ સુરશાંનના જંગલમાં શીરીન તથા શુશંનનાં જીફડાની કેટલાક ગાઉ દુર દબદબા ભરેલી છાવણી પડેલીછે અને તેમાં પાદશાહી રસાલાનો દોર તથા દમાંમ જોવામા આવેછે

આ છાવણી કોણની હશે ?

કદાચ વાચનારી બાંનુઓ વીચારશે કે પાદશાહા કેકાઉસની દીકરી શુશંન તેની ભતરીજી શીરીન સાથ મેહેલમાંથી નીકલી જવાથી રાજે તેઓની શોધમા આવીઓ હશે અને તેની આ છાવણી હશે, પણ નહી. એ અટકલ ખોટીછે. આ છાવણીતો પાદશાહા લોહોરાસપની છે. આ છાવણીતો શીરીનનાં પોતાનાં બાપનીછે. વાંચનારી બાંનુઓને ઈઆદછે કે તેબીચારાનુ રાજ તેનાં જુહાપાનાં વખતમાં તેનાં જુલમગાર ભાઈ કેકાઉસ (શુશનના બાપે) થાગાથી છીણવી લીધુ હતું અને તેણે એ નીરદોશ પાદશાહાનેજ નહી, પણ તેના બધા દોસતો અને દરબારીઓને બીઆબાન જંગલમાં દેશનીકાલ કીધા હતા. તેઓ પોતાનાં ગુરબી સાથ હીઆ વાસો કરી પડીઆ હતા. ગઈ ગુજરી વાતને ઘણી મુદત થવાથી તેઓ ભુલી ગએઆ હતા. તેઓનો વખત ગમતમાં, ધરમીપણાંમા અને નેકીમા ગુજરતો હતો.

ગરીબ બીચારી શીરીન! તેને ખબરબી નહી હતો કે જાંહાં તે આવી હતી તે તેનાં બાપને રેહેવાનુજ જંગલ હતુ! જારે તે દેશનીકાલ થએઓ તારે શીરીન ઘણી નાંહાંની હતી, તોપણ ખચીત તે પોતાના બાપને ભુલી ગઈ નહી હતી મગર તેનું રેહેઠાંણ જાંણતીતી નહી.

એટલુજ નહી પણ જે રાતે શીરીન તથા શુશંને પેહેલ વેહેલાં આ જંગલમાં પગ મેલીઓ તેજ રાતે પાદશાહા લોહોરાસપનાં તંબુમાં એક અગતનો બનાવ બનીઓ હતો. પાદશાહા પોતાના દોસતો સાથે ખાંનાંનાં શુફરા ઉપર બીરાજેલો હતો. લેહેજતદાર પકવાનો હારેકટાર ગોઠવેલાં હતાં તથા તેમાંથી મસાલેદાર ખખવાશે બધાઓના નાંખતર થઈ રહેલાં હતાં, જેથી તેઓ ખાવાની તઈઆરીમાં હતા. પણ જેવો પાદશાહે ખાંનાંમાં હાથ મેલીઓ તેવોજ એક જવાં મરદ તંબુમાં દાખલ થએઓ અને પાદશાહાનો હાથ ખાતાં અટકાવીઓ. તેનાં હાથમાં નાંગી તલવાર હતી, તે ઘણોજ ગુસાથી લાલ બ

નીઓ હતો, તે પરશેવે ગરકાવ થએલો હતો અને થાકથી હાંફતો હતો.

તે બુમ મારી બોલીઓ કે "ખબરદાર ! આ ખાંનાંમાં કોઈએ હાથ નહી ઘાલવો, અને જો કોઈએ એકબી નવાલો ઉંચકીઓતો તેનુ સર આ સમશેહેરથી કાપીને છુટુ પાડશ." પાદશાહાને જોઈને તે બોલીઓ કે—"એ ભલા મરદ તમે કોણછો, તે હું જાંણતો નથી પણ તમારા દેખાવ ઉપરથી તમો કોઈ મોટાં માંણસ લાગોછો વાસતે હું તમોને એલતેમાસ કરૂં છઉં કે તમે જેવા દેખાવોછો તેવાજ જો ખરેખરા હોવોતો ખાંનાંથી હાથ ઉઠાવો."

આ ધમકીથી સરવે કોઈ દંગ થઈ ગએઆ. પણ પાદશાહા લોહોરાસપ ઘણો નરમ સવભાવવાલો હતો, તે બોલીઓકે "એ જવાંન હમે ખુશીથી હાથ ઉઠાવીને ખાંનું બંધ કરીશું—પણ તેની અગાઉ તું કેહેકે તું કોણછે અને હીઆં શું માગેછે ? શું કોઈ શંકટને લીધે તેં આવો જંગલી અવતાર લીધેછે કે તું ખરેખરો કોઈ જંગલીજછે ! જો તું ભુખો હોએતો હમારી સાથે બેસ, જો તુંને કાંઈ જોઈતું હોએતો ખુશીથી માંગી લે."

જે જવાંન એક પલ અગાઉ સંહી સરખો હતો તે આ નરમ સુખનોથી બોકરા જેવો થઈ ગએઓ. તે બોલીઓકે "સાહેબ, મારી બેઅદબીને ખાતર હું માફ માંગું છઉં, પણ આ જંગલ સરખી જગામાં બેઅદબી કીધા વીનાં મારો ઠાગ લાગશે નહી એવું ધારીને મેં તે બેઅદબી ચલાવીછે." પાદશાહે તેની બેઅદબી માંફ કીધી તારે તે બોલીઓકે "સાહેબ હું નરીમાન બીન પેશોતનનો છોકરો અસફંદીઆર છઉં, હું ઘણો ગરજાઉ છઉં અને તે ગરજ મીટાડવાની તમારીથી આશા રાખું છઉં. જમાંનાંની ગીરદેસીથી હું આ જંગલમાં આવી લાગો છઉં પણ મારો એક જઈફ નોકર ભુખે કરીને મરવા પડીઓછે, તેને અધમુવો નાંખીને હું હીઆં આવીઓ છઉં. મારા પોતા કરતાં તેની અને વધારે દરકારછે અને જો તમારો હોકમ હોએતો તેને હું હીઆ લાઉં."

પાદશાહા આ ભાશાંણથી બહુજ ખુશી થએઓ. તેણે અસફંદીઆરને ઓલખીઓ તથા પોતાની ઓલખ આપી અસફંદીઆરનો બાપતો તેનો પુરાંણો મીતર હતો અને જારે રાજો દેશનીકાલ થએઓ તારે અસફંદીઆર એક મસતીખોર બાલ હતું રાજાએ તેને ચાપીને કોટી કીધી જે પછે અસફંદીઆર કાઈબી વાત પડતી મેલી તાંહાંથી તુરત જતો રહેઓ અને થોડાવારમાં પેલા બુટા અરજાસપને પોતાની પીઠ ઉપર બેસાડી લઈ આવીઓ.

અરજાસપ મુસાફરીની થાકથી અધમુવા જેવો થએઓ હતો. તેણે રાજાના નમશકાર કીધા અને રાજાએ આ બંને પહરોનાંઓને ખાંનાં ઉપર બેસાડીઆ. ખાતાં ખાતાં રાજાએ તરેહવાર વાતો કીધી, અને છેલે અસફંદીઆરને પોતાનાં બાપની મીલકત મેલી જંગલમાં આવવાનો શું સબબ પડીઓ તે પુછીઉં. અસફંદીઆરે અવલથી આખર સુધીની સરવે હકીકતો કહી. કેવો તે દુખી જવાંન હતો, તે દુખને ખાતર કેવી તે કુસતી લડીઓ હતો, તાંહાં શીરીન તેના ઉપર કેવી ફીદા થઈ હતી, કેવો તેનાં વડા ભાઈનો તેનાં ઉપર જુલમ હતો, કેવો તેનું કાટલું કાહાડવાને તે ખંતી હતો, કેવો તેને બાલી નાંખવાની તેણે ગોઠવણો કીધી હતી, કેવી નીમખહલાલી ભલા અરજાસપે દેખાડી હતી, તે અને બીજી હકીકત વીસતારીને જારે રાજાને અસફંદીઆરે કહી સંભલાવી તારે તે ઘણો દલગીર થએઓ. તે વખતથી તેણે અસફંદીઆરને પોતાની છાવણીમાં રાખીઓ, તે વખતથી તે તેનાં ઉપર અતીઅંત પીઆર દેખાડવા લાગો અને તેજ વખતથી અસફંદીઆરે પેહેલ વેહેલું જાંણીઉં કે તેની વાહાલી આશુક શીરીન જેનાં નાંમ ઉપર તે કુરબાંન હતો પણ જેને મેલવવાની તેણે આશા મેલી હતી તેનો બાપ આ નાંમદાર પાદશાહા હતો. તેને જોઈને સીરીન અસફંદીઆરની ઈઆદદાસતમાં પાછી તાજી થઈ. હવે તેનું ચીત સઘલું સીરીન ઉપર પાછું ફરીઉં અને તે વીચારવા લાગો કે જો સીરીન પોતાનાં કાકાનો મેહેલ છોડી આ ઠેકાંણે આવેતો તેનાં લગણ કેવાં નકી થાએ !

શું એ શુખ અસફંદીઆરને મલશે ?

---

### પરકરણ આઠમું.

## નવો ખોલાસો—નવી પીડા.

અને હવે પેલાં જાહાજ ઉપર શીરીનનું નામ કોણે લખીઉં હતું તે હમારા વાચનારાંઓ સમજી ગએઆં હશે. તે કાંઈ જેમ ગરીબડા સલમને વેહેમ હતો તેમ આ જાહાજ મધેના કોઈ દેવસથાનના ચાલા નહી હતા. શીરીનનું નામ કાંઈ કોઈ ભુત, દાકણ ઈઆ એવીજ બીજી કોઈ બલાથી એકાએક જાહાજ ઉપર ઉગી નીકલીઉં નહી હતું—પણ તે નામ લખનારતો તેને અંતકરણથી ચાહાનારો, તેનો વાહાલો દીલદાર અસફંદીઆર હતો.

જે વખતે આખી રાત જીફડાંમાં ગુજારીને સહવારના પોહોરમાં શીરીન તથા શુશન ફરતાં ફરતાં આ જાહાજની નજદીક આવી પુગાં હતાં, તેની થોહોજ વખત અગાઉ અસફંદીઆર પોતાની શુંદર આશુકને ઈઆદ કરતો તે જગેએથી ચાલી ગએઓ હતો. તે આખી રાત તેને ઉંઘ આવી નહી હતી. શીરીનની શીકલ તેની આંખ આગલથી ખીશી નહી હતી અને સહવારના જાહાજે જાહાજ શીરીનનું નામ ઓલવીને તેણે ગમત મેલવવાનું કીધું હતું, પણ બીચારી શીરીનતો આ અચરતી ભરેલો બનાવ જોઈ એવી બેસુધ થઈ હતી, કે શુશંનને જંગલની વચમાં પોતાના ખોલા ઉપર એ સાકર સરખી બેહેનનું માંથું રાખીને બેસી રહી અફસોસ કરવી પડી.

થોડો વખત જવા પછે શીરીનને જેવી જરા જરા હોશીઆરી આવી તેવીજ શુશંન તેને દીલાસો દેવા લાગી. તે બોલી કે "મારી સાકરીઆ શીરીન તું એટલાં એક જાહાજ ઉપરના નામથી શા માટે ઘભરાએછે. વાહાલી તેં મરદનો લેબાશ લીધેલોછે અને આવી જાહેર જગામાં જો તું એ પરમાણે નાહીમતી દેખાડેતો પછે આપણો ભરમ શું ફુટી નહી જશે અને આપણ શું ઉઘાડા નહી પડશું ! શીરીન, શીરીન હીમત રાખ. જો સાંમેથી કોઈ માણસ આવેછે, તે આપણને આવી હાલતમાં જોશેતો કદાચ આપણ પકડાઈ આવીશું."

શીરીને માંથું ઉંચકીને જોએઉંતો તાંહાં ખરેખર એક જવાંન બેગાંનો પુરૂશ આવતો હતો. તે ઘણો ચીયરેહવાલ હતો. તે ઘણા અંદેશામાં ચાલતો હતો. તેનું મેજું કેકાંણે નહી હોએ એવું દીસતું હતું. તે એક ઠેકાંણેથી બીજે ઠેકાંણે દમકતો હતો, પણ તેવામાં તેની નજર શીરીન તથા શુશન ઉપર પડી માટે તે તેઓની આગલ આવીઓ.

તે કોણ હતો !

શું તે અસફંદીઆર હતો !

ખોદા કરેને તેજ હોએ.

પણ નહી, એતો કોઈ બીજો મરદ હતો.

આ બેગાંનાએ આવતાં વાર શીરીનને પુછીઉં કે—"ભાઈ હીઆં કોઈ જવાં મરદને તમે જોએઓતો !"

સીરીન—"નહી સાહેબ, હમે કોઈને જોએઓ નથી. પણ તેને શું છે ! કાંઈ આફત આવી પડીછે ?

બેગાંનો—"ભાઈ, આજે બરીબામદાદથી હું તેની શોધમાં નીકલીઓ છઉં, પણ અફશોશ તે મને કેથે જડતો નથી. તે માતેલો અને મારા કરતાં જરા ઉંચોછે. કદે તે ઘણો બલવંત અને દેખાવે ખુબસુરતછે. પણ હાએ હાએ આરા કાંહાં લાગ લાગાછે ?" એટલું કહી તે રડવા લાગો.

શુશંનને તેના ઉપર દએઆ આવી તે બોલી કે "ભાઈ તમે શા માટે રડોછો ! તમારૂં શું દુખછે ? કદાચ હમારીથી જો કાંઈ બનતું હોએતો તે બજાલાવવાને હમે તઈઆર છઈએ."

બેગાંનો—અરે નેકબખત બાઈ મારૂં દુખ શું કહું ! હું ખાખાવરખો થઈ ગએઓ છઉં. મારૂં સતીઆનાસ થએઉંછે, અરે મારૂં નખોદ વલીઉંછે. બાઈ મારૂં ઘરબાર, માલ મીલકત, જર જેવર સઉ આગમાં બલી ગએઉં છે, અરે રે ! મારો કાંહાં થાગ લાગશે

શીરીન—એ દુખી મરદ તમે એ શું બોલોછો તેની સમજ નથી પડતી. તમારૂં ઘર કાંહાં બલી ગએઉં, કોણે બાલી નાંખીઉં, તમે કોણને શોધોછો, તમે પોતે કોણ છો તે ખોલાસો કરો.

બેગાંનો—દએઆલુ ભરવાડ હું નરીમાંન બીન પશુતનનો વડો દીકરો ગસતહમ છઉં. હું મારા ભાઈ અસફંદીઆરની શોધમાં નીકલીઓ છઉં.

આ સુખનો વલી સીરીનને તીરની મીશાલે લાગા.

શીરીન—અસફંદીઆર ! તેનાં તમે ભાઈ થાવોછો, તેને તમે શોધવા નીકલીઆછો ! પણ સાંને વાસતે ?

ગસતહમ—અફસોસ તે મારૂં ઘર છોડી, અને રખડતો મેલીને જતો રહેઓછે. સાંભલ બાઈ, હું જે ભોગવું છઉં તે મારી ચાલથીછે. અસફંદીઆરની કીરતીને માટે મને ઘણો બલાપો હતો, તેથી કરીને તેને બાલી નાંખવાનો મેં ઠરાવ કીધો હતો, પણ તે વાતની તેને આગમચથી ખબર પડવાથી તે પોતાનાં બીછાંનાંમાં ઘાસ ભરી કેથે જતો રહેઓ, પણ તેથી તે બચીઓ અને મારૂં આખું ઘર બલી ગએઉં. અરે ! હવે હું પસતાઉં છઉં. હું આખી રાતનો ઘરમાંથી નીકલીઓ છઉં, હું તેની પાસે માફ માંગવા માહું છઉં, હું તેને પાછો શેહેરમાં લઈ જવા માંગું છઉં કે જે બીજી મીલકતો બાકી રહેલીછે તે હું તેને આપું અને હું પોતે તેનાં તાબામાં રેહું. ખોદા ! મેં તેનાં ઉપર ઘણો જુલમ કીધોછે અને તેથી જીઆદે જુલમ હવે મને ઘરેછે.

ગસતહમને મોહોડેથી આ બેઆંન સાંભલીને સીરીન તથા શુશંન મોટી અચરતીમાં પડીઓ. આ હકીકતથી શીરીનને જે જુસા ઉપજીઆ તેનું બેઆંન થઈ શકશે નહી. તે ખુશી એમ થઈ કે અસફંદીઆર એક મોટી આફતમાંથી બચીઓ, તે દુખી એમ થઈ કે અસફંદીઆર ઉપર ઘણો જુલમ પડીઓ, તે ઇનતેજાર એમ થઈ કે અસફંદીઆર કાંહાં ગએઓ તે માલમ પડીઉં નહી. તેણે તે વીશે ગસતહમને પુછીઉં અને તેણે જવાબ દીધો કે "આરી ખાતરીછે કે અસફંદીઆર આ જંગલમાં આવીઓછે, અને મારી ફરજછે કે તેને શોધી કાહાડું તથા તેને હવાલે થાઉં, પછે જોઈએતો તે મને મારે ઇઆ જીવતો રાખે." એટલું કહીને તે તાહાંથી જતો રહેઓ.

ગસતહમ પણ ખુબસુરતીમાં કાંઈ છેક ઉતરતો નહી હતો. તે દેખાવે સોભાઈતો અને ઘાટ ઘટમે મનભાવતો હતો પણ તેની ઉપલી ઘાટકી ચાલ ઉંઘાડી પડવાથી શીરીનને તેને માટે મોટો ધીકાર આવીઓ હતો. આટલું છતાંબી ગસતહમે શુસંન ઉપર જરા સારી અસર કીધી. તેણે ગસતહમ ઉપર દએઆ કીધી કારણકે તે ગમે એવો ઘાટકી હોએ તોપણ પોતાની ચાલ તેણે આ પરમાંણે સુધારી અને તેણે પસતાવો કીધો એટલુંજ તેને માફી બખશવાને બસ હતું.

અને તે ઉપરથી સાકર તથા મધ વચે વાતચીત ચાલી. શીરીન બોલી કે—"મરજો એવા લુંડા ભાઈઓ. એવા બદબખત દીકરાઓ માંનાં પેટમાંથીજ બલી ભશમ થજો."

શુશંન—શીરીન, શીરીન, એ તું શું બોલેછે ! તેને ગાલ દેવામાં તું એટલી શાંની ઉલટ લીએછે ? જોતી નથી કે તે પોતાની ચાલને માટે પશેમાંનછે.

શીરીન—પણ બેહેન તેણે મારા વાહાલા અસફંદીઆરને આ હીસાબે કાંઈ થોડું દુખ દીધું નથી.

શુશંન—પણ તેને માટે હવે તે થોડો પસતાતો નથી.

શીરીન—વારૂં તારે તેનાં પસતાવાથી મારા અસફંદીઆરનું દુખ કાંઈ ઓછુ થએઉં ?

શુશંન—અને મીઠી શીરીન તું તેને ગાલ દેશે તેથી કાંઈ તેનું દુખ ઓછું થવાનુંછે ?

શીરીન—એ વાત ખોટીછે. ભલુ માંણસ તે કે જે પસતાવો કરવોજ નહી પડે એવી ચાલ ચલાવે.

શુશંન—અને તોબી જે ઘણી ખરાબ કાંમ કરીને સુધરે નહી તેના કરતાંનો એવા માંણસ ભલા કે નહી ? વાહાલી શીરીન તું જાણેછે કે આ દુનીઆંમાં માંણસ માંતરે ખાંમી ભરેલુંછે, માટે તેની ખાંમીને ખાતરજ તેને એકદમ ધીકારવા કરતાં જો તે ખાંમી નહી સુધારે અને પસતાવો નહી કરેતો તેને ધીકારવો સજાવારછે.

શીરીન—અરે અસફંદીઆર તે બીચારો કાંહાં રખડતો હશે.

શુશંન—પીઆરી તું ધીરજ રાખ "ધીરાં કાંમ સાહેબનાં." અને એવુ લાગેછે કે આ જાહાડ ઉપર તારૂં નાંમ લખનાર તેજછે, માટે જો તે આ જંગલમાં હશેનો આપ

ણે તેને શોધી કાહાડીશું, જે પછે જો ખોદા કરશેતો તે તારે હાથ આવશે.

**શીરીન**—અને તું ?

**શુશંન**—હું, જો ખોદાનુ ચાહાવુ હશેતો કદાચ ગસતહમ સાથેજ પરણુશ. ખરૂ કેહુંછ કે જારે તે શુધરીઓ છે અને વલી તેની હાલત ઘણી ગરીબછે તારે તેનાં તરફ મારૂ દીલ દોહેછે. શીરીન, મોહોબત અને પીઆરની વાતોને હું હસી કાહાડતી આવી છઉં પણ ગસતહમના આવી જવા પછે મારામા અજબ જેવો ફેરફાર થએઓછે.

આ વાતચીતમાં અતીશએ વખત વહી ગએઓ, પણ તે જણાએઓ નહી અસફંદીઆરને શોધી કાહાડવાની શીરીનને મોટી ઉલટ આવી. શુશંને પણ ગસતહમ ઉપર છુપી નેગાહા રાખી તેની ચાલ ચલણ તપાસવા ધારી, પણ એ વીશેની ગોઠવણો કરતાં એક વીચાર તેઓને ઇઆદ આવીઓ, તેઓને તે જગા છોડી જીફ્રડામાં જવા ગમીઉ નહી. કાંએકે તેઅને એવી આશા હતી કે જારે અસફંદીઆર આ જગોએ એક વખત આવી ગએઓ તથા જાહાડ ઉપર શીરીનનુ નામ લખી ગએઓ તારે કદાચ તે ફરીથીબી તાંહાં આવે ખરો.

અને એ રીતે ઇનતેજાર શીરીન આ ગંજાવર પીપરાના છાંએઆ તલે લીલોતરી ભરેલી જમીન ઉપર પોતાની પેઆરી શુશંનની બગલમાં હાથ રાખી પોતાના દીલદાર અસફંદીઆરની રાહાજોતી બેઠી. પણ તે વખતે તેની બેશુધી કાંહાં ગઈ વારૂ ? તેની નાંજુકી અને થાક અને ભુખ એ બધુ કાંહાં દફે થએઉ વારૂ ? પેલા પીપરામાંનો ભુત તેઓને ઘેરતો હવે કેમ અટકીઓ વારૂ ? મોહોબત મોહોબતે શીરીનનાં સરવે જુસાઓને વીસરાવી મેલીઆ !

રાહાજોતાંતો વખત ઘણો નીકલી ગએઓ, પણ અસફંદીઆરતો કાંઇ આવીઓ નહી તેને બદલે વલી એક નવો દેખાવ તેઓની નજરે પડીઓ. દુરની એક જાહાડી મધેથી એક જવાંન ઓરત દોડતી નીકલી આવી. તેને જોઇને આ બે બાનુઓ ઘબરાએઆં. શું કોઇ વાઘ, વરૂ તેની પુઠે લાગું હતું ? નહી—તેની પછવાડે એક ભરવાડ બાહેર નીકલીઓ. તે ઉપલી ઓરતને હાંક મારવા લાગો, પણ તેણીએ તેને જવાબ દીધો. તે આ ઓરતને ઉભી રાખવા માંગતો હતો, પણ તે સ્ત્રી જતી રેહેવા કેહેતી હતી. તે મરદ તે સીનો હાથ પકડી કાલાવાલા કરતો, પણ તે સ્ત્રી હાથ છોડવીને તથા ગાલો દઇને છટકી જતી હતી. અંતે જાંહાં શીરીન તથા શુશંન બેઠાં હતાં તેનીજ સામે એક ફતરની ગાદી ઉપર તે મરદની ઓહોસથી તે સ્ત્રીને બેસવાંની ફરજ પડી.

જારે તેઓ આટલાં આગલ આવીઆં તારે શીરીનને માલંમ પડીઉં કે ઉપલો મરદતો પેલો તુર નાંમનો ભરવાડ હતો, જે તેઓના વેહેમી ચાકર સલમનો ભીનર થતો હતો. તેણે સલમ આગલ પોતાની માશુક વીશે જે ફરીઆદ કીધી હતી તે તેઓએ સાંભલી હતી, અને હવે તેઓને ઇઆદ આવીઉં કે આપણેતો એ ભરવાડને તેની માંશુક સાથ જે અંતસ હતી તે મટાડવામાં તથા તે સ્ત્રીને સમજાવીને તેના લગણ લગાડી આપવામાં ગમત લેવાનું ધારીઉં હતું. હમણા તે કાંમ બજાવાની તેઓને તક મલી હતી, પણ તોબી આ જોડાંની વચે પડવા અગાઉ તેઓના ચાલા જોવા માટે અખાડા કરીને શીરીન તથા શુશંન બેસી રહેઆં.

તેઓએ જોએઉં કે બીચારો તુર ઘણો સારો, ગરીબ, અને થોડું બોલનારો હતો. તેથી ઉલટું જે બાએડી તરફ તેની મોહોબત હતી તે બાએડી મીજાજી, બોલકની, ક્લાંટ અને હસમુખી હતી. તેનું નામ હોમાએ કરીને હતું. તે ખામખા પોતાના દીલદારને ખીજવતી હતી. જારે તુર ઘર જવા કેહેતો તારે તે બેસતી અને જારે તે બેસવા કેહેતો તારે હોમાએ ઉઠી જતી હતી. જારે તુર મીઠા શબદોમાં તરેહવાર વાતો કરતો તારે હોમાએ તેને ગાલો દેતી, તથા તેથી જારે તુર ખીજવાઇ જતો તારે હોમાએ હસતી હતી.

આવો દેખાવ જોઇને શીરીનનું પાકી આવીઉં. તે હવે આગલ નીકલી આવી અને તેને જોઇને હોમાએ અચરત થઇ પડી. શીરીન મરદના લેબાશમાં એવાતો ખુબસુરત અને જુવાંન ભરવાડ જેવી લાગતી હતી કે હોમાએ ટીકી ટીકીને તેના તરફ જોતી તથા પોતાને મનસે પોતાના દીલદારનું ને આ નવા જવાંનનું રૂપ સરખાવતી હતી, પણ શીરીનેતો વચે પડીને સુકોદમ ભરાવાનો ઠરાવ કીધો હતો, માટે ભરવાડ લોકોની ગાંમડાંની ટપ પરમાણે તે બોલી કે "છોકરી, હોરાવ—તું એટલી સાંની લાહેરી કરેછે ? આ શખસને તું એટલી શાંની તવલાવેછે અને ખીજવેછે ? તુરમાં કાંઇ દમ નથી. હું જો તુર હતેતો તારા આવા શુખનો સાંભલવાને બદલે તુંને ધીકારીને ચાલી જતે, પણ પોરી તું દુવા માંગ કે તે તેમ નથી કરતો. દુવા માંગ કે તારાં ભાએગ મોટાંછે અને તુંને આટલી આબરૂ આપનાર એકબી મરદ રહેઓછે. બેવકુફ ભરવાડ તું સાંને વાસતે તેની પુઠે એટલો લાગી રહેઓછે. શું ગાંમમાં બીજી ઓરતોની ખુટ પડીછે કે આ સ્ત્રીના એટલા તાંણાંજાંણીના શુખનો સાંભલેછે ?"

**હોમાએ**—શુંદર છોકરા તું બોલ, તું બોલ. તુર મારી જે વખાંન કરેછે તે કરતાં તારા ઠપકા વધારે મીઠા લાગેછે. જો તું એક વરસ સુધી એ પરમાણે મને ઠપકો આપીઆ કરે, તોબી હું હીઆંથી ખીશું નહી ને તારૂં ખુશનુમાં મોહોડું જોએઆ કરૂં.

**શીરીન**—હું સમજીઓ. એમ કરીને તું મને લલચાવા આવીછે નહી ? પણ ઇઆદ રાખજે પોરી કે તેમાં તું ફાવશે નહી. તારી ખુબસુરતી ઇઆ તારા ગુણ કરતાં તો સરસ મેં ઘણી જોએલીઓછે—સમજ પડી ? તું કાંઇ એમ ના સમજતી કે આ બેવકુફ તુર જેમ તારી સાંમે દેવાનો થએઓછે તેમ હું થાઉં. હું તારીગમ આડી નજરે જોવશબી નહી, પણ તારા ફાએદાને વાસતે કહું છઉં કે આ મરદને ના પાડી તું હાથે કરીને તારી ખરાબી કરેછે. હુંતો નહી ધારતો કે જો આ મરદ તુંને છોડીને જાએતો પછે બીજો કોઇબી એવો આંધલો હોએ કે તારા હાથ સાથ હાથ મેલવવા ચાહે. વાસતે હજુરબી વીચાર કરી તથા ચાલ સુધારીને ઠેકાંણે આવ.

આ જોડાંની ભાંનગડમાં વચે પડીનેતો શીરીને એક નવી પીડાને પોતાને માંથે ખેંચી લીધી. કેમકે શીરીનના ભરવાડના લેબાસ ઉપરથી હોમાએ સજર ઠગાઇ, તેને શી

રીનનું રૂપ, ધાટમ તથા ટપ છપ અતીશએ પસંદ આવી અને તુરને માટે તેને વધારે ધીકાર પેદા થએઓ. હવે શું કરવું ! શીરીનતો વીચારમાં પડી. હોમાએ શીરીનને મરદ સમજીને તેનાં ઉપર પોતા વીશે સારી અસર કરવા મારે તરેહવાર દોલ ઘાલવા લાગી, જેનો ભેદ શીરીન સમજી ગઈ. પણ એ કેવું કઢંગુ થઈ ગએઉ એકતો શીરીન પોતે સ્ત્રી, બીજુંતો તેનું દીલ અસફંદીઆર તરફ રાત દાહાડો ગુંતેલું અને તેવામાં વલી આ પીડા તેને વલગી તે શીરીનને બહુ નવાઈ જેવું લાગું. હોમાએને મનસે આતો કોઈ આસમાન ઉપરનો ફરેસતો ઉતરી આવીઓ કેમકે આવો શુંદર, આવો દીલપસંદ દેખાવનો જવાંન માણસજાતથી અવતરેલો કેમ હોએ ? હોમાએ શીરીનનું ઘરબાર પુછી લીધું અને એ સીવાએ તેનાં મન ઉપર બીજી એવી ઉલટી અસર થઈ કે હોમાએ તુરનેતો બહુજ ધીકારવા લાગી. એ ઉપરથી સીરીને શુશંન સાથ ઘર તરફ જવાનું બેહેતર ધારીઉં. જવા અગાઉ શીરીને તુરને હરૂસે ચેતવણી આપી કે "હોમાએને જે શુકો દમ ભરાવીઓછે તેની અસર કેવી થાએછે તે તપાસવી તથા પછે ઘર આવીને તે વીશેની હકીકત કેહેવી."

ખચીત હોમાએતો એક મરદને બદલે ઓરત તરફ દીલ લગાડીઉં હતું ! એક ઓરત ઓરત ઉપરજ લોભાઈ જાએ અને ઓરતને પોતાનો ભરથાર કરવા ચાહે એ ઘણુજ રમુજીછે અને હવે જોવાનુ એટલુ રહેઉંછે કે આ રમુજનુ સેવટ શી રીતે આવેછે.

ઘણીવાર એવું બનેછે કે જે કાંઈ બનવાની આપણે વકી નહી રાખી હોએ તે બનેછે અને જેની વાત જોઈએ તે રહી જાએછે. તેજ મીશાલે વાંચનારાંઓએ જોઈ લીધું હશે કે બીચારી શીરીન તથા શુશન સહવારનાં પોહોરમાં જારથી નીકલીઆં તારથી સઘલું નહી ધારેલું બનીઉં હતું, અને હવે જારે તેઓ ઘર જવા નીકલીઆં તથા તાંહાં જઈ, તેઓને ખાંનુ ખાવાની વકી હતી તારે નહી ધારેલો બનાવ એ બનીઓ કે અસફંદીઆરને મલવાની સઘલી આશા છોડવા પછે તે જવાંન સાથ તેઓને મુલાકાત થઈ.

અસફંદીઆર સાંમેથી વીચારમાં ને વીચારમાં આવતો હતો તેવી શુશંનની નજર તેનાં ઉપર પેહેલ વેહેલી પડી. તેને જોઈને સીરીનને જે મોટો હરખ છુટો તેનું બેઆંન કોણ કરશે ? તે દુર હતો તેટલાં શીરીનનાં મનમા જે વીચારો દાખલ થએઆ તેનું વરણન કોણથી અપાશે ? શીરીન એવું ચાહાતી કે મને ખોદાએ પાંખ આપેતો હું જલદીથી ઉડીને અસફંદીઆરની પાસે જાઉં. તેને આવતાં જે થોડી મીનીટનો વાર લાગો તે સીરીનને ઘણા કલાક જેટલો લાગો. તેણે વીચારીઉં કે "ખોદા હવે મારી ઉપર કુરબાન થએઓ તે ખરો. હવે મારી છાતી બે ગજ વધી તે ખરી. હવે હું તેને એકદમ મલશ, તેને એકદમ ગલે વલગશ, તેને એકદમ કોટી કરશ, તેની સાથે એકદમ લગણુ કરશ."

પણ નહી !
એમ થવુ નહી જોઈએ.
અને કાંએ નહી વારૂ ?

---

# માં અને દીકરા દીકરીઓ.



"બચાં કોણને ઘરછે માંએ ?" આ વાકીઅ આપણાં લોકમાં ઘણો સાધારણછે, પણ તે ઊપરથી અગતની મતલબ ઊટેછે. બચાં સઊને ગમેછે. દર એક સ્ત્રીની છાતીમાં કુદરતે પોતાની ઓલાદ વધારવા અને ફરજંદનુ શુખ પાંમવાની ખાહેશ મેલીછે. બચાં તે આવતા જમાનાની આશા અને આ જમાંનાંની ગમતછે. બચાં તે બુઢાપાનો ટેકો અને જવાંનીનું શુખછે. બચાં ઊમરે પુગાબાદ સુખનાં સાંધન અને ઊમરે પુગા અગાઊ શંતોશ પાંમવાનાં મુલછે. બચાં સુખી ઘરની દેવાલ અને ગરીબ આદમીની દોલતછે. ખરેખર બચાં ગોલાબ બરોબરછે. આ દુનીઆંમાંની મંજલ સેહેલાઈથી કાપવા અને શંકટનાં કાંટાદાર વાટ ઊપર સુખનાં ફુલો પાંથરવા જાંણે બચાં જનમેલાંછે. તેતો માતર બચાંનાં બચપણનું શુખછે, પણ જારે તેઓ જીવીને મોટાં થાએ, તારે તેઓ પાછલા દીવસમાં પોતાનાં ખાંનદાંનને જેબ આપે એવી દુવા કેટલાં માંબાપ માંગતાં હશે ! બચાંની આગલ થઈ જવાનું કેટલાં માંબાપો ચાહાતાં હશે ! પણ બીજા હાથ ઊપર વલી કેટલાં માંબાપો બચાંની ઊમેદમાં અટવાઈ જતાં હશે, કેટલાં માંબાપોએ પોતાનાં દીકરા દીકરીઓની જતનમાં પોતાની જીંદગીની ધુલ કીધી હશે, અને તોબી કેટલાં માંબાપો તેમાં નીસફલ થવાથી નીરાસ અને નાંઊમેદ થએઆં હશે !

ખચીત આ બચાં સંબંધી બોનાં બે ઘડી બેસીને વીચાર કરવા જોગછે. આપણ શરવે આગલ બચાં હતાં અને સરવે પોતાની જીંદગીને માટે માબાપનાં આભારી છઈએ. આગલા વખતનાં માંબાપની મેહેરબાંની અને જતનથી આપણ હાલનાં વખતનાં માંબાપ થએઆં છઈએ અને તે હાલનાં વખતનાં માંબાપો ઊપર આવતા વખતનાં માંબાપોનો આધારછે. જેઓને પેટે ખોદાએ બચાંની બખશેશ કી

ધીછે તેઓ પોતાને ભાગ્યવાન સમજેછે, પણ વલી જેઓનાં બચાં સારાં નીવરે તેઓને સઊથી ભાએગવાંન ગણવાં જોઈએ. બચાં, ભલાં હોએતો બચાં—ને નહીતો માંબાપનાં પેલે ભવનાં વેરી. પણ ઘણી માંઓ હાલ મલી આવશે જેઓ કેહતી હશે કે એવાં બચાં પેટે નહી પડેતો ભલું. એ શું ? હમે પુછીએ છઈએ કે માંબાપ ઘણાં વરસ સુધી ચાહીને ખોદા પાસે બચાં માંગે અને પછે તેઓને આ પરમાંણે શરાપ દેવા પડે એ શું ? આપણી ઘણી ઓરતો બચાં જણવાની ઊતાવલને માટે સઈઅદને ઘરેઘર ભટકી તરેહવાર ધુતમ ધાતમ કરતી ફરે, અથવા જોસીઓને ઘર બોલાવી તપકા જનમપતરી દેખાડવામાં ચરી રેહે, અથવા ભર ભાડુતોનાં ઘરમાં લીણુની ચીર ઈઆ નીમખ નાંખીને ઈઆ દીવાની જોત ચોરી લઈ જઈને તેઓનું "વીઆવાનુ ખેંચી લીએ," ઈઆ બીજા અનેક પરકારનાં હસવા સરખા વેહમો રાખે, અને તોબી અફસોસ ! જારે તેઓને બચાં અવતરેતથા જારે તેમની જતન પાછલ પોતાની કાએઆને ઘસી નાંખે, તારે તેજ બચાં નઠારાં નીકલે એ શું કાંઈ નાંહાંનું સરખું ઈઆ જેવું તેવું દુખ સમજીએ ? નહી નહી—તે દુખ કેમ ખમાએ ? પેટનો કાદવ પેટે વલગે તે નહી જોવાઈ શકાએ ! ખોદા એવું દુખ દુશમનને નહી દેખાડે !

પણ જે ભોલી સ્ત્રીઓ આ પરમાંણે વીચાર આપેછે તથા આ પરમાંણે ફરીઆદો કરેછે, તેઓ એમ નહીસમજતાં કે તેઓનાં બચાં જે નઠારાં ઈઆ નકાંમાંનીકલે તેમાં ખોદાનો કાંઈ વાંકનથી, અથવા તેઓનાં બચાં રેગીસટ ઈઆ માંદાં હોએ તે કાંઈ ખોદા કરતો નથી. ખોદા કોઈ માંણસનું બુરું ચાહાતો નથી, અને "ખોદા દુશમનને નહી દેખાડે" એ દુવા માંગવીજ એક લેખે ગુનાહ ભરેલીછે. ખોદા એવું કાંઈ દેખાડતો હોએ એમ વીચારવુંજ તે મોટા સાહેબને અપમાંન આપવા સરખુંછે, અને તેને બદલે એમજ કેહવું ઘટેછે કે જે બુરાઈ થાએછે તે માંણસથી થાએછે. ઘણી માંઓ પોતાનાં દીકરા દીકરીઓની જારે હાલત જુવેછે, જારે તેમને રેગીશટ અને સદાનાં કાવલાં જુવેછે, જારે તેમને થોડી કેલવણી પાંમેલાં ઈઆ થોડું કમાનારાં જુવેછે, એટલુંજ નહી પણ આપણી ઘણી માંતાઓ જારે ઈંગરેજ બચાંઓને જુવેછે, જારે તેઓની સફેદ દુધ જેવી અને સોજા કાચ જેવી ચાંમડી જુવેછે, જારે તેઓનાં ભરેલા હાથ, પગ અને બરફી સરખા ગાલો જુવેછે, જારે તેઓની બોલવા ચાલવાની જહદફ અને હાજર જવાબી જુવેછે, તારે તે સઘલુ જોઈને વીચારેછે કે "ખોદાએ આપણાં બચાં એવાં કાંએ કીધાં અને એ લોકોનાં બચાં ઊપર બખશેશનાં રેલા કાંએ ઊતારીઆ?" પણ એ વીચાર ભુલ ભરેલોછે. ખોદાની નજરમાં સરવે ધરમ, જાત, અને લોક એકજછે. તે બધાંને સરખું આપેછે. જેવું સીધીને તેવુંજ ઈંગરેજને અને તેવુંજ પારસીને આપેછે. જે કાંઈ તે દીકરાને તેજ દીકરીનેબી આપી મોકલેછે, પણ પછે તેને વાપરવા ઊપર તેની સારી માઠી હાલતનો આધારછે.

બચાંને વાપરનાર, ઊધારનાર, કેલવનાર તેમનાં માંબાપછે અને તેટલા માટે એવું ઠરેછે કે બચાં સારાં ઈઆ માઠાં, શુખી ઈઆ દુખી નીવડે તેનો આધાર તે માંબાપ ઊપરછે. જે દાહાડે, જે કલાકે, જે ઘડીએ રાંણી વીકટોરીઆ જનમી હશે, તેજ દાહાડે, તેજ કલાકે, તેજ ઘડીએ શું વેલાતમાં અને હીઆં બીજા દીકરા દીકરીઓ જનમીઆં નહી હશે ? અને તોબી રાંણી વીકટોરીઆ આટલી દીપી નીકલી અને બીજાંઓ કોણ જાંણે કંગાલીએત ભોગવતાં હશે તેનું શું કારણ ? તે કાંઈ તેઓનાં ગરેહને લીધેતો નહીજ—કાંએકે જો ગરેહ સરખી કોઈ ચીજ ઊપર આ દુનીઆંમાં માંણસની હાલતનો આધાર હોએતો, રાંણી વીકટોરીઆબી તેવીજ થવી જોઈએ કેમકે તેનો ગરેહબી એકજ હતો. તેમજ વલી એનું કારણ કાંઈ નસીબબી નથી, ઈઆ ચોઘડીઊંબી નથી, પણ એટલુંજ કે જેવી કેલવણી રાંણી વીકટોરીઆને મલી તથા જેવા સંજોગમાં તે નાંમદાર બાંનું આવી તેવુંજ જો ને બીજાંઓ ઊપરબી વીતીશે હતે, તો જેવી તે નાંમદાર માહારાંણી હોસીઆર, નેક અને સરસ ઊતરીછે તેવાંજ તે બીજાંઓબી થતે. વાસતે બચાં સારાં ઈઆ ખરાબ નીકલે તેનો બધો આધાર તેમની કેલવણી તથા જતન ઊપરછે, તથા કેલવણી તથા જતન સારી લેવાએ તેનો આધાર માંબાપો ઊપરછે.

આ બીનાંની શરૂઆતમાં હમે બચાંથી કેવું સુખ મલેછે તેનું બીઆંન કીધુંછે. પણ હમે પુછવા માંગીએ છઈએ કે આપણાં ઘણા ઘરોમાં કયો દે

આવ નજરે પડેછે ? શું તાંહાં સુખી અને આસુદાં બચાં કે દુખી અને દરદી બચાં ઘણાં જોઈએ છઈએ ? સું તાંહાં રડતાં અને ટવલતાં બચાં કે બોલકનાં અને ખુશી બચાં ઘણાં જોઈએ છઈએ ? શું તાંહાં ગુતરનાં જબોલીઆં વચે પડીઆં પડીઆં કકલતાં અથવા દાદરનાં શીડીઆંઓ ઊપરથી વારેવાર ગગડી જતાં બચાં કે તનદરોસત, જોરાવર, કપડાં પેહડી હોડીને ફરનારાં બચાં ઘણા જોઈએ છઈએ ? શું તાંહાં માતાઓને બુમ પડાવે, ગાલો દેવાડે, રડાવે એવાં બચાં કે માતાઓની ખાંધે ચહડી બેસે, દરરોજ પગેલાગતાં ઊઠે અને શુવે તથા તેઓના હોકમમાં રેહે એવાં બચાં આપણ ઘણા જોઈએ છઈએ ? આ સવાલોનો કોઈ ખરેખરો જવાબ આપશે ?

ખચીત હમેતો ધારીએ છઈએ કે આપણા ઘરોમાં આ સરસ કરતાં નરસ ચીતાર વધારે જોવામાં આવેછે. એનું કારણ શું ? માતાઓ પોતાથી બનતી જતનતો લીએછે ? નહી—આપણી ભોલી બાંનુંઓ એમ સમજેછે કે હમે બચાંની જતન લઈએ છઈએ, પણ અનજાનપણેથી તેઓ ઘણી કશુર કરેછે. ટુકમાં બોલીએ તો બચાંની જતન લેવાની તથા તેઓને બરોબર કેલવણી આપવની માઓમા હજુર પુરેપુરી શકતી આવી નથી અને તેથીજ ઊપલો દેખાવ નજરે પડેછે, માટે બચાંઓ સારાં નીકલે, બચાંઓ કાબેલ, નેક અને સમજુ થાએ એટલા માટે જરૂરનું એછે કે તેઓની માતાઓને તેજ કેલવણી પરથમથી મલવી જોઈએ. એમ મારટીન નામનો એક લખનાર લખેછે કે "જો એક ટોલાની હાલત તપાસવી હોએતો આપણે એટલુંજ પુછવું કે તાંહાં સ્રીની પદવી કેવીછે, કેમકે માણસની આખી જીંદગી ઊપરં તેઓની સતાછે." મોનટેસકુઈન નામના ગરંથકરતાનો એવો વીચાર હતો કે "જેમ એક સાંચાની અંદરની કમાંન તપાસવા વગર માતર બાહેરથી તેને જોઈનેજ મત આપવું ભુલ ભરેલુંછે, તેમજ એક લોકોની હાલત તપાસતી વખતે તેઓની માતાઓની હાલત તપાસવા વગર મત આપવામાં ભુલછે." આ ઈઆને બચાંઓની જતન તથા કેલવણી સંબંધી બાબદ એટલીતો અગતનીછે કે તે ઊપર.ઘણું લખાવું ઘટેછે, અને એટલું ઈઆદ રાખવું જોઈએછે કે દેશનાં બેટા બેટીઓની હાલતનો આધાર દેશની માતાઓ ઊપરછે.

# સુવાવડ સંબંધી સુચનાઓ.

૩.

હંમેલથી છુટવાનાં કાંમનો બીજો ભાગ, જારે બચાંનું માથું અને બદન બાહેર નીકલેછે, તારે શરૂ થાએછે. એ કાંમને વખતે જણતી સ્રીને જે વીર થાએછે તે પેહલા વખતના કરતાં તદન જુદીછે. તે વીર વારેઘડીએ થાએછે અને દરએક વીર ઘણીવાર રેહેછે એટલુંજ નહી પણ એક વીર પુરૂં થએથી કે બીજુ ઘણું જલદીથી પાછલ આવેછે. આ વીરની વખતે દરદ પણ ઘણું જબરૂ થાએછે અને પેહલાં તથા છેલાં વીરમાં તફાવત એ હોએછે કે આ દરએક વીર શરૂ થતી વખતે જણતી ઓરત પોતાનો દંમ અંદર રાખીને તથા હાથમાં હરેક કંઈ ચીજ પકડીને તે વીરની સાથે કાંસેછે અને મોટેથી પોકાર મારતી નથી પણ જારે વીર પુરૂ થાએછે તારે તે જરાએક પોકાર મારેછે.

બાલકને જનમ આપવાનાં કાંમમાં બે જુદા જુદા વખતના વીરમાં જે તફાવતછે તે બરાબર ઈઆદ રાખવો જોઈએછે કે તેથી કરીને વેઆતી સ્રીને વાખતે આગમજથી બરાબર ગોઠવણ થાઈ શકે. ઊલટી પણ આ વખતે થાએછે અને એમ થવાથી ગરભનુ મોહ આગલની માફક વધારે ઘીલુ થઈને ખોલુ થાએછે. પણ જાંણવું જોઈએછે કે કેટલીએક વખતે ઊલટી બીજી ખરાબ નીશાંનીઓ સાથેબી માલમ પડેછે પણ તે વીશે આગલ ચાલતાં વધારે જણાવામાં આવશે. આ વખતે વારેઘડીએ વીર આવીઆથી જણતી સ્રી થાકી જાએછે અને થોડીવારણી હુંગાએછે. જો હુંગ થોડી હોએતો ઘભરાવાનું કાંઈ કારણ નથી. હુંગાવાથી તેની થાક ઘણી નીકલી જાએછે અને જારે તે પાછી ઊઠેછે તારે વીર વધારે જોરમાં શરૂ થાએછે તથા તેનો દુખમાં નીવેડો જલદીથી આવેછે.

વલી જેમ જેમ બચાંનું માથું આગલ વધતું જાએછે તેમ પગની નસો ઊપર વધારે ભાર પડતો જાએછે કે જેથી કરીને પગમાં આંકરાં આવેછે અને એથી તેને જરા વધારે વેદના ખમવી પડેછે. પણ જાંણવુ જોઈએછે કે બીજા વખતના વીરથી આખું કંઈ એકાએક જલદીથી બાહેર નીકલતું નથી

પણ આસતે બાહેર આવેછે અને કોઈવાર જરાએક પાછુ પણ હટેછે, જે પછે છેલે સરવાલે ઘણા જલદીથી વીર આવીઆને લીધે એ કાંમ જલદી થાએછે. તે વેલાએ તેનું માથુંજ નહી પણ બધુ બદન બાહેર આવેછે અને બદન બાહેર આવીઆ પછે તે માતાના દુખનો નીવેડો થવાથી તેને અતીઘણું ચેન અને શુખ માલંમ પડેછે.


હીઆં જણવાના કાંમનો બીજો ભાગ પુરો થથએઓ. હવે અગતનો તરીજો અને છેલો ભાગ શરૂ થાએછે, તે વખતમાં ઓર બાહેર નીકલેછે. એનુ કાંમ ઘણું ટુકમાં પુરૂ થાએછે કોઈ વેલા બચું જનમીઆ પછે તરતજ બીજાં વીરની મદદથી ઓર બાહેર નીકલેછે. પણ વારેઘડીએ એમ બનતું નથી. બચું જનમીઆ પછે ઘણુકરીને પાંચથી તે પંદર મીનીટની અંદર ફરીથી વીર શરૂ થાએછે. ઓર બાહેર પડીઆ પછે વેઆવાની બધી વેદના પુરી થાએછે અને બાલકનો જનમ આપવાના જોખમ ભરેલાં કાંમથી તે માંતા પરવારી ચુકેછે.

વેઆવાને લગતી ઊપલી બીના લખીઆ પછે જનતી વખતે અને જનીઆ પછે કેહેવા ઈલાજો, કેહેવી ગોઠવંનો અને બીજા ઘટતા ઊપાઓ કરવા, એ વીશે વાંચનારી બાઈઓને જાણવાનું ઘણું અગતનું અને કાંમ જોગછે.

અંગરેજ લોકની મોટે ઘેરની બાએડીઓ હમેલ રેહેઆ પછે હરેક કોઈ હોશીઆર ડાકટરને અગાઊથી જણાવી રાખેછે કે તેના વેઆવાના વખત ઊપર તે હાજર રેહ અને તે વખતે ઘટતા ઊપાએઓ કરે. વૈલાતમાં જે કોઈ ઘણી ગરીબ હોએછે અને તેઓથી ડાકટરનો લવાજમ અપાઈ શકાતો નથી, તેઓ ધરંમ ખાતેની હાસપીટાલ અથવા શુવાવડ ખાંનામાં જાએછે કે જાંહાં તેઓને વેઆતી વખતે હોશીઆર ડાકટરની મદદ મલી આવેછે.

## દુરબીનની અજાએબીઓ.

### દુરબીનોનું બીઆંન.



રાતને વખતે આસમાંનઊપર નજર કરતો એછે આદમી પોતાનાં ઘરની કર્કે ઊપરની બંગલીમાં બેસે છે. આ! હા! કેવો શુંદર દેખાવ તેની નજરે આવે છે! આકાશ બધી બાજુએથી ખોલુંછે અને એકબી વાદલનું તેના ઊપર ઘાલું જણાતું નથી. ચંદર તેની બારીની સાંમોજ આવીને પરકાસેછે અને તેની આસપાસનું આખું આસમાંન બીલીઆંન કરતાંબી વધારે જહલકતા હીરાઓથી જડી લીધુંછે. પણ એ શુંછે? તેનાં વીચારમાં ઊપલું આદમી પોતાની ભુખ, ઊંઘ, ઈઆ આસાએસને ભુલી જાએછે. જે રૂપેરી રોણકદાર થાલી તેની આંખ સાંમેછે, અને જે શુનેરી થાલી આખો દીવસ ફરીને સાંજેજ ઊદેહ થઈછે તે શું કાંઈ ખરેખર એવી થાલીઓ જછે? જે કરોડો અને કરોડો ચીંગારીઓ એકસરખી ફરસબંદીનાં આસમાંન ઊપર આંખને ટાહાડક આપનારા રંગોથી ઊજાસ મારેછે, તે શું જેને લોકો પેલી જીહાંન કહેછે, તાંહાંનાં કાંઈ દીવાછે ઈઆ શું તે જીહાંનનાં રસતાઓ ઊપર જડી લીધેલા હીરાઓછે? આ સવાલોનાં વીચારોમાં ઊપલો મરદ મસગુલ થાએછે.


વાંચનારી બાંનુઓ કદાચ વીચારશે કે આ સવાલોનો જવાબ કોઈથી આપી શકાશે નહી. પણ નહી, બેહેનો, એ ભુલછે. હજારો વરસની વાત ઊપર જારે માણસનું મન સાંકલું અને ટુંકી સમજ ધરાવનારૂં હતું, જારે એલમ અને હોન

રે આજના વખત જેટલી ફતેહ મેલવી નહી હતી, તારે આ સવાલોનો આદમી જાતને પુરતો જવાબ મલી શકતો નહી હતો. તારે ઘણાઓ તેના વીચારમાંને વીચારમાં ઘોડમાં ગએઆ હતા, અને ઘણાઓ દેવાંના બની જીંદગી અને જીહાંનથી રદ થઈ બેઠા હતા. પણ આજે માણસ એ સવાલોના કદાચ પુરેપુરા નહીતો લગભગ ખાતરી ભરેલા જવાબો આપી શકેછે. હાલ જમાંનામાં એક એવી શોધ થઈછે કે જેથી આગલા વખતનો ગુચવારો ઓછો થએઆછે અને તેથી ઊપલો વીચારમંદ આદમી પોતાની બંગલી ઊપરથી જારે પાછો ઊઠેછે તારે તેનુ મન ખોલું થએલું અને ખોદાઈ ખુદરતનો તેનાંમાં વધારે ડર પેદેલો દેખાએછે.

પણ એમ કઈ શોધથી બનીઊંછે ? "દુરબીન" એટલે દુરની ચીજ જોવાના હથીઆરથી. જે દુરબીનને વાંચનારી ખાંનુંઓ જો કદાચ વાપરતી હશેતો માતર વાલકેસવર ઊપરના બંગલા ઈઆ દેખમાંની સગરી જોવા વાપરતી હશે, અથવા જે દુરબીન કોઈ લુખીબાઇને ખીચરી કલાકને વખતે દેવલમાં કેટલા વાગા તે જોવાનેજ કામ લાગતી હશે, અથવા જે દુરબીનને કોઈ ચીન વાલાની ખાંનુએ પોતાના ધણીનું કાગજ લઈ આવતી આગબોટની "સીકલેલ" (સીંગનલ) જોવાનેજ પોતાની પાસે રાખી હશે, તે દુરબીનથી શું ઊપલા મુશકેલ સવાલોનો ખોલાસો થાએ? ખચીત દુરબીનને આસમાન તરફ ફેરવવાનુંતો હમારી બેહનીઓના ખેઆલમાંખી નહી હશે. કેટલીક બાઈઆનોતો એવો વીચાર હશે કે દુરબીન રાતને વખતે નકાંરુંછે, પણ નહી એમાંખી ભુલછે. દુરબીનનો ઊપીઓગ કાંઈ માતર આ દુનીઆમાંનીજ ચીજો જોવાથી પુરો થતો નથી. દુરબીનનું મોટું કાંમતો આસમાન ઊપરછે—જે કાંમને માટે મોટી અને નવી દુરબીનો બનાવવામાં આવીછે અને તે દુરબીનથી સેતારાઓ અને ચંદરને લગતા મોટા સવાલોનો ખોલાસો થએઓછે.

દુરબીનની શોધ કેમ થઈ તે ઘણાઓ જાણેછે. પેહેલ વેહેલાં હાલંડ દેશમાં એક ચસમાંવાલાની દુકાંન ઊપર તેના છોકરાઓ ચસમાના કાચ લઈને રમતા હતા. તેઓએ જારે બે કાચોને બે આંગલાં વચે ધરીઆ તારે સાંમેનું એક દેવલ તેઓને વધારે નજદીક આવેલું જણાએઊં. એ ઊપરથી તેઓએ ખુશી થઈને તે વાત પોતાના બાપને કહી, અને તે વખતથી એવું જાહેર થએઊં કે જો એકથી વધારે કાચોને ચોકસ તફાવતે રાખીઆ હોએતો દુરની ચીજ નજદીક દેખાએછે. આ છોકરાઓના બાપે પેહેલ વેહેલી જે દુરબીન બનાવી હતી તે ઘણીજ અધુરી અને અગવડ ભરેલી હતી, પણ તાર પછે વખત પરમાણે તેમાં સુધારો થતો ગએઓ. સને ૧૬૦૯ માં પેહેલવેહેલી સારી દુરબીન બની, જે પછે ગાલેલીઓ નામના માહાપંડીતે તેને ઘણી સુધારી અને આજના વખતમા દુરબીન એટલીતો સુધરીછે કે તે વીદીઆના એક મોટાં ચમતકાર દાખલછે. ખોદાતાલાના સઊથી મોટા તલેસમાંત એથી અજવાલાંમાં આવીઆછે. તેથી નવી દુનીઆંઓ, શુરજો તથા ચંદરો દેખાએઆછે. આખુ આસમાન એ શોધથી જાંણે ઊઘડી ગએઊંછે. જેમ દુરની ચીજ હોએ તેમ મોટી દુરબીન જોઈએ. એ કાએદાને ધેઆંન આપી હજુર મોટી દુરબીનો બનાવવામાં આવેછે અને હજુરબી વધારે શોધ થશે એમાં શક નથી.

હવે પછેનાં આંકોમાં એ કીમતી શોધોનું બેઆંન કરવાનો હમારો વીચારછે—પણ તેટલાં મોટી દુરબીન વીશે બોલતાં તેમાંની થોડીએકનું બેઆન હેઠલ આપીએ છઈએ. નાહનામાં નાહની દઆને પાંચ દસ રૂપીઆની કીમતની દુરબીનથી ચંદર માહેના ખોહો તથા પાહાડો સનીશચર નાંમનાં ગરેહની આસપાસની રોશની તથા ભરેસપતીની આસપાસ ફરતા ચંદર થોડા થોડા દેખી શકાએછે. મોટાંમાં મોટી એક દુરબીનનો ચીતાર હીઆં આપીઓછે. વાંચનારાંઓ



પુછશે કે એ શું દુરબીન કે મોટો નલો? તેતો એવી મોટી લાગેછે કે જાંણે અંદર માણસનાં માણસો પેસીજાએ! ખ

ચીત એ ઘણીજ મોટી દુરબીનછે અને જાંહાં સુધી એવી મોટી દુરબીનો તેમાં મોટા અને જાડા કાચ સાથે બના વી નહી હોએ તાંહાં સુધી તેમાંથી નવી દુનીઆંઓ અને નવા સુરજો જે સાદી આંખે માતર બારીક કરચ જેટલા દેખાએછે તેમની શોધ કેમ થાએ? જે દુરબી નનું આ ચીતરછે તે વેલાતમાં અરલ આફ રાસ ના મના એક ઊમરાવનીછે. તે ૫૬ ફીટ લાંબીછે અને તેનો બોજો ૩ ટન અથવા ૬૭૨૦ રતલછે. અલબ તાં તે ઊપલા ઊમરાવના ઘરમાં સમાતી નથી માટે તેને એક મેદાંનમાં ઊભી કરવી પડીછે, અને તેને ટેકાવા માટે એક મોટી પરાંજ બાંધવી પડીછે. તેને માતર ઊભી કરવા અરલ રાસને ૧ લાખ ૨૦ હજાર રૂપીઆનો ખરચ લાગો હતો. એજ ઊમરાવની એક બીજી દુરબીન ૨૭ ફીટ લાંબી હતી.

લીવરપુલમાં મી૦ લાસેલસ નામના એક ઈંગરેજની ૨૦ ફીટ લાંબી દુરબીનછે. ડાકટર હરસચેલ નામના નામીચા જોતીશે સને ૧૭૮૦ માં એક ૨૦ ફીટ લાંબી દુરબીન બનાવી હતી, જે પછે તેથી બમના કદની એક બીજીને બનાવતાં તેને નવ વરસ લાગાં હતાં. એ દુરબીનમાં જે ચીજ જોવી હોએ તે સાદી આંખે જેટલી દેખાએ તે કરતાં તે દુરબીનથી ૬૦૦૦ ઘણી મોટી દેખાતી હતી. સનીશચર નામનો ગરેહ આ દુરબીનથી એટલો મોટો દેખાતો હતો કે જાણે આપણે ૮૦ કરોડ માઈલની મુસાફરી કરીને તેની નજદીક ગીઆ હોએ, પણ જો એટલી મંજલ આપણને ખરેખર કરવી પડી હોએતો દર કલાકે ૫૦ માઈલ જતાંબી૧૮૦૦વરસ લાગે! વલી આ દુરબીનથી દુરના સીતારાઓ એટલા મોટા લાગતા કે જાણે આપણ ૪૦૦૦૦૦૦૦૦૦૦૦ માઈલ નજદીક જઈ તે સીતારા જોતા હોઈએ. આ આંકડાંનો વાંચનારને કાંઈ ખેઆલબી આવશે? દમ બાંધીને મીંડા ચહડાવેલાંછે, પણ જારે ચારસો માઈલનો મનમાં વીચાર ઊતરતો નહી તારે ૪ માહાપદમ માઈલ તે કેટલા તેનો વીચાર કરતાં જાણે મંન ઘેલુ થઈ જાએ. તોબી વીચારીએ કે કદાચ એટલા માઈલ આપણ જઈ શકીએ તે છતાં પણ તોપના ગોલા સરખી જહડપથીબી જો આપણને તાંહાં જવાતું બને તોબી જતાં જતાં લખો વરસ લાગે!

## વીલીઅમ ટેલની વાત.



તેરમી સદીની આખેરે અને ચઊદમી સદીની શરૂઆતમાં વીલીઅમ ટેલ એક શુરો નર થઈ ગએઓછે. સુવીટજરલાંડ દેશનાં બરગલેન નાંમના ગામમાં પરથમ તે એક ગરીબ રેહેવાસી હતો. તે બીજા ગામડીઆઓની મીશાલે ટુક ધંધો કરીને પેટ ભરતો હતો અને તે સીવાએ તે કાંઈ પુંજીવાલો નહી હતો અથવા તે કાંઈ એલમોમાં પઢેલો નહી હતો. લોકો કહેછે કે કાંઈબી હોનર સીખી લીધેલો કાંમનોછે તે ખરી વાતછે. વાલીઅમ ટેલને તીર મારવાનો હોનર ઘણો સારી રીતે આવડતો હતો અને હરએક ચીજને તીકેલી નેમે એવી આબાદ કમાન મારતો કે તે સંબંધી ચાલાકી ઊપરથી તે જે કામ કરી શકીઓ તેથી તવારીખમાં તેનું નાંમ નોંધાઈ રહીઊં.

વીલીઅમ ટેલના વખતમાં તેનાં રાજમાં લડાઈઓ ચાલતી હતી અને તેથી એ ધણીને એક રાજદુવારી ટોલીમાં સામેલ થવું પડીઊં હતું. આસટરીઅન રાજવાલાઓ સુવીટજરલાંડનાં લોકો ઊપર ઘણો જુલમ ગુજારતા હતા. આસટરીઆના સેહેનશાહ આલબરટ ૧ લો, તખને બેઠા પછે શુવીટજરલાંડનાં લોકોનુ સવતંતરપણું છીનવી લેવાની કોશેશો ચલાવતો હતો. ઈઊરી શવીજ અને અંટરવાલડ

નાંમનાં તરણ મુખીઅ પરાંતોને તે પોતાની ફેમીલીની ઈસ્ટેટ કરવા માંગતો હતો માંટે તે પરાંતોમાં તેણે પોતાની તરફનાં હાકમોને મોકલીઆ. આ હાકમો લોકો ઊપર બહુ જુલમ ચલાવવા લાગા. તેઓ ઊપર ગોએઆ તેણે ફતેહથી સતા મેલવી હોએ અથવા તેઓજાંણે એ હાકમોના ગોલામ હોએ એવાં અપમાંનો તેમને મલવા લાગાં. એ ઊપરથી એ તરણ પરાંતોના મુખીઅ રેહવાસીઓએ પોત પોતામાં એક ટોલી ઊભી કીધી, જેની મુલ મતલબ એવી હતી કે છુપી રીતે પોતાની સંખીઆમાં વધારો કરવો અને તારબાદ જારે દાવ ફાવે તારે આસટરીઅનોની સતા છીનવી લેવી આ મંડલીમાં ટેલનો સસરો પરમુખ હતો માંટે ટેલને પણ સાંમેલ થવું પડીઊં હતું.

આ મંડલી ઊભી થવા પછે ઈશિરીનો હાકમ જેનુ નાંમ ગેસલર હતું તે લોકોને તાજ તરફ માંન આપવાની ફરજ પાડવા લાગો. છુપી ટોલી થવા બાદ કેટલીક મુદતે ગેસલરે એક જાહેર જગામાં એક લાકડી ઊપર સેનસાહાની ટોપી ઓલવી તથા પછે લોકોને હોકમ કીધો કે જેઓ તાંહાંથીપસાર થાએ તેઓએ તે ટોપીને સલામ કરવી. થોહોકવાર પછે એવું બનીઊં કે વીલીઅમ ટેલ તાંહાંથી પોતાનાં નાંહાનાં છોકરા સાથ પસાર થએઓ, પણ તેણે પાદશાહાની ટોપીને સલામ કીધી નહી. એ ઊપરથી સરકારી માંણસો તેને અને તેનાં છોકરાને ગેસલર આગલ પકડી લઈ ગએઆ. તેને સજા કરવા માંટે ગેસલરે એવો હોકમ કીધો કે ટેલ એક ખોલાં મેદાંનમાં પોતાનાં છોકરાને હાથ બાંધીને ઊભો રાખવો અને પછે તેનાં માથા ઊપર એક લીંબુ મેલીને તથા પોતે દુર ઊભો રહીને તીરવરે તે લીંબુ ઊરાડવું. આ હોકમ કરવામાં ગેસલરની મતલબ એ હતી કે જો ટેલનો છોકરો મરી જાએતો તેમ સજા કરાવવી તથા ટેલની તીર મારવા વીશે ચાલાકી તપાસવી.

જારે સરકારનો હોકમ થએઓ તારે તેમ કીધા વીનાં કાંઈ ચાલે? ટેલે પોતાનાં છોકરાનાં માથા ઊપર તીર ફેંકવાનો ઠરાવ કીધો, પણ તે વખતે તેને ઘણો જુસો થએઓ હતો. તે તીર કમાંનનાં હોનરમાં પોતાની ચાલાકી સમજતો, પણ વખતછે—ચુક થઇતો? તેનો છોકરોતો જીવથીજ જાએ! એટલુંજ નહી પણ જો છોકરો મરે અને માથા ઊપરનું લીંબુ ટેલથી નહી ઊડેતો વલી ટેલને મારી નાખવાનો હોકમ હતો માટે તે છોકરાનાંજ નહી પણ તેનાં પોતાનાં મોહોતનીબી તેને ધાસતી હતી. પણ ટેલને પોતાના દેશ ઊપર ચાહા હતો, તે એ બાંહાંને આવા જાલમ હાકમને પણ સજા કરવા ચાહાતો હતો અને તેટલા માંટે ઠરાવેલા મેદાંનમાં જારે તેનાં છોકરાને હાથ બાંધી ઊભો રાખીઓ અને ટેલે નેમ તીકી તારે પોતાની પાસે એક બીજોબી તીર તેણે છુપાવેલો હતો. હા! જારે પોતાનુ બાલક, પોતાનું નીરદોશ લોહી તેની અનીદાર કમાંનની સાંમે ઊભું તારે આ બાપને એ હોકમ કરનાર ઊપર કેવું લાગું હશે! ખચીત તેસો ખુન ઊપર આવીઓ હતો. હીમતવાન ટેલે ખોદાનુ નાંમ લઇ તીર છોડી અને કમાંન આબાદ છોકરાનાં માંથા ઊપરનાં લીંબુનેજ લાગી તથા તેનો છોકરો સલામત રહેઓ. ટેલ ફતેહ પાંમીઓ અને તેનો દુશમન નીરઆશ થએઓ.

પણ ટેલને વલી બીજી રીતે ગેલસરે ફસાવીઓ. તેને ખબર પડી કે ટેલ પાસે એક બીજો તીર હતો અને તે ઊપરથી તેમ કરવાનું તેણે કારણ પુછીઊં. ટેલે ખોલા દીલે જવાબ દીધો કે "એક તીર મેં મારા છોકરાને માંટે રાખીઓ હતો અને બીજો જો મારો છોકરો મરણ પાંમેતો તુંને મારવા માંટે હતો." આ જવાબ ઊપરથી ગેસલરે ટેલને પાછો કેદ કરાવીઓ અને હોકમ કીધો કે નદીને રસતે ગેસલરનાં રેહેવાના કીલામાં ટેલને લઈ જવો. જે ખોટમાં ટેલને લઈ ગએઆ હતા, તેજ ખોટમાં ગેસલર પોતે તેની સાથે હતો. અતેશક એવો બનીઓ કે નદીમાં તોફાંન થઈ આવીઊં અને ખોટને દુબી જવાની ધાસતી હતી, પણ ટેલ ખોટ હંકારવાનાં કાંમમાંબી હુશીઆર હતો, માંટે ગેસલરે તેનાં બંધ છોડાવીઆ અને તેનાં હાથમાં શુકાન આપીઊં.

આ તકનો લાભ લઈને વીલીઅમ ટેલ ખોટને એક ખડક તરફ હંકાડી લઈ ગએઓ અને પછે ખોટમાંનાં માણસો તથા ગેસલરની નજર ચુકાવીને ખોટમાંની એક તીર કમાંન લઈને તે ખડક ઊપર ઊતરી પડીઓ તથા લાતે કરીને ખોટને પાછી તોફાંની નદીમાં ધકેલી. એ રીતે ખોટ નદીમાં દામાંડોલ થઈ પડી, પણ તેવામાં તોફાંન નરમ પડીઊં અને હવે ટેલ ગેસલરને કીનારે ઊતરવાની રાહા જોતો બેઠો. થોડાવારમાં તેમબી થએઊં અને જેવો ગેસલર એકલો એક જાહડી તરફ જતો હતો તેવોજ ટેલે તેનાં સરીરમાં તીર

ફેંકીને તેને વીંધી નાખીઓ. આ બનાવ પછે લોકો ઊપર ગેસલરથી જે જુલમ થતો હતો તે ટલી ગએઓ. પણ એ બનાવ પછે આસટરીઆનાં સેહેનશાહને તે વીશેની ખબર પડી અને તેથી આસટરીઆ તથા સુવીટજરલાંડ વચે ઘણી લડાઈઓ ચાલી, જેમાં વીલીઅમ ટેલે અતીઘણો ભાગ લીધો અને તેમ કરતાંજ તે સને ૧૩૫૦ માં મરણ પામીઓ. સુવીટજરલાંડનાં લોકો કેટલીક મુદતે સવતંતર થએઆ. વારેવાર એવું બને છે કે એક આખી પરજાની હાલતમાં એકજ માણસથી ફેરફાર થઈ જાએછે અને તેમ આ વખતે એખલા ટેલના ઊપલાં કાંમથી તેણે પોતાનું નાંમ ઈઆદગાર રાખીઊંછે.

---

## હારીઆં વલે—વારીઆં નહી વલે.

મારાં માસીનાં મીઠીવહુ એક દાહાડે મેહેમ જવા નીકલીઆં. તેવણના વરે મેહેમમાં એક બંગલો બાડે રાખીઓ હતો. તે મીઠીવહુને બાએડી તરીકે ચાહાતો હતો, તો જો કે મીઠીવહુ જેવાં તનથી રૂપાલાં તેવાં મંનથી નહી હતાં. તેવણનાં ઘણા ઢીલા વીચારો હતા. પેહેડવા હોડવામાં તેવણને મનસે મોટું સુખ હતું. ઊંચી લાહે અને કારચોકીની તથા કોર પાલવ સુધાંની અને સાદી સારીઓ, પેહેડવાની, નાંખ, કાંન, અને હાથ મોતીથી ભરી નાંખવાની તેવણની ઘણી ખાહેશ હતી અને તે ખાહેશ પુરી પડતી એટલે મીઠીવહુ પોતાના હાથ તરાને તરા રાખતાં કે લોકો તેવણને જોઈને વખાંણ કરે. માટે ઉપલે દીને જારે મીઠીવહુનાં વરે તેવણને તેડું મોકલીઊ તારે તેવણ પોતાની બે દેરાંણીઓની સાથે મેહેમ જવા નીકલીઆં. તેવણનાં વર તથા દેરો વેલાત જઈ શીખી આવેલા હતા અને તેવણની દેરાંણીઓબી શીખેલી હતી, જેથી એખલા બીચારા શાવખશાનેજ બલાપો થતો, કેમકે જારે તેની બીજી ભોજાઈઓ પોતાના વર સાથ એક સુજે ચાલતીઓ તારે મીઠીબાઈ જ કેટલોક ઘરતો સુધારો કરવામાં છીટ, શરમ અને બાપદાદાની વાતને વચે લાવતાં હતાં.

જારે મેહેમ જવાનુજ થએઊ તારે મીઠી વહુ શું ભપકો નહી કરે? તેવણની દેરાંણીઓનો પોશાક સાદો હતો. મીઠીવહુએનો એક ભારી ગુલસનો ગાલો, સાટીનની ચોલી, તે ઊપર ઘુંગરી અને બીજો ઘણો સીણગાર કીધો, પણ તેમ કરતાં તેવણની દેરાંણીઓને નાંહેકનુ ખોટી થવુ પડીઊ. વલી તેથીતો બાગલની બાહેર જવા બાદ રેલવેનો ઘાંટ સંભલાએઓ. ટરેનનો વખત થઈ ગએઓ અને મીઠીબાઈનાં બે દેરો મથક ઊપર ટીકીટ લઈ વાત જોતા ઊભા હતા. હવે દરએક જણે બનતી ઊતાવલથી મથક ઊપર જવા સીવાએ બીજો કાંઈ ઈલાજ રહેઓ નહી. મીઠીબાઈની દેરાંણીઓ છુટ પેહેડીને આવી હતી તેથી ઘણી આગલ ચાલી ગઈ. પણ મીઠીબાઈએતો તરણ ચાર આંગલનાં પંજાની નવી કોરી રોગાંણની સપાટ લટકાવી હતી, જે આસતે આસતે લેહેકો કરીને ચાલતાંજ મીઠીબાઈને ઠીક દીસતી હતી, પણ ઊતાવલ કરતાં તે પગમાંથી નીકલી જતી હતી. થોડાવારમાં મીઠીવહુનો પગ એક આરકતરા પતર ઊપર પડવાથી એક સપાટનુ ચીરીઊં થઈ ગએઊ જેથી એખલા અંગોઠા ઊપર તેને ટેકાવતાં ટેકાવતાં તથા રસતામાં ફસડ ફસડ કરતાં તે બીચારીને મથક ઊપર જવુ પડીઊ. તેથી રખે ટરેન ચાલી જાએ તે ધાસતીથી બીચારીના હરધા હોસ કોસ ઊડી ગએઆ હતા.

ફાટેલી સપાટથી મીઠીબાઈની જરાબી આબરૂ રહી હતી. એક ગમથી મીઠીબાઈ જેમ તેમ કરીને ગાડી આગલ જઈ પોંહાંચીઆં અને બીજી ગમથી સીસોલી વાગી. હવે મીઠીબાઈ ઘબરાએઆં. તેવણની દેરાંણીઓતો અગાઊથી ગાડીમાં બેઠેલી હતી. પણ તેઓને ઈંગરેજી આવડતુ હતુ અને તેથી જો તેઓએ મોટેથી બોલીને ગાડી થોભાવી નહી હતેતો મીઠી વહુ રહી જતે. માઠીબાઈ પોતે બેઠા કરતાં, ગાડીમાં ઘસડાએઆં એમ જો કહીએતો વાજબી કેહેવાએ. પણ બારણુ ધંકાવા પછેજ મીઠીબાઈજી જોએઊ કે તવણે અંગોઠા ઊપર ટેકવેલી તે સપાટતો પગમાંથી જતી રહેલી હતી માટે મીઠીબાઈને એક પગમાં સપાટ તથા બીજો પગ ઊઘાડો લઈ બેસવુ પડીઊ. ગાડીમાંતો બધાં પોતપોતાંનાં હતાં માટે મીઠીબાઈની આબરૂ ગઈતો ચીંતા નહી, પણ પછે જેમ જેમ મેહેમનુ મથક નજદીક આવવા લાગુ તેમ તેમ મીઠીબાઈનાં પેટમાં ફાર પડવા લાગી. અંતે ગાડી ઊભી રહી. હવે કરવું કેમ? કોઈએ ઊઘાડે પગે જવાની, કોઈએ રાત સુધી મથક ઊપર બેસી રેહે

વાની ભલામણ કીધી. અલબતાં મીઠીવહુની જે એક
આખી સપાટ રહેલી હતી તે હાથમાં ધરીને અથવા
એક પગમાં પેહડીનેતો ચલાએ નહી માંટે તે નવીને
નવી કીમતી સપાટને નાખી દેતાં તેને બલાપો થ
એઓ.

ગાડીમાંથી ઊતરીને બધાં લોકની વચેથી મીઠી
વહુને ઊંઘાડે પગે ચાલવું પડીઊં. પણ વલી તેવણ
જેમ ચાલતાં તેમ જે લોકોનું બાહેર ધેઆન હોએ તે
લોકોબી તેવણની ઘુંગરીનાં અવાજથી પાછા ફરી
ને મીઠીવહુને જોતા હતા; માંટે આ વખતે એવુંતો
નઠારૂ લાગું કે મીઠીબાઈ પરસેવે ગરકાવ થઈ ગ
એઆં. મીઠીવહુએ વીચારીઊં કે મથક ઊપરજ જો
કોઈ સપાટ મલી આવેતો બસછે. એ ઊપરથી પ
ડી ખડી સપાટની શોધ થવા લાગી અને મથ
કની સીહીડીથી થોડીક દુર રસતા ઊપરથી ફાટેલી
સપાટની એક જોડ મલી આવી. તે સપાટનાં તલી
આમાંથી મોટાં મોટાં ગાબરાં નીકલેલાં હતાં તથા ચા
મડુંતો કીઆ જમાંનાનું હોએ એવું દીસવું હતું, પણ
તેબી મીઠીબાઇને જાણે ખોદાએજી પાએઆ. મોટી
ઊલટમાં તે ફાટેલી સપાટ ઊપર તેવણ બાહેર નીકલી
આં અને ફરવા આવેલા માંટીડા તથા બઈરાંઓની વ
ચેથી તેવણને હાવી હાલતમાં પસાર થવું ભારી પડીઊં.

સાવખશાનો બંગલો મેહમના બજાર આગલ
હતો અને તે આખા રસતા ઊપર ખડી પાંથરેલી હ
તી. અલબતાં જારે મુંબઈ જેવાં શેહેરમાં બરોબર ખ
ડી પુરાતી નથી, તારે મેહમ સરખાં ગાંમમાંતો કેવી
હાલ હવાલ હોવી જોઇએ. અનીદાર ફતરો આડા અ
ને ઊભા પાંથરેલા હતા અને તે ઊપરથી ચાલી જ
તાં જારે પેલી બુટવાલી બાઇઓને મુશકેલ થએઊં તા
રે મીઠીવહુને કેવું કઠણ લાગું હશે! મીઠીવહુની સો
બતનોને તેવણની ધીમી ચાલને લીધે જે કંટલો લાગ
તો તેને ખાતર મીઠીવહુએ તેઓને આગલ આગલ
ચાલી જવાની રજા આપી. તેવણને પોતાનેતો પગ
ચાંપતાં અને ઠોકરાતાં ચાલવું હતું. સપાટનાં તલીઆં
માંથી એક પછે એક તેવણને ફતરો ભોકાતા હતા અ
ને તેવણ વીચાર કરતાં કે "સપાટ સરખી નજીવી ચી
જને ખાતર આજે મેં એટલું દુખ દેખીઊંછે તેટલું મેં
કદી જોએઊં નથી."

પણ મીઠીવહુની પીડ હજુર બાકી રહેલી હતા.
થોડકવારમાં એક મેહમગરી ફરંગન બુમ પાડતી તે
વણની પછવાડે દોડી આવી. તે ઘણી પાજી સવભા
વની કોકટ તથા વલી એટલી છાકટી હતી કે તેની બ
ધી ફરેકાર વાસ મારતી હતી. તે મીઠીબાઈએ પેહ
ડેલી પેલી જુની સપાટનો દાવો કરવા લાગી. તે સી
પાઈને બોલાવી મીઠીબાઇને ચોર ઠરાવા લાગી. તાં
હાં લોકો દોડી આવીઆં. એવું જણાએઊં કે મથક
ની સાંમેનાં દેવલ આગલ પોતાની સપાટ મેલીને તે
અંદર ગએલી હતી તેવામાં મીઠીવહુ તેની સપાટ પેહ
ડીને ચાલી આવીઆં. મીઠીબાઇ ઘભરાવા લાગાં કે
રખેને રાતનાં ચોકીમાં ચાંચરા મારવા જવું પડે. પ
ણ માતર એટલુજ બનીઊં કે છાકટી ફરંગન જબર
દસતીથી મીઠીબાઈનાં પગમાંથી સપાટ કહડવી લઈ
ગઈ, અને તેવણનો રકાસ બનીઓ.

મીઠીબાઇ વલી પાછાં ઊંઘાડા પગનાં થઇ પ
ડીઆં! અને આ વખતેતો તેવણને વધારે દુખ થએ
ઊં, કારણ કે જાહેર રસતા ઊપર અને અનીદાર ફત
રાઓનાં ઢગલાની અધવચમાં તેવણ ફસી પડીઆં. હ
વે એમના એમ પાછાં મથક ઊપર અથવા બંગલા ત
રફ જાએ તોબી ખડીતો જેટલીને તેટલીજ પસાર કર
વાની, માંટે મીઠીવહુએ બંગલા તરફ જવાનું બેહેતર
ધારીઊં. પણ નહી—મીઠીવહુની સાંમેતો જાંણે ખો
દાએ ખોટીઓ હનો. હજુરતો ચાલવા માંડીઊં ન
હી તેટલાં સામેથી બે ઘોડાની એક ગાડીમાં કેટલાક શે
ઠીઆઓ આવી લાગા. તેઓને દુરથી જોઇનેજ
મીઠીબાઈએ શોડ નીચી કરીને આખું મોહાડુ ઢાંકી
નાંખીઊં એટલુંજ નહી પણ જેવી ગાડી નજદીક
આવી તેવાં તેવણ એક ઓટલા ઊપર ચહડીઆં, પણ
તાંહાંવલી ખરકીમાંથી એક કુતરૂં મોટા જોસથી ભોસતું
ભોસતું નીકલી આવીઊં, અને તેથી બીહીને મીઠીબાઇ
નાહાસવા જે ગએઆં તે સીહીડી આગલથી પગ ચુકીઆં
અને જોસથી રસતાની એક બાજુ આગલ પડીઆં. તે
થી તેનાં કીમતી કપડાં સરવે ખરડાઇ ગએઆં અને
રાહાદારીઓ આવતા જતા સમજીઆ કે તે બઈરી પી
ધેલીછે. હવે મીઠીબાઇની આંખમાંથી આંસુ આવીઆં
તે ખરાં! હવે મીઠીબાઇને સપાટની અગવડ વીશે ખા
તરી થઇ તે ખરી! હવે બખીઆની સપાટને મીઠીવહુ
ગાલ દેવા લાગાં તથા તેવણ અંદેશો કરવા લાગાં તે ખરાં.
પણ તેવામાં મીઠીવહુને બંગલે જતાં વાર લાગાથી તે

વણનો વાહાલો ભરથાર સાવખશા તાંહાં આવી લાગો. પોતાની બાએડીને આવી હાલતમાં પડેલી જોઇને તે ને કેવું દુખ લાગું હશે ! તે હાલ તુરતતો મુંગો મુંગો મીઠીબાઈને બંગલે લઈ ગએઓ. તે ખરડાએલી, લ ચરાએલી અને ઊંઘાડે પગે હોવાથી તેનાં ઘરેણાંને એબ લાગતી હતી મીઠીબાઈ જોતી હતી કે ણુટવા લીઓ કેવી સારી રીતે અગાઊથી આવીને આરા એસ લઈ ચુકી હતી. તે સાથે વલી મીઠીબાઈ જો તી કે તેનાં આબરૂવાલા અને કેલવાએલા ભરથારને તેની આવી હાલતને લીધે નઠારૂ લાગતું હતું. તે દા હાડાથી મીઠીબાઈ ઠોકર ખાઈને ઠેકાંણે આવીઆં, અને બે તરણ આંગલનાં પંજાની સપાટને બદલે બુટ મોજાં પેહેડવા માંડીઆં, જેથી તેવણને સગવડ થઈ અ ને વલી પગમાં ઊંફની ઊંફ રહી.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૧૯.




પીઆરાં બેહેન,

લાપલાંડથી નીકલેલો હું રૂશીઆ દેશમાં ફરી વલીઓ છઊં. દુનીઆમાં સઊથી મોહટું દેશ રૂશીઆછે. આખા ઈઊરોપ ખંડનો લગભગ અરધો ભાગ એ દેશ રોકીઓછે અને એશીઆ ખંડની ઊતરેખી એક છેડા થી બીજા છેડા શુધી એજ રાજનાં ભાગ આવેલોછે. ઈઊરોપમાં રૂશીઆની ઊતરે આરકટીક માહાસાગર, દ ખણે કાલો સમુદર અને આસટરીઆ, ઊગમણે કાસ પીઅન સમુદર અને સાઈબીરીઆ તથા આઠમણે આ સટરીઆ, પરૂશીઆ, શુવીડન અને બાલટીક સમુદરનો એક ભાગ આવેલોછે. રૂશીઆ દેશ ઘણુ કરીને સપા તછે તથા દસાઓ તરફજ માતર પાહાડો આવેલાછે. તેનાં ઊતર ભાગમા જંગલો મોટાંછે, ઊતર આઠમણ ખુ ણામાં ખડકો અને સરોવરો મોટાંછે તથા મધીઅ ભા ગમાં ખેતરો ઘણા સરસછે. રૂશીઆ દેશ જોકે હીંદુસ તાંન કરતાં તરણ ઘણું મોટુંછે તોપણ તાંહાંની વસતી હીંદુસતાંન કરતાં તરણ ઘણી ઓછી ઈઆને માતર ૬ કરોડ માંણસોનીછે.

રૂશીઆની જમીન કાંઈ ખેતીવાડીને જાજી લા એક નથી. દખણ આઠમણ ખુણાથી ઊતર ઊગમણ ખુણા તરફ ઈઊરલ નાંમનાં પાહાડ સુધીની લાંબી જ ગા ઊપર ખડી ગએલાં જાહાડ પાંણો ઈતીઆદીનું આસરે ૪ થી ૫ ફીટ ઊંહું પડ થએઊંછે અને એ ખલી એ જગા ઘણી ફલવંતછે. પણ એ જગાબી ફ રાંનસ દેશ કરતાંતો બમની મોટીછે અને તેમાંનો અ નાંજ ઈઊરોપના ઘણાં દેશોમાં પુરો પડેછે. વલી ઊ પર કહેલા જંગલોમાંથી જથાબંધ લાકડુ મલેછે અને તેમા જાહડો એટલાંતો ગીચછે કે એક પંખી જો પા એ તખત સેંટ પીટરસ બરગ ખાતેથી ઊડીઊં હોએ નો માસકો નામનાં ઘણાં દુરના શેહેરમાં તે કદી જમી નને લાગા વગર પોહાંચી શકેછે એમ કહવાએછે. ઈઊ રલનાં પાહાડમાં સુનાં રૂપાની અને બીજી ખાનોછે, માસકો અગલ મધીઅ રૂશીઆમાથીજ લોહાડુ મલી આ વેછે અને કોલસાની મોટી ખાનોછે.



રૂશીઆના ઊતર ભાગમા પરાણીઓની વસ

તી સુવીડન તથા લાપલાંડનાં જેવીછે. મુખીઅ કરીને સાબર ઊપર લોકોનો ઘણો આધારછે અને તરણ જાતના ભુંડ મલેછે. હીઆનાં લટકતાં લોકો ઊંટ પાલેછે. ઈઊરોપીઅનોથી એશીઆના લોકોની માંફક આ પરાણીઓનો ઊપીઓગ કરેછે એ લગાર નવાઈ સરખુ લાગશે. એ ઊપરાંત પશચીમે સમુદરોમાંથી મગરમછ અને બીજી નાંહાંની મોટી માંછલીઓની સારી શંખીઆ મલી-આવેછે. જંગલો તરફ પંખીઆની જીજ વસતીછે પણ હેઠાંણમાં મોટા બાલવાલા બકરા મેંઢાને સંભાલથી ઊધારવામાં આવેછે.



રૂશીઆ દેશ જેટલું મોટુંછે તેટલી જુદી જુદી તેમાં હવાછે. સઊથી શખત શીઆલો અને સઊથી ગરમ હુનાલો હીઆં દીઠામાં આવેછે. પાએ તખત શેહેર સેંટ પીટરસ બરગમાં વરસનાં ૨૩૦ દાહાડા ઠંડી મોસમ ચાલેછે અને તેમાંનાં ૧૬૦ થી વધારે દહાડા પાણી બંધાએછે. ૪૦ વરસની વાત ઊપર જારે ફરાંનસનો સેહેનસાહા નેપોલીઅન બોનાપારટ રૂશીઆના માસકો શેહેરમાં હજારો માણસોનું લશકર લઈને આવીઓ હતો તારે રૂશીઆનોએ તે શેહેર ખાલી નાખવાથી ઊપલા લશકરને ખોલા મેદાંનમાં શુવું પડીઊં હતું અને તેથી ઊપલી ઠંડીને લીધે સહવાર પડતાં આખુ લશકર થારમાં સીજાઈ ગએઊં હતું.


હીઆંનાં ઘણાંખરાં લોકો બાલની ટોપીઓ અને બીજાં કપડાં પેહેરેછે. રૂશીઆંનોમાં જેઓ માતબર અને ઊંચી પદવી ધરાવનારાછે તેઓ સીવાએ બાકીનાં સરવેની હાલત ઘણી ખરાબછે. તેઓમાંના ૨૧ લાખ માંણસો તાજનાં ગોલાંમ તરીકે ખેતરો ઈઆ કારખાંનાંઓમાં મેહનત કરેછે, અને ૨૩ લાખ માંણસો અમીર લોકોનાં ગોલાંમ દાખલ ધંધો કરેછે, જેઓને તેમનો ધણી ચાહેતો વેચી શકેછે. તે ઊપરાંત કેટલાક લાખ સવતંતર ખેડુતોછે, જેનું એક ચીતર હીઆં આપીઊંછે.



આ ખેડુતો ઊપરાંત બીજા ધરમગુરૂ, અને સકતીવાલા રેહેવાસીઓ એવા બે વરગનાં લોકો વસેછે, પણ એ સરવે ઘણાં જુલમ અને કંગાલીઅતપણાંમાં વખત કાહાડેછે. અમીરો માતર શેહાઈ કરી જાંણેછે અને રોમન કાટલીક ધરમગુરૂઓ ચાહે તેવો જુલમ ગુજારેછે, કેમકે લોકો એ ધરમને ઘણું માંન આપેછે. ઈસવી સને ૯૮૧ માં જારે સેહેનશા વલાંડીમર ગરીસનાં રાજાની બેહેન સાથ પરણીઓ તારે તેણે એ ધરમ રૂશીઆમાં દાખલ કીધો હતો. તેનાં વખતમાં રાજ ઘણું નાહાનું હતું પણ તારપછે થતા સઘલા સેહેનશાહઓએ પોતાની મુખીઅ નેમ રાજમાં વધારો કરવાની રાખી હતી અને ઈઊરોપનો નકશો દેખાડી આપેછે કે તેમાં તેઓ થોડા ફાવીઆ નહી હતા.

પણ એમાં મોટી નાંમદારી મેલવી ગએલો સેહેનશાહ "પીટર ધી ગરેટ" નાંમનો હતો. તેનું ચીતર આ પતરને મથાલે મેં ટાંકીઊંછે. તેનું રાજ ૧૬૯૨ માં ચાલીઊં હતું, જે વખતે તેણે જેમ રાજ વધારવા ઊપર તેમજ રઈએતનાં કલીઆંણ ઊપર પુશકલ ધેઆંન આપીઊં હતું અને દેશમાં કેટલાક ફેરફારો કીધા હતા. પણ તેની પછે કાંઈ બધા રાજાઓ તેનાં જેવા નીકલીઆ નહી હતા. કાણુ વધારતી વખતે રઈએતની હાલત તપાસતાં તેઓ ભુલી ગએઆ અને લોકો મુરખ તથા અગનાંન રહી ગએઆ. શુધરાઈએ હાલ રફતે રફતે તાંહાં પગલું ભરીઊંછે. હાલ તાજનાં ગોલાંમોને છુટા કરવામાં આવીઆછે અને છુટાપણાંને માટેજ પોલાંડ નાંમનું જે નાંહાંનું દેશ રૂશીઆને તાબેછે તાંહાંનાં લોકો સેહેનશાહાની સાંમે મોટી લડાઈ ચલાવેછે. વલી દેશની જમીન શુધારવા તથા કારખાંનાંઓ અને વેપાર વધારવા ઊપર હમણાં હમણાં ધેઆંન પોહોંચાડવામાં આવેછે. હીઆં ચાંમ

ડાંનાં કારખાંનાં સઊથી સરસછે. હીઆં નવ ગોરોડ નાંમની જગામાં દર વરસે જાતરા ભરાએછે જેમાં ૭ કરોડ રૂપીઆનાં માલની ઊથલ પાથલ થાએછે. રૂશીઆમાં ચહડતે દરજેની કેલવણી આપવાને છ "ઇઊનીવરસીટી" ઓછે, અને તે ઊપરાંત નાંહાંની નીશાલો પણ ઊંઘડતી જાએછે.



આ ઘોડસવાર ચીતર રૂસીઆનાં મરનાર સેહેનશાહા નીકોલસનુંછે. સને ૧૮૫૫ માં આપણી રાંણીને એ સેહેનસાહા સાથ લડાઈ કરવી પડી હતી અને તે વખતે રૂશીઆંનોને આવવાની મુંબઈના વેહમી લોકોને ખોટી ધાસતી લાગી હતી તે માતાજીને ઈઆદ હશે, કેમકે તમેતો તે વખતે નાંહાંનાં હતાં. હમણાં સેહેનશાહા નીકોલસનો દીકરો અલેકજાંનડર ૨) જો રાજ કરેછે. અલેકજાંનડર પેહેલો આગલ થઈ ગએઓ હતો. હલચો સેહેનશાહા આસરે દસ વરસ થએઆં તખત ઊપર આવીઓછે. તે દએઆલુ અને સુધરેલોછે માટે રાજમાં સારો ફેરફાર કરશે એવી આશા છે. એજઅરજ.

હું છઉં તમારો
**વાહાલો ભાઇ.**

---

## જાંણીતી સ્ત્રીઓ.

### ભોપાલની નાંમદાર સીકંદર બેગમ.

(એક પારસી સ્ત્રીએ લખેલો હેવાલ)

આ રાજવંશીસી બાનું જેને મુંબઈમાં આવી જવાને માતર બેજ મહીનાં થવાથી હમારાં ઘણાખરાં વાંચનારાંઓ ભુલી ગએઆં નહી હશે, તેની એક સબી પાસેનાં સફામાં ઊતારી લીધીછે તથા તેની જીંદગીનો થોડેક હેવાલ હેઠલ ઊતારી લેતાં હમોને ખુશી ઊપજે છે. એ હેવાલ એક પારસી બાંનુંનો લખેલોછે અને તેને જેમનો તેમ કસા ફેરફાર વગર ઊતારી લેતાં હમે ઊમેદ રાખીએ છઇએ કે બીજી ચંચલ બેહેનીઓ એજ પરમાંણે લાએક બાબદો આ ચોપાનીઆને માંટે લખતાં રેહેશે.

"સાહાજાદી સેકનદરનો બાપ જયારે મરણ પામીયો, ત્યારે એ એક વરષની ઉમરની હતી. અને હેનાં કાંઇ બીજાં ભાઈ બનધ નહી હતાં, માટે ભોપાળનું રાજ એ પુત્રીને મલયુ, પણ એતો બાળક વાસતે એ ઉમરે પોહોચે, ત્યાંહાંવેર કોઈ સાહુચત ધણીનાં હાથમાં રાજદરબારી કાંમ આપવાને સરવ જણે ઇછયું પણ હેની માય ઘણી સમજુ, અને શયાની હતી, તેણે વીચારયુ કે ખાતરીમનદ તથા ઈમાનદાર શખસ બરોબર રાજ તપાશે હેવો મલવો મુશકેલછે. બેહેતરછે કે હું પોતેજ મારી દીકરીના નામમાં રાજ ચલાંવું, એટલે બનતાં સુધી લુટફાંટ તથા દગળબાજીનોબી ગટાડો થાએ. એ વીચારોતો ઘણા ઉપયોગી હતા, પણ ધારવાનાં જેટલું કરવાનું કામ સેહેલું નથી. મુસલમાંની રસમ મુજબ કોઈ આબરૂવાન ઓરતથી, બેપરડે તથા ખુલલે મોહોડે મરદની હજુરમાં અવાએ નહી. માટે આ ભળી માયને પોતાની ભળી ધારણા બર લાવવાને બહુ અડચણ આવી પડીતો ખરી, પણ કરેસું ? એલાજ રેહેયા બેએ. ગમેતો રાજની ખુવારી કરે, યા ગમેતો આ માઠી રસમ તોડે, આ છેલલો વીચાર, તેને વધારે દુરૂસત લાગો, કેમકે પેહેલાતો એ રસમ બહુ બુરી હતી. શું કરવા ઓરતો મરદોની કાની છુટાપણાથી ફરે નહી ? વળી બીજું એમ કીધાથી એની દીકરીનાં તથા રયતનાં હકમાં ઘણો ફાયદો થતો હતો. એથી હેને તથા બીજી પોતાની સાહેલીઓએ બુરખો કાહાડી નાખયો અને ખુલલી રીતે રાજદુવારી કાંમોમાં સામેળ થઈ. અલબતે જયારે કોઇ પણ ચાલુ સારી કે માઠી રસમ સુધારવામાં આવેચ ત્યારે લોકો ,ઘણુ કરીને તે સુધારાવાળાઓની શાથે રીસે ચહડેચ, અને તેમજ ભોપાલનાં ઘણાએક લોકો આ શયાંની રાણી ઉપર રીસ કરવા લાગા. પણ જે ચીજ હેને દુરૂસત લાગી, અને વળી તે ખરેખરી દુરૂસત હતી, તે કાયમ રાખવાને હેને બેસમજુ લોકનાં ચેશટાની દરકાર કીધી નહી. પણ બહુ ચતુરાઈથી પોતાનાં કાંમકાજમાં દીલ લગારી ઉદયોગી થઈ, અને દેશનાં તથા રયતનાં સુખને માટે ઘણાએક નવા લાયક કાયદા બેનાયા. અને ઈનસાફતો હેવો સુધો, અને ડાહપણ ભરેલો મુકયો કે, સરવે કોઇ થોડી મુદતમાં હેનાં ભળા ગુણોથી વાકેફ થયા, અને હેને રાજની ગાદી ઉપર બેઠેલી જોઈ ખુશી થયા.

આવી રાજની સંભાલ કીધી માટેજ હેની તારીફ બસ નથી, પોતાનાં ઘર સંસારી બાબદો પણ વખાણવાજોગ રીતે ચલાવી. પોતાની દીકરી સેકનદરને ફારસી તથા ઊરદ



ભોપાલની નાંમદાર સીકંદર બેગમ.

હીનદુસથાની જુબાંનમાં બનતી કેળવણી આપી, તેને નેકીનાં તથા ધરમનાં ફરમાનોથી વાકેફ કરી હુશયાર કીધી, અને જયારે દીકરી ૧૪ વરસની થઈ, ત્યારે તેને પોતાની સાથે રાજ સંબંધી બાબદોમાં સામેલ કીધી. અને પછી જયારે તે ૧૭ વરસની થઇ ત્યારે તેનાંજ કાકાનાં દીકરા જાંહાંગીર મહમદખાંણની સાથે તેના લગણ કીધાં. એ બેહુ થોડા વરસ પ્રીતમાં રહયું અને તેવોને ત્યાંહાં એક છોકરીનો જનમ પણ થયો. પણ એ પછી જાંગીર મહમદખાણનાં મનમાં હેવું આવીઉં કે, જો તે તેની રાજપુત્રી બેગમને બુરખામાં રાખે, અને મુસલમાંનની જે ચાલ હતી તે ચાલવા ફરમાવેતો, તેનાથી દરબારમા આવવાને બને નહી, અને હેનું કોઈ બીજું અતલગનું સગું નથી અને હું હેનો ગાદી લાગુ, તથા કાકાનો દીકરોબી થાઉં તેથી હું રાજનો ખુદ માલેક થઈ જવશ. એવા નીચ વીચારોથી એ ધણીએ પોતાની બેગમને ફરમાવ્યુ જે તમે બુરખો પેહો, તથા મરદોમા આવવાનું બનધ કરો. આ હુકમને તાબે થવાને બેગમે પોતાની માયની ઉસકેરણીથી નાં પાડયું. તે ઉપરથી ધરમાં કજીયો થઈ પડયો અને એક વારતો એ હળકા દીલના ધણીએ પોતાની બેગમને તળવાર હાથમાં મારી હતી (જેનો ઘા એ બેગમ પોતાનાં કોઈ કોઈ પીછાણવાળાઓને બતલાવેચ, અને ઘણાઓ બહુ કરીને આપણા ગામડીઓ આ ઘા જોઈ તેની તારીફ કરેચ, કે પોતાની માયનું કહયું કરવાને હેને કેટલો જખમ ખમયો. પણ ખરી રાહે જોતા હેની તારીફ કરવાનું કારણ કમ થાયેચ. ઓરતે માય બાપ તથા વડાઓને માન આપવું, પણ તેવો કરતા વધારે પોતાનાં ખાવનદને માન આપવું, અને તેનો હુકમ પાલવાને કોઈની દરકાર નહી કરવી. વાસતે એ બાબદમાં બેગમનો જરાક વાંક થહેચ. પણ તેમજ મરદે પોતાની બાયડીને કશુ દુખદાયક કામ નહી સોંપવું, અને આ બેગમનાં તવાયેતો દીસતોજ નાલાયક હુકમ ફરમાવ્યો હતો) એ દુસટ નવાબે એ બી સાલે ખાળીપીળી ધરમાં તનરો ઉભો કીધો, જેનો કંટાલો મતાડવાને અંગરેજ સરકારની મદદથી, તથા બીજા ઉમરાવોનાં વચમાં પડયાથી રાજ ચલાવવાને એક મંડલી કીધી હતી, જેમા બેગમની માયનું અને ધણીનું જોર મુખ્ય હતું.

એમ થયા પછી આઠ વરશે જાંગીર મહમદખાણ મરણ પામયો, અને મરતી વખતે વશયતનાંમાંમા હેવું જણાવ્યુ જે રાજની મંડલીમાં મારી જગયા જે ખાળી થશે, તે ઉપર મારી દીકરીને બેસાડવી, મારી બાયડીને નહી પણ એમ કેમ બને રાજતો ખુદ બાયડીનું હતું, અને જેમાં પોતે ધરપચ અને તાળમેળથી ગુસઈ ગયલા. વાસતે એકવાર પાછો ધરમાં કજયો કેટલાંક વરસ વેર ચાલયો, આખેર અંગરેજ સરકારે તથા બીજા રાજવનશીઓએ બેગમ સેકનદરને ભોપાળની ગાદીની ખુદ રાણી ઠેરવી એને ચાર પાંચ વરસ થયા એ તે દરનજો ભોગવેચ. એ રાજ કારબારમાં ઘણી ચતુરાઈ, ડાહાપણ, મયા, અને ઉદયમ રાખેચ, અને પોતાના દેશને તથા રયતને બહુ સુખ બખસેચ. હાલ કોઈજ હીનદુસથાની રાજની રયત અને ગામ હેની રયત અને ગામના જેવું સુખી હશે. વળી એ પોતાનીજ જાતવાળાઓનાંજ સુખનોજ બનદોબસત નથી વીચારતી, પણ બીજી કોમનાં લોકોને પોતાના દેશમા વશાવવાને પણ બહુ ઈનતેજારી રાખેચ, અને બીજી દીનનાં લોકોની ઉપર પણ બહુ મયા રાખેચ અને તેવોને પોતાના દેશમાં રેહેવાને ઉતેજન દીયેચ, જે વીશે આ એક દાખલોછે. એના બાપને એક ફરેંચ અમલદારની સાથે અતીશય દોસતી હતી, એવી કે રાત દીવસ સાથેજ રેહેવું, ફરવું હરવું અને એક બીજાનો કબીલો પણ બહુ હલીમલીને સાથે રેહેતાં હતાં, તે અમલદારની દીકરી અને આ બેગમ સાથેજ ઉછરેલા, અને હજુર સાથેજછે. તેને એ બેન કરીને બોલાવેચ, તથા તેનાં સારાં કુટમબને પાદશાહી દરજાનું માન આપેચ. જો કે તેવો સઘળા કીરીસત્યણ ધરમ પાલેચ પણ તેને માટે એ કશી અડચણ લેતી નથી, કદી પોતે યા કોઈબી બીજા મુસલમાનને તેવોના ધરમને અપમાન લાગે હેવું કરવા દેતી નથી. આ કીરીસત્યણો ભોપાળમાંજ જણમેલાં તથા ઉછરેલાં, માટે તેવોની રીત ભાત, ચાલચલણ, પોશાક અને જુબાન હીનદુસથાનીઓનાં જેવીજછે.

આ બેગમ જો જાતે મુસલમાનછે તોય, હેને બલવાનાં વખતમાં અંગરેજ સરકાર તરફ તારીફ લાયક વફાદારી બતલાવીચ હેને ઘણાએક મુસલમાનોએ કહયુંજે તું એ લોક તરફ દગલબાજ થા, પણ હેને એવું દુસત કામ કરવાને નાં કહયું એટલુંજ નહી, પણ જેટલા હેરાન થયળા, કંગાળ થયળા, અને નાશી આવેળા અંગરેજો, મદમો, અને બાળકો હેનાં હાથ તળે આવી પુગા તેવોને બહુ માવજત અને સંભાળથી પાલયા તથા તેવોને ઘટતી મદદ કીધી પોતાનાં લશકરને અંગરેજ તરફથી લડવા મોકલયું, હેની હાવી ચાલથી મુશલમાન લોકો બહુ હેની ઉપર ક્રોટ કરવા લાગા, અને તેવોનાં ખુણી ગુશાની ધાસતી કરવાનું ઘણુ કારણ હતું, પણ કસા ડરથી હેને સારા કાંમ કરવાની હીમત કદી છોડી નહી. એના કેટલાએક મુનીમો વગેરેઓનીબી બહુ મરજી હતી જે અંગરેજોની વીરૂધ લડવું પણ એ બેગમ તેવોને વીનનતી કરીને તથા તેમ નહી ફાવી ત્યારે ધાસતી આપીને કહયુંજે, તમો હેવું કરસોનાં, જો કોઈબી અંગરેજનાં એક બાળને પણ તમો કોઈ ઈજા દેશોતો હું તમારો જાણ લેવશ. હેને જે અંગરેજ સરકાર તરફ આટલી ઈમાનદારી બતલાવી, મેહેનત લીધી અને પઈસા વેરેઆ તેનો અંગરેજ સરકાર પાર વાળવાને ચુકશે નહી. જયારે બળવો નરમ પડયો, ત્યારે હેને તથા બીજા ઈમાનદાર હીનદુસથાની રાજાઓને ગવરનર જેનરલે જાબુલપોરમાંની એક દરબારમાં બોલાવી બહુ માન આપયુ તથા બેગમને એક લાખ રૂપયાની વરશની આપયતનું એક ગામ ભેટ કીધું અને સરવે અંગરેજ હેનાં ઉપકારી થયા રાણી વીકટોરીઆ પણ હેનો બહુ ઉપકાર માનેચ. "આરડર આફ ધી સટાર આફ ઈનડયા" નો ખેતાબ હેને બખશયો. જે ખેતાબ કુવીન વીકટોરીઆ અને બેગમ સીવાયે દુનયાની બીજી કોઈ સ્ત્રી ભોગવતી નથી ટુકમા રાજ કારભારી બાબદમાં કોઈજ હીનદુસથાની રાજા હેના જેવા સમજુ અને ઉદયોગી હશે. હેને સાધારણ બાનુ તરીકે જોતાં નકલ કરવા જોગછે. ધરમાળુ, દયાળુ, મયાળુ, સમજુ, ઉદયોગી, સાદી, વગર મગરૂબીની, અને મોટાઈ તથા તોછડાય વગાનીછે.

હેનો એકજ દીકરીછે જેની ઉમર હવડાં આશરે ૨૫

વરસની હશે, તેની બે છોકરીઓછે. એ દીકરી તેનો ધણી તથા છોકરીઓ હેની સાથેજ રેહેચ. હેની છોકરી તેના ધણીના હુકમથી બુરખો પેહેરેચ પણ તે સીખવા વાંચવા ઉપર બહુ પ્રીત રાખેચ અને પોતાને તથા પોતાની દીકરી ઓને અંગરેજી સીખાડવા માસતરો રાખયાચ. તેને ફારસી અને હીનદુસથાની જુબાન સારી આવડેચ, તથા સીવવાના, ભરવાનાં, ગુઠવાનાં અને હેવા બીજા સ્ત્રી લાયક કાંમોમાં પણ તે ખબરદારછે."


આ હેવાલમાં હમારી તરફથી હુમેરવા જોગ કાંઈ નથી. સીકંદર બેગમે સારી કેલવણી લઈને નઠારી છીટોને દુર કરવાની જે ચાલ ચલાવીછે તેની સરવે સ્ત્રીઓએ નકલ કરવી જોઈએછે. ભોપાલનુ પરાંત માલવાની પડોશમાં આવેલુંછે. એ પરાંત આગલ દીલીના રાજને તાબે હતું. ભોપાલનુ નવું રાજ સથાપનાર દોસત મહમદખાન નાંમનો એક અફગાન હતો, જે ઔરંગજેબ પાદશાહાનો દરબારી હતો, અને તેનાં વખતથીજ ભોપાલનુ રાજ ઇંગરેજ સાથ દોસતી રાખતું આવીઊછે. ૧૭૭૮ માં દોસને ઈંગરેજને જે મદદ આપી તારથી ઈંગરેજોએ ભોપાલના રાજને કેટલાંક શંકટમાંથી છોડવીઊ હતું. એ રીતે અરસ પરસની દોસતીથી આજે ઇંગરેજ અને ભોપાલના રાજ વચે ઘણો સારો સંબંધ ચાલેછે.

## સેતરંજની રમત.

૨.

મોહોડાંનાં નાંમ તથા તેઓને પાટીઆં ઊપર ગોઠવવાના રીત શીખવા પછે તેઓનાં કાંમ સમજવાં જોઈએ. એ દરએક મોહોડાંને તેનું ચોકસ કાંમ નેમી આપેલુંછે, જેને તેની "ચાલ" કેહેછે. તેને પાટીઆં ઊપર ચલાવવાની જુદી જુદી રીતછે. પણ તે શીખવા અગાઊ એટલું ધેઆનમાં રાખવું કે સેતરંજનાં દાવમાં સાંમી બોરદુનાં પાદશાહાને ઘેરવાની મુલ મતલબ હોએછે. સેતરંજનું પાટીઊં તે ગોએઆ એક લડાઈનું મેદાંનછે. તેમાં પાદશાહ, વજીર અને સરવે સવારો લડવા ઊતરેછે અને લડતાં લડતાં જો એકુ બોરદુના પાદસાહાને એવી જગોએ આવવાની ફરજ પડે કે જેથી તે તદન ઘેરાઈ જાએ અને તેને ચાલવાની કંઈ જગા નહી રેહેતો પછે દાવની આખર આવેછે અને રમત પુરી થાએછે. એ રીતે પાદશાહાને ઘેરવાની નેમથીજ દરએક મોહોડું કાંમ કરેછે, જેમાં કેટલાંકને પોતાનાં પાદશાહા તરફથી પોતાનો ભોગ આપવો પડેછે. તે એમકે જો એક મોહોડુ પોતાનાં પાદશાહાનાં બચાવને માટે હરીફનાં એક મોહોડાંનાં ઘર અથવા ચોકટાં ઊપર બેઠું હોએ અને તાંહાં જોને હરીફનું મોહોડું આવવાનું હોએતો પછે ને હરીફ તેને મારેછે તથા તે ચોકઠું ખાલી કરી પોતાનાં મોહોડાંને તેમાં રાખી શકેછે. એને એક "મોહોડું મારીઊ" એમ કેહેછે. સેતરંજની ઊપલી મતલબ પાર પાડવાને ચોકસ મોહોડાંને ચલાવવાનાં ચોકસ કાએદાછે અને તે શીખનારને પેહેલી જરૂરનાંછે.

માંટે હવે પેલાં પાટીઆ ઊપર પાછી નજર પોંહોંચાડીએ. જારે તે ઊપર આપણે સોટકાં ગોઠવીઆં તારે તે આ પરમાંણે દીસવા લાગું.




એમાં નાકેની બબે હાર ભરાઈછે, જે ગોએઆ એક લશકર સફ ખેંચીને ઊભું હોએ એમ લાગેછે.

સઊથી આગલ ♙ પીઆદુંછે. તેને માંટે એવો કાએદો કીધોછે કે તે દરએક વખત એકજ ઘર અને સીધુજ ચાલે. પણ જારે એક સોટકાંને "મારવું" હોએ તારે આરકતરી બાજુએ પણ એકજ ઘર જઈને "મારે." એટલા માંટે એમ ધેઆનમાં રાખવું કે હંમેસ એક પીઆદું ચાલતી વખતે પોતાના પેહેલાં ખાનાથી જુદા રંગના ખાનાંમાં અને જો કોઈને મારવું હોએતો તેજ રંગનાં ખાનામાં જાએછે. જો એક પીઆદાંને સફેદખાનામાંથી ચલાવવું હોએતો તેઊપરનાં કાલામાં જવું જોઈએ, પણ જો તે વટે કોઈને મારવું હો

એતો જમની ઈઆ દાવી બોરડુનાં સફેદ ખાનાંમાં જ ઈ શકે.

પીઆદાં પછે બીજા મોહોડાંઓને એક નાંકેથી લેતાં પેહેલાં હાથી આવેછે. એની ચાલ સીધીજ હોએછે. તે એકથી વધારે ઘર જઈ શકે, પણ સીધું જ જાએ. તે જો ચાહેતો એક નાકેથી બીજે નાંકેનાં ઘર ઊપર અથવા ચાહેતો એક બે, ઈતીઆદી ઘરમાં જ ઈ શકે, પણ તે સીધોજ જઈ શકે આરકતરી તેની ચાલ જ નથી.

હાથીની પાસે ઘોડોછે. ઘોડાની ચાલ જરા નવાઈ સરખી અને સમજવી કઠણછે. તેને આપણાં લોકો "હડી ઘરની" ચાલ કેહેછે. તેને ગણવાની એક રીત એછે કે જે ઘરમાં તે હોએ, તેની **પાસે**નું એક ઘર મેલીને બીજાં **આરકતરા** ઘરમાં તે જઈ શકે છે. બીજી રીતે સમજાવીએતો જે તેનું ઘર હોએ તાંહાંથી **આરકતરૂં** એક ઘર મેલીને તેની **પાસે**નાં બીજાં ઘરમાં તે જઈ શકેછે. આ કાએદાને લીધે કાલાં ઘર ઊપરથી ઊઠેલો ઘોડો હંમેસ સફેદ ઘર ઊપર અને સફેદ ઘરવાલો ઘોડો કાલાં ઘર ઊપર જાએછે. એ બેહુ રીતની વધારે સમજ આપવા માંટે હેઠલ એક ચીતાર આપીએ છઈએ, જેમાં વચો વચ એક સફેદ ઘર છે અને તાંહાં જો ઘોડો રાખીઓ હોએતો પેહેલી રીતે તેનાં કાલાં ઘર કેમ ગણાએ અને બીજી રીતે કેમ ગણાએછે તથા તે બેહુ રીતે ગણતાં જે એકનાં એક ઘર આવેછે તે માલંમ પડશે.



ઘોડા પછે ઊંટ આવેછે. ઊંટ હંમેસાં આરકતરૂંજ ચાલેછે અને સીધું જતું નથી. તેથી જો તે સફેદ ઘર ઊપર હોએ તો હંમેસ સફેદ ઊપરજ ચાલીઆ કરેછે અને કાલાં ઘર ઊપર તે આવી શકતુંજ નથી. તેને ખામખા એકજ ઘર નેમેલું નથી. જેટલાં ગમે એટલાં ઘર તે જઈ શકેછે.

ઊંટ પછે બે ખાંનાંમાં વજીર અને પાદશાહ આવેછે. પેહેલાં વજીરની ચાલને માંટે એટલું જ જણાવવુંછે કે તે જેમ ગમે તેમ ચાલી શકેછે. તે સીધો અને આરકતરોબી ચાલેછે અને કોઈબી રીતે એક ઈઆ એકથી વધારે ઘર ચાલવાની તેને છુટછે. વજીર ઘણું કીમતી, ઊપીઓગી, અને સઊથી વધતી સતા ધરાવનાર મોહોડુંછે.

પાદશાહ પોતાનાં મરતબા પરમાંણે માતર એકજ ઘર કદમ ભરી શકેછે, પણ સીધા કે આરકતરા ઘરમાં જવાને તેને મનાઈ નથી. પેહેલ વેહેલાં જો તે ચાહેતો ઘોડાની મીશાલે હડી ઘર ચાલી શકેછે પણ તારપછે તેને એકેકજ ઘર જવાનો હકછે.

એ પરમાંણે દરએક મોહોડાંની ચાલ ટુકમાં ઊપર સમજાવીછે. બીજી એનેજ લગતી થોડીક સમજ ધેઆંનમાં રાખવી ઘટેછે. પાદશાહ તથા વજીરની આગલનાં પીઆદાં પેહેલીજવાર એકને બદલે બે ઘર ચાલી શકેછે અને બે હાથીઓનાં બે પીઆદાં, જાંહાં સુધી હાથી માંથે હોએ તાંહાંસુધી પેહેલી ચાલે બે ઘર આવી શકેછે. પીઆદું આગલ વધીઊંતો પાછલ હટી શકતું નથી, પણ બીજું દરએક મોહોડું જેમ ગમે તેમ આગલ પાછલ આવજાવ કરી શકેછે. હંમેસાં એક મોહોડું જો પોતાનું ઘર ખાલી હોએ તોજ તાંહાં જઈ શકે, પણ જારે તે ભરેલુ હોએ તારે જો તે પોતાનુજ મોહોડું હોએતો તેને ખીસાડવું જોઈએ અથવા જો હરીફનું મોહોડું હોએતો તેને મારવું જોઈએ. તેમજ વલી એક નાંકેથી બીજે નાંકે જતાં વાટમાં જારે કોઈ બીજું મોહોડું હોએ તારેબી તે રસતો સાફ કીધા વગર તે મોહોડાંથી આગલ વધાએ નહી.

## બાંગડી અને વેલ.

આપણા લોકોમાં હાથ ઊપર પેહેડવાના જુદાં જુદાં ઘરેણા ને જુદાં જુદાં નામો આપેલાંછે. બાંગડી, સાંકરાં, વારા, પોંહોંચી એ ઘરેણા હાથની કાંદી ઊપર પેહેડવાના હોએછે, અને વેલ, ઘુંઘરી, ઈતીઆદી બાજુએ બંધાએછે. હાથ ઊપર એકજ દાગીનો જેટલો સો

લેછે તેહલી સોભા આખો હાથ ભરી નાખવાથી ઈઆ ઘુંટી શુધી તે ઊપર કીમતી વલાં ઓલવીઆથી મલતી નથી.

આગલા વખતોમાં વેલ પાદશાહીની નીશાન ગણાતી હતી. પુરાતન મીસર દેશના પાદશાહોને પેહેરવાની વેલ શુંદર આકારની અને શુનાની હતી તથા તેમાં કીમતી હીરા અને પાંણાઓ જડેલાં હતાં. ઈઊનાની લોકોમાં બાંગડીની ચાલ ઘણી પાછલા વખતમાં નીકલી હતી. રૂમીઓમાં પોંહોંચીની જણસ ચોકસ ઠેકાંણે માનની અને ચોકસ ઠેકાંણે ગોલાંમગીરીની નીશાન દાખલ હતી. ગોલાંમો પીતલ ઈઆ લોહોડાના વાલા પેહેડતા હતા. રૂમી રાજાઓ પોતાના સરદારોને તેમની હીમતની ઈધાંણી દાખલ સુનાના વાલા આપતા હતા અને લીવી નામનો તવારીખ લખનાર લખી ગએઓછે કે સેબાઈન પેહેલવાંનોની પોંહોંચી ઊપર ભારી દાગીનાઓ હતા. રૂમી સ્ત્રીઓમાં પરણેલી સોહાવાસણીનેજ બાંગડી પેહેડવાનો હક હતો, પણ તે ભરથાર તરફની તાબેદારીની નીશાન દાખલ હતી. કેટલીક સ્ત્રીઓની એકકી બાંગડી વજણમાં દસ દસ રતલ હતી. પોમપીઆઈ નામનું જે દટાઈ ગએલું શેહેર ખોદી કાહાડીઊં છે તેમાં એક સ્ત્રીના હાથ ઊપરથી બાંગડીની જોડ મલી આવીછે. મેકસીમીઅન નામનો સેહેનશાહા જે કદમાં રાખશ હતો અને જે આઠ ફીટ તથા એક ઈંચ ઊંચો હતો તે પોતાની રાંણીની બાંગડીને વીટીની જગોએ પેહેડતો હતો.

હીંદુઓ અને બીજાં લોકોમાં બચ્ચાં તથા માતીડાઓ ઓરતોની મીશાલે વાલા પેહેડછે. તેમને એક જાતની બાંગડી કહીએતો ચાલે અને તેજ પરમાણે તેઓ બાજુએ જે માદરીઆં, ઈતીઆદી પેહેડછે તે વેલમાં ખપેછે. વેલાતના આગલા રાજાઓના કાણુની નીશાન તેઓના ગરદન, હાથ તથા પગના ગુઢણ ઊપરના દાગીના હતા. તાંહાંના જંગલી વખતોમાં પરસીધ થએલી રાંણી બોઆદીશીઆએ બાંગડી પેહેડેલી હતી એવું તવારીખમા લખીઊં છે. રૂમીઓએ જારે ફરાંનસ ઊપર હોમલો કીધો તારે પોંહોંચીઓ પેહેડેલી હતી. નારમંડીના નામીચા સરદાર રોલોએ લુટારા તથા ચોરોમાં જે સખત દર પેસારીઓ હતો તેની ઈઆદગારી એક વેલથી રહી ગઈછે. એવું કેહેવાએછે કે એક દાહાડે એ સરદારે જંગલમાં શેકાર કીધા પછે જમતી વખતે પોતાની વેલને એક જાહાડ ઊપર લટકાવી હતી અને પછે જતી વખતે તેને લેતાં જોકે તે ભુલી ગએઓ હતો તોપણ તે તરણ વરસ સુધી જાંહાંની તાંહાં સલાંમત રહી હતી !

સઊથી સરસ વેલનો એક જોડો હાલ ઈરાંણના પાદશાહી ખજાંનામાં કેહેવાએછે, જે આગલ ચીનના મોગલ સેહેનશાહાઓને હસતક હતો. તેમાના કીમતી નંગોનીજ કીમત વીસ લાખ રૂપીઆછે. જમણી વેલમાંનું મુખીઅ ગહવેર ૧૮૬ કેઆરટ તથા દાવી વેલનું ઊંચું નંગ ૧૪૬ કેઆરટ વજણમાંછે. ઈંગલંડની રાંણી પાસે હાલ કોહેનુર નામનો જે પંકાએલો હીરોછે તે અસલ રનજીતસીંઘની વેલમાં જડેલો હતો.

## રમુજે ફુરસત.

૧. ઘણાં લોકોની મેહેમ જવાની મરજી થાએછે, પણ જો હું નહી હતેતો મેહેમખી નહી હતે અને કોઈની મરજીખી નહી થતે. પણ તારે કોઈ બીજે ઠેકાંણે મોજ કરવા જવાતે કે નહી ? નહી, મારા વગર મોજતો થતીજ નથી. મેહેમ કે સીમ, ગીરગાંમ કે માલબારહીલમાં મારૂં રેહેઠાણછે, તોજ હવા ફેરફાર કરવા ઈચ્છા થાકેલા પરાકેલા જીવને આસાએસ આપવા એ જગાઓના નાંમ તમે ખુશીથી લઇ શકોછો. પણ ગમત મારીથીછે તેમ જરણખી મારીથીજછે. દુનીઆંના સમુદર અને જમીન મારીથીછે. દાડમ, કમરખ અને બીજા મેવામાંખી હું છઉં. તમારાં માથામાંખી હું છઉં અને મગજમાંખી હુંજ છઉં.



૨. આ ચીતરમાં બતાવીઆ પરમાણે એક ચાંમડાંની ચીપમાં બે ચીરા પાડીને તેની તીચે એક આધલું પાડો. તાર બાદ તે ચીરામાંથી એક દોરી પસાર કરી તેના બે છેડા આંધરાંમાં ખોસો અને હેઠેથી બે બટન બાંધો, જે પછે છોડવા વગર તે બેહુ બટનને બાહેર કાહાડી આપો.

૩. ઉલટાવેલા શબદો.

૧ એ દીન સેજજ મરો
૨ નાદારી વ આરી.
૩ ગોરી દીસ કાર.
૪ અડલ મંરીસ.

## સવાલોનાં જવાબ.

(જુવો ગઓ આંકના સવાલો)

૧ આંખ.

## પરચુરણ બાબદો.

**એક લાકડાંનો પગ**—જેઓનાં પગ ભાગી અથવા કપાઈ ગએલા હોએ તેઓને લાકડાંનાં પગ કરી આપવાનું હાલ ઘણું સાધારણ થઈ પડીઉંછે. એ પગ ચાલવામાં સારી મદદ આપી શકેછે, પણ તે ઉપરાંત તેમનો એક નવો ઉપીઓગ હાલ માલમ પડીઓછે. ફરાંનસમાં એક લાકડાંનાં પગ વાલું માંણસ હમણાંજ મેરણ પાંમીઉં હતું. તે વખતે તેને તે પગ સુધાં દાટીઓ હતો. પછવાડેથી મરનારની બેહેનને તેનું વસીએતનાંમું વાંચી જોતા માલમ પડીઉં કે મરનારનાં લાકડાંનાં પોકલ પગમાં ૫૦૦૦ ફરાંક સટાહેલા હતા. એ ઉપરથી તેની લાસને પાછી ખોધી કાહાડવામાં આવી અને તે પગમાંથી એટલા બધા નહી તોપણ ૧૦૮૦ ફરાંકની રકમ મલી આવી.

---

**એક બીલાડીની વાત**—બરૂસેલસ શેહેરમાં રેહેનારી એક સ્ત્રી જણીએ એક બીલાડીને પાલી હતી, તેણે એક દાહાડે તેનાં સરવે બચાંઓને મારી નાખીઆં. આ ટેટો જવાથી તે બીલાડીને ઘણું દુખ થએઉં અને વલી તેનાં થાંણુમા દુધ અતીશએ જમાવ થવાથી તે ઘણી હેરાન થવા લાગી તારપછે તે ઘરમાથી ઘણોખરો વખત બાહેર જવા લાગી. એક વખતે ઘરનાં ભોએરાંમા કાંઈ અવાજ આવવાને લીધે કેટલાંક માણસો હેઠલ દોડી ગએઆ અને તાંહાં જોએઉંતો આ બીલાડી આઠ ઉંદરોને ધવાડતી હતી. ઉંદર સાથ જોકે બીલાડીને દોલે દીઠું વેર હોએછે તોપણ આ બીલાડીએ પોતાની ગરજને લીધે આસરે એક અઠવાડીઉં સુધી તે ઉંદરોને દુધ આપીઉં હતું અને તે પછે જેવું તેના થાંણનું દુખ નરમ પડીઉં તેવાજ તેણે તે સરવે ઉંદરોને મારી નાંખીઆ.

---

**કોએલામાંથી બરાંડી**—વેલાતમા કેટલાક વેપારીઓએ કોલસાની "ગાસ" અથવા ધુવામાંથી બરાંડી દારૂ બનાવવાની ગોઠવણ કીધીછે. કોલસાની "ગેઆસ" માં એકથી વધારે જાતની હવાઓ આવેછે, જેમાની એક હવાને "ઓલફીઆંટ ગેઆસ" કરી કેહેછે. એ છેલી હવામાંથી "હાઈડરોજન" નાંમની હવાનો એક ભાગ કાહાડી નાખી "આકસીજન" ઉમેરવાથી અરક બનેછે અને પછે તે અરક બરાંડી બનાવામાં સારી રીતે કાંમ લાગેછે !

---

**વીજલીની અસર**—ફરાનસના દખણ ભાગમાં બીઝીઅરસ નામના શેહેર મધે વીજલીની અજાએબ જેવી અસર માલંમ પડીછે. એક રાતના તોફાંણને વખતે એક મોટાં દેવલ ઉપર વીજલી પડી જે છાપરાંમાંથી દેવલની અંદર ગઈ. તેથી છાપરાને કાંઈ નુકસાન થએઉં નહી, પણ દેવલના મોટા દીવાંનખાંના મધેના બધાં જુમરોની બતીઓના કાકરા તેથી સલગીઆ. દેવલનો રખેવાલ જે સાંજના દેવલ બંધ કરીને બાહેર ગએઓ હતો, તે અંદર રોશની જોઈને પાછો આવીઓ અને બધા જુમરોમાં બતીઓ બલતી જોઈને તે અચરત થવા લાગો કે એ રોશની કોણે કીધી ?

## રાવાડીસટ પકવાંનો, ઈતીઆદી.

**નવું કીસમીસ કેક**—પરથમ સારો ચાલેલો બે રતલ મેદો લેવો તેમા બે રતલ તાજુ માખણ અને ઇંડા મોટા હોએતો ૧૨ તથા નાહાના હોએતો ૧૮ કાલવીને નાખવાં તારબાદ ૪ રતલ કાલી સુકી દરાખને ધોઇને સાફ કરવી, તથા ૧૦ તોલા બદામને છોલીને તેની બારીક કાતરી કરવી અને ઉપલી મેલવણીમા ભેલવી તે પછે ૨૦ તોલા બીજોરૂની કાતરી, અને ૧ રતલ નારંગી તથા લીંબુની છાલ તેમા ઉમેરવી એ છાલને આગમચથી ખાડ વતે ઊકાલીને ચાસ પાવા પછે કેકમા નાખવી તે સાથે એક ખમણેલુ જાએફલ, ૧। તોલો ચીનીકબાલા, ૦ા તોલો દલેલી જાવતરી, ધાણા તથા સુંઠ, અને ૦।। તોલો તજની ભુકી એ સરવેને ઉપલા મેદા સાથ મેલવી નાખવું તારબાદ તેમા પાઆ પેટ બરાંડી નાખીને તેને ચાંર કલાક સુધી મધીઅમ ગરમીની ભઠી ઉપર ભુજવા મેલવું

---

### હોરી.

**સીતાયે—ધણિયાણીએ, રામને—ધણીને લખેલી ચીઠી.**

વળો રામ આમ રહવારા,
રહવારા, વળો સ્વામ આમ રહવારા—ટેક.
રહુની ઇચ્છા ઉપરાત હું સાથે,
કે ન રહો તમે પ્યારા, હારે પ્યારા કે૦;
મ્હેલ તજી વન સેવ્યું ને ત્યાથી,
અહિંયાં સહું દુખ ભારા;
એવા સુખ આશના ધારા—વળો૦ ૧.
મ્હારૂં તો દુઃખ નથી તમ સરખું,
પરણ્યા થયાછેરે કુંવારા, હાંરે પ્યારા૦
ડુંગર રાન અને ટહાડ તડકા,
ભુખે પિડાતા બચારા,
પડેયાપર પાટના ધારા—વળો૦ ૨.
પ્રીતિ અને પેણ રાખ્યાં હશે કે,
ભોગ કરાવ્યા શું શારા, હાંરે પ્યા૦
એવા વિચાર થતા હશે ઝાઝા,
ઝાઝા તમે દુખિયારા;
એવા પ્રેમપાશના ધારા—વળો૦ ૩.
કંટક દેશને કંટક રાજા,
તેથી દુખી રામદારા; હારે પ્યા૦
લંકા બળો ને બળો એની વાડી,
હૈડે ઉઠેછે અંગારા;
કહાં છોનિ ચંદનગારા—વળો૦ ૪.
રૂડું અજોધ્યા લિલા ભરપુરં,
ઉડે વસંતે ફુવારા; હાંરે પ્યા૦
બ્હાર ગુલાલ અબીલ તણાશા,
રંગ નદીના ઓવારા;
કહાછે તે સુખદ વારા—વળો૦ ૫.
રામ સીકારી પ્રણામ સીતાના,
જુગતી બતાવીછે પ્યારા; હાંરે પ્યા૦
ચતુર સુજાન કરી સેજ સેના,
સંહારો દૈત નકારા,
નર્મદ પ્રાણ રાખોજી મ્હારા—વળો૦ ૬.

# માહાવારી ખબરોનો સાર.

## (તારીખ ૧૬ મી ફેબરવારી ૧૮૬૪ થી ૧૫ મી મારચ ૧૮૬૪ સુધી.)

**ઈરાન**માં વસનારા જરતોસતીઓની હાલત સુધારવા માટે સથાપેલાં ધરમ ખાતાંની તરફથી તાહાં ગએલા મી૰ માણેકજી લીમજી હાટરીઆ આસરે દસ વરસ તાહા રહીને અતરે પાછા આવીઆછે તેવણે પોતાની મુસાફરીનું એક ભાશાણ કરી સભલાવીઊ હતું તે ઊપરથી જણાએછે કે ઈરાણમાં જરતોસતીઓની હાલત ઘણી માઠીછે તેઓ ઊપર મુસલમાંનો ઘણો જુલમ ગુજારેછે, તેઓ ઘણાખરા ખેતીવાડીનો ધધો કરેછે, તેઓનો મુખીઅ ખોરાક અનાજછે, તેઓમાં બાલ લગણનો રેવાજ નથી, પણ છોકરાંઓ મોટા થઈને પરણેછે તથા પરણેઆ પછે મા બાપથી જુદાં રેહેછે તેઓની નીતી સબધી ચાલ સારીછે

**બોરીબંદર** ઊપર રેલવેનુ જે મથક આવેલુ છે તે હાલ માત્તર કામચલાઊ અને નાહાનુ છે માટે સરકારે વારીબદર આગલ માલને સારૂ તથા મોદીખાનાની પછવાડે ઊતારૂઓને સારૂ મોટા મથકો બાધવાનો ઠરાવ કીધોછે. પણ ઇગરેજ વેપારીઓ તેની સામે થએઆછે અને એવી દરખાસત કરેછે કે ડુંગરી કીલા આગલજ ઊતારૂઓનુ મથક રાખવું

**મોટા લોક**નાં છોકરાઓને માટે "પરોપરાએટરી સકુલ" નામની જે મદરેસા સથાપવામા આવીછે તના વડા શીખસક મી૰ ખેટસે પોતાનો હોધો છોડવા ઊપરથી નીશાલના સરવે છોકરાઓએ પોત પોતામા એક નાહાનુ ફંડ કરી તેને ભેટ કીધુ છે

**સસતે** ભાવે લાકડા વેચવા માટે સરકારે વારીબદર આગલ એક વખાર ઊઘાડીછે. દોહોડ ખાડીની દરએક ગાડીનો દસ રૂપીઆ ભાવ રાખીઓછે

**મુંબઈ**માં ખાધ ખોરાકીની જીણસો ઊપર સતાવાલાઓની તરફથી જે કર લેવામા આવેછે તે કાહાડી નાખવો જોઇએ કે નહી તે ઊપર પરજાના આગેવાન શેઠીઆઓ તથા ઇગરેજોની સુલેહના અમલદારોની સભાએ ધ્યાન આપવા માડીઊ છે એ વીશે તપાસ કરવાને કમીટી ઠરીછે

શેઠ દાદાભાઇ હોરમજજી કામાજી આ એપત ઊપરના કરની આરીસમાં ગએઆ તારે એક સતાવાલા મી૰ સકાટે તેવણને જોડા ઊતારીને અંદર આવવા કહેઊં હતુ એ ઊપરથી તેવણ પાછા ફરેઆ હતા અને પછે તે ઇંગરેજ સાથ તેવણને ભાંજગડ ઊઠી હતી. આ બનાવથી સતાવાલાઓની એ ચાલ વીશે ચોમેર ફરીઆદ ઊઠી રહીછે.

**ગુજરાત**માં જંદ અવસતાના અને બીજાં જુના પુસતકોની શોધને માટે ડાકટર હાઊગ નામનો જે વીદવાન તે તરફ ફરવા ગએઓ હતો, તે પાછો આવીઓછે. તેણે શેઠ ડોશાભાઈ હોરમજજી કામાજીના બંગલામા તથા તેની સાથ ગએલા દસતુરજી હોશગજી જાંમાંસપજીએ મરહુમ શેઠ ફરામજી કાવસજીવાલાં આતસબેહેરામમાં ગુજરાતની પોતાની શોધો વીશે ભાશાણો કીધાં હતા

**વરોડશા**મા શેઠ સોરાબજી જમશેદજી તથા બીજા બે ચાર ગરહસથો ગાડીમા બેસી ફરતા હતા, તેવામાં હાથીઓને જોઇને તેઓના ઘોડા ચોંકવાથી ગાડી ઊંધી વલી હતી અને તે સરવેને થોડુ ઘણું નુકસાન થએઊં હતુ.

**અતરે**ની રેલવે બાબે ફરીઆદો જારીછે. મનમાર આગલ રૂથી ભરેલા ૧૮ ગાડાઓની એક ટરેણ આખી આગથી બલી ગઇ જેથી રેલવે કપનીને ૧ લાખ રૂપીઆનું નુકસાન થએઊં હતુ

**આજ** ૭૦ વરસ થએઆ નાંમદાર શેઠ જગનાથ સંકરશેઠ આ શેહેરના લોકોના બલાને માટે જે મેહેનત કરતા આવીઆછે, તે ઊપરથી તેવણની ઇઆદગારી રાખવાને તેવણના મીતરોએ તેવણનુ એક બાવલુ ઊભું કરવાનું ઠરાવીઊ છે શેઠ જગનાથે કેલવણીના તથા બીજા ખાતાઓમા મોટો ભાગ લીધોછે.

જે શેહેરો તરફ વાઘોની વસતી ઘણી હોએ તાહા તેમને જેહેર દઈ મારી નાખવાની રીત એક અમલદારે શોધી કાહાડીછે. તેનો સાર એટલોજછે કે વાઘે મારેલી કોઇ ભેસના બાકીના બદનમા જેહેર ભેલી રાખવુ કે પછે વાઘ તેને ખાવા આવે તારે તે જેહેર તેના પેટમાં જાએ

**મેદાન**મા કેટલીક સરકારી આરીસો લઇ જવા માટે મોટા છાપરા નાખવામા આવીઆછે પણ એક આરીસવાલો ફરીઆદ કરેછે કે તાહા તેનુ ખાતુ લઇ જવાથી તેનાં સવાધીનમાનાં કીમતી સરકારી દસતાવેજો જોખમમાં રેહેશે.

**ઈઊરોપ** ખડ મધે ગએઆ મહીનાથી એક મોટી ગુચવરા ભરેલી લડાઇ ચાલીછે. સલેશવીગ અને હોલસટેન નામના બે શેહેરો ડેનમારકના રાજા પાસેથી આસટરીઆ અને પરૂશીઆ દેશ વાલાઓએ છીનવી લીધાછે કેમકે તે ઊપર એક તરીજા ધણીનો દાવોછે. ઇગરેજ સરકાર આ લડાઇ માંડી વાલવાની ઘણી મેહેનત લીએછે કેમકે ડેનમારકનું રાજ માહા રાણીજીની વડી વહુનાં બાપનુ તથા પરૂશીઆનુ રાજ તેની વડી દીકરીના સાંસરાંનુ રાજછે તથા એ રીતે તેનાં બે વેહેવાઈઓ સામાસામી લડેછે

**આપણાં** ગવરનરનો ભાઈ જાંન જે બીફરીઅર જે વેલાતમા દરીઆઇ લશકર ખાતામા હતો તે પોતાની ૫૨ વરસની ઊમરમા તાહા મરણ પામીઓછે

**વાંદરા** ખાતે એક ફરંગીના બાલકના હાથમા નાહાની દીવાસલીની એક પેટી આવી જવાથી તેણે આસરે બે ડજન સલીઓ ઊપરની ગધક ચુસી હતી, જેથી તે થોડા કલાકમા મરણ પામીઊં હતુ.

**પંજાબ**વાલો સીખ માહારાજા ધુલીપસીઘ પોતાની મા રાણી ચદા કુવર જે વેલાતમા મરણ પામી હતી તેની લાસને પોતાની સાથે લઈને આ દેસમા બાલવા સારૂ વેલાતથી આવીઓ હતો. તે લાસ મધે ખુશબો ભરી હતી, તથા તેના સગા વાહાલાઓને અરપણ કીધી હતી. માહારાજા પોતે ખરીસટી ધરમમા વટલીઓછે તથા એક ઇગરેજ ઊમરાવની સાથ પરણીઓછે.

**મધરાજ**મા એક ઇંગરેજને છીનાલાંના વાકને માંટે ૬ માસનાં કેદખાંનાની તથા ૫૦૦ રૂપીઆના દંડની પેહેલ વેહેલી સજા થઈછે એ શખસની બાએડી ઊપર એવો વાક મેલીઓ હતો કે તેણે પોતાનાં વરને ઊપલા છીનાલામાં મદદ કીધી હતી! પણ તે સ્ત્રી છુટી ગઇ હતી.

**અમેરીકા** ખાતેના ચીલી દેશના એક દેવલમાં આગ લાગાથી તે મધે બે હજાર સ્ત્રીઓ એકદમ બલીને ભસમ થઇછે. આ એક મોટી કજા બનીછે અને તેથી આખા શેહેરમા માહેતમ ફેલાઇછે.

**"ગેઆસ લાઈટ"** ની થંદર રોશની મુબઇમા દાખલ થઇ ચુકીછે. ભાએખલાના રેલવેના મથક ઊપર હમણા દરરોજ રાતના એ "લાઇટ" થાએછે અને એવીતો રોણક તથા ઊજાસ આપેછે કે તે જોવા લાએક થઇ પડેછે.

**કલકતા** અને દીલી વચેનો રેલવે તઇઆર થવા આવીઓછે. ગાજીબાર જે દીલીથી આસરે ૧૨ માઇલ દુરછે તાહાં આવતા મહીનાની પેહેલી તારીખથી રેલવે પરજાને માંટે ઊઘાડશે એવી આશાછે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. એપરેલ ૧૮૬૪ આંક ૪ થો.

## ધીરાં કાંમ સાહેબના

અથવા

## સાંમટું શંકટ અને સાંમટું સુખ.

એક વારતા.

પરકરણ નવમું.

### સ્ત્રી ચરીતર.

અને કાંએ નહી વારૂં?

ઘણી ખાહેશે, ઘણી ઈનતેજારીએ, ઘણો વખત લાગવા પછે, ઘણા દોલા તણાવીઆ પછે, અંતે જારે અસફંદીઆરનાં નુરાંની દીદાર જખમી દીલની તેની માંશુક જુવે તારે તે એકદમ તેને ગલે કાંએ નહી વલગે? પોતાની વફાદારી તથા પરીતીનો જુસો એકદમ ઉબાઈને ખાલી થવા કાંએ નહી દીએ વારૂ?

તેનાં ઘણાં કારણોછે.

શીરીન અને અસફંદીઆર કાંઈ સાધારણ દીલદાર નહી હતાં.

તે નાજનીએ અસફંદીઆરને કાંઈ ઘણીવાર જોએ એ નહી હતો ઇઆ સારીપડે પીછાંની લીધો નહી હતો. અસફંદીઆરનાં છુપા ગુણ સારા હશે એવો જોકે શીરીનને ભરોસો હતો તોપણ તે તપાસવાની તેને તક મલી નહી હતી, અને તેટલાંમાં એક બેગાનાં મરદ સાથે તે એકદમ કેમ પોતાનો ગાંઠ બાંધે?

વલી શીરીનેતો ખાશો મરદનો પોશાક લીધો હતો. અને એ જેવી પોતાનાં વાહાલાનું ભીતર તપાસી જોવાની બીજી કેઈ તક હોએ? તથા વલી તેમ કરતાં તેને તથા શુશનને જેવી ગમત પડે તેવી બીજી સામાં હોએ?

માટે શીરીને પોતાના જુસાને દાબીઓ, અલબતાં તેમા જરા શંકટ સેવીઉં અને પોતાનો વીચાર ફેરવીઓ.

તેણે એક બેગાના મરદની મીશાલ અસફંદીઆરને હાંક મારીઓ અને પુછીઉં કે "શેઠીઆ તમારી પાસે ઘડીઆલ હોએ તો કેહેવો કે કેટલા વાગાછે."

**અસફંદીઆર**—ઘડીઆલ જંગલમા મલે નહી ને વાગા ઘોબીને ઘર.

**શીરીન**—ખચીત તમુને પુછવું જોઈતું'તું નહી એ તો જે ઘણી મોહોબત સમજતો હોએ તેજ ઘણી ઘડીઆલ વગર વખત કહી શકે

**અશફંદીઆર**—અને તે કેમ બાઇ! મોહોબતનો ઘાએલ મારા જેવો તો કોઈજ નહી હશે

**શીરીન**—ના સાહેબ, એમ બનેજ નહી જે ખરો આશક હોએ તે દર પલે દસકા ખાએ અને દર કલાકે આંસુઓ નાખે, માટે કેટલા પલ અને કેટલા કલાક થએ આ દુઆને વખતના ધીમા કદમ કેટલાં ચાલીઆ તે કહી શકે.

**અસફંદીઆર**—વખતના ધીમા પગલાં તે શું, ઉતાવલાં પગલાં શું નહી હોએ?

**શીરીન**—તેમબી હોએ. પણ એતો જેવું માણસ તેવો વખત તેને લાગે. જે ઘણી અદરાઈ ચુકો હોએ અને તેના લગણનો દાહાડો ઠરી ચુકો હોએ તેને મનસે વખત માતર એક પગે ચાલતો જાએછે. પણ જે ઘણીને ફાંસીના લાકડાં ઉપર લટકવાનો દાહાડો ઠરી ચુકેલો હોએ તેને મનસે વખત ચારે પગે દોડતો જાએછે.

એ વાતચીતથી શીરીનને જે જોઈતું હતું તે થએઉં. અસફંદીઆર તેની ચાલ ઉપર જરા મોહીત થએઓ અને આ જવાન છોકરા સાથ વધારે વાત કરવા તેને ગમીઉં. માટે હવે શીરીને ધીમે ધીમે પોતાની મતલબ ઉપર આવવા માંડીઉં. અસફંદીઆરે પોતાની અચરતી દેખાડી કે "જોકે તમે ભરવાડ દીસોછો તોપણ તમારી બોલી ઘણી ઉંચીછે."

**શીરીન**—હા સાહેબ એમ ઘણાં જણ કેહેછે. તેનું કારણ એછે કે મારો એક બેહેસતી કાકો શેહેરનો રેહેવાસી હતો. હા! તે કેટલો ધરમી હતો! અને તે કેવી કેવી સીખામણો દેતો! દારૂ પીવો નહી, તંબાકુ ખાવો નહી અને બઈરીને ચાહાવી નહી એ તેની મુખીઅ શીખામણ હતી. સારૂં થએઉં બાઇ કે હું બઈરી નહી થઇ, નહીતો કે ખચીત બઈરીના જે ખરાબ ગુણ મારો કાકો મને કેહેતો તે માહારામા હતે.

અસફંદીઆરને બઈરીની વાત વધારે પસંદ આવી કેમકે તે વખત તેનો વીચાર બધો એક ઓરતમાજ હતો

પણ તે જાણતો નહી હતો કે તેજ બઈરી તેને આ રીતે ઠગવાની ગમત કરતી હતી! અસફંદીઆરે પુછીઉં કે "જવાન ભરવાડ, બઈરી જાતના એવા શું ખરાબ ગુણછે !"

શીરીન—તે તમોને કેહેવાની શી જરૂરછે ? એતો જે ધણી કોઈ ઓરતમા દેવાનો બનીઓ હોએ તેને કેહેવા ઘટેછે. હા ! હું ઘણો ચાહું છઉં કે જે જવાન હીઆં જાહાડે જાહાડ અને ખેતરે ખેતર કોઈ શીરીન શીરીન કરી નામ લખતો ફરેછે તે આવીને મને મલે કે હું તેને મારા કાકાએ શીખાડેલી સારી સલાહા આપું.

હીઆં વાત રસ ઉપર આવી.

અશફંદીઆર—ભાઈ તે જવાન હું છઉં, તે શીરીનનો દીલદાર હું છઉં વાસતે મને કેહો.

શીરીન—કાકા, તમે ગલે પડવાની વાત ના કરો.

અશફંદીઆર—એ દાહેઆ જવાન હુંજ તે બલેલો જલેલો આશક છઉં.

શીરીન—એ તમે શું બોલોછો ? એમ કાંઈ બને નહી.

અશફંદીઆર—હું ખરૂં કહું છઉં ભાઈ કે હું અને હુંજ તે દુખી અસફંદીઆર છઉં.

શીરીન—તારેજી, એ વાતજ માનવા જોગ નથી.

હવે અશફંદીઆર શું કરે ? શીરીનનો ખરો દીલદાર તે છે એવું આ છોકરો માનતો નથી એમ વીચારીને તેને બહુ ગુસો પેદા થએઓ. તે સોગંદ ઉપર સોગંદ ખાવા લાગો, તે કાલાવાલા અને આજુજી કરવા લાગો તથા છેલે તેની આંખમાથી આંસુબી આવીઆં.

જારે શીરીને જોએઉં કે અસફંદીઆર ઘણો ઉસકેરાએઓ તારે તેણે ખોલાસો કીધો કે "જે ધણી મોહોબતનો જખમી હોએ તેનાંમાં ચોકસ નીશાંન હોએછે, પણ તે તમોમાં નથી. તમારા ગાલમાં કાંહાં ખાડા પડીઆછે? તમારી દાહાડી કાંહાં હોરવા વગરની રહીછે ? તમારા કપડાંનાં બંન કાંહાં છુટાછે ? તમારાં મોજાં કાંહાં ઉતરી પડેલાંછે ? તમે બીજા આશકોની માફક કાંહાં ઘેલા ગાંડા બનીઆછો ? તારે તમે આશક હોવેજ નહી. તમે પોતાની જતનને ઈઆદ રાખોછો તારે માશુકની ઈઆદ તમારામાં હોએજ નહી. તમે પોતાને ચાહાવોછો, તારે તમારી દીલદારને ચાહી શકોજ નહી."

અસફંદીઆર—આ કાંહાં પંચાતી ! શુંદર છોકરા મારી એવી મરજીછે કે હું ખરેખરો આશક છઉં તે તું માને.

શીરીન—પણ દેવાંનાં, તમે મને મનાવીને શું હાંસલ કરવાનાંછો ? તમે કાંઈ મારી ઉપર આશકછો, કે મને મનાવા માગોછો ? જાવો, જેને મનાવવી હોએ તેને મનાવો, અને ખોદા તમારી ફતેહ કરે. તમારા જેવા મેં ઘણાં દીઠાછે. મોહોબત, મોહોબત, બોલતા ફરેછે, પણ ભાઈ જુવો એ કાંઈજ નહી પણ એક દેવાંનપણુંછે હો !

અસફંદીઆર—પણ તેમાં હું શું કરૂં ? તેનો ઈલાજ કાંઈજ નથી.

શીરીન—મારા સાહેબ એમ શું બોલોછો ? તમારે ઈલાજ કરવોછે? જો તેવું હોએતો બબે ઘડી તમે મારી પાસે આવતા રેહો, હું તમારાં દરદની દવા કરશ. હું કાંઈ મશખરી નથી કરતો મારી પાસે ખરેખરા ઈલાજછે. તે મેં અજમાવેલાછે અને ઘણા દરદીઓ મારાથી સારા થએલાછે.

અસફંદીઆરને તે અજમાવાની મરજી થઈ અને શીરીન તેમા ઓર ખુશી થઈ. અતીઆરમાંથીજ તેણે અસફંદીઆરનો પીઆર પીછાની લીધો માટે બોલી કે, "ભાઈ, મારો ઈલાજ શુંછે તે કહું, તમો જોવોછો કે હુંતો છોકરો છઉં, તોબી હું જાંણે સ્રી હોઉં તેમ તમે મને આજ પછે ગણો. તમારી માશુક શીરીનનું નાંમ મને આપો અને જેવી રીતથી તમે તેને ચાહાછો તેવી રીતથી જાંણે મને ચાહાવો. તમે મારી વારેવાર મુલાકાત લેજો, અને મારે ઘર આવજો. હું તમુને તમારી શીરીનની માફક તમોને ઘડીમાં ચાહાવશ, ઘડીમાં ધીકારશ, ઈતીઆદી ટંગ કરશ. એમ થોડા દાહાડા જશે ને પછે શું થાએછે તે તમે જોશો."

અસફંદીઆર—ખુબશુરત છોકરા—

શીરીન—(વચમા પડીને) "છોકરો" નહી, હવે મને શીરીન કરીને હાંક મારો.

અસફંદીઆર—શીરીન, તું ગમે એવા વેજા મારજે પણ જે મારી ખરી શીરીનછે તેની બરોબર મીઠો, પરીતી ભરેલો અને નેક તું ઉતરવાનો નથી. તેતો એક ફરેસતાજછે, એક પેલી જીહાંનતુંજ માનસછે. પણ તોબી તારી આ માગણી હું કબુલ રાખશ અને તેથી જોકે મારી શીરીન શંબંધી હોસ પુરી નહી પડશે તોપણ વખત રોકાવાથી મારો ગમ થોડો ઘણો ભુલશતો ખરો."

હીઆંથી શીરીન અને અસફંદીઆર છુટાં પડીઆં. તેઓ બંને જણ આ વખતથી ખુશીમા આવેલાં હતાં. શીરીને આ ગોઠવણથી પોતાને માટે મોટી ઉમેદો બાંધી હતી. અને અસફંદીઆર સાથજ નેકા પાડવાની તેની આશા વધારે મજબુત થઈ હતી.

શું તે આશા પાર પડશે ?

---

## પરકરણ દસમું.

## સુખની શરૂઆત.

આ સઘલા બનાવથી અસફંદીઆરે દેશનીકાલ પાદશાહા લોહોરાસપને કેવા હરખથી વાકેફ કીધો તથા તે પછે તેની રજા લઈને તથા જરા લગાર લાંબી મંજલ કરીને એ જવાન કેવો શીરીન પાસે જવા લાગો તથા કેવી ઉલટથી માતર ગમતને ખાતર તે છોકરાને ચાહાવા લાગો તેનું શું હમે હીઆં બેઆંન કરીએ ? નહી. તે કેટલું કરીશું અને કેમ કરીશું ?

અસફંદીઆર, શીરીન, શીરીન કરતો તેની પુઠેપુઠ ફરતો. શીરીન તેને વારેવાર મીઠાસથી પટાવતી. કોઈવાર તે તેને માન આપતી, કોઈવાર અમસથી ગમતને ખાતર તેની સામે થતી. કોઈવાર તે તેને ચાહાતી, કોઈવાર તેની સાથ કજીઓ કરતી, કોઈવાર હેંસ ભરી આંખથી આંસુ નાંખતી, અને કોઈવાર ઉલટમંદ હઈઆંથી હાએ ૪
મારતી. ખરેખર તે જે કાંઈ જુસો દેખાડતી હતી તે ખરો હતો, પણ અસફંદીઆરતો તેને મરદ સમ

જી માતર બાહેરનો પીઆર હસવાને ખાતર દેખાડતો હતો, તાબી શીરીન જાણતી હતી કે તેને ખરી શીરીન ગણવાનો વખત હવે દુર નથી. અસફંદીઆર દાહાડામાં જુદા જુદા ચોકસ વખતે જતો અને કબુલેલે વખતે આવતો હતો. શીરીન અને શુશન તેની સાથે નીરદોસ વાતચીત કરતાં, ખાતાં તથા વાંચતાં હતાં. તેઓની રમત ઘણી મલાજાહા ભરેલી તથા ફાએદા ભરેલી થતી હતી અને એમ અસફંદીઆરનો વખત જવા લાગો.

આવી ઘણીક મુલાકાતો થવા પછે એક વખતે અસફંદીઆર શીરીન અને સુશંન પાસે ઠરાવેલે વખતે આવીઓ નહી. તે કાંહાં ગએઓ ? તે કેમ નહી આવીઓ ? એ વીશે શીરીનને મોટી ચીંતા થવા લાગી. ઘડી ઘડી તે સુરજના ઓલા ઉપરથી વખત તપાસવા લાગી અને રાહા જોતાં જોતાં તેની આંખ તનાવા માંડી.

અતે બારણું હોકાએઉં ! તે કોણ હશે ! અલબતાં અસફંદીઆર હોવો જોઇએ.

નહી—તેતો પેલો ગરીબડો ભરવાડ તુર હતો. તે બીચારો પોતાનાં ભોલાપણાંનો ગોએચ્યા ભોગ હતો. હોમાં એ નાંમની જે સ્ત્રીને તે ચાહાનો હતો તે સ્ત્રીએ તેને ધીકારવા છતાં તે તેનાં તરફ એટલોતો મોહીત હતો કે હોમાએની સરવે પાંતીએ ચાકરી કરવાનેબી તે નાંપાડતો નહી હતો. તે પરમાંણે આ વખતે શીરીન તથા સુશંનની હજુર હોમાંએની એક સેવાને ખાતર આવીઓ હતો.

તુર પોતાની હોમાંએ પાસેથી સીરીન જોગ એક કાગજ લાવીઓ હતો. તેમાં હોમાએ શીરીન ઉપર લખીઉં હતું કે "હે ! ફરેસતો રૂપી છોકરા તું તારો ખોદાઈ આકાર માણસની શીકલમાં લાવીઓ તે શું મજ સરખી એક નારીને બાલવાને માંટે ? ના, ના, એવું નીરદએ કામ તારે કરવું ઘટમાંન નથી અને તું જો મને મલે નહીતો પછે આ જીહાંનમાં જીવવું પરમાણ નથી." એ અને બીજું ઘણુંક ટાહેલું હોમાએ આ કાગજ મધે ભરીઉં હતું, અને તે ઉપરથી શીરીન ગુચવણમાં પડી ખરી. જો તે હોમાંએને ના કેહેવાડેછે તો તે કાંઇ જાજું ઠીક ઇઆ સોભા દેનારૂં દીસે નહી. જો તે સ્ત્રીને હા કેહેવાડે તો તેબી ખોટું હતું કેમકે શીરીન પોતે સ્ત્રી હોવાથી કોઇ ઓરત સાથ પરણી શકતી નહી હતી. માંટે તેણીએ એટલુંજ કેહેવાડીઉં કે "હાલ હું કાંઇ જવાબ આપી શકતી નથી." તેટલાં વલી શીરીને તુરને હીમત આપી હતી કે "તું કાંઇ ફકર ના કરતો. હોમાએ ભેવટે તારીજ થશે."

તુર ગએઓ કે પછે જરા વારમાં વલી શીરીનનું બારણું હોકાએઉં. હવેતો અસફંદીઆર ખચીતજ આવીઓ હશે.

શુશંન ઉઠીને બારણું ઉઘાડવા ગઇ અને તુરતજ ચોંકીને બે કદમ પાછી હટી તે જુવેછેતો અસફંદીઆર નહી, પણ તેનો ભાઇ ગસતહમ આવીને ઉભો.

ગસતહમને જોઇને શુશનને કેવું લાગું હશે !

ખોદાએ તેની ખાહેશ પુરી પાડી ! તે પરમેશવરેજ તેને તે છોકરીની સામે મોકલીઓ, કેમકે જારથી તેણે ગસતહમને જંગલમાનાં પેલા પીપરાની હેઠે પોતાનાં પાપનો પસતાવો કરતો જોએઓ હતો, તારથી શુશંનનાં દીલમાં તે ને વીશે જે મેહેર અને માએઆ પેદા થઈ હતી તેને ખાતર તે ગસતહમને જોવા તલપી રહી હતી. આ તેની મુરાદ હમણા અનચીતી પાર પડી.

પણ ગસતહમને શીરીન તથા શુશંન આગલ આવવાનું કારણ શું ?

તેણે આવતાંવાર પુછીઉં કે "જે શખસને મારો બાઈ શીરીનબાનું કરીને કેહેછે તેવણ કાંહાંછે."

શીરીન—તે હુંજ છઉં, મને તમે શું કેહોછો ?

ગસતહમ—અસફંદીઆરે મારી જોડે એક પેગામ કેહેવાડીઓછે. કબુલેલો વખત થવા છતાં તે તમારી પાસે આવી શકીઓ નથી, માંટે તે માફ માગેછે અને દલગીર છે કે આજે તેનાંથી બીલકુલ તમારી મુલાકાત લેવાશે નહી.

શીરીન—અને કાએ વારૂં ? એક સાચા મીતર કરતાંબી કોઇ વધારે આદમી તેનો વખત રોકવાને શુ મલીઉંછે ! જેને તે પોતાની માશુક ગણે તેને શું તે ભુલો જવા માહેછે ?

ગસતહમ—નહી બાનું શીરીન તેમ નથી એક માઠાં બનાવને લીધે આજે હીઆં આવતાં તે અટકી પડીઓ છે તેને તેમ કરવાની ફરજ પડીછે. હા ! કેવો તેનો મોટો જીવ, કેવો સખી સવલાવછે ! અરે ! હુંજ એવો હેનક કે આવા ભલાં આદમીનો જાંન લેવાની મે એકવાર પેરવી કીધી, પણ શુકરછે દાતાર કે તે મારી મતલબમાં મને ફાવવા દીધો નહી.

વલી શુશંનને આ શબદો છેક હઇડાં સુધી લાગા. ગસતહમ તરફની તેની મોહોબત વધી અને તેણે વીચારીઉં કે એણે એકવાર કાંટાથી એક બુરૂ કાંમ વીચારીઉં તો શું થએઉ ? પણ હવે તે સુધરીઓ એટલે તે કોઇબી સ્ત્રીને લાએક થએઓછે.

શીરીનને આ વખતે જુદાજ વીચાર આવતા હતા. તે વીચારતી કે ગસતહમ એટલુ ટાહેલું શાચાટે લઈ બેઠો છે. તેને શક આવીઓ કે રખે એ કાંઈ જુઠ બોલતો હોએ, રખે એ કાઇ હીઆં દાવ રમતો હોએ, રખે તેણે અસફંદીઆરને કોઇ રીતે ફસાવીને હીઆં આવતાં અટકાવીઓ હોએ !

પણ વલી ગસતહમેતો પોતાનાં ગજવાંમાંથી લોહીથી ખરડાએલો એક રૂમાલ કાહાડીઓ ! તે જોતાંવાર શીરીન ધાબરી થઈ. તેનો શક મજબુત થએઓ અને અસફંદીઆરનાં જીવ સંબંધી તેને ધાસતી પેઠી. તે બુમ પાડી ઉઠી કે "બોલ ભાઈ બોલ એ શું થએઉ ? અસફંદીઆર કાંહાંછે ?"

ગસતહમ કેહેવા લાગો કે "સાંભલો એ શીઆનાં જવાંન, હું પશેમાંન થઈને કહું છઉ કે આ બનાવ મારાથીજ બનીઓછે." (શીરીને હીઆં ... વા માંડીઉ) "મારા ભાઇ ! મારા વાહાલા, હીમતવાંન ભાઈ ! તારી ખુબીઓને હું કેમ ભુલશ ! સાહેબ મારી છાતી ભરાઇ આવેછે મારાથી બોલાતુ નથી" એમ કહીને ગસતહમ વલી મુગો રહેઓ.

શીરીનથી હવે ખમાએઉં નહી. "ગસતહમ ખોદાને ખાતર બોલ કે અસફંદીઆરનું શું થએઉં ? મારૂં મગજ ફરેછે વાસતે એકજ બોલમાં કેહે તે જીવતોછે કે નહી ?

ગસતહમ—છે—છે—તમે ઓરતની પેઠે ગભરાવો છો કાંએ ? અસફંદીઆર જીવતોછે અને તેણેજ મને જીવાડીઓછે. આજે તે તમારી પાસેથી ગીઆ પછે જંગલમાં તેણે જોએઉંતો એક મોટાં જાહાડની હેઠે એક મોટો અજદાહા એક ઉંઘાએલાં માંનવી જાતનાં બદનની આસપાસ વીટલાએલો હતો. તે અજદાહા અસફંદીઆરને જોઈને વલ છોડવી જાહાડી તરફ ગએઓ, પણ તે જાહાડીમાં વલી એક બલવંત સીંહ પેલાં ઉંઘાતાં માંણસ ઉપર નજર રાખીને બેઠેલો હતો. તે અંદેશામાં હતો કે તે માંણસ સુવેલું હતું કે નહી, કેમકે સુવેલા શેકારને આ પરાંણી હાથ લગાડતું નથી. અસફંદીઆર તે સીંહથી બીધો નહી. તેણે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ટાલ રાખી તથા તે ઉંઘાતાં આદમીની પાસે ગએઓ. તે કોણ માણસ હતું ? અસફંદીઆરનો પોતાનો વડો ભાઈ, ગસતહમ તે આફતમાં સુતેલો હતો.

શુશંન—શુ ! શુ ? તમે તમે તે આફતમા હતા ?

ગસતહમ—હા સુંદર બાંનુ. મેં અસફંદીઆરને ઘણુ દુખ દીધેલુ, તેને ઘણો હલાક કીધેલો મારેજ તે પોતાનાં જીવને જોખમમાં નાખી મને બચાવા આવીઓ, અને વલી મને બચાવીઓબી ખરો. તેણે હીમતથી તે સીંહ ઉપર ધસારો કીધો અને તે રાખશી પરાંણી થોડા વખતમાં જમીન દોસત થએઉં. તેટલાંમાં હું ઉઠીઓ અને મારા વાહાલા ભાઈનાં પગ ઉપર પડી તેને બોસા લેવા લાગો. હા તેની ભલાઈ એજ ગોએઆ મને સજાછે, તેથી મારૂં કલેજું કપાઈ જાએછે.

શીરીન—પણ અસફંદીઆરતો સલાંમતછે ?

ગસતહમ—છે—ભાઈછે. તે માતર જરા હેબતેલો છે, મારેજ આજે તમારી પાસે આવી શકીઓ નથી અને તેની વીતી ખોલાસો કરવા મને મોકલીઓછે.

શુશંન અતીઆર સુધી ચુપ હતી. તે ગસતહમનો ચેહેરો, નરમાંસ અને બલાપોજ જોએઆ કરતી હતી. ખચીત તેનું મંન પીગલીઉં હતું. તે ગસતહમ ઉપર મોહીત થઈ હતી અને જારે શીરીને એક મરદસે પરીતી બાંધી તારે હું પણ કાંએ નહી બાંધું એવો તેનાં મંનમાં ખેઆલ હતો.

મારે તે બોલી કે "ભાઈ સાહેબ ગસતહમ તમે હીંઆં આવીઆતો હમારી આખો ઉપર. હું તમુને અરજ કરૂં છઉં કે આજનો દાહાડો હીઆંજ ગુજારો અને સાંજે જમીને સીધારજો."

ગસતહમે કબુલ કીધું. તે પણ હવે સમજવા લાગો, તેનું મનબી પીગલવા માંડીઉં અને સાંજના અસફંદીઆર પાસે પાછો જવા નીકલીઓ તેટલાંમાંતો તેણે શુશંન સાથ એટલી મોહોબત બાધી કે એ બંધેનાં મનમાં સાથે નેકા પાડવાના વીચારો આવવા લાગા. શીરીન તેથી ખુશી થઈ. તેની વાહાલી બેહેનને પણ એક લાએક ધણી મલીઓ અને એ રીતે બંને જણ ભરથારના સુખની આશા રાખવા લાગાં.

---

## પરકરણ અગીઆરમું.

## એક શુચવારો.

ગસતહમે લોહોરાસપની છાવણીમાં જઈને અસફંદીઆરને તે દીવસના સઘલા બનાવથી વાકેફ કીધો. તે ભરવાડની બેહેન ઉપર ગસતમે કેવો પીઆર બાંધીઓ તથા તે ઓરતે વલી તેના બદલામાં તેને કેટલી પરીતીથી ચાહેઓ તે સઘલી બીના જારે અસફંદીઆરે જાણી તારે તે ઘણો ખુશી થએઓ. ગસતહમે તેને ઓનરખાહીથી અરજ કીધી કે રાતોરાત અસફંદીઆરે તેઓના ઝુંપડાંમાં જઈને તેઓને તેની ખાહેશથી જાણીતા કરવા અને કોઈબી રીતે આ ભરવાડની બેહેન શુશંન સાથ લગણ નકી કરવાં.

આ અરજ મુજબ અસફંદીઆર તુરત રવાંને થએઓ. કોઈનુંબી સારૂં થાએ એવું કરવાનો તેનો ઠરાવજ હતો. તેનો ભાઈ પરણેતો તેમાં તે ખુશી હતો, પણ પોતાને તે ઘણો દુખી સમજતો હતો. તે વીચારતો કે "આ ભરવાડના છોકરાને શીરોનનું નામ આપી હું ગમે તે રીતે ગમત મેલવું, પણ ખરી શીરીન વના મારાં સીનામાં ઉઠેલી આગ કેમ બુજાએ ? મારો ભાઈ પરણીને ભાએગસાલી થશે, પણ હુ તો મારી મુરાદમાંજ અટવાઈ જવશ."

શીરીન અને શુશંન પોતાના ઝુંપડાંમાં બેઠીને વીચાર કરતાં હતાં. બીજીગમથી શુશંને શીરીનનેબી અરજ કીધી કે જેતે રીતે અસફંદીઆરને સમજાવી ગસતહમ સાથ તેને પરણાવી આપવી. તે બોલી કે "વાહાલી બેહેન, અસફંદીઆર સાથ તારાં લગણનો હવે નજદીક આવતાં જાએછે. તુંનેતો તારો વાહાલો દીલદાર મલીઓછે—પણ હું ભરથારના સુખ વના રહું એ કેમ બને ? જેવા સંપ અને દોસતીથી આપણે વખત કાહાડીઓછે. જેમ આપણ હંમેસ એક એકની સાથે રહેઆં છઈએ, તેમ હવે જાહાજા દીવસ થવાનું નથી. તારાં લગણ પછે આપણુંને છુટાં પડવાની સરજતછે, મારે અગાઉથીજ કોઈ એવી ગોઠવણ થવી જોઈએછે કે તારી બદલીએ મને એક બીજો સદાનો સાથી મલે."

. આ વાત થતી હતી તેટલા અસફંદીઆર તાંહાં આવી લાગો. સરેસતા પરમાણેની મુલાકાતો તથા પરીની ભરેલી વાતો થવા પછે અસફંદીઆરે પોતાના ભાઈની તથા શીરીને પોતાની આ બેહેનની ખાહેશ જાહેર કીધી. લાંબી વાત કીધા પછે તેઓના લગણ નકી થએઆં. બીજી સહવાર તે ખુશાલી ભરેલી કીરીઆને મારે તેઓએ ઠરાવી અને અસફંદીઆરે વીચારીઉં કે પાદશાહા લોહોરાસપની છાવણીમા તે કીરીઆ ધુમધાંમથી કરાવવી.

પણ શું અસફંદીઆર પોતે તો તારે રહી જાએ ! તે બોલીઓ કે "મારા ભાઈની આંખે હું સુખ જોવશ, પણ પોતાંની આંખનું સુખ દેખવાનું નસીબજ નથી. મારો ભાઈ સુખી થશે, પણ હુંતો દુખીજ રેહેવશ. મારી પ્યારી શીરીન ખોદા માલમ કાહાં સુધી દુરી પકડશે."

શીરીન—વલી તમે એજ બોલીઆ ! શીરીનતો તમને ગણેછે કે નહી ? તારે એ રીતે શા માટે બોલોછો. તમારી મરજી હોએ તો મારો આપણબી આંવતી કાલે પરણીએ.

**અશફંદીઆર**—અરે બસ બસ. હવે એમ તે કાંહાં સુધી રેહેવાશે? ખરી શીરીનને બદલે એક મરદને મારે મનસે સીરીન સમજીને કાંહાં સુધી સબુરી રખાશે? એમ સમજતાં સમજતાંતો હવે કંટાલો આવેછે.

**શીરીન**—નો જવાન હું મશખરી નથી કરતો. હું કેહું છઉં કે આવતી કાલે તુંબી પરણશે.

**અશફંદીઆર**—હું તુંને અરજ કરૂં છઉં કે મને હવે ખીજવના. આવતી કાલે હું પરણુશ ? ને તું મરદની સાથે પરણુશ ?

**શીરીન**—નહી વાહાલા ભાઈ તું જોજે કે તારી ખરી શીરીન તારે હાથ આવેછે કે નહી. એતો હમણા તારા રોશન મુખરા ઉપર સબુરીનો છાંએઓ લાવવો કઠણછે પણ આવતી કાલે પોતાની મેલે તેમ બનશે.

એક હાથ ઉપર શીરીન અશફંદીઆરને ખરેખરી આશા આપતી અને બાજા હાથ ઉપર અસફંદીઆર એમસથો બલાપો કરતો હતો, તેવામા પેલો ભરવાડ તુર પોતાની હોમાએને લઈને તાંહાં દાખલ થએઓ.

હોમાએ આવતાંનેવાર શીરીનને કાલાવાલા કરવા લાગી. તે બોલી કે "ઓ નો જવાન છોકરા તું એક બલતી સીને શા મારે બાલેછે ? તું મને એટલી બધી શા મારે તુછકારેછે ! તુંએ મારા કાગજનો જવાબ નહી આપીઓ, તુએ મારી મોહોબતને બાહાલ નહી રાખી એ કાંઈ લાએક નથી."

**શીરીન**—અરે બાઈ હું તુંને અરજ કરૂં છઉં કે મને વધારે કંટાલો ના આપ. તું તારે આ ગરીબ ભરવાડનું માગવું કબુલ રાખ, અને નહી તો મારા ઉપર લોભાવાથી તું ખચીત ઠગાશે.

**હોમાએ**—મારી ગરીબાઈ, નરમાસ અને ખુબસુરતીમાં તુંજ મને આસરો દેનારછે.

**શીરીન**—પણ હટીલી ઓરત મને કોઈબી સી પસંદ નથી. હું કોઈબી ઓરત સાથ પરણવાનો નથી. થાલી ગડબડ શા માંટે કરેછે ?

**તુર**—પીઆરી હોમાએ તું આ જવાંણ ઉપરથી વીચાર કાહાડી મારી ઉપર બખ્શેશ કર હું સપત લેઉં છઉં કે હોમાએને હું ખરાં દીલથી ચાહું છઉં.

**હોમાએ**—પણ હું સપત લઉં છઉં કે હું આ છોકરાને ખરા દીલથી ચાંહું છઉં.

**અસફંદીઆર**—અને હું સપત લઉ છઉં કે હું શીરીનને ખરા દીલથી ચાહું છઉં.

**શીરીન**—હું સપત લઉ છઉં કે હું કોઈ ઓરતને ચાહાતો નથી.

**અસફંદીઆર**—પણ ભલા છોકરા શું તુંને લગણના આસીરવાદ પસંદ નથી.

**શીરીન**—પસંદતોછે અને આવતી કાલે મારાં લગણ થવાનાછે.

**હોમાએ**—પણ તારે કોઈ ઓરતને તું ચાહાતો નથી એવા સપત શા મારે ખાએછે !

**શીરીન**—મારાં લગણતો આવતી કાલે એક મરદ સાથ થનારછે.

**હોમાએ**—ખચીત આ મશખરીછે. પણ છોકરા તું કબુલ થશે કે જો તું કોઈબી ઓરત સાથ પરણેતો મારી સાથ પરણે ?

**શીરીન**—હા, ખચીત. અને જો હું તારી સાથ નહી પરણુંતો આ ભરવાડને તું બાહાલ રાખશે ?

**હોમાએ**—કબુલછે.

**અસફંદીઆર**—પણ હુંતો મારી ખરી શીરીન વીનાં બીજા કોઈસે ગમતને ખાતર લગન કરવાનો નથી.

**શીરીન**—નહી અસફંદીઆર, આવતી કાલે તારી ખરી શીરીન આવેતો બસ ? જા તું ધીરજ રાખ. ચાજે રાતનાં સારી પઠે ઉંઘ કાહાડ અને આવતી કાલે શીરીન તારી સામે આવેછે કે નહી તે જોજે.

હવેનો હીઆં ધબરાટ થઈ ગએઓ હોમાએ જોએઉં કે આ છોકરો મારે હાથથી જશે. તુરે જોએઉં કે હોમાંએ મારે હાથથી જશે. શીરીને જોએઉં કે અસફંદીઆર મારે હાથથી જશે. અને એ રીતે સરવે જણમા મોટી ક્ચક્ચાત થઈ પડી.

અંતે શુગન વચમા પડીને બોલી કે "તમે લોકો હમારા ઘરમા આવીને ગડબડ શા મારે કરોછો ?"

**શીરીન**—જરા સબુર કરો. ભાઈ તુર તુંને હું કબુલ થાઉં છઉં કે આવતી કાલે જો મારાથી બનશે તો તુંને મદદ કરશ. હોમાએ હું કબુલ થાઉં છઉં કે આવતી કાલે જો હું કોઈબી સ્ત્રી સાથ તો તારી સાથ લગન કરશ અસફંદીઆર અગરજો મેં કોઈનેબી ખુશી કીધા હશેતો આવતી કાલે તુંને ખુશી કરશ તુર તું હોમાએને ચાહેછે તે આવતી કાલે તારીજ થશે, અસફંદીઆર તું શીરીનને ચાહેછે અને આવતી કાલે શીરીન તુંને મલશે, હોમાએ તું મને ચાહેછે અને આવતી કાલે જો હું તુને મલી શકશતો તુંનેજ મલશ તમે બધા ધીરજ રાખજો, તમારૂં કામ મને સોપજો અને આવતી કાલે સહવારનાં પાદશાહા લોહોરાસપની છાવણીમાં મલજો.

---

## પરકરણ છેલું.

## મુરાદ હાસલ.

સહવાર પડી. પાદશાહાની છાવણીમા મોટી તઈઆરી થવા લાગી. જુનડાઓ હવા ઉપર ઉડવા લાગા અને નગારાં તથા નોબતનાં અવાજો નીકલવા લાગા. ગસતહમનાં લગન નકી હતાં અને અસફંદીઆર નહીતો નહી, પણ તેતો જરૂર પરણવાનો હતો.

થોડા વારમાં શીરીન તથા શુગન પોતાની કબુલાત પરમાણે તુર અને હોમાએને લઈને હાજર થએઆં. શુગન ગસતહમની સાથે બેઠી અને શીરીનને અસફંદીઆરે પોતાના ભરવાડ મીતર દાખલ પાદશાહાની હજુરમાં ઉભી કીધી. શીરીનનો હજુર ભરવાડનો પોશાક હોવાથી જોકે પાદશાહા તેને ઓલખતો નહી હતો, તોપણ શીરીન "મારા બાપની દરબારમાં ઉભી છઉં" એવા વીચારથી મનમે બહુ ખુશી થવા લાગી.

અંતે પાદશાહાની ઈનતેજારી રહી નહી. તે બોલીઓ કે, "છોકરા તુંએ આ સરવે માણસોને જે સુચવાશ

મા નાંખીઆછે તેનો હેવાલ સાંભલી હું અચરત થએઓ છઉં. તું મારી બેટી શીરીનને હીઆં હાજર કરી આ સુરા અસફંદીઆર સાથ પરણાવી આપવાની કબુલાત કરેછે ?"

**શીરીન**—હા મુરંબી પણ સાહેબ હું તેને હાજર કરૂં તારપછે તમે તે છોકરીને અસફંદીઆરને સવાધીન કરશો ?

**પાદશાહા**—અગર જો મારાં રાજપાટ હતેતો તેબી સાથે આપી દેતે.

**શીરીન**—વારૂં અસફંદીઆર, ખરી શીરીન હાજર થવા પછે તું તેને બાહાલ રાખશે ?

**અસફ્દીઆર**—અગર હું મોટો ફરેશતો હતે તોબી બાહાલ રાખતે.

**શીરીન**—વારૂં હોમાએ મારી મરજી થશેતો તું મારી શાથ પરણશે ?

**હોમાએ**—અગર જો મારૂં મોહોત આવે તોપણ પાછી હટશ નહી.

**શીરીન**—પણ અગર જો હું તુંને નહી મલી શકું તો તું તુરને બાહાલ રાખશે ?

**હોમાએ**—મોટી ખુશીથી.

**શીરીન**—અને તુર, જો હોમાએ મને લેવાને ના પાડેતો તું તેનીસે લગણ કરશે ?

**તુર**—અગર જો તે નાને બદલે હા પાડે તોબી હું તેને છોડશ નહી.

**શીરીન**—તારે હવે બધુ નકીછે. 'હું હમણા મારી બેહેનને લઇને જાઉં છઉં અને થોડા વારમાં પાછો આવશ તથા જે તલેશમાત મે કરવા ધારીઓછે તે કરી દેખાડશ.

એટલું કહી શીરીન તથા શુશન તાંહાંથી રવાને થએઆં.

આ વખતે શું કોઇ ઉપલા સરવે જણના મનના ભેદ પાંમી શકીઉં હશે ? તે દરએક જણના જુદા જુદા વીચારો હતા પાદશાહા સમજતો કે આ ભરવાદ ખાલી ઢોંગ કરેછે. ગસતહમ બીહીતો કે એમ કરીને તે તેની માશુકને છીણવી લઇ ગએઓછે અસફંદીઆર વીચારતો કે એ તેને ઠગી ગએઓછે તુર આશા રાખતો કે હોમાએ તેને જ નસીબનીછે. હોમાએ આશા મેલતી કે હવે તે કાઇ પાછો ફરવાનો નથી.

પણ નહી થોડા વારમાં બારણાની અંદર બે પરી ચેહેરેની બાનુંઓ એક જઇફ ધરમગુરૂની સાથે ધીમે કદમે આવતી દેખાઇ.

તેઓની પછવાડે બકરાં મેંઢાંનુ લાહું લશકર તથા વાસણ કુસણ અને બીજો સામાણ ખણખણતો આવી લાગો.

પાદશાહા તે જોતાંજ દધઇ ગએઓ. તેણે પેહેલાંતો કાંઇ જુદુંજ વીચારીઉં માંટે પોતાની આખ ચોલી જોએઉં પણ તેતો તેની જવાંણ દીકરી અને તેની ભતરીજી શુશંન હતી. ગસતમનાં દોલા ઠરી રહેઆ, તેતો પાદશાહાની ભતરીજી ઉપર મોહીત હતો. અસફંદીઆર થંબન થઇ ગએઓ, તેની શીરીણતો ખરેખર હાજર થઇ.

શીરીન તથા શુશને પાદશાહાની હજુર આવીને નમશકાર કીધા. પાદશાહાએ ખોદાની હજુર શુકર કીધા તથા દોવા કીધી કે તે સાહેબે અંતે તેની વાહાલી દીકરી સાથ તેનો મેલાપ કરાવીઓ. વલી તેણે પોતાની ભતરીજી શુશનને મોટા શંતોશથી આસીરવાદ દીધા.

એટલું થએઉં કે શીરીન તુરત અસફંદીઆરની આગલ અને શુશન ગસતહમની આગલ ગઇ. તેઓ બંને જણ મોટા આનંદનાં સમુદરમાં ડુબાં તથા ખોદાની હજુર આફરીન કરવા લાગાં

પણ પેલા જવાન ભરવાડ કાહાં ગએઓ !

એ સવાલ ઘણા જને પુછીઓ

હોમાએ એટલા માટે પુછીઓ કે તેતો તેની સાથ પરણવાની આશામાં હતી તુરે એટલા માંટે પુછીઉં કે તે તેને મદદ કરનાર હતો. અસફંદીઆરે એટલા માટે પુછીઉં કે તે તેનો ખરો દોસત હતો. પાદશાહાએ એટલા માંટે પુછીઉં કે તે બહુ અચરત થએઓ હતો.

અંતે શીરીને ખોલાસો કીધો. પોતાનાં બાપને પગે લાગીને ખરેખરી બીનાં જાહેર કરવાની તેણે રજા માંગી અને પછે પાદશાહા કેકાઉસનાં મેહેલમાં અસફંદીઆર કુસતી રમીઓ, તારથી તે શીરીન તેનાં ઉપર મોહીત થઇ, અને તારબાદ પાદશાહે તેને કાહાડી મેલી, તથા જંગલમાં તે શુશનની સાથે નીકલી આવી તેનો સઘલો હેવાલ લંબાનથી કહી સંભલાવીઓ. તે સાભલીને દરએક જણ અચરત થએઆં અને શીરીનની હીમત તથા ધીરજ ઉપર આફરીન કરવા લાગાં. તેઓએ જોઇ લીધું કે શીરીને ધીરજથીજ પોતાનું કાંમ પાર પાડીઉં. તેણે ગઇ રાતના એક ધરમગુરૂ સાથ આગમચથી ગોઠવણ કરી રાખી હતી અને જારે ભરવાડનો લેબાસ ઉતારીઓ તારેજ મરવે તેને ઓલખી શકીઆં.

અને હવે શીરીનનું એક કાંમ બાકી રહેઉં હતું. હોમાએ જોએઉં કે જે ભરવાડ સાથ તે પરણવા માગતી હતી તેતો એક સ્ત્રી હતી. શીરીને હોમાએને પુછીઉં કે "કેમ બાઇ તું શું હવે હું એક સ્ત્રી સાથ પરણવાને ખુશીછે !" અલબતાં હોમાએને હવે ના પાડવાની ફરજ પડી અને તે ઉપરથી શીરીને તેને અરજ કીધી કે "જો મારી સાથ નહી તો તુર સાથ પરણવાની તેં કબુલાત આપીછે માટે તે હવે બજાવીને તેને રાજી કર."

આખરે હોમાંએ તુરને કબુલ કીધો. શીરીને અસફંદીઆરસે ગાંઠ બાંધીઓ, શુશનનાં લગન ગસતહમ સાથ થએઆ.

અનચીતાં એક દાહાડામાં તરણ લગન થએઆં એ રાજાને મનસે સઉથી મોટૂ શુખ થએઉં.

સરવેની મુરાદ હાંસલ થઇ. પાદશાહા ઉપર પેગાંમ આવીઓ કે તેનાં લુછા ભાઇ કેકાઉસે માંદગીથી તાજની ગાદી છોડીછે અને લોહોરાસપને પાછો બોલાવીઓછે. એમા પાદશાહાની મુરાદ હાસલ થઇ અને તે ઉપરાંત અસફંદીઆર, શીરીન, ગસતહમ, શુશન, તુર, હોમાએ એ સરવે પોત પોતાની ઉમેદમા પાર પડીઆ એટલા માટે તે જંગલમાં બે દાહાડા સુધી મોટી મોજ કરીને પાદશાહા પોતાનાં રાજ તરફ પાછો ગએઓ અને સલાહા સંપજ તથા સુખમાં પોતાનો કાલ કાહાડવા લાગો.

## વીદીઆ.



વીદીઆને એક નોજવાન અને
ખુબસુરત સ્ત્રીનું રૂપ આપવામાં આ
વીશેછે. તેનો ખુશનુમાં ચેહેરો શું
દર અને ગમભીરછે. તેનો લાંબો જ
બો અને પોશાક સાદો અને ભપકા
દાર સીણગાર વગરનોછે. તેનો આ
કાર સીધો સરોવર સરખોછે. તેનો
દેખાવ રાસતી, નેકી અને શખાવતની જાણે ઈઆદ
આપેછે. તેના હાથમાં એક બતીછે અને બીજા હાથમાં
ભાલોછે. તે જાંહાં જાએછે તાંહાં પોતાની રોશનીથી
અંધારાંમાં ઊજાસ કરી મેલેછે, તે જે જગા તરફ ફરેછે
તે જગા ઊપર પોતાના ભાલાથી વેહેમ ઈઆ મુરખા
ઈના ફોટને ખણી કાહાડેછે. તે જાંહાં પગલાં ભરેછે તાં
હાં નામીચા હોનરો અને કલાકઊશલો ઊઠી ઊભાં થા
એછે.

વીદીઆ આ દુનીઆંમાં માણસને ઘણી ઊપી
ઓગીછે. તે પોતાના તેજથી આદમી જાતનું મ
ગજ મોટું અને ખોલું કરીને તે ખરા ખોદાની મોટી
ખુબીઓને પરસીધ કરેછે. વીદીઆ કુદરતના બારણા
ખોલાં મેલી, તેના નામીચાં એવાનમાં ફરી વલવાને મા
ણસને શકતીવાન કરેછે. એક લખનારના બોલોમાં
આ પરૂથવી ઊપરની પેદાએસોની ખોલ તથા તપાસ
કરી વીદીઆ તેના બનાવનારના તરણ ગુણો ઊંઘાડા
પાડેછે, તેમાં પેહેલું તેમને બનાવાની મતલબ, બીજું તે
મને બનાવાનો હોનર, અને તરીજું તેમને બનાવાની
ગોઠવણ. જો વધારે વીગતથી બોલીએતો વીદીઆ માણ
સને સુધારોને સાચો, નેક અને તંદરોસત બનાવેછે.
તેના દુનીઆઈ દરદો અને દુખોની વચે વીદીઆ પેવ
સ થાએછે, તેની હાજત અને હાલતોનો વીદીઆ ઊ
પાએ કરેછે, તેની ભુખ અને ઊંઘ વીદીઆથી શંતોશ
પાંમેછે, અને તેના તન તથા મનની દરએક ખાહેશ પુ
રી પાડવામાં વીદીઆની સઊથી મોટી મદદછે.

વીદીઆ એવી કીમતીછે. પણ તેની કીમતનો
શું કાંઈ અડસટો થઈ શકશે ? તે આખી દુનીઆંની દો
લત કરતાં વધારે કીમતીછે. તે આ પરૂથવી ઊપરની
તમાંમ વસતીના બલ કરતાં વધારે બલવાનછે. દરએ
ક માણસને હાથ આવે એવું જે ધન ખોદાતાલાએ પે
દા કીધું તે એછે; અને એ જેને મલીશે તેને દોલત ઈ
આ માલ મીલકતની ખામખા જરૂર પડતી નથી. એ
ક માણસ ગરીબ હોએ પણ જો તે વીદીઆના ધનનો
ધણી હોએતો તેમાં તે સુખી થાએછે. પણ એક ઘણો
દોલતમંદ માણસ જો વીદવાન નહી હોએતો તે
આ ગરીબ કરતાં ઊતરતી પડવીનો ગણાવો જોઈએ.
જો વીદીઆ હશેતો દોલત મેલવતાં વાર નથી લાગવાનો,
પણ એખલી દોલતથી વીદીઆ જલદી મલતી નથી.

મારે દોલત ઈઆ બીજી શંની મોજ મજાહના
લોભ કરતાં વીદીઆનો લોભ વધારે સારોછે. વીદીઆ
નો લોભ હમે કહીએ છઈએ અને એબી એક જાતનો
લોભછે ખરો. સટરન નામનો લખનાર વીદીઆને
"દોલતની તરસ" ની મીશાલે સરખાવેછે, જે જેમ વ
ધતી મલી તેમ બીજી વધારે મેલવવાની ખાહેશ થાએ
છે. નામાંકીત ગરંથ કરતા જાનસનના કેહેવા મુજબ
"વીદીઆ આતસના સરખીછે. એક વાર તેને સલગા
વાનીજ જરૂરછે અને પછે તે પોતાની મેલે વધી જાએ
છે." પણ વલી વીદીઆના વધારા વીશે એક વાત જા
ણવા જોગછે. બીજી સરવે દોલતને જેમ એકઠી કર
વામાં આવેછે તેમ તે વધેછે. પણ વીદીઆના ધનને
વધારવાનો સઊથી સરસ ઊપાએતો તેને સારી પડે ખ
રચવામાંછે. જેમ વીદીઆ બીજાંને શીખાડીએ, જેમ
તેથી બીજાઓના મગજને પણ માતબર કરીએ તેમ
આપણ તેથી વધારે માતબર થતા જઈએ છઈએ.
વીદીઆ એક ગહવેરછે અને તેને છુપાવવાથી તેની
ખુબી ઓછી થાએછે તેને રાખી મેલવાથી નહી, પ
ણ તેનો સીણગાર કીધાથી શોભા દીસેછે તેને વાપ
રવાથી જે મોજ પરાપત થાએછે તે બીજી સાધારણ
મોજોનાં કરતાં ચહડની કીસમની હોએછે, કેમકે જા
રે તે આસમાંન સુધી પુગે અને બલના પાહાડોમાં પે
વસ થાએ, જારે તે જાહાજોનાં રસને છુરો કરે તથા જ
મીનના ભીતરને શોદી નાંખે, જારે તે ચગંદા અને પ
રંદાંઓને જોઈ વલે તથા દરએક તનવને તપાસી આ
વે તારે તેથી અગણીત નવી બીનાં જાંણવામાં આવે
અને હંમેસાં જે મોજ નવી હોએછે તે કેવી સરસ લા
ગેછે !

વાંચનારી બાઈઓને વીદીઆ અભીઆસનો
શોખ રાખવાની ભલાંમણ કરતાં લમબાંણથી કાંઈ
લખવાની જરૂર નથી. વીદીઆ માંણસને નીતી શી

ખાડેછે, તેનું પેટ ભરેછે, તેને શોભા દીએછે, તેને મોજ તથા ગમત આપેછે, તેને ખુશી કરેછે અને છેલે પેલી જહાંનનાં સુખની તેને કબુલાત આપેછે. ધરમની કેતાબોમાં વીદીઆ શીખવાનો ખોદાતાલાનો ખાશ હોકમછે. જાંનવરો અને જંગલીઓની હાલત અગનાંનપણાંનાં ગેરફ્ાએદા બતાવેછે, માટે ચાલો આપણેબી તે ગેરફાએદા દુર કરવા અને ફાએદા ભોગવવા ખોદાતાલાનો ને હોકમ બાહાલ રાખી વીદીઆ અભીઆસ ઊપર શોખ રાખીએ.

---

## સુવાવડ સંબંધી સુચનાઓ.

### ૪.

હાસપીટાલો ઈઆ ધરમના દવાખાંનાઓમાં જવાની આપણી બેહેનીઓમાં ખોટી છીટછે. ગરીબાઈને છુપાવવાની કાંઈ જરૂર નથી અને તે ગરીબાઈને લીધે જારે પઈસા ખરચીને એલમની મદદ ઘરમાં મેલવી શકાતી નહી હોએ, તારે જાંહાંથી તે મફત મલે તાંહાં જવાની જરાબી શરમ રાખવી નહી જોઈએ. ગરીબ રેહેવું એ કાંઈ ગુનાહા નથી ચાને તે છતાં પણ તેની ખોટી શરમ રાખીને ઘણા લોકો પોતાના હકમાં ગેરફાએદા તથા દુખ થવા દીએછે.

વેલાતમાં સુવાવડનુ કાંમ ધરમના સુવાવડખાંનાઓમાં ઘણે દરજે ચાલેછે. તેમાં હાશીઆર વઈદો તથા દાઈઓને મોટે પગારે રાખેછે, જેઓની મદદથી ઘણી વેઆતી સ્ત્રીઓ ફાએદા ભરેલી રીતે પોતાના શંકટથી છુટકારો પામેછે. તેબી કાંઇ જેઓ ઘણી પીડાકારી ભોગવતાં હોએ તેઓજ તાંહાં જતાં હોએ એમ નથી. પણ સાધારણ રીતથી હંમેશ છુટવાના હોએ તોપણ ઘરમાં અગનાન ઓરતોને હાથ કાંમ પાડવાને બદલે તેઓ લાએક માણસો પાસ જવાને દરતાં નથી.

વલી વેલાતમા સુવાવડનુ કાંમ જાણનારી હોશીઆર દાઈઓ પણ મલી આવેછે તેઓ મોટા વઈદોના હાથ તલે ઈસપીટાલોમાં અને બીજી જગોએ એ ધંધો સારી રીતે શીખી લીએછે, જે પછે તેઓને તે ધંધો ચલાવાની સનદ મલેછે અને તેથી વેઆતી સ્ત્રીઓ વગર ધાસતીએ તેમની મદદ મેલવી શકેછે. પણ હીઆંતો તેથી જુદીજ હાલતછે. હીઆંની દાઈઓ જેવી અગનાન અને બેખબરી બીજી થોડીજ ઓરતો મલી આવેછે અને તે છતાં તેઓ ઊપર આપણી બેહેનોને કેમ ભરોશો આવેછે તે ઊપર હમે અચરત થઈએ છઈએ. માટે હોશીઆર અને લાએક વઈદોનો ઈઆ ધરમની જગાઓનો એવે વખતે આસરો લેવાની હીઆં વધારે જરૂરછે અને તેમ કરવાની હમે મજબુત ભલાંમણ કરીએ છઈએ.

એક હમેલદાર સ્ત્રીનું જેવું વીન શરૂ થાએછે અથવા કમર પેડુ અને પેટમાં દુખવા માંડેછે, તેવીજ તે દાઈને તેડું મોકલેછે અને દાઈની ફરજછે કે તેડું આવતાંવારજ તરત હાજર થવું. તાર પછે દાઈએ પરથમતો તપાસવું જોઈએ કે વીન ખરાંછે કે ખોટાં. તે સાથે તે વીન કેટલે કેટલે વારે આવેછે, કેટલો વખત સુધી રેહેછે, તથા તે વખતે વેઆતી સ્ત્રીને કેવું લાગેછે તે સરવે સારી રીતે દાઈએ જાણી લેવું જોઈએછે, કેમકે તે જાણવાથી કરીને તે સ્ત્રીને ખરેખર વીઆવાનુંજ દુખેછે કે નહી તથા કેટલીવાર પછે છુટક થશે તે સઘલું માલંમ પડે. એટલુંજ નહી પણ બચું જણવાનો મારગ ખોલાછે કે નહી, તથા સેહેલાઈથી બચું જનમ પાંમશે કે નહી તે સઘલું જાણી લેવાનું તથા જણતી સ્ત્રીના અતલગના ખેશીઓને જણાવવાનું તે દાઈનું કાંમછે.

પણ જે દાઈઓ અગનાન અને અનસમજું હોએ તે એટલી બધી બારીક બીનાઓ ચોકસાઈથી કેમ જાણેવારૂ ? અને જારે તે બરાબર જાંણે નહી તારે દરદી સ્ત્રીની આવે વખતે જે પુશકલ જતન લેવી જોઈએ તે કેમ લીએ વારૂ ? તેથી ઊલટું એક બેસમજ દાઈ કાંઈ સેજ હરખત જોઈને કદાચ બધાંને ઘભરાવી નાંખે ઈઆ ફલાંને વખતે છુટક થશે એવી ખોટી કબુલાત આપવા છતાં જારે તેમ નહી થાએ તારે વેઆતી સ્ત્રી વધારે ઘભરાટમાં પડે તેની કાંઈ નવાઈ નથી. જે જણતી સ્ત્રી એ પરમાંણે વીચાર અને ધાસતી કરતી હોએતો કોઈવાર તેનું વીન પણ બંધ થાએછે અને સગાં વાહાલાંઓ ખોટા ઘભરાટમાં પડેછે. એ ઊપરથી જણાએછે કે જેમ તેમ કરીને બચું જણાવાનુંજ દાઈનું કાંમ નથી, પણ જણતી સ્ત્રીને ધીરજ આપવાનું તથા જે સવાલો પુછવામાં આવે તેનો સાબેતીથી જવાબ આપવાનું પણ તેને ઘણું જરૂરનુંછે

દાઈ સંબંધી એટલા વીચારો આપીને વેઆતી સ્ત્રીની જતન ઊપર હવે હમે પાછા આવીએ છઈએ.

હરેક ગરભવંતી સ્ત્રીને જો દીસનાં વીઆવાનું દુખીઉં હોએ અને તે દુખવાને ઘણો વખત થએઓ નહી હોએતો તે સ્ત્રીએ બધો વખત સુઈ રેહેવું નહી, પણ જરા હીલચાલ કરવી. અને જો બનેતો કંઈ એહલુ કાંમબી કરવું તથા જારે થાક ચહડે તારે જ આસાએસ લેવી. તેમ નહી કરીને જો આખો વખત સુધી તે ઓરત સુઈ રેહેછે અને જો ચાલ હાલ નથી કરતીતો તેનુ મેઆંન વીઆવાનીજ બાબદમાં રોકાવાથી તેને વખત ઘણો લાંમબો લાગેછે, દુખને દુખમાં તેનાં વીચાર હોવાથી તે તેને વધારે શખત જણાએછે, તેથી તેને ઘણી અધીરાઈ થાએછે અને ઓરબી થાક વધારે ચહડેછે.

વેઆવાના પેહલા વખતમાં જો તે સ્ત્રી કંઈ ખાવા માંગેતો તેને હલકો ખોરાક આપવો. દારૂ તથા હર કંઈ બીજી ઊશકેરનારી ચીજ આપવી નહી. હમેલ વાલી બાએડીનો જાહાડો ઘણોખરો કબજ હોએછે એટલા માટે તેનું પેટ સાફ લાવવાને વાસતે કંઈબી હલકો જોલાબ વીનની શરૂઆતમાં આપીએ હોએતો કાંઈ અડચન નથી. એમા એરંનડીઆંનાં એકથી બે ચમચા આપવા, એરંનડીના તેલનો જોલાબ ઘણો હલકોછે તે કંઈ બીજી હરખત કરતો નથી તેથી તે આવી વખતે વારેઘડીએ આપવામાં આવેછે. જો તે સ્ત્રીને એરંડીઆંનો જોલાબ નહી ગમતો હોએ તો વઈદની સલાહાથી કોઈ બીજો હલકો જોલાબબી લેવો, કેમકે દસત ખોલીને સાફ આવીઆથી પેટમાંની ખરાબ પદારથો બાહેર નીકલી જાએછે અને તે જણતી સ્ત્રીને ઘણો ફાએદો થાએછે.

## દુરબીનની અજાએબીઓ.

### આસમાંની શોધો.


માણસ જાતે દુરબીન બનાવીઆ પછે તેને પેહલવેહલી કાંહાં ફેરવી હશે ? અલબતાં આસમાન ઊપર. તાંહાંનાં જહલકતા હીરાઓ કરતાં વધારે દુરની ચીજ બીજી કોઈ નથી, માટે પેહેલેથરથી દુરબીનનો મોટો ઊપીઓગ આકાશના તારા વરતવામાં થએઓ. એક ખોલી રાતે આસમાન ઊપર એક દુરબીન ફેરવીઆથી તેમાંથી કેવો શુંદર દેખાવ નજરે પડેછે તેનું એક ચીતર અતરે આપીઊંછે.



દુરબીનના કાચમાંથી એ બધુ આસમાન જાણે ફરતું દેખાએછે. જે સીતારાઓ હલ્લ નજરે આવેછે, તેઓ થોડા વખતમાં ચાલી જાએછે અને તેઓને બદલે બીજાજ હીરાઓ તે મધે દાખેલ થાએછે. જે સીતારાઓ સાદી આંખે માતર બારીક કરચ જેટલા દેખાતા હતા અને માતર ચીંગારીની માફક જહલકતા હતા તે હવે ઘણા મોટા દેખાએછે અને ચંદરના જેવી જહલે મારેછે. તેઓમાંના કોઈ આખા ગોલછે, કોઈ ચંદરની મીશાલે હરધા ગોલછે, અને કોઈની આસપાસ ગોલ પટો દીઠામાં આવેછે. કોઈની રોશની રૂપેરીજછે, પણ કોઈ વલી ઘડીમાં લીલી, ઘડીમાં લાલ એવી રંગીન રોશની આપેછે. કોઈ તેમાં ધીમી જહફથી સાથેના સાથે ચાલેછે, કોઇ તેઓની વચેથી જલદી જલદી પસાર થાએછે.

એ સીતારાઓ કેટલાછે ? તેઓ કાંહાંછે ? તેઓ શાંના બનેલાછે? એ હધા સવાલો તેમને દુરબીનથી જોતાંવાર ઊતપંત થએઆ. વધારે તપાસને માટે વધારે મોટી દુરબીનો બનાવમા માંડી—જે પછે પેહેલવેહલાં વીદવાન લોકોએ આકાશના એ ગોલાઓના ચાર ભાગ કીધા. પરથમતો તેઓએ સુરજને હેલ્લાએદો ગણીઓ. તાર પછે જે ચંદર આપણી ધરતીને રાતને વખતે રૂપેરી ઊજાશથી રોશન કરેછે તેને તપાસીઓ. તે પછે જે જહલકતાં ગહેરેરો થંબ રોશનીથી પરકાસે છે પણ જહલકી ચાલથી દોડેછે તેઓને તરીજા ભાગમાં લીધા અને તેઓને ગરેહનું નામ આપીઊં, તથા છેલે જે તારાઓ રંગીન રોશનીથી જહલકેછે તેઓને ચોથા

ગણીને તેમને સીતારાનું નામ આપીશું. પણ તાર પછે વલી એક પાંચમી પદારથ લોકોના જાંણમાં આવી. કોઈ



કોઈ વખત અચણુચા જહલકના તારાઓ નીકલી આવવા લાગા. જેઓની પછવાડે એકકી પુછડીઓ હતી અને જે પુછડીઓ દાહાડે દાહાડે લાંબી ટુકી થતી હતી. તેમને તપાસીને તેમને "ધુમકેતુ" અથવા પુછડીઆ તારાનું નામ આપીશું.

પણ એ રીતે આ આસમાંની ગોલાઓનાં ભાગ કરી તથા તેમને નાંમ આપીનેજ વીદવાંનો બેસી રહેઆ નહી. તેઓએ પોતાની શોધોને આગલ ચલાવી અને સઊથી પેહેલી જે અજાએબ જેવી બીનાં અજવાલાંમાં આવી તે આ તારાઓ વચેનાં તફાવતની બીનાં હતી. સાદી આંખે જોતાં એ સરવે તારાઓ એક સપાટી ઊપર દેખાએછે, તથા એકેક વચે માંતર એક વેંહેંત ઇઆ ગજનો ફરક દીસેછે. પણ દુરબીનમાંથી કોઈ આગલ અને કોઈ ઘણાં દુર લાગેછે, એટલુંજ નહી પણ એવુંબી પુરવાર થએલુંછે કે એક તારો બીજા તારાથી આપણને જે નજદીક લાગેછે તે માતર આપણ ઘણા વેગલા હોવાથી લાગેછે પણ ખરેખર જોતાંતો બે તારાઓ વચે જે સઊથી થોડો તફાવત હશે તે લાખો માઈલથી ઓછો નહી હશે. જે સુરજ આપણને રોશની અને ગરમી આપેછે તે આપણી પરૂથવીથી ૯૫૦૦૦૦૦૦ માઈલ દુરછે એવું નકી સાબેત થએઊંછે. એ કેટલા માઈલ થએઆ તેનો કાંઈબી ખેઆલ આવશે નહી. મુંબઇ શેહેર આઠ માઈલ લાંબુંછે એટલે તે મોટું શેહેર કેહેવાએછે, કોલાબાની દાંડી પા માઈલ ઊંચી નથી અને તે ઘણી ઊંચી કેહેવાએછે, પણ તારે આ સાડા નવ કરોડ માઈલનાં તફાવતને કેટલો મોટો ગણવો જોઈએ ? અને તોપણ આસમાંનમાંનાં બીજા ગોલાઓ સાથનો તફાવત ગણતાંનો એ સુરજનો તફાવત કુચ નથી. ગરેહો બીજા તારાઓ કરતાં દુનીઆંની વધારે નજદીકછે, અને તે કેટલા નજદીક હશે વારું ? વીસ પચીસ ગાઊ હશે ? નહી. એક ગરેહ દુનીઆંથી ૨૮૫૫૦૦૦૦૦૦ માઈલ દુરછે ઈઅને દુનીઆં તથા સુરજ વચેનાં તફાવત કરતાં એ તીસ ઘણો વધારે તફાવતછે, પણ ઇઆદ રાખવું કે એનો ગરેહછે, સીતારાઓતો એથીબી વધારે દુરછે. પરોફેસર બીસલે એક સીતારાનો તફાવત ગણીઓ તારે તે આ દુનીઆંથી ૬૦૦૦૦૦૦૦૪૦૦૦૦૦ માઈલ દુર જણાએઓ હતો ? આ આંકડા કોણથી ગણાઈ શકાશે ! તોપણ તેમનો વીચાર આવવા માટે એટલું કેહેવું ઘટેછે કે રોશનીનાં કીરણની જહડપ દર પલે ૧૯૨૦૦૦ માઈલની ગણીએ તે છતાં ઊપલા તારાની રોશની દુનીઆંને પોંહાંચતાં દસ વરસ લાગે! એક પરખેઆત સીતારો એટલો દુરછે કે જો એક ઊડતી ચીજને તાંહાં ફેંકી હોએતો તે તરફ તેને જઈ પોંહાંચતાં દસ લાખ વરસ લાગે!

બીજી જે અજાએબ જેવી બીનાં દુરબીનની શોધ થવા પછે અજવાલાંમાં આવીછે તે આ આસમાંની ગોલાઓનાં મોટાં કદ સંબંધીછે. આપણી દુનીઆંનો ઘેરાવો ૨૫ હજાર માઈલનોછે, અને તે ઊપર વીસ કરોડ ચોરસ માઈલ જગાછે. એજ એટલો મોટો વીસતારછે કે આપણાં ખેઆલમાં તે ઊતરી શકતો નથી. પણ બીજા ગરેહોનાં કદ આગલ આ ઘણું નાંહાંનુંછે. સનીશચરનો ગરેહ દુનીઆં કરતાં ૮૦૦ ઘણો અને બરેસપતીનો ગરેહ ૧૪૦૦ ઘણો મોટોછે, પણ હીઆંજ આપણી અજાએબી આવીને અટકતી નથી. સુરજ આપણી પરૂથવી કરતાં ૧૩ લાખ ઘણો મોટોછે ઇઆને તેનું કદ એટલું મોટુંછે કે આપણી દુનીઆંને જો તેની પાસે મેલી હોએતો તેનો તેર લાખમા ભાગ જેટલી જગા રોકાએ અથવા એક પાહાડ આગલ નાંહાંનાં ઢેફાં જેટલી તે લાગે. અલબતાં આ વીગતો ખરીછે એમાંતો વીદવાંનોને કસો શક રહેઓ નથી.

અને છેલે આ સઘલા મોટા ગોલાઓની ગતી કાંઈ ઓછી હેરત ભરેલી નથી. સુરજ, ચંદર, સીતારા અને ગરેહો સાદી આંખેબી આસમાંન ઊપર ફરતા દેખાએછે. લાંબી તપાસ અને ખોલ કરતાં એવું સાબેત થએલુંછે કે સુરજ થંબછે અને તેની આસપાસ આપણી દુનીઆં તથા બીજા ગરેહો ફરેછે. પણ એક કલાકમાં તેઓ કેટલા ગાઊ દોડતા હશે ? વાંચનાર સું ધારશે ? આગની ગાડી જે એક કલાકમાં ઘણીતો ૫૦ માઈલ જઈ શકે તેથી વધારે જહડપથીતો આ ગોલા ફરતા નહી હોએ ? નહી, એમ ધારવામાં આપણ ઠગાઈએ છઇએ. ચોકસ ગણતરીથી

જણાએછે કે ભરેસપતીનો ગરેહ એક કલાકમાં ૨૯૦૦૦ માઈલ દોડેછે, સુકરનો ગરેહ એક કલાકમાં ૮૦૦૦૦ માઇલ, બુધનો ગોલો ૧૦૯૦૦૦ માઈલ, અથવા એક મીનીટમાં ૧૮૧૬ માઈલ દોડેછે. આ પણી દુનીઆં દર કલાકે ૬૮૦૦૦ માઈલ સુરજની આસપાસ દોડેછે. એ હેરત ભરેલી દોડને સાંની સાથ સરખાવીએ ?

અને આટલું છતાંબી આપણ આ દુનીઆં ઊપર આસાંનીથી જીવી શકીએ છઈએ અને જાંણે દુનીઆં થંભ હોએ એવું આપણને લાગેછે. એ ખોદાતાલાની કેટલી મોટી બખશેશ ! દુરબીનથી આપણે જાંણીએછે કે તે સાહેબે જેમ ઘણી જીણી ચીજો તેમજ આ રાખશી ગોલાઓ બનાવીઆ તથા તેમને હંમેસગી તુલીક ફરતા મેલીઆ તારે તે કીરતાર કેટલો બલવાંન, શકતીવાંન અને દાહાપણ વાલો હશે. ઊપરતો હમે દુરબીનની શોધોનો માતર ઘણોજ અધુરો હેવાલ આપીઓછે પણ હજુર ઘણા જાંણવાજોગ હેવાલો આપવાનાં રહેઆછે.

## જાંણીતી સ્રીઓ.



શાહાજાદી પોચાઓનટાસ·

ઓરત માતરે નાજુક હઈઆંની અને દએઆલુ હોએછે. એ ગુણ ખોદાતાલાએ કુલ નાર જાતીમાં મેલીઓછે. સુધરેલાં દેશોમાંજ સ્રી જાતી ભલમણસાઈ અને માએઆ વાલી હોએ એમ વીચારવામાં ભુલછે. સઊથી જંગલી દેશમાં પણ જારે મરદો ઘાટકી તથા એકેક તરફની ફરજના અગનાન મલી આવેછે, તારે તેમની સ્રીઓ મીલનસાર અને અનજાંનાઓને આસરો આપનારી હોએછે. એના ઘણા દાખલાઓ નોંધ લેલાછે અને શાહાજાદી પોચાઓનટાસનો દાખલો જાણવાજોગછે.

આ પરખેઆત સ્રી અમેરીકા ખંડના એક જંગલી રાજાની દીકરી હતી. ઈસવી સને ૧૬૦૬ માં ઊતર અમેરીકા ખાતેના વરજીનીઆ નામના દેશમાં જારે આસરે ૨૦૦ ઈઊરોપીઅનો પેહેલવેહેલા જઈ વસીઆ હતા તારે તે તરફ તદન જંગલી ઇનડીઅનોની વસતી હતી. તેઓ લગભગ નાગા ફરતા હતા, પોતાના બદનને રંગતા હતા તથા નાહાની લંગોટ ઈઆ બીજાં કપડાંથી પોતાના શરીરનો ભાગ ઢાંકતા હતા. તેઓ ઘણા ઘાટકી હતા તથા સફેદ ચાંમડીવાલાં માણસને જોતાંવાર મારવા આવતા હતા.

તે વખત ઊપર પઊવાહાટન નામનો જંગલી રાજો તાંહા સરદારી ચલાવતો હતો, તે તથા તેના જાતીલાઓ તે તરફ ઊપલા ઈંગરેજોનું આવવું થવાથી ઘણા બીધા હતા. રાજો પોતાને મોટો ખોદા સમજતો હતો તથા સરવે કોઈ ઊપર ચાહે તેવો જુલમ પાડતો હતો. બીજા જંગલીઓ તેની સાથે વાત કરી શકતા નહી હતા, પણ તેની દીકરી પોચાઓનટાસની મારફતે રાજા સાથ સંધેસો ચલાવતા હતા. આ છોકરી ઘણી જુવાન અને ખુબસુરત હતી. તેના બાપનો તેના ઊપર અતીશએ પીઆર હતો અને પાછલા વખતમાં તે જંગલી થોડોઘણો જે સુધરીઓ તે આ છોકરીનાં સારા ગુણને લીધે હતું.

એક દાહાડે ઊપલા ઈંગરેજોમાંનાં કપટાંન સમીઠ નાંમનાં એક અમલદારને જંગલીઓએ કેદ પકડીઓ અને મોટી ખુસાલી સાથે પાઊહાટનની પાસે લઈ આવીઆ. તે વખતે પાઊહાટન પોતાની છોકરીનાં ગલાં ઊપર હાથ નાંખીને એક ફતર ઊપર બેઠેલો હતો. એક ઈંગરેજ કેદીને જોઈને તેનો હરખ તેની છાતીમાં સમાએઓ નહી. પણ પોચાઓનટાસને આ બનાવથી ઘણી દલગીરી ઊપજી. થોડા વખતમાં આ કેદીનાં કેવા હાલ થશે તે પોચાઓનટાસ પોતાનાં સરેસતા પરમાંણે પાંમી ગઈ અને તે ઊપરથી તેને બહુ દઆ લાગી. કપટાંન સમીઠની સફેદ ચાંમડી તથા રૂપ જોઈને તેનાં ઊપર વધારે અસર થઇ માટે તેણે ઠરાવ કીધો કે બનતાં સુધી આ કેદીને સારી રીતે મદદ કરવી.

પેહલાંતો જંગલીઓએ કપટાંન સમીઠ ઊપર બહુ અજાખ ગુજારીઓ. તેઓએ તેને બાંધીઓ તથા તેઓ તદન નાગા થએઆ અને બદન ઊપર તરેહવાર રંગ લગાડીને અને બીહાંમનો દેખાવ લઈને તેને બીહીવાડવા આવીઆ, પણ કપટાંન સમીઠ તેથી બીધો નહી. તેણે ઘણાં મોટાં શંકટો જોએઆં હતાં તથા ઘણી લડાઈઓ મારી હતી, માટે આ જંગલીઓની ધાકથી તે જરા થથરીઓ નહી, પણ મકમ અને હીમતવાંન થઈ સઘલું ખમવા લાગો. અંતે પાઊહાટને જંગલીઆને એકઠા કીધા અને આ કેદીનું શું કરવુ તે માટે તેઓની સલાહા પુછી. તાંહાં એકમતથી ઠરાવ થએઓ કે આ ગોરાં માંણસને જીવથી મારવો.

એટલા માટે જંગલીઓએ પાઊહાટનની સાંમે એક મોટો ફતર લાવી મેલીઓ કે તે ઊપર કપટાંન સમીઠનું માંથું મેલી તેમાંથી તેનું ભેજું બાહાર કાહાડવામાં આવે, પણ હવે ભલાં દીલનો પોચાઓનટાસથી દેખી સકાઓઊં નહી. તે પોતાનાં બાપની પાસે ગઈ અને ગુઢણ મરીએ પડીને તેને વીનંતી કરવા લાગી કે આ કેદીને છોડવો. તેણે આંખમાંથી આંસુ લાવી કાલાવાલા કીધા. તેણે આગલ જે પીઆર ભરેલા શખુનો બાપને કહીને પોતાની ઊમેદો પાર પાડી હતી તે સઘલા શુખનો પાછા કહેઆ, પણ આ વખત તેનાં બાપ ઊપર અસર થઈ નહી. જંગલી પાઊહાટને આ વખત પોતાની દીકરીનો શુખન રદ કીધો અને તેને ધમકાવીને મુગી બેસાડી દીધી.

જારે પોચાઓનટાસનું કાંઈ નહી ચાલીઊં તારે તે નાચાર થઇ બે. અને સરવે તમાસો મોટી ઈનતેજારીથી જોએઆ કીધો. જંગલીઓએ કપટાંન સમીઠને જમીન ઊપર સુવાડીઓ, તથા તેનું માથું પેલા ફતર ઊપર મેલીઊં અને સઘલાઓ મોટા સોટા તથા દાતરડાં લેવા ગએઆ. પેહલો જટકો પોતે મારવાની પાઊહાટનની ખાહેશ થઈ માટે તે સઊની અગાઊ એક મોટું લાકડું લઈ કપટાંન સમીઠની આગલ ગએઓ. તેણે લાકડું તેને મારવા માટે ઊંચકીઊં, પણ તેવામાંજ પોતાની દીકરીની એક મોટી ચીચારી તેણે સાંભલી અને તુરત તે રાંક છોકરી આવીને કપટાંન સમીઠનાં બદન ઊપર આડી પડી.

પોતાનાં ઘાટકી બાપને હાથ એક ખુન થએલું તે જોઈ નહી શકવાથી તેણે જે એક ઊપાએ બાકી હતો તે કરી લીધો. તેનાં બાપનો સોટો કપટાંન સમીઠનાં માંથા ઊપર પડે તેની અગાઊ પોચાઓનટાસે પોતાનું માંથું વચે લાવી મેલીઊં અને બાપને કહેઊં કે "જોઈએતો હવે તે ઊપર માર" ગમે તે પણ પાઊહાટન તેનો સગો બાપ હતો. તેણે પોતાનો હાથ ખાંચીઓ અને તેજ વખતે તેની દીકરીએ હવી મીનતજારી કીધી કે અંતે છેલી ઘડીએ તેની સુધ ઠેકાંણે આવી, તે સમજીઓ અને નાંસીપાસ થઈ પાછો ફરીઓ. તેણે કપટાંન સમીઠને જીવતો રાખી જતો મેલીઓ. તે પછે પોચાઓનટાસે તેને ઊઠાડીઓ અને તેને સાફ સુફ કરીને રાજાનાં ખાસ માંણસો સાથે તેનાં સોબતી ઈંગરેજોનાં રેહેઠાંણ તરફ મોકલાવી દીધો.

આ વખત પછે પોચાઓનટાસ મોટી કીરતી પાંમી. તેની ખુબીઓ ચોમેર ગવાઈ તથા ઈંગરેજો તેનાં ઊપર કુરબાંન થઈ ગએઆ, પણ પોચાઓનટાસે ઈંગરેજોને એખલી એજ મદદ કીધી નહી હતી. તારપછે જારે તેનાં બાપે એકુ બે વાર દગો દેવાનો સંપ કીધો હતો તારે તેઓને તે વીશે ખબર આપનાર પણ એજ બાહાદુર સ્ત્રી હતી. તે છુપી રીતે ઈંગરેજોની મુલાકાત કરતી હતી તથા તેઓની ગરજને વખતે તેઓને ખોરાક ઈતીઆદી પુરો પાડતી હતી. એ રીતે ઘણાં વરસ ગુજરવા બાદ એક ઈંગરેજ તેની રાજી ખુશીથી તેની સાથ પરણીઓ હતો. તેણે પોચાઓનટાસનુ નાંમ છોડી દઈ "લેડી રીબીકા" એવું નાંમ રાખીઊં હતું તથા ખરીસટી ધરમ પાલીઓ હતો. ઈંગરેજી સીખી લેતાં તેને વાર લાગો નહી હતો અને એ રીતે થોડાં વરસમાં પોતાની ભલાઈથી તે દુનીઆંમાં આસકારા થઇ હતી.

## સહીએડ કાકા.

(વેહેમી બાપી બચાને નુકસાન.)

હીલીફુઈ—હમબાઈજી હવે જી ભરાએલ્યા ફરાંમરોજને જલદીથી અદરાવો કે હમે વેહા ખાઈએ. અખાઈરહે આની ઉમર સાત વરસનીતો થઈ હજુર મોટો થવાની વાત જોવોછ કે?

હુમબાઈ—હારે મરૂ! રાત ને દીસ હવે એનો એજ અંદેશોછે.

**પીરોજસા**—છી! છી! હમબાઈ, અતીઆરથી એ શું વાત! પરણવાનો દાહાડો આવશે ને એ પરણશે તેટલાં શીખવો કેલવો ને તેની જતન લેવો. મારી જાઈને પુછો કે તેણે અને મેં વેલાતમાં જે ચાર વરસ ગુજારીઆં તેટલા અરસામાં કોઈબી છોકરો કે છોકરી એમ સાત કે દસ વરસની ઉંમરે પરણીઆતાં?

**જાઈજી**—ખરેખર કોઈ નહી. બચાંને નાદાંનીમાં પરણાવા એ એક જુલમછે. તેનાં કરતાં તેમની કેલવણી અને જતન ઉપર ધેઆન આપવું જોઈએ. હમબાઈજી આ ફરાંમરોજના સહીઍડ કહડાવેલાછે કે?

**હમબાઈ**—ઓ, ઓવારૂંરે. જા બા! તમે એ શું બોલીઆ? સેસ! સેસ! સહીઍડ બાપની સેસ!

**હીલીફુઈ**—ભલાઈ, ભલાઈ, જી નરાઈ. માએ આ પણ ઘરમાંતો દાદાર હોરમનની મેહેર.

**પીરોજસા**—અરે! રે! એમ બોલીને તમે બેસી રહેઆં. હમબાઈ તમે ભુલ કરોછો, કાલને કાલ તમે સહીઍડ કહડાવી લેવો.

**હમબાઈ**—નારે બા ના—એમ કાંઈ બને નહી. મારો હીરા મોતીનો છોકરો જો મરૂં. હું ઓવરાઈ જાઉં બધી એની પરથી ખોદાએ પનાહાં કરશે ને મારૂં ભણીઉં ગણીઉં આરૂં આવશે.

**પીરોજસા**—હમબાઈજી તમારો હીરા મોતીનો દીકરો છે તે વાસતેતો એ કાંમની તેને વધારે જરૂરછે. તમે ભણનાર ગણનાર છેઓ તે વાસતે તમોને કેહેવાનુ વધારે મન થાએછે. તમે તમારા છોકરા ઉપર ઉમેદ બાંધેલીછે તે વાસતે હમે તમોને વધારે ઉસકેરીએ છઈએ. ખચીત સહીઍડ કાંઈ દેવ દેવસતાંન નથી.

**હીલીફુઈ**—ધુરને પાએ ટેકાં. બેસી રેહો, એવા ઘણા જોએલાછે. આજ કાલના ડાકટરોનાં ઢોંગતોછે. હજામની માફક તાબરો ઉઘાડી બચાંને વેહેતું નસતર મોકે ને સુઈ ગાએની રસી મેલે કે તેથી સહીઍડ બાપ નહી આવતા હોએ તેબી આવે.

**હમબાઈ**—પછારાજતો. અરે માએ હુતો બાપ જનમમો એક વખત ઈસપીટાલમાં ગેઈ, તો મુવો ડાકટર સહીઍડ મેલતો જાએ ને મારૂંતો પાકીને પલીતન થતું જાએ.

**પીરોજસા**—એતો માથું દુખવવાનુંછે. જાઈ તમે એ લોકોને સમજાવી જોવોની.

**જાઈજી**—મારા પીરોજશા કેહેછ માએ, તે ખરી વાત છે. સહીઍડ એક એવો રોગછે કે જે ધણી તેનો ઉપાએ નહી કરાવે તેને ખોદાતાલા જાંણે સજા કરેછે. એનો જે એક ઉપાએ માણસને હાથ લાગોછે તે આગમચથી કરી રાખવામાં આપણું કાંઈ ગીઉ?

**હમબાઈ**—ઓવાએ તો નહી? સું ચાહે પીતાં હોશો. મારા સુના જેવા દીકરાને રોગ બલાગાત વગર નસતર મોકાંઉં કે! નારે વાએ—જાંહાંસુધી હું જીવતી છેઉં તાંહાંસુધી તો ઉપરનો ખોદાએ હેઠે કાંએ નહી આવે તોબી હું તેમ થવા દેવશ નહી.

**જાઈજી**—પણ તારે તમે માએ શું કાંમના? તારેતો બચાંની બીજીબી જતન ના લેવો. હોંસાની બીહીકથી તમે તેને ઘણા બતાસા કાંએ નહી ખાવા દેતાં? અથવા બાદીની બીહીકથી તમે તેને ભારી ખોરાક આપવા કાંએ ના પાડોછ? તો જોકે જે વખતે તે તેવું ખાએ પીએ તે વખતેતો તેની મજાઈ બપાઈને કાંઈ નથી—તોબી પછવાડેથી ખરાબી થાએ એવું સમજીને જેમ તમે તેને ખાવા પીવા દેતાં નથી તેમજ સહીઍડની ધાસતી રાખીને એબી એક અટકાવ અગાઉથી કરી લેવો જોઈએ.

**હીલીફુઈ**—હમબાઈજી માએ તમે કાંહાં પુરાં પડશો? મુંગા બેસોની. હાથ આપતાં પોંહોંચો લેશે. તમે થોડો જવાબ આપશોતો એ લોકો વધારે બેહેકસે.

**હમબાઈ**—દરદની વાત જુદીછે—પણ સહીઍડતો માતાછે. ભુલેસવર માએની એતો જે બચાંપર મરજી થાએ તે બચાંના દીલમાં ભરાએ. એમાં દવા કરો કે ઉપાએ કરો, પણ કોઈનું ચાલવાનું નથી.

**જાઈજી**—નહી હમબાઈ, જો તમે કોઈ ડાકટરને પુછશોતો જણાશે કે સહીઍડ માતર એક રોગછે. કેમ પીરોજશા?

**પીરોજસા**—ખરી વાતછે. જેવો નાપાક કોલારોછે તેવોજ એબી મરજછે જેમ કોલારો ગાંમમાં નહી થાએ એટલા વાસતે ઘર અને મોહોલા સાફ સુફ રાખવાના ઉપાએછે, તેમ સહીઍડને અટકાવાનો ઉપાએ એછે કે બચાંને સહીઍડ મેલવા.

**હમબાઈ**—એ આએ શું ઢોંગ? ઉસો ગોવાઈ ને મુસો દોવઈ તેમ એકે કહેઉં ને બીજાએ દોકી હીલવી.

**હીલીફુઈ**—કાંણી ગાએને કોણ વખાંણે? તેની માએ.

**હમબાઈ**—પણ કોઈ એ ડાકટરોને પુછનાર નથીની કે હોંજીઆઓરે તમે ફાંકાં મારોછ, પણ જેવું નસતર મેલોછ તેવાજ દાંનાતો દેખાએછ, ને જેના સહીઍડ કાહાડેલા હોએછ તેનેબી કાંઈ આવીઆ વગરતો રેહેતા નથી.

**પીરોજસા**—તેઓને સહીઍડ આવે ખરાજો, પણ તે થોડા આવે ને તે બચાંની ધાસતી નહી રેહે.

**જાઈજી**—જુવો હમબાઈ જરા માણો. બચાને પરણાવીઆ ઈઆ એવું કીધાની અગાઉતો પેહેલી ફરજ તેમની તંદરોસતી જાલવવાનીછે. તમારાં બચાંના ભલાંને ખાતર તમે એટલું કરી લેવું જોઈએ. આ પોપટ જેવાં, ગોલાબના ફુલ જેવાં બચાંને ફાએદો કરવાના હોએતો તમે સહીઍડ મુકાવી લેવો.

**હીલીફુઈ**—પણ એમ નહી કેહેતાંજો કે એની ઉપર સહીઍડ બાપ એક વખત તાહાડક મેલી ગીઆ. જાઈ તું બોહોસ ના કર.

**પીરોજસા**—હવે તમે ગુસે થઈને તુંતાં ઉપર આવીઆ છો પણ તેના હમોને ધાસતી નથી. વારૂં તમે કેહોની તે કેવા સહીઍડ હતા?

**હમબાઈ**—છુટા, ને અચકરા કચકરાતો હતા. હવે તેવણતો પોતાને ઠાંમે પધારીઆ ને પાછા આવશે નહી.

**પીરોજસા**—તમે કેમ જાણીઉં? એક બચાંને નુકસાંનની ધાસતીમાંથી બચાવીએ તેટલું ભલું કે નહી? આએ ગાંમમાં નાપાક સીતલાથી કેટલી ખરાબી થાએછે તે જુવોછ?

**હીલીફુઈ**—લુસું રે—તેને નાંપાક સું કેહોછ! તેનું નાંમ સેસમાં.

જાઈજી—જુવો હમબાઈ, હમણાં ગાંમની રૂત કેવી ખરાબ ચાલેછે, કેવાં બચ્ચાં તપોતપ પાંણીનાં પીઆસાં મરણ પાંમેછે, કેવાં તેઓને પુશકલ દુખો થાએછે, ને તમુને કાંઈજ દએઆ નથી લાગતી. અરે ખોદા !

હીલી ફુઈ—પણ તમે લોકો પાસ આવતાંનેવાર એજ વાતછે કે બીજી કાંઈ વાત ચીતછે ?

જાઈજી—નાં, નાં એનાં કરતાં વધારે અગતની બીજી વાત કેઈ ? એક વેહેમીનો વેહેમ ભાંજવો અને બચાંને મોહોતની ધાસતીમાંથી બચાવવું એ શું થોડું અગતનુંછે ?

હમબાઈ—જો જાઈ હું તુંને સાફ કેહુંછ કે સમી સાંજી વખત ને ચાંદરાત મીઠી મુરાદ જેવે દાહાડે તું મારા ઘરમાં આવીને જેતે જેતે બેહેકનાં.

હીલી ફુઈ—પણ આજે તમો લોક કજીઓ કરવાની મરજી રાખોછ શું ? બસ તેની માએની એવાં વેજાં મારવાની મરજી નહી તારે તમારૂં શું ચાલે ? જે નસીબનાં લેખ હોશે તે ખરા

પીરોજસા—અરે પણ નસીબ કાંહાં બલીઉંછ તમે ઘેરમાં બેસી રેહો ને ઘટતા ઉપાએ નહી કરોતો નસીબ કાંહાંથી ઈઆરી આપે

હમબાઈ—જાવો, જાવો. સાંજી આઈ ને જી નરાઈ. મારે દીવા લોબાંણનો વખત થએઓ, હુંતો જાંઉંછ.

હવે પીરોજસા અને તેની શીઆંની બાએડી જાઈ આ અપટ બઈરાંઓની હેમકાઈ ઉપર તદન નાચાર થએઆં. તેઓને પેલા ચંચલ છોકરા વીશે ઘણું લાગું. કેવું તેનું મગજ હીરાની મીશાલ ચલકતું હતું, કેવો તેનો ચેહેરો તથા ઘાટ ઘટમ શુંદર હતો, કેવો આગલ ચાલતા તે હોશીઆર નીકલવાની આશા આપતો હતો તેણે જાઈ સાથ જે સવાલ જવાબ કીધા તથા જે ખબર અંતરો પુછી તે એક દાહેઆં માણસનાં જેવું હતું અને તોબી જો તેને આ ભુંહો મરજ થાએતો તે બીચારાનાં કેવા હાલ થઈ પડે !

અંતે આ ધાસતી ખરી પડી. ગાંમમા તે વખતે શીતલા બહુ જોસથી ફેલાએઆ હતા અને તેણે ફરાંમરોજ ઉપરબી હોમલો કીધો. આસરે એક પખવાડીઉં જવા પછે પીરોજસાએ નાંહાંનાં ફ્લુને તેડું મોકલીઉં, પણ તેની માંએ કેહેવાડીઉં કે "બા એનાં ડુસમેનનેતો ધકધકતી તાપ આવેછે, ને બધુ દીલ ગરમ આતસ જેવું થએઉંછે ને આંખો હગારીને એની માએ જોતીબી નથી" એ ઉપરથી પીરોજસાંને બહુ દલગીરી પેદા થઈ. તે જાઈની સાથે ફરાંમરોજને જોવા ગએઓ અને તાંહાં તે બચાંનાં બદન ઉપર પેહેલે દાહાડે લાલ છાંટ જણાઈ. હવે હમબાઈ ઘભરાઈ. તે પીરોજશાને પુછવા લાગી કે હવે એને સહીએડ મેલાચે ? પણ પીરોજશાએ ના પાડીઉં અને તેથી ખોદાએ ઉપર આધાર રાખીને હમબાઈ મુંગી બેઠી.

પણ જે શખસ પોતે પોતાનુ સંભાલે નહી તેને ખોદાએ શી રીતે સંભાલે ? હમબાઈ કેહેતી તેમ તે દાહાડાથી ફરાંમરોજનાં દુશમનના ઉંધા ગરેહ બેઠા. તે હસતો બોલતો અને હોશીઆર છોકરો તાપની જીમમાં બે તરણ દીવસ સુધી બેસુધ પડી રહેઓ. તેનાં બદનની ગરમી એટલી હતી કે તે ઉપર જાંણે હાથ મેલી શકાએ નહી.. તેને નબલાઈ એટલી થઈ હતી કે એક માંણસે ઉંચકવા વગર તે ઉઠી બેસી સકતો નહી હતો. તેની ભુખ એટલી મરી ગઈ હતી કે આખો દાહાડો તે માતર એકુવાર કાંજી પીને જ પડી રેહેલો હતો, અને એવી હાલતમાં તરાજે દાહાડે હમબાઈને ફ્લુની ચાંમડી ઉપર છુટા છુટા દાંનાં જણાએઆ. તે પછે તેનાં આખા બદન ઉપર સહીએડની સણગારને સણગાર એકની ઉપર એક એવી ફુટી નીકલી કે તે ખુબસુરત છોકરાનું શરીર સહેલું તથા વાશ મારતું થઈ પડીઉં. એથી તેને જે દુખ થએઉં તેનું કોણ બેઆંન કરશે ! તેને ચમક થઈ અને તે ઘડી ઘડીમાં ઉડવાતો લાગો. સહીએડનું બીછાંનું તેને કાટાંનાં બીછાંનાંની પેરે ખુંચવા લાગું તથા આખી રાત અને દાહાડો તે બીચારો તવલમાં તવલતો ગુજારવા લાગો. તે પાંચ મીનીટ ઠરીને એક ઠેકાંણે રહેઓ નહી તફર તફર કરતાં તે તદન થાકી જતો, અને બીછાંનાં ઉપરથી માંના હાથમાં અને માંનાં હાથમાંથી જમીન ઉપર પડીને લોટતો હતો.

પણ આ સઘલો વખત હમબાઈ શું કરતી હતી ! તે સહીએડ કાકાને છેડતાં બીહીતી હતી અને ફ્લુનો અકલાસાત તથા બીજાં દુખ ઓછાં કરવાને ડાકટરની દવાઈ આપવાને નાં પાડતી હતી. તેને બદલે પેહેલેજ દાહાડેથી તેણે પોતાના છોકરાને એક સફેદ કુતકું પેહેડાવીઉં તથા કાલી દોલી તેના ગલાંમાં ઓલવી અને તારપછે તેની પાસે બેસીને માંણતા કરવાને ભુલી નહી તે ફરાંમરોજના પગ ઉપર નાંખ ઘસની કરીને બોલી કે "મરૂંરે મારા સહીએડ બાપ, મારા ફરાંમરોજને છોડવી આપજો ને મારી સરમ આબરૂ રાખજોરે મરૂં. જારે પંદર દાહાડા થશે કેની મરૂં, ને તમે જારે તમારે ઘેરે બારે સીધારશો તારે હું બસેરનાં લાવરા કરીને ઓટસ મરૂં ને ભુલેસર માંએને મરચો, ધાંની, વવરતું સુરન સઉ ચહડાવશ મરૂં. મારા ઘેરનાં કુવાને હું વારીબી ભરાવશ ને આવાં ઈજતમાં પોલી ચહડાવશ મરૂં." વલી હમબાઈ દર રોજ એક મોબેદને ફ્લુ આગલ બેસાડી અરદીબેહેસત ઈઅસત ભણાવતી. ઘરમાં ઉંબરે ઉંબર તથા ખાટલે ખાટલે લીમરાના પાટરાં તેણે બાંધીઆં હતાં કે હમબાઈને મનસે સહીએડ કાકાના ઘોડા તે માદવની નીચે છુટે ! જારે તે છોકરો ઘણો તવલતો તારે તે સહીએડનું ગીત ગાતી.

"મારા સહીએડ બાપને સેસરે મરૂં,
ને મારા ફ્લુને છોડવીને લેસ.
મારા સહીએડ બાપતો દાહેઆરે, મરૂં,
ને મારા ફ્લુ પર મેહેર લાએઆ.
મારા સહીએડ બાપતો આરારે, મરૂં,
ને મારા ફ્લુને હાથે વારા."

પણ આ સઘલા વેહેમ અને પુંજા પાતરી છતાં બીચારા ફરાંમરોજને જરાબી કરાર વલીઓ નહી. તેની રરતો ઓર વધતી ગઈ. તેના સહીએડ રંગ બદલીને લીલા થએઆ અને સરવે કોઈ કેહેવા લાગું કે હવે જો તે સુકાવાને બદલે કાલા થશેતો બીચારા છોકરાની "મમાઈ, બપાઈની આશા નથી." અંતે એ રંગબી બદલાવા લાગો અને તે વખતે હમબાઈને કેટલું દુખ થએઉં. તે ખુણે ભરાઈને રડવા લાગી તથા તેની આંખ લાલ બોટાં જેવી થઈ. ઉજાગરાએ

કરીને તેને સરકમ થએઓ તથા ફુલુને ઉંચક મેલ કરતાં
તેના પાંખરાં તણાવા લાગાં. અલબતાં તેણે ચાકરીમાં ટી
લ કીધી નહી.

એમ કરતાં લગભગ સટોસટ જીવે એક પખવાડીઉં
ગએઉં અને "ખોદાએજીએ જરા જોએઉં." નાહાનો ફ
લુ મોહોતમાંથી માંદમાં આવીઓ અને અંતે સહી
એડ સુકાએઆ, પણ કીડ ભાગી નહી. તે વખતથી તે
ખવરતોજ રહી ગએઓ. વલી તેના ખુબસુરત ચેહેરા ઉ
પર ચાઠાં પડીઆં અને તેની સફેદ ચાંમડી કાલી થઈ ગઈ.
છેલે જણાવવાને દુખ ઉપજેછે કે ગરીબ બીચારા ફલુ
ની એક આંખ તદન ગઈ તથા બીજી આંખમાં સેજ ફુલું
પડીઉં.

તોબી હુમબાઈ પોતાની માનત બજાવીઆ વગર ર
હી નહી. તેણે એક આતવારે રાંધણીની દેવાલ ઉપર છાંન
ની બેટકીઓ વલગાવીને તે ઉપર રૂનું એક પોહોડીઉં ચો
હોંટાડીઉં અને તે પોહોડીઆંને કુંકું તથા અલધ લગાડી.
વલી ચોખાના આટાના ચાર થાલી ભરીને તેણે લાડવા બ
નાવીઆ. એ પછે સહવારના પોહોરમાં પોતાના છોકરાને
નહવાડીને ઉપલાં છાંનની સાંમે પાટલા ઉપર બેસાડીઓ
અને તેના હાથમાં નાલીએર, પાંન, સોપારી, અને ખારક
મેલીને નવાં કપડાં પેહેડાવીઆં. તેના ગલાંમાં એક ફુલ
નો હારહો ઓલવીઓ અને તાર પછે સાત સાત લાડવાને
તરણ વખત તેના માંથા ઉપર મેલીને ઓવાડી નાખીઆ.
છેલે તે લાડવા ઘેરેઘેર વેંહેંચીઆ અને સેસની થાલીમાં રા
ખેલી ધાંણી, વવરતું સુરન, કાગજનો તાવ, અને એક મર
ઘો જુલેસવરમાં ચહડાવીઓ ઇતીઆદી.

હુમબાઈના છોકરાને જોકે ખોદાએ પાછો વાલી આ
પીઓ તોપણ માઠાં નસીબથી તે બીચારો આંખથી રદ થ
એઓ. એ શું કાંઈ થોહો અજાબ! અને હવે હુમબાઈએ
પોતાની ભુલ જોઇ તે ખરી. પીરોજસા તથા જાઈજીની શી
ખાંમણ હવે ધેઆનમાં ઉતરી તે ખરી અને હવે તે તેઓ
ની સલાહા લેવા ગઈ તે ખરી. તે ફરીઆદ કરીને બોલી
કે "ખોદા! મેં શું ગુનાહા કીધો કે આ રીતે મારો એક
પુરો છોકરો હલાક થાએછ. એની ઉપરતો મેં મારી બધી
ઉમેદ બાંધીતી અને એનાથીતો ભવ સુધરવાની આશા હુ
તી—પણ હવે એજ માઠાંનો માંગતો આવો દુબલો થએઓ
તારે હમારા શું હાલ થશે." આ વખતે આસપાસ ઘણા
બઈરાં હતાં તેથી જાઇએ હુમબાઈને નરમ પાડવા પછે પી
રોજસાએ ધીરજથી કહેઉં કે "હુમબાઈ મને માફ કર
જો પણ બોલવા વીના ચાલતું નથી. તમે તમારા છોકરાના
સહીએડ નહીં મેલાવીઆ એમાં ખરેખર તકસીર કીધી અ
ને તેટલા વાસતેજ ખોદાએ તમોને આટલું દેખાડીઉં હ
શે. તોબી દુવા માંગો કે તેને હઈઆતી બખશીછે અને
ઈઆદ રાખજો કે તે જીવતો રેહેશેતો સઉ થઈ રેહેશે. દર
એક માની ફરજછે કે પોતાના બચાંના જલદીથી સહીએડ
કહડાવી લીએ બાકી જેમાં એ ઈલાજ કરી નહી રાખે તે
જાણે કે હાથે કરીને પોતાના બચાંનું મોહોત ચાહેછે અને
તેવાં બચાંને જીવાડીને ખોદા એવી વેહેમી માઓના હાથ
તલે વધારે દુખ દેખવા દીએ તેના કરતાં તેમને ખેંચી લી
એ તે બેહેતરછે."

# દુનીઆંનો મુસાફર.

## પત્ર ૨૦.

પીઆરાં બેહેન,

સેંટ પીટરસબરગથી એક ઇસટીમરમાં ચહડી
ને બાલટીક સમુદરને મારગે હું પરૂશીઆ દેશમાં આ
આ છઊં. એ દેશ ઇઊરોપનાં મધીઅ લાગ તરફ પો
લાંડની પડોસમાં આવીઊંછે. તમે જાંણતાં હશો કે
આપણી નાંમદાર રાંણીની વડી દીકરી હીઆંનાં સેહે
નશાહનાં વડા છોકરા સાથ પરણેલીછે, જેઓ ઘણી



પરીતી તથા સંપથી રહેઆં
છે અને એક એકને ચાહી
ને સાથેનાં સાથે ફરેછે, જે
વીશેનું એક ચીતર હીઆં
મેં તમોને ભેટ કીધુંછે. બેહેન પરૂશીઆ દેશ હમણાં
ડેનમારકનાં રાજ સાથે એક મોટી લડાઈમાં ગુંતાએ
ઊંછે એ છેલું રાજ પણ નાંમદાર રાંણીના વડા પુત
રનાં સસરાનુંછે અને એ રીતે એક હાથ ઊપર રાંણી
ની વહુનો બાપ અને બીજા હાથ ઊપર તેનાં જમા
ઇનો બાપ લડાઇ કરેછે. એવા વખતમાં પરૂશીઆ
ખાતે હું આવી પુગાથી તાંહાંનો થોડોક હેવાલ કદાચ
અગતજોગ થઈ પડશે.

એ દેશમાં ઇસવી સને ૧૦૦૦ ની અગાઊ પ
રૂએઝી નાંમના જે જંગલી અને બુતપરસતી લોકો રે
હેતાં હતાં તે ઊપરથી પરૂશીઆ નાંમ નીકલેલું કેહેવા
એછે. હાલનાં વખતમાં તે ઘણું સુધરેલુ અને શકતી
વાલું રાજછે. તોપણ તે જુદા જુદા ભાગોમાં ઘણું વેં
હેંચાઈ ગએલુંછે. તેનાં મુખીઅ ભાગ વેસર પરૂશી
આ અને રેહેનીશ પરૂશીઆ એવા બેછે, તે બે ભાગના
૯ પરગણા કીધાંછે, અને તે પરગણાના વલી ૨૫ ભા
ગ તથા તે ભાગના ૩૩૫ વીભાગો કીધેલાછે તેના રા
જ કારોબારમાં સેહેનશાહ સઊથી વડો સતાવાલોછે,
જેને સને ૧૮૫૦ પછે સલાહ આપવા માટે બે કાંઊ
નસીલો કીધેલીછે, પણ હાલમાં તે કાંઊનસીલ સાથ સેહે
નશાહને કાંઈ જાજું બનતું નથી. પરજાને ઈનસાફ
આપવાની હીઆં ઘણી સારી ગોઠવણછે.

પરૂશીઆની જમીન ઘણીખરી સપાટછે, જે ઊ
પરની જુદી જુદી નદીઓ સફર કરવા લાએકછે, અ
ને અગત કરીને રાહીન નદીની આસપાસનો દેખાવ

ઘણોજ રલીઆંમનોછે. હીઆંની હવા મધીઅમ અ
ને સીતલછે, તથા જમીન ઘણા ભાગોમાં ફલવંત અને
ખેતીવાડીને લાએકછે. ખાંનોમાથી લોહાડું, તરાંણું,
સીસું અને થોડો થોડો કોલસો તથા પાહાડોમાંથી સંગે
મરમર અને થોડું જહવેરાત મલી આવેછે. બાલટીક
સમુદરના કીનારા ઊપરથી કેરબાનો જે પુશકલ જથો
મલેછે તે પરૂશીઆની સરકારનેજ હીસાબે વેચાએછે.
ખેતીવાડી એ પરૂશીઅનોનો મુખીઅ હોનરછે. એ સં
બંધી થોડાં વરસમાં હીઆં મોટો ફેરફાર થઇ ગએઓ
છે. પટેટા અને અનાજ લોકોનો મુખીઅ ખોરાકછે.




ઘરઘતુ જણાવરો ઊપરાંત સસલાંની વસતી હીઆં સા
ધારણછે. તથા તે ઊપરાંત ભુંડ, હરણ, વરૂ, કોહોલાં
અને સીહાગોસ નામના પરાંણીની શંખીઆ ઠીક
જોવામાં આવેછે. એ છેલું પરાંણી બીલાડીની જાતનુંછે,
પણ તેના લાંબા કાંન અને ટુકી
પુછડીછે તથા તે શાડી ખાનારૂં
પરાંણીછે. તેનું એક ચીતર
હીઆં આપીઊંછે.



પરૂશીઆમાં પરચુરણ વેપાર
ઘણો સારોછે. ઊંન અને સણ
નું વણત ઘણું સારૂં થાએછે જેમાં
ઊંચા સાંચા હમણાજ દાખલ થએઆછે. સેકસનીમાં કો
ડીકાંમ ઘણું નાદરછે. રેલવેઓ અને બીજી કલાકઊશલ
માં એ દેશ ચહડતુંછે, અને છેરે લોકોને કેલવણી આપ
વા માટે પરૂશીઆમાં જેવી મોતેબર ગોઠવણોછે તેવી
આખી દુનીઆંના કોઈ દેશમાં નથી એવું ઇંગરેજો
પોતે કબુલ કરેછે. ધારાની મારફતે પોતાના બચાંને
કેલવણી આપવાની દરએક માંબાપને ફરજ પાડવામાં
આવેછે. એટલા માટે કેલવણી ખાતાંઓનાં તેમાં અ
પાતી ચહડતી તરખીએત પરમાંણે વરગો કરવામાં
આવેછે, જેમાં સઊથી સાધારણ કેલવણીની ૨૬ હ
જાર ઈસકુલોછે. બરલીન શેહેર પરૂશીઆનું પાએત
ખતછે. તેની આસપાસ મોટી દેવાલ બાંધી લીધે
લીછે તથા દેખાવમાં તે રોણકદારછે.




સને ૧૮૬૪ માં પરૂસીઆની વસતી ૧ કરો
ડ અને ૬૦ લાખ માંણસોની હતી. એમાં મોટો
ભાગ કેલવણી પાંમેલો તથા સારાં સલુકનોછે, પણ
વલી તેઓ લડાએકબીછે. પરૂશીઅન લશકરનાં સીપા
ઈઓ ઊપલા ચીતારમાં દેખાડવા સરખી ઢપ તથા
પોશાકનાંછે. એઓનું સથાપેલું લશકર ૧ લાખ ૩૭
હજાર માંણસોનુંછે, પણ તે ઊપરાંત સરકારનો ધારો
છે કે રાજનાં દરએક મરદ રેહેવાસીએ તરણ વર
સ સુધી લશકરમાં ચાકરી કરવી અને તેથી કરીને પ
રૂશીઆમાં તુરત હથીઆર ભીડે એવાં આઠ લાખથી
વધારે માંણસો કોઈબી વખતે મલી આવેછે. પરૂશી
આનાં રેહેવાસીઓ પોતાનાં માથાનાં બાલ બોરાવેછે,
તથા તાલકીની વચોવચમાં એક નાંહાંની ગોલ ચોટ
લી રાખેછે. એ ખચીત નવાઈ સરખુંછે. પરૂશીઆ
માં જંગલો ઘણાંછે. તેમાંથી થોડાં
ક વરસો ઊપર એક જંગલી મલી
આવીઓ હતો. બેહેન તમે જંગ
લીઓને જોએઆછે? તે પાસેનાં
ચીતરમાં દેખાડવા સરખા હોએ
છે. ઊપલો જંગલીતો તદન નાગો
હતો, જાહાડનાં પાતરાં ખાઈને તે




જીવતો હતો, તથા કોઈબી બોલી જાંણતો નહી હતો,
પણ માતર બરાડીઆ કરતો હતો. તેને બોલતાં સી
ખાડવાની ઘણી કોશેશ થઈ હતી, પણ તે જંગલી
શીખીઓ નહી હતો. એજઅરજ.

હું છઉં તમારો,

વાહાલો ભાઈ.



નહુસઠ પાસ.



સરમાફા પાસ.

# પાહાડો ઉપર લડાઈ.

કોઈબી લડાઈની સઊથી સાધારણ ખરાબી એ છે કે તેથી ઘણા માણસો નાહકમાં જીવ ખોહેછે, પણ જારે તે લડાઇ ઊંચા પાહાડો ઈઆ ઊંડી ખીણો મધે ચાલેછે તારે બેશક તેમાં ઘણી કતલ અને મારામારી થાએછે. પાસે જે બે ચીતરો આપીઆંછે તે એ છેલી કીસમની લડાઇ સંબંધીછે. આસરે પચીસ વરસની વાત ઊપર કાબુલમાં ઈંગરેજ સરકારને જે મોટી લડાઈ થઈ હતી, તે બારીમાં આ બે જગોએ જંગ મચી રહી હતી અને અલબતાં બીજા પાહાડોની મીશાલે આ પાહાડોમાં પણ ઇંગરેજ નીચે હોવાથી તેમને ઘણું ભોગવવું પડીઊં હતું. પાસેના સફા ઊપરનું પેહેલું ચીતર સરતાશની ખીણનુંછે જાંહાં તા૦ ૧૬ મી મે ૧૮૪૦ ને દીને લડાઈ થઈ હતી અને બીજું ચીતર નફુસકની પાસ અથવા પાહાડ માહેલો વાટ દેખાડેછે જે જગોએ ઈંગરેજોને કાબુલીઓ તથા બલુચીઓ સાથ એકથી વધારેવાર બાથ ભીડવી પડી હતી.

આ ચીતરોની બાબદ હાલના વખતમાં આપણું વધારે ધેઆન એટલા માટે ખેંચી શકશે કે એવી પાહાડી લોકો સાથની એક લડાઈ આપણી સરકારે હમણાંજ ખતમ કીધીછે અને તેમાં કેટલુંક શંકટ ભોગવીઊંછે. ચાર પાંચ માસની વાત ઊપર પંજાબની સરહદ આગલ સીતાંના અને ઈઊસફજાઈ નામના પાહાડી અને પેહેલવાંની લોકો સાથ ઈંગરેજને દુશમેની થઈ હતી, તે ઊપરથી તેઓને જેર કરવા માટે એક લશકરને મોકલવામાં આવીઊં હતું અને તે લશકરની કવાએદ આગલ આં પાહાડીઓ ટકનાર નથી એવી સરવેને વકી હતી, પણ બનાવતો તેથી ઊલટો બનીઓ હતો. ઈઊસફજાઈ લોકોએ ઈંગરેજના લશકરને માર મારીઓ જેથી સરકારને ઘણો ટોટો ગએઓ અને તે તરફ બીજું લસકર રવાંને થવા છતાં કાંઈ વલીઊં નહી હતું.

એ વખતથી પાહાડો ઊપર લડાઈની ખરાબી વીશે વધારે આંખ ઊંઘડીછે. સીતાંની લોકોની ફતેહનું માતર એકજ કારણછે અને તે તેઓએ ઊંચાણમાં પકડેલી જગાછે, જાંહાં ટકી રેહેવાથી નીચેની ફોજને તેઓ સારી રીતે માર મારી શકીઆછે. નફેસકની પાસનું પાસેનું ચીતર જોવાથી માલંમ પડશે કે ઈંગરેજનું લશકર છેક હેઠે રહી ગએઊંછે અને ખરો ફાએદો ઊપર વાલા દુશમનોને થએઓછે, કેમકે તેઓતો જાણે એક મજબુત કીલો હોએ તેમ ઊભાછે, પણ હેઠે વાલાઓનેતો ઊપર જવાનું તથા દુશમનો સાથ હેઠલથી લડાઈ ચલાવાનું એવાં બે કાંમ એકજ વખતે કરવાં પડેછે, જે કેટલાં કઠણ હશે તે ખોલી રીતે દેખાએછે. વલી ઊપર ચહડવાનું કાંમબી કાંઈ સેહેલું નથી, કેમકે એક તરફથી ચહડવાનો રસતો ઘણો બીકટ તથા સાંકડોછે અને બીજી તરફથી દુશમનો તેમને ચહડતાંજ અટકાવેછે.

એ રીતે જોતાં પાહાડ ઊપરની લડાઇ સાધારણ લડાઈ કરતાં જુદીજ રીતની માલંમ પરેછે. જે લડાઈ ખોલાં મેદાનમાં થતી હોએ તેમાં અલબતાં કવાએદવાલું લશકર ફાવી નીકલે અથવા જેઓની શંખીઆ વધારે હોએ તેઓ જીહીત પાંમે, પણ પાહાડો તરફ લડતાંતો તેથી ઊલટું જે ઊંચે હોએ તેજ ફતેહમંદ થાએછે અને પછે તે રાજવાલો નબલો હોએ ઇંઆ તેની શંખીઆ નાહાની હોએ તોબી કાંઈ ચીંતા નથી. તેમજ વલી ખોલી જગામાં બંધે બોરદુવાલાને થોડી થોડી ખરાબીઓ થાએછે, પણ પાહાડ ઊપરની લડાઈમાંતો એકનો ઘણો નાસ થાએછે. એજ સબબને લીધે સીતાંની લોકોએ ઈંગરેજને હરાવીને ચાંઈ કરેઆછે, અને તેઓ ઊપર એકદમ ધસારો લઈ જવાની ઈંગરેજની ભુલ માલંમ પડીછે. ખચીત આ વાત નાંમોસી ભરેલીછે એ બાબદનો વીચાર સતાવાલાઓએ આગલથી કીધો નહી, પણ જારે એકવાર તાંહાં ગએઆ તારે કેવા ફસી પડીઆ હશે તે આ બે ચીતરો ખોલી રીતે દેખાડી આપેછે.

નફેસકની મુશકેલ પાસ ઊપર ઈંગરેજને બલુચીઓ સાથે પેહેલ વેહેલાં સને ૧૮૩૯ માં લડાઈ થઈ હતી. તાંહાંનાં મરીજાતનાં લોકોને ખેલાતનાં ખાંન સાથ એવો વાંધો પડીઓ હતો કે તેણે ઈંગરેજને કાંઈ પણ મદદ આપવી નહી. તે વખતે એક કપટાંન બરાંઊન એક નાંહાંની ફોજ સાથ કાહંન નાંમની પાહાડી જગોનાં કીલામાં પડેલો હતો. તે જગાને ઊપલા બલુચીઓએ એકદમ ઘેરી લઇ ઘણાંક ખુન કીધાં હતાં તથા એ રીતે કપટાંન બરાંઊન લાઈલાજ થઈ પડીઓ હતો. વલી અંન પાંણીની તાંણથી તેનુ દુખ ઘણુ વધીઊં હતું, પણ તેનાં શંકટનુ સઊથી માહું કારણ જેણે પકડેલી કઢંગી જગા હતી. તેની

રી નાખવા પછે તેનુ હોકુ છુપાવી રાખેછે, કેમકે તેને વીશે તેઓમાં ઘણો વેહેમછે. કેટલાકો તરસને મારે નહી માંનવાજોગ વાતો લખી ગએઆછે. જેમકે "તેઓ કોઈવાર ભરવાડોને લલચાવા તથા પોતાની તરફ ખેંચવા માંણસનાં જેવો સાધ કાહાડેછે," ઈતીઆદી. પણ આવા વાતોને હાલનાં વખતમાં હસી•કાહાડવામાં આવેછે. તરસનો અવાજ મોટો અને લગાર ધાસતી ભરેલોછે અને ચોપગાં જણાવરો તે સાધ સાંભલીનેજ જીવ લઈ નાંહાંસેછે.

તરસ માણસથી પાલી શકાશે એવું કેટલાકોનું મતછે. એ લગાર અચરત સરખી,'બીનાછે. એક મી૦ બેનેટએ કચોકસ તરસનો હેવાલ આપેછે, જે પોતાના ધણી સાથ ઘણું હલીમલીને રહેલું હતું. કરનલ સાઈકસ કેહેછે કે દખણીઆ તરસને કુતરાંની માફકજ પાલેછે તથા બીજા મુસાફરો એવા દાખલા આપેછે કે જેમાં તરસ ઘરની નેગેહેબાંની રાખવાને કાંમે લાગું હતું. તરસ એક સમજુ અને સાહુચેત પરાંણીછે. તે માદાં પરાંણીઓને જાજું છેડતું નથી પણ ફરબે પરાંણીઓનો વધારે બખશ કરેછે. દખણ આફરીકામાં તેની ઢપછપની બારીક તપાસ રાખતાં એવો સાર નીકલીઓછે કે તરસ પેહેલાં પોતાના સેકારને ઘુરકીને જુવેછે, કે તે હીમતવાન કે હીચકારૂંછે તે માલંમ પડી આવે——જો તે હીચકારૂં હાએતો નાહાસી જાએછે. જે જાંનવર બીહીને નાહાસે તેની પછવાડે તરસ વધારે દોડેછે. તેને પોતાના જીવનો એટલો સંભાલ લેવા ગમેછે કે જેથાબી તેને નુકસાન પોંહોંચવાની ધાસતી તે પરાંણી ઈઆ વસતુથી તે પોતાની પીઠ ફેરવેછે. જેમકે કેટલાંક જંગલોમાં શેકારીઓ તેના રસતા ઊપર દોરડાં નાખેછે અને તેને છેડેથી એવી રીતે પીસટોલ બાંધેછે કે જો તરસ તે દોરડું હીલવેતો પીસટોલની ગોલી તેને આબાદ લાગે. પણ આ તલાવતની તરસને અજમાએસથી સમજ આવેલી કેહેવાએછે. દોરડું ઈઆ એવી ચીજોને જોઈનેજ તે બીહેછે, માટે જારે તેને બદલે જાહાડોની ડાંખલી ઈઆ એવી બીજી ચીજ જે તરસ ખાધામાં લીએછે તેની મારફતે જો ઊપલી ઈગીકતી કીધી હાએતો શેકારીઓ ફતેહ પાંમેછે.

—॥॥—

# સેતરંજની રમત.

## ૩.

સેતરંજની રમતમાં જુદી જુદી હીલચાલ વીશે જુદાં જુદાં નાંમોછે. તેમની ટુંક સમજ આપીએ છઈએ.

કોઈ વખતે જારે સાંમાં વાલાનું મોહોરૂં બીજાં કોઈ મોહોરાંનાં "જોર" એટલે ટેકા અથવા આધારમાં હોએ તારે તેને મારી શકાતું નથી.

કોઈવાર એક મોહોરૂં "મસત" થાએછે. જારે સાંમી બોરદુવાલાનું દરેક મોહોરૂં મરેછે અને માતર છેલે એકજ રહી જાએછે તારે તેને "મસત" મોહોરૂં કેહેછે, એટલે તેને એવો હક મલેછે કે જેથી તેને દએઆને ખાતર સાંમેવાલો મારે નહી, પણ તે જેબી મોહોરૂં તેના હાતમાં આવીઊં તે સરવેને મારી શકેછે. એટલા માટે બનતાં સુધી વજીર ઈઆ હાથી સરખાં મોહોરાંને "મસત" થવા દેવું નહી જોઈએ, કેમકે તેઓને ચાલવાના ઘણા રસતા હોવાથી તેઓ ઘણા મોહોરાંને મારી શકેછે, પણ ઊંટ જો "મસત" થાએતો તેની ધાસતી રેહેતી નથી, કેમકે તેને ચાલવાનો માતર એકજ પાટો હાએછે અને સાંમીવાલો તે પાટાથી જો દુર રેહેતો બસ.

મસત મોહોરાંને જારે મારવામાં આવે તારે "બુરદી" એટલે દાવનુ સેવટ આવેછે. એ સેવટ સઊથી નજીવુંછે. એમાં હાર કે જીહીત જાજી નથી, માટે જાંહાંસુધી એક રમનારનો દાવ જોરાવર હાએ તાંહાંસુધી તે બુરદી કરતો નથી, કેમકે દાવનુ વધારે સારી રીતે તેને શેવટ લાવવું ઘટેછે.

"બુરદી" કરતાં વધારે સારૂ સેવટ "માહાત"છે. પણ માહાતની સમજ આપવા અગાઊ "શેએ" બોલ જાણવો ઘટેછે. "શેએ" એખલા પાદશાહાનેજ લાગેછે અને જે ઘરમાં પાદશાહા હાએ તેની આગલ સાંમી બોરદુનુ કોઈ મોહોરૂં એવી રીતે બેસે કે જથી તે પાદશાહાનુ જે આગલ ઘર હતું તે આ મોહોરાંનું ઘર થઈ પડે તારે પાદશાહાને "શેએ" લાગી એમ કેહેવાએ.

માટે તુરત "નાં શેએ" કરવી જોઈએ, ઈઆને તે "શેએ" અથવા સાંમેના મોહોરાંનો જટકો ઊતારવો જોઈએ. "ના શેએ" કરવાના બે ઊપાએછે, તેમાંનો પેહેલો એકે પાદશાહાને તે ઘરમાંથી ખીસાડવો ઈઆ બીજો એકે કોઈ નવું મોહોરૂં ને પાદશાહાના ત

હેલાં પોતાની રાંણીને એક હીરાનો હાર ભેટ કીધો હતો. પણ તે હીરા એટલાતો ખબરાએલા હતા કે તે રાંણીની ગરદન તેથી ઘસાતી હતી, તોબી રાંણી તે પેહેરતી અને કેહેતી કે "એક સ્ત્રીએ પોતાનાં ખાવંદને રાજી રાખવા જરા દુખબી ખમવું જોઈએ." તે વખત પછે આ જરીઆંનમાં અતીઘણો સુધારો થએઓ અને આજનાં વખતનાં હાર ખચીત બેમુલા થઈ પડીઆછે.

પરૂશીઆની વીધવા રાંણી પાશે એક મોતીની માલાછે જે એક નવાઈ સરખી રીતે બનેલીછે. તેનાં લગનને દાહાડે તેનાં વરે તેને એક મોતી ભેટ કીધું હતું અને તે પછે લગણની ઈઆદગારીમાં દર વરસે તેજ જાતનું એક એક મોતી આપતો ગએઓ. એમ કરતાં ઘણે વરસે આ મોતીની મોટી સંખીઆ થઈ પડી અને તેથી તેની માલા બનાવવી પડી, જે માલા રાંણીને પરણીઆને કેટલાં વરસ થએઆં તે કહી આપતી હતી.

ફરાંનસમાં હારનાં રવઈઆ ઊપરથી એક મોટો બનાવ બનીઓછે. તાંહાં એવો સરેસતોછે કે જારે રાજો પરણે તારે લોકો પોત પોતામાં ઊઘરાંણું કરીને તેની રાંણીને કાંઈ જણસ ભેટ આપે. એ પરમાંણે જારે હાલનો સેહેનસાહ પરણીઓ તારે તેની રાંણી ઈઊજીનીને હીરાનો એક હાર ભેટ આપવા સને ૧૮૫૨ માં લોકોએ ૬૦૦૦૦૦ ફરાંકની રકમ ભરી. પણ રાંણીએ તે હાર લેવાને નાં પાડી, અને એવી ખાહેશ દેખાડી કે એ રકમથી ગરીબ છોકરીઓને મારે એક નીશાલ સથાપવી. તે નીશાલ સને ૧૮૫૭ માં ચાલુ થવા પછે આજે તેનું કાંમ વધી ગએઉંછે અને તે મધે ૪૦૦ ગરીબ છોકરીઓ ઊંચી કેલવણી લીએછે.

## તરસ નામનું જાનવર.

આ એક ફાડી ખાનારૂં ચોપગું જાનવરછે. તેને કેટલાકો કુતરખરીઊં કહેછે. કદમાં તે મોટા કુતરા કરતાં જરા ઊંચું અને વરૂં જેટલુ હોએછે, તથા તેનાં અને કુતરાનાં આકારમાં ફરક થોડોજ હોએછે. તેનાં આગલા પગ પાછલા બે પગ કરતાં ઊંચા હોએછે, તેની જીભ ઘણી ખબરાએલી, આંખ બાહેર નીકલેલી તથા કાંન લાંબા હોએછે. તેનાં દાંત ઘણાં કુવતમંદછે. શખત હાડકાંઓને તે સેજમાં ભાંજી નાંખેછે તથા તે ગલી જાએછે. તરસ ઘણાં કરૂર અને હટીલાં હોએછે. કીઊવીઅર નાંમનો વીદવાંન લખી ગએઓછે કે આરબ લોકોમાં એ જાંનવરને જે નાંમ આપેલુછે તેનો અરથ હઠ કરવી એવો થાએછે. જાંણીતો કરનલ સાઈકસ કેહેછે કે એને "તરસ" નાંમ દખણીઓએ આપેલુછે.



તરસ પોતાનાં કુવતમંદ મોહોડાંમાં ભારી પરાંણીઓને ઊંચકી લઈ જઈ શકેછે. એનો હેવાલ એક કરનલ ડીહાંમ આપી ગએઓછે. એક પછે એક બે ગધેરાંઓને ઊંચકી ગએલાં તેણે જોએલાંછે, અને તે ઊપરાંત તેનાં ઘણાંક શેકારી જનાવરો તરસના હોમલા આગલ હારેલાછે. તેઓ ઘણું કરીને જાહાડીઓમાં રેહેછે અને રાતને વખત શેહેર તરફ નીકલેછે, જે વેલાએ જો કોઈનોબી દરવાજો ઊઘાડો રહેઓતો તેમાં દાખલ થઈ જે જાંનવર પેહેલું મલીઊં તેને ઊંચકી જાએછે. તરસ માંણસ ઊપર હોમલો કરવાની છાતી રાખતું નથી પણ બચાંઓને ઘસડી લઈ જવાનાં દાખલા નોધાએલાછે. ઘોડ ખણી કાહાડીને તેમાંનાં મુડદાંઓને પણ એ જાંનવર કેટલીક વાર ખરાબ કરેછે. તે પોતા કરતાં વધારે કુવતમંદ પરાંણી સાથ કોઈવાર લડવા ઊતરેછે. દખણ આફરીકામાં ફરી આવેલો એક ઇંગરેજ જણાવેછે કે તે તરફ તરસે આસરે ૪૦ બચાં ઊચકી લઈ ગએલાં તેણે સાંભલીઆં હતાં.

તરસ બે તરણ જાતના આવેછે. એક જાતનુ તરસ જે આફરીકામાં ઘણુ મલી આવેછે તેનાં શરીર ઊપર રંગત છાંટ હોએછે. તે ઇરાંણ, તરકી, આરબસતાંન ઈતીઆદી કોસતાઓમાં મલી આવેછે. આરબોને વીશે એવું કેહેવાએછે કે તેઓ આ પરાંણીને મા

રી નાખવા પછે તેનુ દોકુ છુપાવી રાખેછે, કેમકે તેને વીશે તેઓમાં ઘણો વેહેમછે. કેટલાકો તરસને મારે નહી માંનવાજોગ વાતો લખી ગએઆછે. જેમકે "તેઓ કોઈવાર ભરવાડોને લલચાવા તથા પોતાની તરફ ખેંચવા માંણસનાં જેવો સાધ કાહાડેછે," ઈતીઆદી. પણ આવા વાતોને હાલનાં વખતમાં હસીંકાહાડવામાં આવેછે. તરસનો અવાજ મોટો અને લગાર ધાસતી ભરેલોછે અને ચોપગાં જણાવરો તે સાધ સાંભલીનેજ જીવ લઈ નાંહાંસેછે.

તરસ માણસથી પાલી શકાશે એવું કેટલાકોનું મતછે. એ લગાર અચરત સરખી'બીનાછે. એક મી૦ બેનેટએ કચોકસ તરસનો હેવાલ આપેછે, જે પોતાના ધણી સાથ ઘણું હલીમલીને રહેલું હતું. કરનલ સાઈકસ કેહે છે કે દખણીઓ તરસને કુતરાંની માફકજ પાલેછે તથા બીજા મુસાફરો એવા દાખલા આપેછે કે જેમાં તરસ ઘરની નેગેહબાંની રાખવાને કાંમે લાગું હતું. તરસ એક સમજુ અને સાહુચેત પરાંણીછે. તે માદાં પરાંણીઓને જાજું છેડતું નથી પણ ફરખે પરાંણીઓનો વધારે ભખશ કરેછે. દખણ આફરીકામાં તેની ઢપછપની બારીક તપાસ રાખતાં એવો સાર નીકલીઓછે કે તરસ પેહેલાં પોતાના સેકારને ઘુરકીને જુવેછે, કે તે હીમતવાન કે હીચકારૂં છે તે માલંમ પડી આવે—જો તે હીચકારૂં હોએતો નાહાસી જાએછે. જે જાંનવર ખીહીને નાહાસે તેની પછવાડે તરસ વધારે દોડેછે. તેને પોતાના જીવનો એટલો સંભાલ લેવા ગમેછે કે જેથીખી તેને નુકસાન પોંહાંચવાની ધાસતી તે પરાંણી ઈઆ વસતુથી તે પોતાની પીઠ ફેરવેછે. જેમકે કેટલાંક જંગલોમાં શેકારીઓ તેના રસતા ઊપર દોરડાં નાખેછે અને તેને છેડેથી એવી રીતે પીસટોલ બાંધેછે કે જો તરસ તે દોરડું હીલવેતો પીસટોલની ગોલી તેને આખાદ લાગે. પણ આ તલાવતની તરસને અજમાએસથી સમજ આવેલી કેહેવાએછે. દોરડું ઇઆ એવી ચીજોને જોઈનેજ તે બીહેછે, માટે જારે તેને ખદલે જાહાડોની દાંખલી ઈઆ એવી બીજી ચીજ જે તરસ ખાધામાં લીએછે તેની મારફતે જો ઊપલી ઈકિકતી કીધી હોએતો શેકારીઓ ફતેહ પાંમેછે.

—

# સેતરંજની રમત.

## ૩.

સેતરંજની રમતમાં જુદી જુદી હીલચાલ વીશે જુદાં જુદાં નાંમોછે. તેમની ટુંક સમજ આપીએ છઈએ.

કોઈ વખતે જારે સાંમાં વાલાનું મોહોરૂં બીજાં કોઈ મોહોરાંનાં "જોર" એટલે ટેકા અથવા આધારમાં હોએ તારે તેને મારી શકાતું નથી.

કોઈવાર એક મોહોરૂં "મસત" થાએછે. જારે સાંમી બોરદુવાલાનું દરેક મોહોરૂં મરેછે અને માતર છેલે એકજ રહી જાએછે તારે તેને "મસત" મોહોરૂં કેહેછે, એટલે તેને એવો હક મલેછે કે જેથી તેને દએઆને ખાતર સાંમેવાલો મારે નહી, પણ તે જેબી મોહોરૂં તેના હાતમાં આવીઊં તે સરવેને મારી શકેછે. એટલા માટે બનતાં સુધી વજીર ઈઆ હાથી સરખાં મોહોરાંને "મસત" થવા દેવું નહી જોઈએ, કેમકે તેઓને ચાલવાના ઘણા રસતા હોવાથી તેઓ ઘણા મોહોરાંને મારી શકેછે, પણ ઊંટ જો "મસત" થાએતો તેની ધાસતી રેહેતી નથી, કેમકે તેને ચાલવાનો માતર એકજ પાટો હોએછે અને સાંમીવાલો તે પાટાથી જો દુર રેહેતો બસ.

મસત મોહોરાંને જારે મારવામાં આવે તારે "બુરદી" એટલે દાવનુ સેવટ આવેછે. એ સેવટ સઊથી નજીવુંછે. એમાં હાર કે જીહીત જાજી નથી, માટે જાંહાંસુધી એક રમનારનો દાવ જોરાવર હોએ તાંહાંસુધી તે બુરદી કરતો નથી, કેમકે દાવનુ વધારે સારી રીતે તેને શેવટ લાવવું ઘટેછે.

"બુરદી" કરતાં વધારે સારૂ સેવટ "માહાત"છે. પણ માહાતની સમજ આપવા અગાઊ "શેએ" બોલ જાણવો ઘટેછે. "શેએ" એખલા પાદશાહાનેજ લાગે છે અને જે ઘરમાં પાદશાહા હોએ તેની આગલ સાંમી બોરદનુ કોઈ મોહોરૂં એવી રીતે બેસે કે જેથી તે પાદશાહાનુ જે આગલ ઘર હતું તે આ મોહોરાંનું ઘર થઈ પડે તારે પાદશાહાને "શેએ" લાગી એમ કેહેવાએ.

માટે તુરત "નાં શેએ" કરવી જોઇએ, ઈઆને તે "શેએ" અથવા સાંમેના મોહોરાંનો જટકો ઊતારવો જોઈએ. "ના શેએ" કરવાના બે ઊપાએછે, તેમાંનો પેહેલો એકે પાદશાહાને તે ઘરમાંથી ખીસાડવો ઈઆ બીજો એકે કોઈ નવું મોહોરૂં ને પાદશાહાના ત

થા "શેએ" આપનાર મોહારાનાં ઘરની વચે લાવીને તે "શેએ" બંધ કરવી.

પણ જારે "નાં શેએ" બીલકુલ થઇ શકે નહી તારે "માહાત" થએલી કેહવાએ અને દાવનું બુરદી કરતાં વધારે સારૂ શેવટ આવેછે.

## રમુજે ફુરસત.

૧. મારો પેહેલો બોલ એક જાહાડના બીઆછે, જે ઘણી બાંનુઓને ખાવાના કામમાં આવેછે, મારો બીજો એક જાહાડછે જેનો છાએઓ દરેક જણ પસંદ કરેછે, મારો આખો બોલ એક એવું કામછે જેમા દરએક સ્ત્રીને મેહેનત પડેછે.

૨. હું જંગલે જંગલ ફરનારૂં છઉં અને લોકો મને ફાડી ખાનારૂં પરાંણી કેહેછે. પણ વલી હું તમારી ખાંધો ઉપર બેશું છઉં, તમારાં બીછાંના ઉપર આખી રાત પડી રહું છઉં, અને તમારા વરરાજાઓની સાથે ચાલું છઉં

## સવાલોનાં જવાબ.

(જુવો ગઆ આકના સવાલો)

૧. મ અખેર.

૨. પરથમ પેલાં આંધરાંમાં ચાંમડાની કાપેલી ચીપને આખી ખોસીને હેઠે આરપાર કાહાડો, જે પછે બટનો ઘણા સેહેલાઇથી નીકલી શકશે.

૩. ઉલટાવેલા શબદો—૧ જમશેદી નઓરોજ, ૨ વરીઆરીદાંનાં, ૩ સરકારી ગોદી, ૪ સુરીઅ ગંડલ

## પરચુરણ બાબદો.

**ગટાપરચાની જીબ**—જેમ દરદીઓને લાગેલા પગને બદલે લાકડાનો પગ મેલી આપવામાં આવેછે તેમ જીબનાં દરદીઓને તેમની જીબ કાહાડી નાંખી તેને બદલે બીજી જીબ મેલી આપવાની ઇઉકતી ફરાંનસમાં ચાલુ થઇછે. તે નવી જીબથી બોલાએછે તથા ખવાએછે.

**એક સેતરંજનો ખેલાડી**—વેલાતનાં એક ચોપાનીઆમાં એક નાંમીચા મધરાજી ખેલાડીનું બેઆંન કીધુ છે. તે આસરે ૫૦ વરસની ઉમરનોછે. તે રમતી વખતે આંખે પાટા બાંધેછે, અને પછે એકજ વખતે તરણ જણ સાથ તરણ જુદા જુદા દાવ રમેછે તથા વલી જીહીતેછે. તે સાથે તેજ વખતે એક ચોથા શખસ સાથ ગંજીફો રમેછે. વલી જારે એ દાવ ચાલતા હોએ તારેજ તે ચાર આકડાનાં ગુનાકારનાં હીસાબ મનમાં ને મનમાં કરીને ખરેખરા કેહેછે, એક વાકીઅનાં એક સો શબદો આંક મેલી તેને ઉલટ પાલટ કેહેવામાં આવેછે અને તે મનમાને મંનમાં આંક પરમાણે શબદો ગોઠવી આખુ વાકીઅ કહી શકેછે. વલી ઉપલી રમતનાંજ વખતમાં એક ઘાટ ઉપર એક માંણસે કેટલીવાર હાથ લગાડીઓ તે પણ તે કહી શકેછે, તેની ઉપર નખાતા કાંકડાઓને તે ગણેછે અને દાવ પુરા થવા પછે તેટલાજ અરસામાં જોહેલી એક કવીતાને તે ગાઇ જાએ છે. ખચીત આટલા બધાં કાંમ એકજ વખતે કરવા માટે રાખસી ઇઆદદાસત જોઇએ.

**નવાઇ સરખું ચલણ**—અમેરીકન દખણ રાજવાલાઓનાં ટસકેલોસા નામનાં શેહેરમા વેપાર વનજમાં સીકા અને નોટોને બદલે દોરાનાં કાટલાં ચાલેછે અને તેનાં અવેજમાં સરવે ખરીદીઓ થાએછે.

**લાંબી ઊંમર**—આસટરીઅન સરકારનો એક જઈફ સોલજર હાલ ૧૧૩ વરસની ઉમરમા હઇઆતછે. તેણે અલબતા સરકારની લાબી મુદત સુધી ચાકરી કીધા બાદ ૩૩ વરસ થએઆં તેણે પેનશન લીધુ છે, અને તે પોતાની જઇફી છતાં એટલોતો તંદરોસતછે કે હમણા ઇઉરોપમા ચાલતી લડાઇ મધે ભાગ લેવાની તેની જુની પલટણ જે મધેના તેના વખતના માણસોતો મરી ગએઆંછે, તે જારે રવાને થઇ તારે તેની સાથે પોતે પણ લડાઇના મેદાનમાં જવાનો તેને વીચાર કીધો હતો. અલબતાં ૧૧૩ વરસની ઉમરે તે લડી શકતે નહી, પણ પોતાની પલટણને લડતાં જોવાની તેને ખાહેશ હતી. આ વીચાર તેને પછવાડેથી ફેરવવો પડીઓ હતો

**અચરત સરખી બીના**—આએર ખાતેની એક સ્ત્રી બજારમાથી પટેટા વેચાતા લાવીને કાપવા બેઠી, તેવામા એક પટેટો છોલીને કાપતાં તેમાંથી સુંનાની એક વીટી નીકલી આવી ! તે પટેટો કાપવાની અગાઉ તદન આખો હતો અને તોબી તેમાં વીટી ગઇ શી રીતે એ સવાલ ઉપર બહુ ગુચવારો થએઓછે. એવું ધારવામાં આવેછે કે જાંહાં એ પટેટો ઉગીઓ હશે તાંહાની જમીનમાં એ વીટી અસલથી એવી રીતે આવી ગઇ હશે કે જેથી પટેટો જમીન ઉપર ફુટી નીકલતાં વીટી તેમાં ઉપર ચહડી આવી હશે !!

**દાઢી**—મરદોને દાઢી રાખવાની કોઇવાર ભલામણ કરવામાં આવેછે કારણ કે છાતીના અને ગલાના દરદીઓને દાઢી સરદી થતા અટકાવેછે. કેહેછે કે દાઢી એક વરસમાં સાડા ૭ ઇંચ સુધી ઘણું કરીને વધેછે પણ એમ વધતાં વધતાં કેટલીક દાઢીઓ અચરત સરખી રીતે લાંબી થાએછે. હાનસ સટેનીજન નાંમનાં એક જરમન દરબારી વીશે એવું કેહેવાએછે કે તેની દાઢી તેનાં પગ સાથ ચોલાતી હતી અને તેથી દાદરો ઉપર ચઢતી વખતે જેમ પારસીઓ જાંમાં હાથમાં ધરીને ચહડેછે તેમ તે દાઢીને ખાંધ ઉપર નાંખીને ચહડતો હતો. પણ એક વખત તેમ કરવાને તે ભુલી ગએઓ, જેથી તેને દાઢીની આંટી લાગી અને તે એવો ટુટી પડીઓ કે મરણ પાંમીઓ.

**મોહોડું જોવાના ઓરતા**—વેસટ નાંમનાં એક નાંમીચા ચીતારાને વીશે એવું કેહેવાએછે કે તેને તેનાં જનમ પછે ૫૦ વરસ રહીને તેનાં બાપે નજરે નજર જોએઓ હતો. જારે વેસટની વખત તેની માને મહીનાં હતા, તારે તેનો બાપ અમેરીકા ગએઓ, જે પછે વેસટ જનમીઓ. તારપછે પચાસ વરસે તેનો બાપ પાછો ઈંગલંડ આવી શકીઓ અને પોતાનો દીકરો જારે ઘરડો થવા આવીઓ તારે તે બાપે પોતાનાં તે દીકરાને પેહેલ વેહેલો જોએઓ હતો!

---

## રાબર્ટ નાઈટ.

(ગરબી.) †

મિત્ર હિંદતણો એક જાય, છોડી આજરે,
તેની કીર્તી ગાવી સાર, બેનો છાજરે. ૧
જેનું નામ રૂડું કહેવાય, રાબર્ટ નાઈટ કરી,
જેનું ઠામ તો ઈંગલંડ હોય, જાત ઈંગલીશ ખરી. ૨

હતો અધીપતી તે એક, પત્રક મોટાંનો,
"ટાઈમ્સ આફ ઈંડયા" તણોજ, વેરી ખોટાંનો. ૩
હતો પરમારથનો પુત્ર, સાચો સતવંતો;
હતો સંપતણો સિરદાર, ગુણિજન ગુણવંતો. ૪

હતો દેશીઓનો દોસ્ત ખરો, નહી સ્વાર્થ તણો,
હતો ઈંગ્લીશોનો ઈસ્ટ, મિત્ર સ્વતંત્ર ઘણો. ૫
જવ ઊઠી હતી એક આગ, લારિ ભયંકારી,
આ ભરત ખંડની માહય અતીશય દુઃખ કારી. ૬

શન ભુગિરિ પાંડવ વાર, પાડવ માસેરે,
દિન રૂદ્રતણો તે બેન, ભુલ્યો નવ જાશેરે ૭
આ પુન્ય ભુમિનાં ખેત, લીલાં ને પીલાં,
થઈ ગયાં હતાં તે લાલ, સિરે કાળાં ટીલાં ૮

આ પુન્ય ભુમિની નવ, પવિત્ર નીરતણી,
નિરદોશિ રગતથી વહી, રૂધમાં ખીજ ઘણી. ૯
એવે સમે હશે કઈ વાંક, બન્ને પાસેનો,
પણ મંડ્યા કાડવા સર્વ, સરવજન દેસીનો. ૧૦

નિજ વીવેક મેલી પુઠ, બુધ્ધીને છોડી,
લઈ ગર્વતણો મન જોશ, કુ બુધ્ધી ઝટ જોડી. ૧૧
વદા સર્વ દેશિછે જુઠ, કાફર ને ખોટા!
ખુનિ, લુણ હરાંમી, ચોર, દગલબાજો મોટા! ૧૨

કરે કસી ભલાંમણ એજ, દંતો પીસીને,
ઝટ મારો ધરીને ઠાર, સરવ જન દેશીને! ૧૩
સમે એવે સુનો સૌ બેન, "રાબર્ટ નાઈટ" કુહો;
ધરિ સત્યનો રૂડો હાથ, એકલ ઉભો જુદો. ૧૪

કહે સરવ વાતછે જુઠ, સ્વારથને ઘરની,
નથી સર્વ દેશિની એજ, એવી ભુંડી કરણી. ૧૫

છે ઘણા ઘણા કંઈ આજ, બ્રીટિશના વ્હાલા;
મરિ મારે હજારો લાખ, બદમાશી કાલા. ૧૬
કરે જાન ફેશાની સર્વ, બ્રીટિશ નામ ઉપર;
કઈ નર નારીને બાલ, વસે (જે) આ ઠામ ઉપર. ૧૭

જયારે વિવેક કાંટે તોલ, થયો (એ) બે વાતોનો;
સ્વાર્થીઓએ ખાધો માર, કલમની લાતોનો. ૧૮
કરિ નિચાં નાખ ને નેણ, પડયા ખુણે જઈને;
પછિ સતવંતો આ "નાઈટ," ઉભો સત જશ લઈને. ૧૯

એમ લડયોછ સદા એ "નાઈટ" સત્યને મારે રે;
છે પડયો ઘણીવાર હેઠ, કપટને કાંટેરે. ૨૦
તોય હઠયો નથી એ શુર, હિમ્મતનો પુરોરે;
જો કે થયોછ નિજના અર્થ, તણો બહુ ચુરોરે. ૨૧

સંપ રાય પ્રજાનો એક, કેવો સુખકારી;
સમજી એ ડાહયો "નાઈટ," શ્રમ લેતો ભારી. ૨૨
જો સદા દેશી ઈંગરેજ, રહે સંપ સંપીન,
તો સુખ્યા બંન્ને થાય, રહે બહુ જંપીને. ૨૩

એ નેમ ધરી તે નીત, હતો લડતો ભારી;
જયાં જોએ જઈ અન્યાય, શિખામણ દે સારી. ૨૪
નિજ બન્ને હાથ, બે કાન, ને બે આંખોને;
નિત રાખી સરખાં શુધ્ધ, ન્યાય દિધ લાખોને. ૨૫

બેનો એવો રૂડો જે નર, નીરપક્ષપાટ ઘણો;
બેનો એવો ભલો જે મીત્ર, હિંદુસ્થાન તણો. ૨૬
તેની કીર્તી ગાજો નીત, હરખ મન બહુ લાવી,
તેને દેજો મોટાં માન, સદા થઈ સત ભાવી. ૨૭

નિત ગાજો ગરબી આય, સૌ બેનો સંગે;
કહે નાનાભાઈ એજ, રમો નીતી રંગે. ૨૮

---

## સવાદીશટ પકવાંનો, ઈતીઆદી.

**દુધનો લેમનેડ**—પોણી રતલ ખાણને એક પેંટ ઊકલતા પાંણીમા પીગળાવવી અને તેમા પા પેંટ લીંબુનો રસ તથા પા પેંટ શેરીવાઇન નાખવો તાર પછે તે મધે પોણી પેંટ ઠંડુ દુધ ઊમેરી તે સરવે મેલવણીને સારીપઠે દોહોવવી અને પછે ચાણુમાં ગાલી કાહાડવી

**દુધની ભુકી**—મુસાફરીમાં ઇઆ બીજે વખતે જારે તાજું દુધ મળી આવે નહી તારે એની ગરજ સારવાનો એક ઊપાએ કીધલોછે, જેથી દુધને સુકવીને બાટલીમાં ભરી શકાએ તથા જારે જોઇએ તારે તેને પાણી સાથ મેલવીને પીવાઇ શકાએ. એ રીત નીચે મુજબછે—૨ પેંટ દુધને ૧ અઊંસ પાણી સાથે મેલવી નાખવુ તે પછે તેને ચુલા ઊપર મેલી ધીમે ધીમે ગરમી આપતા જવુ અને તેટલો બધો વખત સુધી તેને કાલવીઆ કરવું જારે તેમાનો પોણો ભાગ વરાલ થઇ ઊડી જાએ તારે ૧ રતલ ખાંડ લઇ આસતે આસતે તેમા નાખવી અને સારીપઠે કાલવતા જવુ ખાંડ ઊપલી મેલવણીમા બરોબર ભેલાવા પછે ચુલા ઊપરથી તેને ઊતારીને પોહોલી રકાબીઓમા નાખવી અને ભઠી ઊપર સુકાવા મેલવી તે સુકાઇને કડણ થવા બાદ તેની ભુકી કરવી અને બનતા સુધી કાચના બુચની બાટલીમાં સારી રીતે તેને ભરી રાખવી. ચાહ ઇઆ કાફીના એક કપમા એખાની બે ચમચા ભુકી દુધની ગરજ સારશે.

---

† જે જે અક્ષરો કાળા અને મોટાછે તે તે ઊપર તાલ પડછે. એકેકી લીટીમા ત્રણ ત્રણ તાલી પડછે

સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. મેએ ૧૮૬૪ . આંક ૫ મો.

## કજીઆખોર કબીલાઓ,

અથવા

## લગણમાં વઘણ—રંગમાં ભંગ.

એક વારતા †

—ooo—

### પરકરણ પેહેલું.

### અદેખાઇ દેખાઇ.

કજીઓ—કજીઓ—નાંપાક કજીઓ !

રાત અને દીન, "સાંજ અને બાંમ" નેહેસત કદમ નો કજીઓજ જોવામાં આવે. શેહેર અને સુબા ઘર અને ગાંમ બુરા કંકાસથી કકલે. શેઠ અને ચાકર, બાઈ અને બાંડું, પાર અને પહોશી સઉ કજીઆમાંજ ચરી રેહે

ટુકમાં સીરાજ શેહેર મધે જે વખતને માટે હમે લખીએ છઈએ તે વખતે તમે જાંહાં જુવો તાંહાં જાંણે લડાઈ અને કજીઓજ આંખે આવેછે.

તેનું કારણ શું ?

પઈસા. પઈસા તે કજીઆનું કારણ હતું એમ જો કહીએતો કદાચ ખોટું નહી કેહેવાએ. પઈસાને માટે તે કજીઓ ચાલતો હતો, પઈસા વાલાઓમાં તે કજીઆનાં બી રોપાએઆં હતાં અને પઈસાને જોરે તે કજીઆનું જોસ વધીઉં હતું.

શીઆંઝક અને શીઆવખશ શીરાજનાં બે નાંમીચા અમીરો હતા તેઓ પઈસે પુર અને મોટી સતા ધરાવનારા હતા. પણ દલગીરી ભરેલું એછે કે જેમ વારેવાર આપણ હીઆં જોઈએ છઈએ તેમ તેઓમાં તે પઈસાને ખાતર એકેક વચે અદેખાઈ દેખાઈ હતી. એક વીચારતો કે મારી દોલત વધારેછે અને બીજો તેનાં કરતાં ઝાતબરમાં ખપવા માંગતો હતો. એક જો મોટી ઈમારત ખરીદ કરતો તો બીજો મોટો મેહેલ લેવા દોડતો. એક જો એક ધરમ કરતો તો બીજો તેથી સરસ ધરમ કરવા જતો હતો. એક જો ચાર ઘોડાની ગાડીમા ફરતો તો બીજો તેની બોહોસે પોતાની ગાડીને છ ઘોડા જોતરતો હતો. એક જો જીઆફત આપતો તો બીજો મોટા નાચનાં નોતરાં કાહાડતો હતો.

પણ એટલીજ ચહડા ચહડી કરીને તેઓ બેસી રહુઆ નહી. વાત ઉપરથી લાત ઉપર, જબાંદરાજી ઉપરથી હાથ દરાજી ઉપર તેઓ આવતા હતા. સીઆંઝક અને શીઆવખશ પોતેજ પોત પોતા વચે કજીઓ રાખતા નહી હતા પણ એકની બાએડી બીજાની બાએડી સાથે, એકનું કુટુંબ બીજાનાં કુટુંબ સાથે, એકનાં ચાકર નફરો અન ખુસાંમતીઆ, બીજાનાં ચાકરો તથા પાર પહોશીઓ સાથે પોત પોતાના શેઠો અને મુરબીઓની મરવતને ખાતર કજીઓ કરતા હતા. આ બેહુ અમીરો પોત પોતાની તરફ વધતાં લોકોને ખેંચતા હતા, અને એ રીતે શેહેરની વસતીનો મોટો ભાગ એક ઇઆ બીજાની ખોરદ થવાથી રસતે રસતે તેઓ છેડતી સોધીને મારામારીને માટે બાંહે ચહડાવતા હતા.

અને વલી તે મારામારીબી કાંઈ નાહાંની નહી થતી હતી. લાત મુકીઓ સાથ તેઓ હથીઆરો ઉપર જતા હતા, અને ઘડીની વચમાં ખુનાંમરકી ચલાવી સીરાજનાં ઘોલી રસતાઓ ઉપર રાતાં રગતની રેલ ચલાવતા હતા. દર રોજ માર પકડની બુમો પડતી હતી અને દર રોજ થોડા કે ઘણા જણ કેદ પકડાઈને પાદશાહા જમશેદની દરબારમાં સજા પાંમતા હતા પણ આંણીગમથી દંડ થએઓ કે પેલીગમથી તેનું નાણું ચુકવી આપવામાં આવતું અને પેલા રમતા પંચીઓ નાચતા અને કુદતા પાછા મેદાંન પડતા હતા

વારેઘડીએ પાદશાહા જમશેદને પોતાને કજીઆની જગાઓમાં આવવું પડતું હતું. તે આવીને સઘ..ઓને ધુમ થથરાવતો હતો, પણ તેની અસર તેટલોજવાર રેહેતી હતી. તેણે પીઠ મરડી કે લડાઈ અને મારામારી પાછી ચાલતી હતી. સીઆંઝક અને શીઆવખશ વચેની અદેખાઈ પાદશાહાને સારી પઠે દેખાઈ હતી માટે તેઓ ઉપરથી તેણે તદન મંન ઉતારો કીધો હતો અને પોતાની દરબારમાંથી રદ બાતલ કીધા હતા.

પણ તેની તેઓને કાંહાં દરકાર હતી ? તેઓ પાદશાહા ઉપર કાંઈ બેસી રહેઆ નહી હતા. તેઓને પાદશાહા કાંઈ પુરું પાડતો નહી હતો અને તેથી કરીને તેઓની આ દેખાઈતી અદેખાઈ તથા વેરને અટકાવાનાં પાદશાહા

† આ વારતાનો પાએઓ ગુરૂ શેકસપીઅરના એક ઘણા અસરકારક નાટક ઊપરથી રચવામા આવીઓછે

નાં ડર કરતાં કાંઈ બીજા વધારે સારા ઉપાએઓની અગત હતી.

---

### પરકરણ બીજું.

## એકપુરી દીકરી.

તે ઉપાએ પાદશાહા જમશેદથી નહી લેવાઈ શકાએ આ પણ શું પેલા સરવે પાદશાહાઓનાં પાદશાહા પરમેસવરથીબી તેમ નહી બને ? તે મોટો ખાવંદ શું આ પરમાંણે પોતાના પેદા કરેલા બંદાઓને પોત પોતામાં અકડી મરવા દીએ અને તેઓને અટકાવાના મારગો તેઓને માટે ખોલા નહી મેલે ? અથવા જેઓએ તેનાં પવીતર ફરમાંનો તોડી એક એક તરફની પોતાની ફરજ બજાવાને બદલે અંટસ અને વેર લઈ બેસે તથા એક એકને પાએમાલ કરવાની વેતરણમાં ફરે તેઓને શું સજા નહી થાએ ? નાં એમ બને નહી.

દેખીતુંછે કે જારે માંણસ આલસુ હોએછે તારે તેને ઘણી બદી, ફેલો ઈર્ખા મસતી સુજ પડેછે પણ જારે તેનું મંન રોકાએલું રેહેછે, તથા તેથી જારે તેને બીજી બાબદો ઉપર વીચાર કરવાની જોગવાઈ બનેછે તારે ઉપલી કુંજારી અને મારામારીમાં તે પોતાનીમેલે ઓછુ ધેઆંન આપેછે. તેમજ આ બંને બુઢા અમીરોને પાછલા વખતમાં એવી રોકાંણ આવી કે દુશમનો ઉપરાત બીજી બાબદે તેઓનાં મંન રોકવા માંડીઆં.

પરથમ સીઆવખશનો દાખલો પકડીએ.

તે ઉમરે જઈફ અને કાઠીએ નાતવાંન થવા આવીઓછે. અને તોબી જોકે તે પોતાના કટતા દુશમન શીઆમક તરફનાં વેરને ભુલી ગએઓ નહી હતો, તોપણ પછવાડેથી તેનું તે તરફ લખશ જરા ઓછું થએઉં ખરું, કેમકે તેની જવાંન દીકરીનો અંદેસો તેને મુખીઅ અડચણ થઈ પડી.

આ દીકરીનું નાંમ તેહેમીનાં કરીને હતું. તે તેની એકની એક દીકરી અને સરવેમાં હઈઆત ફરજંદ હતું માટે તેને ખરા લાડથી ઉછારી હતી અને ખરા પીઆરથી ચાહી હતી.

તેહેમીનાં તે સરવે પીઆર અને લાડને લાએકબી હતી. તેની ઉમર માંતર પંદર વરસની જવાંન હતી, પણ ઘણો સારો ઉછરબાવ હોવાથી તેનું કદ મોટી ઉમરે પુગેલી ઓરત સરખું લાગતું હતું. તે જોબનનાં બાહારમાં ખીલતી એક કલી સરખી લાગતી હતી, જેની સરવે સોભામાં તેની ખુબસુરતી, તેનો દેખાવ, ઘાટ ઘટમ અને મીઠી બોલીથી બેહદ વધારો થએઓ હતો. તે સદા ગમભીર, સવભાવીક અને વીચારમંદ હતી, જે તેનાં મોહોલાં કપાલ તથા જહલકતી આંખોનાં પલકારા ઉપરથી જણાંતુ હતું, અને તોપણ ઉદાર દીલની તથા હશમુખા સવભાવની હતી, જેની નીશાંણ ખુશ ચેહેરાથી ઉઘડતા અને વારેવાર દેખાતા પરવાલા સરખા દાંત અને નાંજ તથા નખરાં મધે હતી.

એક ગમથી આ છોકરીનો જઈફ બાપ પોતાના દુશમન સીઆંમકની ખટપટમાં પડેલો હતો અને બીજી ગમથી તેની છોકરીના હાથને માટે એક પછે એક માંગણીઓ થવાથી તેને કંટાલો ઉપજતો હતો. પણ એવાં માંગાંની સાંમે તે કાંહાંસુધી આડા કાંન કરે ? પોતાની જવાંન બેટીને કાંહાંસુધી તે નાંખીમેલે ? એ સવાલો તેનાં મંનમાં ઉતપંત થએઆ. તે સાથે વલી પોતાના મોહોત અગાઉ છોકરીને પરણાંઉં એવી તેની ઉમેદ હતી અને તે વારેવાર મનસે બોલતો હતો કે "મારે મનને ભાવતો જમાઈ હું પસંદ કરીને લેવસ."

અરે બુઢા ! કાંઈ તું પરણવાનો હતો કે તેં તારી જવાન દીકરીને નહી પણ તારે પોતાને મન ગમતો જમાઈ લેવાનો આવો ખેઆલ કીધો ! પણ નહી ઘરડા માણસો કોઈવાર ફાંટાના ધણી હોએછે અને શીઆવખશને એકાએક ઉપલોજ ફાંટો આવી ભરાએઓ, તથા વલી તે એટલો બધો કે એની એંટઆને એંટમાં તે સીઆમક સાથની દુશમેતીનેબી ભુલી ગએઓ અને કજીઆનું કાંમ તેણે પોતાનાં માંણસો ઉપરજ રાખીઉં.

શીઆવખશના મંનને આ રીતે ફેરવનાર એક શાહાપુર નાંમનો જવાં મરદ હતો. તેણે તેહેમીનાં સાથ નેકા પાડવાનું માંગતું મોકલીઉં અને તે ઉપરાંત શીઆવખશની મુલાકાત કરી પોતાની અરજ જાહેર કીધી.

શાહાપુર પતલો, શીધો અને શુંદર દેખાવનો હતો. પણ તેને ખાતર કાંઈ શીઆવખશે તેને જાણે પસંદ કીધો નહી. તેમજ વલી શાહાપુર મોજીલો, મીજાજી અને નબલો હતો તેની પણ તેહેમીનાંનાં બાપે દરકાર કીધી નહી. તેની બધી દરકાર રૂપઆની હતી. શાહાપુર પઈસા વાલો, અને પુંજી ધરાવનાર હતો. તેનો બાપ મોટો કરોડપતી ઉમરાવ હતો, અને જારે તે મરે તારે તેનાં બાગ બગીચા અને મેહેલ તથા મીલકતો સઘલી તેહેમીનાંને સવાધીન થવાની આશા હતી. એ મુખીઅ કારણને લીધે બુઢા શીઆવખશનું શાહાપુર ઉપર મંન થએઉં.

માટે શીઆવખશે શાહાપુરને બનતો ભરૂસો આપીઓ. તે બોલીઓ કે "સાહેબ તમારાં પગલાં હમારે બારણે કાંહાં હોએ ! તમારૂં નેક માંગવું સેવકે માથે ચહડાવીઉંછે અને હું કબુલ થાઉં છઉં કે શાહાપુરને મારો જમાઈ કરવાને હું પુશકલ ખંતી છઉં. હવે બધી વાત મારી વાહાલી દીકરીને હાથછે, જેની જે મરજી થઈતો પછે તમારા નેકા સેજ વખતમા થઇ જશે. હું ઉમેદ રાખું છઉં કે મારી તેહેમીનાં પોતાના ભરથારને જોતી વખતે પોતાનાં બાપની આંખથી જોશે અને બાપની મરજી તપાસસે."

આ કોલથી શાહાપુરતો અલબતાં મોટા આંનંદમાં આવી ગએઓ. તેણે તેહેમીનાં સાથ ઓલખાંણ કરાવાની તેનાં બાપને અરજ કીધી, જેનાં જવાબમાં શીઆવખશે કહેઉં કે "આજે રાતનાં મારા ઘરમાં એક મોટી જીઆફત છે, જેમા બેહદ અમીર ઉમરાવોને મેં નોતરેલાછે અને સાહેબને હું અરજ કરૂં છઉં કે મેહેરબાંની કરીને તમેબી પધારવું. તાંહાં મારી પનોતી દીકરી તેહેમીનાં તમારી મુલાકાત કરશે અને તેની સાથ ગમે તેમ દોસતી બાંધવાને તમે મુખતીઆરછો."

આ ખબરથી બેસકી શાહાપુરતો હરખથી ગોએઆ ઉડવા લાગો અને ઘરથી ઉપર ઉભો રહી શકીઓ નહી, કે મકે દુનીઆંમાંની સઉથી શુંદર નારનો ધણી થવાની તેને પુરતી આશા આવી, માટે તે વેહેલો વેહેલો ઘર ગએઓ અને રાતની જીઆફતને વખતે પોતાની માશુક ઉપર સારી અસર કરવા માટે જેમ બને તેમ ભપકો તથા દમાંમ કરવાની તઈઆરીઓમાં તે પડીઓ.

બીજા હાથ ઉપર શીઆવખસ પોતે કાંઈ થોડો આંનંદ પાંમીઓ નહી. તે તુરત શાહાપુરને છોડીને પોતાની બાએડી માહાબાંનુંની પાસે ગએઓ અને તેને સઘલી હકીકતથી વાકેફ કીધી. માહાબાંનુંએ શીઆવખસની સરવે ગોઠવણને વલી વધારે પસંદ કીધી. તેના જીવની મોટાંમાં મોટી જાણે ઉમેદ એજ હતી કે મરવા અગાઉ દીકરીના ધુમસર લગણ કરવાં અને એક માતબર ધણીની સાસુ થવી. શીઆવખશની હોંસ એ હતી કે તેના દુશમન શીઆંમકની બેહોસ ઉપર એ કાંમ તેની અગાઉ કરી લેવું અને સારીપઠે હાથ કાહાડી ખરચ કરવો કે તેની દોલત કેટલી મોટીછે તે ગાંમમાં આશકારા થાએ.

પણ તેની છોકરી પોતે આ વાત બાહાલ રાખશે કે નહી?

શીઆવખશને એ વીશે મોટી ચટપટ થઈ. માહાબાંનુને ભરૂસો હતો કે તેહેમીના ના પાડશે નહી, તોબી શીઆવખશે તેને સમજાવા માટે તેહેમીનાની પાસે મોકલી અને શીઆવખશ પોતે તે રાતની જીઆફતની તઈઆરી કરવા લાગો.

તેહેમીના પોતાની સાહેલી આવાનની સાથે બેસીને વાત કરતી હતી તેવામાં તેની માએ મુલાકાત લીધી. આવાંન તાંહાં હાજર હતી એ તેહેમીનાની માને વધારે ઠીક થઈ ગએઉં, કેમકે તે સાહેલી પણ માહાબાંનુના સરખીજ વેહેમી હતી અને વલી તેહેમીનાનો તેના ઉપર ઘણો ભરૂસો હતો, માટે તે પણ શાહાપુરની પસંદગીને ટેકો આપશે એવી તેને આશા હતી.

આવાંને તેહેમીનાના બચપણથી તેને રમાડતી, પટાવતી અને સલાહા આપતી આવેલી હતી, પણ તે ઘણી અગનાન, વેહેમી અને મશખેરી હતી. તે તેહેમીનાને એટેલી ચાહાતી કે તેને રાજી રાખવા માટે તેહેમીનાના દરએક હોકમને બનતાં સુધી બજાલાવતી હતી.

અને હવે જરા માહાબાંનુની તકરાર સાંભલીએ.

**માહાબાંનુ**—આવાંન મારી દીકરી હવે દાહાડેની થઈ કે નહી, તું શું ધારેછે વારૂં?

**આવાંન**—દાહાડા ને મહીના શું કરોછો? વરસના વરસ નીકલી ગએઆં ને હજુર તેની ઉમર તમે દાહાડાથી ગણતાં દેખું કે? મારી વાહાલી બાવાના બલારા જેવી વધીતો ગઈછે.

**માહાબાંનુ**—આ એનું પંદરમું વરસ ચાલેછે નહી વારૂં?

**આવાંન**—જો પંદર વરસની એ નહી હોએતો હું મારા પંદર દાંત તોડી પડાઉં, પણ મારા દાંતજ સુલે પાચછે. કેમ બાઈ તેહેમીના તમારૂં શું મતછે? કોઈ જોવો રે જોવો. પાંચ વરસની વાત ઉપરતો રેંગણુ જેટલી દીસતીતી, તે આજતો બંઈરીમાં ખપેછે. તેહેમીના ઇઆદછે, કેરપર બેસાડીને હું કેવી ફરવા લઈ જતી હતી?

**તેહેમીના**—બુઠી આવાંન તે બધું મને ઇઆદછે. તુએ ખરેખર મારી નાદર શેવા બજાવીછે.

**આવાંન**—હાજી હા—એ તમારો બોલવાનો બટાકો છે, પણ બે શુખન મીઠા બોલીઆં તેથી કાંઈ હું રાજી રેહેવાની છઉં?

**માહાબાંનુ**—આવાંન તુંને નવાજવાનો દાહાડોબી હવે નજદીક આવીઓછે. વારૂં તેહેમીનાને આપણે પરણાવીએતો કેવું થાએ?

**આવાંન**—અરે ભલાં કાંમની ઢીલ કેવી? એના જેટલીઓતો આજે બબે છોકરાંની માઓ થએલીછે.

**માહાબાંનુ**—દીકરી તેહેમીના આજે હું તેજ વાત કરવા આવી છઉં

**આવાંન**—પણ બાઈ નહીતો કે એ વાત હુંતો કરવાનીજ હતી. તમે મને રજા આપો કે એને માટે હીરા જેવો વર શોધી લાંઉં.

**માહાબાંનુ**—અરે તું શું ચાહ પીએછે? એ કાંમ બી થઈ ચુકુંછે. દીકરી પેલા જાલેનર ઉમરાવના દીકરા શાહાપુરને વીશે દીકરી તું શું ધારેછે?

**આવાંન**—અરે વાહા! તમારાં કાંહા ધન બાએગ હોએ કે એવો જમાઈ મલે.

**તેહેમીના**—પણ માએ તમે તમારી વાત કરશો કે મારૂંબી કાંઈ સાંભલશો. મારી આ કુમલી વએ પરણવાનો મનેતો ખીઆલબી નહી હતો, તોબી જ્યારે પરણવાની વાત કાહાડી તારે મેં ધારીઉં કે હવે મેંબી એ બીનાને વીચાર ઉપર લેવી ઘટે, પણ તેનો હજુર હું વીચાર કરૂં તેટલાં તમેતો મારે માટે ધણીબી શોધી કાહાડીઓ.

**માહાબાંનુ**—હા, એમાં હમોને થોડી મેહેનત પડી નથી.

**આવાંન**—પણ તુંને તે પસંદ આવેછે કે નહી.

**તેહેમીના**—તે હું કેમ કહી શકું? મેં તેને બરોબર જોએઓ નથી કે પીછાંણીઓ નથી. તેણે મારી સાથ એક દાહાડે વાત કીધી નથી અને તેટલાંમાં હું મારી આખી જીંદગી તેની સાથે ગુજારવાને બંધાઉં એ કેમ બને? વખ્તે તેના ગુણ ખરાબ હશે તારે? તેનો પાજી મીજાજ હશે તારે? તે શરીરે અંદરખાનેથી દુખી હશે તારે? તે સઉ જાણીઆ વગર તમે મને તેની સાથ પરણાવા માંગોછે.

**માહાબાંનુ**—દીકરી તારી મરજીછે તો હમે બે દાહાડા થોભીશું અને મારી ખાતરીછે કે હમણા જોકે તું એ અમીરી તોખમના જવાનને પસંદ કરી શકતી નથી તોપણ બે દાહાડામા તેને તું એટલી ચાહાશે કે આંખ આગલથી ખીસાડવા ગમશે નહી

**આવાંન**—અરે હમણા એ બધું બોલવાનુંછે. જારે દીલસે દીલ મલીઉં કેની તારે તમે જોજો કેવો લાડ થશે તે.

**માહાબાંનુ**—તેહેમીના આજે તારા બાપ આપણા મેહેલમાં જે મોટું ખાંનું આપવાનાછે, તેમાં તે ઉમરાવનેબી નોતરેલોછે. વાસતે હું તુંને ભલાંમણ કરૂં છઉં કે તેને સારીપઠે આજે જોઈ લેજે, તે વાત કરવા આવેતો બરોબ

ર વાત કરજે અને બનેતો તેની સાથ દોસતી કરજે. જો તેનીસે તું પરણીતો તુંને ફાએદો એ થશે કે જે નરની ખુબસુરતી આખાં ગાંમમાં ગવાએછે તેની તું ધણીઆંણી થશે અને તું માતબર ઘર પરણવાથી હમોનેબી સારૂં લાગશે તથા સારૂં થશે.

આવાંન—તથા તેમજ મને પોતાને ઓછો તડાકો નથી પડવાનો.

આખેરે તમીનાએ એટલોજ ઉતરવાલીઓ કે જો લગણ કરતાં કાંઈ બીજી વાત હતેતો તે પોતાના ફાએદાને બદલે પોતાની મા તથા સાહેલીના ફાએદા તરફ નેગાહા કરતે, પણ હીઆંતો લગણની વાત આવીછે અને તેમા તેનો પોતાનો લાભ જોવાની ફરજછે. પોતે પરણવામાં તેહેમીનાને કાંઈ હરખત નહી હતી, પણ કોણ સાથ પરણવું એ તેને મનસે વીચારવા જોગ વાત હતી અને તેટલા માટે આજની જીઆફતમાં ઉમરાવજાદા શાહાપુરને તપાસવાની તથા તે સઉમાં સરસછે કે નહી તે જોવાની તેણે કબુલાત આપી.

---

## પરકરણ તરીજું.

## એકનો એક દીકરો.

. જેમ શીઆવખશની એકપુરી તેહેમીનાં દીકરી હતી, તેમ તેના માતબર હરીફ શીઆંમકનો તેહેમતન નાંમનો એકનો એક દીકરો હતો.

તેહેમતન આસરે પચીસ વરસની વએનો, જવાંન અને જોરેમંદ હતો. તે કદાવર, કાબેલ અને કહરેલ હતો. તેનામાં ભલમનસાઈ, મીઠાસ અને માએઆ હતી. માં બાપને તે માંન આપતો હતો અને તેમને ખાતર સીઆવખશનાં કબીલા સાથ વેર રાખતો હતો, પણ તેમ કરવાની તે ફરજ સરખું સમજતો હતો અને તેથી રસતાઓ ઉપર મારામારી કરવામાં તે સઉથી છેલો રેહેતો હતો તોપણ શીઆવખશનાં માંણસો સાથ તે એકથી વધારેવાર લડીઓ હતો.

પણ વલી જે મીશાલે પછવાહેથી શીઆવખશનું મન પોતાની દીકરીને લગતી ગડબડમાં ગુતું હતું, તેજ મીશાલે શીઆંમકનાં મગજમાં પોતાનાં દીકરા સંબંધી એક મોટો અંદેશો હતો.

અલબતાં તે અંદેગો તેનાં દુશમનની માફક ફરજંદને જલદી જલદી પરણાવી દેવા બાબે નહી હતો. તેને એવી મોટી હાંસ નહી હતી, ઈઆ તેની કોઈ દીકરી પરણવાની નહી હતી કે તેને તે વીશે વીચાર કરવો પડે.

શીઆંમકની સરવે ચીંતાનું કારણ તદન જુદુંજ તું.

તે તથા તેની બાએડી ગુલબાંનુ જોતાં હતાં કે તેઓ ા બેટાને કોઈ વાતનો ગમ લાગેલો હતો.

તેણે હરીફો સાથની કસાકસી તથા હમનબરદો સાંમેની લડાઈને તરક કીધી હતી તેણે શેહેરનાં રસતાઓ અને તમાસા ઈઆ ખેલવતગાહાની જાહેર જગાઓમાં ગેરહાજર રેહેવા માંડીઉં હતું. તેણે મેલા ઈઆ મીજલશોને ગોએઆ એકદમ ઓવાર નીવાર કીધા હતા. તેણે બાપના મેહેલ અને સંગાં વાહાલાંઓની સંગતને તજી દીધી હતી. ટુકમાં થોડા મહીનાંના અરસામાં તેહેમતન જેવો પેહેલાં સુરો તેવો હમણાં સાવજ અને બાવરો બની ગએઓ હતો.

તેનું કારણ શું હશે ?

શીઆંમકે અને ગુલબાનુએ તે વીશે ઘણી તજવીજો કીધી હતી, પણ તેઓ તેના બલાપાનું કારણ જાંણી શકીઆં નહી હતાં. તેઓ માતર આ છુપા ભેદની અસર ઉપરથી સમજતાં કે તેને કાંઈ દુખછે, પણ તે શું દુખછે તે એખલો તેહેમતન જાંણતો હતો.

ઘણીવાર શીઆમક પોતાનાં સગાં વાહાલાંઓ આગલ ફરીઆદ કરતો કે "તેહેમતન ઘરમાં હમણાં બરોબર દેખાવ આપતો નથી. સહવારનાં સુરજ પોતાની સુનાંની બારીએથી બાહેર આવીઓ નહી હોએ તેટલાં એ છોકરો ઘર અને ગાંમની બાહેર નીકલી જાએછે તથા ખોલાં મેદાનમાં જાહાડોની હેઠલ કલાકનાં કલાક ગુજારેછે. તાંહાં તે બરી બાંમદાદે દવનાં ટીપાંમાં પોતાનાં આંસુનાં ટીપાં ઉમેરે છે અને પોતાનાં ઉતાવલાં દમ અને દચકાં ખાઈ વાદલાઓમાં વધારો કરેછે. અથવા તેમ નહી ને જો તે ઘરમાં રેહેછેતો બારી બારણાં બંધ કરીને અંધારાંમાં કાંઈ ફાંફાં મારેછે તથા છતે દીવસે પોતાનાં ઓરડામાં શીહા રાત બનાવેછે."

ઘણીવાર ગુલબાંનું પોતાનાં ખેશીઓને અરજ કરતી કે "તેહેમતનનું હમે શું નરસું કીધું કે તે એટલો એકમારગી થઈ ગએઓછે અને હમારીથી એટલો છુટો રેહેછે. તે કોઈને કેહેતો નથી કે કેહેવા દેતો નથી. પોતાની મસલત પરમાંણેજ તે પોતે ચાલેછે. પણ ખોદાનાં લાલ કોઈ એવાં મલી આવે કે જે મારા દીકરાનાં દુખનો ભેદ પુછી લીએતો તેનો આભાર હમે કદી ભુલીશું નહી."

અંતે આ કાંમ માંથે લેનારો એક ખેશી નીકલી આવીઓ. તે રસનબાદ નાંમનો તેહેમતનનો એક ભલો દોસત હતો અરસ પરસની છુપી વાત તેઓ એક એકને કેહેતા હતા, પણ જારથી તેહેમતનનો સવભાવ ફેરવાએઓ તારથી તેણે રસનબાદની મુલાકાત બંધ કીધી. આ મીતરે તેની જાજી દરકાર કીધી નહી પણ જારે તેહેમતનનાં માંબાપે તેનાં કાલાવાલા કીધા તારે તેણે એ જવાંનનો અંતરભેદ જાંણવાનો ઠરાવ કીધો.

માટે જાંહાંથી તેહેમતન દરરોજ આવતો જતો હતો તાંહાં રસનબાદ જઈને ઉભો. થોડાવારમાં તેહેમતન તાંહાં આવી લાગો. તેને રસનબાદે ઉભો રાખીઓ, અને ઘણાં દીવસની ગેરહાજરીને લીધે તેહેમતનને ઉભો રેહેવાની ફરજ પડી. રસનબાદે તાંહાં વાત ચલાવી અને તેહેમતનને તેની ઓછી મીતરાચારીને માટે ઠપકો આપીઓ. તે વાત તેહેમતને બાહાલ રાખી, પણ તાંહાંથી જલદી જવા માંગીઉ, તથા કેટલા વાગા તે પુછીઉં. રસનબાદે સહવારના નવ વાગેલા જણાવીઆ જેથી તેહેમતન તાજુબ થએઓ અને તેનાંથી બોલાઈ ગએઉ કે "હજુર એટલું સકારૂંછે ! અરે ખોદા ! મારો વખત કેવો લાંબો લાગેછે."

હીઆંથી વાત વધી. રસનબાદ હટ લઈને બેઠો કે

વખત તુને લાંબો લાગેછે તેનુ કારણ શું ? તેહેમતને પેહેલાં તો આનાંકાનાં કીધી, પણ પછે તેણે જોએઉ કે એક જાણી ચીતરથી જારે ભેદ છુપાવામાં આવે તારે પછે સલાહા આપનાર બીજું કોઈ રહીઉં નહી માટે ખોલાસો કરવાનો તેણે ઠરાવ કીધો.

રસનબાદે ફરી ફરીને પુછીઆ કીધું કે "ભાઈ એ દાને વાસતે કેહે કે વખત તુંને એટલો કંટાલા ભરેલો અને લાંબો સા માટે લાગેછે ?"

**તેહેમતન**—જે ચીજ પાસે હોવાથી તે ટુકો થાએછે તે ચીજની ગેરહાજરી વખતને લાંબો કરેછે.

**રસનબાદ**—ભાઈ મને કેહેશે કે તે શું ચીજછે ? શું તું મોહોબતમાં પડેલોછે.

**તેહેમતન**—નહી રસનબાદ, હું તેની બાહાર પડેલો છઉં. જાંહાં હું આશક છઉં તાંહાંથી હું દુર છઉં. જેને હું ચાહું છઉં તેની પરીતીથી હું વેગલો છઉં.

**રસનબાદ**—એટલે કે જેને તું આશુક ગણેછે તે તુંને ધીકારેછે. અફસોસ ! મોહોબત દેખામણી નરમ પણ અંદરખાંનેથી જાલમછે.

**તેહેમતન**—અફસોસ કે પરીતીનો ગુણ આંધલોછે અને તોબી પોતાની મરજીનો મારગ જોઈ શકેછે. અરે મારી મોહોબત બુમ મારતીછે, મારો પેઆર ધીકાર ભરેલો છે, મારી દીલદારમાં કુદરતે બધા ગુણ ગુચવેલાછે. તે પીછાં સરખીછે પણ તે સીસાંનું પીછુંછે. તે ધુંવા સરખીછે, પણ તે જહલકતો ધુંવોછે. તે આતસ સરખીછે, પણ તે ઠંડો આતસછે. તે ઉંઘાતીછે અને તોબી જુવેછે. તેમાં મારૂં દીલછે, પણ મારાં દીલમાં તે નથી.

**રસનબાદ**—તેહેમતન તારો આ ગમ સાંભલી મને દુખ ઉપજેછે. કોણ ઓરત એવી ઘાટકી હોએ કે તું સરખા જવાંનની દરકાર નહી કરે ?

**તેહેમતન**—અને તોપણ તેવીબીછે. પણ મારા ગમ ઉપર વલી તું ગમ કરી તે આગલા ગમમાં વધારો કરેછે. મારી પોતાની મોહોબત એટલીછે કે તે છાતીમાંથી ઉલાઈ જાએ, અને તેટલાં વલી તારી મોહોબત તેમા તું ઉમેરેછે તેતો નહી ખમાએ એવી થઈ પહેછે. મોહોબતથી જારે દસકાં ખાતી હવા બાહેર પડેછે તારે તે ધુંવા સરખીછે; જારે તે દીલ વાટે બાહેર પડેછે તારે તે આંખોમાં આતસ સરખીછે; જારે તે ઉસકરાએછે તારે તે આંસુના ટીપાંથી સમુદર સરખી થાએછે. એ મારાં દુખનું કારણછે અને જારે તે તું જાણી ચુકો તારે હવે મને જવા દે.

પણ નહી. રસનબાદને હજુરતો ઘણી બીના જાણવી હતી.

**રસનબાદ**—વાહાલા તેહેમતન તું ઉતાવલ કાંએ કરેછે ? તેં જે ખોલાસો કીધો તેમાં મોટી મેહેરબાંની કીધીછે અને હવે વધારે મેહેરબાંની કરીને એટલુંબી કેહેકે જે તુને આટલુ દુખ દીએછે તે કોણછે ?

**તેહેમતન**—તેતો તારેજ સમજવું જોઈએ કે તે એક નારીછે. તે શુંદર નારીછે, પણ તે કડણ છાતીનીછે. પરીની નરમાસ સાથે તે દેવની શખતી ધરાવેછે. કુમારી રેહેવાની તેની ઢાલ ઉપર એશકની તીર વાગીને પાછી ઉડી આવેછે. મીઠા શુખનોના ઘેરાઆથી તે છુટી જાએછે. આંખોનાં તીરમાંથી તે તદન બચેછે. પઈસાનાં અવાજ સામે તે કાંન ધાંકેછે. તે ખુબસુરતીમાં તવંગરછે. તેણે નહી પરણવાનાં સોગંદ લીધેલાછે, અને જે મોહોબત મીઠા જહરાની મીશાલે વેહેછે તે મોહોબત તેને મનસે નકાંમો ઘોતછે.

**રસનબાદ**—પણ હવે દુખી તેહેમતન તેનાં દુખનો વીચાર કરી વધારે દુખી સા માટે થાએછે વારૂં જારે તારૂં કાંઈ ચાલતું નથી તારે હવે તું કરવા સું ધારેછે !

**તેહેમતન**—કાંઈ નહી પણ મારી વાહાલી ખોરશેદને ખાતર ખુણે બેસી રડવા અને જીવનો અંત લાવવાનું ખોદા પાસેથી માંગવાનો વખત આવીઓછે.

**રસનબાદ**—અરે રે ? ગાફેલ એટલું બધું શા માટે જોઈએ ? શું તેને તું ભુલી નહી જઈ શકે ?

**તેહેમતન**—અગરજો તું મને ભુલી જતાં શીખાડેતો વલી તે છેલો ઉપાએ અજમાવી જોઉં.

**રસનબાદ**—ખોરશેદબાંનુંને ભુલી જવાની સઉથી સરસ રીત એછે કે તારી આંખોને છુટાપણું આપ, તારી આસપાસ ફેરવ અને જોકે જેને તું આસમાંનની પરી વીચારેછે તેનાં કરતાં વધારે ખુબસુરત બીજીઓ કેટલી પડેલીછે.

**તેહેમતન**—ના, ના, એતો તેને ઉલટી ઇઆદ રાખવાનો ઉપાએછે. જેમ જેમ આંખો ફેરવું અને જેમ બીજીઓને રૂપ ગુણમાં તેનાં કરતાં ઉતરતી જોઉં તેમ તેમ, તેતો મને વધારે ઇઆદ આવે અને તેની ઇઆદ મને વધારે દુખ દીએ. માહાતાબતો એકજછે પણ તારાઓ ઘણા હોવાથી તે માહાતાબ આપણને વધારે ઇઆદ રેહેછે. એક મોઝીલો શખસ પોતાની આંખની ખુબી જારે આંધલો થાએછે તારેજ સમજેછે. તું મને સઉથી ખુબસુરતમાં ખુબસુરત શજનીને દેખાડશે, પણ તે મારી અસલ દીલદારનાં પગનાં તલીઆં બરોબર નહી આવશે અને એ રીતે વધારે ખુબસુરતને શોધવા જતાં જે સઉથી ખુબસુરતછે તે જ ઇઆદ રહી જશે.

**રસનબાદ**—જો ભલાં આદમી એવો ખેઆલ નાં રાખ. આજે ગાંમમાં ઓરતોનો રોરો પડીઓછે ! અને શું તું એમ ધારેછે કે તારી ખોરશેદજ આખી દુનીઆંમાં સઉથી શુંદરછે ? નહી ભાઈ નહી. એકનું દુખ બીજાંનાં દુખને વીસરાવેછે. એકનો આતસ બીજાનાં આતસને જાંહાંખ લગાડેછે. પીઠ ફેરવતાં આંખ પોતાની મેલે ફરેછે. માટે તુંને એટલુંજ કરવુંછે કે પીઠ ફેરવ અને તારી આંખને બીજાં ઉપર લગાડ કે પછે પેહેલાંનુ જેહેર પોતાની મેલે મરી જશે. જો મારૂં કહેઉં માંન, હું જાંહાં તુંને લઈ જાઉં તાંહાં તું આવ અને પછે જોકે તારી ખોરશેદબાંનુ જેઓ આગલ પાંણી ભરે એવી શુંદર અને સદગુણી. સ્ત્રીઓ આ શેહેરમાં વશેછે કે નહી.

અંતે તેહેમતન પીગલીઓ. તેણે રસનબાદ આગલ અંતે પોતાનાં સરવે દુખનો ખોલાસો કીધો એટલુંજ નહી, પણ તેની સલાહાબી માંની. તેમા અને તેની ધીકારતી માશુક કરતાં વધારે લાએક ઓરતને શોધવાની ઈનતેજારીમા તે પોતાનાં ગમને જરા ભુલી ગએઓ ખરો.

તેમજ વલી પોતાનાં બાપ શીઆંમક તરફથી પેલા દુશમન શીઆવખશનાં માંણસો સાથ લડવાનાં કાંમને તેણે

આ દીવસથી છેલી સલાંમ કીધી કેમકે તેનું મન વધારે અગતનાં કાંમમાં હવે રોકાઈ રહેઉં.

પણ આ અમીરોની અદાવત અને અંટસ ઉપરથી ઉઠેલા કજીઆનું એથી કાંઈ શેવટ આવીઉં નહી. કજીઆ કરનારાઓમાંથી એકુ બે જણ ઓછા થએઆતો તેમાં કાંઈ ઝાઝું ઉઘરીઉં નહી કેમકે હજુર સુધી કજીઆતો દર રોજ ચાલુજ હતો

## વેપાર.



હાંણોની આવજાવ અને આગ ગાડીની દોડ ચાલીછે. લોકોનો ઊદીઓગ અને બેરોજગ ની રોજી ચાલીછે. લખપતીઓ કરોડપતી થ અને આગલ જેઓ જીવ વાલા ગણાતા હતા જીવ આજનાં વખતમાંતો ગરીબાઈમાં ખપેછે. તોને તડાકા પડીઆ માટે તેઓનાં હાથે પગે ઘરે ધીઆંછે, ધંધાદારીઓને નશે થએઓ માટે ગાડે ફરવા લાગાછે. શેહેરમાં વસતી વસતી થઇ દંકાઓ અને વખારોમાં ધમાલ ચાલેછે, કારખાં ઊભાં થએઆંછે અને ફાલતુ નાંણામાંથી ધરમ ન થવા લાગું છે.

વેપારનાં આવા અગણીત ફાએદ આપણે ખે જોએઆછે અને તેથી સરવે કોઈને ખુસી ઊ આપણ ઇછીએ છઇએ કે તે વેપાર હજુરથી વ ને વધારવામાં બાહારની મદદ ઘણી જોઈએછે. સરકાર સારી અને દાહી હોએતો પોતાનાં રા સારા રસતાઓ બાંધી માલની આવજાવ સેહેલ રી આપેછે તથા જાહેર બાંધકાંમોને આગલ વ તેમાં ગરીબ લોકોને રોજી કરી આપેછે. જો વે ઓ શીખેલા અને સમજુ હોએછેતો એકનાં એક

જેમ શીઆવખશની એક મોટાં દેશમાં પ્રરી વલતી આ
તી, તેમ તેના માતબર હરીફ શીઅનો સાએઓ નાંખતી જે
નો એકનો એક દીકરો હતો. ...થી ખોલીએતો વેપાર
તેહેમતન આસરે પચીસ વરસની ...ઉછે તે એક દેશને
અને જોરેમંદ હતો. તે કદાવર, કાબેલ અને
તો. તેનામાં ભલમનસાઈ, મીઠાસ અને આએ...માં લાવેછે. તે
માં બાપને તે માંન આપતો હતો અને તેમને ખાતર સી
આવખશનાં કબીલા સાથ વેર રાખતો હતો, પણ તેમ ક
રવાની તે ફરજ સરખું સમજતો હતો અને તેથી રસતા
ઓ ઉપર મારામારી કરવામાં તે સઉથી છેલો રેહેતો હતો
તોપણ શીઆવખશનાં માંણસો સાથ તે એકથી વધારેવાર
લડીઓ હતો.

પણ વલી જે મીશાલે પછવાડેથી શીઆવખશનું મંન પોતાની દીકરીને લગતી ગડબડમાં ગુંથું હતું, તેજ મીશાલે શીઆંમકનાં મગજમાં પોતાનાં દીકરા સંબંધી એક મોટો અંદેશો હતો.

અલબતાં તે અંદેશો તેનાં દુશમનની માફક ફરજંદને જલદી જલદી પરણાવી દેવા બાબે નહી હતો. તેને એવી મોટી હાંસ નહી હતી, ઇચ્છા તેની કોઈ દીકરી પરણવાની નહી હતી કે તેને તે વીશે વીચાર કરવો પડે.

શીઆંમકની સરવે ચીંતાનું કારણ તદન જુદુંજ હતું.

તે તથા તેની બાએડી ગુલબાંનું જોતાં હતાં કે તેઓનાં બેટાને કોઈ વાતનો ગમ લાગેલો હતો.

તેણે હરીફો સાથની કસાકસી તથા દુશમનબરદો સાંમેની લડાઈને તરક કીધી હતી. તેણે શેહેરનાં રસતાઓ અને તમાસા ઇચ્છા ખેલવતગાહાની જાહેર જગાઓમાં ગેરહાજર રેહેવા માંડીઉં હતું. તેણે મેલા ઇચ્છા મીજલશોને ગોએઆ એકદમ ઓવાર નીવાર કીધા હતા. તેણે આંબા

...આ | અથવા વેપાર ઊપર પડી રેહેવાને બદલે તરેહ
લ કોઈ એવા ...ની નશા ચાખવાની દાઅતન કરેછે અને પો
દ પુછી લીએતો તેનો ...બીજાનાં સુખ તરફથી ધ્યાંન આપે
અંતે આ કાંમ માંથે લેતો ...મુલા મલી આવીઆછે કે જે
વીઓ. તે રસનબાદ નાંમનો તેહે...
સત હતો. અરસ પરસની છુપી વાત તેએ અથવા વેપાર ચલાવ
તા હતા, પણ જારથી તેહેમતનનો સવભાવ વખતનાં ફેરીસર
રથી તેણે રસનબાદની મુલાકાત બંધ કીધી. ... સાથ પેઢીઓ ઉપ
ની જાજી દરકાર કીધી નહી પણ જારે તેહેમત... એલુછે. પણ ખરુ
પે તેનાં કાલાવાલા કીધા તારે તેણે એ જવાંનને
ભેદ જાંણવાનો ઠરાવ કીધો. કાંમ નથી.

માટે જાંહાંથી તેહેમતન દરરોજ આવતો જણાતે, ધીરજ અ
તાંહાં રસનબાદ જઇને ઉભો. થોડાવારમાં તેહે...ની સાથે પરમાં
આવી લાગો. તેને રસનબાદે ઉભો રાખીઓ, અ...રીથી સદ કાં
દીવસની ગેરહાજરીને લીધે તેહેમતનને ઉભો રેહેવા... ...માઈએછે. આ ટે
જ પડી. રસનબાદે તાંહાં વાત ચલાવી અને તેહે...
તેની ઓછી મીતરાચારીને માટે ઠપકો આપીઓ. ...
ત તેહેમતને બાહાલ રાખી, પણ તાંહાંથી જલદ...
વા માંગીઉં, તથા કેટલા વાગા તે પુછીઉં. રસન...
સહવારના નવ વાગેલા જણાવીઆ જેથી તેહેમતન ...
જુબ થએઓ અને તેનાંથી બોલાઈ ગએઉં કે "હજુર ...
ટલું સકારૂ છે! અરે ખોદા! મારો વખત કેવો ...
ગેછે."

હીઆંથી વાત વધી. રસનબાદ હટ લઈને બેઠો કે...

પે પોતે કેટલીકવાર બચાંઓને મશખરીમાં જુઠું બોલવાની અને બીજી નઠારી ટેવ પાડેછે. અથવા તેમ નહીતો બચાંના દેખતાં તેઓ પોતે તેવી ચાલ ચલાવે છે પણ તે જોઇને તે બચાં સીખશે એવું તેઓ વીચારતાં નથી. આ ચાલનો અટકાવ થવો જરૂરનોછે.

વેપારનું મુખીઅ પરીનાંમ એછેકે તેથી દોલત વધેછે. દોલતથી પછે સરવે ફેરફાર થાએછે. દોલતની અસર અજાએબ જેવીછે. જેવી તે હાથમાં આવી કે કોઈવાર માંણસ દેખાવમાં સાંન સલુક વાલુ થઈ જાએછે. ભલાં આદમીઓ તે દોલતનો ભલો ઊપીઓગ કરેછે. પોતે સુખી થવાથી સખીબી થાએછે અને ગરીબોની દાદ લીએછે. મુંબઈનાં સખી લોકોમાં એ ગુણ હમણાં ઘણો ખીલીઓછે એ ખુશાલી ભરેલી બીનાંછે.

## સુવાવડ સંબંધી સુચનાઓ.


### ૫.

વીનની શરૂઆતમાં વેઆતી ઓરતે પોતીકી તરફથી કંઈબી કોશેશ કરવી નહી અને કાંસી કરાંજીને વીનને મદદ કરવી નહી. કેમકે તેમ કીધાથી તે વધારે થાકી જાએછે અને છુટકારો કંઈબી રીતે જલદીથી થતો નથી. પરખીઆત ડાકટર ડેનમેન કેહેછે જે સ્ત્રી આ વખતે ધીરજથી અને સબુરીથી પોતાના વીનને તાબે થાએ તે સ્ત્રીનુ દુખ ખરેખર ઓછુ થાએછે.

વલી કેટલીક વખતે અગનાન દાઈઓ વીનની શરૂઆતમાં ગરભને જલદીથી ખોલલો કરવાની મતલબથી જે કોશેસો કરેછે તે ધીકાર ભરેલીછે. તેમ કીધાથી તે મતલબ બર આવાને બદલે કેટલીક વખતે જંનવાના ભાગમાં બીજું દરદ થાએછે. દાઈએ વીનની શરૂઆતમાં જનવાના ભાગની તપાસ કરીઆ પછે કંઇબી રીતે વચમાં પડવું જોઈએ નહી કાંએકે ખુદરત પોતીકું કાંમ શુંછે તે ઘણી સારી રીતે સમજેછે અને તે કાંમ આસતે આસતે પણ સહી સલાંમત પાર ઊતારેછે.

જારે વીન ઘણા મજબુત અને વારેગ્રડીએ આવે અને તેની સાથે જો જણતી ઓરત પોતાનો દમ બંધ રાખીને કાંસતી હોએ તારે તેને પગ આગલથી ટેકો આપવો કે જેથી કરીને તેને જોર કરવાનું ફાવે. આવાં વીન શરૂ થાએ કે દાઈએ તે ઓરતને વાસ્તે આ રીતે બીછાનું કરવું જોઈએ—એક ખાટલા ઊપર પેહેલવેહેલું ગોદરૂં નાખવું અને તેની ઊપર ચાદર પાંથરવી જોઈએ. તે ચાદરની ઊપર પણ વોલકીના વચલા ભાગ ઊપર આએલકલાથ એવે નામનું એક રોગાંનનું કપડું આવેછે તે પાંથરવું અને તે રોગાનના કપડાં ઊપર-બે અથવા તરણ ચાદરની ગોદરી નાખવી. આ પરમાણે બીછાનુ કીધાથી પેલી ઓરતને છોકરૂં આવીઆ પછે હીલચાલ કરવી પડતી નથી કેમકે જે લોહી અને બીજી ચીજો નીકલેછે તે પેલી ચાદરની ગાદી ઊપર પડેછે કે જેને વગર અડચંને કાહાડી લેવાએછે. અગરજો તેથીબી વધારે ખરડાતું હોએતો તુરત રોગાંણનું કપડુંબી કાહાડી લેવાએછે અને પેલી બાએડીને ગરંમ તથા સુકુ બીછાનું મલેછે. તેમાં તેને નીરાંતથી નીંદ આવેછે. આપણા લોકો ઊપલી રીતે બીછાનું કરતાં નથી ફકત ચાદર ખાટલા ઊપર નાખેછે અને જારે તે ચાદર ખરડાઈ જાએછે તારે તેને કાહાડવાને વાસતે અને બીજી પાંથરવાને વાસતે શુવાવડી બાએડીને ઊઠવું પડેછે. વલી કેટલાએક લોકો તે માતાને છોકરૂં જણવાની અગાઊ ભોએ ઊપર એક ગુનપાટ અથવા કનતાંન અથવા શાદરીનો કકડો નાખીને શુવાડે છે અને બચું દુનીઆમાં આવેઆ પછે તેને પલંગ ઊપર લઈ જાએછે. એથી તેને ચાલહાલ ઘણી થવાથી કેટલીક ગેરફાએદા થાએછે. કેટલીક વખત એવુંબી બનીઊંછે કે બચું જનમીઆ પછે આ પરમાંણે ચાલહાલથી માતાને ઘણું દસતાન અથવા લોહી જાએ છે જે બંધ કરવું ઘણું મુશકેલ પડેછે અને ઘણી વખતે લોહી ગીઆથી શુવાવડી બાએડીનો જાનબી ધાસતીમાં આવેછે. એટલા માટે આપણી સ્ત્રીઓને ચેતવની લેવી જોઈએ કે શુવાવડી બાએડીને જેમ બને તેમ હીલ ચાલ નહી કરવા દેવી અને તેનુ બીછાનું ઊપર લખીઆ પરમાંણે અગાઊથી તઈઆર કરી મુકવું. વલી એ પરમાણે વીન શરૂ થઆં કે સુવાવડી સ્ત્રીએ ઊપર કહેલા બીછાંના ઊપર જવું કાંએકે જારે આવાં વીન થાએછે તારે બચાંનું માથું આસતે ગરભમાંથી બાહેર નીકલવા માંડેછે. આપણી સ્ત્રીઓ વેઆતી વખતે પીઠ ઊપર શુવેછે પણ ઈંગલંડ અને ઈરોપના બીજા ભાગોમાં તેને દાબી બાજુએ બીછાંનાની કીનારી આગલ શુવાડેછે.

## નાએગરાનો પાંણીનો ધોત.



વાંચનારી બાંનુંઓએ મોટામાં મોટો ધોત કેટલો જોએઆ હશે ? ચોમાસામાં જારે મારમારનો વરસાદ પડેછે તારે કેટલાંક છાપરાંઓમાંથી જાડા ધોત બકબક અવાજ કરતા પડેછે અને કેટલાંકો તાજુબ થઇ કેહેછે કે હવે વરસાદજીએતો અતેરૂં કીધું. પણ જારે હમે કહીએ કે અમેરીકાખંડમાં કનેડાની પાસે એક એવો મોટો ધોતછે કે તેમાં ઊપલાનાં સરખાતો હજારો ધોતો કુચ બીસાદમાં નહી તારે શું તેઓ તે માંણશે ? હા એ ખરી વાતછે. તેને નાએગરાનો ધોત કેહેછે, તે દુનીઆમાં સઊથી મોટો ધોતછે અને કુદરતનો એક કીમતી તલેસમાતછે. તેનો હેવાલ ઘણોજ અજાએબ જેવોછે. મુસાફરો કેહેછે કે નજરે જોવા વગર તેનો ખેઆલ આવશે નહી. એક પોહોલી અને ઢેડાવદાર સપાટ જમીન ઊપર પાંણી દુરથી આવીને એકઠું થતું હોએ અને પછે તે જમીનને છેડે ખાહી હોવાથી તે પાંણી તેમાં પડતું હોએ તેવી રીતે આ નાએગરાનો ધોત બનેલોછે, એમ તેની પાસેનાં એક ટાપુ ઊપરથી જોતાં માલમ પડેછે.

આ ધોતનું પાંણી હકાંણમાં ટુટી પડવાની જગોથી છેક દુરથી ચાલીજી આવેછે. તે શરૂઆતમાં ધીમુંછે; પણ જેમ તે આગલ આવેછે તેમ તેની જહડપ એટલી વધેછે કે મુસાફરો તેને તીરની જહડપ સાથ સરખાવેછે. આ દોડમાં તે પાંણી તદન સફેદ થઈ જાએછે અને કીનારે આવીને મોટાં જોસ સાથ નીચે પડેછે. એક જગોએ તે ૧૬૪ ફીટની ઊંચાઈથી તથા બીજી જગોએ ૧૫૮ ફીટની ઊંચાઈથી તે પડેછે. તેમજ વલી તેની પોહોલાઇ-એક જગોએ ૯૦૦ ફીટછે તથા બીજી જગોએ તેનાં કરતાં ૧ હજાર ઘણી વધારે ઈઆને ૧૯૦૦ ફીટની પોહોલાઈછે. તે નીચે પડતી વખતે મોટો અવાજ કરેછે જે સારી મોસમમાં ચાલીસ માઈલ સુધી સંભલાએછે, પણ બાજે વખતે તેમાં એથીબી વધારે જોશ અને અવાજ થાએછે. તેમાંનાં પાંણીનાં જથા વીશે એવી ગણતરી થઈછે કે દરએક મીનીટે બે કરોડ કીઊબીક ફીટ પાંણી આખી રાત અને દાહાડો આ ધોતમાંથી પડીઆ કરેછે.

અલબતાં આવા મોટા ધોતની જે વચે આવે તેનાં કેવા હાલ થાએ તે દેખીતુંછે. એટલુંજ કેહેવું બસછે કે ઘણાંક ચરંદા પરંદાઓ, મોટાં નાંહાંના જાનવરો જેઓ શોખથી આ મોટા જહરામાં તરવા, રમવા, નાહાવા ઈઆ પાંણી પીવાને આવીઆં તેઓ વારેવાર સંખીઆ બંધ ઘસડાઈ જાએછે અને ઊપર કહેલી ઊંચાઈએથી પડી મરેછે. તેઓની શંખીઆ એટલી હોએછે કે આસપાસનાં રેહેવાસીઓને તેથી ખોરાક પુરો પડેછે. તે સીવાએ આ ધોતનું જોસ વાલું દોડતું પાંણી તેઓનાં કારખાનાંઓ મધે બાફની મીશાલે સાંચા ચલાવામાં કાંમ લાગેછે અને એ રીતે આવી એક બનાવટનેબી ખોદાએ ઊપીઓગી કીધીછે.


જેમ નાએગરાનાં ધોતે જનાંવરોનો તેમજ માંણસોનો પણ ભોગ લીધોછે. કેટલીક વખતે એ દોડતી નદીને ઓરંગી જવાની કોસેસ કરતાં માંણસો તનાઈ ગએલાંછે. જાંહાંથી એ પાંણીની દોડ ઘણી ધીમી અને વજણસરછે તાંહાં મછવાઓમાં આવજાવ થઈ શકેછે. એક દાહાડે તાંહાં રેહેનારો એક ઈનડીઅન પોતાનાં મછવાને નદીમાં લાધીને તે મધે સુતો હતો અને તેની બાએડી કીનારા ઊપર બેઠેલી હતી, તેવામાં એક સેલરે આવીને તે બાએડી ઊપર હોમલો કીધો. એ ઊપરથી તેણીએ પોતાનાં ભરથારને જગાડવા માટે બુમ પાડી, પણ તે જાગી ઊઠે તેની અગાઊ જે બોટમાં તે સુતેલો હતો તે બોટને બાંધેલું દોરડું પેલા સેલરે કાપી નાંખીઊં, જેથી મછવો નદીની દોડ સાથ ચાલવા લાગો અને પછે પાંણીનાં જોસ સાથ તે એટલોતો દોડીઓ કે તેમાં સુતેલો ઈનડીઅન જાગી ઊઠીઓ, પણ હવે બોટ રોકી શકી નહી. તે ઘબરાટમાં પડીઓ, અને કાંઈ ઊપાએ નહી રેહેવાથી તથા નીચે ઘસડાઈ જવાની ખાહી નજદીક આવેઆથી પોતાનું મોહોત જોવાઈ નહી શકાવાને લીધે તે બીચારો પાછો મછવામાં હોડી પોહોડીને સુઈ ગએઓ. થોડાવારમાં તે બોટ આખી ઊંચાઈથી નીચે ગઈ અને પછે તેનો કાંઈ થાગ લાગો નહી. એક બીજા ઘણી

ઊપર આ ધોત જોઈને એટલી અસર થઈ કે તે દુનીઆં તજીને તાંહાંજ જુફડી બાંધી સાધુની મીશાલ આવી રહેઓ અને એક દાહાડે નાહાતાં નાહાતાં તે આ ધોતમાં તણાઈ ગએઓ.

નાએગરાનો ધોત જાંહાં પડેછે તાંહાંથી હંમેસાં પાંણીનાં જોસને લીધે વાછટ ઊડેછે. તે વાછટ એટલી બધી હાએછે કે તે વરાલનાં જેવી જાડી લાગેછે અને દુરથી જાંણે કાંઈ આગ લાગી હોએ એવું સમજીને કેટલાક મુસાફરો ઠગાએછે. આ વાછટ એક વાદલની મીશાલ ધોતને મથાલે ટીંગાઈ રેહેછે, અને તે ઊપર સુરજનાં કીરણ પડવાથી સોબાઇતા રંગોની એક ખુબસુરત કમાંન તાંહાં થઈ રેહેછે આ રલીઆંમણો દેખાવ જોઈ માંણસની છાતી દંગ થઈ જાએછે અને પોકારેછે કે "ઓ ખોદા' તારી સક્તીનો કાંઈ પારનથી."

---

# દુરબીનની અજાએબીઓ.




જોકે દુરબીનને આસમાંનમાં ફેરવીઆથી માંણસે તે જહલકતાં ગહવેરોનાં સુરજ, ચાંન, સીતારા, ગરેહ અને ધુમકેતુ એવા ભાગો કીધા તથા વલી તેને જણાંએઊં કે સાદી આંખે દેખાએછે તેથી ઊલટી રીતે તેઓ ઘણાં મોટા તથા એકેકથી અતીઘણા વેગલા છે, તોપણ તે બધા શા મારે બનાવીઆછે એ પરથમથી ઊઠેલા સવાલનો હજુર સુધી ખોલાશો થએઓ નહી. તેથી ખોલને વધારે આગલ ચલાવી અને વધારે અજાએબ જેવી બીનાંઓ માલંમ પડી.

સાદી આંખે સરવે સીતારાઓ ઈતીઆદી એક એકની વચે ગુચવાઈને ફરતા માલંમ પડેછે પણ દુરબીનથી તપાસ કરતાં તેઓની ગતી ફેરફાર દેખાઈ છે. ગરેહઓને એક જાતની ગતીછે, કેટલાક તારાઓ વલી થંબછે, તેઓની આસપાસ બીજા તારાઓ ફરેછે ઈતીઆદી. એ ઊપરથી ઘણી મુદતે નીચે મુજબ ખોલાસો થએઓ. પેહેલું સુરજ હમેસાં થંબ હોએછે અને ઊપલા જે સીતારાઓ થંબછે તે સુરજોછે. બીજું—ગરેહઓ સુરજની આસપાસ ફરેછે અને આપણી દુનીઆં તેમાંનો એક ગહરેછે. તરીજું—સઘલા ગરેહ ઓ દુનીઆંછે, કેમકે આપણો ગરેહ તેમાં ખપેછે. અલબતાં આ સઘલી અટકલછે, પણ સતા ભરેલીછે અને તેમનાં ટેકાની એવીતો મજબુત તકરારો થઇછે કે જેમ એકને એક બે તે વાત કદી ખોટી પડે નહી તેમ આ વાતબીછે.


એનો આપણે એક બીજી રીતે વીચાર કરીએ. સુરજ આપણને રોશની અને ગરમી આપેછે એતો ખરૂંછે, પણ આપણે જાએઊંછે કે મોટો ગોલો આપણી પરૂથવી કરતાં તેર લાખ ઘણો મોટોછે. હવે હીઆં એટલોજ સવાલ પુછવો ઘટેછે કે એખલી આપણી દુનીઆંને ખાતર ખોદાતાલા આવો મોટો સુરજ બનાવે એ શું માંનવા જોગછે ? કુદરતનાં કાંમો હમેસાં કાએદાસરછે. જેમ બદન કરતાં માંથું નાંહાંનું એ એક કાએદોછે, અથવા જેમ રોશની આપવાનાં ઘર કરતાં બતી નાંહાંની એવો એક કાએદોછે તેમ જો એ ખલી દુનીઆંનેજ સુરજ ઊપીઓગનો હતેતો નાંહાંની દુનીઆં અને તેનાં કરતાં તેર લાખ ઘણો મોટો સુરજ બનાવામાં શુ તે કાએદો નથી તુટતો ? ખચીત બીજાબી ગરેહઓ હોવા જોઈએ જેમને આ સુરજ સાથ સરખો સંબંધછે અને જેઓને બસ થતો સુરજ બનેલોછે.

અલબતાં એ ઘણી અજાએબ જેવી બીનાંછે, પણ આપણે કાંઈ હીઆં તે વીશે તકરાર કરવા બેઠા નથી. આપણેતો ફાજેલ ફીલસુફો આપણને દુરબીનની મદદથી શું શું સીખાડેછે તેજ માતર તપાસીએ છઈએ. તેથી પેહેલ વેહેલાં આપણે પોતાની મેલે સુરજ ઊપર આવીએ છઈએ. તેને લગતી પેહેલ્ વેહેલી તાજુબી ભરેલી બીનાં ઊપર કહી તેછે કે સુરજ ચાલતો નથી પણ થંબછે. એ કેમ બને ? સહવા

રનાં એક ઠેકાંણેથી ઊગીને શું તે બીજે ઠેકાંણે અસત
નથી પાંમતો અને એ રીતે શું તાંહાં જવા વગર બની
શે ? એની સમજ સેહેલછે. એવું માલંમ પડીશેછે કે
એ રીતે એટથી બીજી જગોએ સુરજ જતો નથી, પ
ણ આપણી દુનીઆં ખીસી જાએછે. બરોબર બો
લીએતો આજે સહવારનાં દુનીઆંનાં ફરવાથી જા
રે આપણ સુરજની સાંમે આવીઆ તારે આ
પણને દીસ દેખાઇ અને સાંજે વલી સુરજથી દુર
જઇસુ માંટે અંધારૂ થશે અને આપાણી જગોએ સુરજ
ની સાંમે બીજાં જે દેશો આવશે તાંહાં દીસ થશે. પણ તા
રે સુરજ ફરતો દેખાએછે તે કેમ ? એનાં જવાબમાં હ
મે પુછીસુંકે આગની ગાડીમાં બેશીને જઇએ છઇએ તા
રે આસપાસનાં ઘરો, જાહાડો ઈતીઆદી સઉ દોડતાં દે
ખાએછે તે કેમ ? જે કારણથી તે આપણને એમ અમ
સધું લાગેછે તેજ કારણથી સુરજબી ફરતો દીસેછે.

ગઈ વેલા જણાંવીશં હતુંકે આપણો સુરજ
આપણી દુનીઆંથી સાડા નવ કરોડ માઇલ દુરછે. તે
ની વીઆસ (ઈઆને તેનાં એક છેડાથી ભીતરને રસતે
એક લીટી દોરી બીજે છેડે જાંણે કાહાડી હોએ ને ) ૮
લાખ અને ૮૦ હજાર માંઇલ લાંબીછે ઈઆને દુનીઆં
ની વીઆસ કરતાં એક હજાર ઘણી વધારેછે. આ
મોટાં કદનો થોડોક ખેઆલબી મંનમાં ઊતારવો જો
ઈએ. અગરજો એમ સમજીએ કે જાહાં હાલ ધરતી
છે તાંહાં સુરજ ઊભો હતેતો તેની સપાતી હાલ જાંહાં
ચંદરછે તેથી બે લાખં માંઇલ દુર જતે અને ચાંનતો
સુરજનાં પેટાખાંનામાં આવી જતે. વલી એક માંણ
સ જે દરરોજ એકસો માઈલની મંજલ કરતો હોએ
તેને આખી દુનીઆંની આસપાસ ફરી આવતાં આસ
રે નવ મહીનાં લાગે, પણ જાંણે કે જો તે સુરજની આ
સપાસ ફરવા નીકલેતો એટલી જહડફ છતાંબી તેને પો
ણાંસો વરસ લાગે.


સુરજ સાંનો બનેલોછે ? એ સવાલ જાંણવાજો
ગછે, પણ તેનો ખાતરી ભરેલો જવાબ મલતો નથી.
આજનાં વખતમાં માંણસ પુરેપુરી ખાતરીથી એ જવા
બ દેવાને શકતીવાંન નથી. લાપલેસ અને બીજા થો
ડાક વીદવાનો એવું કેહેતા હતા કે આફતાબ આતસનો
એક ગોલોછે, પણ આ વાત માંનવામાં આવતી નથી.
કેટલાકો કેહેછે કે એ માતર માંટીનો ઈઆ બીજી કો
ઈ કાલી ચીજનો ગોલોછે, અને તેની આસપાસ જે ધ
કધકતાં વાદલાં તથા હવા આવેલીછે, તેથી તે ગરમી
આપેછે સુરજની સપાતી ઊપર હંમેસાં કોઈ કોઈ જ



ગોએ કાલાં ધાબાં દી
ઠામાં આવેછે, તે ઊ
પરથી આ વાંધા ઊ
ઠીઆછે. પેહેલી તક
રાર વાલા કેહેછે કે
હજારો વરસોની વા
ત ઊપર સુરજનાં
ગોલામાંથી બલતા
ગાંગડાઓ કોઈ રીતે નીકલી પડીઆ હશે, જેથી તેમાં એ
ખાડા પડી રહેલાછે અને તે ગાંગડાઓ ઘણાં દુર ની
કલી આવીઆ બાદ સુરજનાં ખેચાંન તલે આવી ગ
એઆ હશે તથા ઠંડીથી તે ઊપર પોપડા બંધાએઆ
હશે, જેથી આપણી દુનીઆં અને બીજા ગરેહઓ બ
નીઆછે. વલી દુનીઆં સપાતી ઊપરથી કઠણછે અને
તેનાં ભીતરમાં ગરમી ઘણીછે તથા સઘલું પીગલેલી
હાલતમાંછે એ ઊપરથી ઊપલું બોલનારાઓ ટેકો પક
ડેછે. પણ તેઓનાં એ મત કરતાં આ ધાબાં દેખાવા
નું સાંમી બોરદનું કારણ વધારે માંનવા જોગછે કે સુ
રજનાં ગોલાની આસપાસ જે બલતી હવાછે તે કો
ઇ કોઈવાર ચોકસ જગોએથી ખીસી જાએછે અને તેથી
તેની વચેનાં ગોલાનાં એટલા ભાગ દેખાઈ આવેછે. સુ
રજની સપાતી ઊપરનાં ધાબાંઓ કેટલીકવાર દેખાઈ
ને પાછાં નાંબુદ થાએછે અને ચોકસ વખતે પાછાં જ
ણાંએછે. એ ઊપરથી એવું ધારવાંમાં આવેછે કે સુર
જ જોકે ગરેહઓની વચે જાંહાંનો તાંહાછે તોપણ પો
તાની ધરી ઊપર તે ફરતો રેહેછે.

સુરજ શા માંટે બનીઓછે ? એ સવાલનો જ
વાબતો એક બચુંબી આપશે. આપણાં સુખને માટે
સુરજ જરૂરનોછે તેની રોશની અને ગરમીમાં આ
પણી દુનીઆંનુ બંધાંણછે. તેની રોશનીથી માંણસ
જીવેછે, જુવેછે અને કાંમકાજ કરી શકેછે. તેની ગર
મીથી જમીનની ખેતી થાએછે, અનાંજ ઊગેછે, વર
સાદ આવેછે ઈતીઆદી. આ દુનીઆંનો જાંણે ફરસુ
ખ તે આફતાબછે જેની તારીફ ગાવી ઘણી રવાછે. પ
ણ ઊપર કહેશંછે તેમ એખલા આપણા ગરેહ સાથ તે
ને સંબંધ નથી. બીજી દુનીઆંઓને પણ તે એવાજ

ઊપીઓગમાં આવેછે. તેવા સુરજને લગતા બાર પંદર ગરેહઓછે, ઊપલાં ચીતરમાં દેખાડીઆ જેટલાં તેઓ જુદાં જુદાં કદ ધરાવેછે તથા આ ચીતર પરમાંણે તેઓ સુરજની આસપાસ ફરેછે.




# ગાલ અને મારનો સાર.

(ખીજવાતી માંથી બચાંને નુકસાંન.)

જીવનાંઈ—ઓ વાએ સાવખશા તું બજારનો લાવતો તુટી પરેરે. એ આએ શું બજાર લઈ આવીઓ. મુવાને કહીઉંતું શું ને બસતે ગીઓ જમીન ભરીને લાવેછ શું! પણ તારી સુધ કાંહાં ગેઈતી? તું મરે એ આએ છીછરાં જેવું સાખ કાંહાંથી લાએઓ ને ભાજીનાં બંદારને લઈને હું શું કરૂં? આંખ ફુટા તુને એટલી અકલ નહી હુતી કે ચાલરે હું આવું લઇ જવશ તે મારી માએ બધાંને ખવાડશે કીઆ ચુલામાંથી!

સાવખશા—પણ મને શું કેહોછ? વલી જે મલે તે લઈ આંઉ કેની? વા—તમેતો કેહેશે કે બધું આખું ગાંમ ઉંચકીને લાવ તે કંઇ બનશે!

જીવનાઈ—અરે પણ ટેરાનાં ખાધા, મુવા, તું દીન પર દીન એવો સાવજ સોને બનતો જાએછ. ખાઈજ જાંણીઉં કે કાંઈ બીજું કાંમકાજબી સમજશે? મેં બસેર કાંદા મંગાવીઆ તે કાંહાંછે? મુવો લેતો કે પાપરી લઈને નીકલી પડીઓ, તો તેની સાથે લીલું લસણ ને ધાંનાં જીરાંનો મસાલો કાંહાંછે? એ આએ કોહેલો કુતો કાંએ લઈ આવીઓ, એ કોણ તારો બાપ કાકો આવીને સમારશે!

સાવખશા—પણ બીજું કાંઈ તાજું નહી મલે તારે શું કરૂં? તમેતો કેજે પાટીઓ કીધા વગર ચાલે નહી. હવે લઈ આએઓ તારે એમ કેહોછ ને નહી લઈ આવતેતો તમે શું ગાલ નહી દેતે કે?

જીવનાઈ—ગાલ? મુંવા ગાલ શું કે મારીને કટલેહાંમ કરી મેલું, પણ હવે હું કરૂં શું? આજે ભુખા રાખું? જા એ બધું પાછું લઈ જા.

સાવખશા—એ માએ તમે એમ જુલમ શું કરોછ હવે કોણ પાછો ફેરો ખાએ? વાહા!

જીવનાઈ—પણ તારૂં માથું દુખેરે, કોડમી મરચુંતો લાવી આપ, તું મરે. તે વગર પાટીઓ કેમ થશે.

• સાવખશા—નહી, નહી, હું કાંઈ હવે નથી જવાનો તમુને કેહુંછ સાફ. હંઈઆં તાંતીઆની ફુસ નીકલી ગઈછ. મોકલો પેલા સોલુને તે ખુરસીએ બેસ ને હું સહવારના ઉઠું તારના બધા ફેરા ખાંઉં કે?

જીવનાઈ—સોલુ, બા ઉઠતો એ મુવાને નામે કાંહાં રરૂં? તું ફેરો મારતો કે લાવી આપશે.

સોલુ—નહી, નહી, એના પગ ભાગાછ કે? મને તો લેસન કરવાનુંછે ને માસટર મારશે.

જીવનાઈ—અરે હાડકાં ભાગા, જઈ મર. લાહેરી ના કર એણે સહવારે ઉઠીઆ પછે બે ફેરા ખાધાકેની?

સોલુ—નહી હું નથી જવાનો. એ ભુલી શું કરવા આએઓ, મોકલો હેને.

જીવનાઈ—એ આએ જોવોરે કોઇ, મુવા નકટાઓ એકેકની ઉપર ધોલવેછતે. જો આવીને ચીરી નાખશ જો નહીતો અતર ઘડી ઉઠ નહી ઉઠેકે? તારૂં સતીઆનાસ થાએ, તમે મરે દુખના દેતાં, લાવ નેતર લાવ—

, પણ જીવનાઈને નેતરતો જડી નહી, માટે પગમાંની સપાટ કાહાડીને તે મારવા દોડી. સાવખશા તરત હેઠે દોડી ગએઓ અને સોલુ નાહાસવા જતો હતો તેવામાં દાદરની આગલ સપડાએઓ. તેને એકુ બે સપાટ મારી એટલાંમાં જીવનાઈનો હાથ કટેરા સાથ એવાં જોસથી અફડાએઓ કે ચીતલના કકડા થએઆ અને એક કાચ જીવનાઇને ભોકાઈ ગએઓ.

આ વખતે જીવણાઈ ઘણી ચીરડાએલી હતી અને તેવામાં આ કાચથી તેને એટલુંતો લાગું કે તેની આંખમાં આંશું આવી ગએઆં અને નીશોશ મારીને દાદરની આગલ ફસડાઈ પડી તથા પોતાના દીકરાઓને ગાલો દેતી બોલી કે "તમે મરે એમના એમ દુખના દેતા. તમુને અભીતરી થાએ, મુવાઓ તમુને કોણે માંગીઆતા!"

આ અફસોસ કરતાં એકાએક ઘડીઆલમાં દસ વાગા જેથી જીવનાંઈની સુધ પાછી આવી કેમકે બાર વાગતે તો તે બધાંને જમવાનો વખત હતો. માટે જીવનાઈએ એક ભાડુતનાં છોકરાનાં કાલાવાલા કરી કોડમી મરચું મંગાવીઉં તથા પોતાનાં છોકરાઓને માટે બોલી કે "આવો મુવાઓ તમે અગીઆર વાગતામાં જોબરવા આવો, પછે તમોને દેખાડુંછ."

પણ છોકરાઓ જાંણતા હતા કે માંએ ચીરડાએછે તેટલોજવાર તેવણની ધાસતીછે. માટે, કાંમ કરતાં જીવનાઈને પાર પહોસીઓ સાથ વાતચીત થઈ અને "મુવાં દુકતાં" ની તેણે ફરીઆદ કીધી અને તેવણને ધીરજ આપવામાં આવી કે "એતો હોએજતો. બચાં હોએ તે કેવાં હોએ" તારે જીવણાઈ નરમ પડીઆં અને છોકરાઓ પાછા ઉપર આવીઆ.

તેઓને પોત પોતા વચે બનતું નહી હતું સાવખશાએ સોલુને ચીડવીઓ કે "હુંતો બચી ગીઓ પણ તું કેવો સપાટામાં આવી ગીઓ, કાંઈ નહી તુનેતો એવુંજ જોઈએ." એ ઉપરથી સોલુએ ચીરડાઈને તેને ગાલ દીધી, જેનાં અવેજમાં સાવખશાએ તેને આચકો મારીને ટોડી પાડીઓ. સોલુ બુમ મારી રડી પડીઓ અને માએ આગલ જઈને ટકા વધારીને કેહેવા લાગો કે "માએ મને સાવખસાએ પેટમાં મુકી મારી, લેવો લેવો મારીથી બેસાતું નથી." તેથી વલી જીવનાઈ ચીરડાઈ ગઈ. તે બોલી કે "મુવા તમે એકેકનાં શોખ થઈનેજ રેહેશો તમુને શું થએઉં? આંધરા, બીજા ગાંમને ઘેરબી છોકરાંછે તે જરા જઈને જો." એમ બોલતી ગઈ અંને પાસેજ એક પંખો પહેલો હતો તેનાં દાંનડા વટે સાવખશાને ધુમ માર મારતી ગઈ.

થોડાવારમાં જમવાનો વખત થએઓ અને આ બંને છોકરાઓ તથા બીજાં નાંહાનાં બચાં જે હેઠે રમવા ગએલાં હતાં તેઓ ભોનાં કરાવા આવીઆં. જોકે જીવનાઈએ આ લોકોને ભુખા રાખવાની ધમકી આપી હતી, પણ તે ધમકી પાલી શકી નહી, કેમકે "તેનો જીવ નહી માંનીઓ." માટે તે ભોંણાં કરવા બેઠી જેટલા વખતમાં છોકરાંઓએ તેને અરધી ચેરવી મેલી હતી.

સાવખશાએ એકતો તે દાહાડે ધુમ માર ખાધો હતો અને બીજુંતો ઘરમાં આવેલી એક બાજ ઉપર લુટ મારી ઘણું અચર કચર ખાઈ ગએઓ હતો, તેથી સાંજનાં તેનું દીલ જરા ગરમ થઈ આવીઉં. એ ઉપરથી જીવનાઈ ઘભરાઈ. તે બચાંઓને ગમે એવી ગાલ દેતી પણ તેઓ ઉપર તેને ખરેખરો પીઆર હતો. માટે જારે પોતાનો ભાઈ મેહેરજી સાંજનાં ઘર મધે મલવા આવીઓ તારે જીવનાંઈએ બલાપો કીધો કે "હું જીવ ખાઈથી આજે જરા વધતો માર મરાએઓ, હવે હું શું કરૂં?"

મેહેરજી—બેહેન હુંતો તમારી ચાલ પેહેલેથી નાંપસંદ કરતો આવીઓ છઉં. મેં તમુને કહેઉંતું નહી વારૂં કે તમે છોકરાંને એટલી ગાલ દીધાથી તથા મારવાથી કાંઈ ફાએદો થવાનો નથી?

જીવનાઈ—મેહેરજીભાઈ તમે સારીપઠે બોલી જાંણો છો, પણ મુંવા કુકતાં કેવાંછે તેનો તમે વીચાર કીધો? તોબા. ખોદાએ તોબા, ગાંમને ઘેરબી છોકરાછે, પણ મારા જેવાતો મુવા કોઈને ઘેર મેં નથી જોએઆ.

મેહેરજી—આએ વલી તમે ગાલ દીધી. તમે બોલેબોલ બચાંને મુંવા સીવાએ હાંક મારતાં નથી, પણ એમાંથી તમે શું મેલવોછો વારૂં?

જીવનાઈ—ઓ વાએ! ગાલબી નહી દીએ કે? માએ ગાલ દીએ તેનું કાંઈ નહી. "માએની ગાર ને ઘીની નાર" જો. માએ બાપ ચાહેતો કાપીને કટકા કરે, ને પછી પાછાં આખાંબી કરે. બીજાં કોઈ એની દુશમેનને ગાર દીએતો હું કાચાંને કાચાં ખાઈ જાઉં.

મેહેરજી—તમે માએ છેઓ તે વાસતે ગાલ દેઓ એટલે કે બધી કડુવા દેવો તેનું કાંઈ નહી. એ કાંહાંથી શીખીઆં વારૂં? તમે બચાં જણીઆં તે તેઓને ગાલ દેવા અને મારવાને વાસતે કે?

જીવનાઈ—પણ તારે બચાં જણીઆં તે દુખ દેખવાને વાસતે કે? આપણા બેહેસતન માએ તમુનેતો ગાલ નહી દીધીની—ફુલ સુંઘીઆંતાં.

મેહેરજી—તમે મને એટલો જવાબ આપો કે એમ કરીને તમે ફાએદો શું મેલવોછો.

જીવનાઈ—વરી ફાએદો ને ગેરફાએદો શું! બચાં બદે નહી ને જેવી કુતરીનો અવતાર આપે તારે તેને ગાલ નહી દેતાં હોશે?

મેહેરજી—ઠીક, તારેતો બચાં બદે નહીતો મારીબી નાખો તેબી ચાલશે. બેન મારવાથી અને ગાલ દેવાથી કાંઈ બચાં ઉધરતાં નથી.

જીવનાઈ—નહી—તારે લાર લરાવાથી કે પછે કેહેતીછે તેમ "લારકાં, લોહારકાં ને માંથે બોરકાં" થઈ જાએ. માફકસર લારબી લરાવીએ, વજણસર મારબી મારીએ તારેજ બચાં કેલવાએ.

મેહેરજી—અને આ તમે બચાંને એટલો માર મારીઓ કે તેને તાવ આવી, તે માફકસર મારકે? બચાંને તમે ગાલ દેવો અને તેઓના મોહોમાં ગાલ મેલો કે તેઓબી બીજાંને ગાલો દીએ. એ બધું તમે સમારોછ કે બગારોછ વારૂ?

જીવનાઈ—પણ તમે મને કેહેવોની કે ગાર માર વગર બચાં સીખે કેમ? "પીએ કવરૂંતો ચાખે સવરૂં," ખબર પડી? ભાઈજી, હમણાંતો નરા, નફકરા છેઓકેની તે ખાંધપર છેડો નાંખીને ફરો—પણ જારે હમારી કાંની તમારે તાંહાંબી આવશે, જારે એક જોહાલીમાં તવલશો, બીજું કેડે ચહટશે તારે બધું જાંણશો.

મેહેરજી—ઠીકછે, ઠીકછે, હું તમોને દેખાડશ તારેતો બસકેની! તમે એમ સમજોછ કે બચાંને ગાલ દીધા વગર ને માર મારીઆ વગર તેઓ સારાં થાએ નહી, પણ તમે પોતેજ જોવો કે તેથી તમારાં બચાંતો ઉલટાં બગરીઆં છે. તેઓ બેખડ થએઆંછે. મારે મારે તેઓની ચાંમડી શોખ થઈછે. તેઓ જેટલોવાર માર ખાએછે તેટલોજવાર તેઓને લાગેછે અને પછી તો તમારી સાંમે વધારે થાએછે. હવે હું તમુને દેખાડશ કે બચાં ગાર માર વગર કેવાં સારાં થાએછે.

મેહેરજીભાઈને પોતાનાં સીનોર તથા તેની બાએડી છોકરાં સાથે ઘણું સારૂં હતું, જેથી તે આ ઈંગરેજ શેઠનાં કબીલામાં પરોટાઈ ગએલો હતો. તે આ વાત ચીત પછે બીજે દીને બપોરથી પોતાની બેહેનને ઘર પાછો આવીને તેને સીનોરને તાંહાં તેડી લઈ ગએઓ કારણકે તેણે જણાવીઉં કે શીનોરની બાએડી તેને વારેઘડીએ જોવા માંગતી હતી અને આજે તેને તક મલી હતી. જીવનાઈએ પેહેલાં જવાની આંનાકાંની કીધી, પણ આ ઈંગરેજ તથા તેની બાએડી તેનાં કબીલા તરફ કેવી મેહેરબાંન હતી તે સમજીને જીવનાઈએ જાજી બોહોસ કીધી નહી.

મેહેરજી આ રીતે ખામખા પોતાની બેહેનને પોતાની ખુશીથી લઈ ગએઓ, તે એટલા માટે કે ઈંગરેજના ઘરમાં બચાં કેવી જતનથી રેહેછે અને ગાલ તથા માર વગરબી તેઓ કેવા સીખેછે તે પોતાની બેહેનને દેખાડવું.

મેહેરજીનાં સીનોરની મડમે જીવનાઈની ઘણાં પીઆરથી મુલાકાત કીધી, અરસ પરસ ખબર અંતરો પુછી અને સરેસતા પરમાંણેની તેઓ વાત ચીત કરવા લાગાં. જીવનાઈએ આખી સાંજ તાંહાં ગુજારી અને રાતને વખતે પોતાનાં ભાઈ સાથ તે પાછી આવી.

આ મુલાકાતથી જીવનાઈનાં મંન ઉપર જે અસર થઈ હતી તેનું બેઆંન પુરેપુરૂં લખી શકાશે નહી. તે વીચારમાં પડી હતી કે "હું શું કોઈ બેહેસતખાંનાંમાં જઈ આવી છઉં ? કેવી શુંદર તે જગા હતી ! કેવું સોભાઈતું મકાંન હતું ! પણ તે સાથે સફાઈ કેટલી હતી ! મડમ કેટલી શોભાની હતી! તેની ટપ છપ, તેની ચાલ ચલણ ઈતી આદી કેવી પસંદ પડતી હતી !" આ અચરતી જેમ જીવનાઈ પોતાને મનમાં રાખતી તેમ ગાડીમાં પોતાનાં ભાઈ આગલબી જાહેર કરતી હતી.

"પણ તેના બચાં," મેહેરજી બોલીઓ "બેહેન તેના બચાં જોએઆં, કેવાં સલુકવાલાં હતાં. હવે તમારાં બચાંબી જુવો."

જીવનાઈ—ખરેખર ખોદાતાલાએ એ લોકોના બચાંને કાંહાંથી એવી બુધી આપી હોશે !

મેહેરજી—ખોદાએતાલાએ તમારાં બચાંને કાંઈ ઓછી બુધી નથી આપી. એતો વાપરવામાં ફરકછે, બચાંની બુધીનો આધારતો તેની માની બુધી ઉપરછે. બોલો આટલા બધા વખતમાં એકબી વેલા મડમે પોતાના બચાંને ગાલ દીધીતી કે એકબી વખત તેમના નાજુક બદન ઉપર હાથ ઉંચકીઓતો !

"નહી" કરીને જવાબ દેતાં જીવનાઈને જરા શરમ લાગી ખરી. પણ તેને એક બાંહાનું પાએઉં "ભાઈ જારે બચાંજ પાધરાં હોએ તારે માએ કાંઈ ઘેલી થઈ મુઈ કે ગાલ દીએ."

મેહેરજી—ના હીઆંજ તમારી ભુલછે. એમ સમજો કે માએ જો પાધરી હોએતો બચાંને કાંઈ ઘેલું લાગુંછે કે નઠારાં નીકલે ?

જીવનાઈ ગુચવણમાં આવી ગએઆં. તેવણને કાંઈ આ વાતની સમજ પડી નહી માટે મેહેરજીએ ખોલાસો કીધો કે—

જુવો બેહેન," હું તમોને સમજ પાડું. બચાં જાતે રમતીઆલ, નફકરાં અને નાદાંન હોએછે તેતો તમે કબુલ કરશો. માટે તેઓ સાથ કાંમ પાડતી વખતે દાહાપણ. ધીરજ અને સમજ વાપરવી જોઈએ. તેઓને એવી રીતે ઉછારવાં જોઈએ કે તેઓનું મન બીગડવાને બદલે સમરે, તેઓ બાવરાં બનવાને બદલે વીચાર કરતાં શીખે અને સમજુ થાએ. એવી વલાંણ જો તેઓને બચગીથી આપી નહી હોએતો પછે મોટાં થવા પછે તેઓને નમાવા જાઓતો નમે નહી. હવે દુનીઆંના સંસારમાં આતો એક કાએદોજછે કે નરમાસથી એક માણસ જેવું ઠેકાંણે આવેછે તેવું જુલમથી આવતું નથી. એનાબી કારણછે. એક કાંમ તમે તેની પાસે જુલમથી કરાવોતો તે કરશે પણ નાચારીએ કરશે; તે બડબડતો જશે, અથવા નાખુશ થતો જશે, અથવા મનમાં ગાલ દેતો જશે અને કાંમ કરતો જશે. વલી તેથી તે લઈ ભાગું, જેવું તેવું કાંમ કરશે. અને તમે એટલુંજ મેલવશોકે જારેબી તમે જુલમ પાડશો તારેજ તે તમારે તાબે રેહેશે. તેવી તેને ટેવ પડશે અને તેથી પરીનાંમ એ નીપજશે કે કોઈવાર જારે તે જાંણશે કે તમારૂં કાંઈ ચાલવાનું નથી તારે તે તમારે માંથે ચહડી બેસસે. હવે નરમાસ વાપરવાથી તે ખુશીથી કાંમ કરેછે. તે એમ સમજેછે કે આ ધણી મારા કરતાં વડુંછે અને જે ફરમાવે તે બજાવવાની મારી ફરજછે. એમ સમજીને તે તમારે તાબે રેહેશે. વલી તે વીચારગે કે એ ધણી મારા ઉપર મેહેરબાંનછે માટે તેને માંન આપવાને વધારે બંધાએલો છઉં એવા વીચારથી તે તમારૂં કાંમ ખુશીથી અને સારૂં કરશે.

બચાંઓ ઉપર એક ડાહી મા એજ કાએદો લાગુ પાડેછે. તમે મારા સીનોરની મડમને જોઈ, કે તે કાંઈ ચીરડાઉ નહી હતી તે કેવી ધીરજવાલી અને પોહોંચેલી હતી! બચાંઓ સાથ કાંમ પાડતાં તે કેવો સંભાલ રાખતી. તમોને ઈઆદછે ? જારે તેનો વડો છોકરો પોતાની નાંહાની બેહેન વીશે રાવ કરવા આવીઓ તારે એ માએ કેવો જવાબ દીધો કે "બાબા, એ તારી નાંહાની બેહેનનો તું વડો ભાઈ થઈને એમ રાવ કરવા શું આવીઓ, તેં કાંઈ એવી ચાલ ચલાવી હોશે તારેકેની ? જો ભાઈ બેહેનો પોતે પોતામાં સંપ નહી રાખેતો બીજાંને શી ગરજ પડી કે વચમાં પડે ? જાઓ પાછાં જાઓ અને બેહુ જણ સલાહા કરો." એમ કેહેવાથી તે છોકરો કેવો મુંગો મુંગો પાછો ગએઓ ! પણ તારે વલી નાંહાંની બેહેનની ચહડતી નહી થાએ એટલા વાસતે તેને આ માંએ જુદી બોલાવી અને હરૂસેથી કહેઉં કે "ચેરી છોકરી વડા ભાઈને કોઈ ચીડવે, એતો ખરાબ ચાલછે." તમે જોએઉં હશે કે એટલાં ઉપરથીજ તે છોકરી શરમાઈ ગઈ. પણ જો આ માંએ ચીરડાઈને ખાલી ગાલો દીધી હતે અથવા પોતાનાં બચાના કુમલાં બદન ઉપર માર મારીઓ હતેતો શું એટલું થતે ?


એજ પરમાંણે વલી તમે જોએઉં હશે કે જારે આ ઓરતની વચલી છોકરીએ બતાસો ચોરીને ખાધો તારે તેની માએ શું કહેઉં ? "ખરાબ છોકરી, જા આજે તારી એ ચાલને વાસતે, તુને ફરવા નહી લઈ જશું. છોકરાંઓ તમે એની સાથે કોઈ વાત નાં કરતાં, નહીતો તમેબી એને જોઈને ચોરીનું પાપ કરશો અને ખોદાએજી ગુસે થશે." એટલુંજ કહીનેજ આ માં મુંગી બેઠી નહી, પણ તેમ કરી દેખાડીઉં, બીજાં છોકરાંની સાથ તેને ફરવા નહીજ મોકલી અને તમારી કાંએની એમ નહી કહેઉં કે જીવ નથી માંનતો. એથી તે છોકરી ઉપર જે અસર થઈ તે દેખીતી હતી. તે ખરેખર શરમાઈ, ભાઈ બેહેનો ધીકારેછે એવું જોઈને તે રડી પડી, માં ગુસે થઈ એ વાતથી તેને દુખ લાગું અને એટલા વાસતે તેણે કેવી માફ માંગી. હવે તમે જ વીચાર કરો કે આ માએ તમારી મીશાલે તે છોકરીને મારી હતેતો શું આટલો ફાએદો થતે ? તારેતો તેને માતર મારનીજ ધાસતી રેહેતે ! ફરીથી ચોરી કરતી વખને તે એજજ વીચારતે કે માં માતર થોડાક ફટકા મારશે પણ ઉપલા માર વગર તેને કેટલી બધી ધાસતી રહી ?

બેહેન, મને ઉમેદછે કે આજની મુલાકાતથી એ વી

શે તમારી ખાતરી થઈ હશે. મારનાં કરતાં ધમકી સારી છે. ગાલનાં કરતાં નરમાસ ભરેલો થપકો સારોછે. નેતરની ચીમકી કરતાં જીભની ચીમકી વધારે વાગેછે. મારતો તે બચાંનાં સરીરને ઈજા દીએછે, ગાલતો તે બચાને કડુવા દીએછે, પણ તેને બદલે તમે પીઆર દેખાડો અને જારે વાંક પડે તારે તે પીઆર ઓછો કરો, તે જાંહાંસુધી વાક સુધારે નહી તાંહાંસુધી તેવોજ ઓછો પીઆર જારી રાખો અને તે બચું ફરીથી વાંક નહી કરશે. તે સાથે વલી તેનાં વાંકથી તમોને ખરેખરૂં લાગુંછે એમ,દેખાડવા માટે તમે તેમ બોલીનેજ બેસી નાં રેહો પણ જરા શખત છાતી રાખીને તેમને જરા શકતી પાડો. એમાં માર મારવા કરતાં વધારે દએઆછે. ઈઆદ રાખજો બેહેન કે જરા કરડો ડોલો તે નેતરનાં દસ ફટકાની બરોબરછે. જીભનાં બે સારા સુખન એકસો ગાલનો અવેજ વાલી આપેછે. તમે હરરતી ગાલ અને મરતતોલ માર છોડી દેવો અને પછે જુવો કે સારો સાર નીકલેછે કે નહી.


---


# શેહેરોની રચનાં.



મુંબઈ શેહેરની આસપાસ તરણ સદીની વાત ઊપર બાંધેલા ફરતા કોટને ટોડી પાડવામાં આવીઓછે અને તેની જગાએ તથા તેની પડોસનાં ચર અને મેદાંન મધે નવી હવેલીઓ બાંધી શેહેર વસાવાનો ઠરાવ થએઓછે. એ સીવાએ બીજા કેટલાએક ઊપાએઓથી આપણી ટાપુમાં કેટલીક રચનાં કરવા ઊપર ધેઆંન આપવામાં આવીશેંછે, જે ઊપરથી મોટાં શેહેરોની રચનાં વીશે થોડુંક લખેલું વખતસર ગણાશે એવું હમે વીચારીએ છઈએ.

એક શેહેર અને ગાંમ વચેનો તફાવત સઊ કોઈ જાંણેછે. નાંહાંનાં જુપડાં ઈઆ થોડાં ઘરોની જે જગા તે ગાંમ કેહેવાએછે અને એવાં ઘણાં ગાંમો એક ઠાં મલવાથી શેહેર થાએછે. શેહેરમાં ઘેરોની,સંખીઆ, રેહેવાસીઓની વસતી અને નદી નાંલાં ઈતીઆદી વધારે હોએછે. પણ વલી શેહેર શેહેરોમાંબી ફરકછે. એક મુસાફર જેણે માતર એંશીઆખંડમાં મુસાફરી કરી તાંહાંનાં શેહેરો જોએઆં હોએ તે ઈઊરોપ ખંડનાં મોટાં શેહેરો તદન જુદીજ ઢપનાં જુવેછે. એશીઆખંડનાં શેહેરો દેખાવમાં, રચનાંમાં, અને ગોઠવણમાં ઘણાં ખાંમી ભરેલાં હોએછે. પાસેનાં સફા ઊપર હમે બે શેહેરોનાં ચીતર આપીઆંછે. તેઓનો બાહેરનો દેખાવજ એવોછે કે જે ધણી શેહેરોની રચનાં સંબંધી બીનાં થોડી ઘણીબી જાંણે તે કહી શકકે એ શેહેરો ઈઊરોપખંડનાં હોએજ નહી, પણં તે મધીઅ એશીઆ તરફનાં એક ઈસલાંમી રાજનાંછે. તેઓમાં સોભા ઈઆ સણગાર સરખું કાંઈ દીસતું નથી.





જાહડીઓની વચે લાંબી ટુકી ઇમારતોના એક જથા સીવાએ તેમાં બીજું થોડુંજ માલમ પડેછે. થોડાંક ઘરોનાં સમુદાએને તુરત શેહેરનું નાંમ આપવામાં આવેછે.

જેમ એક પરજા સુધરતી જાએછે તેમ તે પોતાની સગવડ અને સુખનાં સાંધનોને સાચવેછે તેથી કરીને તેમને વસવાનું જે વતન તે પોતાની મેલે "મોટાં શેહેર" એ નાંમને લાએક થાએછે. વલી તેમાં સરકાર જો સુધરેલી હોએતો સારી મદદ કરેછે. શેહેરને સુધારવાનું કાંમ સરકારનું વધારેછે. પરજા પોતાનાં ગજવામાંથી સરકારને ખરચ આપેછે અને તે પઈસા લોકોને ફાએદો થાએ એવી રીતે રોકવાને એક અદલ રાજ પોતાની ફરજ સમજેછે. એજ કારણને લીધે મુસલમાંની અને બીજાં રાજોમાં આપણ જોઈએછે કે સેહેરની સુધરાઇ અથવા રચનાં જે ઊપર લોકોનાં સુખનો ઘણો આધારછે તે ઊપર કસું ધેઆંન આપવામાં આવતું નથી. તેનાં ગેરફાએદા તાંહાંના લોકોને ભોગવવા પડેછે. નાંહાંની જગામાં વસતી વધતી જવાથી સંકડાસની મોટી પીડા આવી નડેછે. તેઓને કેદખાંનાં સરખાં બંધીઆર ઘરોમાં અને ઊકરડા સરખી ગલીચ જગાઓમાં વસવું પડેછે.

શેહેરની રચનાં ઊપર લોકોનાં સુખનો આધારછે, તે સુખને લગતા ઊપાઓ કરવા એ એક શેહેર બાંધતી વખતે મુખીઅ વીચારની વાત હોવી જોઈએછે. એટલા માટે હાલનાં વખતમાં મોટાં શેહેરો બાંધતી વખતે તરણ બાબદોને ધેઆંનમાં રાખવી પડેછે તેમાંની પેહેલી લોકોને તાજી અને સાફ હવા મલે તે વીશેનીછે. હવા દરએક પરાંણીની જીંદગીને માટે જરૂરનીછે, અને જેમ બને તેમ વધતાં લોકોને તેનાં લાભ ચાખવાને બની આવે તે સારૂં મોહોંલા કુસાદે અને પોહોલા કરવા અને તેમનાં મુખરાને બનતાં સુધી એવી દસાએ રાખવા કે જેથી હવાની આવજાવ વધારે થાએ. પોહોલા મોહોલા અને રસતાઓથી બીજી સગવડ કાંમકાજનાં માંણસોની તથા તેઓનાં માલની આવજાવમાં થાએછે. વેપારી સેહેરમાં એ બાબત જરૂર તપાસવી ઘટેછે. જેમ રસતાઓ, નેહેરો અને ધકાઓ વધારે તથા મોટા હોએ તેમ ઊદીઓગ વધારે સેહેલ થાએછે અને નકાંમી કજા ઈઆ માંદા બનાવોનો અંત આવેછે. લોકોને સાફ હવાનાં લાભ ચખાડવા માટે ગલીચીનો બનતાં સુધી અટકાવ કરવાની જરૂરછે. એને ખાતર મોટાં શેહેરોમાં દર માસે ઘણો ખરચ ચલાવામાં આવેછે. તેથી ગલીચીનો અટકાવ થવા બાદ ભુંડા રોગોનો ઊપદરવ ખચીત ઓછો થાએછે.


મોટાં શેહેરોની રચનાંમાં ખોલા ચોક રાખવા અને તેમાં ફુવારાઓ બાંધવા એબી એક જરૂરની ગોઠવણ સમજવામાં આવેછે. આ બાબદને મથાલે જે ચીતર મેલીઊંછે તે એવીજ એક સોભાઈતી જગાનુંછે. ઈઊરોપનાં મોટાં શેહેરોમાં એવા ખોલા ચોક એકથી વધારે રાખવામાં આવેછે. તેમને "શેહેરનાં ફેફસાં" કેહેછે ઇઆને જીવને સાંનતી આપનારી ખુશ હવા તથા બીજી પદારથો હીંઆંથી મલી આવેછે. ફુંવારાઓથી લોકોને પીવાનું પાંણી મલેછે એટલુંજ નહી પણ હવામાં વધારે ઠંડક દીસેછે. ફરાંનસમાં વરસેલસ અને ટુઈલીઅરીનાં ફુંવારાઓની આખી દુનીઆંમાં વખાંણ થાએછે. જરમનીમાં એક ૨૦૦ ફીટ ઊંચો ફુવારોછે જે દુનીઆંમાં સઊથી મોટો ગણાએછે.

સેહેરની રચનાંમાં સફાઈ તથા સુખાકારી સાથે સોભાબી એક અગતનો ભાગછે. સોભા જાલવવા માટે જગે જગ બાવલાં અને બીજો સણગાર કરવામાં આવેછે. ઈમારતો અને જાહેર જગાઓને ચોકસ આકાર આપવો પડેછે. એ અલબતાં મેહેનત અને ખરચનું કાંમછે. આપણાં લોકોનાં ઘરો કઢંગા, બેદોલ, તથા હવા અને રોસની વગરનાંછે. તેઓમાં ધુમાંડીઆં નહી હોવાથી ધુમાડો પુશકલ થાએછે અને રેહેનારાઓની તનદરોસતીને બીગાડેછે.

આજ સુધી આપણું મુબઈ શેહેર આ સરવે ખાંમીઓથી ભરેલુંછે. તેમા નજીસાત અને ગલીચી તો ઠેકાણે ઠેકાણે નજર આવેછે આપના બઈરાંઓ એ વાતની ઘણી બેપરવાઈ રાખી ઘરો અને મોહોલાઓમાં કચરો નાખીને પોતાને તથા પારકાને નુકસાંન કરેછે. પણ એનાં બંદોબસત થવા લાગાછે. નવી ગટરો થોડા વરસમાં તઈઆર થશે, અને તેનો ઘહાડો જલદી ફરશે એવી આશાછે. મેદાંનની આસપાસ સુંદર હવેલીઓ ઊભી થશે, પોહોલા અને કુસાદે રસતાઓ બંધાશે, મુંબઈ ગરીનમાં અને બીજી જગોએ ચોકો તથા ફુવારાઓ થશે અને એ રીતે એ શેહેર તેની દોલત તથા મોટાઈને જેબ આપે એવું બનશે.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૨૧.



પીઆરાં બેહેન,

આ વીએના શેહેરનો દેખાવછે. એ શેહેર આસટરીઆ દેશનું નામીચું પાએતખતછે, જાંહાં હું પરૂશીઆથી ફરતો ફરતો આવી પુગો છઊં. આસટરીઆ દેશની હાલ પરૂશીઆની સાથે આપણી રાંણીનાં વેહેવાઈ ડેનમારકનાં રાજાની સાંમે લડેછે, જેથી એ દેશનું નાંમ તમે કદાચ વારેવાર સાંભલીઊં હશે. તે ઈઊરોપખંડનાં મધીઅ ભાગમાં આવીઊંછે. તેનો વીસતાર ૨ લાખ ૬૦ હજાર ચોરસ માઈલછે, જે ઊપર ચાર કરોડ માંણસોની વસતીછે. તેની કેટલીક બાજુએ ઊંચા અને લાંબા પાહાડો આવેલાછે, તથા વલી કેટલીક જગા એવી ખોલીછેકે ઈઊરોપનાં કોઈજ દેશમાં તેવી જમીન જોઈ હશે. તેમાંની ડાંની ઊબ અને બીજી નદીઓ મોટી તથા સુંદરછે.

આસટરીઆ દેશ જેમ મોટુંછે તેમ તેનાં જુદા જુદા ભાગો ઊપર જુદી જુદી હવા જોવામાં આવેછે. આસટરીઆનાં મધીઅ ભાગમાં હવા પસંદ પડતી અને સીતલછે. દખણમાં દરાખો ઊગે એવી મધીઅમ ગરમીછે, પણ વલી આલપસ નાંમનાં પાહાડો ઊપર આઠ હજાર ફીટની ઊંચાઈએ હંમેસાં બરફ બંધાએછે. તેનાં પુરવ દખણ ખુણાં તરફ આવેલાં હંગરી નાંમનાં સંઊસથાંનમાં ધરથીકંપ, તોફાંણ અને વરસાદની તંગી સાધારણછે, પણ વલી ઊપલા પાહાડ તરફ એટલો વરસાદ પડેછેકે આખાં ઈઊરોપમાં તેવો કેથે નહી હશે. તેજ પરમાંણે વલી આસટરીઆમાં જે જુદી જુદી જાતની જમીનોછે તે બીજાં દેશોને ટકર મારે એવીછે. તાંહાં ખેતીવાડી વજણસરછે, તોપણ ખુદરત પોતાની બખશેશોમાં દુલા જીવની દીસેછે. અનાંજ, ઘાસ, દરાખ ઈતીઆદીને ઊગાડવાનાં દેશ મધે ચોકસ ભાગો કીધેલાછે. જાનવરોની વસતીબી હીઆં ઘણી સારીછે. જંગલોમાં રીછ, સીહાઘોસ, વરૂ, બીલ્લર ઈતીઆદી મલી આવેછે. નદીઓમાં માંછલી સારીછે, અને ખારીઓમાં જલોની એટલી વસતીછે કે આસટરીઆમાં એ ઊપીઓગી પરાંણીઓનો સારો વેપાર ચાલે છે.




આલપસનાં પાહાડો તરફ પંખીઓ તેમ ચોપગાં પરાંણીઓ પાસેનાં ચીતરમાં દેખાડીઆંછે તેવાં બકરાં અને ગાએની જાતનાં ઘણાં મલી આવેછે.

આસટરીઆ દેશમાં થોડીક કુદરતની અજાએબીઓછે. કારનીઓલા પરાંતમાં ચાકનાં ડુંગરોની વચે જરકનીતમ નાંમનો એક સરોવરછે, જેનાં પાંણી ચોકસ મુદતે સુકાતાં નથી પણ તલીઆમાંથી ગરક જાએછે અને પછે પાછાં આવેછે. જારે હુનાંલામાં તે સરોવર આ અજાએબી જેવી રીતે ખાલી થાએછે, તારે તેમાં જાહાડો ઊગેછે, પણ વલી શીઆલામાં તે પાંણીથી ભરાવાબાદ તે મધે તરેહવાર માંછલીઓની વસતી થાએછે. એજ પરાંતનાં એક પાહાડમાં કુદરતથી બનેલો ગોશેછે, જેમાંનાં ઠાંભલા તથા પુલો ઈતીઆદી જોવા લાએકછે. આસટરીઆની ધરતીમાં અખુત દોલત દીસેછે. કોઈબી જાતની કીમતી ધાતુઓનો હીઆં તોટો નથી, અને કેટલીક ખાંણો જે પુરાતન વખતનાં રૂમી લોકોએ શોધી કાહાડીને ચેહેલી ખણી હતી, તેમાંથી આજવેર ધાતું મલી આવેછે. સુનું રૂપુ ચોકસ ભાગોમાં પણ લોહાડુંતો દરએક પરાંતની હેઠે ડાટાએલુંછે. ઈઊરોપમાં સઊથી સરસ પારાની ખાંન સપેન દેશમાં કેહેવાએછે, અને માંતર તેથીજ ઊતરતી આસટરીઆ ખાતેછે.

આસટરીઆમાં આસરે ૮૦૦ મોટાં શેહેરોછે. પાએતખત વીએનાં શેહેરની ઈમારતો ખરેખર જોવા લાએકછે. તાંહાં ઘણાં મેહેલોછે, જેમની ખાંધણી ઘણી સારી નથી. આ શેહેરનાં મોહોલાઓ લગાર સાંકડા અને ઘરો ઊંચાં તથા મોટાંછે, જેમાંના કેટલાંક ઘરો મધે ચારસો કબીલાઓ રેહેછે. વીએનાં શેહેર મધે એક મોટો જાહેર બાગ પણછે. હીઆંના કીલા મધેનાં પુસતકખાંનામાં ૪ લાખ ...

અને ૨૦ હજાર હાથનાં લખેલાં પુરાંનાં દસતાવેજો
છે. મીલાંનનું નાંમીચું ઈટાલીઅન શેહેરબી આસટ
રીઆનાં તાબામાંછે તે ખરેખર રોણકદાર અને ર
લીઆંમણુંછે. તેમાં એક દેવલછે જે તદન સફેદ સંગે
મરમરનું બાંધેલુંછે. તેનો એક મોટો મીનારો માંણ
સનાં હુનરનો નમુનોછે, જે ઊપરાંત આસરે ૧૦૦
કંગુરા અને ૪ હજાર બાવલાંઓથી આ દેવલ સોભી રહે
ઊંછે. પણ આ શેહેરની સોભાને વલી વેનીસ ધાંકી
નાંખેછે. વેનીસનું શેહેરતો આ દુનીઆંની એક અજા
એબીછે. તેને એક નીચી જગામાં બાંધી લેવામાં આ
વીઊંછે અને તેની દરએક બાજુએ પાંણીછે, જેથી
જાંણે પાંણીમાં તે ઊગી નીકલીઊં હોએ એવું લા
ગેછે. વલી મોહાલે મોહાલે નેહેરો બાંધીને પાંણી
દાખલ કરવામાં આવીઊંછે અને શેહેરની નવાઈબી
એજછે કે ગાડી ઘોડાને બદલે એક મોહાલેથી બીજે
મોહાલેની બધી આંવજાવ બોટોમાં થાએછે. વેની
સની ઈમારતો મોટીછે, પણ ખરૂં પુછાવોતો તે નેહ
રો અને પુલોનુંજ શેહેરછે. તે પુરાતન વખતમાં કીર
તી પાંમીઊં હતું પણ હાલનાં વખતમાં તાંહાંના લો
કો આસટરીઅનોથી ઘણાં દબાએલાછે. કરાકો શેહેર
માં કોશીઅસકો નાંમનાં પેહેલવાંણની એક ઘોરછે,
જે તેણે મારેલી જુદી જુદી લડાઈના મેદાંનોની માંટી
ને એકઠી કરી બાંધવામાં આવીછે.

આસટરીઆનાં રેહેવાસીઓ ઊદીઓગીછે. ખે
તીવાડીમાં તેઓ ઘણાં લોથછે. પણ હોનર, કારખાં
નાં અને સાંચામાં તેઓ ઘણા આગલ વધેલાછે. હી
આંનાં મોટા પાહાડો ઊપર એકેકા રસતા બાંધેલાછે
તે એવાતો નાંદરછે, કે બાંધનારની તારીફ કીધા વી
નાં ચાલતી નથી. એક પાહાડ ઊપર છેક ૮ હજાર
ફીટ સુધી બાંધેલો રસતોછે. પાક ઊપરાંત, મધનો
હીઆં મોટો જથો મલી આવેછે, અને તેનો સારો વે
પાર ચાલેછે. તાંહાંનાં કારખાંનાંઓથી ૨૫ લાખ
માંણસોની રોજી ચાલેછે. જેમ હીંદુસતાંનમાં પાર
સીઓ આવીને વસીઆછે તેમ આસટરીઆમાં મગી
આર નાંમની જાતનાં ૪૦ લાખ માંણસો આવી વ
સેલાંછે. તેઓ ખુબસુરત અને ચંચલછે. તેઓનાં
વડાવાઓ ખુદ એશીઆખંડમાં જનમ પાંમેલાછે અને
એવું કેહેવાએછે કે તેઓ તારતારને મલતી જાતનાંછે.
એ ઊપરાંત હીઆં એક જાતનાં લોક વસેછે, જેઓને
જીપસી કેહેછે. તેઓ એકમારગી, વેહેમી અને જંગ
લીછે તથા બધેબધ ભટકેછે પણ જારે દાવ ફાવે તારે
લોકોને લુટી લેવાને ચુકતા નથી.



વીએનાંમાં ઘણાં લોકો આવી ગાડીઓમાં ફ
રેછે. તેઓ ઘણા મોજીલા અને શોખીછે. શીઆ
લામાં જારે નદી બંધાએછે તારે ઓરતો પઈડાં વગર
ની ગાડીઓમાં બેસેછે. તે ગાડી કોઈવાર સંહીનાં આ
કારની, અને કોઈવાર હાંસનાં ઈઆ બીજા આકાર
ની હોએછે. તે એકેકી ગાડીને ચાર ઈઆ છ ઘોડા
જોતરેછે, જેઓનાં ગલાંમાં ઘાંટરડીઓ બાંધવામાં આ
વેછે આસટરીઆમાં એક રમકડાંએ લોકોને ઘણાં
અચરત કીધાં હતાં. તે એક સેતરજ રમતું રમકડું
હતું, જેને પરથમ કુંચી આપવામાં આવતી હતી અને
તારપછે તે રમકડું કોઈબી માંણસ સાથ સેતરંજ રમી
ને ઘણીખરી વખત જીહીતતું હતું. એજ અરજ.

હું છઉં તમારો,

**વાહાલો ભાઈ.**

## કનદોરા અને દાબડી.

જુદી જુદી જાતનાં ઘરેણાંઓમાં કમરની આ
સપાસનો કનદોરો એબી એક ઘરેણું ગણાએછે. એ
ઘરેણું ઘણાં પુરાતન વખતથી લોકોમાં જાણતું આવી
ઊંછે અને તારથી તેનો વાપરવાસ મુખીઅ કરીને મ
રદોમાં થાએછે. પરથમ જારે કપડાંમાં ખીસાં કરવા
નો રેવાજ જાજો જાએજ નહી હતો તારે એવા ક
મરપટાઓ ખીસાં દાખલ તથા કોઈવાર નાંણાં રાખ
વાની કોથલીઓ દાખલ કાંમ લાગતા હતા.

રોમ શેહેરની સ્રીઓ પોતાની કમરની આસ

પાસ હીરા મોતીથી મઢેલા પટા વીટાલતો હતી. થો ડીક સદીઓ અગાઊ જેઓ દીવાલું કાહાડતા હતા તેઓએ ભર કોરટમાં પોતાનો કંમરબંધ કાહાડી આપવો એવો તાંહાં રવઈઓ હતો. તેનું કારણ એ હતું કે દર રોજનાં કાંમજોગ સરવે વસતુઓ તેમાં લપેટી રાખતા હતા. • વલી એક જમાંનાંમાં કોઈ મોટાં માંણસની સાંમે જતાંવાર કનદોરો છોડી નાંખવો એ માંનની નીશાંણુ ગણાતી હતી.


સપેન દેશની હાલની રાંણીને મારી નાંખવાની એક લુછા શખસે થોડુંક ઊપર જારે તદબીર કીધી હતી તારે તેનાં કમરપટાથી તેનો જાંન બચીઓ હતો. અલબતાં તે ઊપર જો હીડા જડેલા હતા તોજ એમ બનીઊં તેથી તે ખુંનીનું ખંજર રાંણીનાં પેટમાં ભોકાવા અગાઊ માતર કમરબંધને લાગું જેવામાં રાંણી ખીસી ગઈ અને જોકે કનદોરો ખરાબ થએઓ તોપણુ રાંણીને માતર સેજ જાખમ લાગો હતો.

હીંદુસતાંનમાં કંમરે કનદોરો બાંધવાની ટેવ મરદોમાં ઘણી ફેલાએલીછે, અગત કરીને બાલકોને તે પેહેડાવામાં આવેછે. એ કનદોરા સુનાં ઈઆ રૂપાંનાં હોએછે, પણુ ઊપલા ઈઊરોપીઅનો જારે તેને પોતાનાં પોશાકની ઊપર પેહેડતા હતા તારે હીંદુઓ તેને પોતાની ચાંમડીની ઊપર પેહેડછે અને તેથી જો કપડાં પેહેડીઆંતો પછે કનદોરો ઘણું કરીને નકાંમો ગણાંએછે. ખરેખર પોણાં નાંગા હીંદુઓ પાસે પેહેડવાના કપડાં નહી હોએ તોપણ સુનાં રૂપાંનાં કંદોરા લટકાવી નીકલે એ મુરખાઈ ભરેલુ દીસેછે.

ઘરેણાંઓની ટીપમાં તપકીરની દાબડીને પણુ હમે ગણીછે· કદાચ કેટલીક વાંચનારી બાંનુઓ અચરત થશે કે દાબડીબી ઘરેણામાં કેમ ગણાએ. જેબી ચીજ માંણસને સોભા આપતી હોએ તે ચીજ ઘરેણામાં ચાલે. દાબડીઓ કેટલીકવાર સોભાને ખાતર ખામખા સુંદર રાખવામાં આવેછે. એટલુંજ નહી પણ આગલા એક વખતમાંનો તપકીરની દાબડી ઘરેણાં દાખલજ ગણાતી હતી અને દરએક જણ પોતાની સાથે નાંમીચી અને કીમતી દાબડી રાખતા હતો. અલબતાં આ ટાલી બીસની જાજોવાર ટકી નહી હતી. એટલુંજ કે તે વખત ઊપર તથા હાલ દાબડી એ એક સાધારણ મીજલશમાં કેટલાકોને મનસે ઓલખાંણ કાહાડવાનું એક હથીઆરછે. કોઈ ઠેકાંણે બે ભાઈઓ ભેગા મલીઆ હોએતો એક અનજાંનો પેહેલાં તેનાં ઢાંકણાં ઊપર ટપટપ હાથ મારી આસપાસનાંઓને દેખાડે અને પછે તાંહાં પોતાની મેલે વાત ચાલેછે. દાબડીઓ તરેહવાર આકારની હોએછે, પણ કેટલીક દાબડીઓમાં પડ હોએછે અને તેમાં બે જાતની પદારથો રાખી શકાએછે.

---

## કરાડીઓ.



આ નાંહાંનું જાંનવર કોણે નથી જોએઊ ? પણ સું તેને નાંહાંનું ગણીને પડતું નાંખવું જોઈએ ? નહી. બેહેનો, ખોદાતાલાની સઊથી જીની ઊતપતીની બાંધણી એટલીતો ઊમદા હોએછે કે તેનો સોમો ભાગ માંણસથી બની શકે નહી. આ કરાડીઆનોજ દાખલો લેવો. તેની બનાવટ અને ચાલચલણ ઈશવરનાં માહાબલનો નાંદર નમુનોછે.

કરાડીઓ સાદી આંખે લાંબા પગ ઊપર ટકેલા એક દડા સરખો લાગેછે, પણ બારીક તપાસ કરતાં તે દડો માતર કરાડીઆનું પેટ ઠરેછે અને તેનું ખરૂં દીલ તથા માંથું આ પેટ કરતાં અતીઘણું નાંહાંનું હોએછે. કરાડીઆનાં ઘણું કરીને આઠ પગ હોએછે અને આખાં દીલ ઊપર છથી આઠ આંખ હોએછે કે જેથી તેને આસપાસનું સરવે દેખાઈ આવે. તેનાં મોહોડાં આગલથી બે ચીમટા આપેલાછે, જેમાં કરવતીનાં સરખા અનીદાર દાંતાઓછે. કરાડીઓ ખોરાકને માટે માંખી સરખાં જીનાં જાંનવરોને પકડીને પછે તેમને ઊપલી અણી ભોકેછે, જે મધેનાં એક આંધરાં વાટે તે ચોકસ પરાંણીમાં કરાડીઆનું જેહેર જાએછે અને તેથી તે પરાંણી મરણ પાંમેછે· કરાડીઆને જગેજગ ભટકવાની ટેવ હોવાથી તેનાં પગ જો ભાગેતો નવા પગ કરવાની તેનાંમાં કુદરતે સકતી મેલેલીછે.

કરાડીઆની સઊથી અચરત સરખી ખીનાં તે નાં પડ વીશેનીછે જેની મદદથી તે હવામાં ટીંગાઈ શકેછે. તે પડને આપણાં લોકો જાલું કેહેછે. ઘણું કરીને તે પડનો દેખાવ જાલનાં જેવોજ હોએછે, પણ તેની બનાવટ, સફાઈ અને ઊતપંતી ખરેખર હેરત ભરેલીછે. કરાડીઆનાં પેટમાં કોઈ ચીકની વસતુની કેટલીક કોથલીઓછે, અને તે કોથલીઓને એક સુરાખની સાથે સંબંધછે. જેમ કારખાંનાંમાં સુતર વનાએછે તેમ એ સુરાખની અંદર કરાડીઆનો દોરો વનાંએછે, જેને માટે તેમાં પાંચ બારીક સાંચા મેલલાછે અને તે દરએક સાંચાંમાં હજારો નલીઓછે, જે દરએક નલીમાંથી એકેક દોરો બાહેર નીકલેછે. આ કેવી તાજુબ સરખી ખીનાંછે ! કરાડીઓ પોતે જારે ઘણો નાંહાંનોછે, તારે વલી તેનાં શરીરમાં આ દોરો વણવાની કોઠલીઓ અને ચરકા કેટલા બારીક હશે, અને તે જારે એટલા બારીક તારે ને દરએકમાં રાખેલી હજારો નલીઓ કેટલી બારીક હશે ! આ સઘલી કારીગરી કાચની મદદ વગર સાદી આંખે દીસતી નથી.

આ આખા સાંચામાં વણતકાંમ ચાલવા પછે ઊપલાં શુરાખ વાટે જીનાં જીનાં સેંહેંકડો દોરાઓ બાહાર નીકલેછે, જે થોડેક છેટે એકઠા થાએછે, અને તે બધાંનો એક આખો દોરો બનેછે. આ દોરો એ ટલોતો લીસો, પોચો અને સાફ હોએછેકે માંણસજાતનાં સઊથી નાંદર સાંચાથી બનેલો દોરો તેની આગલ વાંહાંણનાં મોટાં દોરડાં જેવોછે. એ કરાડીઓ જે ખોરાક ખાએછે તે તેની બારીક હોજરીમાં હજમ થવા પછે તેનો એક ગુંદર સરખો રસ બનેછે, જે રસને ઊપર કહેલી પાંચ કોઠલીઓમાં ખોદાતાલા એકઠો કરી રાખેછે અને કરાડીઆને જારે ગમેછે તારે પોતાનાં પેટમાંનો સાંચો ચલાવી આ રસમાંથી ઊપલો દોરો વણી શકેછે. આ હા ! આ કેવી ઊતમ કારીગરી !

કરાડીઆ ઘણી જાતનાં અને ઘણાં રંગનાં હોએછે. ઊપર જે ચીતર આપીઊંછે તે કરાડીઓ બાગોનો રેહેવાસીછે. એક જાતનો કરાડીઓ જમીન અને પાંણી એ બંનેમાં રહી શકેછે. તે જમીન ઊપર શેકાર કરેછે અને પાંણીની નીચે લઈ જઈને તેને ખાએછે, પણ તે હવા વગર હેઠે કેમ જીવે ? માંણસને જારે દરીઆની તલે જવું પડેછે તારે મોટા નલોમાં હેઠે હવા લઈ જવાની રીત તેણે હમણાંજ સોધી કાહાડીછે પણ કરાડીઓનો એજ રીત જમાનાઓ અગાઊ કરતો આવેછે. પરથમ તે થોડાક ઢીલા દોરા વણેછે અને તેમને પાંણીની સપાટી ઊપરનાં જાહાડોને વલગાવેછે. તારબાદ તે દોરાઓને પોતાનાં પેટમાંનું એક જાતનું વારનીસ લગાડેછે, જે પછે તે દોરા રબરની માફક લાંબા ટુંકા થઈ શકેછે. એટલું કીધા પછે તે કરાડીઓ પોતાનાં બદનની આસપાસ તેજ રસનું એક પડ કરેછે પણ તે ફુલાની મીસાલે ઊપસેલું હોએછે અને તેની અંદર હવાનાં એક પરપોટાને તે ભરી રાખેછે. એ રીતે ગોઠવણ કીધા પછે તે પાંણીને તલીએ જાએછે અને પોતે અગાઊથી કરી રાખેલાં પડમાં ઊપલા હવાનાં પરપોટાને ખાલી કરેછે, જે પછે બીજી હવા લેવાને તે પાછો ઊપર આવેછે. એમ કરતાં હવાનો એક જથો એકઠો કીધા પછે તે હેઠે ચેનથી રેહેછે. "શેકારી કરાડીઆ" ની વલી એક બીજી જાતછે. તેઓ કુદકા મારીને શેકાર પકડવાની ટેવ રાખેછે. એકવાર એવા એક કરાડીઆએ એકજ વખત બે ફીટ સુધી કુદકો મારીઓ હતો.

કરાડીઆને લગતી બીજી અજાએબ જેવી વાત એછેકે તે પોતાનાં બચાં ઊપર ઘણી પરીતી રાખેછે. ઈડાં મુકતાંવાર માંદા તે ઊપર તુરત પડ બાંધેછે ઈઆ બીજી રીતે તેમનો બચાવ કરેછે. એ આખાંને આખાં પડનાં દડાને ઘસડી જતાં કોઈવાર કરાડીઓ દીઠામાં આવેછે. તે વખતે તેઓને કદાચ શંકટ ભોગવવું પડતું હશે, કેમકે તેઓનાં કદ કરતાં તે દડો મોટો હોએછે અને તોબી તેઓ ખુસીથી ઘસડેછે ! બારબરીમાં એક જાતનાં કરાડીઆ આવેછે, જેઓ પોતાનાં બચાંને એક પડની કોથલીમાં રાખી પોતાની સાથે લઈ ફરેછે. પરોફેસર હેનટજ કેહેછેકે જો કોઈવાર કરાડીઆનાં ઈડાં છીનવી લીધાં હોએતો તે પાછાં મેલવવાને કોશેશ કરેછે, પછે તમે તેનો એક પગ ભાંજો તોબી તે પાછો આવશે અને એ રીતે વારા ફરતાં બધા પગ ભાગાંવીનાં ઈઆ તદન મરી જવા વગર તે પાછો હટશે નહી.


સને ૧૮૧૧ માં એકવાર આખી ટાઈગરીસ નદી કરાડીઆઓનાં પડથી ભરાઈ ગઈ હતી. સને ૧૮૨૬ માં એક મી૦ બલાકવાલનું ખેતર કરાડીઆઓનાં જાલાંથી ઊભાઈ ગએઊં હતું. એક લખનાર કેહેછે કે સને ૧૮૩૧ માં એક દાહાડે મા

રા ઓરડાની આસપાસ તમાંમ કરાડીઆંનાં પડ ફરી વલીઆં હતાં અને તે જમીનથી તીસ અને ચાલીસ ફીટ ઊંચાં હતાં ફરાંનસનાં એક દેવલમાં એક બતીમાં પુરતું તેલ ભરવા છતાં દર રોજ બુજવાઈ જતી હતી, તે ઊપરથી ખોલ કાહાડતાં માલમ પડીઊં કે એક ઘણોજ મોટો કરાડીઓ આવીને તે તેલ પી જતો હતો! એવોજ એક તેલીઓ રાજા સને ૧૭૫૧ માં મીલાંન ખાતે જણાએઓ હતો. કેહેછે કે તે કરાડીઆને મુવા પછે તોલતાં તેનો વજન ચાર રતલ જણાએઓ હતો!!

કરાડીઆને કેટલેક ઠેકાંણે માંણસો ખાએછે. મુસાફરો કેહેછે કે બાશી જાતનાં લોકો કરાડીઆ વડે મોહોડું સમાડેછે. નીઊ કાલીડોનીઆનરા ખાતે એક ઈંચ સુધીની લંબાઈનાં કરાડીઆને આખાને આખા ભુંજીને ખાવામાં આવેછે. જોતીશીએ એક રાસીને કરાડીઆની જાતનું નાંમ આપેલુંછે. તે ઊપરથી એક નાંમીચી ફરેંચ સ્ત્રી જે એવું સમજતી કે તેનો જનમ એજ રાસીમાં થએઓછે તે કરાડીઆઓને ખુશીથી ખાતી હતી. લાલાંડ નાંમનાં જોતીશનેબી એ પરાંણીઓ ખાવાનો શોખ હતો.

## સેતરંજની રમત.

### ૪.




સેતરંજનાં રમનારની તમાંમ નેમ એજ હોએ છે કે સાંમી બોરદુનાં પાદશાહને જેતે વાતે ઘેરી નાંખવો. જો તે એવી રીતે ઘેરાએ કે તેને ચાલવાને બીજું ઘર નહી મલે એટલે તેની આસપાસ બધાં ઘર બંધ હોએ અથવા આસપાસનાં ઘર ખાલી હોએતો તે કોઈ સાંમેનાં મોહોરાંથી ઘેરાએલાં હોએતો "માહાત" થઈ એમ કેહેછે.

"માહાત" કેવી હોએ તેનું એક ચીતર હમે ઊપર આપીઊંછે. એમાં કાલા રંગનાં પાદશાહની માહાત થઈછે. સફેદ વજીરે આવીને તે કાલો પાદશાહ જાંહાં હાલછે તેની નીચેનાં તરીજાં ઘરમાં તેને "શેએ" આપીછે. હવે "નાં શેએ" કરવાની પાદશાહની ફરજછે પણ તેમ કોઈ રીતે બનતું નથી. જો તે ખીશીને પોતાનાં વજીરનાં ઘર ઊપર જાએછેતો તે ઘર પેલી બોરદુનાં સફેદ ઘોડાએ રોકી રાખીઊંછે. પાદશાહથી આંણીગમનાં હાથીની પાસેબી અવાતું નથી કેમકે તે ઘર તેજ હારમાં છેક નીચે બેઠેલા સફેદ હાથીનુંછે. વલી વજીર નજદીક હોવાથી પાદશાહથી એકુ ઘર હેઠે ઊતરાતું નથી. એ રીતે તે ઘેરાઈ ગએઓછે ઈઆને તેની "માહાત" થઈછે અને દાવનું શેવટ આવીઊંછે.

માહાત બે જાતની હોએછે. એક ફરજીઆત માહાત કેહેવાએછે, જેમાં સાંમો રમનાર કેટલાક હાથ અગાઊથી ગણી રાખેછે કે પાદશાહને ફલાંને ઈઆ ફલાંને ઘર લાવીને માહાત કરવી અને તે મુજબ તે પાદશાહને તાંહાં આવવાની ફરજ પાડેછે. બીજી માહાત ચુકની કેહેવાએછે. તેમાં એક રમનાર ગફલતથી પોતાને હાથે કદાચ એવે ઠેકાંણે આવી જાએ કે જેથી તેની માહાત થઈ જાએ. એવી ચુકની માહાત કરતાં ફરજીઆત માહાત વધારે હધડી અને સરસછે.

માહાત કરતાં હધડી રમત "પીઆદ" નીછે. જો એક રમનાર સરસ હોએતો માહાત રેહેવા દઈ પોતાનાં હમનબરદની "પીઆદ" કરીને દાવનું શેવટ લાવવા માંગેછે. પીઆદ એટલે કે એખલાં એક પીઆદાંથી પાદશાહને ઘેરી લેવો. અલબતાં એ હધડુંછે અને વલી એક સીપાઈથી ઘેરાવું એ બેઆબરું ભરેલુંછે, તેથી એ રમત વધારે રસીલીછે. એક પીઆદનો નમુનો હેઠલ આપીએ છઈએ.



હીઆં સફેદ પાદશાહની પીઆદ થઈછે. તેની પાસે કાલું પીઆદું એવી રીતે આવીશુંછે કે તેને શેએ પડેછે. પણ તેની આસપાસનાં બે ઘરો વજીરે રાખીઆથી પાદશાહ તાંહાં જઈ શકતો નથી. તેમ જ પીઆદાંને મરાતું નથી કાંએકે તે કાલા પાદશાહનાં જોરમાં બેઠુંછે. તેથી પાદશાહ હીઆંજ સપડાએઓછે અને તેની પીઆદ થઈછે.

---

## રમુજે ફુરસત.

૧. હું એક તરણ અખ્ખશરનો બોલછું—હું એવી ચીજછું કે અને દરેક લોકો પોતાનાં ખાધામાં વાપરેછે અને તે જો નહી ખાવામાં લેતો ડાકટરોનો વીચારછે કે માણસ જાત ઘણું સુધી જીવી શકે નહી. હું દરીઆમાંબીછું તેમ જ જમીનમાં પણછું .અને ઘણીખરી દરેક ચીજોમાં હું ન હીતો પછી મારા બાઈબંધીતો છેજ. અને જો ઉલટાવશોતો હું એક ઘર સંશારનાં કામમાં આવતું હથીઆરછું અને જારે તમો કારી અથવા પાટીઓ અથવા કેટલીએક વેહમી બાએડીઓ લાવડા બનાવેછે તારે મારો ઘણો ઉપીઓગ કરેછે—પણ મારીથી તમુને ઘણી શંભાલ લેવી પડેછે કે રખેને તમુને હરકત થાએ.

૨. મારો પેહલો અને છેલો અખેર લેવોતો તે એવી ચીજછે કે કોઈ સખસ લેવાને ના પાડશે નહી—મારો પેહલો અને બીજો અખેર લેશોતો તે એવી ચીજછે કે દરેક માંણસને જરૂરીઆતની તથા ઇશવરની એક મોહટી બખશીશછે—મારો ચોથો અને પાંચમો અખેર લેશોતો એક જાંનવરનુ રેહઠાણ થાએછે—મારો તરીજો અને પાંચમો બોલ લેશોતો તેનો અરથ મરદ થાએછે-અને મારો આખો બોલ લેશોતો એક જાતનો રોગ થાએછે કે જેના પંજામાંથી બચવું મુશકેલછે.

## પરચુરણ બાબદો.

**અજાએબ જેવી ઊંઘ**—ઓદેશા ખાતે ટાંમસો નાંમની એક સ્ત્રી ઉંઘાઈ હતી તેને વીશે એવું કેહેવાએછે કે છેક પંદર દાહાડા પછે તે ઉંઘમાંથી ઉઠી હતી. તેની આ ઉંઘ જોઈને ડાકટરો અચરત થએઆ હતા, કેમકે વલી આ સ્ત્રી કાંઈ બેસુધીમાં હોએ ઇઆ મરી ગઈ હોએ એવું તેંઓને જણાતું નહી હતું. તે પુરા તનદરોસતીમાં પણ ઉંઘાએલી હતી અને ૧૫ દીવસ સુધી એ પરમાંણે ખોરાક વગર પડી રહી હતી. તેને જગાડવાને વઈદોએ શખત ઉપાએ કીધા કે નહી તે જણાવામાં આવીઉં નથી.

---

**બલે નહી એવાં કાગજો**—કેહેછે કે કોરાં લખેલાં, છાપેલાં ઇઆ રંગેલાં કાગજોને ફટકીના "ઇસટરાંગ" પાંણીમાં બોરીને સુકવીઆથી તે આગમાં બલે નહી એવાં થાએછે. જો આ ઉપાએ ખરો ઠરેતો તેની કીમત થઈ શકશે નહી.

---

**એક કીમતી ઈંટરડી**—ફરાંનસની મોટી બેંકમાં એક હોધેદારે એક ઇંટરડી મોકલી હતી જે ઉપર એક હજાર ફરાંકની એક બેંક નોટ વલગાવેલી હતી. આ ઇંટરડી એક ગરીબડા ખેડુતને વાટમાં જડી હતી, પણ તે ઉપરની નોટને તે માતર એક ચીતરાંમણ સમજીને તે ઇંટરડીને તેણે પોતાની જુફડીમાં આરસી દાખલ પંદર વરસ સુધી ટાંગી રાખી હતી. આ ઇંટરડીને બેંકે વટાવી આપીને પોતાની પાસે રાખીછે.

---

**અચણુચી તવંગરી**—વેલાતનાં એક ગરીબ બેગારી ઉપર હમણાંજ ઇનસાફની અદાલત તરફથી એક કાગજ આવીઓછે જેમાં તેને ચેતવણી મલીછે કે તે કોરટનાં વડા નેઆએધીસ લારડ ચાંનસેલરે કીધેલા ચુકાદા ઉપરથી તે બેગારી ૩ લાખ રૂપીઆની મીલકતનો વારેસ ઠરીઓછે. અલબતાં આ અચણુચી માંતબરીને લીધે તે બેગારી ઘબરાટમાં પડીઓછે. જે મુકદમાનો આવી રીતે ચુકાદો થએઓછે તે આજ બસો વરસ થએઆં વાંધામાં પડેલો હતો અને વારેસોનાં વારેસ દાખલ આ બેગારીને અંતે તે મીલકત મલીછે!

---

**એક નાટકકારની આવક**—હમણાં જારે આંણી તરફ લોકોમાં નાટકોનો શોખ વધીઓછે તારે કદાચ આ વાત જાંણવાજોગ થઇ પડશે કે મીસ બેટમેન નાંમની એક ખેલાડી સ્ત્રીને હાલ વેલાતમાં નાટકો કીધાથી દર વરસે ૧ લાખ ૩૦ હજાર રૂપીઆની કમાંઈ થાએછે. ઉંચી કીસમનાં ખેલોને તાંહાં કેટલો આસરો મલેછે- તેનો આ એક અછો દાખલોછે.

---


**બલુનનો નવો ઉપીઓગ**—હવાઈ ફાંણસ જેની મદદથી માંણસો ઉંચે જઈ શકેછે તેનો એક નવો ઉપીઓગ એક ફરેંચે શોધી કાહાડીઓછે. તે કેહેછેકે ઘણાંક બલુનોમાં એક વીજલીક રોશની રાખીને શેહેરની ઉપર ઉડ

રા ઓરડાની આસપાસ તમાંમ કરાડીઓનાં પડ ફરી વલીઆં હતાં અને તે જમીનથી તીસ અને ચાલીસ ફીટ ઊંચાં હતાં ફરાંનસનાં એક દેવલમાં એક બતીમાં પુરતું તેલ ભરવા છતાં દર રોજ બુજવાઈ જતી હતી, તે ઊપરથી ખોલ કાહાડતાં માલમ પડીઊં કે એક ઘણોજ મોટો કરાડીઓ આવીને તે તેલ પી જતો હતો ! એવોજ એક તેલીઓ રાજા સને ૧૭૫૧ માં મીલાંન ખાતે જણાએઓ હતો. કેહેછે કે તે કરાડીઆને મુવા પછે તોલતાં તેનો વજન ચાર રતલ જણાએઓ હતો !!

કરાડીઆને કેટલેક ઠેકાંણે માંણસો ખાએછે. મુસાફરો કેહેછે કે બાશી જાતનાં લોકો કરાડીઆ વટે મોહોડું સમાડેછે. નીઊ કાલીડોનીઅનસ ખાતે એક ઈંચ સુધીની લંબાઈનાં કરાડીઆને આખાને આખા ભુંજીને ખાવામાં આવેછે. જોતીશીએ એક રાસીને કરાડીઆની જાતનું નાંમ આપેલુંછે. તે ઊપરથી એક નાંમીચી ફરેંચ સ્રી જે એવું સમજતી કે તેનો જનમ એજ રાસીમાં થએઓછે તે કરાડીઆઓને ખુશીથી ખાતી હતી. લાલાંડ નાંમનાં જોતીશનેબી એ પરાંણીઓ ખાવાનો શોખ હતો.

# સેતરંજની રમત.

## ૪.



સેતરંજનાં રમનારની તમાંમ નેમ એજં હોએ છે કે સાંમી બોરદુનાં પાદશાહને જેતે વાતે ઘેરી નાંખવો. જો તે એવી રીતે ઘેરાએ કે તેને ચાલવાને બીજું ઘર નહી મલે એટલે તેની આસપાસ બધાં ઘર બંધ હોએ અથવા આસપાસનાં ઘર ખાલી હોએતો તે કોઈ સાંમેનાં મોહોરાંથી ઘેરાએલાં હોએતો "માહાત" થઈ એમ કેહેછે.

"માહાત" કેવી હોએ તેનું એક ચીતર હમે ઊપર આપીઊંછે. એમાં કાલા રંગનાં પાદશાહની માહાત થઈછે. સફેદ વજીરે આવીને તે કાલો પાદશાહ જાંહાં હાલછે તેની નીચેનાં તરીજાં ઘરમાં તેને "શેએ" આપીછે. હવે "નાં શેએ" કરવાની પાદશાહની ફરજછે પણ તેમ કોઈ રીતે બનતું નથી. જો તે ખીશીને પોતાનાં વજીરનાં ઘર ઊપર જાએછેતો તે ઘર પેલી બોરદુનાં સફેદ ઘોડાએ રોકી રાખીઊંછે. પાદશાહથી આંણીગમનાં હાથીની પાસેબી અવાતું નથી કેમકે તે ઘર તેજ હારમાં છેક નીચે બેઠેલા સફેદ હાથીનુંછે. વલી વજીર નજદીક હોવાથી પાદશાહથી એકુ ઘર હેઠે ઊતરાતું નથી. એ રીતે તે ઘેરાઈ ગએઓછે ઈઆને તેની "માહાત" થઈછે અને દાવનું શેવટ આવીઊંછે.

માહાત બે જાતની હોએછે. એક ફરજીઆત માહાત કેહેવાએછે, જેમાં સાંમો રમનાર કેટલાક હાથ અગાઊથી ગણી રાખેછે કે પાદશાહને ફલાંને ઈઆ ફલાંને ઘર લાવીને માહાત કરવી અને તે મુજબ તે પાદશાહને તાંહાં આવવાની ફરજ પાડેછે. બીજી માહાત ચુકની કેહેવાએછે. તેમાં એક રમનાર ગફલતથી પોતાને હાથે કદાચ એવે ઠેકાંણે આવી જાએ કે જેથી તેની માહાત થઈ જાએ. એવી ચુકની માહાત કરતાં ફરજીઆત માહાત વધારે હધડી અને સરસછે.

માહાત કરતાં હધડી રમત "પીઆદ" નીછે. જો એક રમનાર સરસ હોએતો માહાત રેહેવા દઈ પોતાનાં હમનબરદની "પીઆદ" કરીને દાવનું શેવટ લાવવા માંગેછે. પીઆદ એટલે કે એખલાં એક પીઆદાંથી પાદશાહને ઘેરી લેવો. અલબતાં એ હધડુંછે અને વલી એક સીપાઈથી ઘેરાવું એ બેઆબરું ભરેલુંછે, તેથી એ રમત વધારે રસીલીછે. એક પીઆદનો નમુનો હેલ આપીએ છઈએ.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. જુન ૧૮૯૪ આંક ૬ ઠો.

## કજીઆખોર કબીલાઓ.

અથવા

લગણમાં વઘણ—રંગમાં ભંગ.

એક વારતા.

પરકરણ ચોથું.

### તેલ અને પાંણી.

શીઆવખશનાં મેહેલમાં મોટી ધુમધામછે.

પેલી ઠરાવેલી જીઆફત જેમાં એ ઉમરાવે પોતાની બેટીનાં લગણ ખાતર તેની સાથ દોલતમંદ શાહાપુરની પીછાંણ કરાવા ધારી હતી તે જીઆફતની ધમાલ ચાલી. પેલી મોટી મેજબાંની જેમાં શીઆવખશે પોતાનાં કટા હરીફ શીઆમક ઉપર દબદબા અને દોલતમાં ચહડાઈ કરવા ધારી હતી તે મેજખાંનીનો વખત થએઓ.

અને તેથી મેહેલમાં શું રચનાં થઈ પડી!

શીઆવખશાની રોણકદાર હવેલી જાંણે પેલી જીહાંનનું બેહેસત બની ગએઉં હતું. તે મોટાં મકાંનની અંદર, બાહાર અને ચારે બાજુએ રોશનીનોતો કાંઈ જાંણે પાગ નહી હતો. હીરાની મીશાલ જહલકતી હારેકટાર બતીઓનો જાંણે ઉભાઈ જતી અને તેથી શીહા રાતની રોશન દીસ થઈ પડી. મેહેલનાં દીવાંનખાંનાંઓ એકેક કરતાં સરસ હતાં જેઆંનું રાચરચીઉં સંધું ખુશનોમાં દેખાવ દેતું હતું. દેવાલ ઉપર જડેલા મોટા તખતાઓમાં ઓલા પડવાથી ઓરડાની અંદર ઓરડાઓની નહી મટે એવી હાર દેખાતી હતી, જેમાં લટકતી રંગ બેરંગી ફુલોની તોરણ, અને આજુ બાજુએ જડેલા હીરા મોતીનાં સીણગારથી સંધી જગોએ રલીઆમણો ચકચકાટ દીપી રહેઓ હતો.

મેહેલની અંદર નોતરેલાંઓની અને બાહેર તમાસગીરોની મોટી ગીરદી થઈ હતી, જેઓને માટે પુરતી જગા અને જોગવાઈઓ કરી રાખવામાં આવી હતી. તેઓનાં દીલને તાહાલ્ક મળે, તેઓનાં જીવને ખુશી ઉપજે, તેઓનાં મંનમાં કરાર વળે, તેઓનાં પેટ તર થાએ, તેઓનાં હાથ પગ સારી રીતે માલે એવી કોઈબી ગોઠવણમાં કસુર નહી હતી. ખાંનાંનો સુફરો મસાલાની લેહેજત અને કારીગીરીનાં સવાદવાલાં અગણીત પકવાંનોની વાણી સાથ બીછાવીઓ હતો, અને તેજદાર દારૂનોતો જાંણે દરીઓ ફુટો હતો રામશગર ઓરતો અને ગાનારાઓ પોતાનાં શુંદર શરોદથી કાંનમાં મધુર રાગનાં રેલા ઉતારતા હતા. ઠંડી લેહેકી ધીમે કદમે મેહેમાંનોનાં સુમારા ગાલને ગોએઆ બોસા લેતી હતી

પણ શીઆવખશ, ઘરનો ધણી, તેનાં ઠકારનું કોણ બીઆંન કરે! એક દુશમનની બોહોસપર, શીઆમકની છાતી ઉપર તેણે જેમ બને તેમ ભપકો કીધો, અને તેની બાએડી માહાબાંનુતો તેથીબી એસકી બની હતી. તેણે ગોએઆ પોતાને આખીને આખી જહવેરાતમાં આથી નાંખી હતી અને સઉથી કીમતીમાં કીમતી પોશાક પેહેરી અલગીને અલગી તથા નાજ અને નખરાં કરતી ફરતી હતી. પણ તેની પેલી પરી સરખી દીકરી તેમીનાં આ સઘલા દમાંમથી ખાલી હતી. પોતાનાં માં બાપનો ઠાલો ગરવ તે સમજતી હતી અને પઈસાને ખાતર એક કુટુંબ સાથ તેઓએ જે દુશમની બાંધી તેની ચહડા ચહડી આ સઘલી ગડબડની હેઠાંણમાં હતી, એવું જાંણીને તે દલગીર કરવાથી તથા તેણે પોતે સાદોજ પોસાક પેહેરવાથી તેની માને માજનાં બલાપોખી કરવો પડીઓ હતો

પણ તોબી સાદી તેમીનાં સોભામાં સરસ ઉતરી હતી હલકાં કદમે પવણની મીશાલ તે એકગમથી બીજી ગમ જતી કે વાખવાખીનાં આતસથી ભરેલી તમાંમ આંખ તેની તરફ ફરતી હતી. તેમીનાં તે રાતનો હીરો, તે મીજલસના સોહોશુંબક દાખલ હતી, જેનાં તરફ દરએકના દીલ ખેંચાતાં હતાં.

અને એ રીતે ખાણાં ઉપર સંધાઓએ હાથ મારવા પછે અને સરાબની જંમો નોશ કીધા પછે શીઆવખસ સરવે મેહેમાંનોને નાંચની મીજલશમાં લઈ આવીઓ. હીઆં તેમીનાંએ પેલા શાહાપુર સાથ મુલાકાત કીધી. શાહાપુર તેની સાથ દોમની કરવાને અને શીઆવખશ ને દોસતી કરાવાને એટલા ખંતી હતા કે આ પેહેલી તક તેઓએ જતી મેલી નહી. શાહાપુર એ દોસતીથી પરણવા ચાહાતો, શીઆવખશ અને તેની બાએડી તે સઘર ઉમરાવને પોતાનો જમાઈ કરવા ચાહાતાં હતાં, માટે તેમીનાંની મુલાકાત કરાવી આપવાને તેઓ ભુલીઆં નહી હતાં.

તેમીનાંએ થોડીક વાતચીત કરતાંજ શાહાપુરને પીછાંણી લીધો. શાહાપુરે સરાબની જાંમો ધુમ ઉડાવી હતી. તેથી તે જરા તોતરૂં બોબરૂં વટીક બોલતો હતો. તેને પાધરા જવાબ આપતાં આવડતું નહી હતું અને ઘણું દોલ ઘાલવા જતાં તે મુરખાઇ ભરેલું બોલતો હતો. તેમીનાએ જોએઉં કે તે એક સાધારણ માંણુસ કરતાં કાંઇ વધારે નહી હતો અને તેનાં માં બાપે તેની જે વખાંણ કીધી તે ખોટી હતી. તેનાં પઇસા ઉપર શીઆવખસ લોભાએઓ હતો અને તેથી તેમીનાં અંદેશો કરતી હતી કે માં બાપની ખાહેશ મુજબ હું આ ધણીને કેમ કબુલ રાખશ.

પણ આ અંદેશો તેમીનાંએ તુરત છોડી દીધો અને થોડાવારમાં તે પાછી મેહેમાંનો વચે ભેલાઇને હસવા બોલવા લાગી. આ વખતે તેની નજર એક ખુનામાં બેઠેલા એક જવાંમરદ તરફ ખેંચાઇ. તે ઘણો સોહાંમનો, કદાવર અને સારા સલુકનો હતો તે જોશભરી આંખે તેમીનાંને જોએઆ કરતો હતો, અને તે કાંઇ થોડોવાર નહી પણ ઘણો વખત અગાઉથી તેમીનાએ તેને એજ હાલતમાં જોએઓ હતો.

એ ઉપરથી તે કોણ હતો તે જાંણવાની તેમીનાંની ખાહેશ થઇ. એટલા માટે તેની પહોશમાં જાંહાં તેમીનાંની બે ચાર સગીઓનું એક ટોલું હતું તેમાં પોતે જઇને ઉભી તાહાં તે બારે દોલે પેલા મરદને જોવા લાગી. એ વખતે તે કોઇ બીજી ઓરત સાથ વાત કરતો હતો. તે એટલાંતો સલુક, અદા અને નમનતાઇથી બોલતો અને વલી એવા સારા તથા દાહાપણ ભરેલા જવાબો વાલતો હતો કે તેમીનાં મનસે અતીશ ખુશ થઇ ગઇ. તેણે આડી નજરે તે ધણીને જોવાનું જારી રાખીઉં, પણ થોડાજ વારમાં તે જવાં મરદની અને તેમીનાંની નજર એક થઇ જેથી તે બંને જણને કુદરતથીજ હસવું આવી ગએઉં અને તેમીનાં તુરત શરમાઇને ખીસી ગઇ.

પણ હવે તે આ મરદને ભુલી ગઇ નહી એક બીજું ટોલું જેમાં આ મરદબી વાત કરતો હતો અને જેમાં તેમીનાનાં પણ ઓલખીતાઓ હતા તેઓની વચે તેબી આવીને વાત કરવા લાગા એમ કરતાં તેમીનાંને ઉપલા અનજાંનાં મરદ સાથ સવાલ જવાબ થએઆ અને આસપાસનું ટોલું વલી ગમતમાં વીખરાઇ જતાં એવુંબી બનીઉં કે તેમીના અને ઉપલો જવાં મરદ એખલા રહી ગએઆં. તેમીનાંને તેની વાત એટલીતો પસંદ આવી અને વલી ઉપલો મરદ તેમીનાં તરફ એવોતો મીઠાસ બતાવા લાગોકે ગોફતેગોમાં તેઓને અતીઘણો વખત થએઓ.

અંતે મેહેમાંનો ગરોગર જવા લાગા માટે તેમીનાંને ઉપલા ગરહસથથી છુટી પડવાનો વખત આવીઓ, પણ તે મરદે જોઇઉં કે એ રીતે છુટાં પડવાની તેમીનાંનાં મોહો ઉપર દેખીતી નાંરાજી હતી અને તે મરદ પણ ચેહેરાથી દેખાડવાને ભુલીઓ નહી કે હુંબી જવા ચાહાતો નથી. પણ એમ કાંઇ બને ! જવા વીના ચાલે નહી, માટે વાત અધુરી નાખી અને તેમીના ઉઠી ઉભી થઇ. તોબી ઉપલા મરદે જતી વેલા તેમીનાની ખુબસુરતી ઉપર જરા એસારો કીધો અને તેમીનાના હાથ ઉપર માન દાખલ બોસો લઇ છુટો પડીઓ.

આ બોસો ઘણો જોસા ભરેલો હતો. તે શું દેખાડતો હતો ? ઉપલો 'જવાંમરદ તેમીનાને ચાહાતો હતો ! હા, તેમીનાએ પોતે તે જોઇઉં તથા તે સમજી હતી, પણ તેટલા માટે તેમીના નારાજીને બદલે ખુશી થઇહતી. તેના દીલમાં આ મરદ વીશે જુસો પેદા થએઓ હતો. પેલો શાહાપુર જેની સાથ તેમીનાના મા બાપ તેમીનાને પરણાવા માગતાં હતાં તેના અને આ મરદના ગુણ તે સરખાવા લાગી અને ખચીત તેણે ચાહીઉં કે " જો હું શાહાપુર સાથ પરણુંતો તેના કરતાંતો આ મરદ દસ હજાર ઘણો મને વધારે લાએકછે."

પણ એ મરદ કોણ હતો ! એ સવાલ તેમીનાના મનમાં ઉતપન થએઓ. તે નાજની તેને ઓલખતી નહી હતી. એકજ બાબદ સુધી આટલોવાર ગોફતેગો કરવા છતા અને એક ધણી સાથ આટલી ઓલખાંણ કીધા છતાં તેમીના આ ગરહસથને તેનું નામ પુછવાની હતી તેટલાં તે જતો રહેઓ અને એ રીતે જે મરદને પસંદ કરી તેની સાથ તેણે છુપી મોહોબત બાંધેલી તેજ ધણીને તે ઓલખવા વગર રહી ગઇ માટે દલગીર થઇ

આ હાલતનો ઉપાએ લાવવાનું તેની સાચી દાઇ આવાનના હાથમાં હતું. વાંચનારી બાંનુઓ જાણેછે કે એ સાહેલી તેમીનાની ઘણી વીસવાસુ હતી, માટે તેમીના તરત તેની પાસે ગઇ અને તેની ઓલખાણ આપી તેનું નામ પુછીઉં. આવાંન ઓલખી નહી સકવાથી તુરત હેઠે ગઇ અને તેમીનાનો નવો દોસત જતો હતો તેટલાં તેને સારી પઠે જોઇ લીધો તે તુરત દોડતી અને હાંફતી પાછી આવી અને તેમીનાને એવું નામ કહેઉં કે તે ચોંકી ઉઠી હતી.

તેતો સુરો તેહેમતન હતો !

તેમીનાના બાપ સીઆવખશના પેલા દુશમન શીઆંમકનો તેતો એક પુરો દીકરો, જે શેહેર માહેલી પેલી ખોરશેદ ઉપરના એશકને લીધે દુખી થઇ ફરતો હતો તે તેહેમતન હતો !

અને તેની ઉપર તેમીના આશક ! એ વાતજ મુશકેલ દીસવા લાગી, પણ તે ખરી વાત હતી. તેમીના તેથી બીહીવા લાગી તેણે અનજાનપણામાં એવા સાથ દોસતી કીધી કે જે તે દોસતીને પુરેપુરો લાએક પણ કબીલાના કજીઆને લીધે જેની સાથ દોસતી કરવી ઘટે નહી અને જો કરેતો બાપના મોટા ધીકારમાં આવી પડે. તેમીનાં ભોલાઇમાં એવા ધણી ઉપર ફીદા થઇ પડી કે જેનો હાથ મેલવાની તેને થોડીજ આશા રહી અને તેથી તે મોટા ગમમાં આવી પડી.

તે બોલી કે " અરે અફસોસ ! કે આ તેહેમતન મારાં મા બાપના દુશમનનો દીકરો નીકલીઓ. અફસોસ ! કે જે એકજ ધણી મને પસંદ આવીઓ તેને મારીથી સદા દુરજ રેહેવું જોઇએ. જેમ તેલ અને પાંણીનો મેલાપ નથી તેમ હમારો મેલાપ કદી થવાનો નથી. હમે ભેલાવાની ગમે એટલી કોશેશ કરીએ તોબી મા બાપના કજીઆને લીધે છુટાંને છુટાંજ રેહેવાના. હેફછે એ કજીઆ ઉપર, લેઆનત હોજો એવા કબીલાઓ ઉપર, કે એકેક વચે ઠાલી વેર રાખીને બીજાંઓના સુખનો ભોગ લીએછે !"

તે રાતથી તેમીના ચીંતાતુર, ગમભીર અને મોહોબતની દરદી થઇ પડી.

### પરકરણ પાંચમું.

## બાગમાના પ્રાગ.

તેહેમતન આ રાતનાં તેમીનાંને ઘર સાથી જઈ લાગો ?

જે ધણીને તેનાં બાપ સાથ મોહોડું જોવાનો વેહેવાર નહી, જે ધણીને તેનાં બાપ તરફ એવું વેર કે એકેકને દીઠા કજીઆ થએલા તથા કેટલાંક ખુન થએલાં તેવા એક દુશમનને ઘરની જીઆફતમાં તેહેમતને જવાની કેમ હીમત કીધી !

એનો ખોલાસો કરવો જોઈએ.

તેહેમતન ખોરશેદ નાંમની જે સ્ત્રી ઉપર ઘણો મોહીત હતો, તેણે એ ધણીને કોઠું નહી આપવાથી તે જે દુખમાં પડીઓ હતો. તેમાંથી તેને મોકલો કરવાને રસનબાદ નામનો તેનો મીતર તેહેમતનને હીઆં લઈ ગએઓ હતો. તેહેમતન પોતાની માંશુકને દુનીઆમાં સઉથી સરસ સ્ત્રી સમજતો હતો, રસનબાદ કેહેતો કે તેના કરતાં બીજી ઘણી બી સરસ પડેલીછે. એ વાંધાનો નીકાલ લાવવા અને ખોરશેદ કરતાં બીજી સરસ બાનુઓ મલી આવેછેકે નહી તે જોવા તથા તે સાથે ખોરશેદને લગતો ગંમ ભુલી જવાને તેહમતન એ રીતે પોતાનાં દુશમનને ઘર છુપે લેબાશે ઈજન વગર આવીઓ હતો. તેહેમતન અને રસનબાદની સાથે બેહેરાંમ નાંમનો એક બીજો ખેશીબી હતો અને એ રીતે શીઆવખશ ઉમરાવનાં ઘરમાં તેનાં દુશમન શીઆમક ઉમરાવને લગતાં તરણ માણસો મોજ કરવા આવે એ નહી બને એવો બનાવ ખરેખર બનીઓ હતો, પણ તેઓ ખાણાને વખતે હાજર નહી હતા તેઓ માંતર નાચની બેઠકમાંજ સાંમેલ થએઆ હતા.

વલી આ મીજલશમાં તેહેમતન છુપા લેબાશ છતાં ઓલખાએઓ હતો. વાંચનાર જાણેછે કે ઉપર કહેઆ પરમાંણે તેમીનાંની સાહેલીએતો તેને પીછાંણીઓ હતો પણ તેની અગાઉ શીઆવખશે પોતે અને તેનાં જાંહાંગીર નામનાં ભતરીજાએ વટીક તેને ઓલખીઓ હતો !

જાંહાંગીર ઘણો જુવાન અને આકલો હતો. તે તેહેમતનને ઓલખતાંજ વેહેલો વેહેલો શીઆવખશને તેડી લાવીને દુરથી ઓલખાવીઓ અને પછે પોતાની તલવાર મેઆનમાંથી કાહાડીને તેનો જીવ લેવા દોડીઓ. પણ તેહેમતન તેને જોએ તેની અગાઉ શીઆવખશે તેને અટકાવીઓ. જાંહાંગીર કેહેવા લાગો કે "અરે કાકા તમે મને છોડો, આજે એ ને કાલે કાંઈ બીજુ થશે. એ ધાઈખોરા એ આપણે તાંહાં જેટલુ ખાધું હોશે તેટલું બધું ઓકાવી નાખશ."

સીઆવખશ—અરે જાંહાંગીર, જાંહાંગીર મુગો રેહે અને તેને જેમનો તેમ મરવા દે.

જાંહાંગીર—પણ એને આપણાં ઘરમાં આવવાના સતા શું ! તમે મને એને સજા કરવા દેવો.

સીઆવખશ—અરે નહી, તું શું મારી ફજેતી કરવા બેઠોછે ? જા જા તારે રસતે જા. જાંણતો નથી કે એ છોકરાની સારી ચાલ અને નેકીની બધા વખાંણ કરેછે. વલી તે ઘણો પાજીછે અને તેને છેડીને તું કાંહાં ઉભો રેહેશે !

જાંહાંગીર—અરે ઉભો શું રેહે ! તેને થાર મારૂં, તેનો જીવ લેઉં.

સીઆવખશ—બસ મુગો રેહે. આ ઘરનો તું ધણીછે કે હું ? નાદાંન એટલો આકલો સવભાવ નહી રાખીએ. જોતો નહી ! આજે મેં આવી મોટી મીજલશ બોલાવીછે અને તેમાં તું મારામારી અને ખુન કરવા માગેછે !

આવા કાલાવાલાથી જાંહાંગીર મુગો બેઠો.

બીજા હાથ ઉપર તેહેમતન જે કાંમ સારૂં તાંહાં નાંચારીએ આવીઓ હતો તે કાંમ ઉપર મંડીઓ. આ મીજલશમાં જતાંવાર તેનાં વીચારો ફેરવાઈ ગએઆ. તેને તે મીજલશે ઓરજ દેખાવ આપીઓ. તેમાંની રચનાંને તે બેહેસત સાથ સરખાવા લાગો અને તેમા જે એક કરતાં એક સુંદર સ્ત્રીઓ ખુબ દબદબાથી બીરાજી હતી તેઓને તે આકાસની પરીઓ સમજીઓ. પણ તેમીનાં—તે જહલકતા તારાને તે ભુલી ગએઓ નહી તેનાં એકેક બોલાનેબી તે ધેઆનથી તપાસવા લાગો. તેમીનાં આગલ તેની આશુક ખોરશેદને જાંહાંખ લાગી અને રસનબાદનું કહેલું ખરૂં પડીઉં. ખોરશેદ ધેઆંન આપે નહી તો બી ખોરશેદ, ખોરશેદ કરી તેની પુઠે જવાની શી જરૂરછે, જારે તેનાં કરતાં વધારે લાએક સજની દુનીઆમાં પડેલીછે ? બસ, તે દીનથી તેહેમતને ખોરશેદનું નાંમ છોડીઉં, અને તેમીનાંએ તેનાં જીગરમાં ઘર પકડીઉં.

આ ટુક હેવાલથી તેહેમતનની હાલત વાંચનારને પીછાંણી લેવી કઠણ નથી. તે બીચારો આ મીજલશમાં જવાથીબી સુખીને બદલે દુખી થએઓ હતો. તાંહાં જવા અગાઉ તે એક એવી સ્ત્રીને ચાહાતો હતો કે જેને તે મેલવી શકતો નહી હતો. તાંહાં જવા પછેબી તે એવી નાંજની ઉપર મોહીત થએઓ કે જેનો હાથ મેલવવો એ માંબાપનાં કજીઆને લીધે તેથીબી વધારે મુશકેલ હતું.

માટે મધરાતનાં જારે તેહેમતન પાછો શીઆવખશનાં મેહેલમાંથી પોતાનાં સગાઓ રસનબાદ અને બેહેરાંમની સાથે ઉતરીઓ તારે તેની છાતી ગમથી જેવીને તેવી ભારી હતી બેહેરાંમ ઘણો મશખેરો અને હશમુખો હતો. તેણે તેહેમતનનો ગમ વીસારવા તથા હસાવાની ઘણીબી કોશેશ કીધી હતી પણ તે વીઅરથ ગઈ. તેહેમતન આખે રસતે મુગો મુગો ચાલીઆ કીધો અને એક વલાણ આગલ પોતાનાં સગાઓની નજર ચુકાવીને તે એવી રીતે એક મોહોલામાં ફરી ગએઓ, કે તેઓ તેહેમતનની શોધ કરતાં તથા તેહેમતન, તેહેમતન બુમ મારતાં અંતે થાકીને ઘર ગએઆ.

તેહેમતનનું મંન એકાએક ફરીઉં હતું. તેમીનાને એકવાર ફરીથી જોવાની તેને ખાહેશ થઈ હતી. તે ખાહેશ પુરી પડવા વગર ઉંઘ નથી આવવાની એવું તે જાંણતો હતો, માટે તુરત તે તેમીનાંનાં મેહેલનાં પાછલા દરવાજા તરફ ફરીઓ. આખે રસતે તેમીનાંની સીકલ, નાજ અને નખરાં તેની આંખે આવવા લાગાં, આખેરસતે તેમીનાંની દાનાઈની વાતો તેનાં કાંનમાં સંભલાવા લાગી.

ઘણોક અંદેસો કરતાં તેહેમતન પાછલે રસતે દેવાલ કુદાવીને તેમીનાંનાં બાગ મધે દાખલ થએઓ તે એવા વી

આરથી કે રાત તાંહાંજ ગુજારવી અને સહવારનાં કોઈ બારીએથી તેમીનાંનો આકાર જોઇને આંખને તાહાડક આપવી.

તે વખતે રાત ઘણી મોડી હતી, આકાશ ખોલું હતું અને સીતારાઓ હીરાની મીશાલે પરકાશતા હતા. સઘલું ચુપ અને થંબ હતું અને તેવા વખતમાં તેહેમતન તેમીનાંને ઈઆદ કરતો તથા બાગમાં મોહોબતનાં ફાગ ગાતો મેહેલની હેઠે સંગેમરમરનાં એક તકીઆ ઉપર બેઠો.

પણ થોડાવારમાં આ તકીઆને આંથેની પેહેલા મંજલેની એક બારી ઉઘડી ગઈ અને તેમાંથી સામેના જાહાહે ઉપર રોશનીનો જહરો વેહેવા લાગો, એટલુંજ નહી પણ કોઈ માંણસને ચાલવાનો ઓલો પડીઓ. તે ઓરડો તેમીનાંનો હતો અને તે શુંદરી પોતાનો પોશાક બદલીને તાંહાં ઉંઘાવા આવી હતી. તેની છાતી પણ તેહેમતન સંબંધી ગમથી ભરેલીને ભરેલીજ હતી પણ તે નહી જાણતી હતી કે તે લાએક જવાન તેનાજ બાગ મધે બેઠેલો હતો.

તેહેમતન ઉપલો ઓલો જોતાંવાર ઉઠી ઉભો થએઓ અને બારીની સાંમે ગએઓ. તેણે જોએઉંતો ઓરડામાં તેની વાહાલી તેમીનાં ફરતી હતી. પોતાનાં મનથી તે બોલીઓકે "આતો ઉગમણ દસા અને તેમીનાં આફતાબછે. અરે ઓ જહલકતા આફતાબ! ઉઠ અને અદેખા માહાતાબને માર, કે તે તારી સોભાને માટે બલે નહી". આવી રીતે મનસે વાત કરતો તેહેમતન એક જાહાડનાં છાંએઆની તલે છુપાઈ બેઠો

તેની નજર સાંમેની બારી ઉપરજ હતી. તેમીનાં થોડાક પલમાં તે બારીએ લાગતી ઠંડી લેહેકીમાં આવી ઉભી અને મંનસે બોલવા માંડીઉં. તેહેમતને પેહેલાંતો સાંભલવા ધારીઉં અને તેણે શું સાભલીઉ?

તેમીનાં તેહેમતનનેજ ઈઆદ કરતી હતી!

"ઓ તેહેમતન! તેહેમતન! તું તેહેમતન શા મારે થએઓ? તારા બાપને ઓરો પાડ અને તારૂં નાંમ બીજું રાખ, પણ જો એમ નહી થાએતો મારી મોહોબતનાં કસમ ખા અને હું મારૂં નામ છોડી દેઉ".

એ રીતે બીચારી તેમીનાં ખરેખર માં બાપો વીશે અંદેશો કરતી હતી શીઆંમક અને શીઆવખશ વચેનાં કજીઆને લીધે તેઓનાં અને તેમનાં જંન ફરજંદોનાં નાંમ એકેકને અકારાં હતાં તેથી તેને બલાપો હતો અને તે બલાપો આ એકાંત જગામા તે કાહાડતી હતી જો તે જાણતેકે તેજ તેહેમતન હેઠે આવેલોછે તો શું તેમીના આ રીતે બોલતે?

તે ફરીને બોલીકે—"મારો જે દુસમનછે તેતો માતર તારૂં નાંમછે. તું પોતે કાંઈ શીઆંમકની તરફ વાલો નથી. અરે તું કાંઈ બીજું નાંમ રાખ એક નાંમમાં શુ આવીઉ? જેને આપણ ગોલાબ કહીએ છઇએ તેને બીજું નાંમ આપીશું તોબી તેની ભલી ખુશબો જવાની નથી; તેમ તેહેમતનને જો તેહેમતન નહી કહીએ તોબી તે જેવો સમપુરણછે તેવોજ રેહેવાનો. તેહેમતન તારૂં નામ છોડ, અને તે નાંમ જે તારા દીલનો કાંઈ ભાગ નથી તેને બદલે મને લઈ તારાં દીલનો ભાગ કર."

અને હવે શું તેહેમતન મુગો બેસે. તેનાંથી કેમ થોબાએ! આટલોવાર તે થોભીઓ તેં માતર પોતાની અમરતીને ખાતર, કેમકે તેમીનાં તેને છુપી ચાહાશે એવી તેને બીલકુલ વકી નહી હતી અને હવે પોતે આ સઘલું સાંભલીઉંછે એવું જણાવી તેમીનાંને અચરત કરવાની તેની વારી આવી.

તે ધીમે સાદે બોલીઓકે "શુંદર પરી તારો સુખન મને વાહાલછે. મને તું દીલદાર કેહે, અને મારાં નાંમને હું તજું છઉં."

આ સુખનોથી તેમીનાં જબર ચોંકી. તે તેહેમતનને ચાહાતી પણ પોતાનો એશક જાહેર કરતાં બીહીતી હતી. તેતો જાહેર થઈ ગએઓ માટે તે ઓચંબો પાંમી, પણ તોબી તે તેહેમતનછે એવું બીલકુલ માંનીઉં નહી? તેણે ધબરાઈને પુછીઉં કે—"એ રીતે રાતનાં ભરાઈને મારી વાત સાંભલનાર તું કોણછે!"

**તેહેમતન**—મારાં નાંમ સાથતો તુંને દુશમનીછે તારે હું મને કેમ જાહેર કરૂં? વાહાલી મારૂં નાંમ મને પોતાને અકારૂંછે, કેમકે તુંને તે ગમતુ નથી.

**તેમીનાં**—આ હા! આવાજ ઉપરથી તુંને મેં ઓલખીઓ. શું તું ખરેખર તેહેમતન અને શીઆંમકની તરફનોછે?

**તેહેમતન**—જો એ બેહુ નામ તુંને નહી ભાવેતો હું તેમાંનો એકબી નહી કેહેવાઉં.

**તેમીના**—પણ તું હીઆં કેમ આવીઓ? બાગની દેવાલો ઘણી ઉંચી અને દરવાજો બંધછે, તથા આ બાગ પોતે તારાં મોહોતની જગાછે.

**તેહેમતન**—મોહોબતની પાંખે મેં આ દેવાલ કુદાવીછે મોહોબત જે કરવા ચાહે તે કરી શકેછે.

**તેમીના**—પણ જો હીઆ કોઈબી તુંને જોશેતો તુંને મારી નાખશે.

**તેહેમતન**—નાંનની કોઈની મને દરકાર નથી પણ તારી દરકારછે. કોઈથી મારૂં મોહોત નથી, પણ તારીથીછે. બીજાઓની વીસ તલવાર કરતાં તારી આંખનો જખમ વધારેછે. તે આંખને તું મીઠી રાખ અને બીજા દુશમનોની મને ધાસતી નથી તારી મીઠી નજર વગર હું મરૂં તેના કરતાં તેઓના ધીકારથી મરૂં તે બેહેતરછે.

**તેમીના**—તું કોણને પુછીને હીઆં આવીઓ, આ જગા તુંને કોણે દેખાડી?

**તેહેમતન**—મોહોબતે મને તલાસ કરવાની ઉલટ દીધી. મોહોબતે મને સલાહા આપી, મેં તેને મારી આંખ આપી. હું કોઈ ખલાસી નથી, તોપણ અગર તું સઉથી દુરના દેશમાં પડી હતે તોબી તારે ખાતર હું મોટા દરીઆ ખેડતે.

આવા જુસા ભરેઆ શુખનોથી તેમીના જો નહી પીગલેતો તે નાજુક નારી હોએજ નહી. આવી નહી ખુટે એટલી પરીતી જોઈ તેમીના ઉપર અસર થઈ. અતીઆર સુધી તેહેમતન સાથ છુટથી વાત કરતાં તે શરમાતી, પણ હવે તે નરમ થઈ ગઈ, પણ તોબી આવા ધણીસે મોહોબત બાંધવાનો જોખમ સમજીને તે બોલી કે "તેહેમતન! એખલી સમજીને મારીથી જે બોલાઈ ગએઉંછે, અને જે તેં સાંભલીઉંછે તે કોઈબી સી શરમાએ એવુંછે, પણ હું જે બો

લીછઉં તે હવે હું નામુકેર જતી નથી—અને તુંને પુછું છઉં કે શું તું મને ખરેખર ચાહેછે? તું હા કેહેશે, પણ કદાચ તું જુઠુંબી બોલતો હોએ, કેમકે આશકો ઘણીવાર જુઠું બોલેછે. અરે! ભલા તેહેમતન અગરજો તું મને ચાહાતો હોએતો તે ઇમાનદારીથી જણાવજે. હું જે કાંઈ ભોલાપણે એખલી સમજી બોલી છઉં તેને ખાતર સપડાઈ છઉં, પણ એ સપડાંણ ખુશી ભરેલુંછે અને હું એટલુંજ ચાહું છઉં કે મારી ખરી મોહોબતને બદલે તુંબી ખરીજ મોહોબત આપે"

**તેહેમતન**—બાંનું, સામેના ચંદરના હું સપત લઈને કહું છઉં કે—

**તેમીના**—અરે ચંદરના સપત ના ખા, કેમકે તે મહીનામાં તીસ વખત ફેરવાએછે.

**તેહેમતન**—તારે હું સાંના કસમ લેઉં?

**તેમીના**—તું બીલકુલ કસમ ના ખા, અને જો ખાએતો મારા જીવના ખા જે જીવ તું સરખી સુરતી આગલ પોતાનો ભોગ આપવાને ખુશીછે.

**તેહેમતન**—પણ હું મારા પોતાના કસમ—

**તેમીના**—નહી, નહી, એમ ના કર. તારો શુખન મને બસછે, પણ તે રાતનો, ખાયેલા પીયેલા જીવનો સુખનછે, તે રાતના ઉંઘ અને સપનાના વખતનો શુખનછે, મારે મને બીહીક લાગેછે. કાંઈ નહી, હમણાતો મોડું થએઉંછે અને મને અંદર કોઈ બોલાવેછે, પણ તેટલાં દુવા માંગું છઉં કે આપણ ફરીથી મલીએ તેટલાંમાં આ મોહોબતની કલીનું એક ખુશબોદાર અને ખીલેલું ફુલ થાએ. સાહેબ મેહેરબાન, ખોદા તુંને સલામત રાખે.

પણ તેમીનાને જવા ગમીઉં નહી. તે બેવાર અંદર ગઈ અને બેવાર પાછી આવી, જેટલા અરસામાં તેઓએ અરસ પરસ એકેકસે પરણવાનાં કોલ લીધા અને તેમીના કબુલ થઈકે સહવારના પોહોરમાં એક ઠરાવેલી જગાએ તેણીએ પોતાની વીસવાસુ સાહેલી આવાંનને મોકલવી, કે જેને તેહેમતન પોતે ધારેલી સઘલી ગોઠવણો જાહેર કરે.

---

## પરકરણ છઠું.

## છુપાં લગણ.

તેહેમતન પોતાની વાહાલી તેમીનાને ઇઆદ કરતો તથા દોવા દેતો તેનાં બાગમાથી નીકલીઓ.

તે જે રસતે આવીઓ હતો તે રસતેથી પાછો ગએઓ અને દેવાલ કુદાવી બાહેર પડવા પછે તે વીચાર કરવા બેઠો.

તેણે શું આ કાંઈ સપનો જોએઓ કે તે ખરેખરો બનાવ હતો?

તે મધરાતનો વખત હતો, જારે તરેહવાર સપના માંણસને ભમાવેછે. તે એક દેવાનો મરદ હતો જે મોહોબતનાં જખ્મથી ઘણો ઘાએલ અને કાએલ હતો, મારે કદાચ તે ઉંઘાએઓ હોએ અને આ માતર એક સપનોજ જોએઓ હોએ એવું તેને ઘડીભર લાગું.

પણ નહી તેને ઇઆદ આવીઉં કે તેતો એક ખરેખરો બનેલો બનાવ હતો. ખોરશેદનેતો હવે તેણે મંનમાંથી ખરતી કીધી હતી અને તેની મુલાકાતના જાંહાં સાંસા હતા, તાંહાં તેનાં કરતાં ચોમણી સુંદર સ્ત્રીને તે ખરેખર મલી આવીઓ એટલુંજ નહી પણ તેના હાથસે હાથ મેલવવાનું સારું કરી આવીઓ.

તેથી આ વખતે તેહેમતન હરખમાં ચકચુર હતો. તેને એવું લાગતું કે જાણે બધો જમાંનોજ ફરી ગએઓ હોએ, જાણે કુલે પરુથવીમાં દુખ કે શંકટ કાંઈનહી હોએ, જાંણે કુલે આદમી સાચાં, ભલાં, અને નેક હોએ

પણ વલી હરખની સાથે તેહેમતનને અધીરાઈબી હતી. તેમીનાંએ સહવારનાં પોહોરમાં તેની સોડે પોતાની સાહેલીને મોકલવા કબુલીઉં હતું અને તેહેમતનને તેની પાસ જે તે જવાબ કેહેવાડવો હતો તે શું જવાબ કેહેવાડે?

તેહેમતનને પેહેલાંતો કાંઈ સુજતું નહી હતું. શું કરવું તેનો તે વીચાર કરતો અને તેવામાં તેમીના સાથની મુલાકાતનાં તેને વીચારો આવતા તથા આગલી બીનાં પાછી રહી જતી હતી

અંતે તેને એક વીચાર સુજીઓ, તેણે એક ઠરાવ કીધો અને તે તુરત અમલમાં લાવવા ઉઠીને ચાલતો થએઓ

તે વીચાર સું હતો તે સેજમાં જણાશે

તેહેમતન ઉઠીઓ તેવો સેહેરની પહોશમાના એક જંગલનો તેણે રસતો પકડીઓ. તે વખતે બાંમદાદ થવા આવી હતી મરઘાઓ વાસીને આફતાબનાં આવવાની અગમચેતી આપતા હતા મોડી રાતનો ચંદર જાંખો પરકાશ આપતો હતો.

તેહેમતન આસરે હરયે કલાકે એક જીફડી આગલ આવી પુગો. તે જીફડીનું બારણું બંધ હતું મારે કેટલોક વાર સુધી તેને થોકવું પડીઉં અને અંતે પછે તેને રસતો મલીઓ

આ બારણું ઉઘાડનાર એક જઈફ પીર મરદ હતો. તેની ચાંમડી ઉપર કરચલી વલી હતી અને તેનાં બાલ પાકેલા હતા. તેનાં માંડાંની તાલકી બોરકી હતી, પણ છાતી સુધી એક બુજરોગી ભરેલી દાઢી દરીઆનાં મોજાની મીશાલ અછાર પછાર કરતી હતી તે બુઢાએ એક લાંબો જભો પેહેરેલો હતો. તેના એક હાથમા હારડી અને બીજા હાથમાં ભગતી કરવાનો પોદો હતો.

એ પીરમરદ એક ગોદરેજ નામનો જઈફ ભગત હતો. અસલ તે ઘણો માતબર હતો, પણ પાછલથી તેણે દુનીઆ તજીને વેરાગ લીધો હતો તથા પોતાની જીંદગીના બાકીના દાહાડા આ એકાંત જંગલમાં ઇશવરની ભકતી કરીને ગુરદાખલ ગુજારવા ધારીઆ હતા તે ઘણો ડાહેલ, ઘણો ભલો, અને ઘણોજ દાહાપણવાલો તથા માએઆલું હતો.

તેહેમતન જે નેકી અને ખુબી ધરાવતો હતો તે આ બુજરોગ ભગતની સોબતને લીધે હતું. એ બુઢાને તેહેમતન સાથ અસલથી દોસતી હતી, તે આ જવાંનને ચાહાતો હતો અને સરવે પરકારની મસલત તથા સલાહા આપતો. તેનાં અને તેમીનાનાં કબીલા વચેનાં કજીઆને ખાતર એ બુઢો વારેવાર અફસોસ કરતો હતો.

અને આવી પાછલી રાતને વખતે તેહેમતનને તેની જીફડીમાં જોઈને ગોદરેજ ઘણો તાજુબ થએઓ. તે બોલીઓકે "અરે છોકરા તું આ વખતે કાંહાંથી આવીઓ? તું કાંહાં ફરતો ફરેછે? હજીર તું જાગેછે તે ઉપરથી તારૂં

લેજું ઠેકાંણે નથી એવું લાગેછે. હમે ઘરડા માંણસો રાત દાહાડો તરેહવાર જંજાલનો વીચાર કરીએ છઈએ માટે હમોને ઉંઘ નહી આવે, પણ જુવાંન જમાંન બચાં જેવાં સુતાં કે ફુલનો ઢગલો થઈ જાએ. મને દીસેછેકે તેં આજે તારા બીછાંનાં ઉપર આસાએસ લીધીજ નથી."

**તેહેમતન**—એ ખરી વાતછે, પણ તોબી મારા જીવ ને કરાર વલીઓછે, મેં વધારે સરસ આસાએસ ભોગવીછે.

**ગોદરેજ**—ખોદા ખમાં કરે! શું તું આજ રાતે પેલી ખોરશેદને ઘર હતો?

ગોદરેજને તેહેમતનના ખોરશેદ તરફના ચાહાની પણ તે સ્ત્રીએ તેને નહી ગણકારવાની ખબર હતી. માંટે તે ફરીને બોલીઓકે "અરે નાદાંન તું અમસથો પાપમાં કાં એ ડુબેછે. ઇઆદ રાખકે લગણનાં ગાંઠથી બંધાવા વીનાં કોઇબી સ્ત્રીને ભોગવવી એ ગુનાંહાછે."

**તેહેમતન**—ગોદરેજ બાવા તમે અમસથી ફીકર કરોછો. ખોરશેદનેતો હું ભુલી ગએઓ છઉં અને તેનાં નાંમને મેં તજીઉંછે. આજેતો હું મારા દુશમનને ઘર મજાહ કરવા ગએઓ હતો, કે જાંહાં એક જણે પોતે જ ખમી થઈને મને જખમી કીધોછે હમારા બેહુનાં દરદનો ઉપાએ તમારે હાથછે.

**ગોદરેજ**—ભાઈ એમ ભરમમાં નાં બોલ, ખોલી રીતે વાત કર

એ ઉપરથી તેહેમતને તે રાતની સરવે હકીકત જાહેર કીધી. તેનાં દુશમંનની છોકરી તેમીનાં ઉપર તે કેવો મોહીત થએઓ અને તેમીનાંએ વલી કેવો તેને પસંદ કીધો તે સરવેનું વીગતવાર બેઆંન તેહેમતને કરી સંભલાવીઉં, અને છેલે અરજ કીધીકે ગોદરેજ બાવાએ લગણ કરવાં, જેથી તેઓની ખાહેશ પુરી પડે, તેઓ વચે સગાઈ થાએ અને તેઓ એકેકને મલે.

આ શું વાત! ગોદરજતો અતીશએ અચરત થએઓ. તે બોલીઓકે "ઓ પરમેશવર! આ કેવો ફેરફાર! ખોરશેદ, જેનાં ઉપર તેં આટલી બધી પરીત બાંધી હતી તેને તેં એટલી જલદી છોડી દીધી, અને વલી બીજીને એટલી જલદી પસંદ કીધી! ખચીત જવાંનોની મોહોબત તેઓનાં દીલમાં નહી પણ તેઓની આંખમાંછે. ઓ ઘેલા! ખોરશેદને ખાતર તું કેટલો રડીઓ, બલીઓ અને દુખી થએઓ! મોહોબતને સવાદ આપવાને કેટલાં ખારાં પાંણીને તે આંખમાંથી ગુમાવીઉં! હજુરતો તારા ગાલ ઉપરનાં આંજુ સુકાએઆં નથી, હજુરતો તારી આંખોનો સોજો નરમ પડીઓ નથી, હજુરતો તારા અવાજ મારા કાંનમાંથી ગએઆ નથી, તેટલાં વલી તું ફેરવાએઓ? ખરેખર જારે મરદો એવા બેઢંગા હોએ તારે સ્ત્રીઓનો કેમ થાગ લાગે!"

આ ઠપકો સંઘો તેહેમતને મુગે મોહોડે ખમીઓ. ગોદરેજ મુંગો રેહેવા પછે તેણે પાછા કાલા વાલા શરૂ કીધા. ખોરશેદને તજવાનાં વાજબી કારણો તેણે જાહેર કીધાં અને તેમીનાં તથા તે વચે કેટલી જબરદસત અને જોશ ભરી પરીતીએ જડ પકડીછે તે જણાંવીઉં.

તોબી શીઆંનો ગોદરેજ તેઓને પરણાવાને રાજી થએઓ નહી. તે એટલીજ હટ લઈ બેઠોકે "હું ચોરી છુપીના લગણ શી રીતે કરૂં!"

**તેહેમતન**—અને કાંએ નહી? અરે જુવો ગોદરેજ એમાં કાંઈ ગુનાહા નથી. જે લગણ જાહેરમાં થઈ શકે નહી તારે છુપીથી કરવા વીના તેમાં છુટક નથી. મારાં અને તેમીનાના મા બાપ વચે નાપાક વેર, અંટસ અને કજીઓછે, તારે તેઓને જણાવીને હમે કેમ પરણીએ! તેઓની રજા માંગવા છતાં જોછે તે શું ખોહી નહી દઈશુ!

**ગોદરજ**—જો તેમ નહી બનેતો પછે લગણ કરવાંજ નહી ઘટે.

**તેહેમતન**—તારે શું હમે દુખ ભોગવીએ! મા બાપના વાંકને ખાતર શું હમે આપડા ખમીએ? બીજાંના પાપને લીધે હમારા જવાન જીવને શું હમે ગુમાવી નાખીએ? એ તારે કીએ ઘરનો ઇનસાફ? હમે કાંઈ નઠારૂં કાંમતો નથી કરતા. તમોને કાંઈ જબરદસતીનાતો લગણ નથી કરવા પડતાં. બે જણ રાજી ખુશીથી તમારી પાસે આવીને પરણવા માંગેછે અને તમે ના પાહો એ કેવું ઘાટકીછે!

**ગોદરજ**—પણ તમે કોઇ બીજા પાસે જાવો, તે તમોને પરણાવી આપશે.

**તેહેમતન**—તારે શું તમેતો નહીજ? અરે ગોદરજ એમ શા માટે હલાક કરોછો? તમે ખોદાની બગતી કરી એટલા સંગદીલ કેમ થાવોછો? તમે એક સારાં કાંમને કાંએ અટકાવોછો? જો હમે પરણશું તો હમારા કબીલા વચેની દુસમનીનો વધારે જલદીછેહો આવશે. હમારા વચે સગાઈ થવાથી બનતાં સુધી હમે એકેકના કુટુંબ વચેનો મીનાકેસો અટકાવાની કોશેશ કરશું. એવાં સુભ લગણ શું તમોને પસંદ નથી?

આગલી કોઈજ નહી પણ આ છેલી વાત ગોદરજના ધેઆનમાં ઉતરી. તેણે આ લગણની એક ભલી નેમ જોઈ અને તે એકે તેહેમતનને તેમીના સાથ પરણાવીઆથી તેઓના કુટુંબ વચેનો કલેશ બંધ પડવાની તેને આશા આવી. વલી હાલ તરત તેઓના લગણથી કાંઈ કોઈને નુકસાન થવા સરખું ઇઆ વાંધા ભરેલું ગોદરજને જણાએઉં નહી તથા તે લગણ બીજી કાંઈ મુદત સુધી છુપા રેહેતો અડચણ નહી એવું તેણે વીચારીઉં. એ સઘલો સંભાલ રાખીને તેણે આ લગણ કરી આપવાને અંતે હા કહેઉં.

તેહેમતન તેથી ઘણોજ ખુશી થએઓ. તેણે ગોદરજ બાવાને હજારો હજાર દુવા દીધા અને બે કલાક પછે પરણવાનું નકી ઠરાવીને તે તેના જુકડાંમાંથી નીકલીઓ.

એ વખતે ખુરશનુમાં દીવસ ઉંગી ચુકેલો હતો. લોકો પોતપોતાનાં કામ ઉપર લાગા હતા. શેહેરની ગડબડ અને દોડાદોડ પાછી ચાલુ થઈ હતી, માટે તેહેમતન આ સરે એક કલાક વીસાંમો લઈને તથા જરા પોહોડી ઉઠીને તુરત જે ઠરાવેલી જગા ઉપર તેમીના પોતાની વીસવાસુ સાહેલીને મોકલનાર હતી તે જગા આગલ જઈ ઉભો.

ઠરાવેલે વખતે હશમુખી આવાંન તેમીનાની તરફથી આવી પુગી. તે લંગડી હતી માટે તેહેમતન પાસે આવતાં તેને વાર લાગો અને વલી તે દાસીને ગોઠવણો સારી રીતે સમજાવતાં તેથીબી ઘણો વધારે વખત લાગો. એ દાસી બોલકની ઘણી હતી અને પઇસાની લોભી હતી માટે તેહેમતનને જરા નીચવતાં તેણે તેમીનાનો થોડોજ વીચાર કીધો હતો..

તે નાઝનીનતો દર પલે આંવાંનને પાછી આવવાની વાત જોતી હતી. તેહેમતનની ગોઠવણો જાણવાને તેને અતી ઘણી અધીરાઈ થઈ હતી, પણ જેમ તેની સાહેલીને આવતાં વાર લાગતી તેમ તે ઘણી ખીજવાતી હતી. તે ચાહાતી કે તેનો પેગાંમ લઈ જવા લાવવાને કોઈ પખશી ઈઆ પરી મલી આવે. એવા વીચારમાં તે ગરક હતી તેવામાં આવાંન ધીમે ધીમે ફંડે પેરે આવી પોહોંચી.

તેમીના ચાહાતી કે તે ઉતાવલ કરે પણ આવાંન જાણીજોઈને વધારે ધીમી ચાલતી હતી. તેમીનાએ પોતાની ગરજને લીધે દાસીને ઘણી મીઠી વાતો કહી તથા તેને આવતાંને વાર ખબર પુછી પણ આંવાંને ગેરવી ગેરવીને જવાબ આપવા માંડીઆ. પેહેલાંતો તે પોતાની થાક વીશે અને પગમાંના દરદનો હેવાલ આપવા લાગી.

તેમીના—દાસી હું ચાહું છઉં કે મારા પગ તારા થાએ અને તારૂં માંથું મને મલે કે તું જે જાણેછે તે એકદમ હું જાણું. પીઆરી, મીઠી આંવાંન શું ખબર લાવીછે !

આંવાંન—અરે પણ ઉભી રેહેની, ઉતાવલ સાંની કરેછે ?

તેમીનાં—પણ હું ઉમેલીન છઉં. તુંને તેહેમતન મલીઓ કે નહી તે જરા કેહે.

આંવાંન—અરે ખોદાએ આવીબી છોકરી હોશે ! હું થાકીને મરવા પડીછ તેનુ જાણે કાંઈ નહી.

તેમીનાં—અરે માહારી વાહાલી દાઈ તું મને કહીને જાની.

આંવાંન—હવે વાહાલીને શીઆંની થઈકે ! તારી ગરજછે તે વાસતે કેની !

તેમીનાં—બસ તું એટલું કેહેકે સારા સમાચાર લાવીછે કે માંઠા.

આંવાંન—સારા, સારા. હવે બસ ! ચાલ જા.

તેમીનાં—પણ એટલામાં શું વલીઉં ! બીજું કાંઈ કેહેની.

આંવાંન—હવે વલી બીજું ! જા બીજું એ કેવું છઉંકે તારો દીલદાર ખરેખરો ચોખો, સોભઈતો અને સારો માંણસછે. તે મને ઘણો પસંદછે અને તારી પસંદગીને વાસતે હું ખુશી છઉં.

તેમીનાં—પણ બલી આંવાંન એતો હુંબી જાંણતી તી, જે હું નહી જાણું તેવું કાંઈ કેહે.

આંવાંન—અરે ખોદા મનેતો તે કંટાશો આપીઓ. જરા થાકબી ઉતારવા દેસેકે નહી ?

તેમીનાં—પણ વાત કરતાંતો કાંઈ થાક નથી મહડતી.

આંવાંન—અને ગરમી ઘણી પડેછે, મારો પંખો કાંહાંછે ?

તેમીનાં—હંઈછે પણ તું કેહેની, મારા તેહેમતને શું કેહેવાડીઉંછે.

આંવાંન—ઘણુંબી કેહેવાડીઉંછ તે ઈઆદ કોણને છે ? તે ફુલ જીવનોતો ખરો હો ! પણ તારી માંએ કાંહાંછે ?

તેમીનાં—જો આંવાન હવેતો મારીથી નહી થોભાતું એ કાંઈ વાત કરવાની રીત નથી.

હવે આંવાંને સઘલી હકીકત કહી. તેહેમતને એવું કેહેવાડીઉં હતું કે તેમીનાંએ ગોદરજ બાવાની જીફડીમાં બપોરનાં આવવું કે જાંહાં તે ભગત લગણ કરી આપશે.

આ ખબરથી તેમીનાં અતીશ ખુશી થઈ અને હરખમાં તેણે પોતાની સાહેલીને સારૂં નજરાંણું ભેટ કીધું. બપોર પડવાની તે ઘણાં ખંતીપણાંથી રાહા જોવા લાગી અને જારે વખત થએઓ તારે બાહેર જવાની પોતાની માંમી રજા લઈને ગોદરેજનાં મડમાં જવા નીકલી.

છુપાછુપ પરણવાનાં વીચારથી તેમીનાં ખરેખર દલગીર થઈ હતી, પણ તે એમાં પોતાનો વાંક સમજતી નહી હતી. તેને તેમ કીધા વીના ચાલે નહી એવું લાગું હતું, તે એ રીતે પરણવાની પોતાને ફરજ પડેલી સમજતી હતી, કેમકે જેમ પોતાનાં જોસાને દાબી શકતી નહી હતી તેમ માં બાપને ખબર કરી શકતી નહી હતી, માટે એજ રસતો બાકી રહેલો હતો. આવું કાંમ તેને માં બાપના કજીઆને લીધે કરવું પડીઉં હતું. જો એ કજીઓ નહી હતેતો તે કેટલી સુખી થતે !

ગોદરજનાં મડમાં તેહેમતન તેની વાત જોતો બેઠો હતો. તેમીનાંનાં આવતાંવાર તે તેને ગલે વલગીઓ અને તેમીનાં છુટા ગોદરજને પગે લાગી. તેની આગલ તેણે પોતાની હાલત અને મનના જુસાઓનો ખરેખરો હેવાલ જાહેર કીધો અને તેથી ગોદરેજની વધારે ખાતરી થઈકે આ લોકોને પરણાવા વીનાં છુટકજ નહી હતો. તેણે પુરતી ગંભીરાઈથી કીરીઆ કીધી અને એ રીતે બે જીગરથી ચાહાતાં, ખરો પીઆર ધરાવનારાં દીલને તેણે સદાની મેવા અને સદાની મીતરાચારીને માટે જોડી આપીઆં.

આ કાંમમાં કેટલોક વખત લાગો માટે તેમીનાં પોતા ઉપર ઘરમાં શક આવવાની ધાસતી કરવા લાગી જેથી તેહેમતનની પીઆરથી ફરીને ભેટ લઈ તે છુટી પડી. આ વખતે તેનાં દીલમાં ઘણું લાગું. એક શેહેરમાં, એક જગેએ પોતાનાં વાહાલાની નજદીક હોવા છતાં તેની સાથે તે રહી શકી નહી, પણ છુટી પડવું પડીઉં એને તે દુખ જેહેર જેવું લાગું. અલબતાં એમાં માં બાપની દુશમનીની તેને ધાસતી હતી, તોપણ તેહેમતનને ફરીથી મલવાની અને લગણનાં આસીરવાદ ભોગવવાની તેને આશા હતી.

શું એ આસા પાર પડશે ?

શું તેહેમતન અને તેમીનાં એકેકનાં સુખ દુખનાં બાગીઆ દાખલ સદા સાથે રહી શકશે ?

નહી—એતો બરગસતે દાહાડાની નીશાંણીછે.

એક દુખી માણસ ઘણી વેલા સુખની કીનારી ઉપર આવેછે અને પછે તેને અચણુચો એવો આમકો લાગેછે કે તે બીચારો એકદમ પાછો દુખના વમલમાં તણાઈ જાએછે.

તેહેમતન એક શુંદર નારી સાથ પરણીઓ. જેને તે ચાહાતો તે તેને હાથ આવી પણ આ શું ગમ ભરેલું નથી જે દાહાડે! તે પરણીઓ તેજ દાહાડે તેને દેશનીકાલની સજા થઈ

## શખાવત.



આ દુનીઆમાં ખોદાતાલાએ દરએક માંણસમાં કાંઈને કાંઈ હાજત રાખીછે અને કાંઈને કાંઈ ખામી મેલીછે. તેથી કરીને અરસ પરસ એકેકને મદદ આપવા તથા લેવાનો માણસમાં કુદરતી ગુણછે અને તે ગુણને ખાતર દરએકને એકેક તરફ તે સાહેબે ચોકસ ફરજો સરજી આપીછે.

તેવી ફરજોમાની એક ફરજ શખાવતછે. શકતીવાંન પોતાની શકતીનો અશકતને લાભ આપે તે શખાવત થઈ. પછે તે શકતી પઈસા સંબંધી હોએ અથવા તે કોઇ બીજી શકતી હોએ તોબી તેને સારે મારગે વાપરનાંર એક સરખી રીતે સખી જીવનો કેહેવાએછે. મુખીઅ કરીને શખાવત પઈસાની મદદનેજ કેહેવામાં આવેછે, અને મુખીઅ મદદબી તેજછે. દરએક હાજતને પુરી પાડવા અને દરએક હાલતનો ઊપાએ લાવવામાં મોટી જરૂર પઈસાનીછે અને તેટલા માંટે એક અશકત આદમીને જોઈતી શકતીઓ આપવાને પઈસાની શખાવત ઘણી કાંમ લાગેછે.

શખાવત સુખમાં વધારો કરેછે. જે ધણી શખાવત કરેછે તે અને જેને શખાવત કરતો હોએ તે બંને જણને સખાવતથી લાભ થાએછે. મેં મારી ફરજ બજાવી એવો શખાવત કરનાંરને હંમેસાં શંતોશ આવે છે, અને તે અંતકરણનો શંતોશ બીજાં હરએક સુખ સાંનતી કરતાં સરસ જાણવો. હઈડાનાં કેહેવા પરમાંણે એક કાંમ કીધાથી કેટલી ધીરજ આવેછે અને તેથી ઊલટાં ચાલવાથી હઈડાનાં દંખ બીજી સરવે સજા કરતાં કેવા સખત લાગેછે તેની સરવેને અજમાએસછે. એક સખી પુરૂશને તેનું હઈડું હંમેસાં સાબાસી આપે છે, એ તેને મોટો ફાએદો થાએછે. વલી મેં ફલાનાં ઊપર ઊપકાર કીધો અને મારાથી તેને સારૂં થએઊં એવી ખાતરી શખાવત કરેછે અને તે એક બીજો ફાએદોછે. તે સમજેછે કે તેણે બીજાની ગરજ સારી માંટે તેના ગરજને વખતે બીજાઓ ખચીત કાંમલાગશે. એ સમજણથી તેને વધારે ધીરજ આવેછે. છેલે તે પોતાની શખાવતથી પેલી જીહાંનનાં સુખ વીશે ખીરબએ રેહેછે, જે સુખને લાએક થવું એ આ દુનીઆમાં દર એક માંણસની નેમ હોવી જોઈએછે.

શખાવતનાં વલી જુદા જુદા દરજા હોએછે. જે ધણી માતર પોતાનાં હઈડાંને અને પોતાના ખોદાએનેજ રાજી રાખવા શખાવત કરેછે તે પેહેલા દરજાની ખરી શખાવતછે અને તેને ખચીત મોટું માંન ઘરેછે. એવી શખાવત કરનાંર ઘણી લોકોને પોતાની શખાવત જણાંવવાની કાંઈજ દરકાર કરતો નથી, પણ અગત કરીને છુપે નાંમે છુપીજ શખાવત કરેછે. તારપછે જે ધણી રંગ ઈઆ રૂપ, જાત ઈઆ ધરમનો ફેર રાખવા વગર શખાવત કરેછે તેને બીજો દરજજો ઘટે છે. એવો ધણી આ દુનીઆમાં દરએક માંણસને એકજ ખોદાનાં પેદા કરેલા ભાઈ ભાઈઓ ગણેછે અને એટલા માંટે પારસી, કે ફરંગી, ઈઆ હબસી, કે હીંદુ સરવે તેની નજરમાં એક હોવાથી જેવી પેહેલાંમાં તેવીજ બધામાં તે શખાવત કરેછે. એ બે જાતની શખાવત ખરેખર નાંદરછે. પણ તારપછે વલી એક તરીજી શખાવત આવેછે જેમાં એક પુરૂશ પોતાનું નાંમ કાએમ રાખવા માંટે શખાવત કરેછે. એબી શખાવતછે ખરી પણ તે છેલાજ દરજાનીછે કેમકે તે શખાવત કરનાંર પોતે તેમાં પોતાની મતલબ જુવેછે. તે મતલબ પોતાનું નાંમ અમર કરવાનીછે, જે જો સચવાતી નહી હતેતો કદાચ તે પુરૂશ આટલી શખાવત કરતેબી નહી.

હીઆનાં દેશી લોકોમાં શખાવતનો જુસો વધીઓછે એ ઘણું ખુશી ભરેલુંછે પણ હજુર તેમાંની ઘણીક શખાવતો ઊપર કહેલા છેલા દરજાનીછે. અલબતાં જેઓ પોતાનાં નાંમને માંટે શખાવતો કરેછે તેઓથી લોકોનેતો ફાએદાજછે માંટે તેઓને ઊતેજનતો આપવુંજ ઘટેછે, પણ તેની સાથે એટલું કેહેવું ઘટેછે કે એથી જેટલી કીરતીછે તે કરતાં એકબી મતલબ ઈઆ હાસલ વગર માતર કલેઆંણને ખાતરજ શખાવત કરવામાં વધારે કીરતીછે. આ બાબદને મથાલે મેલેલું ચીતર ખરી શખાવતનો થોડોક ખેઆલ આપેછે. શખાવતની પરી દુનીઆંનાં ગોલાની આસપાસ ચારે બાજુએ ઊડેછે અને કેથેબી રાખ રખાવત ઈઆ કાઈનીબી તરફદારી કીધા વીનાં સરવે જગોએ સરખે હીસે પોતાની બખશેશને રેડેછે. તે રેલો ઠંડો અને ઘટે એટલોજ હોએછે. તે વરસાદની છાંટીની મીસાલે ફમજુમ કર

તો વેહેછે અને દુનીઆનાં એક નહી પણ બધા ભાગો ઊપર ફરી વલેછે.

શખાવત કરવાનાં મારગો ઘણાછે પણ આપણા લોકો તે જાંણતા નથી. આતસબેહેરાંમમાં સુખડ ચહડાવીઊં, ઈઆ ખંધા મોબેદો અથવા બરામણોને પેટ ભરીને જમાડીઆ, અથવા ધાંન દારની મોટી નાત કીધી એ કાંઈ શખાવત નથી. ભુખાની આંતરડીને આશીશ દેવી, નાગાને વસતર આપવું, દુખી દરદીને આરામ કરવો, દુકાલ ઇઆ ટીપણીમાં મદદ કરવી, મુસાફરોને આસાએસ આપવી, કેલવણીનો વધારો કરવો એવાં એવાં કાંમ ખરી શખાવતનાંછે. એટલા માંટે ધરમશાલાઓ બાંધવી, ધરમખાતાંઓ કાહાડવાં, કુવા તલાવ ખોદાવવા, ઈસપીટાલો ઊભી કરવી, નીશાલો અને મદરેસાઓ કાહાડવી, નવી ચોપડીઓ અને રસાલાઓ પોતાને ખરચે છપાવવા એ બધાં ઊપલી ખરી શખાવતનાં કામોછે.

## સુવાવડ સંબંધી સુચનાઓ.

૬.

બચું ગરભસતાંનમાંથી બાહેર નીકલવા પછે તેનું મોહોડું તપાસવું જોઈએ. કોઈવાર મોહોમાં તથા નાખ આગલ થુક જેવી ચીજ એકઠી થઈ હોએતો તેને કાહડી નાખવી. એ પરમાણે મોહ અને નાખ શાફ કીધાથી હવાનો રસતો ઘણો ખોલો થાએછે અને દમ લેવામાં ઘણી સેહલાઈ પડેછે.

કોઈ વેલા બચાંની ગરદંન ઊપર નારીઓ વીટલાએલો હોએછે. તેવે વખતે તે નારીઆની દોરીને આસતેથી ખેંચીને થોડીએક બાહેર કાહડવી અને પછે ગરદન ઊપરનાં નારીઆના આંટાને ધીલા કરીને ખભાં આગલ અથવા માથાં ઊપર લઈ જવાં.


કોઈ વેલા માથું બાહેર નીકલીઆ પછે થોડા જવારમાં બદન બાહેર નીકલેછે, પણ કોઈ વેલા એવું બનેછે કે બદનનો બીજો ભાગ ગરભમાં રેહછે અને તરત નીકલતો નથી પણ ઘણીવાર લાગેછે. તેથી બચુ ઘણુ ધાસતીમાં આવી પડેછે. તેનાથી દંમ બરાબર લેવાતો નથી. તેનુ મોહ કાલુ થઇને સુજી આવેછે. ભેજાં ઊપર લોહી બરાબર ફરી વલતુ નથી અને બચું મરી જાએછે. માટે જારે બચું આવી ધાસતીમાં આવે તારે માંતાનાં પેડુ ઊપર એક હાથે મજબુત ભાર મુકવો. તેથી વીન જોરમાં શરૂ થશે તેવુંજ એક હાથમાં બચાંનું બાહેર નીકલેલું માથું પકડીને બીજા હાથનુ છેલું આંગલું બચાંની કાખની અંનદર હુકની મારફતે ભેરવીને ખેંચવું કે જેથી કરીને બચાંનું બદંન જલદીથી બાહેર નીકલી આવે.

જો બચું તંનદરોસત હોએ અને તેને બીજી રીતે નુકશાંની પુગી નહી હોએતો તે બાહેર નીકલીઆ પછે રડેછે અને સવાસ લીએછે. બચાંએ સવાસ બરાબર લીધા પછે નારીઆને બચાંના પેટથી બે તરંન ઈનચ ઊપર દોરાએ મજબુત બાંધવો અને બીજી ગંમથી મા આગલના છેડાનેબી મજબુત બાંધવો. તેપછે એ બેઊ છેડાની વચમાં નારીઆને કાતરે કરીને કાપવો અને બચાંને ફલાલીનના કકડામાં વીતારીને એક બાજુએ મુકવું. પણ બચાંને મુકવાની અગાઊ દાઈને ઘટેછેકે બચાંની ગંમનો નારીઆનો છેડો ફરીથી તપાસવો અને જો તેમાંથી લોહી નીકલતુ હોએતો તેને ફરીથી દોરીએ મજબુત બાંધવો એવી શંભાલ નહી લીધાથી કેટલીએક વખત લોહી ઘણું જાએછે અને બચું મરણ પાંમેછે.

નારીઓ બાંધીઆ પછે દાઈએ પેલી સ્ત્રીનુ પેટ ફરીથી તપાશવું કે બીજું બચું ગરભમાંછે કે નહી જો તપાસ ઊપરથી પેટ નાહાનું માલમ પડે અને ગરભ બચાંનાં માથાં જેટલો લાગેતો જાંનવું જે બીજું બચું નહી હશે. જો એમ હોએતો સુવાવડીનાં પેટઊપર દુંટી આગલથી તે છેક પેડુની નીચલી બાજુવેર પાટો બાંધવો. પાટો બાંધીઆથી સ્ત્રીના ધીલાં પેટને ટેકો મલેછે અને તેથી તેને ઘણો કરાર વલેછે. પાટો બાંધીએ પછે ખરડેલી ચાદર બદલી નાંખીને સુવાવડીને શુવાવી અને બીજી ગડબડ કાંઈ કરવી નહી. દ

કોઈવેલા એવું બનેછે કે બચું ગરભમાંથી બાહેર નીકલીઆ પછે રડતુ નથી. તેનો દંમ બંધ થાએલો હોએછે. આવી વેલાએ નારીઆને જલદીથી બાંધીને બચાંને માએ તરફનો નારીઓ કાપીને છુટું કરવું અને બચાંને શવાશ લાવવાને વાશતે ગરંમ પાંણીમાં બોરવું અને મોહ ઊપર થંડા પાંણીનાં ફટકા મારવા કે જેથી કરીને બચું કદાચ સવાસ લીએ અને રડે, પણ જો આટલા ઊપાએ કીધાથી બચું શવાશ નહી લેતો તરત ડાકટરની મદદ લેવી કે જે બીજા ઘટતા ઊપાએ લગાડીને કદાચ બંનચાવ કરે.

# રાખશી ઈસટીમર "ગરેટ ઈસટરન."



સુનાંબાઈનાંધણી ધનજીશાહા જારે ચીન ગએ આ તારે સુનાંબાઈ તેવણને આગબોટ ઊપર મેલવા ગએઆં અને આગબોટનું કદ તથા તેમાંની ગોઠવણ જોઇ તાજુબ થવા લાગાં. આપણી બેહનીઓને દરીઆમાં ફરવાની તથા બારકસો સંબંધી ગનેઆંન મેલવવાની તખે નહી હોવાથી તેઓ જારે એક નાંહાંનાંમાં નાંહાંનાં વેલાતી બારકસને પેહેલ વેહેલું જુવેછે તારે બહુજ અચરત થાએછે. "જાંણે ઘેર જેવું ઘેર, જરા હીલે નહી કે ચાલે નહી, ને માંણસોતો જાંણે જમીન ઊપર ચાલતાં હોએ, બધાં જણ પોત પોતાનું કાંમ કરે ને દરીઆમાં વસવા છતાં કોઈને કસી વાતની ફકર ચીંતા મલે નહી." આવા શુખનો જે બાઈઓ વારેવાર બોલેછે તેઓને જો આ મથાલે ચીતારેલી આગબોટમાં લઈ જઈને મેલીઆં હોએતો તેઓ કેટલાં અચરત થાએ ! તેઓ પુછશે કે "આ શું આગબોટછે કે કીલોછે, આ શું દરીઆને વાસતે વાંહાંણ બાંધેલુંછે કે રાંણીનો મેહેલછે ?"

વાંચનાર બાંનુઓ જાંણતાં હશે કે આપણાં બંદરમાં જે મોટી આગબોટો અને મનવારોને જોઈએ છઈએ તે વેલાતમાંતો ઘણી સાધારણ અને નાંહાંની ગણાએછે. પણ જો મોટાંમાં મોટું, સઊથી નામીચું અને અજાએબ જેવું દરીઆઈ બારકસ જોવું હોએતો ઊપલી ઈસટીમર નાંમે "ગરેટ ઈસટરન" છે. તેનો તમાંમ હેવાલ અચરતી ભરેલોછે, અને આ જનાં જમાંનામાં માંણસ જાત અકલનાં બલથી કેવું કરી સકેછે તે એ ઊપરથી જણાઈ આવેછે. આ ઈસટીમર સને ૧૮૫૩—૫૪ થી વેલાત ખાતે બાંધવા માંડી હતી. તેને કેટલાક વેપારીઓએ એકઠા મલીને બાગમાં બંધાવી હતી અને તેઓનો એવોજ વીચાર હતોકે જારે ખરચ કીધો તારે પુરોજ કરીને માહાભારત કાંમ લેવું. તેમ કરવાનાં કેટલાંક કારણો હતાં. હાલનાં બારકસો ગમે એટલાં મોટાં તોપણ તેમાં ચોકસ હદથી વધારે માંણસો ઈઆ માલ સમાઈ શકતા નથી. વલી હાલની ઈસટીમરોમાં પુરતો કોલસો નહી સમાવાથી ઘણી લાંબી મંજલોને વખતે તેમને બંદરો કરવું પડેછે અને તેથી સફરમાં દાહાડા લાગેછે. એવી એવી ખાંમીઓને દુર કરવાનાં વીચારથી સઊથી લાંબી સફર, સઊથી ઓછી મુદતમાં અને સઊથી ઘણાં માંણસો સાથ થઈ શકે તેમ આ ઈસટીમર તેઓએ બાંધવા ધારી હતી.

આ ધારણામાં તેઓ ફાવીઆ. ઈંગરેજોની એક ખુબીછે કે તેઓ સઊથી હુઘડાં કાંમોને માંથે ઊઠાવેછે. તેમ ઊપર ચીતારીઆ સરખી એક રાખશી ઈસટીમરને તેઓ બાંધી શકીઆ. તેનાં મોટાં કદનું ભરત હેઠલ જણાંવીઆ પરમાંણેછે. એ ઈસટીમર ૬૯૨ ફીટ લાંબી, ૧૧૮ ફીટ પોહોલી અને ૬૦ ફીટ ઊંચીછે. એ બારકસ મધે જડેલાં લોહોડાંનુ વજણ ૭૦૦૦ ટન ૧૫૬૮૦૦૦૦ રતલછે, અને સફર કરતી વખતે સઘલા બોજા સુધાં એ આખી આગબોટ વજણમાં ૧૦૦૦૦ ટન ૨૨૪૦૦૦૦૦ રતલ થાએછે. જારે એ ગંજાવર બારકસનું ખોખું તઈઆર થવાથી તેને પાંણીમાં ઊતારીઊં તારેજ તે વજણમાં બે કરોડ રતલ હતું! તેની બાંધણીમાં જાડાં લોહોડાંનાં ૧૦ હજાર પત

રાં લાગાં હતાં અને ૨૦ લાખથી વધારે હુક, ખીલા, ઈતીઆદી લેવા પડીઆ હતા.


આવાં મોટાં કદનો કાંઈબી વીચાર આપવો ઘણો મુશકેલછે. સુરત અને કોસટાઓ ખાતે ફરતી આ પણીનાંહાંની આગબોટોતો આ બારકસ આગલ મછવા દાખલછે જેમાંની એક ઊપલાં ચીતરમાં પાડી દેખાડી છે. ઈંગલંડમાં સઉથી પોહાલો રસતો "પોરટલાંડ પ લેસ" નાંમનો ગણાએછે અને આ ઈસટીમર તેની બરોબર પોહાલીછે. તેનો એક છેડો જો ધોલીતલાવ ઊપર ગણીએતો બીજો છેડો પાથી વધારે મેદાંન સુધી આવી પોંહાંચે. અને એવું કેહેવાએછે કે એક છેડેથી બીજે છેડે થઇ પાછો પેહલે છેડે આવતાંમાં બરોબર ૦૧ માઇલની મંજલ થાએછે. આવા મોટાં બારકસમાં એક છેડાથી બીજા છેડા ઊપર ઊભા રહી વાત ઈઆ હોકમ કરવા એતો તદન નહી બને એવું હોવાથી અરસ પરસનાં સંધેશાને માટે તેમાં વીજલીનો તાર રાખીઓછે.

જારે આ બારકસ આટલું મોટું તારે તેનાં બીજા દરએક ભાગબી મોટા હોવા જોઇએ. તેનાં બે પઇડાંમાના દરએકની વીઆસ ૫૬ ફીટછે, ઇઆને લંડનમાં ઘોડાની કસરતનાં ખેલને લગતાં સરકસના એક સાધારણ ઘેરાવા કરતાં આ પઇડાં મોટાંછે. તેનાં પાંચ ધુમાડીઆંછે અને તે દરએક ધુમાડીઆંમાં ખાંણાની ટેબલ મંડાએ એટલાં પોંહાંલાંછે. તેમાંનાં બાફનાં સાંચા દુનીઆંમાં શઊથી મોટા ગણાંએછે. આખો સાંચો ૫૦ ફીટ ઊંચોછે. પઈડાં ઊપરાંત આગબોટ ચલાવા માટે ઈસકરૂની ગોઠવણછે જેને વાસતે બાફનો જુદો સાંચો રાખીઓછે, અને તે ઊપરાંત ઈસટીમરને સઢથીબી ચલાવવી પડીછે, જેનાં છ મોટા ડોલછે અને ૬૫૦૦ ચોરસવાર કનતાંનથી એ ડોલનાં સઢ બનેલાછે. એ ઈસટીમરને માટે દસ લંગડછે અને ૮૦૦ વાંમ સાંકલછે, જે સાંકલનું એકેક કલું જાડાઈમાં ૩ ઇચ તથા વજણમાં ૭ રતલછે. શંકટને વખતે કાંમ લાગવા માટે દરએક બારકસ ઊપર મછવાઓ રાખેછે, પણ આ બારકસ એટલું મોટુંછે કે તે ઊપર સુરતની આગબોટો જેટલી બે આગબોટોને તથા ઘણાંક મછવાઓને ચહડાવી રાખીઆછે. આ સઘલાં કાંમને માટે તેમાં ૪૦૦ ખલાસીઓછે, જેઓને સઢ ચહડાવા, લંગડ નાંખવા અને બીજાં ઘણાંક કાંમોમાં મદદ કરવા માટે વલી જુદા સાંચાઓ ઊભા કીધાછે.

રાખસી ઈસટીમર "ગરેટ ઈસટરન" માં ૪ હજાર ઊતારૂઓ સમાંએ એટલી જગા અને ગોઠવણો કરી રાખીછે. તે ઊતારૂઆેને માટે મોટાં મોટાં દીવાંનખાંનાઓ અને ઓરડાઓ બાંધીઆછે, જેમાંનો સીણગાર અને રચનાં એક મેહલની બરોબરનોછે, અને જો એક ગાંમડીઆની આખે પાટા બાંધી તેને તે દીવાંનખાંનાંમાં લઈ જઈને પાટા છોડીઆ હોએતો તે દરીઆમાં ઊભોછે એમ કદી માને નહી પણ એવુંજ વીચારે કે તેને કોઈ મોટાં માંણસની હવેલીમાં ઊભો રાખીઓછે. ફકત બીજા વરગને ખાવાનો ઓરડો એટલો મોટોછે કે તેમાં ૫૦૦ માંણસની ટેબલ મંડાએ. એ ઊપરાંત આ મનવારમાં બબરચીખાંનાં, આઈસ હાઊસ, ઈસપીટાલ, માલ ભરવાની વખારો, અને બીજાં ઘણાં ભાગ મોટાં તથા કુસાદછે. તેમાં રાતને વખતે ગેઆસ લાઈટ થાએછે.

બરોબર બોલીએતો ઈસટીમર ગરેટ ઈસટરન આ જમાંનામાં એલમનો અછો નમુનોછે. પણ ઈંગરેજ બચો તેને બાંધવામાં જેટલી ફતેહ પાંમીઓછે તેટલી ફતેહથી તેનું કાંમ ચાલેછે કે નહી તે હજુર જોવાનું રહેઊંછે. એવી મોટી ઈસટીમર ચલાવવી સેહલ નથી અને કેટલાકો ધારેછેકે તેનું કાંમ બીલકુલ ચાલવાનુંજ નથી. એ ઈસટીમરે કેટલીક સફરો કીધીછે, પણ તેમ નુકસાંન ઘણું ખમીઊંછે અને તેનાં ધણીઓનેતો હજુર સુધી રોગો હોવાથી તેઓએ ખોટ ખાઇને તેને વેચી નાંખીછે. ગમે તેમ હોએ પણ એ ઈસટીમર કેવી જોવા લાએક હશે તથા જે લોકોએ તેને બાંધી તે લોકો કેલા કાબેલ હશે તે વાંચનારી બાંનુઓએજ વીચારી લેવું. એવાં માહાભારત કાંમ માંથે ઊઠાવનારાઓ ખરેખર કેલવાએલા હોવા જોઈએ. ખરી કેલવણી કાંઈ વાંચવા લખવા શીખીઆ એટલે પુરી થતી નથી પણ આવાં પરાકરમો કરવાની જેથી શકતી મલેછે તે ખરી કેલવણીછે અને તેવી કેલવણી લીધા વીનાં કોઈબી પરજા મોટાઈ અને નાંમદારી મેલવે એવું જો વાંચનાર બાંનુંઓ ધારતાં હોએતો તેઓની તે ભુલછે.

## દરબીનની અજાએબીઓ.




ચંદર.

આકાશ ઊપરનાં ગોલાઓમાં સુરજ પછે જેની તરફ દુરબીન ફેરવવાની અગત માલંમ પડે છે તે ચંદરછે. તે સુરજ કરતાંજ નાંહાંનો દીસેછે, અને સુરજ કરતાં વધારે ઠંડી રોશની આપેછે, જેનાં રૂપેરી કીરણો અસલી વખતથી માંણસ જાતની વખાંણ મેલવતા આવીઆછે. સાહેરોની સહરાઈ અને ધરમીઓની આરાધનાં આ ગોલા તરફ ખેંચાએલીજ છે. વીદવાંનો માંણસનાં ભેજાં ઊપર ચંદરની અસર સમજેછે અને વઈદો ચોકસ દરદોનાં જોસ સાથ તેનો સંબંધ ધારેછે. સાદી આંખે તે એવો અજાએબ જેવો ગોલો લાગેછે, પણ દુરબીનથી જોતાં તેમાં ખોદાતાલાની બેહદ કરાંમત અને અપાર શકતીની નીશાંણો માલંમ પડેછે.

આખો માહતાબ દુરબીનમાં કેવો દેખાએછે તેનું ચીતર ઊપર આપીઊંછે. વાંચનાર જોશે કે તેમાં ચંદરની સપાતી ઘણીજ ખબરાએલી અને ખોહો તથા ખાડાઓથી પુર લાગેછે. એ ઊપરથી લાંબી તપાસ કરીને વીદવાંનો એક અજાએબ જેવી તરક બાંધવામાં એકમત થએઆછે. તે તરક એછે કે ચંદર માતર મટોડી ઈઆ એવીજ કોઈ પદારથનો એક ગોલોછે, અને તે જે રોશની આપેછે તે માતર સુરજની રોશની તે ઊપર પડવા પછે તેનાં પડછાએઆનો ઊજાસછે. જેમ એક કાચને ટકડાંમાં ધરીઆથી સાંમેનાં છાએડામાં તેનો ઊજાસ મારેછે, અથવા જેમ એક ચુનાંની દેવાલ ઊપર તડકું પડતું હોએતો સાંમેનાં ઘરોનાં અંધારા ઓરડામાં ઊજરડુ આવેછે, તેમ આ ચંદર ઊપર આફતાબની રોશની પડવા પછે તે દુનીઆં તરફ આવેછે અને તેને આપણ ચંદરની કહીએ છઈએ.

ચંદરનાં ઊપલા દેખાવ ઊપરથી બીજી જે બીનાં સીધ થાએછે તે એછેકે ચંદરની સપાટી ઊપર ઊંચા પાહાડો અને ઊંડા ખોહા તથા ખીણ ઘણી છે. આ પાહાડો વીશે જોતીશો એટલાતો એકમત થએઆછે કે તે વીશે કસો વાંધો નહી હોવાથી તેઓએ આગલ વધીને એ પાહાડોની લંબાઈ પોહોલાઈ પણ માંપીછે.




એટલુંજ નહી પણ જારે ચંદર હરધો ઈઆ પોણો દેખાએછે તારે તેનાં બાટીનાં કાલા ભાગ ઊપર કેટલીક જહલકતી નીશાંણો જોવામાં આવેછે જેમને બલતા પાહાડો ધારવામાં આવેછે. ચંદરને હરધો જુવો કે આખો તોપણ સપાતી સુરજનાં સરખી સાફ દીસતી નથી. કોઈ જગામાં ઊજાસ અને કોઈ જગામાં અંધારૂંછે અને એજ બીનાં કહી આપેછે કે જાંહાં અંધારૂંછે તાંહાં પાહાડોની ખીણ ઈઆ ખોહો હશે જેમાં રોશની છેક હેઠાંણ સુધી પોહોંચી વલતી નહી હશે. ચંદરનાં પાહાડો હરધાથી પાંચ માઈલ સુધી ઊંચા ગણવામાં આવેછે. તેમાંનાં કેટલાક થોડી જગા રોકેછે પણ કેટલાક હીઆંના ઘાટની મીશાલ ઘણાં લાંબા તે છેક ૩૦૦ થી ૪૦૦ માઈલ સુધીનાંછે.

ચંદર ધરતીથી ૨ લાખ ૪૦ હજાર માઈલ દુરછે. આપણી દુનીઆં સરખી આસરે ૩૦ દુનીઆં આને હારેકટાર ગોઠવી હોએતો એટલા માઈલ થાએ. ચંદર પુરૂથવી કરતાં પચાસ ઘણો નાંહાંનોછે, જેની વીઆસ બે હજાર ૧૫૩ માઈલની ગણવામાં આવીછે. જેમ ગરેહઓની આસપાસ દુરબીનમાંથી વાદલાં અને હવા દેખાએછે તેવુ ચંદરની આસપાસ કાંઈ નથી જે ઊપરથી એવું ઠરેછે કે એ ગોલામાં પાંણી ઈઆ કોઈ પરવાહી પદારથ નથી. અગરજો તેમાં દરીઆ, ઈતીઆદી હતેતો તેનાં બાફથી વાદલાં બંધાવા વીનાં રેહતે નહી.


ચંદર મધ્યે દરરોજ થતો ફેરફાર માંણસનું ધેઆંન ખેંચે એવોછે. ઊપલાં ચીતર પરમાંથી કોઈ દાહાડે તે બારીક રેસા જેવો દેખાએછે, પણ તારપછે તે મોટો થતો જાએછે અને હરધો, પછે પોણો અને આખો થાએછે, જે પછે વલી પાછો તે ઘટીને આગલ મુજબ થાલીની કોર જેવો દેખાએછે. આ ફેરફારની સમજ ઘણી સેહેલછે, પણ તે હીઆં ગમે એટલાં ચીતરથી આપવા કરતાં એક માંણસની સાંમે બતી મેલીને એક ગોલાને તે માંણસની આસપાસ ફેરવીઆથી વધારે સમજ પડેછે. ખરેખર જોતાં કાંઈ ચંદરનાં કદમાં દર રોજ વધઘટ થતું નથી, પણ તેનાં ધરતીની આસપાસનાં ફરવાથી તેની જે જગા બદલાએછે તે જગાને લીધે આ ફેરફાર આંપણને માલંમ પડેછે.

એની સમજ આપવા અગાઊ આ વાત ધેઆંનમાં રાખવી જોઈએ કે ચંદર ધરતીની આસપાસ લગભગ એક મહીને ફરી રેહેછે અને એટલા દીવસ પછે તે જાંહાંથી નીકલીઓ હોએ તાંહાં પાછો આવેછે. એમાં મહીનાં કરતાં થોડા કલાક ઓછા લાગેછે. તે પશચીમથી પુરવ તરફ ફરેછે. એ બીનાં જાણવાની રીત આછે. એક ખોલી રાતને વખતે એક ચોકસ તારાથી ચંદર કેટલો દુરછે તે જોવું. બીજી રાતનાં તે તારા અને ચંદર વચેનાં તફાવતમાં ઘણો ફરક માલમ પડશે. અગરજો તે તારો ચંદરની ઊગમણુ તરફ હશેતો ઊપલો તફાવત ઓછો થશે, અને ચંદર તેની પાસેથી થઈ જશે, જે પછે તે દુર જશે અને લગભગ એક મહીનાં પછે ચંદર પાછો આગલી જગા ઊપર આવશે.



વલી બીજી વાત એ ધેઆંનમાં રાખવી કે દુનીઆની આસપાસ ફરતા આ માહતાબી ગોલાની એકજ બાજુ ઈઆને હરધો ભાગ હમેસાં સુરજની તરફ રેહેછે, અને જે ભાગ સુરજની તરફ હોએછે તેજ ભાગ ઊપર સુરજનો ઊજાસ પડેછે તથા તેજ ભાગ આપણને રોશની આપેછે. પાસેનાં ચીતરમાં વચોવચમાં ધરતી અને આસપાસ ચંદરને ફરતો રાખીઓછે. એ ચંદરની એકબાજુ સફેદ અને એક બાજુ કાલીછે. જે સફેદ બાજુછે તે સુરજની તરફ હોવાથી તે ઊપર રોશની પડવાને લીધે તે સફેદ દેખાએછે. હીઆં સુરજની તરફ ચંદરનો એકજ ભાગ કાએમછે અને બીજો ભાગ જે સુરજની સાંમે નથી તાંહાં અંધારૂંછે.

ઊપલાંજ ચીતરમાં ધરતીનો જે ભાગ કાલોછે તે ભાગ ઊપર રાતછે. હવે એમ સમજીએ કે ધરતીનાં તે કાલા ભાગ ઊપરથી એક માંણસ ચંદરને જુવેછે. એ ચીતરમા ધરતીનાં જમણા હાથ ઊપર ઈઆને સુરજ તરફ જાંહાં a ની નીશાંણછે તાંહાં જારે ચંદર હોએ તારે રોશની વાલો ભાગ તે માંણસની પેલી બાજુએછે અને ચંદરનો માતર કાલોજ ભાગ તે માંણસની સાંમેછે. પણ પછે જેમ ચંદર એક જગોએથી બીજી જગોએ ફરતો જાએછે. તેમ ચંદરનો રોશની વાલો ભાગ થોડો થોડો તેની સાંમે આવતો જાએછે અને દેખાતો જાએછે. જે પછે જારે તે ફરીને ધરતીની ચીતર માહેલી ડાબી બાજુએ e આગલ આવેછે તારે ચંદરની રોશનીવાલી બાજુ આખી દેખાએછે. વધારે સમજને માટે એક બીજું ચીતર આપીએ છઈએ. હીઆં જમણા હાથ ઊપર સુરજનો મોટો ગોલોછે તેની સાથે એકજ લીટીમાં ધરતીછે અને તે ધરતીની આસપાસ સમજને માંટે ચંદરનાં બે ઘેરાવા પાડીઆછે. એક ઈઆને અંદરના ઘેરાવામાં ચંદરની એકજબાજુ હંમેસાં સુરજ તરફ હોએછે તથા તેથી ઊજાસ પાંમેછે એવું દેખાડીઉછે, અને બાહેરનાં ઘેરાવામાં ચંદર જેમ એકથી બીજી જગોએ ફરતો જાએ તેમ તે ઊજાસ વાલી બાજુ કેટલી કેટલી દેખાએછે તેનો ચીતાર આપીઓછે. એ ચીતરમાં ધરતીની જમણી બાજુએ અમાસનો ચાંનછે કેમકે ચંદરનો રોશન ભાગ ધરતીની તરફ નહી પણ બીજી બાજુએછે. પેલીગમ ધરતીનાં ડાબા હાથ ઊપર પુનમનો આખો ચાંનછે કેમકે તાંહાં ચંદરની તમાંમ ધોલી બાજુ ધરતીની તરફ આવીછે અને કાલી બાજુ પછવાડે ગઈછે.



ચંદરનો ગોલો સંગીન હોવા છતાં સુરજની રોશનીથી આપણને ઊજાસ આપેછે એવું જારે નકી થએઉં, તારે ખોલુ ઠરેછે કે આપણી ધરતીનો સંગી

ન ગેલો પણ સુરજનાં કીરણથી ચંદરને ઊજાસ આપતો હશે. એ ખરૂં પણ ઘણું નવાઈ સરખુંછે. ચંદર આપણને રોશની આપેછે, અને આપણ ચંદરને રોશની આપીએ! એની બીજીબી સાબેતીછે. ચાંદરાત, બીજ, ઈઆ તીજને દાહાડે જોકે ચંદરનો થોડોજ ભાગ જહલકતો દીસેછે તોપણ તેનો બાકીનો ભાગ છેકજ નહી જણાતો એમ નથી. તે કાલાં ધોલાં સરખોબી દેખાએછે, એ ઊપરથી એવું કેહેવાસે કે તે એટલોબી રોશંન થાએછે તે ધરતીનાં ઊજાસને લીધે હશે.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૨૨.



પીઆરાં બેહેન,

આસટરીઆથી નીકલેલો હું ટરકી દેશમાં આવી પુગો છઊં. આખાં ઈઊરોપખંડમાં એખલુ એજ મહમદી રાજછે. તેની ઊતરે આસટરીઆ અને રશીઆ, ઊગમણે કાલો સમુદર, દખણે ઈશીનાંન દેશ તથા આઠમણે આસટરીઆ દેશ આવેલુંછે. એ દેશ ઈઊરોપમાં સઊથી ઓછું સુધરેલું હોવાથી તથા બીજાં મહમદી રાજોની માંફક તેનો કારોબાર અઘેર ચાલવાથી તેને લગતી સતા ભરેલી વીગતો મલતી નથી. એ દેશ ભરતમાં ૨૦૦૦૦૦ ચોરસ માઈલછે અને તેમાં આસરે ૧૫ કરોડ માંણસોની વસતીછે.

ટરકી દેશની હવા ઘણું કરીને સીતલ તથા ઠડી છે. ઊતર ભાગમાં હુનાલાને વખતે શખત ગરમી પડેછે, પણ વલી શીઆલાની તાહાડ એવી હોએછે કે પાંણી બંધાઈ જાએછે અને નદીઓ ઊપર પઈડાં વગરની ગાડીઓ ચલાવીને મુસાફરી કરવી પડેછે. ટરકીની જમીન ઘણીખરી ફલવંતછે. તે ઊપર ઘણીક જાતનાં અનાજ, લાકડાં, ફલ અને ફુલની ખેતીવાડી ચાલેછે. તે જમીનના ભીતરમાં કેટલેક ઠેકાંણેથી લોહોડું અને બીજી ધાતુની ખાંન પુશકલ મલી આવે એવું દીસેછે પણ તે ઊપર લોકો તરફથી કાંઈ ધેઆંન અપાતું નથી. સગેમરમર ટરકીમાંની એક કીમતી પેદાએસછે તથા હીઆં ચાખનો પણ સારો જથો મલી આવેછે. ટરકીમાં જાંણવરોની વસતી તેની આસપાસનાં બીજાં દેશોનાં સરખીછે. જંગલોમાં રીછ વરૂ, હરણ ઈતીઆદી, તથા પાંણીમાં માછલી, જલો ઈતીઆદીની સારી સંખીઆ વસેછે. ઘરઘતુ જણાવરોમાં કુતરો



મુખીઅછે, જેનો ટરક લોકોને અજાએબ જેવો શોખછે અને જેની વસતી ઘણાંખરાં દરએક ઘર મધે દીઠામાં આવેછે ટરક લોકો કુતરાઓને પાલેછે, પસવાડેછે અને તેમની સાથ તરેહવાર રમત કરેછે તથા પીઆર દેખાડેછે. ટરકીમાં પાહાડો અને નદીઓ ઘણાંછે. ડાંનીઊબ નદીનો છેડો પણ હીઆંજ આવેછે.

ટરક લોકોનું એક ચીનર મેં ઊપર આપીઊંછે. તેઓમાં અને ઈઊરોપખંડનાં બીજા સરવે રેહેવાસીઓમાં મોટો ફરકછે. તેઓની રીતભાંત ઘણીખરી એશીઆખંડનાં રેહેવાસીઓને મલતી આવેછે. તેઓમાં વેપાર અને ઊદીઓગ ઘણોજ કમછે. જેઓ શકતીવાલા હોએ તેઓ સતાવાલાબી હોએછે અને ખેતીવાડીનાં તથા બીજાં મેહનતનાં ધંધા બીજી કોમ વાલાઓનાં હાથમાં હોએછે, જેઓને ટરક લોકોએ જીહીતી લીધા માટે તેઓ ઘણાં મગરૂર રેહેછે તથા તે પરજાને ધીકારેછે. ટરકીનાં ગલીચા, રેસમી કપડ, તથા ચાંમડું દુનીઆમાં વખાંણ પાંમેછે, પણ તેનાં કરતાં વધારે ધંધો જોશુંતો દરાખ, અંજીર અને કાશી વેચવાનોછે. ટરક લોકો કેલવણી લીએછે પણ તે માતર પોતાનાં ધરમ પુસતક કોરાંન શીખવા સીવાએ બીજી વધારે કેલવણી તેઓ લેતા નથી. તેઓ એ

કોરાંનમાં ફરમાંવીઆ પરમાંણેજ બધી રીતે ચાલેછે, જેથી સુધરાઈમાં અતીઘણાં પછાત અને અરધા જંગલી ગણાંએછે.



આ ચીતર ટરકીનાં સુલતાંનનુ છે. સુલતાંન એ તાંહાંના પાદશાહાનો ખેતાબછે, જે ખલીફ઼ ઇઆને મહુમદ પેગાંમબરનો વકીલબી કેહેવાએછે. એ ઊપરથી ધરમ અને રાજદુવાર એ બંનેમાં વડી સતા ધરાવનીંર પાદશાહાછે, જેને ઇશવર તરફથી આધાહી થાએછે એવું ધારવામાં આવેછે અને તેટલા મારે જો તે ચાહેતો દરરોજ ચઊદ માંણસોને કસું કારણ જણાવીઆ વગર મારી નાંખવાનો તેને હકછે ! તોપણ સંધુ રાજ કોરાંન પરમાંણે ચલાવામાં આવેછે, જેની પાદશાહાને સમજ આપવા મારે મફ્તી નાંમનો વડો અધીકારી હોએછે. મફ્તી પોતાની સાથ કાબેલાની એક કચેરી રાખેછે અને પાદશાહા હરેક કાંમ કીધા અગાઊ મફ્તી પાસેથી ફ્તવો લઈને તે કાંમ કરેછે. કોઇવાર એવુંબી બનીઊંછે કે મફ્તીઓએ પાદશાહાની સાંમે ફ્તવો આપીઆથી બલવો વાજબી ગણાંએ. સુલતાંન પોતાનાં સંધા હોકમ વજીરની મારફતે કરેછે. દેશનાં પંદર ભાગ કોધેલાછે અને તે દરએક ભાગને માંથે હાકમો ઠરેછે, જેઓને પાશા કેહેછે અને તેઓ રઇએત ઊપર કોઈબી પરકારનો જુલમ ચલાવી શકેછે. જે પાશા તીજોરીને સઊથી વધતી આવક કરી આપે તે સઊથી સરસ પાશા ગણાંએછે.

બીજાં દેશનાં મુસલમાંનો કરતાં ટરક લોકો થોડાબી વધારે સમજુ અને સુધરેલાછે. બીજાં રાજો કરતાં ટરકીમાં રઈએતને જરા રતીબી ઈનસાફ઼ મલેછે તથા એલમ હોનરો પાછલ આસતે આસતે શોખ વધેછે. એ સઘલું ઈઊરોપીઅનો સાથ સંબંધમાં આવવાને લીધેછે, તોપણ અતીઘણી બાબદોમાં તેઓ વેહેમી અને પછાતછે જેથી ઈઊરોપનાં કેટલાક રાજવાલાઓતો આવા પહોશીને પોતાની સંપ મધે ગણવામાં અપમાંન સમજેછે, પણ અદલ ઈનસાફ઼નું ઇગરેજી રાજ બનતાં સુધી વચે પડીને ટરક લોકોને ઈઊરોપમાંથી હાંકી કાહાડતાં અટકાવેછે. ઈસવી સને ૧૪૫૩ માં એ દેશને ટરક લોકોએ ઈઊનાંનીઓનાં હાથમાંથી જીહીતી લીધું હતું. તારથી તેઓ સરેસતા પરમાંણેની હાર જીહીત કરતા એ રાજમાં ટકીઆછે.

ટરકીનું પાએતખત કાંનસટાંનટીનોપલ અથવા ઈસટમબોલછે. એ દેશનાં બીજાં કેટલાંક શેહેરો મોટાંછે, પણ ઈસટમબોલ સઊમાં સુંદર અને વસતી વાલું શેહેરછે. મીનાંરાઓ સુધાંની હવેલીઓ



તથા કાજીઓ અને મુલાંઓથી ભરેલી મસજીદો શેહેરની ઊપર નીકલી આવેલીછે તેનાં બારામાનાં વાંહાંણો ઊપરથી આ દેખાવ મનોરંજક લાગેછે. શેહેરનાં માંહેલા ભાગો ઘણાં ગલીચ અને રસતાઓ સાંકડાછે. કેટલાક સરકારી કુતરાંઓ હીઆં કચરાપતીનુ કાંમ કરેછે. એ શેહેરનો ઘેરાવો આસરે તેર માઈલનોછે. ઘેરો ઘણાં કઠંગા અને શાદાં હોએછે. તેમની અંદર સોંમાણ જાજો નથી. ટરકો ઘણું કરીને ચોખા તથા મેવો ખાએછે અને કાફ઼ી પીએછે. દારૂ પીવાની તેઓનાં ધરમમાં મનાંઇછે પણ કેટલાકો અફીણ ખાએછે. તેઓનાં હમામખાંનાં જોવા લાએક હોએછે. તેઓ સેતરંજનાં ઘણાં શોખીછે. તેઓ હુકા પીવાનોબી ઘણોજ શોખ રાખેછે અને ઘણાંઓનાં હુકા છ ફ઼ીટ લાંબા હોએછે. તેઓ ટેબલ ખુરસીને બદલે ગલીચા ઊપર બેસેછે. તેઓ પાઘડી તથા મોટા જભા પેહેરેછે અને તેઓના લેંઘાનાં ખસતક તથા પાએજા ઘણાં મોટાં હોએછે.



આ એક ટરક સ્ત્રીનું ચીતરછે. ટરકી દેશમાં બીચારી ઓરત જાત ઊપર ભારી જુલમ પડેછે. તેને મા તર હવસ પુરી પાડવાનું હથીઆર ગણવામાં આવેછે. મહમદીઆંન ધ રમમા ચાર બાએડી અને ગમે એટલી રાંડ રાખવાની છુટછે. તેથી શકતી વાલાઓ જેટલી બને એટલી સ્ત્રીઓ ને સંઘરી રાખેછે.' પાદશાહાઓનીતો એકસોથી વ ધારે બાએડીઓ હોએછે. તે બીચારીઓને પીંજરાંની મીશાલે મેહેલનાં એક ભાગમાં ગાધી રાખેછે, જાંહાં કોઈબી મરદને જવાનો હોમક નથી. તેઓને બાહા ર જવા આવવાની રજા નથી અને કોઈવાર જોજ વું પડેતો મોહોડું ઢાંકીને બંધ ગાડીમાં સીપાઈઓ ચો કી પેહેરા વગર તેઓથી જવાઈ શકાતું નથી. આટલું છ તાંબી તેઓમાં ખરાબી અને અનીતીનો કાંઈ અંત નથી.

## સાસુ વહુની વઢાવઢ.

"અરેરે! મારા કાંહાં ભોગ લાગાતાકે સુંઆં હા વાં કમજાતને બસ પડી સુઆં એવાં કમબખત મારે વરે કાંહાં સંતાઈ રહેઆતાં" એવી રીતે સુનાબાઈ એક દાહાડે સખી સાંજને વખત ઉંબર ઉપર બેસીને રડતી રડ તી બોલેછે. તેવામાં મેહેરમાએ નામે એક ડોસાં તેનાં ઘેરમાં ભાડુત રેહેતાં હતાં તે તાંહાં આવેઆં અને સુનાબાઈને ર ડતી જોઈને બોલેઆં "કાંએ સુનાંવહુ કાંએ, આંખ પાંણી કાંએ ભરેછે ? નારે ઓવારૂં ભલાઈ સઉને, આ સખી સાં જનો વખત ને મંગલવારનો દાહાડો, એ શું અવડ તુને સુજ પડી" ?

સુનાંબાઈ—શું કરૂં, મેહેરમાએ, મારીથી નહી ખ માતું તારે કેમ કરૂં ! આએ રાંડ વલી બખે દાહાડા થ એઆ તનખલે ચહડી રહીછ, અને રનરન પાડેછ તારે શું કરૂં ? અરેરે ! કાંહાં સુઆં માહારે વરેજ કેથે સંતાઈ રહેઆતાં. સુઆંતો કોઈ ઘણાંજ કમજાત દેખું.

મેહેરમાએ—જોની બેન, એતો સાસરાં હોએ તે એવાંજ હોએતો, હોએ આપણી સાસુછે, બે જવાબ બોલે તેમાં એટલું બધું ભારી દાહાડે સખી સાંજ વખત બેસી ને આંખ પાંણી સાંનું ભરવું, નારે ઓવારૂં તારા ધ નીને જી.

સુનાબાઈ—નહી મેહેરમાએ તમે જાઓ અહીથી, મને મરવા દેઓ એકગમ, એ સુઆં બધાં, એવાં જુલમગા રોને બસથી મારૂં મોત નહી આવતું. આવાં આવાં આ લી જાએછ, ને મારૂં કોણ જાણે કીઆ પથર તલે સુઆ એ દાબી રાખીઉંછ.

મેહેરમાએ—વરી સુનાબાઈ તેં ચેડાં દાહાડેઆ, ને મોડાંમાંથી જ તે બોલી ! તુને કહુછ તે તું નથી સમ જતી ? ઉઠ, માએ ઉઠ, બચાંની માંએ થઈને વખત બે વ ખત એવા બોલ નહી બોલીએ. પેલા કેહેછ તેમ સો ટકે એક ઢેકુબી લાગે, તેમ સો ગાલે એક ગાલબી લાગે. વાસતે ઉઠ મારી માંએ ઉઠ (હાથ ધરીને બેંચેછે.)

સુનાબાઈ—પણ મેહેરમાએ, તમે મને ઉઠાડીને કાં હાં ચુલામાં કે બલતામાં લઈ જાઓછ, ઉઠાડીને શું કહો છ ? મારૂંતો જીવતરજ બલીઉં. ધનીનું સુખતો બધી દુ નીઆંનું સુખ પણ માયેનો ઘણીજ પાધરો નહી, તારે જે ને જેમ ગમે તેમ માથાપર છાનાં થાપે, તારેજ રાંણ ઘરડી આટલું આટલું બોલેછે, અને પેલી જીવબાઈ ગુકણ જેટલી તે ઉંચકાઈ ઉભડાઈ જાએછ કેની, અને તારે રાંડે બંને જનીઓ મારા ભાઈ બાપની બલા પખોડી લેછ કેની, પણ કંઈ નહી કહીએ તમુનેબી મારા બાપના જે વું બીણું થાએ, અને જેવું તમે તેને બોલોછ તેવું તમું ને આડું આવે.

મેહેરમાએ—માએ જો અહી આવ, એતો સાસુ નણંદ હોએ તે બોલે, બોલે ને ફર બોલે.

સુનાબાઈ—(વચમાંજ બોલી ઉઠીને) હાવે, બોલે ને ફર બોલે, કંઈ રસતામાં પડેઆંછ જે બોલે, નેણ ધરીને કા હાડી નાખું એમના એમ તે. ઓલખોછ કે મારાં મહી રાને, એ પેટ બરીનાં છીલ પીલને ધોઈ નાખશે હાવે, પે લી નાહાલી——આવેતો ખરી તેનોતો ચોટલો ધરીને પી ખુંછ. તે રાંણ શું એટલી બધું ઘેરવાલા જાઈજીની આ ગલ બોલી ગઈ. મને જાઈજીએ બધું કહીઉં.

મેહેરમાએ—પણ હવે તારે કજીઆનું મોડું કાલુ કરવુંછ, કે વલી રાત પડી વધારે લાંબણું કરવુંછે ! તું મા રૂં કહીઉં નથી માનતી ? આ ઓએ તાહારાં સાસુ આ વશેતો વલી ધાનાં ધુંની ઘાલશે ને બધું ઘેર જગાવશે. વા સતે મારૂં કહીઉં માનેતો ઉઠ અને તું તાહારે મુગી મુગી તાહારા ઓરડામાં જઈ બેશ કે મુઓ સેહેતાન ઢાહાબો થા એ અને કંકાસનું મોડું કાલું થાએ. ઉઠ મરી જાંઉ, મા રી માએ કરૂં. (ખભાં ઉપર આંગલાં દાબીને)

સુનાબાઈ—આવવા દેઓની તેના શું ભાર પડે આછ. તે આવેતો ખરી, હું તેને આવવાનીજ વાટ જો ઉંછું પછી જે બને તે ખરી, પણ એ બંને પેટ બરીઓને આજે મુકુંતો નહી. હુંતો ખરી કે આજે હોલાં ઉધાં વ લાઉ તોજ રેહું. જોઈએ એ મને શું કરેછ, અને પેલા માએનો ને ધણીબાઈ બેનનો ગોલામ થઈને રહેઓછ તે શું કરેછે. બસ, હવે હુંબી આજે છેલે પાટલેજ બેઠીછ. જોઈએ હવે એમાંથી થાએછ શું. પણ હુંતો ખરી કે રાં ડો ઉપર જીવ આપીને બધીઓને તરણ લાકડે તંગાઉતોજ રહું (ખુબ જોસામાં આવીને બોલેછે) બસ હવે, હવે ન હી ખમું. ઓ માએ માએ, ખમતાં ખમતાં હું ખીન બેભાન પડી. મેહેરમાએ (રડીને બોલેછે) તમે ખોદાના બંદાં હોએતો માનજો, ખમતાં ખમતાં ને ગલતાં ગલ તાં મારાં ગલાંમાં ગાંઠ બંધાએઆ. ઓ ઓવારૂં ને મા રાં નામ નખપરથી એવાં સાસરાંને. કોઈ માથાપર બેસી

ને ટપલા મારે, તેનેબી એવાં સાસરાં ના મલતાં. એ લુ શું રે તમુને.

મેહેરમાએ—સુનાબાઇ, આજે તુને વલી શું એ સેહેતાન શુહુજ પડેઓછે. તું મારૂં કહીઉ નથી માનતી (તેવામાં જીવણાઇ નામની બીજી ભાડુતણી આવેછે.)

જીવણાઈ—એ શું છે બધું ? કાંએ સુનાવહુ આંખ પાંણી કાંએ ભરેછે, વલી કંઈ સાસુ સાથે વેંહેંચી લીધું કે ?

મેહેરમાએ—વલી આજે એની ખાનપર કોણ જાણે શું સેહેતાન આવેઓછ તેથી કહુંછ તે માનતીબી નથી.

જીવણાઈ—એ વાએ પણ તમુને કાંઇ કાંમ ધંધો સુજેછ કે નહી ! બસ ફજીઆજ લઈ બેસસો !

મેહેરમાએ—પણ માએ જીવણાઇ બીચારી એબી ખમે તે કેટલું ! માંએ ઉઠતાં ગાલ, બેસતાં ગાલ, મોડામેનાં ભુકેભુક ગાલ, નહી કવખત જોએ, નહી સાંજ જોએ, નહી સહવાર જોએ, બલીઉં ખમાએબી કેમ ! એ તે શું વાએ ! વાંજણીએ તે કઇ રીતછે ?

જીવણાઈ—અરે મેહેરમાએ, કાલે એનાં સાસુને તમે જો ગાલ દેતાં સાંભલોતો તહરાએ તહરાએ કરો ( પગને હાથ લગાડી પગે લાગેછે ) માંએ માંએ ! માંએ કેહેરે મોહોડાં તુંને શું ભાવેછે, તેમ જેમ ગમે તેમ ગાલો દીધીછે એતો બીચારી કોઈ ગાએની જણીછે, તે ખમી ખમીને ચલાવેછ. મારા જેવા જીવની હોએતો પેટ ભરી જઈને કુઓ પુરે. એતો જરાબી માંથેની મલીછ બાકી કોઈ મારા જેવી ગરીબ હોતે કેની તો કોણ જાંણે તેને કેવી દરી ઓરી નાંખે.

મેહેરમાએ—હારે માંએ હા, હું કાહાં નથી જાણતીજે. કાલે હુંબી ઘરમાજ હતી કેની. એ આએ, એવા રૂરે એવી સાસુને. ગામમાં ઘણીબી સાસુઓ જોઇછ, પણ આવી બઈરીતો માએ મેં મારા જનમમાં નથી જોઈ. તોબા ! (પોતાનાં પગને પગે લાગેછે. )

જીવણાઈ—પણ એ વાએ એતે કંઇ રીતછે ? વારૂં મેહેરમાએ. એની માંએના તે કાંહાં સાત પાંચછે. તેનુંબી એક અછન હોવાઇનું વાહાલુંછે તે બીલારીના બુકની કાંણી જાલવતી ફરેછે.

સુનાબાઈ—( જોશમાં આવી જઈને ) એને મારી માંએનું ખીણું થાએરે, એને મારી મમાઇનું ખીણું થાએરે, વારૂં દાદાર હોરમજ (ખોલો ઓરી ઉનચે જોઈને) મેંતો સાંખીઉંચ, પણ તું ના સાંખતો. અરે દાવ ! જેવું તું મને બોલેછ કેની તેવું તું તારી આંખ કાએઆમાં જોજે, તારી મરતી ઓએમાં જોજે, તારી ચાહારમની રાતના જોજે.

મેહેરમાએ—ચાલ માએ બસ હવે સમી સાંજ વખત જેતે નહી બોલીએ.

સુનાબાઈ—પણ મેહેરમાએ મને કેહો મારો શું વાંક, મારો શું અનેઆએ કે એ પેટ બરીઓ બંને જણીઓ ઉંચકાઈ ઉપડાઈ જએ.

મેહેરમાએ—માંએ, એ મુઆ એવાં કલાંટછે તો ખરાં હવે તેને કરશે કેમ. કઇ કપાલે કાન જડેલાછે તે કાપી નખાવાનાછે ? કે કઈ કુંભારને ઘેરનું હાંલુછે કે તેને બદલી લાવશે ? એતો હવે જે હોએ તે વેઠવુજતો.

મેહેરમાએ—લે ચાલ માંએ હવે બશ ઉઠ, જા, મોંણું ધોઈને એક કસતી કર કે સેતાન ડાબો થઇ જાએ ને પાંણીનો ગોટ પી.

જીવણાઈ—( પીઠ ઉપર હાથ ફેરવીને ) ચાલ માંએ ચાલ ઉઠ તેબી જે બોલે તે તેના ખોરામે ભરેઆ કરે; તારી ઉપરથી ઓવારીઉ ઉઠ માએ તારા ઓરડામાં જા. ઉઠી જા બેન કોઇ વરાં માંણસનુંબી કહીઉ માનીએ. એતો મુંઆ બધા દાહાડાજ એવાછે તેને નામે મદઈ કાંહાં રહશે.

સુનાબાઈ ડીસકે રડતી રડતી ઉઠીને પોતાના ઓરડામાં જઈને મોઢું ધોઇ એક પાણીનો ગોટ પીને બારી આગલ બેઠી, મેહેરમાએ અને જીવણાઇ દીવો લુબાન કરી રહેઆ પછે, કુવરબાઇ નામની ભાડુતની જે ભોમેત લીએ રેહેતી હતી તે ચસમો પેહેડીને બારણા આગલ એક પાટલા ઉપર બેસીને સીવતી હતી તેની પાસે જરાવાર બેઠાં. આણીગમ પેલીગમની જરા વાતો કરેછે તેટલામાં સુનાબાઇનાં સાસુ બાહાર ગએલાં હતા તે આવેઆં. તેમને ઉબરમા પગ મેલતાજ પેલી કુવરબાઇ બોલીકે "આવોની માંકાંબાઈ, વલી તારનાં તમારા વહુજીતો થોડે મહડે આછ ને તમે કાંહા ગીઆંતાં ?"

માંકાંબાઈ—અરે માએ હુતો જરા આપણા લીલા ભટને ઘેર મુઇતી; તેટલામાં વલી શું થઇઉ ! એ બાઈ મુઇને વલી શું દીલમાં આવીઉ ? એ મરેરે, ને એની જનતીનું પેટ બલેરે, કે મારે વરે એવો સાહાર જણી નહી જાએ.

મેહેરમાએ—પણ વલી એ શું થઈઉ શું ? એ સાંની એટલી બધી તેહેલખે ચહડી રહીછ ?

માકાંબાઈ—અરે માએ ફઈ નહીરે, કઇ નહી આજે બપોરે સોહોરાબશાનું ભોણું મોકલેઆ પછી મેં મારૂં ભોણું કરી લઈને ખાધુ, અને પછે છેલે એ ખીન પડીનું ભોણું કરીને કહીઉ કે 'ઠેરીબાઈ, હુંમરીબાઇ આ તારૂં ભોણું કીધુંછ તે લે.' તારે મને કેહે જે 'હમણાતો ટાંકો, સાસુ મારો છોકરો રહેછ, તેને ધવાડીને ગોડવીને પછી ખાવશ.' તારે માએ હું એટલુંજ બોલી કે 'જીવખાઈ ખાતી હોએતો ખાઇ લેની, કીઓ તારો માએનો મારી (ચાકર) હાલાં લઇને બેસી રેહે,!! (હલકુજ કહીઉ!) માએ એટલું બોલી જો માએ એટલું બોલી. એથી જો કઇ વધારે બોલી હોઉં તો તમારો ગુનો લેઉ (કઈજ બોલી નહી !) પણ માએ તેવામાં એ ઠેરાની ખાધીતો ઉપડીજતો. મેં ધીરે રહીને કહીઉ કે 'મહીરાં સુંઈરે ! મેં તુંને શું કહીઉ જે તું વલી સામબી સુસવાટની કાણી ઉઠી !' તો માએ મને કે જે તારી નવાજબાઈ દીકરીનાં મહીરા મરે, તારી હેતવંતી પીરોજબાઈનાં મહીરાં મરે, પેટ બરી. મને કહીઉજે માએ, મને કહીઉં પેટ બલી કરીને. નારે એોવાર પેટ બલેની તારી માએનું અને એક કરતાંને ચાર ચાર માસીઓ અને બે બે મામીઓછે તેનુ મારાં પેટ પરથી તુંને ભુશી નાખું. બાપલા ખાઈ અધુરી તે પુરી વલી એ પેટના ધરા પખોડી લેછે.

મેહેરમાએ—પણ એ માએ, તમે એમ સીહીડીપરથી પગ હેઠે મેસઓ તારની છેરાઇછ, તે જેવી ગમેછ તેવી ગાલો દેછ માએ, માએ, માએ, એ છોકરીની જીભ ચાલે

કે જાણે કાતર. એ ઓવારૂરે, એવી સમીસાંજ વખત ઉબર પર બેસીને ગાલતો કોઈ કટ્ટ દુશમેન હોએ તેબી નહી દીએ. માએ ઘણીબી વારી (કુવરબાઈની તરફ જોઈને) પણ કંઈ નહી. દીકરા, ને દીકરીને, બેહેસ ને દોજખ, જેમ ગમે તેમ ધોવા લાગી. મારી જેવી જો એવી વહુ હોએતો મહીરાં સુઈનું નાખ ને ચોટલો કાપીને ઘરમાથી કાહાડી મેલું.

બીજી બાડુતણીઓએ માંકાંબાઈને ઘણા ઉસકેરીઆંથી તેવણ ધુંમ ગાલો દેવા લાગાં અને એમ કેહેતાં કેહેતાં દાદર ઉપર ચહડીઆં કે "બાપલા ખાઈ એ કાહાંછે ? માલ પરછે કે ? જઈને એની છીછડી પકડીને રોરૂં."

માંકાંબાઈએ માલ ઉપર જઈને સુનાંબાઈ સાથે ખુબ કજીઓ કીધો. એવીતો જોરમાં ગલાગાલી કીધી કે બધો મોહોલો હલમલી રહેઓ. અંતે સુનાબાઈ થાકીને પાછી રડવા બેડી, અને માંકાંબાઈતો ગાલ દેતાંજ રહેઆં. તેવામાં સોરાબશા પોતાના બે તરણ દોસતદારોને સાથે જમવા થકી લઈને આવેઓ. તે અને તેના દોસતદારો આવો મામલો જોઈને ગભરાઈ ગએઆ. સોરાબશા બીચારો મનમા પસતાવો કરવા લાગો કે કાંહાના કાંહા આજે તેમને અહી લવાએઆ, અને દોશતદારો મનમા પસતાવા લાગા કે આજે આપણે કાંહાંના કાંહાં હીઆં આવેઆ. પણ પેલા દોસતદારો ઘણા સારાં આદમીઓ હોવાથી આવો મામલો જોઈને સોરાબશાને કહીઉં કે અમો હમણા આએ મોહોલામાં એક જણને મલવુંછે તે મલી આવીએછ, એટલું કહીને તરત ઉતરી ગએઆ. બીચારો શોરાબશા, જે પોતાના દોસતદારોમાં સારી આબરૂ ધરાવતો હતો, તે આવી પોતાની ફજેતી થએલી જોઈને ઘણોજ ગુસામાં આવી ગએઓ, પણ જાતે સમજુ હોવાથી ગોસાને પીજઈને તરત નીચે ઉતરી પહેઓ, અને વારીએ જઈને લુખોને લુખો ઘણોજ દલગીર થઈને સુતો. પણ માઠા બાએગે તે વાડીમાંનો કોચ ઘણા દાહાડાનો પડતલ પડી રેહેવાથી તેમાં એક વીછુ ભરાઈ રહેલો તેનો એવોતો ચટકો મારેઓ કે તે બીચારો બુમ પાડીને ઉઠેઓ, અને તેની અગનથી જાર જાર રડવા અને આખી વાડીમા દોડવા લાગો, પણ થોડાવારમાં તે બીચારાનું આખું શરીર સુજી આવીઉં અને બેતાબ થઈને ભોએ ઉપર પડેઓ.

પેલીગમ સુનાબાઈ ઉઠીને, સાડી પેહેરીને તથા છોકરાને કેડપર લેઈને નીચે ઉતરી પડી અને પોતાની માએને ઘેર જતી રહી, પણ માએના ઘેરમાં જઈ પોહોચતાં ગુસામેની ગુસામે દાદરપર ચહડવા જતાં અરધે દાદરેથી પગ છટકી જવાથી હાથમાના છોકરાં સાથ નીચે તુટી પડી તેથી કરીને તેનો જમણો હાથ ઉતરી ગએઓ, અને છોકરો ગરદનમાથી મોડાએઓ. તરત બધાં ઘેરના માણસો એકઠાં થએઆં અને બંધેને ઉંચકીને એક ખડકીમાંની ઢોલકી ઉપર સુવાડેઆં અને તરત ભીમને તેડવા મોકલેઓ. તેટલાં સુનાબાઈથી કલ નહી ખમાવાથી બુમો મારવા લાગી, અને છોકરાથી નહી ખમાએઆથી કર ખાઈ ખાઈને રડવા લાગો.

હવે ઘેરમાં એખલાં માંકાંબાઈ રહેઆં તે સુનાબાઈને જતી રહેલી જોઈને ખુબ-ગાલ દેવા લાગાં. એ પરમાણે ગાલ દેતાં દેતાં મોડીમાં ઉતરીને માટલાંમાંથી મીઠું પાંણી કાહાડવા ગએઆં, પણ મોરી આખો દાહાડોન ધોવાએઆને લીધે ચીકણી થઈ ગએઆથી, તે ઉપર પગ મેલતાંજ સરી ગએઓ, અને માંકાંબાઈ ધપ દઈને જીહીખાઈ ગએઆં પડતાંને વાર ડાબો પગ કવંગો આવી ગએઆથી તરત તે થાપામાથી ઉતરી ગએઓ. માકાંબાઈ બીચારાં મોરીમાં પડીને બુમ પાડવા લાગાં. તે સાંભલીને ઘરમાનાં ભડભાડુતો આવી લાગાં અને ઉંચકીને મોરીમાથી બાહાર કાહાડી કપડા બદલાવી, ટોલીઆ પર સુવાડી પોતાને વગેવગ જતાં રહેઆં, પણ બીચારાં માંકાંબાઈનો થાપો ઉતરી ગએઆથી તેમાં ખુબ કલતર ચાલવાથી આખી રાત બુમ પાડતાં રહેઆં, અને પાછલી રાત થાએ·તેટલેતો કમર ઉપર સોજો ચહડી આવેઓ, પણ શું કરે ? તે વેલાએ કોઈ આગલ ન હોવાથી જેમના તેમ બુમ મારતાં સહવાર વેર પડી રહેઆં.

વાંચનારી બાંનુઓ સાસુ વહુના કજીઆમાં એવા સવાદ થોડા કે ઘણા હોએછે. આબરૂની આબરૂ જાએછે, ને વલી શરીરે, પઈશે, સઘલી પરકારે દુખી અને ખરાબ થવું પડેછે. લોકો હલકામાં ગણેછે, અને પાડપડોશીઓ ધીકારેછે. આપણો સવારથ બગડેછે, અને બચાંઓની નીતી ખરાબ થાએછે માટે જો આએ દુનીઆંમાં તમે ખરૂં સુખ મેલવવા માંગતાં હોએ, અને તમારા ભરથાર, માએબાપ વગેરેને ખરૂ સુખ આપવા માંગતાં હોવતો આવા કંકાસથી સદા દુર રેહેજો. (લખાઈ આવેલું.)

---

## નામદાર શેઠ જગંનાથ સંકરશેઠ.

જે લોકોને ખોદાતાલાએ પઈસાની બખશેશ કીધી હોએ તથા જેઓ બીજા ઘણાખરા લોકો કરતાં વધારે શકતીવાન હોએ, તેઓની ફરજછે કે પોતાના ભાઈબંધ આદમીઓનું કલેઆંણ અને લાભ થાએ એવી રીતે પોતાની તે શકતીનો ઊપીઓગ કરવો. મોહોત પાછલ દુનીઆંમાં નામ રાખી જવાનો એ એક સઊથી સરસ ઊપાએછે. તેથી કોઈ 'દેશ ઊપર જીવ' આપીને, કોઈ ધરમદાન અને શખાવતના કાંમો કરીને, કોઈ ગરીબોને બીજી રીતે મદદ લાગીને લોકોને ફાએદો કરી આપેછે. એવા જાંણીતા પુરૂશોમાંના એક નામદાર શેઠ જગંનાથ સંકરશેઠછે, જેવણને કેટલાકો નાહાના સંકરશેઠ કરીનેબી કેહેછે.

આ હીંદુ ગરહસથને વાંચનારી બાઈઓ ઓલખતાં હશે. એ ગરહસથે પોતાના દેશીઓની તરફથી આજ નજદીક ચાલીસ વરસ થએઆં જે મેહેનત લીધીછે, તેની ઈઆદગારીમાં તેવણના ઘણાક મીતરોએ મુંબઈમાં તેવણનું એક બાવલું ગોઠવવાનો ઠરાવ કીધોછે. એવા એક ગરહસથની હઈઆતીમાં તેનું

આવલું કરવું ઘટે કે નહી એ ઊપર લોકે જુદાં જુદાં મત પડીઆંછે, તોપણ તેવણે કીધેલી પરજાની સેવા ઊપરતો સરવેનું એકજ મતછે. તેવા વખતમાં એ ગરહસથને લગતો થોહોક હેવાલ તેવણની એક ખરી છબી સુધાં વખતસર ગણાશે એવી હમોને આશાછે.

નામદાર શેઠ જગંનાથ સંકરશેઠ ઈસવી સને ૧૮૦૪ માં જનમીઆ હતા, મારે હાલ તેવણની વએ ૬૦ વરસનીછે. તેવણે તે વખતની હાલત પરમાણે સારી કેલવણી લીધી હતી અને તે કેલવણીને લીધે તથા પઈસા ટકાની અને બીજી કેટલીક સારી જોગવાઈઓને લીધે તેવણને વધી જઈ પોતાની નાતના એક મુખીઅ શેઠીઆની પદવી ઊપર આવતાં વાર લાગો નહી હતો. પારસીઓમાં જે વખતે સર જમશેદજી જીજીભાઈ અને ફરામજી કાવસજી સરખા માહાપુરૂશો મુખીઅ વગ અને કાબુવાલા શેઠીઆ હતા તે વખતથી શેઠ જગંનાથ સંકરશેઠ પોતાની નાતમાં વડા હતા અને તે તરફે ગરહસથો આગેવાંન દેશીમાં ખપતા હતા. તે દાએકાના સરવે શેઠીઆઓમાંથી એખલા શેઠ જગંનાથ હઈઆત રહેઆછે અને આ વાત જાણવાજોગછે કે તે તરફેની ઈઆદગારીને માટે કાંઈને કાંઈ ઊપાએ લેવાને મુંબઈની પરજા ભુલી નથી.

શેઠ જગંનાથ સંકરશેઠને કાંઈ મોટા વેપારમાં ગુંતાવાનું નહી હોવાથી તેવણે આજ સુધીમાં પોતાનો આખો વખત પરજાને લગતાં જાહેર કાંમો અને જાહેર ઓધાઓ બજાવામાં ગુજારીઓછે. તે કાંમોની એક ટીપ હમે હેઠલ આપીએ છઈએ. આ ઈલાકાના કેલવણી ખાતાંમાં છેક સને ૧૮૨૪ થી શેઠ જગંનાથ ભાગ લીએછે. "પરોફેસર શીપફંડ" નામની એક મોટી પુંજીને ઊભી કરનારાઓમાં તેવણ હતા. તે વખતે બાલકોની કેલવણી ઊપર ઊપરીપણું ચલાવનારી એક માતર મંડલી હતી, જે પછે "બોરડ આપ એડીઊકેશન" નામની એક બીજી મંડલીને વધારે સારા પાએઆ ઊપર સથાપવામાં આવી. શેઠ જગનાથ આગલી અને તાર બાદ આ નવી મંડલીમાં અધીકાર ધરાવતા હતા. એ મંડલી ૧૮૪૦ માં ઠરી હતી અને ૧૫ વરસ સુધી તેણે કેલવણીનું કાંમ ચલાવીઊં હતું. સને ૧૮૫૫ માં આ ઈલાકાનાં લોકોને કેલવણી આપવાનું કાંમ એ મંડલી પાસેથી સરકારે માંથે લીધું-તાંહાંસુધી તેમાં શેઠ જગંનાથ આગેવાંણ હતા. હાલ "એલફીનસટન ઈનસટીટીઊશન" જેને આપણાં લોકો સોસાઈટી સકુલ કેહેછે, તેનાં એક ટરસટી દાખલ હજીુર શેઠ જગંનાથ કાંમ ચલાવેછે.

રાજદુવારી કાંમોમાં ભાગ લેવાનો પેહેલો દાખલો આપનાર શેઠ જગંનાથ હતા. સને ૧૮૩૩ માં લારડ કલેર ગવરનરે તેવણને સુલેહનાં અમલદાર કરાવીઆં તારથી આજ સુધી તેવણ એ હોધો ધરાવેછે. તે વખતથી શેહેરની સુધરાઈ તથા પરજાની તનદરોસતીને લગતા ઊપાએ કરનારી મંડલીમાં તેવણ ટરીઆ હતા, જે કાંમ સને ૧૮૫૪ સુધી તેવણે ચલાવીઊં હતું અને તે પછે એ કાંમને માટે સરકારે જુદા ૫ ગારદાર અમલદારોને નેમીઆ હતા સને ૧૮૩૭ માં શેઠ જગંનાથ પોલીસમાં નાંહાંનાં મુકદમાંઓની છાંડણ કરનારી શેશનમાં પેહેલા દેશી દાખલ બીરાજીઆ હતા, અને વડી કોરટમાં મોટા મુકદમાંઓનો ફેસલો કરનારી શેશનમાં જે દેશીઓ પેહેલ વેહેલા નેમાએ કરવા ગએઆ હતા તેઓમાંથી શેઠ જગંનાથ હતા. સને ૧૮૬૧ માં આ દેશનાં તરણ મોટાં શેહેરોમાં તાંહાંનાં લોકોને માટે ધારા બાંધનારી જુદી જુદી દરબારો ઠરાવાનું વેલાતથી લખાઈ આવવા પછે મુંબઈમાં એવી જે કાંઊનસીલ થઈ હતી તેમાં નાંમદાર શેઠ જગંનાથને સરકારે ઠરાવીઆ હતા. તેવણે પોતાની નેમણુક થવા પછે બીજા દેશી મેમબરો કરતાં પોતાનો હોધો ઘણી સારી રીતે ચલાવીઓછે અને કેટલાક અગતનાં કાએદા બાંધતી વખતે સરકારને સલાહ તથા મદદ આપીછે. એ હોધોબી હજીુર સુધી તેવણ ધરાવેછે.

શખાવતમાં શેઠ જગંનાથે વજણસર આબરૂ મેલવીછે. જે કેલવણી પાંમેલા ભલા જવાંણીઆઓએ છોકરીઓને કેલવણી આપવાને મુંબઈમાં પેહેલ વેહેલી ઈસકુલો કાહાડી હતી તેઓને શેઠ જગંનાથથી સારી મદદ મલીછે. તેવી એક નીશાલ હજીુર સુધી તેવણનાં ખરચથી ચાલેછે. તે ઊપરાંત કેલવણીનાં કાંમમાં તેવણે આજ સુધી આસરે ૨૫ હજાર રૂપીઆ ખરચીઆછે. તેવણે નાગદેવીમાં એક ધરમનું દવાખાંનું કાહાડીઊંછે, તથા મેદાંનને નાંકેની ઈનપીટાલનાં તેવણ અસલથી એક મદદગારછે. ગીરગામમાં વીસ હજાર રૂપીઆ આપીને તેવણે એક ઈંગરેજી નીશાલ કાહાડીછે. પુનામાં રસતાઓ તથા ધરમસાલા બાંધવામાં તેવણે કેટલુંક નાંણું ખરચીઊંછે.

નાંમદાર શેઠ જગંનાથ સંકરશેઠ વીદીઆનાં વધારાને લગતી કેટલીક મંડલીઓમાં હજુર સુધી સાંમે લછે. તેમાંની મુખીઅ "વીકટોરીઆ મીઊઝીઅમ અને ગારડનસ" છે. આ દેશમાં કંપની સરકારનાં રાજને બદલે રાંણીનું રાજ ચાલુ થએઊં તેની ઇઆદગારીમાં ભાંએખલા ખાતે જે મોટું સંગરહસથાંન અને બાગ બંધાએછે તેનાં કમીટીનાં પરમુખ દાખલ શેઠ જગંનાથ પરજાની સારી શેવા બજાવેછે. "મુંબઈ આસોસીએશન" નાંમની મંડલી જે દેશીઓને થતાં કાંઈબી નુકસાંનની ફરીઆદ કરવા માટે ઊભી થએલીછે તેનાં બી પરમુખનો ઓધો શેઠ જગંનાથ ધરાવેછે. આપણ એટલુંજ ઈછીએ છઈએ કે એ શેઠ એવાંજ ઊપીઓગીપણાંની લાંબી જીંદગી ગુજારે.

---

## વીટી.

સઘલાં ઘરેણાંમાં સઊથી સાધારણ અને સઘલાં દેશોમાં ફેલાવો પાંમેલી જે જણસ તે વીટીછે. વીટીનાં આકાર ઊપરથી તરેહવાર અરથો અને મતલબો ઊઠાવામાં આવેછે. વીટીની બાંધણીમાં તરેહવાર કરાંમતો કરવામાં આવેછે. વીટીનાં ઊપીઓગ એકથી વધારે ગણાએછે.

વીટી ગોલ હોએછે. તેનો એક કે બીજો છેડો નથી, તે ઊપરથી તેને અમરગપણાંની નીશાંણ ગણીને કેટલાંક દેશોમાં ધરમની કીરીઆઓમાં વીટીનો ઊપીઓગ થાએછે. ઇઊરોપ તરફની ગનાનોમાં એક પરણતો કુંવર પોતાની કનેઆને વીટી આપેછે, તે એટલા માટે કે ઘરમાં સતા ચલાવાની તે એક નીસાંણ ગણાએછે. વીટીને એવી એવી નીશાંણ ગણવાનો રવઈઓ આગલા વખતથી ચાલુછે. ખરીસટી ધરમ પાલનારાઓમાં આગલ લગણને વખતે ભરથાર પોતાની બાએડીને ચોકસ દુવા ભણતી વખતે વીટી પેહરાવતો હતો, અને તે પરથમ અંગોઠા ઊપર અને તારબાદ તેમાંથી કાહાડી પેહલાં અને એક પછે એક બીજાં આગલાંઓ ઊપર તે દુવાનાં ચોકસ ભાગ ભણીને પેહરાવતો હતો. હમણાં અરસ પરસનાં આસીરવાદનાં વચણ પુરા થવા પછે એકજ વખત વીટી પેહરાવવામાં આવેછે.

ઈંગલંડનાં પાદશાહોને માંથે તાજ મેલતી વખતની કીરીઆને માટે એકજ જાતની વીટી હોએછે. તે સાદાં સુનાંની અને તેમાં એક લાલ જડેલું હોએછે તથા તે લાલ ઊપર એક "કરાસ" કોતરેલો હોએછે. વેનીસમાં છસો વરસ થએઆં પાદશાહઓનો ચાલતો આવેલો એક રેવાજ હમણાંજ બંધ પડીઓછે. તે એ છે કે દર વરસે તે હાકમ સમુદરને કીનારે જતો અને એક વીટીને તેમાં નાંખીને બોલતો કે "હમારી પાદશાહીની નીસાંણ દાખલ આ વીટી સાથ તું (સમુદર) ને હમે પરણાવીએ છઈએ!"

ચોકસ રંગની વીટી શોગની નીશાન દાખલબી ચાલેછે. ગુરૂ શેકશપીઅર પોતાના વશીએત નામાંમાં તરણ ચેલાઓને તેવી એક વીટી ખરીદવા જેટલું નાણું આપવાનું ફરમાવી ગએઓ હતો. શેઠ શેઠાંણીના લગણ ઊપર ચાકર નફરોને વીટીઓ ભેટ આપવાનો રેવાજ ઘણે ઠેકાંણે જાએજછે. ઈંગરેજો અને બીજી કોમોમાં ચોકસ ધણીઓને ચોકસ આંગલે વીટી પેહડવાનો હકછે. કુમારા કે પરણેલા, રાંડીરાંડ કે સોવાસણ તે માલમ પડી આવવા માટે ઊપલો રેવાજ ચાલેછે. વલી કોઈ સ્ત્રી પરણેલી નહી હોએ પણ પરણવા ચાહતી હોએ અથવા નહી ચાહતી હોએતો તેને ચોકસ આંગલે વીટી પેહડવી પડેછે, તેમજ કોઈ સ્ત્રી કોઇ ધણી સાથ બંધાઈ ચુકી હોએતો તેની નીશાનને માટે વલી જુદુ આગલું હોએછે.

વીટી અસારત, બસારત, ચેતવણી, અને ભેદ ભરેલી ચીટીઓ દાખલ પણ વપરાએછે. જારે ઈંગલંડની રાંણી એલીજાબેઠ મરણ પાંમી તારે તેની એક સાહેલીએ, આગમચથી કીધેલી ગોઠવણ પરમાણે, તે રાંણીને આંગલેની એક વીટી કાહાડીને બારીવાટેથી સર જોંન હરીંગટન નામના ઊમરાવ ઊપર નાખી હતી, જે ધણી તે વીટીને લઈને સકાટલંડ દેશના રાજા જેમસ છઠા પાસ ગએઓ હતો.

વીટીઆની બાંધણીમાં બેહદ ફેરફાર અને સુધારો થતો ચાલીઓછે. સાદી ઈઆ પાસાદાર પીતલની ઈઆ રૂપાંની વીટીથી સઊથી નામીચાં નંગો કરીને જડેલી હજારો રૂપીઆની કીમતની વીટીઓ દેશે દેશ વપરાએછે. આગલ ઈઊરોપમાં વીટીમાંના મોટાં નંગો ઊપર લેખ કોતરવાનો જે રવઈઓ હતો, તે વચગાલે નીકલી ગએઓ હતો, પણ

નામદાર રાંણીના વડા પુતરે પોતાના લગણ શિપર ગએ વરસથી તે રવઈઓ પાછો ચાલુ કીધોછે. તેણે પોતાની ખાંનુને એક વીટી ભેટ કીધી હતી, જે ઊપર જુદા જુદા રંગના હીરાઓને અખેરના આકારમાં ગોઠવીને એક નામ બનાવીઊં હતું.

બારીક વસતુઓને રાખવા માટે વીટીમાં દાબડીની ઇઆ એવી બીજી બનાવટ થઈ શકેછે. કેહેછે કે સીસર બોરજીઆની વીટીમાં દાગાથી એક આંધરૂં રાખીઊં હતુ, જેમાં કોઈ ખરાબ જાતનું જેહેર ભરી શકાતું અને તે વીટી પેહરીને જારે કોઈનો હાથ દાબવામાં આવતો તારે એક અણીને રસતેથી આ જેહેર તે ધણીનાં હાથમાં પેવસ થઈ ખરાબી કરતું હતું. હમણાં વીટીઓને એવી બનાવામાં આવેછે, કે તેમાંથી જારે ગમે તારે ખુશબોદાર પાંણીનો નાંહાંનો સરખો ફુવારો ઊરાડી શકાએ. તે વીટીની હેઠે એક દડો હોએછે જેમાં ખુશબો ભરી રાખેછે, અને પછે વીટી પેહરીને હથેલીથી તે દડો દાબતાં, વીટી માંહેલાં આંધરાંવાને તે પાંણી ઘણી ઊંચાઈએ ઊડેછે અને આસપાસની હવાને તર કરી નાંખેછે.

વીટીઓ માતર હાતનાં નહી પણ પગનાં આંગલાં ઊપરથી પેહેરાએછે. હીંદુ લોકોમાં એ રવઈઓ ઘણો સાધારણછે. પેગુનાં રાજાઓ અંગોઠા ઊપર વીટી પેહેરેછે. ટરકી દેશની સ્ત્રીઓ જેઓનો ઘણો ખરો વખત ગાદીની બેઠક ઊપર ગુજરેછે તેઓ પોતાનાં પગને સોભા આપવા માટે વીટીઓ પેહેરેછે. વાંચનાર કદાચ જાંણીને અચરત થશે કે ફરાંનસ દેસમાં એક વખત ઊપર મુતબર ઘેરોની સ્ત્રીઓ જાહેર બાગોમાં ઊંઘાડે પગે અથવા નાંહાંની સપાટ પેહેરીને ચાલતી હતી તથા અંગોઠા ઊપર કીમતી વીટીઓ પેહેરતી હતી.

## રમુજે ફુરસત.

૧. હું એક પકશીઉં જેને તમો દરરોજ જોવોછો, મારો પેહેલો અને છેલો બોલ શાથે મુકીઆથી એક ચોપગું જાનવર થાએછે—મારો બીજો અને તરીજો બોલ સાથે મેલીઆથી એક પેહડવાની ચીજ થાએછે જે પેહડવાનો તસુને વારેઘડીએ હમેંએ ભલામણ કીધીછે—અને મારો તરીજો અને ચોથો બોલ સાથે મેલીઆથી એક પાણીનો મોટો જથો થાએછે.

## સવાલોનાં જવાબ.

(જુવો ગયા આકના સવાલો)

૧. નીમખ—ખમની.

૨. જલનદર—જર—જલ—દર—નર.

# પરચુરણ બાબદો.

**અજાએબ જેવું લખત**—કેહેછે કે ફરાનસના પાદસાહી પુસતકખાંના મધે સને ૧૨૯૭ માં હાથનું લખેલું એક લખત હાલ મોજુદછે. તેમાં એક મરદ અને એક ઓરત કબુલ થાએછે કે તેઓએ સાથે પરણવું, પણ તે લગણ માતર સાત વરસવેર સહી ગણવા અને તાર પછે જો બેમાંનું એકુ જણ ચાહેતો તે લગણ રદ કરવાં અથવા નહી તો ફરીથી બીજાં સાત વરસનું લખત કરવું. એ સાત વરસ સુધી તે બંને જણ માટી અને બઈએરના સઘલા હક ધરાવી સાથે રેહેવાને લખતમાં કબુલ થએઆં હતાં તથા બીજી એવી સરત કીધી હતી કે સાત વરસની આખેરીએ જો છુટાં પડવાની જરૂર જણાએતો જેટલાં છોકરાં થએઆં હોએ તેટલાંને સરખે હીસે વેંહેંચી લેવાં અને છોકરાંની સંખીઆ જો એકીમાં હોએતો તેમાંનાં એકને ખાતર સોરતી કાહાડવી.

**ફાંસી અને દેશનીકાલ**—જેઓને ફાંસીની સજા થાએ તેઓને પાદશાહાની સહી વગર ફાંસી નહી દેવા એવો કાએદો ઈંગલંડમાં હોવાથી સને ૧૭૮૯ માં એક જાણવા જોગ બનાવ બનીઓ હતો. તે વખતે પાદશાહા લાંબી મુદત સુધી માંદગી ભોગવતો હતો અને તેથી ફાંસીની સજાવાલા ગુનેહગારોને ફાંસી દીધા વીના રાખી મેલવા પડીઆ હતા, પણ એમ કરતાં તેઓની શંખીઆ વધવા લાગી અને તેવા ૭૨ જણ થએઆ. એટલા બધા જણને ફાંસી કેમ દેવાશે તે વીશે સતાવાલાઓને અંદેશો પેદા થએઓ, જેથી તે સઘલાઓને પાછા કોરટમાં ઉભા કરી પુછીઉં કે જો તમે જનમ દેશનીકાલ જવોતો તમોને ફાંસીની માફી બખશવામાં આવશે. એ ઉપરથી આઠ સીવાએ બધાઓએ દેશનીકાલની સજા બાહાલ રાખી, પણ આઠે તેને બદલે મોહોત પસંદ કીધું. તેઓને ફાંસી દેવાનો હોકમ થએઓ અને જેમ તે વખત નજદીક આવવા લાગો તેમ વારાફરતી તેઓને મોહોત નાપસંદ પડવા લાગું તથા એ રીતે છેલી ઘડીએ રહેઆ સહેઆ એકે દેશનીકાલની સજા બાહાલ રાખવાથી ફાસીની સઘલી તઈઆરી ફોકટ ગઈ.

**રેલવે**—એવી ગણતરી થઇછે કે ઈંગલંડમાં આજ સુધીમાં રેલવેઓ બાધવા પાછલ સઘલો મલીને ૩ અબજ ૮૫ કરોડ રૂપીઆનો ખરચ બેઠોછે. એમાંથી ૧૧૫૦૦ માઇલનો રેલવે બંધાએઓછે.

**સહીએડની પરખ**—વેલાતના એક વીદીઆ સંબંધી ચોપાનીઆનો બનાવનાર ખબર આપેછે કે બદનની ચાંમડી ઉપર સીતલા સરખા દાંના ફુટી નીકલવા પછે તે

સીતલાછે કે કાંઇ બીજુ ચાંમડીનું દરદછે તે પીછાણવાની રીત એછે કે તે દાંના ઉપર આંગલીનો છેડો દાબી જુવો અને જો તે સહીએડ હશેતો તેની અંદર જાણે એક જીણી ગોલી કોઈએ રાખી હોએ તેવો ગોલ દાંણો આંગલીને લાગશે.

---

**લગણનો ખરચ**—નામદાર રાંણીના વડા પુતર અને આપણો હવે પછેનો પાદશાહા પરીનસ આફ વેલસ જે ગએ વરસ મોટી ધુમથી પરણીઓ હતો તેના લગણ પાછલ સઘલો મલીને ૨૪૮૫૫૦ રૂપીઆનો ખરચ થએઓ હતો એવી ચોકસ ગણતરી થઇછે. હીંદુસતાંનનાં વધારે થોડી દોલત તથા સતા ધરાવનારા રાજવંઉસીઓ પોતાનાં શાહાજાદાઓને પરણાવતાં હજારો બરાંમણો જમાડીને તથા બીજી આડી રીતે જે લખો રૂપીઆ ખરચેછે તેની સાથ ઉપલા ખરચને સરખાવતાં નાંમદાર રાંણીનું ડાહાપણ માલમ પડેછે.

---

**માણસના કાંન**—હેર ફેસલ નાંમનાં એક વીદવાંને ચોકસ અખતરાઓ કરીને દેખાડીઉંછે કે માંણસના બે કાનોમાં સાંભલવાની શકતી સરખી રેહેતી નથી, પણ ઘણાં ખરાઓને જમણી બાજુના કાંનથી વધારે સારૂં સંભલાએછે અને એકબી દાખલો એવો નથી મલીઓ કે જેમા બંધે કાનથી સરખી સફાઇથી સંભલાતુ હોએ. આ બીના કદામ ઘણાઓને નવી લાગશે.

---

**ચાહે**—આ માંણસનાં જીવને ચેન આપનારી એક ચીજછે. તે કસી કેફ ચહડાવા વગર માણસને વધારે જીવદાર કરેછે અને એવું કેહેવાએછે કે ચાહેનો ઉપીઓગ વધવા પછે માણસમાં તંદરોસતી અને નીતી સંબંધી સારો ફેરફાર થએઓછે. જેઓ ચાહેના શોખીછે તેઓમાં થોડાજ જણ કેફી ચીજોનેબી પસંદ કરેછે. કેહેછે કે ચીનાઓમાં બીજા સરવે ઉપાએ કરતાં ચાહેથી ધીમે ધીમે સુધારો થતો જાએછે. જરમનીમાં લોકોને ચાહે પીવાનો બીલકુલ શોખ નથી, તાંહાં તે દવાઇ દાખલ પીધામાં આવેછે.

---

**દાનાઈની વાત**—"એક બચાંની પેહેલી કેલવણી ચેહેરા અને દેખાવથી શરૂ થાએછે."

"શીઆંનો માણુસ ગરીબાઈને કબુલ રાખવાને શરમાંતો નથી, પણ તેની નીશાણોને તે નજરથી દુર રાખેછે."

"સમજુ આદમી હમેસાં દાહાપણને શોધેછે, બેવકુફ આદમી દાહાપણ મલીઉં એમ સમજેછે."

"આ દુનીઆની મોજ દગાખોરછે. તેને મેલવતાં મેહેનત પડેછે, તે મેલવીઆ પછે થોડી પડેછે, અને તે ખોહોવાએઆ પછે નાંસીપાસ કરેછે."

---

## સ્ત્રીઓને ભણુવા વિશે (ગરબી.)

મહા કોપ થયો તે કલી કાળમાં જો, એ રાગે.

બેનો ભણો તમે નીત ઘણા ભાવથી જો,
રાખો વિદ્યા ઉપર પ્રીત સુસ્વભાવથી જો. બેનો—ટેક.

બેનો ભણવા શિખવું તે નથી એટલું જો,
લખી વાંચી જાંણીએ શુધ્ધ તેટલું જો. બેનો૦ ૧
બેનો ભણવાનુ કામ નથી એ કંઇ જો,
કરવી કમાઈ રૂડી આફીસમાં જઈ જો. બેનો૦ ૨
બેનો વિદ્યા તે છે કોડાલી કામની જો,
જેથી કાડવીછે ખાન ખોદી ગ્યાનની જો. બેનો૦ ૩
બેનો વિદ્યાછે જોત દિપક જાગતી જો,
ઝટ અજ્ઞાન અંધારૂં ખસેડી નાખતી જો. બેનો૦ ૪
બેનો વિદ્યાછે નીર નિર્મલ મેઘ તણાં જો,
નાખે ધોઈ બુરા વ્હેમ દીલના ઘણા જો. બેનો૦ ૫
બેનો વિદ્યાછે રસી આપણ હાથમાં જો,
ઉડાવી નાખવા પરદો જે આડો મંનમાં જો. બેનો૦ ૬
બેનો વિદ્યાછે ચાવી તે [illegible] જો,
ઝટ ખુલતાં જે દિશે લિલા હર[illegible]ણી જો. બેનો૦ ૭
બેનો વિદ્યાછે બીજ નીતિ ઝાડનું જો,
જેનાં ફળ આપે સુખ અહીં તહીં ઘણુ જો. બેનો૦ ૮
બેનો વિદ્યાછે ધન અનભ જાતનું જો,
જેમ ખર્ચે તેમ વધે ઘણી ભાતનું જો. બેનો૦ ૯
બેનો એવી વિદ્યા તે તમે કાં ન ભણો જો?
કહે મુર્ખ કેવા આડે આવે જે જનો જો! બેનો૦ ૧૦
બેનો એના જેવું સુખ કયાંથી ન મલે જો,
જેણે એને ન સંહારી તેનું કંઈ ન વલે જો. બેનો૦ ૧૧
બેનો ધિક્ક તેનું જીવ્યુ અહિ ફોકટછે જો,
તેને માર્ગ હરી ઘરનો બહુ વિકારછે જો. બેનો૦ ૧૨
રાખી નામ આ જગે મનુશનું ઉંચું જો,
કરપે કામ ના કદી હેવાનથી નીચું જો. બેનો૦ ૧૩
બેનો માટે તમે ભણો સૌ ઉમંગથી જો,
ઇછે શુભ નાનાભાઇ રમો સુરંગથી જો. બેનો૦ ૧૪

---

## સવાડીશટ પકવાંનો, ઈતીઆદી.

**દુધ**—આ સઊથી ઊપીઓગી પદારથ નહી બીગડે તેમ જલવી રાખવાની વેલાતની એક રીત નીચે મુજબછે, તે વાચનારી બાંનુંઓએ અજમાવી જોવી પરથમ પાણીજ ચોખી અને કચરા વગરની સુકી બાટલીઓમા ગાએનુ દુધ દોહી લેવું અને જેવી તે બાટલીઓ એક પછે એક ભરાએ તેવો તરતજ તેમને મજબુત બુચ દેવો તથા તે બુચને તાર વડે બાધવો, તારપછે એક મોટી દેગ અથવા ઊકાલવાના કોઈ બીજા વાસણમા તલીએથી ઘાસ પાથરીને તે ઊપર ઊપલી બાટલીઓને મેલવી અને તે બાટલીઓની વચે પણ ઘાસ રાખવુ તારબાદ તે દેગમા મોહોડાં સુધી ઠંડુ પાણી ભરીને ગરમ કરવુ જેવા તે પાણીમાં ઊકરા આવે કે તરત તલીએથી આતશને કાહાડી નાખવો અને તે પાણીને દેગ મધે પોતાની મેલેજ ઠંડુ થવા દેવુ. તદન ઠંડુ થવા બાદ તેમાંથી બાટલીઓને કાહાડીને જમ અથવા માટી ટોપલીની અંદર વેહેરમાં દાબવી તથા ઘરના સઊથી ઠંડા બાગમાં તેમને ઊંઘી રાખવી. કેહેછે કે એ રીતે દુધને ભરી રાખવાથી હટાર મહીના સુધી તે તાજુને તાજુ રેહેછે

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. જુલાઈ ૧૮૬૪ આંક ૭ મો.

## કજીઆખોર કબીલાઓ,

અથવા

## લગણમાં વઘણ—રંગમાં ભંગ.

એક વારતા.

### પરકરણ સાતમું.

### લગણમાં વઘણ.

ભવીશના ભોગ કોણ જાણેછે ?

આવતા પલ અથવા ઘડીમાં શું શું ખરાબી થશે, શું શું શંકટો આવી પડશે, સેહેતા જીવને શું શું સંતાપ ઉપજશે, શું આફતો ઇઆ ચોઘડીઆં વીતી જશે સે કોણ કહી શકેછે ?

કોઈ નહી—કોઈ નહી.

અરે ! કોઈએ જઈને તેહેમતનને આવતા પલમાં શું બનતે તે કહેઉં હતે ! જારે તે પોતાની માશુક તેમીનાને છાતીસે દાબી પીર મરદ ગોદરજના આસીરવાદ સાભલતો હતો તારે આવતા ઘટીકા બે ઘટીકામાં શું બનતે તે કોઈએ ચેતાવીઉં હતે ! જારે તે જવામરદ આ દુનીઆંમાંની પોતાની મોટામાં મોટી ઉમેદ—જે તેહમીનાનો ધણી થવાની હતી—તે પુરી પડી તેની ખુશાલીમાં પુર અને ગમતમાં મકચુર હતો તારે કોઈએ જઈને તેના કાનમાં હરૂસેથી એ તવણી આપી હતે કે "એ ગાફેલ ! એટલો બચો તું નાં હરખા, એટલી છાતી બાહેર ના કાઢ, કેમકે આ ઘડીજ તારાં ભાગ્યેગનીછે, અને આવતી ઘડીમાંતો તું મોટી વેદના ભોગવવાનોછે !"

આ હા ! જો કોઈએ તેને એટલું ચેતાવીઉં હતેતો તે સાઉચેત રેહેતે, તે પોતાના હરખ અને જુસાનો અંદાજો રાખતે, તે પોતાની ગમત અને મોજના મીજાસની સામે શંકટના કવટાસનેબી ઇઆદ રાખને કે તેથી જારે શંકટ આવી પડતે તારે તેનેબી એકસરખી રીતે ભોગવવાને માટે આગમચથી જેમ તઇઆર રેહેવું જોઈએ તેમ રેહેતે.

કારણ કે ખુશીના વખતમાં અમણુચું આવી પડવાથી તે બેવડાં કુવતથી ઇનસાનને દાબેછે. જબરદસત તોફાન થવા પછે તરતજ જો અતી ઘણી શુંદર રૂતુ ચાલુ થાએછે તો અતી ઘણો બાહાર મારેછે, શીહા અંધારાંની પાછલ ઉજાસ ધીને ધીમે વધવાને બદલે જો એકેદમ થઈ પડેતો આંખને દીપાવી દીએછે.

પણ દુનીઆં ઠગ અને જુઠીછે. તેહેમતન તેનાજ ચકરમંડલમાં એકવાર ઉપર આવી ગએઓછે અને તે નાચે આવવોજ જોઈએ

તેમીના સાથ છુપાં લગણની ખુશાલીમાં બે ઘડી સારી ગમતમાં ગુજારવા પછે તે નાજની જારે પાછી પોતાનાં બાપને ઘર ગઈ, તે એટલા માટે કે મોડું થવાથી તે કાંહા પધારી હતી તે વીશે ઘરમા કોઈને શક નહી આવે, તારે તેહેમતન જઈફ ગોદરેજના નમશકાર કરી શેહેરનાં ચોગાંણમા પોતાનાં હશમુખા મીતરોની મુલાકાતે ગએઓ

તાંહાં તેનો જાંની દોસત રસનબાદ અને મશખેરો બેસી બેહેરાંમ ઉભા રહી વાતો કરતા હતા રસનબાદ તેને શીખાંમણ દેતો હતો કે "આપણ શીઆમકની બેરદુવાલા છઈએ વાસતે શીઆવખશની તરફ વાલાઓ સાથ ઘડી ઘડી લડીએ તે કાંઈ ઠીક પડતું નથી અને આગત કરીને તું તેઓ સાથ છીટાં શોધવા જાએછે એ કાઈ સારૂં નથી" એ ઉપરથી મશખેરો બેહેરાંમ પોતાનો બચાવ કરતો અને કેહેતો કે "રસનબાદ, ઘણો કજીઆખોરતો તુંછે તું શીઆવખશની તરફ વાલાઓ સાથ લડેછે એટલુંજ નહી પણ રસતે જતાં પરાએઆ રાહાદારીઓ સાથબી કાંઈને કાંઈ છીટું બાહાંનું શોધતો ફરેછે. જો કોઈની દાઢીના બાલ તારા કરતાં વધારે ભુરા હોએતો તું તેની સાથ લડવા જશે, કે કોઈ કેરૂં છોલીને ખાવા બેસેતો તુંને નહી આપે માટે તું તેની સાથ તરીઆપાવ ઉપર આવી જશે તુંને ખબરછે એક દાહાડે તેં તારા દરજીને માર મારીઓ તે એટલા વાસતે કે નવાં વરસને દાહાડે તે જુનો પોશાક પેહેરી આવીઓ એક રાહાદારી રસતે જતાં છીકીઓ અને તેથી તારો કુતરો ઉંઘમાંથી જાગી ઉઠીઓ સો તેં તરત તે રાહાદારીને દોકી બેસાડીઓ. એક મોચીએ જુનાં જોડા ઉપર નવી માંચ મેલી માટે તેં તેને મેંડી જમાડી હતી."

એવી એવી વાતો કરતા આ બે દોસનો ઉભા હતા તેવામાં વલી તેહેમતનનાં આવીઆથી તેઓની ગમત વધી પડી હતી અને તેઓ બહુ મજાખ મશખરીમાં હસતા હતા. તેઓ વધારે ખુશી એટલા માટે હતા કે તેહેમતન બધા

ગાહાડા બલતો, જલતો હતો પણ આજે તેબી તોલ તપા
માં સાંમેલ હતો.

આ ખુશાલીમાં રમતને ભાંજનારો વેરી શીઆવ
ખશ ઉમરાવનો ભતરીજો જાંહાંગીર થઈ પડીઓ. વાંચ
નાર જાંણેછે કે એ શખસે જારે શીઆવખશનાં મેહેલમાં
દુશમન શીઆંમકની તરફ વાલા તેહેમતનને જોએઓ હતો
તારે તેને ઘણું લાગી આવીઉં હતું, પણ શીઆવખશે તે
ને નરમ પાડીઓ હતો. જાંહાંગીર તે વખતનું આજે
વેર લેવા નીકલીઓ. તે નાંદાંન અને હુલુ હતો, માટે
વગર વીચારવે એકદમ આ તરણ મીતરો વચે ધસી
આવીઓ.

જાંહાંગીર પરથમતો મશખરી કરવા લાગો. તેણે
બેહેરાંમને કહેઉં કે "ભાઈ હું ઇ આવોતો તમોને એક વાત
કેહું." બેહેરાંમે ઉતર વાલીઓકે "કાકા વાત તમારે ઘેર ર
હી, પણ મારી પાસેતો લાતછે." એ ઉપરથી જાંહાંગીર ઘેલા
હાથીની માંફક છેરાએઓ. તે બેહેરાંમને મેલીને તેહેમતનને
વલગીઓ, પણ તેહેમતને પોતાનાં ગુસાને અજાએબ જેવી
રીતે સાંખીઓ. તે બીચારો સમજતો કે આ જાહેલ જાં
હાંગીર સાથ હવેતો તેને સગાઈ થઈ, માટે તેની સાથે મા
રામારી કરવી છાજે નહી, અને જો મારામારી કરેતો તેની
વાહાલી તેમીનાં કાંઈ ખુશી થાએ નહી. એવા વીચારથી
તેહેમતન જાંહાંગીરને ઘણોબી ઠંડો પાડવા ગએઓ. તેના
ઉપર તે પીઆર બતલાવા લાગો અને ધીરે સાંસતેથી પુ
છપરછ કરવા લાગો, પણ જાંહાંગીર એકથી બીજો નહી થ
એઓ. તેણે ખરૂં કારણ નહી સમજવાથી એવું વીચારી
ઉંકે તેહેમતન તેનાથી બીહેછે, માટે તેણે ગાલો દેવા માં
ડી. હજુરબી તેહેમતન ઠંડોજ રહેઓ, પણ બેહેરાંમ
થી થોબાએઉં નહી, માટે પોતાની તલવાર ખેંચી તે જાં
હાંગીર ઉપર દોડીઓ. તેઓ વચે મોટી લડાઈ થઈ અને
બીચારો બેહેરાંમ જમીનદોસત થએઓ.

આટલું છતાં તેહેમતન પોતાને મનસે તેમીનાંને ઈ
આદ કરી બોલવા લાગોકે "વાહાલી માંશુક, અગરજો આ
હુલુ પોરીઓ તારો પીતરાઈ નહી હનેતો અતીઆરે હું
એને જતો નહી મેલતે." જોકે તેહેમતન આટલું ખમ
તો હતો, તોપણ કીનાનો જુસો તેનાં ગલાંવેર આવીને ર
હેઓ હતો, પણ જારે તેણે જોએઉં કે બીચારો બેહેરાંમ જખ
મની અસરથી અંતે મરણ પાંમીઓ તારે તે જોસો ઉભાઈ
આવીઓ અને હવે તેહેમતન ખુન ઉપર ચહડીઓ, કેમકે
તેને પોતાને ખાતર હશમુખા બેહેરામનો પરાંણ ગીઓ એ
તેનાંથી દેખી શકાએઉં નહી.

તેહેમતન પોતાની તેજી તલવાર મેઆંનમાંથી કાહા
ડીને જેમ એક ચીતો સેકાર ઉપર તરાપ મારે તેમ ઉછલી
ને જાંહાંગીર ઉપર દોડીઓ. તેથી તેઓ વચે લડાઈ થઈ.
તે બંને જણ જોરેમંદ અને બાહાદુર હતા, માંટે ઘણોવા
ર સુધી કસાકસી ચાલી. અંતે તેહેમતન જીહીતીઓ અ
ને પોતાની બાએડીનો પીતરાઇ તથા માતર બે કલાકમાં
થએલો સગો જાંહાંગીર તેને હાથ મારેઓ ગએઓ.

આ બનાવથી તેહેમતન દુખી થએઓ, પણ તે શું ક
રે ? નાચાર થઈને તે ધ્રુજતો ઠરતો તાંહાંથી જતો રહેઓ
અને વલી ખુદા ગોદરેજની જીફડી તરફનો રસતો લીધો.

પણ તેટલાં શેહેરમાં શોહોર મચી રહેઓ. તે ખુનની
જગામાં ખલક ભેગી મલી. શીઆમક અને શીઆવખશ
બી તાંહાં આવીઆ અને તેઓની બાએડી તથા કબીલા
ઓ આવી લાગા. કોઈ જઈને સીપાઈને તેડી લાવીઉં,
કોઈ જઈને પાદશાહાને તેડી લાવીઉં અને એ રીતે તાંહાં
મોટી ગડબડ થઈ પડી.

પાદશાહા આ નવી ખુનામરકી જોઈને ઘણો ખફા
થઈ ગએઓ. રસનબાદે સઘલી ખરી હકીકત જાહેર કીધી.
જાંહાંગીરનું ખુન તેહેમતને કીધું એ વાત તેણે કબુલ રા
ખી, પણ તેમજ જાંહાંગીરે બેહેરાંમને મારી નાખી
ઓ તથા તેણેજ પેહેલાં છીટાં શોધીઆં માટે તેહેમતનનો
કાંઈ વાંક નથી એવું જાહેર કીધું, પણ તેથી પાદશાહા ઉપ
ર અસર થઈ નહી. એક બોરફુવાલા એક વાત અને બી
જી બોરફુવાલા બીજી વાત કેહેવા લાગા. માટે તેઓને મું
ગા રાખવા અંતે પાદશાહે કહેઉં કે "મંડાલો તમારા ક
જીઆએ મારાં આબાદ રાજમાં ખુનામરકી વસાવીછે અ
ને સુલેહમાં તમે લોકો લડાઈ ચલાવોછો. તમે એ ચાલ
થી પાછા નહી હટતા, પણ હું તમોને મોટી સજા કરશ
નહી તાંહાં શુધી તમારી શુધ ઠેકાંણે આવશે નહી."

એટલું કહી પાદશાહાએ તેહેમતનને દેશનીકાલ થવ
ની સજા કીધી.

તેહેમતન જે માતર તરણજ કલાક અગાઉ લગણ ક
રી ફારેગ થએઓ હતો, તેને ગાંમ બાહેર જવાનો લેખ લખા
એઓ અને એ રીતે મા બાપોના નાપાક કજીઆને લીધે
આ સુખી જોડાંના લગણમાં વઘણ આવી નડીઉં.

---

## પરકરણ આઠમું.

## સુખ દુખનો મેલાપ.

ગરીબ બીચારી તેમીનાં !

તે પોતાનાં એકાંત દીવાંનખાંનાંમાં કેવી કેવી ઉમેદો
નાં સપનાં જોતી હતી; વાહાલા તેહેમન સાથ બાકીનો
જનમારો સંપ, મેર અને શુખ ચેનમાં ગુજારવાનાં તે તરે
હવાર વીચારો કરી "મનસે અદરાતી અને મનસેજ પર
ણતી હતી," અને તેવા વખતમાં આ માંઠા બનાવનો સ
માચાર સાંભલી તે કેવી ઘભરાટમાં પડી હશે !

તે બીચારીને ખરી હકીકતોબી મલી શકી નહી. ઘ
ડીમાં કોઈ આવીને કેહેતું કે મોટી લડાઈ થઈ અને તેમાં
બેહદ જાંન મારીઆ ગએઆ. વલી કોઈ આવીને કેહે
તું કે તેમીનાંનાં બાપને જખમ થએઓ અને તેહેમતનની
માંનું માંથું કપાએઉં. વલી કોઈ આવીને કેહેતું કે તેહે
મતન મારીઓ ગએઓ અને કોઈ કેહેતું કે તે જીવતોછે,
પણ તેને ફાંસીની સજા થઈછે. એ દરએક જાતની ખબર
જેમ જેમ તેને કાંને આવતી ગઈ તેમ તેમ તે કાંપતી, થ
થરતી, અને ગમ તથા અફસોસની હાએ મારતી હતી. ઘ
રમાંનાં બધાં માંણસો ખુનની જગામાં ગએઆં હતાં, માટે
તેમીનાંનો સરવે આધાર પારકાંઓના કેહેવા ઉપર હતો.

અંતે લંગડી દાસી આવાંન ઘણેવારે ખરી હકીકત
ને લઈ આવી. પણ તે રાંહેબી તેમીનાંને જેવી રીતે ખીર

વાત કેહેવી હતી, તે રીતે કહી નહી. તે પરથમતો બુમ પાડી ઉઠી કે "મરી ગએઓરે મરી ગએઓરે" અને પછી હાએ મારવા લાગી કે "તેહેમતન, ઓ તેહેમતન" તે ઉપરથી બીચારી તેમીનાં સમજી કે તેહેમતન મરી ગએઓ. પણ વલી પછે દાસી જાંહાંગીરને માટે રડવા લાગી અને તેહેમતનને ગાલો દેવા લાગી. તારે સંધો ખરો ખોલાસો જાહેર થએઓ. તારે તેમીનાંએ જાંણીઉં કે તેહેમતન જીવતો છે પણ તેને દેશનીકાલની સજા થઈછે, અને જાંહાગીર મરણ પાંમીઓછે.

આ હકીકતથી તેમીનાં કાંઈ થોડી રડવા નહી પડી. અફસોસ! માતર બે તરણ કલાકનાંજ લગણમાં આ દુખ તેનાંથી નહી ખમાંએઉં. જાંહાંગીરને તે ભાઈ તરીકે ચાહાતી હતી અને તેહેમતનને તે ધણી દાખલ ચાહાતી હતી હવે બેમાંથી તે કોણને માટે ગમ કરે, અને કોણને ઠપકો આપે? બંધે તેનાં વાહાલા હતા, અને બંધે તેનાંથી દુર થએઆ હતા: પરથમ તે તેહેમતન ઉપર ખફા થઈ, કેમકે તેણે જાંહાંગીરનો જીવ લીધો, પણ પછે વલી તેને વીચાર આવીઓ કે જો તેહેમતન મારીઓ ગએઓ હતેતો! હવેતો જે બનીઉં તે. ખરૂં, જાંહાંગીર મુવેલો કાંઈ જીવતો થવાનો નથી, માટે તેનો અંદેશો દુર કરી તેમીનાંનો સંધો વીચાર તેહેમતનમાં ભરાએઓ.

તે હાએ મારી જમીન ઉપર ઉંધે મસતકે પડીને બોલી કે "ઓ ઈશવર, આ મારાં નાંજુક બદન ઉપર કેટલો જુલમ! મારી કુમલી છાતી ઉપર કેટલો ભાર! અરે ખોદા તું મારા તેહેમતનને પાછો આપ, તેને મારી પાસે મોકલ કે હું તેને દીલાસો દેઉં. અરેરે! તે કાંહાં પડીઓ હશે અને હવે તે મારાથી દુર કેમ રેહેશે? અગરજો જાંહાંગીર મુવો જ હતેતો તે દુખખી મોટું કેહેવાતે, પણ જાંહાંગીર મુવો અને તેહેમતન દેશનીકાલ થએઓ એતો તેથીબી વધારે આફત થઈ, એતો મારૂંબી મોહોત થએઉં, એતો દુનીઆં ધુલ મલી."

આ સઘલા ગમમાં તેમીનાંને ધીરજ આપનારી એ ખલી તેની દાસી હતી. તેણે તેમીનાંને જમીન ઉપરથી ઉઠાડી, તેની આંખે ઠંડાં પાંણીનાં ફટકા મારીઆ અને બીછાંણા ઉપર સુવાડી, તથા તેને ઠંડી પાડવા પછે પોતે તેહેમતનને તેડી લાવવાની કબુલાત આપી ઘરની બાહેર નીકલી.

આ વખતે સાંજ પડેલી હતી રાતનાં તેમીનાને ઘર જવાનો તેહેમતને આગમચથી બંદોબસત કરી રાખીઓ હતો, પણ તેટલાંતો આ બનાવ બનીઓ હતો, માટે તે બીચારો ગોદરજનાં જુકડામાં બેઠો બેઠો વીચાર કરતો હતો કે "તેમીનાંને હું કીએ મોહોડે જવાબ દેવશ!" તેહેમતનને ખબર નહી હતી કે પાદશાહાએ તેને શું સજા કીધી હતી, જે ખબર લેવાને બુટો ગોદરેજ ગએલો હતો.

થોડાવારમાં ગોદરેજ આવી પુગો. તેને મોહોડેથી જેવી દેશનીકાલની સજા સાંભલી તેવોજ તેહેમતન ફોક મુકી રડી પડીઓ. તે બોલીઓકે "બુટા દેશનીકાલ નહી હશે, જુ ફરીથી વીચાર કર. મનેતો મોહોતની સજા થઈ હશે. અરે તું મને દએઆ કરીને મોહોતની સજા વીશેજ ખબર લાવી આપ."

ગોદરેજ—બાપુ તું માંથું નાં દુખવ. હવે તું આ મારા ઘરમાંથી જા, તું શીરાજ શેહેરથી દેશનીકાલ થએલોછે.

તેહેમતન—સીરાજ સેહેરનાં કોટની બાહેરતો દોજખછે. સીરાજ શેહેર તે મારા મનમાં આખી દુનીઆંછે, અને સીરાજથી બાહેર તે દુનીઆંની બાહેર જવાનુંછે. દુનીઆંથી બાહેર જવું તે મોહોતછે વાસતે જેને તું દેશનીકાલ કેહેછે તે માતર મોહોતનો બીજો બોલછે.

ગોદરેજ—અરે નાદાંન હજુરખી ખુશીથા કે પાદશાહાએ ફાંસીની સજા કીધી નથી.

તેહેમતન—નહી, નહી એમ નથી. એતો સુનાંની છરીએ મારૂં દોકું કાપી નાખવા તથા તારપછે ખુસી થવા બરોબરછે. બુટા એ દએઆ નહી પણ ફાંસી કરતાં વધારે ઘાટકીપણુંછે. હું દેશનીકાલ થાઉં, હું મારી તેમીનાંથી દુર જાઉં, પછે મારા શું હાલ? ઉંદર, બીલાડી અને કાગડા મારી તેમીનાંને જુવે, પણ હું નહી જોઉ કીડી મંકોડી કે પોપટ મારી તેમીનાંનાં હાથ ઉપર રમે અને હું નહી રમું? અને તોબી એમાં શું મારૂં મોહોત નથી?

એ રીતે બોલીને તેહેમતન પોતાનું માથું જીહીખવા લાગો.

ગોદરેજ ધીરજ આપી બોલીઓકે "બેટા સબુર કર, મારી વાત સાંભલ."

તેહેમતન—પણ શું સાભલુ? વલી દેશનીકાલ શબદ સાંભલશ.

ગોદરેજ—પણ તુંને હું સુખી કરૂં, તે શબદનું દુખ સાંખવાની તુંને અકલ આપું એટલે બસ કેની?

તેહેમતન—અરે બલી ગેઈ તે અકલ? ગમે એટલી અકલ આપશો પણ દેશનીકાલતો થવાનોજ? તારે તે અકલ શું કાંમની? શું તે અકલ કાંઈ નવી તેમીના પેદા કરશે? શું તે અકલ આ શેહેરને બદલી નાખશે અને જાંહાં હું દેશનીકાલ થવશ તે શેહેરને હીઆં લાવશે? શું તે અકલ પાદશાહાની સજા ફેરવાવશે?

ગોદરેજ—અરે તું દેવાંનો થએઓછે માટે તારા કાંનેં તુંને સંભલાતું નથી.

તેહેમતન—પણ જારે દાહેઆઓને દેખાએ નહી, તારે ઘેલાઓને સંભલાએ કાંહાંથી?

આવી હોજાતોજીમાં કેટલોક વખત વહી જવા પછે તેમીનાની દાસી તેહેમતનની ગોધ કરતી કરતી બુટા ગોદરેજની જુકડીમાં આવી લાગી.

તેણે જોએઉંતો તેહેમતન જાણે કે આંસુના સમુદરમાં ડુબેલો હતો. તેણે આવીને તેને ઉઠાડીઓ. તે બોલી કે "અરે ભાઈ આ તમારા શું હાલ! ઉઠો, ઉઠો, તમારી તેમીનાને ખાતર ઉઠો, તે બીચારી જાર બેજાર રડેછે, તે બીચારી દુખે દુખે હધ મુઈ થઈછે, તે બીચારી તમોને અને જાંહાંગીરને ઈઆદ કરતાં થાકી ગઈછે, તેની આંખ સુજીને લાલ બોટાં જેવી થઈછે."

આ શુખનોથી તેહેમતન ઉઠી ઉભો થએઓ. તે બોલીઓ કે "દાસી, મારે ખાતર તેમીના એટલી દુખીછે, ઓ! મને તે કેવો ખુની સમજતી હશે! ખોદા મારો જીવ આપવાને હું તઈઆર છઉં." એમ બોલીને તેહેમત

ને પોતાનું ખંજર ખેંચી કાહાડીઉં અને પોતાની છાતી માં તેને ભોકવા ગએઓ

પણ બુઢા ગોદરેજે તેને અટકાવીઓ. તે બોલીઓકે "અરે નાદાંન! તું શું મરદનાં આકારમાં ઓરત અવતરીછે, કે એટલી હીમત મુકી દીએછે! ઉભો થા—વીચાર કર. તેં એકનુંતો ખુન કીધુછે, અને પોતાનું બીજું ખુન કરી તેમીનાંનુબી સાથે ખુન કરવા માંગેછે? જો તું મુવોતો પછે શું તે જીવતી રેહેવાનીછે? જો તારામાં હીમત નહી હોએતો તું જીવેલો ફોકટછે; જો તું તારી માંશુકને મારી નાંખેતો પછે તારી મોહોબત ખોટીછે. જે તેમીનાંને ગમથી કરીને તું મુવેલી સમજતો હતો તે જીવતીછે; જે ધણી કદાચ તુંને મારી નાંખતે તે ધણીને તેં મારી નાંખીઓછે; જે ધારો તુને મોહોતની સજા કરતે તે ધારાએ તુને માફી બખશીછે, એટલી બધી ખોદાની બખશેશછે. વાસતે જા, તે નાજનીની પાસે જા, તેને ધીરજ આપ, તેને દીલાસો દે અને પછે પાછલી રાતનાં તું તારે જરજાંન શેહેરનો રસતો લેજે તથા તારા અપરાધની માંફી મેલવીએ તેટલાં તું તે શેહેરમાં ચેનથી કાલ કાહાડજે."

અંતે તેહેમતન પીગલીઓ તે બુઢા ગોદરેજની છેલી ભેટ લઈ દાસીની સાથે રવાને થએઓ અને અંધારૂં થએઉં તેટલામાં પાછલે રસતે તે તેમીનાના મેહેલ મધે દાખલ થએઓ.

હીઆં કેવી પરીતી ભરી મુલાકાત થઇ અને કેવી દીલાસા ભરેલી વાતો ચાલી તેનું પુરેપુરૂં બેઆંન કેઈ કલમ કરી શકશે?

હીઆં તેહેમતન અને તેમીનાંનાં દીલમાં કેવા જુશા ઉતપંન થએઆ અને તેઓએ કેટલો કેટલો ગમ કીધો તે કોણથી સાંભલી શકાશે?

હીઆં તેહેમતન એકગમથી પસતાવો કરી પશેમાંન થાતો હતો અને તેમીનાંનાં પીતરાઈ જાંહાંગીરનો જીવ લઈ તેમીનાને દુખી કરવાનો પોતાને ગુનેહગાર ગણીને માફી માંગતો હતો

હીઆ તેમીના તેહેમતનથી સદાની છુટી પડવાના વીચારથી મોટી હાએ અફસોસમાં પડી હતી અને પોતાનાંજ બેશીથી તેનાં વાહાલા ધણીને જે દુખ થએઉં હતું તે દુખમાં પોતે ભાગ લેવા માંગતી હતી.

હીઆ એકાંત જગામાં ખરી મીતરાચારી તથા ખરા પીઆરની નીશાંણ કેવી હોએછે તેનો કોઇબી ચીતારાને નોંધી લેવા જોગ દેખાવ બનીઓ હતો.

હીઆં કંજબખત માં બાપોના કુસંપ અને કલેશથી ગરીબડા અને નીરદોશ જીવડાઓને કેવું સોસવું પડેછે તેની એક નાંદર કવીતા કુદરતે રચી હતી.

તે બંને જણને મોટી ઇનતેજારી એકેકથી છુટાં પડવા વીશે હતી, જેમાં તે બંને જણ પોત પોતાની ખરાબી વીચારતાં હતાં, પણ તે ખરાબીનો અટકાવ કરવાનું તેઓનાં હાથમાં નહી હતું.

મારે માહેતમ ભરેલાં રૂદન, ઇનતેજારી ભરેલા દેખાવો, દીલાસા ભરેલા સુખનો, વાત વીવાદ, આશા, આતુરતા, શુખ, દુખ, ઇતીઆદી એ સંધાએ જાંણે આ બે જીવડાઓને એકસંપ થઇ રોકી રાખીઆ હતા.

તેઓની આ મુલાકાતમાં સુખ હતું અને દુખબી હતું. ખરો દીલાસો તેઓનાં શુખનોમાં હતો, ખરી આસાએસ તેઓની ભેટમાં હતી, ખરો સંતોશ તેઓની શીકલમાં હતો. તેમજ વલી ખરી બેચેની તેઓનાં દીલમાં હતી, ખરી ચીંતા તેઓનાં મગજમાં હતી.

એ રીતે મુલાકાતમાં કલાકનાં કલાક પાંણીના રેલાની મીશાલ ચાલતા થએઆ. રાત વહી ગઈ, અધરાતબી પુરી થઈ. ખુશનુમાં મરંદાં પરંદાઓનો શરોદ શરૂ થએઓ અને સહવારનાં કાસદ મરઘાઓએ અવાજ કાહાડી આફતાબનાં આવી પોંહોચવાની ખબર આપી.

આ'હા! તે મરંદાં પરંદાં વતીક આ બે માંણસજાત કરતાંતો વધારે શુખી હતાં.

હવે તેહેમતનથી થોબી શકાએઉં નહી. એક છેલી ભેટ, એક છેલો બોસો, અને તેહેમતન આંખમા આંશું આંણીને હેઠે ઉતરીઓ. તે દુખ ભરેલી સલાંમ કરતો જાંહાંસુધી નજરથી દુર ગએઓ તાંહાંસુધી તેમીનાંએ તેને જોએઆ કીધો, જે પછે અંતે તે આંખથી દેખાએઓ નહી, કસો વખત રહેઓ નહી, કોઈ દીલાસો દેનાર રહેઉં નહી અને બીચારી તેમીના એખલી તથા અટુલી થઇ પડી શોક કરવા લાગી.

---

## પરકરણ નવમું.

## નવી પીડા.

પણ શું એટલાંમાંજ તેમીનાનું શંકટ પુરૂં થએઉં

તે એક કલાકમાં પરણીને સોહોવાસણ થઇ અને બીજા કલાકમાં રંડાઈને વીધવા સરખી થઇ પડી એટલે પછે શું ખરાબીનો હાથ તેના નીરદોશ બદન ઉપરથી ઉંચકાએઓ?

તે બીચારીએ લગણના નવાં કપડાં કાહાડતાંવાર તરતજ શોકનો પોશાક ઓલવીઓ કેમકે પોતાના ભરથારને પાછો મલવાની સઘલી આશા તેણે મેલી હતી, તેટલાંમાંજ શું તે સરવે પીડામાંથી છુટી?

નહી—તેને કપાલેતો એથીબી વધારે દુખ ચોંહોટેલું હતું.

વાંચનારી બાંનુઓ, તેમીનાંનો ભરથાર દેશનીકાલ થએઓ એતો આ કુમલી કાએઆ ઉપર પડતી જફાઓની માતર એક શરૂઆતછે. તેનું મોટું દુખતો હજુર જાહેર કરવાનું રહેઉંછે.

એક ગમથી મુરો તેહેમતન પોતાનાં જનમગાંમ અને જાંની માંશુકને છેલી સલાંમ કરી રવાંને થએઓ કે બીજી ગમથી સહવારના પોહોરમાં તેમીનાની માં માહાબાંનુ તેનાં ઓરડા મધે દાખલ થઈ.

તેને તેમીના પાસ એટલી વેહેલી ઉઠી આવવાનો કાંઈ સરેસતો નહી હતો પણ આજે એકાએક તે કેમ આવી લાગી?

શું તેણે તેહેમતનને આવતાં જતાં જોએઓ હશે? શું તેને તેમીનાના છુપાં લગણની ખબર પડી હશે?

નહી—જો એવું કાંઈ બનીઉં હતેતો ઠીક થતે, પણ

માહાબાંનુતો તેથીબી વધારે ખરાબી કરવા આવી હતી. અલબતાં એમાં તે પોતાની દીકરીની ખરાબી સમજતી નહી હતી.

તેણે આવતાંને વાર પુછીઉં કે "કેમ દીકરી તેમીનાં કેમછે ?"

**તેમીનાં**—માએજી મારા જીવને ચેન નથી.

**માહાબાંનું**—મારી વાહાલી દીકરી તું તારા જીવને ખારો રાખીને શું કરવાનીછે ? એતો જે બનીઉં તે બનીઉ ! જાંહાંગીરનાં મોહોત વીશે મને ઘણું લાગેછે. દીકરી તારી સાથ ફરનારો અને તારૂં મંન રીજવનારો જે એખલો સોબતી હસો તેનાં દુર થવાથી મનેબી ભારી દુખ થાએછે, પણ તું શું રડીને તેનાં બદંનને પાછું ઘોઈ નાંખવા માંગેછે ? અથવા તેમબી બનેતો તે કાઈ તારા રડવાથી જીવતો થવાનોછે ? દીકરી થોહો ગમ ઘણો પીઆર બતાવેછે, પણ ઘણો ગમ તેથી વધારે બેવકુફ કરાવેછે.

**તેમીનાં**—તોબી માંએ મને રડવા દેવો, કેમકે હાલ એવો બનાવ બનીઓછે કે રડવાથી મારો જેટલો વખત જશે તેટલો વખત બીજાં કસાંથી જવાનો નથી.

**માહાબાંનું**—નહી, નહી, તેમીનાં—તું જો એમ કરશેતો પછે હમે તારા માં બાપ તુંને દુખી દેખીને કેમ સુખી થઈશું. તુંને શુખી કરવી એતો હમારી મોટી ઉમેદછે અને દીકરી તેજ વીચારથી હાલબી હું તારી પાસે આવી છઉં.

**તેમીનાં**—પણ તમારા સરવે ઉપાએ છતાં, મને જે ટોટો ગએઓછે તે કદી પુરાવાનો નથી.

**માહાબાંનું**—અરે દીકરી એવી શું વાત બોલેછે ? જો તું મારૂં કહેલું ધેઆંન ધરીને સાંભલ. જાંહાંગીરનાં મુવાથી તું જે એખલી પડીછે, તે ઉપરથી તારે માંટે તારા બાપે તારો સાથી શોધી કાહાડીઓછે—જે તારી સાથે રેહેશે એટલુંજ નહી પણ જેને તું ભરથારનાં મોટાં નામથી બોલાવશે. દીકરી પેલો અમીરજાદો શાહાપુર વલી તારી સાથ નેકા પાડવા માંગેછે, હમે હા કહેઉંછે, આવતી કાલનો સુભ દાહાડો તેને માંટે હમે ઠરાવીઓછે અને તે બનાવની ખુશ ખબર-કેહેવા માટે હું હીઆં આવી છઉં.

ખુશ ખબર ! આતો તેમીનાને મનસે મોટી આફત ભરેલી ખબર હતી ? તેણે આવીતો કદી વકીજ રાખી નહી હતી. મારે એકાએક જમીન ફાટીને ધરથીકંપ થવાથી તે જેટલી અચરત થતે તેનાં કરતાં વધારે અચરતી તેમીનાંને આ ખબરથી ઉપજી હતી. હજુરતો એક જવાંન જેને તે જીગરથી ચાહાતી હતી, જેની સાથ પરણવાને તેને ચોવીસ કલાક નથી થએઆ, હજુરતો તે જવાંનનાં મોહોસાથી તેમીનાનાં શુંદર રોખશારા ગોએઆ ભીંગાછે, તેટલામાંજ તેને એક બીજા ધણી સાથ પરણાવાની વાત થાએ, અને તેબી વલી એવા ધણી સાથ કે જે તેહેમતનની બરોબર દસમે હીસેબી નથી એવું તેમીનાંએ પોતાને તાંહાંની પેલી મોટી જીઆફતમાંજ જોઈ લીધું હતું, તેની સાથ પરણવું એ વાતજ તેમીનાંને ઘેલી લાગી. તે બોલી કે "નેકનાંમ માતાજી હું શપત લઈને કહું છઉં કે આ લગણ મને કબુલ નથી. હાલનાં સરખાં દુખનાં વખતમાં તમે એ વાત શું બોલોછો ? હજુરતો મોહોતનો ઘા તાજો તેટલાં પરણાવા સાંનું માંગોછો ? વલી મને શાહાપુર ગમતોબી નથી, વાસતે તમે જઈને બાવાને કેહો કે એ વાત હું કદી કબુલ રાખશ નહી."

માહાબાંનુએ તેમીનાંને સમજાવામાં કાંઈ બાકી રાખીઉં નહી. તેમજ વલી તેમીનાંનો બાપ શીઆવખશ જે તાંહાં તરતજ આવી લાગો હતો તેણે તેમીનાંને ધમકાવા માંબી કાંઈજ બાકી રાખીઉં નહી, પણ તેમીનાંએ પોતાનો વીચાર રતીભારબી ફેરવીઓ નહી. માહાબાંનુ શાહાપુરની દોલતની વખાણ કરવા લાગી, પણ તેમીનાએ રોકડો જવાબ આપીઓ કે "તમે મને તે મરદ સાથ પરણાવોછો કે તેનાં પઈસા સાથે ?" તેમજ શીઆવખશે શાહાપુર તરફ અતીશએ મરજી દેખાડી પણ તેમીનાંએ ખોલી રીતે કહેઉં કે "બાવા તમે નથી પરણતા પણ મને પરણાંવોછો, માટે તમારી મરજી કરતાં મારી મરજીનાં માંટીની વધારે જરૂરછે."

અંતે પોતાની દીકરીને સમજાવતાં સમજાવતાં આ માંટી બઈએર તદન થાકી ગએઆ. સીઆવખશતો તેહમીનાંને ગાલો અને સરાપ આપવા લાગો. તે તેમીનાંને ધીકારવા લાગો તેણે તેમીનાને ઘરમાંથી કાહાડી મેલવાની ધમકી આપી તથા પોતાની દીકરીને વીચારનાં વંમલમાં નાંખી પોતાની બાએડીની સાથે તેનાં ઓરડામાંથી જતો રહેઓ શેવટેબી તેમીનાંએ પોતાની મતલબ પરમાંણે કહેઉં કે "એ શાહાપુરનાં કરતાંતો તમારા દુશમનનો છોકરો તેહેમતન હજાર દરજે ભલોછે."

હવે તેમીનાં શું કરે ? તેણે પોતાની દાસીની સલાહા પુછી પણ તે બેવકુફ સ્રીતો પોતાનાં શેઠ શેઠાણીને મલતી થઈ. તેણીએતો એવી સલાહા આપીકે તેમીનાંએ તેહેમતનને તજવો અને શાહાપુરને બાહાલ રાખવો. એ વાત તેમીનાને ગમી નહી. તેનો તે દીવસથી સાહેલી આવાંન ઉપરનો ઇતબાર ઉઠી ગએઓ અને તેણે પોતાનાં મંનથી વીચારીઉં કે "હવે જારે હું તદન એખલી પડી છઉં તારે મારાં મંનની સહાલા મુજબ ચાલવા સીવાએ બીજો કાંઈ ઉપાએ નથી"

વીચારમાંને વીચારમાં બીચારી ઘેલી ગાંડી જેવી તેમીનાં એક ખંજરને પોતાની પાશે છુપાવીને ઘરની બાહેર જવા નીકલી. દરવાજા આગલ દાસી તેને મલી તારે તેમીનાંએ જાહેર કીધુંકે "હું બુઢા ગોદરેજની દરઘામાં જાઉં છઉં." આવાંને વીચારીઉંકે એ છોકરી પોતાનાં માં બાપની સાંમે બોલીછે માંટે તેનો પસતાવો કરવા જતી હશે. એટલું વીચારીને તે વાતની તેણે જાજી તુંબા કીધી નહી અને એ રીતે તેમીનાં એકદમ ઘરની બાહેર નીકલી પડી. આ વખતે તેને જહંનુન ચહડેલું હતું, પણ કોઈને ખબર નહી હતી કે તેણે પોતા પાસે ખંજર સંતાડીઉંછે, અને કોઈ જાણતું નહી હતુંકે તેમીનાં એટલાં ખુન ઉપર આવીછે.

# રંડાપો.



નાર જાતીને નસીબે જાણે લખાએલા મોટાં શંદ્રગ્રેમાંનું એક તે રંડાપોછે. રંડાપો એ શબદજ કોઈબી ઓરતનાં હાર ધ્રુજાવાને બસછે. તે એક ખરાં સુખની ખુટ બતાવેછે. ભરથારનું સુખ તે આ દુનીઆમાં એક સ્ત્રીનું સઉથી મોટામાં મોટું સુખછે. તેનાં આસીરવાદ અજાએબ તરેહનાંછે, તેનાં લાભ એ કથી વધારેછે. એક ઓરતનો ભરથાર તે તેનો ધણી અને ઊસતાદછે પોતાની બાએડીનાં જીવની જતન, તનદરોસતીનો બચાવ અને સુખની સંભાલ લેવાની તેની હંમેસની ઊમેદ હોએછે અને લગણનાં પવીતર ગાંઠથી જોડાવા પછે એક સ્ત્રી પોતાનાં ભરથારમા એવા પુરૂશ ઊપર પોતાનાં સરવે હક તથા સંબંધ ધરાવી શકેછે કે જે જીવે જાગે તાંહાંસુધી તેની બરદાસત લેશે, તેને લગણનાં મીઠાં ફલ ચખાડશે અને તેને સદા સાહેતા આપશે એવી તે પોતાની ખાતરી કરી શકેછે. એ મોટું સુખ જે આફતથી છીણવી લેવાએછે તે રંડાપોછે. રંડાપો આ દુનીઆમાં ઓરત જાત ઊપર પડતી મોટામાં મોટી પીડાકારી અને બલાછે.

ભરથારનું સુખ એટલું કીમતીછે કે તે વીનાં પડી રેહવાનો દુનીઆમાં કંઈ રવઈઓ નથી. કોઈબી સ્ત્રી પોતાનાં ભરથારને તેનાં મોહોતથી ઈઆ બીજાં કારણથી ખોહોવા પછેબી "ભરથારનું સુખ" જાલવવા મારે બીજાં પુરૂશ સાથ પોતાનો સંબંધ ઘરતી રીતે બાંધી શકેછે, પણ જે લોકોમાં ઓરત જાતને એવી છુટ નહી તે લોકોને કેવાં કમબખત ગણવાં જોઈએ. હમે હીંદુઓ વીશે આ ઠેકાંણે બોલીએ છઈએ. તેઓએ તેમની વીધવાઓને ફરીથી નહી પરણવા દેવાનો જે રેવાજ પાડેઓછે તે ઘણોજ માંઠો, નુકસાંનકારક અને ધીકારવા જોગછે. એ બુરા રેવાજથી હીંદુઓમાં તેમનાં સંસારની, નીતીંની અને સુખની જેટલી ખરાબી થાએછે, તેટલી બીજાં કોઈથી થતી નથી. તેઓનાં એ રેવાજથી કોઈબી સ્ત્રી ભરથારનાં મરણ પાંમેઆ પછે ફરીને બીજો વર કરી શકતી નથી !

વાંચનારી બાઈઓ, તમે જાણોછોકે ભરથાર વીનાની સ્ત્રી ગેએઆ એક પાતરાં ખરી ગએલાં શુકાં જાહાડનાં સરખીછે. તે એક વગર સુકાનનાં વાંહાંણનાં સરખીછે. તે એક ઈનસાંન અવતારે પસુ સરખી બલકે તેનાથીબી બદતર હોએછે, કેમકે પસુઓમાં પણ માદાને તેનો નર હોએછે. એવી માંઠી હાલતના ભોગ બીચારી હીંદુ સ્ત્રી થઈ પડેછે. કેટલીએકો ઘડપણ નજદીક આવતાં વીધવા બનેછે, કેટલીકો પોતાની ભર જુવાંનીનાં વખતમાં વીધવા બનેછે, અને કેટલીએકોતો ઘણીજ નાંહાંની ઊમરમાથી એવાં અપાર દુખના દરીઆમાં ડુબેછે કે તે બીચારીઓ સમજતી પણ નથી કે તેમનુ કરમ જે દાહાડેથી તેમના ભરથાર મુઆ તે દાહાડેથી કેવું ફુટીઊછે! અફશોશ! જારે તેવું બાલક મોટું થાએ, તારે તે બીચારું શુ જાણે કે દુનીઆ તે શું અને શંસાર તે શું. તેમજ જે બીચારીઓ પોતાની ખીલતી જવાનીમાં આવતાવાર જેમ એક ફુલની કુમલી કલી ખીલતાંજ ખરી પડે તેમ નીરાસ થઈ પોતાની સઘલી આસા અને ઊમેદમાથી ખરી પડેછે, તેઓ પણ સંસારના સુખથી તદન બે નસીબ રહી જાએછે.

પણ વલી તે હીંદુ સ્ત્રી ભરથારનું મોટું સુખ ખોહી બેસેછે એટલુંજ નહી પણ તેને બીજા દરએક રીતનાં સુખને શેવટની સલામ કરવી પડેછે—તે બીચારી ઊપરથી સરવે સુખનો સુરજ તદન અસટ પામેછે, અને દુખના અંધારાંની ચાદરમાં આખા ભવ શુધી લપેટાઇ જાએછે. જેવી રંડાઇ કે તરત તેને ખુણે પડવું પડેછે. પોતાનાં માથાંનાં સુંદર કેશ કે જે સ્ત્રી જાતની ખુબસુરતીનો મુખીઅ ભાગછે તેને હજામ પાસે બોરાવી નાખેછે, સીનગાર સઘલો કાહાડી નાખેછે, અને આગલ જે પુનમનાં ચંદર સરીખી શોભતી હતી તેને બદલે એક બદસુરત દેવીના સરખો આકાર પકડીને ખુણે પડેછે!! તાર પછેથી તે બીચારીથી કોઈબી મરદ સાથ વાત નહી કરાએ, કોઈબી મરદનું મોહડું નહી જોવાએ, કંઈ પણ સારે રૂડે જવાએ નહી અને નવુ કપડું કે કોઈબી જાતની જનસ તે

ની જીંદગીનાં છેડા શુધી પેહરાએ નહી. પણ એટ લેજ તે બીચારી નીરદોશ અબલાનાં દુખનો અંત આ વતો નથી. તે બીચારીનું હવે એજ કામ કે ઘરમાં ઘાંચીના બલદની પેઠે આખો દાહાડો વહીતરૂં કરવું અને રોટલીનો ટુકડો ખાવો. તે પણ તે બીચારીને કોઇ પેઆરથી આપે નહી. તેણીને જેને જેમ ગમે તે મ હાડમાર કરે, અને જેને જે મોડામાં આવે તે તાંણાં મીના મારે. હીંદુઓના ઘરમાં એક હરામી અને માર કણી ગાએ હોએ તેની લાત કે સીંગડું ખાઈને પણ તેનો બરડો પસવાડી ઘાસ ખવાડે, પણ પોતાની વીધવા વહુ કે દીકરીને કદી તેની પીઠ ઊપર દીલાસાનો હાથ મુકી રોટલી નહી ખવાડે. ટુકામાં કહીએતો તે બીચારીની બાકીની જીંદગી એક હડખાએલાં કુતરાં કરતાં પણ ઘ ણીજ માંદી હોએછે.

પણ શીઆંની બાઈઓ તમે વીચાર ક રો કે શું ઈનસાંન કે શું હેવાનમાં તે પરમે સવરે પોતાની ઓલાદ વધારવાનો જે અતી ઊતમ હ વસ મેલીઓછે, પારકાં તરફ પીઆર અને મોહોબત બતાવાનો જે મીઠો જુસો આપીઓછે, તે હવસ તથા જુસાને કેમ અને કાંહાં સુધી દાબી રખાએ? અને તોબી વેહમી હીંદુઓ પોતાની કુમલી નાંરીઓને તે જુસાઓ દાબવા કેહેછે, જેમ હંમેસ બની શકે એવી તો વકી રખાતી નથી. તેથી કરીને તે બીચારી કમ તાલેનીઓને છુપી રીતે પોતાનાં હવસ પુરા પાડવાની કોશેશ કરવી પડેછે, જેથી આજે હીંદુઓ મધે છીનાં લું, બાલ હંતીઆ, ખુન, અને આપઘાત એ પાપો બએ ભરેલી રીતે વધી ગએલાં કેહેવામાં આવેછે. જે કાંમ કુદરતથી ઊલટું તે કાંમ હીંદુ લોકો પોતાની ઓ રતો પાસે કરાવેછે, પણ કુદરત કદી પોતાનો રસનો લીધા વીનાં રેહેતી નથી અને તેનું આવું માંધું પરી નાંમ નીપજેછે.

જારે હીંદુ સ્રીઓનો આવો રંડાપો આપણી આંખે જોઈએ છઈએ તારે હાએ મારવી પડેછેકે હે ખોદા! તે બીચારીઓએ શું તારે બાર એવી ચોરી કરી હશે કે તે નાહકને મારે પોતાનાં આખાં ભવ શુધી નહી ખમાએ તેવાં દુખો વેઠેછે? અરે નીરદએઆલું હીંદુઓ, તમે માંકડ નહી મારો, ચાંચડ નેહી મારો, રસતામાં કોઈ ઊંદરને લાકડીથી કે પથરથી મારતું હોએતો તરત તમો તેની વચે પડી તેને છોડવો, અને આ બીચારી અબલા જાતીઓ ને તેમનાં આખા જનમારા શુધી આવી રીતે રજા ણી રજાણીને મારી નાખો એ તમે કેવા બેવકુફ, કેવા કરપીણ અને ઘાટકી! તમે એવાં પાપી કરમથી મોટાં પાપી થાઓછે, અને તેની સજા તમને તે દુનીઆં કે જાંહાં માંણસ જાતનાં દરેક ખોટાં ખરાંની બારીક તપાસ થાએછે, તાંહાં થશે. દોજખમાનાં દેવો ત મારા શરીર ઊપરનું ચામડું ઊખેડશે, અને તેમાં થી નીકલતું લોહી તમોનેજ પાશે!

(લખાઇ આવેલું.)

## હુપલીઉં.

આ શબદથી ઘણીએક વાંચનારી બાઈઓ વા કેફ હશે. હુપલીઊ એ બચાંના ઘણાક નઠારાં દરદો માંનું એકછે અને તેથી કેટલીકવાર બચાંઓનો ઘાત પ ણ થાએછે. માંતાઓ પોતાનાં બચાંના જુદાં જુદાં દ રદો ઊપર જેવું અગનાંનપણું ધરાવેછે તેવુંજ હુપલી આં વીશબી ધરાવેછે, તેથી તેઓને એ દરદ વીશે તરેવાર વેહમછે અને કેટલી વખત તેના ઈલા જ એવાતો આડા કરેછે કે તેથી બચાંનું અનઘટતી રીતે મોહોત થાએછે. બચું જનમેઆ પછી ઘણું કરી ને સાતમાં વરસ શુધી હુપલીઊં તેના ઊપર હોમલો ક રેછે, પણ મુખીઅ કરી તે હડી ઈઆ તરણ વરસની ઊમરમાં વધારે બચાંઓને થાએછે. જારે એ દરદ થાએછે તારે બચાંનું બદન કઠણ લાકડાં જેવું થઈજાએછે અને હીલતું નથી, મોહોડું વાંકુંટીકું થા એછે અને હોટ બધી તરફ ફરેછે. ચેહેરો લાલ અને પછી કાલો થઈ જાએછે—આંખના દોલા ઊપર ચહ ડી જાએછે, દમ ઘણી કઠણાઈથી લેવાએછે. હાથના પોંચા ઘણા મજબુતીથી વાલી દીએછે, અને પીશાબ તથા જાહાડો બેખબરીથી થઈ જાએછે. એ પરમાણે એક બે ચાર મીનીટ શુધી થઈને પછી થોડોવાર શુધી નરમ પડેછે અને પછી તે પાછું થાએછે અથવા તદન બંધ પડી જાએછે—ઘણી વખત એ દેખાવથી નાહના બચાંનો ચેહેરો દરાંમણો લાગેછે.

એ દરદના કારણો ઘણા હોએછે. ભેજાંના કેટ લાએક દરોદોથી અથવાતો ભેજાંને લોહી બરોબર ન પોહોચેઆથી તે ઊતપંત થાએછે. અધુરો ખો

રાક એ દરદનું એક બીજું કારણછે. ભેજુ તથા મંન ઊસકેરાએ એવી હાલનથી એ દરદ પેદા થાએછે. દાંત નીકલતી વખતે પારા ઊપર ભાર પડેઆથી અને કાંઈ ખરાબ ખોરાક ખાધાથી અને પેટમાં કરમ હોએઆથી તથા પીશાબમાં પથરી ઊતરેઆથી થાએછે. આપણા લોકો બચાંને ઘણી વખત કેલાં તથા બેર અને દારમ હેવું ખાવાને આપેછે પણ તેનાં ઠરી આ પેટમાં ગએઆથી અને અજીરણ થએઆથી હુપલીઊં ઘણાં બચાંને થાએછે. માંટે બેહેતરછે કે એવું બચાઓને ખવડાવવુંજ નહી. જે બચાનાં મા બાપ ઘેહેલાં હોએ અથવા જેને પવનનો મરજ થએઓ હોએ તે બચાંનેબી હુપલીઊં થાએછે. એક ડાકટર કેહેછે કે જેઓ અતીશ જલદીથી પરણેછે અથવા જેઓ ઘણાંજ મોડેથી પરણેછે તેઓનાં છોકરાંબી હુપલીઆને ભોગ થાએછે.

એ દરદનો ઈલાજ ઘણું કરીને એના કારણો દુર કરવાથીજ થાએછે, વાસતે જેમ બને તેમ એ ઊપર કહેલાં કારણો દુરજ રાખવા એ ઘણું શારૂંછે. જે વખતે દરદ થાએ તે વખતે ગરદન આગલનાં કપડાં ઢીલાં કરવાં—જેમકે જભલાનાં કશ બાંધેઆ હોએતો છોડી નાંખવા, માથાં ઊપર ઠંડક કરવી અને પછી ગરમ પાંણીના ટબ અથવા તપીલાંમાં બેશાડવું પણ કાંઈ ઘણોવાર થકાવવું નહી. જો કાંઈ બદહજમીથી એ દરદ થાએતો હલકો જોલાબ અથવા વાંમીટ જે આપવા ઘટે તે ડાકટરને તેડી તાબરતોબ ઈલાજ કરવો. જો દાંત નીકલતા હોએતો જરૂર કરીને તે ચીરાવવા જોઇએ. ઘણે ઠેકાંણે ઘણી બાઈઓ એ વીશે હરકત લેછે અને દાંત ચીરવા દેતાં નથી તેઓ કેહેછે કે અમશતી બચાં ઊપર જશ પાડવાનુંછે, પણ તેઓ એમ સમજતાં નથી કે ડાકટરતો સારાંનોજ રાજી અને જસનો લુબોછે. તેથી ભોલી બાઈઓ આ અગતની વખતે કદીબી અરચણ લેશોના કારણ કે દાંત ચીરેઆથી જરૂર ફાએદોજ થાએછે અને તેથી ગેરફાએદો કાંઈ થતોજ નથી. હમે ફરીથી કેહેજીએછે કે દાંત ચીરવા પડે અને ડાકટર કેહેતો જરૂર તેમ કરવા દેવું, હરકત લેવી નહી.

હુપલીઊં થાએછે તારે આપણા લોકો ઘણી વખત આડા અવડા ઈલાજો કરેછે તેથી કુમલાં બચાંને ઓર નુકસાંન થએઆ વગર રેહેતું નથી. કોઈ કોલાઈ ફુઈ આવીને કેહેશે કે માએ ડાકટર શું કરતાથા કાંઈ ઘેરનુબી કરશો કે નહી ? પછી પેલાં બચાંના ગભરાએલાં મા બાપને હા કેહેવાની ફરજ પાડીને એક જણી મરગી ઓવારવા મંડી જશે; બીજી ઘટીનું પઈડું ઓવારશે અને કોઇ નારીએર, ઈડાં, ઈતીઆદી, ભાંજવા મંડી જશે. આ સઘલું કીધાથી કેટલો ગેરફાએદો થાએછે તે તેઓ કાંઈ શમજતાં નથી. મરઘીને ઓવારતી વખતે તે એટલોતો ઘોંગાર કરેછે કે પેલું બચું બીહીને વધારે ચોંકેછે અને દરદ ઊલટું વધેછે. તેમજ ઘટીનું પઈ જો ગભરાટમાં હાથમાંથી શરી ગીઊ તો તેહેનું શું પરીનામ થાએ ? હવા વેહેમો હજુર આપણી બાઇઓ રાખેછે એ દુઃખ ભરેલુંછે કારણ કે એથી બચાંનો ઘાત થાએઆ વના રેહેતો નથી. કાબેલ ડાકટરને બોલાવી ઘટતા ઇલાજ કરવા એજ બોદાની નજરમાં દરૂસતછે.


---

## રાંણી માઈલન.

રાજપુતનાના કરન રાજાનાં ગુજરવા પછી તેની રાણી મઈનલ પોતાના દીકરાનાં બાલપણમાં ગાદી ઊપર બેઠી હતી. એ રાંણી પોતાની સારી ચાલને મારે જાંણીતી થઈછે. એક વખતે તે રાણીએ ધોલકા શેહર મધે એક મોટો તલાવ બાંધવા માંડીઓ હતો, કે જે મઈનલ તલાવને નામે ઓલખાતો હતો. એ તલાવ બાંધવાને કીજે જે જગો ચુંટી કાહાડીઆમાં આવી હતી તેહેની ઊગમણ દસાની અધની અંદર એક કશબનનું ઘેર આવેલું હતું, તે રાણી મઈનલે વેચાતું લેવા માંગીઊં, અને તેને મારે ઘણી મોટી નાણાંની રકમ આપવા માંગી પણ તે કશબને પોતાનું ઘેર આપીઊં નહી, અને કહીઊં કે "રાણી મઇનલ તલાવ બાંધીને પોતાનું નામ જગતમાં કાએમ રાખવા ધારેછે તેમજ આ ઘેર તલાવનાં ખુણાંની અંદર આવેલુંછે તે હું નહી આપું અને તેથી તલાવની બાંધણીમાં જે ખાંચ રહી જાશે તેથી મારૂં પણ નામ રેહેશે." કેહેછે કે એ રાણી જો જુલમથી તે કશબનનું ઘેર છીનવી લેતતો તે બની સકતે, પણ તેણીએ એ પરમાણે કરીઊં નહી, અને બોલીકે "કોઈ ઊપર બેદાદી કરીને સારૂં કામ કરવું તેમાં એબછે." એ બનાવ ઊપરથી રાણી મઈનલનું નાંમ તલાવ બાંધવાની તારીફ કરતાં

વધારે મજબુતીથી કાએમ રહીશેછે, કાંએકે રજપુત લોકોમાં ઈનસાફની કાંઈ વાત આવેછે તેઆરે તેઓમાં એક કેહેવત બોલાએછે કે "ઈનસાફ જોવાનો હોએનો મઈનલ તલાવ જોઈ આવો." પોતાની મતલબ ઈઆ સવારથને માંટે ગરીબને ઈજા દેવી એ મોટાની લા એકી નથી. આપણમાં કેહેવતછે કે દરએક જણ પો તાનાં ઘેરનો ધણીછે, માંટે મોટાએ ગરીબની સતા સ રખી સમજવી એ ઊંચાં મનની નીશાણછે.

## ગરમ પાંણીનાં ફુવારા.



વજરાબાઈ અને હુ નાંઈની જાતરામાં મુંબ ઈથી ઘણાં લોકો જાએ છે. વેંહેંમી· હીંદુઓ તાંહાં માનતા કરવા ત થા દેવી અને મુરતીની વેહેમ ભરેલી કીરીઆ કરવા જાએછે. બીજી ગનેઆતવાલાઓ તાંહાં નાં કુદરતી તલેસમાતની તથા બીજી રચનાં જો વા જાએછે. એ તલેસ માત તાંહાંનાં ગરમ પાંણીનાં જહરાછે. તે જહરાઓ જમીનમાંથી ફુટેછે અને તેમાં ગરમ પાંણી સદા વેહેછે તે પાંણી એટલું ગરમ હોએછે કે તેમાં એક પોટલી મ ધે ચોખા બાંધીને બોરીઆ હોએતો તે એમના એમ બફાઈ જાએછે. આ કરામત એક જંગલી અથવા વેંહેંમીને વેહેમાવાને માંટે બસછે, અને ભોલા હીંદુઓ તાંહાં જે કીરીઆ, મારગ ઈઆ માનતા કરેછે તે એજ કારણથી કરેછે.

હીંદુસતાંનનાં બીજા ભાગો ખાતે ગરમ પાંણીનાં ફુવારાઓ મલી આવેછે. પણ તે એખલા આ ગરમ દેશમાંજ નથી. દુનીઆનાં જુદાં જુદાં મુ લુકો એવા ફુવારાઓને માંટે જાંણીતાં થએલાંછે. ઈ ઊરોપખંડમાં એવા જહરાઓની હસતી માલમ પડીછે. પુરાતેન ઈઊનાંન દેશમાં એવા કેટલાક જહરાછે. ઈંગલંડમાં સરાપશાએર નામનાં પરાતમાં સને ૧૭૧૧ માં એક ગરમ જહરાની શોધ થઈ હતી. એ જહરો તે વરસમાં પેહેલ વેહેલો જમીનની સપાતી ઊપર ઊ ડી નીકલીઓ હતો. રાતને વખતે તેનો ઘોંગાટ સાંભ લીને લોકો તાંહાં દોડી ગએઆં હતાં અને સેવરન નદી નાં કીનારાથી આસરે ખસો માઈલને' અંતરે ઘાસની અંદર ઊકલતું પાણી દીઠામાં આવી ઊં હતું તે જગાને લોકોએ જેવી. ખોધવા માંડી કે તેમાંનું પાંણી ઊંચે ઊડવા લાગું અ ને બતીને આગલ લઈ જતાં તે ખલી જતું હ તું. એ નવાઈ સરખા ફુવારાને જાલવી રાખ વા માંટે તેની આસપાસ એક લોઢાડની ટાંકી બાંધી લેવામાં આવીછે

આઈસલાંડ (અથવા બરફની જમીન) નું ટાપુ જે દુનીઆંના છેક ઊતર ભાગમાં આવેલુછે, જાહાંની હવા તથા જમીન એટલી ઠંડીછે કે તે જગાના રેહેવાસી ઓ ઊનાલો સમજતાંબી નહી હશે, તાંહાં વટીક કકડતી તાહાડની વચે ઊકલતા ફુવારાઓને કુદરતે બાંધીઆ છે. આઈસલાંડના ગરમ ફુવારાઓ દુનીઆંમાં સઊ થી સરસ ગણાએછે. તે એક કે બેબી નથી પણ જ ગે જગ તેમના જથાના જથા જોવામાં આવેછે જે જોઈને માણસ અચરતથી દંગ થાએછે અને વીચાર ક રેછે કે સુધરેલાં દેશોમાં જારે માણસ ફુવારા બાંધેછે તા રે પડત પહેલી જમીનોમાં ખોદાઈ કુદરત એ છુટ પુરી પાડવાને પછાત નથી.

ઊપર હમે જે ચીતર આપીએંછે તે આ ટાપુ ના "ગેજીઅર" નામના એક પરખેઆત ફુવારાનુંછે. એ ફુવારો સરવેમાં સરદારછે. તેની પાસે એક બીજો ફુવારો પછવાડેથી ઊડવા લાગોછે, તેને "નવો ગેજી અર" કેહેછે. એ ફુવારાઓ હેકલા નામના બલના

પાહાડથી આસરે ૨૦ માઈલ દુરછે. એ પાહાડની આ સપાસની જગામાં સઘલા મલીને આસરે એકસો ઊક લતા જહરા માલુંમ પડીઆછે. તેઓમાંથી ગરમ પાં ણી સદા વેહેછે. કેટલાક ફુવારામાં ગરમ પાંણી સાથ ગનધક મલેલી જોવામાં આવેછે. તે પાંણીમાં વલી ક કરા આવતા જારી રેહેછે. ઘણાક ફુવારાઓમાંથી વ રાલ નીકલેછે, તેના ઠંઘ હવાના વખતમાં ઊંચે ઊડવા પછે વાદલાં બનેછે અને તે વરાલ કોઇવાર ૧૫ માઈલ દુરથી દેખાએછે. આ ફુવારાઓ તથા ઊપલો બલતો પાહાડ બતાવી આપેછે કે આઈસલાંડની હવા જોકે ઘણી ઠંડીછે તોપણ તેની જમીનના પેટામાં પુશકલ ગરમીછે.


"ગેજીઅર" ફુવારાની આગલ જતાં પરથમ નો એક કુવા સરખો ૧૫૦ ફીટના ઘેરાવાનો ગોલ ખાડો અને તેની વચમાંથી નીકલતી વરાલ દેખાએછે. આગલ જતાં એ કુવામાં સોનું પાંણી અને તે પાંણી માં પરપોટા તથા ફીણ દીસેછે. એ ખાડાની વચોવ ચમાં ૮૦ ફીટ લાંબી એક નલીછે, જેમાંથી ગરમ પાં ણી ઊડેછે. એ કુવો હંમેસ પાંણી પડવાથી ઘસાઈને સોનો તથા જહલકતો બનીઓછે અને સરવે બાજુ એથી તે એવોતો સરખોછે કે તે માતર પોતાની મેલે બંધાએઓછે એમ કોઈજ વીચારે નહી. કેટલીકવાર કુવામાંનું પાંણી માતર ઊકલીઆ કરેછે અને હવામાં ઊડતું નથી, પણ કોઈવાર વલી તે ઊડેછેતો સો ફુટની ઊંચાઈ સુધી તીરની માફક એક ધાર છુટેછે.

અતરે પાલવાના દંકા આગલ એક ફુવારો ખાં ધવા માંડીઓછે તેને બે વરસ થએઆંછે તોબી તે બં ધાઇ રહેઓ નથી. પણ કુદરતને આવા ફુવારાઓ બાંધતાં કાંઈજ વાર લાગતો નથી. જારે એક ફુવારો નવો નીકલવાનો હોએછે તારે પરથમતો જમીનની અં દર તોપોને ફોડવા સરખો અવાજ થાએછે. તે સાથે જમીન થરથર ધ્રુજેછે અને પછે પોતાની મેલે એક આં ધરૂં થઈ તેમાંથી પાંણી નીકલેછે. જારે ઊડતા કુવાઓ માંથી પાંણીને ઊરાડવાની કુદરતની ખાહેશ થાએછે તારે આસપાસ ઊભેલાં માંણસોને ગોઓઆ ચેતવણી આપતું હોએ તેમ જમીનમાંથી મોટા અવાજ થાએ છે, તથા કુવામાંનું પાંણી જોરથી ઊકલવા માંડેછે અ ને તેનાં જથામાંબી વધારો થાએછે: એ નીશાંણ જો ઈને લોકો ખીસી જાએછે તથા પછે કેટલોક વખત સુ ધી પાંણી હવામાં ઊડીઆ કરેછે, ને પછે તે વલી અચ બુંચું નરમ પડી જાએછે.

જે કારણોથી ધરથીકંપ થાએછે, તથા જે કાર ણોથી પાહાડો ફાટી તેમાંથી બલતી પદારથો નીકલે છે, તેજ કારણથી જમીન ફાટા પછે તેમાંથી આ રી તે ગરમ પાંણી વેહેછે એવું વીદવાંનોએ વીચારીઊંછે.

---

## દુરબીનની અજાએબીઓ.




ગરેહઓ.

આ! હા! આ કેવો રલીઆંમણો દેખાવ! આ મોટો ગોલો જારે દુરબીનના ચકરમાં આવતો હશે તા રે કેવો શુંદર દેખાતો હશે! તેની આસપાસના બે ગોલ વલાંની રોશનીથી એ ખુદ ગોલો કેવો જહલકતો હશે! પણ એતો જહલકતા ગરેહઓમાંનો એક સનીશ ચર નામનોછે. બીજા ઘણા ગરેહઓ પડેલાછે, જેઓ સાથ સરખાવતા શુંદર સનીશચર ઊજાસમાં સઊથી સરસ જણાતો નથી, તોબી ઊપલાં બે ચકરની વચે

હોવાથી તેનો દેખાવ દબદબા ભરેલો લાગેછે એવું સર વે જોતીશો કેહેછે.


હમે આગલ જણાવીઊં હતું તેમ ગરેહઓ આ કાશી ગોલાઓના તરીજા ભાગમાં આવીઆછે. શી તારાઓથી તેમની ગતી જુદી હોએછે તેથી, તથા તે ઓ થંબ રોશની આપેછે તેથી તેઓ સીતારાઓમાં થી ઓલખી શકાએછે. દુરબીને જોતાં તેઓ ચંદર ની મીશાલે કોઈવાર અરધા અને કોઈવાર આખા દી સેછે એબી તેઓને ઓલખવાની એક નીશાનછે. એ ઊપરથી એટલુંતો ખોલું ઠરેછે કે એ ગરેહઓ ઊપર સુરજની રોશની પડવાને લીધે તેના પડછાએઆથી તેઓ જહલકેછે.. તેઓ જે ઊજાશ આપેછે તે જો તે ઓનો પોતાનો હતેતો આવી રીતનો તેઓમાં ફેરશર જણાતે નહી, પણ તેમ નહી હોવાને લીધે સુરજની આસપાસ ફરતાં તેઓ



ચંદરની માફક જુદા જુદા આકારમાં દીસેછે.

આપણા સુરજની આસપાસ ફરનારા આસરે બાર ગરેહઓછે. તેઓમાં બુધ, સુકર, પરૂથવી, મંગલ, ભરેસપતી, સનીશચર, નેપચુન, અને ઈઊરેનસ એ મુખીઅ ગરેહઓછે અને તેઓની વચે બીજા કેટલાક નાહાનાછે. તેઓ સુરજની આસપાસ ફરેછે, અને વચમાં સુરજ તથા આજુ બાજુએ એ ગરેહઓ મલીને જે માલા બનેછે તેને સુરીઅ મંડલ અથવા સુરજમાલા કેહેછે. સુરજ પોતે જે પરૂથવી કરતાં તેર લાખ ઘણો મોટો અને ચાર લાખ ઘણો ભારીછે, તેણે એટલી બોહોલી જગા રોકવા ઊપરાંત તેની આસપાસ ફરનારા એ ગોલાઓએ અથવા આખાં સુરીઅ મંડલે ૩ અબજ ૬ કરોડ માઈલની એકંદર જગા રોકીછે, પણ એવાં એવાંતો ઘણાક સુરીઅમંડલો ઈશવરે પેદા કરેલાંછે, જેમાં હજારો સુરજો અને લખો ગરેહઓ પડેલાછે, તે સઘલા કેટલી બોહોલી જગામાં દોડતા હશે તેનો વીચાર વાંચનારી બાંનુઓએજ કરવો.

આપણા સુરીઅમંડલનું એક ચીતર હમે આગલ આપીઊં હતું અને હીઆં એક બીજું ચીતર આપીએ છઈએ. એમાં વચોવચ સુરજછે, જેની આસપાસ પેહેલો જે ગોલો ફરેછે તે બુધછે, તેની પછે સુકર,




પછે ધરતી અને પછે મંગલના ગોલા આવેછે.* એ ચાર મુખીઅ ગરેહ બીજા ગરેહઓ સાથ સરખાવતાં કદમાં નાહાનાછે, માટે તેઓ સુરજની નજદીકમાં ફરેછે પણ પછે મોટા ગરેહઓ આવેછે અને તેઓને ફરવા માટે એકેક વચે મોટો તફાવત કુદરતે રાખેલોછે. મંગલની પછે પેહેલ વેહેલો મોટો ગરેહ ભરેસપતીનોછે જે પછે સનીશચર, ઈઊરેનસ અને નેપચુન આવેછે. આ ગરેહઓ સુરજની આસપાસ ગોલ ઘેરાવામાં ફરે એટલા માટે કીરતારે કેવા દાહાપણ ભરેલા નીઅમ કીધેલાછે તે વીશે જુવો ગએઆ માસ એનું સીખાધ.


આ સરવે ગરેહઓ જોકે આપણને દુરથી બારીક હીરા જેટલા દેખાએછે તોપણ કદમાં તેઓ ઘણા મોટાછે. બુધ, જે સુરજની છેક નજદીકછે તે ધરતી કરતાં કદમાં હરઘોછે, સુકર જે સઊથી જહલકનોછે તે કદમાં લગભગ આપણી પરૂથવી જેટલોછે, મંગલ બુધના જેટલાંજ કદનોછે, પણ ભરેસપતી જે સઊથી મોટો ગરેહછે તે આપણી દુનીઆં કરતાં ૧૨૦૦ ઘણો મોટોછે, સનીશચર ૭૦૦ ઘણો મોટોછે અને એજ પરમાણે બીજા ગોલાઓ પરૂથવી કરતાં મોટું કદ ધરાવેછે. એ જુદાં જુદાં કદનો વીચાર આ રીતે આવી શકેછે—"બે ફુટ વીઆસના એક ગોલાને જો સુરજ સમજીએતો, બુધ તેની આગલ એક રાઈના દાંણા જેટલોછે, સુકર અને પરૂથવી વટેણા જેટલાછે, એક ટાંચણીના માંથાં જેટલો મંગલછે, એક નારંગી જેટલો ભરેસપતીછે, એક લીંબુ જેટલો સનીશચરછે, અને ઈઊરેનસ તથા નેપચુન કાજુના બી જેટલાછે." આટલું છતાં એ ગર

વે ગરેહઓને એકઠા કીધા હોએ તોબી સુરજનો એ
કજ ગોલો તેઓ કરતાં ઘણો મોટોછે !

ઊપલાં ચીતરમાં જોવાથી જણાશે કે જે ગરેહ સુરજની નજદીકછે તેઓને ફરવાના ઘેરાવા નાહાનાછે, માટે દુરના ગરેહઓ કરતાં તેઓ સુરજની આસપાસ વધારે જલદી ફરી આવવા જોઈએ. એ રીતે સુરજ ની આસપાસ એકવાર એક ગરેહ ફરી આવે તેનું તાં હાં એક વરસ ગણાવું જોઈએ. જેમકે આપણી પરૂ થવી ૩૬૫ા દાહાડે સુરજની આસપાસ ફરી રેહેછે, માટે આપણું વરસ એટલા દાહાડાનુંછે. પણ બુધ ૮૮ દાહાડામાં એ મંજલ કરેછે, સુકરનાં ગરેહને ફરી વ લતાં ૨૨૪ દીવસ લાગેછે, માટે તાંહાં એટલા થોડા દીવસનું એક વરસ કેહેવું જોઈએ. પણ આગલ ચા લતાં બીજા ગરેહઓને ફરવાની જગા મોટી હોવાથી તેઓને વધારે દાહાડા લાગેછે. જેમકે ભરેસપતનો ગ

મા~પર~~ ~જની આસપાસ એકવાર ૪૩૩૨ દીવસે ફ
રમાં ૮૦ ફીટ લાંબો ~ નાંહાં એટલા દીવસનું એક વરસ ગ
ણી ઊડેછે. એ કુવો હંમેસ પ રને ફરી વલતાં ૧૦૭૫૮ દી
વાજો તથા જહલકતો બનીઓછે ને ૩૦૬૮૮ દાહાડા લા
૧થી તે એવોતો સરખોછે કે તે મા ~જની આસપાસ દસ
ધાએઓછે એમ કોઈજ વીચારે નહી. માતર એકવાર
વામાંનું પાંણી માતર ઊકલીઆ કરેછે અને ~તો આપણાં

દુરબીનની અજાએ




ગરેહઓ.


આ ! હા ! આ કેવો રલીઆંમણો દેખાવ! આ
. ગોલો જારે દુરબીનના ચકરમાં આવતો હશે તા
વો શુંદર દેખાતો હશે ! તેની આસપાસના બે
વલાંની રોશનીથી એ ખુદ ગોલો કેવો જહલકતો

હશે ! પા
ચર નુરી
સાથ રેહમાં
ફેર ફરવા

જુદા જુદા ભાગ સુરજની તરફ આવીને બીજી બા
જાએછે તથા તેથી પરથમ દીવસ અને પછે રાત થ



એટલુંજ નહી પણ ઊપલાં ચીતરમાં દેખાડીઆ પરમાં ણે દરએક ગરેહની ધરી સીધી નહી પણ જગ આડી મેલેલીછે, તેથી કરીને તે ગરેહ જેમ સુરજની આસપાસ ફરતો જાએછે તેમ વલી તેનો એક ભાગ બીજા ભાગકરતાં સુરજની તરફ અથવા દુર વધારેવાર રેહેછે અને તેથી ચ ત લાંબી ટુકી થાએછે. લાંબા ટુકા દાહાડા અને ઊંગસ તથા ગરમીનાં જથાને લીધે દરએક ગરેહમાં રૂતુનાં ફેરફાર બનેછે અને શીઆલો, ઊનાંલો ઈતીઆદી જે પરૂથવી ઊપર તેમ ઊપલા સઘલા ગરેહઓમાં દીસેછે એ ઊપરાંત જે ગરેહઓ સુરજથી દુર હોએ તેને રોશ ની આપવાને જુદી જુદી ગોઠવણો કીધેલીછે. આ બાબદને મથાલે ચીતારેલા સનીનાં ગરેહની આસપ સ જે બે ગોલ વલાંછે તે એ ગરેહમાં રોશની આપ ~ માંટે ખોદાએ બનાંવેલાછે. એ બે વલાંને સનીશ ~ની વીટી કેહેછે, તેઓ એકેકથી ૧૭૫૦ માઈલને ~રેછે. એ દરએક વીટી ૧૦૦ માઈલ પોહોલીછે એક ૧૭ હજાર માઈલ અને બીજી ૧૦ હજાર લાંબીછે. એ વીટીઆ ઊપરાંત સનીશચરની ~સ રોશની આપવાનાં સાત ચંદર ફરતા કરેલા ~ી ઊપલાં ચીતરમાં દેખાડીઆછે. ભરેસપતીનાં ગરેહનું એક ચીતર હીંઆં



~ આપીઊંછે. એ ગરેહની આ સપાસ પાંચ ચંદર ફરેછે અને તેમજ બીજા ગરેહઓને પણ ઊજરહુ આપવાની ગોઠવણ કીધેલીછે. વલી ભરેસપતીના ગરેહની સપાટી ઊપર દુરબીને જોતાં આડા પટા નજરે આવેછે. તે ભરેહ ~ ~ ~ વાદલાં ધારવામાં આવેછે. વલી

જેમ દુનીઆંના દરૂઆ આગલ બરફ બંધાઈ રેહેછે તેમ બીજા ગરેહોમાં દરૂ આગલ ઠંડીથી પાંણી બંધાતું હોએ તેવું કાંઈ જહલકતું દીસેછે. એ અને એવા બીજા ઘણા દેખાવો કહી આપેછે કે આ દુનીઆંમાં માણસ જાતની સગવડને માટે જેટલી અને જેવી ગોઠવણો ખોદાતાલાએ કીધેલીછે, તેટલી સરવે ગોઠવણો દરએક ગરેહ મધે કરી રાખેલીછે?

એ ઊપરથી શું ઠરેછે? એવું સાબેત થાએછે કે એ દરએક ગરેહ એકેકી દુનીઆંછે. તાંહાં કોણ વસે છે, તે આપણ જાણતાં નથી, પણ એટલું જાણીએ છઈએ કે તે દરેક ગરેહમાં હવા, પાંણી, પાહાડ. જમીન, રોશની, ગરમી, ઈતીઆદીની ગોઠવણો કીધેલીછે. કેટલાક ગરેહઓ આપણી દુનીઆં કરતાંબી મોટાછે, અને તે શું ઈશવરે નકાંમાં બનાવીઆ હશે? નહી. તેની કોઈ ઊતપંતી નીરઊપીઓગી નથી, માટે આ ગરેહ નોબી કાંઈ ઊપીઓગ હશે અને તે પરૂથવીના ઈનસાન સરખાં પરાંણી નહી પણ કોઈ બીજી જાતના પરાંણીને જીવાડવા માટે હશે. આ સઘલો ભેદ જારે દુરબીનથી ખોલો થાએછે તારે માણસ જાતની આંખે ચીતરી આવેછે અને તે ગરવ છોડીને જમીનદોસત થઈ બુમ મારેછે કે "ઓ ખોદા! જારે તારી કુદરત આટલી મોટી, તારે તું પોતે કેવો મોટો હશે!"

—∞○∞—

## લાડવાની ખીર.

મુંબઈ શેહરમાં ગોલવાર મધે મનચેરશાહ નામનો એક પારસી પોતાના ગરીબ પણ શુખી કુટબ સાથે વસતો હતો. તેની બાએડી હીરાંબાઈ ઘણી વેહમી તેમજ અપટ હતી તેથી રાત અને દાહડો મનચેરશાહને અતીશે બલાપો થતો હતો. જોકે પોતા તરફથી પોતાની બાએડીને જુદાં જુદાં ધરમનાં તેમજ નીતીના પુસતકો વાંચી સંભલાવાને તે કાંઈ પણ કશુર રાખતો ન હતો તોપણ તેમ કીધાથી તેની કસમજ બાએડી જરાબી સમજમાં આવે અથવા સુધરે એ આશા તેને મેલવી પડી હતી, માટે તેની સુધ ઠેકાંણે લાવવાનાં તેણે બીજા ઊપાએ કરવા ધારીઆ હતા.

એક વેલા હેવું બનીઊં કે ગાંમમા સહીએડનું જોર ખુબ ચાલવા લાગું અને તેના શંસામાં બીચારી હીરાંબાઈનો એકપુરો છોકરો શોરાબશાહ આવી પડીઓ. જોકે સમજુ મનચેરશાહએ પોતાના છોકરાને આગલથીજ શહીએડ મુકાવીઆ હતા તેથી શહીએડ ઘણા જોશથી આવીઆ ન હતા, તોએપણ તેની ભોલી બાએડી ઘણીજ ઘબરાટ અકરાટમાં પડી હતી. સાંટક એવું બનીઊં કે તેજ વખત ઊપર ગીઆ એપરેલ મહીનાનું સ્ત્રી બોધ ઘરમાં આવીઊં જે મધે શહીએડ કાકા વીશે એક બાબદ છપાએલી હતી અને જેમાં એ વખત ઊપરનાં આપણાં લોકોનાં વેહેમ દેખાડી આપીઆ હતા મનચેરશાહએ પોતાની શીઆંની દીકરી શીરીનને તે બાબદ વાંચવા બેસાડી તે વખતે હીરાંબાઈ તથા બીજાં કેટલાંક બઈરાંઓ આગલ હતાં. જેમ જેમ શીરીન તેમાંનાં હસવા સરખા વેહેમોનો હેવાલ વાંચતી હતી તેમ તેમ હીરાંબાઈ તથા બીજાં બઈરાંઓને ઘણું લાગી આવતું હતું. હીરાંબાઇથીતો મનચેરશાહને કેહેવાએ નહી માંટે શીરીન ઊપર વારે ઘડીએ ગાલો પડતી હતી. હીરાંબાઈ કેહેતી કે "આ રાંન લારે લાધી ને ઓવાઈએ ખાધી. જરા એને નાંખીદ ને રાંધણીમાં જઈને કાંઈ કાંમ કર." બીજી કોઈ ભાહતણી વલી બોલતી કે "વાએ વાએ મનચેરશા, હીરા મોતીનો છોકરો હઈથી તહી તરફરેછે ને તમુને દએઆ નહી લાગતી, એ ટાહેલું લઈને શું બેસાડી?" વલી તરીજું કોઈ બોલતું કે "મુવા છાપનારાનો પેટને વાસતે મોહતનાં શંશં મારે તેનું આપુણે શું? રોજ ઊઠીને મુવાઓને લાંબાં લાંબાં ટીપણાં ભરવાંબી જોઈએકેની, તે રોજ ઊઠીને લાવેબી શું? ધાંમો મુવો, કાંમો મુવો, લીલ ખોદીને નાખી આએઆ, એવું એવું છાપવાનુંછે?" વલી હીરાબાઈ બોલતી કે "જુવો પેટ તાહાદાં, બાએ તમે એ ખેન કોતક જુવો. છોકરો દુશમેન આજે છ છ દાહાડા થએઆ બીછાંનું સેવેછે ને માટાંનાં માંગતાંને જાણે આજને કાલતો ખોદાએને હાથ આપીઓછ, પણ એ વણને કાંઈ ફકર કે ચીંતાછે?" આ સરવે તાંણાંજાંણીનાં શુખનોની મનચેરશાહએ કાંઈ દરકાર કીધી નહી પણ સરવેને મુગાં રાખી સ્ત્રી બોધમાંની બીનાં શીરીન પાસે પુરી કરાવી.

એ બાબદ પુરી થવા પછે મનચેરશાહની જબાં ઊપરી. તેણે લંબાંણથી બોલવા માંડીઊં એ

રહ્યુંજ નહી, પણ તેણે જોએઊં કે હસી ખોલી ને સમજાવાથી કાંઈ વલશે નહી માટે અરધી ધમકી, અરધી ધાક, અરધી શીખાંમણની ઢપમાં તેણે બોલવા માંડીઊં. તેણે લંબાંણથી કહેઊં કે અ પટ બઈરાંઓની આ પરમાંણે દુનીઆંમાં ફજેતી થાએછે અને તેમનાં મરદોને નરસું લાગેછે, પણ મેં તો ઠરાવ કીધોછે કે મારા ઘરમાં હું તેવું કાંઈ કરવા દે વસ નહી. વાસતે મનચેરશાહએ પોતાની બાએડીને સજર ઠરાવીને કહેઊં કે જો તે ઘરમાં લાડવા અ ને એવું બીજું કાંઈબી કરશેતો સજા થશે. મનચેર શાહનાં ભાશાંણથી બીચારી હીરાંબાઈ ઊપર પોણી અસર થઈ હતી અને વલી ધાકને લીધે તેને એ વાત કબુલ કરવી પડી, પણ મનચેરશાહનાં બાહેર જવા પછે બીજાં બઈરાંઓએ તેને પાછી ચહડાવી આપી. તેઓ બોલીઆં કે "માટીડા એવાજ હોએ, પણ આ પણેથી તેઓની સુજે નહી ચલાએ મોહોડાંપર હા કહીએ પણ તેમ ચાલીએ નહી એટલે બસ." એ બ ઇરાંઓનાં ભરૂસા ઊપર હીરાંબાઇને હીમત આવી અને તરણ સેરના લાડવાની માનતા કીધી.

માંનતાને ખાતર જુઠ્ઠં બોલવામાં હીરાં બાઈએ તે પાક પરવરદેગારનોબી ડર કીધો નહી. લાડવાને માટે ઘર મધે નાલીએર તથા બીજી બીજી ચીજો પડેલી જોઈને મનચેરશાહે હીરાંબાઈને પુછી ઊં કે "આ નાલીએર શા વાસતે મંગાવીઆંછે, રખેને તમો કાંઈ કોહતાં કાવતરાં કરતાં હોવો." તારે હીરાં બાઈ વલી કાંગલાં થઈને બોલી ઊઠીઆં કે "બસ બસ હુંતો આ પારશીથી બેજાર થાઈછું, બેહેશતન શુનાબા ઈનો પરમદાહારે રોજછે તેને વરે કાંઈ મંગાઊ કે ન હી—બરીઊરે એ ઘર ને બાર—એવીતો ચીર લાગે છે કે આએ ઘર મુકીને કેધે જાતી રેહું, કંઈ તમારે લીધે મંગાએ મુકાએ કે નહી ?"

માંનતાનાં દીવશની આગમચની રાતનાં મનચે રસાહ સુતા પછે મધ રાતે ઊઠીને હીરાંબાઈએ હલુસેથી માંનનો આરો મસલી લીધો તથા બીજી ત ઇઆરીઓ કરી રાખી અને એ રીતે ઊજાગરોબી ખમીઓ. સહવારનાં વેલાતનો મેલ જવાને લીધે મ નચેરશાહ આફીશમાં સકારેથી ગએઆ જેથી હીરાં બાઇને તો વલી ખોદાએજી પાએઆ. તેવણે એ ક મોહટું બગાનું ચુલા ઊપર ચહડાવીઊં અને લા વડા તઈઆર થાએ તથા છોકરાં ઊંઘાએલાં ઊઠે તે ની અગાઊ રાતનાં ઊજાગરાને લીધે જરા ચાલમાં ની ધોલકી ઊપર શુવાનો વીચાર કીધો.

હવે એવું બનેઊ કે કાંઈ અગતનાં કામના સ બબથી મનચેરશાહને આફીસ મધેથી પાછું આવવું પ ડીઊ. ઘર મધે આવીને જોએછે તો હીરાંબાઈ તથા સરવે છોકરાં ઊંઘાએલાંછે અને ચુલા ઊપર એક મો હટું બગાનું ચહડાવેલુંછે. મનચેરશાહ તે જોઈ ઘણો જ ગુસે થએઓ તેને કાંઈજ શુજ પડેઊ નહી— તેવામાં ચુલાવતીની ઊપર જે અભરાઇ હતી તે ઊપર મીઠાની એક ઘાઘર ભરેલી હતી તે હલુશે લઈને પેલા ખલખલ કરતા લાડવાની અંદર એમની એમ આખી ઊંધી વાલી, તેથી તમાંમ લાડવા ઊપર ની મખનું પડ થઈ રહેઊં અને પછે ખાલી ઘાઘરને મનચેરસા એ બરોબર અબરૂ વાલીને જાંહાં હતી તાંહાં પાછી મેલી. તેમજ વલી ચુલાની એક બાજુએ ખીલે ઓ લવેલાં એક પાટીઆં ઊપર અરધ, મરી અને આદુ લસનનાં મસાલાની બરનીઓ રાખેલી હતી તેમને પ ણ તપીલાંમા ખાલી કરી તથા પછે પાટીઆં ઊપર આડી સુવાડીને હલુશેથી પાછા પોતાનું કાંમ કરી મન ચેરશા આફીસ મધે ગએઆ.

જરાવાર રહીને હીરાંબાઈ ઊઠીઆં અને આટલો વાર ઊંઘ કાહાડી માટે પોતાનાં જીવને થો ડીએક ગાલ દઈને લાડવા જોવા ગએઆં. એ વ ખતે બધું તપીલું બલીને કોએલો થએઊં હશે એવી તેવણને તો ધાશતી હતી, પણ તે ઊંઘાડીને જો એછે તો તેથી ઊલટું લાવડાની તો તમામ ખીર બની ગઇ હતી તથા વલી અરધા પીલા, હરધા કાલા, એવા રંગના થએઆ હતા. એ જોઈને હીરાંબાઇ વીચા રમાં પડીઆં, તેવણને એટલું નહી સુજ પડીઊં કે અ રધ મરીની બરની જુવે, પણ ઘબરાટમાં ચુલા રી આગલ થી ઊઠવાજતાં જે પાટીઆં ઊપર તેમને ગોઠવેલી હતી ને પાટીઊં જોરથી તેવણનાં માથાંમાં વાગું, એટલુંજ નહી પણ આચકાથી કરીને તે ઊપરની બરનીઓ ગગડી પડી જેથી એક હાથમાં, એક પગ ઊપર એમ વાગી. આ બના વથી એકતો તેવણને ઘણું વાગું અને બીજુંતો તેવ ણ વીચારમાં પડીઆં કે એ બરનીઓ કાલનીજ ભરે લી હતી અને તેમાંથી બધો મશાલો કાંહાં ગએઓ ! તેવણ

ખીધાં કે ઘરમાં કોઈ ચારો હશે અથવા ભુત દાકણ સરખાં કોઈ કારણથી બનાવ બનીઓ હશે. તેવણે લાડવાની ખીરને જરા ચાખી જોઈ અને તે ઘણાં ખારા લાગાથી મીઠાની ઘાઘર જોવા લાગાં. પણ તે નેતો વલી ખાલી કરીને અબરૂ વાલેલું હતું તારે તે કોઈ જન જાનવરનું નહી પણ હાથ પગ વાલાં આદમીનું કાંમ હશે. હવે બીચારાં હીરાંબાઈ શું કરે? આખાં બધાંણાંને ઓટલાની ઊપર લઈ જઈને ગાએની સાંમે મેલીઊં અને ઘભરાતી ઘભરાતીએ બપોરનું ખાંણું તઈઆર કીધું.

બપોરનાં મનચેરશાહા જમવા આવીઆ, પણ હરાંબાઈ તેરીબી ચુક ને મેરીબી ચુક સમજી મુગાં મુગાં બેસી રહેઆં. તે છતાંબી મનચેરશાહાએ વાત છેરી. પરથમ તેણે જુદીજ ઢપથી વાત માંડી. તે બોલીઓ કે "હીરાંબાઈ તમારા જેવા જુઠાં ને કજીઆ દલાલ બીજું કોઈ નહી હશે?" હીરાંબાઇ ઘભરાઇ ગીઆં પણ કાંઈ સમજીઆં નહી. મનચેરશાહા બોલીઓ કે "તમે મને નાં કહીને આજે લાડવા કીધા એ તમે જુઠું બોલીઆં કે નહી? ને વલી કીધા તારેબી જે ઠેકાણે મોકલવા ઘટે તે ઠેકાંણે મોકલીઆ કાંએ નહી. મારી બેહેન ઘણી કજીઆ ખોરછે તે જાંણવા છતાં તમે તેને તાંહાં નહી મોકલીઆ માટે તેને બહુ રીસ લાગીછે. મારી આગલ બધી ફરીઆદ કીધી, તારે મેંતો જાંણીઊં કે તમે આજે લાડવા કરીને એખલાં એખલાંએ ખાધા." હીરાંબાઇ હવે જવાબ શું દીએ? તેને સતી થવા માંડીઊં "અરે જાઓની લાડવાની કરતીબી મરે ને ખાતીબી આંધરી થાએ. કોણ પેટ બરીએ લાડવા કરીને. ખાધા કે તમે એટલું એટલું તેહલખું લઈ બેઠાછે."

**મનચેરશાહ**—હીરાંબાઈ એવા ઢોંગ નહી કરીએ. તમે ખાધા નહી હોશેનો કોઇએનો ખાધા હોશે? કોઈએ ખાધા નહી હોશે, પણ તમે રાંધીઆ તો હોશે! રાંધીઆ નહી હોશે પણ ચુલા ઊપર બધાંણુંતો ચહડાવીઊ હોશે? કેહાનીજી એ ખોટી વાતછે?

**હીરાંબાઇ**—ઓ વાએ, મનચેરસા તમોને એ કોણે ચહડાવી આપીઆછ? લાડવા શું ને વાત શું તમે કોઈમે પુછશો પરછશો કે બસ એમજ એક ટાઊકો લઇ ઊઠશો?

**મનચેરશાહ**—પણ તમે એક પાપ કરીને બીજાં પાપમાં કાંએ ભરાવોછો? એક જુઠાંથી સોપર કાંએ આવોછો? હું તમારી બધી વાત જાણુ છઊ. આજે તમે ખીર રાંધી તે જરા લાવોની.

હવે હીરાંબાઇએ જોએઊ કે મનચેરશાહાતો કેથું જાણેછે, પણ તે કાંહાંથી જાણીઊ તે સમજવાને તથાં મનચેરસાહાને નરમ પાડી તેને પીગલાવાને હીરાંબાઇએ ઢોંગ ચાલુ કીધા. તે બોલી કે "તમારે લીધે છુપાછુપ કરવા જતાં મારો ખરચ ૨૬ ગીઓ મારા માઠાંમાં વાગું, કેટલો બધો સાંમન બગડીઓ. જુવો આ માઠાં ઊપર કેવહુ મોટુ દીખુ થઈ આવીઊછે." હીઆંજ મનચેરશાહા વચે પડીઓ. તે બોલીઓ કે "એતો ખોદાએ તમોને સજા કીધી. તમે છુપાછુપ કરીને મને ઠગવા ગીઆં, તમે મારી આગલ કેટલુ જુઠુ બોલીઆં, તમે હીંદુનાં દેવની માનતા કીધી અને શું ખોદાએ તમોને સજા નહી કરે?"

હીરાંબાઇએ એવું સમજાવીઊં કે એ બધા ચાલા સહીએડ માતાના હતા પણ મનચેરશાહાએ સમજાવી પટાવીને હીરાંબાઇ સોડે પસતાવો કરાવીઓ અને પછે ખોલાસો કીધો કે તે બીચારીની પુઠે જે દેવ ખીટીઓ હતો તેતો તેનો ધણી પોતેજ હતો. ને વખતથી હીરાંબાઈને લાડવાની ખીર ઈઆદ રહી ગઈ અને ફરીથી લાડવા કરવાનું છોડી દીધુ.

(લખાઈ આવેલું.)

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૨૩.



પીઆરાં બેહેન,

ગરીસ અથવા ઈઊનાંન દેશ ટરીકીની પાસે જ આવેલુંછે. એ જાંણીતા દેશનું નાંમ તમે સાંભલીઊં હશે. જે વેલાએ આપણ પારસી લોકોનાં વડવા

આ ઈરાંનમાં મોટી જાહોજલાલીથી રાજ ચલાવતા હતા તે વખત ઊપર ઈઊનાંની લોકો જેઓનું મેં ઊપર ચીતર આપીઊંછે તેઓનાં બાપ દાદાઓએ પણ મોટી નાંમદારી મેલવી હતી અને આપણાં પાદશાહ ત સાથ હરીફાઈ રાખતા હતા. એવાં એક દેશમાં જ ઈ લાગાથી તમોને કાંઈ ઘણો જાંણુવાજોગ હેવાલ અથવા કાંઈ ઊમદા ચીતરો ભેટ કરશ એવી જો તમો વકી રાખતાં હોવોતો તે તમારી ભુલછે. બેહેન વખત આગલ કાંઈ ટકી શકતું નથી. આ ઇઊનાંન દેશની જાહોજલાલીનો વખત પુરો થવાને કાંઈ જમાના ગુજરી ગએઆછે અને તેથી એ દેશની હાલની હાલત મંન ઊપર નીતી સંબંધી અસર કરેછે.

હાલનું ઈઊનાંન દેશ વીસતારમાં માતર આસરે હદાર હજાર ચોરસ માઈલ જેટલું થઈ ગએઊંછે અને તેમાં મોરીઆ નાંમનો દવીપકલપ જે ઈઊનાંન દેશ સાથે કોરીનથ નાંમની સંઇઓગી ભુમી સાથ જોડાએલોછે, તેને પણ ગણીઓછે. એ દેશની ઊતરે ટરકી અને દખણે ભુમધીઅ સમુદરછે. એ દેશની આખી સપાટી પાહાડો અને ખીણોથી ભરેલી છે. ઊંચાંમાં ઊંચો પાહાડ નાંમે ગીઓનાં ૮૨૩૯ ફીટનો ખીણો ઘણી સુંદરછે, જેમાં નદીઓ વેહેછે અને ખેતીવાડી સારી ચાલેછે. એ દેશની આસપાસ ટાપુઓ પુશકલછે જેમની વચે તથા દેશનાં ભીતરમાં દરીઆનો કેટલોક ભાગ ઘુસી જવાથી મોટી નદીઓની ગરજ સરેછે.

ઇઊનાંન દેશની હવા મધીઅમ ગરમીની અને ટરકીને મલતીછે. તેની જમીનનો ઘણોક ભાગ ફલવંતછે પણ ખેતીવાડી સારા પાએઆ ઊપર ચાલતી નથી. અનાજ, લાકડું અને ફલ, અંજીર તથા દરાખ સુધાં સારી રીતે ઊગેછે. જાંનવરોની વસતીનાં બાબમાં ઈઊનાંન દેશ ટરકીની બરોબરછે. ધરતીની ભીતરમાં ઘણી માતબર ખાંનોછે, સંગેમરમર તથા બીજાં બાંધકાંમ જોગ ફતરાઓનો કાંઈ સુમાર નથી, પણ એ સરવેને ખોદી કાહાડવામાં કાંઈ મેહેનત લેવાતી નથી.

ઈઊનાંની લોકો ખુબશુરત, કદાવર, સમજુ અને બાહાદુરછે. દેશનાં પશચીમ ભાગમાં કેઆંની લોહી અને ખુનથી ઊતરેલાઓ માલમ પડેછે. મોરીઆ અને બીજે ઠેકાંણે તેઓ પરગનેઆત સાથ લેલાએલાછે. એ લોકો હજુર પોતાની આગલી જાહોજલાલીને માટે મગરૂરછે. કવીતા અને ગાઓણનો શોખ હજુર તેઓમાં પુશકલ દીઠામાં આવેછે. પણ વેપાર વનજ અને કેલવણીની બાબદમાં તેઓ પછાત પડી ગએઆછે. તેઓની મુખીઅ દોલત વેપારમાંછે, અને જુજ કારખાંનાં તથા હોનર જોવામાં આવેછે. પાએતખત શેહેર એથેનસ ખાતે પાંચ મોટી મદરેસાઓછે તેમાંની એક કવાએદને માટે, એક કશરતને માટે, એક દરીઆઇ હોનરને માટે, એક વીદીઆને માટે એ રીતે સથાપેલીછે. એ ઊપરાંત હીઆં આસરે ૨૦૦ નીશાલોછે.

ઈઊનાનીઓની ઊપલી હાલતને આગલી હાલત સાથ સરખાવતાં મોટો ફરક જોવામાં આવેછે. ઈઊનાનીઓ ઘણાંજ લડાએક, બનાની, અકલમંદ અને હોનરમંદ લોકો થઈ ગએઆ છે. ઘણાંજ આગલા વખતમાં તેઓનો દેખાવ આ પરમાંણે દીસતો હતો. તેઓએ ઘણીક મોટી લડાઈઓ ગારી હતી. તેઓ આપણ ઇરાંણીઓ સાથ ઘણીવાર લડીઆ હતા. તેઓએ આપણી સાથ અતીઘણો વેહેવાર પણ રાખીઓ હતો. તેઓ ઇરાંણીઓ સાથ જમતા હતા, તથા પોતાની છોકરીઓની આપલે કરતા હતા. તેઓની આગલી કીરતીથી આપણને હાલ લાભ થએઓછે અને તે એછે કે આપણી આગલી હાલતના હેવાલો જોકે આપણા સોડેથી તારાજ થઈ ગએઆછે તોપણ તેને લગતી ઘણીક વીગતો ઈઊનાંની લખનારાઓની કેતાબો ઊપરથી મલીછે. હીરોડોટસ નાંમનો નામીચો તવારીખ લખનાર, હોમર નાંમનાં નાંમીચા કવી, સોકરેટીસ નાંમનો નાંમીચો ફીલસુફ અને બીજા અગણીત માહાપુરૂશોનાં આપણ હજુર નાંમ દઈએ છઇએ, જેઓએ પાછલા જમાંનામાં ગનાન વધારવા અને પરજાને ઊજરડાંમાં લાવવાને કાંઈ થોડું કીધુ નથી.



આગલા વખતનાં ઈઊનાંનીઓમાં દેવો સંબંધી વીચાર ઘણા ફેલાએલા હતા. જેમકે "વીનસ" નાંમની એક ખુબશુરતીની દેવીને તેઓ માનતા હતા, જેનું એક ચીતર નીચે આપીઊંછે. તેજ પરમાંણે નેકી, બદી, છાકટપણું, કુવત, ઈતીઆદીનાં જુદા જુદા




એકજ લોહી.



દેવ દેવીઓ હતી, જેમની મુરતીઓને માટે અતીઘણાં નાંમીચાં મંદીરો બંધાએલાં હતાં અને જેમની પડી ભાગેલી નીશાંનો આજ હજારો વરસ થવા છતાં દેશનાં જુદા જુદા ભાગો ખાતેથી મલી આવે છે. અલબતાં હાલ ઈઊનાંનીઓ જે ખરીસટી ધરમ પાલેછે તે તે વખત ઊપર નહી હતો. ઊપલી દેવીઓને સાહેરીનાં અલંકાર ધારી શકાશે. ચોકસ ગુણને ચોકસ આકાર તથા નાંમો આપવાનો રવઈઓ તે વખતથી હજુર ચાલુછે.

ઈઊનાંની લોકોને ટુરકીઓએ ઘણાં હેરાંન કીધાછે. સને ૧૮૨૧ સુધી ઈઊનાંન દેશને ટરકીઓએ પોતાનાં તાબામાં રાખીઊં હતું, પણ તારપછે ૧૮૨૧ માં ઈઊનાંનીઓએ બલવો કીધો હતો, જે બલવો લાંબી મુદત સુધી ચાલીઓ હતો અને ઈંગલંડ, ફરાંનસ, ઈતી આદી રાજાઓએ ઈઊનાંનીઓને મદદ કીધી હતી. તેથી ટુરકીઓ અંતે હારીઆ હતા અને ઈઊનાંનનું રાજ પાછું સવતંતર થઈ ઊપલાં મોટાં રાજાનાં આસરા તલે ચાલીઊં હતું. સને ૧૮૩૨ માં ઈઊનાંનીઓએ ઓથો નાંમનો એક નવો રાજા ઠરાવીઓ, તેણે ગએઆં વરસ વેર રાજ ચલાવીઊં, પણ તેટલામાં પરજાએ નાંરાજી થઈ ફરીને બલવો કરી તેને તખતથી ઊઠાડીઓ અને આપણી નાંમદાર રાંણીનાં વેહેવાઈ તે ડેનમારકનાં રાજાનાં ભાઈને હાલ એ દેશનું તખત મલીઊં છે. ઊપલા વખતથી ઈઊનાંનીઓને ટરકીઓ સાથે દોરે દીઠું ખાજતું નથી અને તેથી તેઓ કેવી લડાઈ



કરેછે તથા તેઓ સાથ સદા વેર રાખી એક એકનો જીવ લેવા તલપેછે, તેનુ હીઆં એક ચીતર આપીઊંછે એજ અરજ.

હું છેઉં તમારો,
**વાહાલો ભાઈ.**

## “એકજ લોહી.”

જારે એક ઈનનેજાર માતા પોતાના દુધમલ બાલકને પોતાની ગોદમાં ચાંપી તેના ગોલાબી ગાલને જોસ ભરી ચુમીઓથી ભીજવી નાખેછે, અથવા જેમ એક છોકરી પરબના મેલામાંથી ખરીદ કરી લાવેલી નીરજીવ મડમને જીવદાર ગણી તરેહવાર રમત કરેછે તેમ આ બચાંને કાંઈજ સમજ નહી હોએ, બલકે તેનું મોહોડુંબી ઊઘડતું નહી હોએ તારે આ માતા તે બચાં સાથ વાત કરવા જાએછે અને તરેહવાર રમત કરી પોતાના મનથી મલકાએછે તારે આપણુ કહીએ છઈએ કે એ એકજ લોહીની અસર. જારે એક બેહેન પોતાના ભાઈની ગાલ અથવા માર ખમવા છતાં તેને દરરોજ ઓવરણા લીએ અથવા દર પલેપલ તેની તરફ પરીતી બતાવે તારે આપણે કહીએ છઈએ કે એ બંનેની રગમાં જે એકજ લોહી દોડેછે તેની એ અસરછે. જારે એક બાપ પોતાના એકપુરા દીકરાને મોટી કમાઈ કરવાની આશા હોવા છતાં દેશાવર જવા દેતો નથી અથવા પોતાની આંખ આગલથી તેને ખીસાડવા ગમતો નથી તારે આપણ એનેબી એકજ લોહીની અસર સમજીએ છઈએ. બચાં જણવામાં પોતાનુંજ લોહી ખોહોવું પડેછે, બચાં ઊછેરવામાં પોતાનાજ લોહીનું પાંણી કરવું પડેછે, અને ગોએઆ તેથીજ તેમનેબી પોતાના લોહીની મીશાલ જાલવવા ગમેછે. એક માંને પોતાનાં બચાંનું જેટલુ લાગે તેટલુ પારકી સ્રીને લાગતુ નથી, એક બેહેન પોતાના ભાઈની અથવા ભાઈ બેહેનની જેટલી તરફદારી રાખેછે તેટલી પારકા છોકરાં છોકરીઓની રાખશે નહી. એ જુસ્સો કુદરતીજ લાગેછે, અને એ તેમની રગમાં દોડનાં એકજ લોહીની ખુબીછે એમ આપણાં લોકમાં કેહેવત ચાલુછે

“એક લોહી” ની એ ખુબી તથા અસરનુ એક ચીતર હમે પાસેનાં સફા ઊપર આપીઊંછે. તેમાં એક ગરીબ ઘરમાં એક માદાં બાલકની જતન લેના

રાં એકથી વધારે જણ નીકલી આવીઆંછે. તે જતન કરનારાંઓમાં મુખીઅ માતાછે અને બાકીના ભાઇ બેહેનોછે. મા પોતાની વધતી ઊમરને લીધે જે વધારે કુવત તથા શકતી ધરાવેછે તેથી વધારે કાંમ કરેછે, પણ તેનાં કુમલાં મદદગાર સકતી મુજબ મદદ આપવાને પછાટ પડીઆં નથી. બચું તરતવેલાનુજ સાજુ થએલુછે. તેને નબલાઈ ઘણીછે. તોપણ બીછાંણાં ઊપર પડી રેહેતાં તેનો બરડો ભરાઇ નહી આવે એટલા માટે તેને ખુરસી ઊપર આરાંમ આપવાની બધી ગોઠવણ ચાલેછે. અલબતાં માતા વધારે જોરાવર હોવાથી કાંમનો મોટો ભાગ ઈઆને બચાંને શંભાલથી હાથમાં ઊંચકવાનુ તેને સવાધીનછે. પણ બાકીના ભાઈ બેહેનો ખુરસીને આગલ લાવવાનું કાંમ કરવામાં કેવી ખુસીથી મદદ આપેછે, એક ખુરસીનો હાથો, બીજાંએ ખુરસીની પીઠ પકડીને તેઓ ઘસડેછે. બીજો છોકરો વલી વાંકો વલીને તેને માંટે રમકડાં શોધેછે અને તેની સઊથી નાંહાંની બેહેન આ દેખાવને ચીંતાથી જુવેછે.

વાંચનારી બાંનુઓ ! એનું નામ તે સંપ, એનું નામ તે પરીતી, એનું નામ તે સુખછે. જોકે આ દરએક જીવડાના ચેહેરા ઊપર ચીંતાની નીશાનછે, કેમકે પોતામાંના એક વાહાલા જીવને દરદી જોઈ એ દરએકને દરદ ઊપજીઊંછે, તોપણ એ દરએકના મોહોડાં ઊપર વલી શંતોશનો છાપ મારેલોછે કેમકે તે દરદીને કરાર આપવાની મોટી ફરજ આપણ બજાવીએ છઈએ એવી તેઓને ધીરજછે. એ ધીરજ સંસાર સુખનો પાએઓછે. આ ચીતરમાં જે ઘર ચીતારીઊંછે તે મધે ગરીબાઈનો વાસો દીઠામાં આવેછે. મોટી દોલતની તીજોરીઓ, અથવા સોભાઈતા સાંમાંન વગરનો એ ઓરડોછે. તોબી તેમાંના રેહેવાસીઓ સુખીછે કેમકે તેઓ વચે સંપ અને પીઆરછે, તેઓ વચે એકદીલી અને ઊલટછે. દરએક જણ પોતાની ફરજ બજાવેછે. એક એકને મદદ કરવાની બચાંઓને નાહાનપણથી ટેવ પાડેલીછે અને બચાંઓ તેમ કરવાની જરૂર સમજીને માતર નાચારી અથવા તાબેદારીને ખાતર નહી પણ ખુશીથી જરૂરને ખાતર તેમ કરેછે. આ ચીતર ઊપરથી ધડો લેવા જોગ બીજું ઘણુંછે, પણ તે આપોઆપ માલંમ પડેછે, મારે શેવટે એટલુંજ કહીએ છઈએ કે જે કબીલામાં સંપ અને પીઆર હોએ તે કબીલાને સુખ કદી છોડતું નથી એમ ચોકસ ઈઆદ રાખવું.

---

## પંખા.

શરીરને સોભા મલે એવાં જુદાં જુદાં ઘરેણાંઓની જે ટુક તવારીખ કેટલાક આંકોમાં હમે આપતા આવીઆછે તેનેજ લગતી આ પંખાનીબી બાબદછે. પંખો એ દુનીઆંનાં જુદા જુદા ભાગો ઊપર સરીરને કરાર આપનારી ઈઆ તનદરોસતી સુધારનારીજ ચીજ ગણાતી નથી, પણ તે સાથે તે એક સોભાની પદારથ ગણાએછે અને અગત કરીને ઈઊરોપ ખંડનાં કેટલાક ભાગોમાં જેમ ઓરતોને ઘરમાં તથા બાહેર જવે આવવે બાંગડી ઇઆ વીટી વીનાં ચાલતું નથી તેમજ પંખા વીનાબી ચાલતુ નથી.

જે દેશમાં આકાશ હમેશાં ખોલલું રેહેતુ હોએ, ગરમી ઘણી પડતી હોએ અને જેથી કરીને માંખ અને મછરનો ઊપદરવ ઘણો હોએ તે દેશમાં પંખો એક ઘણીજ ઊપીઓગી તેમજ અગતની ચીજ ગણાએછે. અસલનાં વારામાં તેમજ હાલ પણ આપણા દેસમાં કેટલેએક ઠેકાંણે પંખો ધરમની કીરીઆમાં કાંમે આવેછે. જુદા જુદા દેશોમાં જુદી જુદી જાત અને ચીજોનાં પંખા બનાવીઆમાં આવેછે. આપણા દેશમાં બાંબુ તેમજ તાડનાં પાતરાના પંખા બનેછે, ચીનમાં પણ તાડના પાતરાંના, કાગજનાં, હાથીદાંત તથા રેશમના પંખા બનેછે, તેમજ ઇરાંન અને અરબસથાંનમાં મોરના તથા શાહામુરગના પીછ પંખા બનાવાનાં કાંમમાં આવેછે. પંખાનાં કદ તથા આકાર પણ તરેહવાર હોએછે. જમીન ઊપરથી ભારવટી આને લાગે એવા પંખાથી તે છેક ગજવામાં સાથે લઇ ફરાએ એવા પંખા આજનાં વખતમાં બની શકેછે.

ચીનાઓ પંખાનો અસલથીજ ઊપીઓગ કરતા આવીઆછે—અને બીજાં દેશો સાથ એ દેશને પંખાનો મોટો વેપાર ચાલેછે. ચીનમાં પંખા ઘણાજ સસ્તા વેચાએછે અને સઊથી હલકા મજુરને પણ તે ખરીદ કરવાને ભારી પડતા નથી. ફકત એટલોજ વીચાર કરીએ કે જારે આ દેશમાં ચીનાઇ પંખા ૩ અ

થવા ૪ પઈસે વેચાએછે તારે તાંહાં કેટલા સસતા વે
ચાવા જોઈએ.

ઊંઘાડવા બંધ કરવાના પંખા શોધી કાહડવા
નું માન જેપાનીસ લોકોને ઘટેછે. જોકે હાલ ફરાંસ
અને ઈંગલંડમાં નાદર પંખાઓ બનેછે તથા અતરે
આવેછે પણ તે ચીનાઓ અને જાપાનીસોની કારીગરી
સાથ સરખાવતાં કાંઇજ નથી, એવું કેહછે કે એક વે
લાએ એક ચીનાએ એક ૮ ઈંચના પંખા ઊપર ૧૦૦૦
માઈલ સુધીના ચીતાર નદી નાલાં તથા જાહાડ પાન સુ
ધાં પાડીઓ હતો.

ફરાંસના પાદશાહ પેહલા ફરાંસીશ પાસ એક
ઘણોજ કીમતી પંખો હતો—અને તેથી તે પોતાને મો
ટો ભાએગસાલી રાજા સમજતો હતો. તે વખતના કવી
ઓ એ પંખાનીં પોતાની બેહતોમાં અતીશે તારીફ કર
તા હતા. કેથેરીન ડી મેડીસાઈ નામની ઓરતે ફરાં
સ મધે પેહલવેહલા સુગંધી પંખા દાખેલ કીધા હતા
જેથી કરી વા ખાતી વેલાએ તેમાંથી ખુશબો નીકલ
તી હતી. એવા પંખાઓ અતરે પણ જોવામાં આ
વેછે અને તે ઘણુ કરીને એક જાતનાં શુગંધી ઘાસ
જેને આપણા લોકો "વાલો" કરી કેહેછે તેના તથા શુ
ખડનાં બનાવીઆમાં આવેછે.

ઈંગલંડનો પાદશાહ તરીજો હેનરી પંખાનો મો
ટો શોખી હતો અને જાંહાં જતો હતો તાંહાં પોતા
ના પંખાને સાથે લેઇ જાતો તથા વલી તે એટલોતો
મોહટો હતો કે તેને છતરીની માફક તે કાંમે લગાડ
તો હતો. રાણી ઈલીઅઝેર પાસ જે પંખો હતો તે
મા તેણીએ એક હીરાઓથી મઢી લીધેલી આરશી જ
ડાવી હતી. રાણી મારગરેટ પાશ એક મોતીની સી
પનો પંખો હતો તેની આસપાસ મોહટાં મોહટાં મો
તીઓ જડેલાં હતાં અને તેની કીમત રૂ૧૦૦૦૦ ની
અંકાઈ હતી. આ ઊપરથી માલમ પડશે કે માણસ
જાત પોતાનો શોખ પુરો પાડવા શું શું કરેછે. વાં
ચનારાંઓએ વીચાર કરવો કે શું એક ૩ પઈશાનો પં
ખો ૧૦૦૦૦ ની કીમતના પંખાની ગરજ નથી શા
રતો ? પણ નહી, ગરવ તથા મોહટાઈ સીવાએ એ
બીજું કાંઇજ નથી.

તવારીખ ઊપરથી માલમ પડેછે કે અસલના
રૂમીઓ ઈગીનાનીઓ તથા મીસરના રેહવાસીઓ આ
ચીજના ઊપીઓગ વીશે અનજાનીઆ ન હતા. અસ
લી ગરંથ કરતાઓએ એ વીશે પોતાની ચોપડીઓમાં
ઈસારો કીધોછે, એટલુંજ નહી પણ હાલ જમીનમાથી
પુરાંના વાશનો જે ખોધી કાહડવામાં આવીઆછે તે
ઊપરના ચીતારો સાફ ઘોવાઈ પુરેછે કે એ ચીજ અસ
લના વારામાં વાપડવામાં આવતી હતી. પંખો કેટલી
એક વખતે માખ ઊડારવાના પણ કાંમમાં આવેછે અ
ને કેટલાએક બેવકુફે જારે મોટા મોટા વરઘોડાઓ કા
હાડેછે તારે આપણે વારેઘડીએ માણશોને ઘોડાની સા
થે હાથમાં રૂપાંના પંખા લઇને ચાલતા જોઈએછે તે
ની મતલબ પણ એજછે

(લખાઈ આવેલુ)

## સેતરંજની રમત.



આ અતી ઊતમ
અને ફાએદેમંદ રમત
રમવાના કાએદાઓને
હમે તરણ ચાર આંક
મલીને પુરા કીધાછે અ
ને હવે રમતને લગતા
ધડાઓને સમાપત કર
તી વખતે ચેતવણી અ
ને સમજના બોલ બો
લવા માંગીએ છઈએ.

સેતરંજ રમતી વ
ખતે જે પેહલી વાત
સદા ઈઆદ રાખવી
જોઇએ તે એછે કે પો
તાની તરફનું એકબી
મોહરું ચાલવા અગા
રૂ એકથી વધારેવાર
વીચાર કરવો જોઈ
એ. એ વીચાર બે તર
ણ રીતે કરવાનોછે. પે
હલાં એમ કે આપણા
ચાલવા પછે તે અથ

વા બીજું કોઈ મોહોરૂં સાંમી બોરદુના હોમલાથી મરે છે કે નહી? બોજો વીચાર એ કરવો કે જે જગાએ આપણા મોહોરાંને મેલવા ધારીઊં હોએ તે જગાએ તે કાંઈ કાંમ લાગશે કે નહી? તરીજો વીચાર એ કરવો જોઇએ કે તે મોહોરૂં ચાલવા અગાઊ કાંઇ બીજું વધારે સરસ મોહોરૂં લાભ થાએ એવી રીતે ચાલી શકાએછે કે નહી. દરએક મોહોરૂં ચાલવા અગાઊં પરથમ એવી એવી તપાસ કરવાની ટેવ રાખવી જોઈએ. જો તે ધારેલું મોહોરૂં ચાલવાથી કાંઈ નુકસાન થવાનું નહી હોએ અથવા તેના કરતાં વધારે સરસ ચાલવાનું કોઈ બીજું મોહોરૂં નહી હોએ, અથવા તે જાંહાં મેલાશે તાંહાં કાંઈ કાંમ કીધા વીના રેહેવાનું નહી હોએ, એમ જો માલંમ પડે તોજ તે મોહોરાંને ચાલવું.

સરસ રમતીઆલો મોહોરાંને ચલાવતી વખતે ઊપલોજ વીચાર કરતા નથી પણ આગલ પાછલનો બી ઘણો વીચાર કરી રાખેછે. આ મોહોરૂં ચાલવા પછે, પેલું ચાલશું અને સાંમો ધણી પેલાંને મારશેતો આપણ પેલાંને લઈશું, અથવા આ શેએ આપીઆ પછે પેલી શેએ માહાત કરશું એમ ધારી રાખીને ચાલવાની રમત ઘણીજ ઊતમ ગણાએછે અને ઘણી રમુજ આપેછે. એ પરમાણે લાંમબા વીચાર કીધાથી ચુકો ઓછી થાએછે તથા દાવનું શેવટ આપણા લાભમાં ઊતરી શકેછે.

વલી રમતી વખતે સાંમી બોરદુના ઘર ઊપર ધસારો કરી જવા અગાઊ પોતાનો બચાવ મજબુત કરવાનું પેહેલાં ઈઆદ રાખવું. રમતના કાએદા પરમાણે રમનારને જે હક મલીઆ હોએ તેમનો બનતાં સુધી લાભ લઇ રાખવો અને પોતાની સલાંમતીની ઘટતી ગોઠવણ કરી લીધા અગાઊ આગલ વધવું નહી. તેમજ વલી સઘલો વખત સુધી પોતાનુંજ સંભાલીઆ કરવું અને સાંમી બોરદુ તરફ કદી ધસવું નહી એબી કાંઈ સરસ રમનારની રીત નથી, પોતાનો કીલો મજબુત કીધા પછે જારે આગલ જવાનો વખત આવે તારે તે વખતને ખોહાવો નહી જોઇએ. એ કાંમનો આધાર દાવની હાલત ઊપર ઘણોછે. જો પોતે શંકટમાં હોએનો એકદમ આગલ જવામાં, અથવા એકુ બે ફરકાથી દુશમન જેર નહી થાએ તોબી તેને તેમ કરવાનું અજમાવી જોવામાં હુસરાઈછે. તેમજ સઘલો વખત પોતાનાજ ઘર મધે પડી રેહેવામાં હીચકારાપણા સરખું દીસેછે.

તરીજો એક નીઅમ જે પરમાણે બનતાં સુધી ચાલવાની જરૂરછે તે એછે કે એવી રીતે નહી ચાલવું કે જેથી પસતાવો કરવો પડે અથવા પાછા હટવું પડે. એક મોહોરાંને એક ઘરમાં મેલીઊં, પણ તે એવું ઘર હોએ કે જાંહાંથી સાંમો રમનાર તુરત તેને ઊંચકી અથવા ઊંચકાવી શકે ઈઆને તેને પાછી આગલી જગામાં લાવવાની ફરજ પાડી શકેતો તે જગા ઊપર તે મોહોરાંને લઈ જવુંજ નહી કેમકે વધારે સારી રમતનો એક હાથ તેથી ખોરવાએછે. અલબતાં કોઈવાર પોતાના બચાવને માટે આગલ ધસેલાં મોહોર. ઓને અચબુચો હોમલો થવાથી પાછાં લાવવાં પડેતો તેમ કરવુંજ જોઇએ, પણ જાંણી જોઇને એવી રીતે નહી જવું જોઇએ કે જેથી આપોઆપ પાછું નીકલી આવવું પડે.

સેતરંજની રમત બનતાં સુધી લાએકી, સભીઅતા અને વાજબીપણે રમવી જોઇએ. સાંમાં ધણીની ભુલ ચુકનો લાભ લેવા કરતાં દેખાડી આપવી તથા તેમ કરીને તેની માહાત ઈઆ પીઆદ કરી તેને હરાવવો એ વધારે લાએકી ભરેલી રમતછે. તેજ પરમાણે ભુલ ચુકોને ભુલી જવી એબી એક સારો કાએદોછે. જો સાંમો એવી રીતે ચાલતો હોએ કે તે તરત ફસી પડેતો તેને તે વીશે કેહેવાથી તથા તેમ કહી કહીને તેને ફરજીઆત માહાત કરવાથી અતીશએ રમુજ ઊપજેછે.

આવા નીઅમોથી વાંચનારી બાંનુઓએ પોતાને સેતરંજ રમવાની ટેવ પાડવી જોઇએ. આવા નીઅમોની જે રમત તેથી ફાએદો થવા વીના રેહે નહી. એવી રમતથી સેતરંજને બાંહાંને દુનીઆંમાં દરએક કાંમમાં વીચાર કરવાની તથા સાહુચેત રેહેવાની ટેવ પડેછે. એ રમતથી માણસના સારા નરસા ગુણની પીછાંણ થાએછે. એ રમતથી દુનીઆંના રાહાઘાટનો ખેઆલ આવેછે અને આપણ શીખીએ છઇએ કે જો ભુલ ભરેલાં કાંમો કીધાંનો શેવટે આપણું નુકસાન થાએછે. એ રમતમાં કેટલી ધીરજ, ગંભીરતા અને શીઆનપણ જોઈએછે તથા મન કેવા ઊંડા વીચારમાં ગરક જાએછે તે આ બાબદને મથાલે મેલેલાં ચીતર ઊપરથી જણાશે અને તે ઊપરથી વાંચનારાંઓને એ રમત શીખવાની ઊલટ થશે એવી આશા રાખીએ છઈએ.

## રમુજે ફુરસત.

૧. સુનાબાઇ સુરતન જારે સાસરે જતી તારે અલબતાં મને લેતી જતી. કેમકે મારા વગર તેને તથા તેના બચાંને તથા તેના વર બમનસાને ચાલતું નહી હતું, જે ઓ દરએક જણ મને પોતાની બગલમાં અથવા બાંહેમાં રાખતા હતા. તે બીચારી ઉપર સાસરે સાસુનો જુલમ બહુ હતો પણ તે હું કરાવનો હતો, પણ હું કાંઈ તેનો દુશ્મન નહી હતો, બલકે જારે સાસુ તેને ભુખી રાખતી તારે હું કાંઇને કાંઈ બનાવતો હતો એક દાહાડે મારે લીધે બપોર થઈ ગઈ તોબી ચાવલ થએઆ નહી વાસતે બીચારી સુના બાવરી બની ગઈ—જો હું નહી હતેતો તે તેવી થતે નહી. ધબરાટ અકરાટમાં તે ચાવલમાં ચમચ ફેરવવાને ચાલવા ગેઈ તેવામાં હું વચમાં પડીઓ અને ચાવલનાતો બાવલ થઈ ગએઆ અને તે બોકડીને ખવાડવા પડીઆ, પણ તે કાંમબી મેજ કીધું કેમકે મારા વગર બોકડીને ચાલતું નથી. પછે બમનસા ઘરમાં આવીઆ તારે હુંબી અલબતાં સાથે આવીઓ, જે પછે ચાવલ તઇઆર નહી જોઈને, સુનાબાઇને ધમકાવી તથા મારવાને વાસતે તેના બાલ પકડીઆ, પણ હું તે વેલા તેના બાલમાં ભરાઈ બેઠો હતો મારે તે બીચારીનો બચાવ થએઓ, પણ મારે લીધે તે બીમાર થઈ ગઈ અને મારાથી બુમ પાડવા લાગી કે સુવા તેં મને નાચાર બેચાર કરો મેલી. મેં કહેઉં કે મારે ખાતર તું એ બડબડ કરવાનું મુકીદે, કેમકે હું જાંહાં હોઉ તાંહાં બડબડ જરૂર થવાની એવું ખોદાએ સરજીઉં, મારે મારો વાંક નથી. વલી મેં કહેઉ કે હું છું તો તું તારા વરની બાએડીછે, તથા તારા બાપ, બપાવામાં મને વગછે વાસતે તું બોલેતો સંભાલીને બોલજે કાંએકે હું જો નહી હોતેતો તારીથી બોલાતેબી નહી. એ પછે સુનાબાઇને નરમ પાડવા મેં જઇને સરબતના સીસાની અંદર બુડકી મારી અને સુનાબાઇ તે સરબતને હું સુધાં પી ગઈ તારે ઠંડી થઈ, પણ હું તોબી તેના બાલમાંથી નીકલીઓ નહી અને હવે સુના કાંઈ બોલી નહી.

---

### સંવાલોનાં જવાબ.

(જુવો ગઆ આંકનાં સવાલો)

ખજુતર—ખર, બુત, તર,

---

## પરચુરણ બાબદો.

**છ આંગલાં**—હાલંડ દેશમાં એક મોટે ઘરની સ્ત્રી વસેછે, જેના દરએક હાથના ૭ આંગલાંછે અને વલી એ તેના કબીલામાં હોથે ઉતરતું આવીઉંછે. તેના હાથના મોજાં એક કારખાંના મધે ખાશ ફરમાસથી વનાએછે, તથા એ છઠું આંગલું વનંતર વજાડવામાં ઘણું કાંમ લાગાથી તે સ્ત્રી તેને પોતાની એબ નહી પણ સોભા ગણેછે.

**લંડનમાં પીઠાં**—એવું કેહેવાએછે કે એખલાં લંડનમાં જેટલાં પીઠાંછે તે દરએકે માતર ૨૧ ફીટની જગા રોકેલી ગણીએ તોપણ જો તેઓને હારેદાર રાખીઆં હોએ તો તેથી ૩૯ માઇલ સુધીની લાંબી તે હાર થાએ ! આ પીઠાં ઘણું કરીને બીર દારૂ પીવાના હોએછે અને વેલાતના મજુરો તથા બીજા ગરીબોને કાંમથી ફારેગ થવા પછે એકેક ટકોરો ચહડાવી આવવા વીના ચાલતું નથી.

---

**નકાંમો ખરચ**—વેલાતના સરકારી કાગજોઆં રાખવાના ખાતાંવાલા વડાએ ફરીઆદ કીધીછે કે જુદા જુદાં ખાતાંઓમાંથી જે કાગજો સરકારી છાપાખાંના મધે છાપવા મોકલવામાં આવેછે, તેઓની અસલ નકલો શંભાલથી નહી લખવાને લીધે ડીબાં ગોઠવનારાઓથી ઘણી ભુલ થાએછે, અને તે ભુલોને પછે "પરૂફ" ઈઆને નમુનાના કાગજ મધે સુધારવી પડેછે. એજ કારણથી સરકારને વરસ દાહાડે દોહોડ લાખ રૂપીઆનો વધારે ખરચ કરવો પડેછે !

---

**જાહેર હીમત**—સુધરેલાં દેશોની ઓરતો પોતાના દેશને લગતી રાજદુવારી બાબદોમાં કેટલો હીમતથી ભાગ લીએછે તેનો એક દાખલો હમે હીઆં આપીએ છઈએ. અમેરીકામાં જાંહાં ઉતર અને દખણ રાજો વચે લડાઈ ચાલેછે, તાંહાં ઉતર મધે વસનારી એક સ્ત્રીએ રાજ કારોબારના વડા મી૦ લીનકોલન ઉપર એક મોજાંની જોડ વણી મોકલીછે, તે મધે બલવાખોર રાજોના વાવટાનો નમુનો તલીઆં ઉપર ગુંડી લીધોછે તે એવી મતલબથી કે જારે તે મોટો હાકમ આ મોજાં પેહેડે તારે દુસમનનો વાવટો તેના પગની તલેજ કચડાએઆ કરે એક બીજી સ્ત્રી જેણે વઈદક શાસતરની "એમ. ડી." ની મોટાંમાં મોટી પદવી મેલવીછે, તે એક પલટણની સાથે લડાઇના મેદાનમાં વઈદનો હોધો બજાવેછે.

---

**થોડીક શીખાંમણ**—"નરમાસ એક દોડતા જહરાની મીશાલ સઉથી ખબરાએલા ફતરને સાફ કરેછે."

"સુખની ઈઆદદાસત એજ સુખછે."

"બાપદાદાની ચાલ દાહેઆઓને મનસે એક શંકટ છે, પણ બેવકુફોને મનસે એક સુરતીછે."

"જુઠાંને દોડવા મારે સાચાને ઉંગાડવું એ સરસ ઉપાએછે."

"જેઓને વખાણ ઘટતી હોએ તેઓજ ઠપકો સાંખી શકે."

"દેવું કરીને ઉઠવા કરતાં ભુખ ખમીને સુવા જવું વધારે સારૂંછે."

"શુંદર તનની વચે નેક મન તે તેજી રોશનીની વચે શુંદર ચીતારના સરખુ છે."

---

**ગારીબાલડી એટલે શું ?**—ગારીબાલડી નામનો જે નામીચો પેહેલવાન આ જમાનામાં માણસ જાતને અચરત કરેછે તેના નામનો અરથ "લડાઈમા હીમતવાન" એવો થાએછે. "ગાર" બોલનો અસલ અરથ ભાલો અ

ને હમણા લડાઈ થાએછે, તથા "બાલડ" એ "બેલડ" અથવા "હીમતવાન" ઉપરથી નીકલીઓછે. જારે એ નેક બખત નર જનમીઓ હશે તારે તેની માતાએ શું વીચાર કીધો હશે કે તેનો બેટો ખરેખર પોતાના નામનો ઉહાવનાર થશે?

આ પેહેલવાન ઇઉરોપના લોકોમાં એટલોતો જાંણીતો અને માનીતો થઈ ગએઓછે કે તેના બાલમાંથી એકેકું ગુંછરૂં મેલવીને પોતાની પાસે રાખવાનો અજાએબ જેવો શોખ વધી ગએઓછે, જે માટે હડી લાખથી વધારે ઓરતોએ તેના ઉપર ચીઠી લખી તેના બાલ માંગીઆછે!

---

**મધ ઊપર રોશનીની અસર**—એવું માલંમ પડીઉંછે કે નવુંસવું મધ ઘણુંજ નીરમલ અને પાંણી જેવું હોએછે, પણ થોડા વખત પછે તે બંધાઈને સાકરના ગાંગડા જેવું થાએછે. એનું કારણ એવું માલંમ પડીઉંછે કે તેમ રોશનીથી બનેછે. એક વીદવાંને થોડાં મધને ઉજરડાંમાં અને થોડાંને અંધારામાં રાખવાથી એમ શોધી કાહાડીઉંછે. પાલેલી મધમાંખોના પુડાની આસપાસ જારે કાચના ઘર હોએછે તારે તેઓ તે કાચને કાલો કરી નાખીને મધને અંધારાંમાં રાખેછે, કારણ કે તેમ કીધા સીવાએ તેમના બાલક જેઓ મધથી જીવેછે તેઓને પીવાએ એવું મધ મલતું નથી.

---

**જીના જનાવરોના પગ** બાબે ફરાનસના એક વીદવાંને કેટલાક અજાએબ જેવા અખતરા કીધાછે. રેતીના દાંણા જેટલી એક જીણી માંખ હરધી સેકંડમાં તરણ ઇંચ દોડતી હતી અને એટલી મનજલ કરતાં તે પાંચસોને ચાલીસ કદમ બરતી હતી. જો એક માણસ પોતાના કદના પરમાણ મુજબ ચાલવાની એ જનાવર જેટલી જહદ્દ ધરાવેતો તે એક મીનીટમાં વીસ માઈલ દોડે, પણ મગરૂર માણસથી તેટલુંબી બનતું નથી.

---

**આજાએબ જેવી શરત**—લંડનમા કપટાન બરનેબી નામના એક શખસે અજાએબ જેવી સરત બકી હતી. તે એમકે તેણે પરથમ પા માઈલ ચાલવું, તાર બાદ પા માઈલ દોડવું, પછે પા માઈલ શુધી કુદવું, પછે પા માઈલ સવારી કરવી, અને પછે માઈલ સુધી બોટમાં બેસીને પોતે હલેસાં મારી સફર કરવી. એ પાંચે કાંમ માંહેલાં દરએકને માટે પા પા કલાકનો તેને વખત આપીઓ હતો અને શેવટે તે અમલદાર ઉપલી શરત જીહીતીઓ હતો.

---

**ભોલાપણું!**—એક દાહાડે એક ગરહસથ સવારી કરીને જતો હતો તેવામાં વરસાદ તુટી પડવાથી એક હબસીના નાહાના જુપડાંનો તેણે આસરો પકડીઓ. તે જુપડાંમાં વરસાદ ધુમ ગલતો હતો માટે જારે ઉપલા ગરહસથે હબશીને "પુછીઉં કે તું તારૂં છાપરૂં સમારતો કાએ નહી?" તારે હબસીએ ઉતર વાલીઓ કે "સાંહેબ, જારે આવો માર મારનો વરસાદ પડે તારે હું સમારૂંબી કેમ!" એ ઉપરથી તે ગરહસથે સમજ પાડી કે "જારે વરસાદ નહી હોએ તારે છાપરૂં સમારીએ" પણ તે હબસીને એ વાત નવાઈ સરખી લાગી માટે બોલીઓ કે "જારે વરસાદ નહી હોએ તારે છાપરૂં સમારવાનીબી શું જરૂરછે!"

એક ભોલો ભટ, એક બોડકે માંથેનો, અને એક હજાંમ સાથે મુસાફરી કરવા ગીઆ. વાટમાં રાત પડી જવાથી તેઓ એક જાહાડની હેઠે સુતા, પણ ચોરોની ધાસતીને લીધે બે જણ સુવે અને એક જણ ચોકી કરે એવા વારા પાડીઓ. એ ઉપરથી પેહેલાં જાગવાની વારી હજાંમની આવી. તેનો વખત સોહોવાઓ નહી માટે તેણે એક રમત શોધી કાહાડી અને તે એકે સુતેલામાંનો એક જણતો બોડકાં માંથાનોજ હતો, પણ પેલા ભોલા ભટનાં માથાં ઉપર ચોટલી હતી તે અસતોરાવટે બોરી નાખી. તાર બાદ તે [illegible] ચારો ઉઠવા પછે પોતાની ચોટલી સંભાલવા ગએઓ પણ બોડકું માંથું જોઈને તે બોલી ઉઠીઓ કે "ભાઈ હજાંમ, તે ચુક કીવી—મારે બદલેતો તેં બોડકાં માથાંવાલાને ઉઠાડીઓછે!!!"

---

## મનને શીખામણનું પદ.

"નાથ કૈસેં ગજકો બંધ છોડાયો." એ રાગનુંછે.

સમજ મન સમજીને લાગ સુધરવા;
કુડાં કપટ કરેછે શું કરવા, સમજ મન૦—ટેક.

જેમ પ્રભુતણો પ્રેમ પુરો મળે, એમજ ચાલ આચરવા;
ભવદરિયો ભરપુરછે ભયનો, તેમાં તું ચાહે જો તરવા; સમજ૦

વિશ્વપતીતણો રોષ વિચારિને, દોષથિ લાગજે ડરવા;
કપટ અપટ તજ ભજ ભગવાનને, એજ ઉપાય ઉગરવા; સમજ૦

માત પિતા સુત ભ્રાત ન ભગની, પામે નહી થિર ઠરવા;
પીપળ પાનનિ પેરે પ્રજા જોને, વેગેથિ લાગે વિખરવા; સમજ૦

દોડી દશે દિશ ધાન ને ધનના, ભંડાર લાગયો તું ભરવા;
મારૂં મારૂં કહે તે નથિ તારૂં, મમત કરે શિદ મરવા; સમજ૦

હાથે કરીશ તેતો આવશે સાથે, વળિ તને મળશે વાવરવા;
નહિતો જયાં જાઉછે ત્યાં તને નહિ મળે, ઓઢવાને કે પાથરવા,
સમજ મન૦

વિખના કે અમૃતના છોડવા વિશે, લાગશે એજ ઉછરવા,
સમજીને જો તું વગર સમજે શિદ, છળ કરે લોક છેતરવા; સ૦

આ દુનિયામાં કમાવાને કારણ, આવ્યો મુસાફરિ ફરવા;
ગાંઠનિ મુડિ ગમાવિશ ઉલટો, એવું લાગયો અનુસરવા; સ૦

હજિપણ લાગ અસત્ય વિસારીને, સત્યના શબ્દ ઉચરવા;
દલપતરામનો દેવ દયાળુછે, સમરથ સંકટ હરવા; સમજ૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. | આગસ્ટ ૧૮૯૪ | આંક ૮ મો.

## કજીઆખોર કબીલાઓ,

અથવા

### લગણમાં વઘણ—રંગમાં ભંગ.

એક વારતા.

### પરકરણ દસમું.

### તેમીનાં.

એકની બાએડી થઈ ચુકા પછે બીજાની બાએડી થવું એ જેવો ભએંકાર બનાવ તેમીનાને મનસે બીજો કોઈ નહી હતો. માંટે તેમીનાં જેવી ઘરની બાહેર નીકલી તેવી એ વીચારમાં ને વીચારમાં ગોએમા ઘેલી થઈ હતી. પોતાની ચોલી તલે ખંજર છુપાવીને એકદમ બાહેર પડવા બાદ તેણે એવો ઠરાવ કીધો કે બુઢા ગોદરેજની જુકડીમાં જઈ તેની મદદ માંગવી અને જો તાંહાં મદદ નહી મલેતો એકદમ જીવ ખોહાવો તથા એ ઠરાવને તે અમલમાં આણવા ગઈ.

પણ ગોદરેજની જુકડીમાંતો પેલો અમીરજાદો શાહાપુર એ પીર મરદની મુલાકાત લેવાને અગાઉથી આવીઓ હતો. તેમીનાંનાં બાપ સીઆવખશે તેને તેમીના સાથ પરણાવવા માંટે બીજી કાલનો દાહાડોબી મુકરર કીધો હતો, જે વીશેની ખબર કરવા તથા લગણની કીરીઆ વીગે તેને અરજ કરવા શાહાપુર તાંહાં આવીઓ હતો. તેને જોતાં વારજ તેમીનાંના મનમાં મોટો કરોધ ઉપજીઓ હતો. શાહાપુરની શીકલ તેને બેસુધ કરવાને જાણે બસ હતી, કારણ કે તેનું મોહોડું જોવાનેબી તેમીનાં ડરતી હતી અને તેની સાથ વાત કરવામા તે પાપ સમજતી હતી. શાહાપુરને તે કસી ખબર નહી હતી માંટે અનજાનપણે તેમીનાં સાથ મીઠી અને પરીતી ભરેલી વાતો કરતો પણ તેમીનાં જવાબ આપવાને બનતાં સુધી અખાડા કરતી હતી.

તેથી અરધો ખુસી અરધો દલગીર એવી હાલતે થોડા વારમાં સાહાપુર તાંહાંથી ગએઓ. જેવું તેણે જઈને પોતાની પાછલ બારણું ધાંકીઉ તેવુંજ, તેમીનાંએ મોટું રોધીઆરૂં કરી મેલીઉં. તેનો દીલો છેક ભરાઈ આવેલો હતો તે એકદમ તેણે છોડી મેલીઓ અને એક ચીચારી તેણે એવી પાડી કે જેથી આસપાસનું જંગલ ગાજી રહેઉં તથા અફસોસ તથા હાએ મારતી રડવા પડી ગઈ. ગોદરેજ આ સઘલું સંકટ જાણતો હતો, પણ તેનીબી છાતી ભરાઈ આવેલી હતી અને બેમાંનાં એકનીબી બોલવાની હીમત ચાલતી નહી હતી.

આ તે પીર મરદ ગોદરેજની જબાં ઉપરી. તે બોલીઓ કે "બેટી તેમીના તારૂં શંકટ હું સમજુ છઉં હવે તું ધીરજ રાખ અને ખોદાને ઈઆદ કર. તેની નેગેહેબાની હશેતો સઉ સારૂંજ થશે વાસતે ઉઠ અને આંસુ લુછી નાંખ." તેમીના ઉઠી અને જરા ઠંડી પડી, જે પછે ગોદરેજને વાત કરવા માંડી. તે બોલીઓ કે "તેમીનાં તારા બાપે તો હવે ઠરાવજ કીધો કે તુંને શાહાપુર સાથ પરણાવવી અને હવે તેની આગલ કોણનું ચાલવાનું છે! દીકરી મારી, નાચારીથી અને જોર જુલમથી જો કદાપી એવું પાપ આવી પડેતો તેમાં તારી તકસીર ગણાવાની નથી"

આ સુખનોથી તેમીનાંનો પીતો પાછો ઉછલી આવીઓ. તેહેમતનને તજીને શાહાપુરને બાહાલ રાખવો એતો મોહોત કરતાંબી માઠું દીસીઉં, માટે તેણે તરત ખંજરને બાહેર કાહાડીઉં અને છાતીસે તેની અણી ધરીને તે બોલી કે "બુઢા ગોદરેજ, અગર તું એમ કેહેતો હું એમ કરૂં છઉં. અગર કોઈ ઉપાએ નહી ચાલશેતો આ ઉપાએ ચાલશે, વાસતે એમ નાં કેહે કે આ બીજાં લગણ અટકાવાનાં કોઈ ઉપાએ નથી."

ગોદરજે તેમીનાંનાં હાથમાંથી તુરત ખંજર છીણવી લીધું. પણ તેમીનાંએ પોતાનો ગમ કરવાનું છોડીઉં નહી. તે કેહેવા લાગી કે—"બાવા ગોદરેજ, ખોદાએ મારાં દીલને તેહેમતનના દીલ સાથ જોડીઉં અને તમે હમારા હાથ જોડીઆ અને સોબી આ માહારા હાથ બીજાનાં હાથ સાથ જોડાએ અથવા આ મારાં દીલે અંદરખાંનેથી બલવો કીધા છતાં, બાહેરથી તરાહેત ધણીને સવાધીન થાએ તેની અગાઉ આ ખંજર એ બંનેનાં ટુકરા કરશે. ઓ પીરમરદ! તારી લાંબી અજમાએસ અને મોતેબર એલમથી કોઈ એવો ઉપાએ શોધી કાહાડ કે જેથી આ બીજાં લગણ અટકે અને જો તે ઉપાએ નહી હશેતો આ ખંજર તે ઉપાએ કરશે."

હવે બીચારો ગોદરેજ વીચારમાં ગરક થઈ ગએઓ. તે

ને હમણા લડાઈ થાએછે, તથા "બાલડ" એ "બોલડ" અથવા "હીમતવાન" ઉપરથી નીકલીઓછે. જારે એ નેક બખત નર જનમીઓ હશે તારે તેની માતાએ શું વીચાર કીધો હશે કે તેનો બેટો ખરેખર પોતાના નામનો ઉઠાવનાર થશે ?

આ પેહેલવાન યુરોપના લોકોમાં એટલોતો જાણીતો અને માનીતો થઈ ગએઓછે કે તેના બાલમાંથી એકેકું ગુંછરૂં મેલવીને પોતાની પાસે રાખવાનો અજાએબ જેવો શોખ વધી ગએઓછે, જે મારે હડી લાખથી વધારે ઓરતો એ તેના ઉપર ચીઠી લખી તેના બાલ માંગીઆછે !

---

**મધ ઉપર રોશનીની અસર**—એવું માલંમ પડીઉંછે કે નવુંસવું મધ ઘણુંજ નીરમલ અને પાંણી જેવું હોએછે, પણ થોડા વખત પછે તે બંધાઈને સાકરના ગાંગડા જેવું થાએછે. એનું કારણ એવું માલંમ પડીઉંછે કે તેમ રોશનીથી બનેછે એક વીદવાંને થોડાં મધને ઉજરડાંમાં અને થોડાંને અંધારાંમાં રાખવાથી એમ શોધી કાહાડીઉંછે. પાલેલી મધમાંખોના પુડાની આસપાસ જારે કાચના ઘર હોએછે તારે તેઓ તે કાચને કાલો કરી નાખીને મધને અંધારાંમાં રાખેછે, કારણ કે તેમ કીધા સીવાએ તેમના બાલક જેઓ મધથી જીવેછે તેઓને પીવાએ એવું મધ મલતું નથી.

---

**જીના જનાવરોના પગ** બાબે ફરાનસના એક વીદવાંને કેટલાક અજાએબ જેવા અખતરા કીધાછે. રેતીના દાંણા જેટલી એક જીણી માંખ હરધી સેકંડમાં તરણ ઈંચ દોડતી હતી અને એટલી મનજલ કરતાં તે પાંચસોને ચાલીસ કદમ ભરતી હતી. જો એક માણસ પોતાના કદના પરમાણ મુજબ ચાલવાની એ જનાવર જેટલી જહડફ ધરાવેતો તે એક મીનીટમાં વીસ માઈલ દોડે, પણ મગરૂર માણસથી તેટલુંબી બનતું નથી.

---

**આજાએબ જેવી શરત**—લંડનમાં કપટાન બરનેબી નામના એક શખસે અજાએબ જેવી સરત બકી હતી. તે એમકે તેણે પરથમ પા માઈલ ચાલવું, તાર બાદ પા માઈલ દોડવું, પછે પા માઈલ શુધી કુદવું, પછે પા માઈલ સવારી કરવી, અને પછે માઈલ સુધી બોટમાં બેસીને પોતે હલેસાં મારી સફર કરવી. એ પાંચે કાંમ માંહેલાં દરએકને માટે પા પા કલાકનો તેને વખત આપીઓ હતો અને શેવટે તે અમલદાર ઉપલી શરત જીહીતીઓ હતો.

---

**ભોલાપણું !**—એક દાહાડે એક ગરહસથ સવારી કરીને જતો હતો તેવામાં વરસાદ તુટી પડવાથી એક હબસીના નાહાના જુકડાંનો તેણે આસરો પકડીઓ. તે જુકડાંમાં વરસાદ ઘુમ ગલતો હતો માટે જારે ઉપલા ગરહસથે હબશીને "પુછીઉં કે તું તારૂં છાપરૂં સમારતો કાંએ નહી ?" તારે હબસીએ ઉનર વાલીઓ કે "સાંહેબ, જારે આવો માર મારનો વરસાદ પડે એ ઉપરથી તે ગરહસથે સમજ પોહી હોએ તારે છાપરૂં સમારીએ" ત નવાઈ સરખી લાગી માટે બોલીએ નહી હોએ તારે છાપરૂં સમારવાનીબી

એક ભોલો ભટ, એક બોડકે માંથેનો જાંમ સાથે મુસાફરી કરવા ગીઆ. વાટમાં થી તેઓ એક જાહાડની હેઠે સુતા, પણ ચોરોન લીધે બે જણ સુવે અને એક જણ ચોકી કરે એ પાડીઆં. એ ઉપરથી પેહેલાં જાગવાની વારી આવી. તેનો વખત સોહોવાઓ નહી માટે તેણે મત શોધી કાહાડી અને તે એકે સુતેલામાંનો એક બોડકાં માંથાંનોજ હતો, પણ પેલા ભોલા ભટનાં માથ ચોટલી હતી તે અસતોરાવરે બોરી નાખી. તાર બાદ ચારો ઉઠવા પછે પોતાની ચોટલી સંભાલવા ગએઓ બોડકું માંથું જોઈને તે બોલી ઉઠીઓ કે "ભાઈ હજાંમ, ચુક કીવી—મારે બદલેતો તેં બોડકાં માથાંવાલાને ઉઠીઓછે !!!"

---

### મનને શીખામણનું પદ.

"નાથ કેસેં ગજકો બંધ છોડાયો." એ રાગનુંછે.

સમજ મન સમજીને લાગ સુધરવા;
કુડાં કપટ કરેછે શું કરવા, સમજ મન૦—ટેક.

જેમ પ્રભુતણો પ્રેમ પુરો મળે, એમજ ચાલ આચરવા;
ભવદરિયો ભરપુરછે ભયનો, તેમાં તું ચાહે જો તરવા; સમજ૦

વિશ્વપતીતણો રોષ વિચારિને, દોષથિ લાગજે ડરવા;
કપટ ઝપટ તુજ ભજ ભગવાનને, એજ ઉપાય ઉગરવા; સમજ

માત [illegible] ભ્રાત ન ભગની, પામે નહી થિર ઠરવા;
પીપળ પાનનિ પેરે પ્રજા જોને, વેગેથિ લાગે વિખરવા; સમજ

દોડી દશે દિશ ધાન ને ધનના, ભંડાર લાગયો તું ભરવા;
મારૂં મારૂં કહે તે નથિ તારૂં, મમત કરે શિદ મરવા; સમજ

હાથે કરીશ તેતો આવશે સાથે, વળિ તને મળશે વાવરવ
નહિતો જ્યાં જાવુછે ત્યાં તને નહિ મળે, ઓઢવાને કે પાથરવ
સમજ મન

વિખના કે અમૃતના છોડવા વિશે, લાગશે એજ ઉછરવ
સમજીને જો તું વગર સમજે શિદ, છળ કરે લોક છેતરવા; સ

આ દુનિયામાં કમાવાને કારણ, આવ્યો મુસાફરિ કરવા,
ગાંઠનિ મુડિ ગમાવિશ ઉલટો, એવું લાગયો અનુસરવા; સ

હજિપણ લાગ અસત્ય વિસારીને, સત્યના શબ્દ ઉચરવા;
દલપતરામનો દેવ દયાળુછે, સમરથ સંકટ હરવા; સમજ

હો કાંઇ ઘણી ખાશ ખુશાલીનો લાગતો ક સહવારનાં પોહોરથી નગારાં અને નોબ નીકલતા હતા; જોકે ગાએણ અને રાંમશ અને પીણાંમાં કાંઈ કસુર રાખી નહી હતી તો કાંઈ બાકી રહેઉં હોએ એવો ખેઆલ આ.ઉ ટી બાઈએરને કોઈ કોઈવાર ઉપજતો હતો.

આવખશે જોકે પોતાની બેટીને જબરદસતીથી પર ા ઠરાવ રાખીઓ હતો તોબી તેની છાતીમાં ધસકો હતો કે છેક શેવટની ઘડીએ તેમીના નાં કેહેશે તો! પણ નહીં—તેમીનાંએતો પોતાની માંની આગલ પરણ ની મરજી દેખાડી હતી, માંટે તે વીશે જાજી ધાસતી નહી હતી અને તોણી તેનાં બાપ તથા માંને કાંઈ ધાસતી ઉપજતી હતી. પોતાની સઘલી ગડબડ તથા ધાંમધુમને લીધે ખુશી ઉપજવા છતાં તેઓને લાગતું હતું કે જાંણે કે તે ખુશીમાં જરા કાંઈ ફીકર ઈઆ ચીંતાનો કતરો ભેલાએલો હોએ તેઓને ચેન હતું, પણ જરા બેચેનીબી લાગતી હતી, પણ એવો ખતરો દીલમાં સાથો રહી ગએઓ તે તેઓ કહી શકતાં નહી હતાં.

સહવાર થઈ પણ તે રોશન સહવાર નહી હતી. શીઆલાને લીધે શીઆવખશનાં ઘરની આસપાસ દવ અને ઠારનો કાંઈ સુમાર નહી હતો. આફતાબ ઉગીઓ હતો પણ તે ખુશનોમા દીસતો નહી હતો. હવા સથીર હતી, પણ તે પસંદ કરવાજોગ નહી હતી. આકાશ ખોલું હતું, પણ શીઆવખશનાં ઘર ઉપર એક શીહા વાદલું ટીંગાએલું હતું. તોબી શીઆવખશ અને માહાબાંનું જેમ બને તેમ ખુશહાલ રેહેવાની તજવીજ કરતાં હતાં, તેઓને ઘરની બાહેર કાંઈ કાંમ નહી હતું માટે રૂતુમા ગમે એવો ફેરફાર થએઓ હોએ તેની તેઓને દરકાર નહી હતી. સરવે ધુમધાંમ અને રલીઆંમણી રચનાં દર કલાકે વધતી હતી.

હવે શીઆવખશ અને માહાબાનુનું સઘલુ ધ્યેઆન તેમીનામાં ભરાએઉં હતું. તે કીઆરે ઉડે એવી તેઓ વાત જોતાં હતાં. પણ તેમીનાં સકારી ઉઠી નહી, કાંઈ નહી—બચુંછે—રીતના મોંહેથી સુતેલીછે—એ સકારે ઉઠીને શું કરવાનીછે એવા એવા વીચારથી તેઓએ તેને સારીપેઠે ઉંઘાવા દીધી.

અમીરજાદો શાહાપુર સહવારનાં દસ વાગતે તો પોતાની પગી ચેહેરેની બાનુ સાથે પરણવા આવવાનો હતો. પણ હવે આઠબી વાગા, તોપણ તેમીનાં ઉઠી નહી: માંટે શીઆવખશ અને માહાબાંનુને અધીરાઈ થઈ. તેઓએ દાસી આવાનને તેમીનાનાં ઓરડામાં મોકલી અને હલુસેથી ઉઠાડી લાવવા ફરમાવીઉં. તેઓએ હોકમ કીધો કે તેમીનાંને કોઈબી રીતે ઘબરાવવી અથવા કુહુરવવી નહી.

આવાન તેમીનાને જગાડવા ગઈ. તેમીના પોતાનાં જીતરૂ પલંગ ઉપર મીઠી નીંદમાં સુતી હોએ તેમ સુતેલી હતી. આવાને તેને પેહેલાં આસતેથી હાથ લગાડીઓ અબ અમીના તેમીના કરી તેનાં કાનમાં બોલવા લાગી. પણ તેથ.ગી નહી. આવાને તેથી તેને જરા હીલવવા દો વારમાં સાહેઉ કે "તેમીના મામે. ઉઠ, આઠ વાગી ગી ને પોતાની પાછલ બાનુ હેકાંણુ નહી મલે? ચેરી છોકરી કાગોધીઆરૂં કરી મે ઉઠ, મારી દીકરી કરૂં—ઓએ નરતોકે તાહારો વાહાલો ખાવંદ તુને લેવા આવશે ને તું તેને ખોટી રાખશે કે? વલી કપડાં બદલતાં કેટલો વખતતો થશે ઉઠ, તેમીનાં." પણ તેમીનાં હજીરે જાગી નહી. દાસીએ જોરથી આચકા મારવા માંડીઆ. તેમીનાંનો જે હાથ માથા ઉપર હતો તે ખીસાડીઓ, પણ તોબી તે જાગી નહી. દાસીએ મોટે મોટે હાંકો મારી પણ તેની આંખબી જરા ઉંઘડી નહી. તે જરા ઉં કે આં બોલીબી નહી. તે કુંડાં માટલાંની મીશાલ પડી રહી અને આવાન તે જોઈને ઘબરાઈ ગઈ.

તેમીના બીછાણા ઉપરજ મરી ગઈ હોએ એવું તેને માલમ પડીઉં. તેમીનાનાં હાથ પગ ઠંડા હતા, તેનો દમ જરાબી ચાલતો નહી હતો, તેનુ લોહી થંબ થઈ ગએઉં હતું, તેની નાડી અટકી પડેલી હતી. આ દેખાવ જોઈને દાસીએ "કોઈ આવોરે" કરીને મોટી બુમ મારી. તે બુમ શીઆવખશનાં આખા મેહેલને ખુણે ખુણે પોંહોંચી વલી. દરએક જગોએથી મરદો અને ઓરતો દોડી આવીઆ. તેમીનાનો બાપ અને મા આવીને પુછવા લાગાં કે શુંછે? આવાને જમીન ઉપર ફસડાઈ જઈને હાએ મારીને કહેઉં કે "તેમીનાં મરી ગઈ, અરેરે તેમીનાં મરી ગઈ."

અરે! આ શું આફત! સઉથી મોટાં શુખ, સઉથી મોટી ઉમેદ, સઉથી મોટી મોજનને વખતે આ શું ગજબ!

હવે હીઆ મોટો ઘબરાટ ઉઠી રહેઓ. શીઆવખશ અને માહાબાનુંએ તેમીનાની દરએક રીતે તપાસ કીધી. તેને તરેહવાર ખુશબો સુઘાડી અને તેનાં બદન ઉપર તરેહવાર ઈલાજો લાગુ પાડીઆ, પણ તે કાંમ લાગા નહી. તેમીનાતો કરમાએલાં ફુલની મીશાલ પડી રહી. તેનાં હાથ તાંહાં હાથ અને પગ તાંહાં પગ થઈ ગએઆ. સરવે જણ સવાલ પુછવા લાગા કે એ શું થએઉ? સરવે જણ બુમ અને હાએ મારવા લાગા. જે મેહેલ થોડા વખત અગાઉ મોટી ધામ ધુમની જગા હતી તે માહેતમ પોશીનુ ઘર થઈ પડીઉં.

આ સઘલી ગડબડમાં વખત નીકલી ગએઓ. શીઆવખશ અને માહાબાનુને કસા ઉપાએ નહી સુજવાથી પોતાની દીકરીને લઈને તેઓ બેસી રહેઆં. પણ તેવામાં દસ વાગા અને વર રાજો પોતાની કનેઆ સાથ પરણવાને આવી લાગો. પણ તે હેઠેથીજ અચરત થએઓ હતો. કોઈ તેને લેવા આવીઉં નહી, કોઈએ તેને માન આપીઉં નહી, કોઈએ તેના આવી પોંહોંચવાથી ખુશાલીનાં શરોદ કાહાડીઆ નહી. તે હેઠેથીજ ઘબરાએઓ અને ઉપર આવીઆ પછે પોતાની બાનુને મુવેલી જોઈને તેબી માહેતમમાં સામેલ થએઓ.

આ દેખાવ કોઈનેબી પીગલાવે એવો હતો. શીઆવખશે શાહાપુરને કહેઉં કે "બેટા શાહાપુર, તું આજુકને તારી ગોદમાં ચાંપે તેની અગાઉ મોહોને તેને પોતાની ગોદમાં લીધીછે. તું મારો જમાઈ થાએ તેની અગાઉ કાલાં મોહોડાંનું મોહોત મારો જમાઈ થએઓછે, મોહોત મારો વારેસ થએઓછે." માહાબાંનું ફોક મેલતી કે "અરે ખોદા, આ શું આફત! અરે મારી પુતરી તું જઈફ માતાને છોડીને આ પરમાંણે કેમ પડી રહીછે. દીકરી! તારો વર તુને લેવા આવીઓ છે, તારો બાપ રડેછે, તારી માં બુમ પાડેછે, અને તું કેમ

સુતીછે! અરે રે! મારૂં શુખની તું ને દુખની તું. મારો જીવની તું અને મારી આશાની તું, પણ તું જાએ તારે મારૂં હવે કોણ રહેઉં." શાહાપુરજી એજ રીતે ગમ કરતો હતો અને સઘલાંઓ આંખ પાંણી ભરતાં ઉભાં હતાં.

આ સઘલી માહેતમમાં એકજ ધણી ઘણો સાંમેલ થએઓ નહી હતો અને તે બુઢો ગોદરજ હતો. સાહાપુર લગણની કીરીઆ કરવા માટે ગોદરજને તાંહાં લઈ આવીઓ હતો, પણ આ બનાવ જોઈને તેતો મુગો મુગો ઉભોજ રહેઓ હતો. જારે માહેતમ અને પીટણી ઘણીજ ચાલી અને જારે સરવે કોઈ ગમમાં ગીરફતાર થઈ પડી રહેઆં તારે ઘણેવારે એ પીર મરદ બોલીઓ કે—"અરે તમે લોકો એમ બેસીને જોએઆ શું કરોછો? ઉઠો, ઉઠો, અને કીરીઆ મારગ કરી તેની લાસને શેવટની જગોએ પોંહોંચાડવામાં ઢીલ નાં નાંખો. તમારા લોકોનાં રડવાથી શું તે જીવતી થવાનીછે? એમાં કોઈ માંણુસનો ચારોછે? એતો ખોદાનો બનાવછે અને ખોદાની મરજીથી બનીઓછે. એ તો સરવેને મોહો ઈઆ વેહેલો લખી આપેલોછે તારે રડવું શા માટે જોઈએ? આજ સુધી એ પુતરીમાં તમારો અને ખોદાનો બેહુનો ભાગ હતો. હવે તે પરમેશવર સંઘો ભાગ લેવા માંગેછે અને તે તેનાં ફાએદાને માટેછે વાશતે તે આપવાને તમે નાં પાડવું નહી જોઈએ. તમારા દીલમાં મોટી ઉમેદ શું હતી? એટલીજ કે તમારી દીકરી વધે, તેની ચહડતી થાએ, તે સદાનું સુખ પાંમે. હવે જારે તે ચહડીછે, તે વાદલાંઓ અને હવાથીબી ઉંચે ગઈછે અને સદાનાં સુખમાં તેણે વાસો કીધોછે તારે તમે લોકો રડોછો? ખચું સુખવાસી જીહાંનમાં ગએઉં માટે દલગીર થવું એ શું તમારો પીઆરછે? ઉઠો, ઉઠો અને હવે કીરીઆ મારગમાં વખત નાં લગાડો."

આ ભાશાંણથી સઘલાંઓની સુધ આવી. વજંતર ઉધાં પડીઆં, લગણના લેબાસને બદલે શોગનો લેબાસ સરવેનાં દીલ ઉપર ઓલવાએઓ, અને સઘલી રીતનો ફેરફાર થઈ પડીઓ. રંગમાં ભંગ તે ખરેખર એ હતો.

થોડા કલાક ગએઆ અને બીમારી તેમીનાંનાં ઠંડાં બદન ઉપર કીરીઆઓ થવા લાગી. તે દીને ઠાર અને દવ ઘણોજ પડતો હતો તથા ઠંડી અને ભીનાંસને લીધે બાહેર જવાનુંબી ઠીક નહી લાગતું હતું, માટે બુટા ગોદરજની સલાહા ઉપરથી તેમીનાંની લાસને શેવટની જગોએ લઈ જવાનું બીજા દાહાડા ઉપર રાખીઉં અને તેટલાં તેના દર બદનને ખુશબોદાર પેટીમાં બંધ કરીને મેહેલની નાં એક ચોગાંણમાં જમીનની જરા હેઠે તેને દાટી

---

પરકરણ છેલું.

ભોલાપણું. — નાંપાક કજીઓ.

[illegible] સવારી કરીને જતો હતો તેવામાં વ[illegible] એક હબસીના નાહાના જુફરાંનો તેણે આર્ડ[illegible]ટીઓ. તે જુફરાંમાં વરસાદ ધુમ ગલતો હતો માટે જારે ઉપલા ગરહસ્થે હબશીને "પુછીઉં કે તું તારૂં છાપરૂં સમારતો કાંએ નહી?" તારે હબસીએ ઉતર વાલીઓ કે "સાંહેબ, જારે

ન સાથ એકવાર પરણવા પછે બીજા ધણીને હાથ તે જાએ નહી?

નહી—તેમીનાંએ આપઘાત કીધો નથી. તેમજ તે મરીબી ગઈ નથી. તેમીનાંતો જીવતીછે એવું વાંચનારાંઓએ ઈઆદ રાખવું. તેને જીવતી દાટી આવીઆ હતા.

બરોબર બોલીએતો તેમીનાં મુએલી હતી, પણ થોડા જ વખતને માટે મુવેલી હતી, પાછી જીવતી થવાને માટે તે મુવેલી હતી.

એમાં પેલા વીદવાંન ભગત ગોદરજનાં કારસતાંન હતા.

તેમીનાનાં લગણ અટકે એવા વીચારથી ગોદરજે આ ઉપાએ કીધો હતો.

એટલા માટેતો તેણે તેમીનાંની લાસને ખામખા દટાવી હતી તથા એટલાજ માટે જારે બીજાં સરવેને મોટો ગમ ઉપજીઓ હતો તારે ગોદરજ જાજી દલગીરી બતાવતો નહી હતો.

તે જાણતો હતો કે તેમીનાં કાંઈ સબુર દબર મરી નઈ નહી હતી. જારે એ નાંજુક નાર તેની જુફડીમાં તેની સલાહા લેવા આવી અને જો લગણ અટકે નહીતો જીવ આપી મરી જવાનો જારે તેણીએ મજબુત ઠરાવ કીધો, તારે ગોદરેજે તેમીનાંને એક એવી દવા આપી હતી કે જે પીધાથી તે ૪૦ કલાક સુધી તદન બેશુધ, બલકે મુએલી મરખી થઈ પડે અને તેટલો વખત ગીઆ પછે તે પાછી સજીવન થાએ. તે દવા તેમીનાંએ લગણનાં દીવસની આગમચની રાતે સુતા અગાઉ પીધી હતી, જેથી તે બીછાંણાં ઉપર મુએલી જેવી દીસતી હતી અને તેને દફનાવામાં આવી હતી.

ગોદરજનો એવો વીચાર હતો કે ઉપલા ચાલીસ કલાકની વચમાં તેમીનાના વર તેહેમતનને હું તેડાવી મંગાવચ તથા પછે જારે તેમીનાં પાછી સજીવન થાએ તારે તેને જાંહાં દાટી હશે તાંહાં તેહેમતનને લઈને જવશ અને તાંહાંથી તેમીનાને કાહાડી લાવીને તેનાં વાહાલા દેશનીકાલ ખાવંદને હવાલે કરશ. એ વીચાર ગોદરેજે તેમીનાંને આગમચથી કહેઓ [illegible] તેમીનાંએ ઉપલી દવાને મોટી ખુશીથી [illegible] [illegible]નાં વાહાલા ખાવંદને મલવા

પાનનિ પેરે પ્રજા જોન, [illegible]

[illegible] દગે દિશ ધાન મે ધનના, ભંડાર ભ.

[illegible] 'મારૂં' કહે તે નથિ તારૂં, મમત કરે શિદ'. ઉડીકે તેમીનાં મર

[illegible] કરીશ તેતો આવશે સાથે, વળિ તને મળશઈ તથા બીજે

નહિતો જ્યાં જાવુછે ત્યાં તને નહિ મળે, ઓટવાને કે લખીઓ, સ

સમજ મન[illegible]

વિખના કે અમૃતના છોડવા વિશે, લાગશે એજ ઉછરવા;
સમજીને જો તું વગર સમજે શિદ, છળ કરે લોક છેતરવા; સ૦

આ દુનિયામાં કમાવાને કારણ, આથ્યો મુસાફરિ ફરવા;
ગાંડનિ મુડિ ગમાવિશ ઉલટો, એવું લાગયો અનુસરવા; સ૦

હજિપણ લાગ અસત્ય વિસારીને, સત્યના શબ્દ ઉચરવા;
દલપતરામનો દેવ દયાળુ છે, સમરથ સંકટ હરવા; સમજ૦

---

ને ભલા દોસતોની ભલી મેહેનત ફોકટ જવા વીનાં રેહે તી નથી.

તેમજ, અફસોસ ! આ વખતેબી બનીઉ. કેહેવાને મોટું દુખ ઉપજેછે કે ગોદરેજ પોતાની કોશેશમાં તદન નીસફલ થએઓ.

જે ધણી તેહેમતન ઉપર ઉપલી હકીકતનો કાગજ લઈ ગએઓ હતો, તે ધણી થોડાવારમાં પાછો આવીઓ. તેનાંથી તેહેમતનને કાગજ પોહોંચાડી શકાએઉ નહી. વાટમાં કેટલીક અડચણો નડી. તેની સાથે કોઈ ગએઉ નહી. રૂત ઘણી બીગડેલી હતી. એવું કોઈબી કારણ સમજીએ, જેથી તેહેમતનને કાગજ પોહોંચાડવાને બદલે તેણે ગોદરજને પાછું લાવી આપીઉં.

હવે ગોદરજ શું કરે ? તે નાચાર અને નાઉમેદ થઈ ગએઓ. વખત વહી જવા લાગો અને તેમીનાને જગાડવાનો સમો નજદીક આવવા લાગો. તેહેમતન જાંહાં દેશનીકાલ થએઓ હતો તે ગાંમ એટલું દુર હતું કે હવે ફરીથી માણસ મોકલતાંબી ઉપલા સમો અગાઉ તેહેમતનને કાગજ પોહોંચે નહી. અને તેવામાં જો તે તેમીનાને જગાડે તથા પોતાના તેહેમતનને આવેલો તે નહી જુવે તો તે બાંનુ આ બુજરગ સાધુની મતલબ તથા આચાર વીશે શું વીચાર કરશે ! આવા અંદેશામાં બીચારો જઈફ ગોદરેજ અતીઘણો ચીંતાતુર થઈ ગએઓ હતો

પણ બીજી ગમથી જાલમ જમાનો પોતાની ખરાબી કીધા વીનાં રહેઓ નહી !

દેશનીકાલ તેહેમતન પોતાનાં એકાંત મકાંનમાં સહવારનો નાસતો ખાઈ તેમીનાંને ઈઆદ કરતો બેઠેલો હતો. તેનાં મંનમાં કેવી કેવી ઉમેદો હતી, તેને કાંઈ કાંઈ બલાપો થતો હતો, તેમીનાને ઘડીમાં બાગ મધે ફરતી અને ઘડીમાં મેહેલ મધે અંદેશો કરતી જાંણે તેની આંખ આગલ દેખાતું હતું. તેમીનાની ખબર લેવા ગએલાં માંણસની તે રાહા જોતો હતો. થોડાવારમાં તે આવી પુગો, પણ હાએ હાએ ! તે આવીને રડી પડીઓ અને કેહેવા લાગો કે તેમીનાં મરણ પાંમી. આ ખબરથી સુરા તેહેમતનની છાતી ગોએઆ ફાટી ગઈ. તે મોટી હાએ મારીને જમીન ઉપર પડીઓ અને પોતાની વાંહાલી બાનુની છેવટની ઘડીએ તે તેની સોડે નહી રહેઓ એ વીચારથી તે મોટી અફસોસ કરવા લાગો પણ એમ કીધાથી તેનું શું વલે ? તેને એક વીચાર સુજીઓ. તેણે ઠરાવ કીધો કે "મારી બાંનુંનું મોહો જોઈ હુંબી મરી જાઉતો બેહેતર."

જવાંન તેહેમતનનુ મન આ વખતે બહુ ઉસકેરાએલું હતું. તેણે પોતાની સાથે પોતાના ચાકરને રાખીઓ અને સીરાજ શેહેર તરફ આવવા નીકલીઓ. વાટમાં તે એક વઈદની દુકાનમાં ગએઓ અને તેની સોહોથી જેહેરનો એક જથો ખરીદ કરી તે પાછો આગલ ચાલીઓ. લાંબી મંજલમાં હાએ અને અફસોસ કરતો તે તેમીનાંનાં ઘર તરફ આવી લાગો. આ વખતે અંધારી રાત હતી. આકાશ ઘેરાએલુ અને કાલું હતુ જેથી તે રાતના શીહાપણામાં વધારો થએલો હતો. તેહેમતન આજુ બાજુએ કાંઈ જોતો નહી હતો પણ ગોએઆ આંખ વીચીને ચાલે તેમ ચાકરનાં દેખાડવા મુજબ જે જગોએ તેમીનાંને દાટી હતી તે જગોએ તે આવી લાગો. તે ચોગાંનનો એક દરવાજો હતો. તેહેમતને પોતાનાં ચાકરને બાહેર ઉભો રાખીઓ તથા તેને પોતાનાં બાપને નાંમનું એક કાગજ આપીને પોતે અંદર ગએઓ.

આ જગા કોઈબી સાધારણ માણસને મનસે દોજખ સરખી હતી. અંધારાં ગારની વચે મુડદાંને દાટેલું છે એવા વીચારથી બીજાઓને બહુ ધાસતી પેદા થાએ, પણ તેહેમતનની સરવે ધાસતી મરી ગઈ હતી અને તે પોતેબી મરી જવાની તઈઆરીમાં હતો, માટે તે બેધરક ઠેઠ તેમીનાની લાસ આગલ જઈ લાગો તાંહાં છેક અંદરથી જાહાડોના છાંએઆ તલે બતી હતી અને તે જગોએ તેમીનાને દાટેલી હતી.

તેહેમતને જોસ ભરીઆ દીલથી તેમીનાના મુડદાંની પેટીને સલાંમ કીધી. તે ખુન ઉપર ચહડેલો હતો માટે આસપાસની મટોડીને ખણી કાહાડી તથા પોતાની સાથ રાખેલાં એક હથીઆર વડે તેમીનાંની પેટીને ફોડી નાંખી.

પણ હા !—તે તેમીનાનાં રોશન દીદાર ઉપર બોસો લીએ તેવામાંજ તેને એક મોટી બુમ સંભલાઈ ! તે કોણની બુમ હતી ? તેમીનાંનીતો નહીજ, તારે શું કોઈ ભુત હતો. દુરથી અંધારામાં કોઈ આકાર આગલ આવતાં જણાએઓ. તે દોડતો હતો, તેનો ચેહેરો ખુની દીસતો હતો, તે નજદીક આવીઓ અને એકદમ તેહેમતનના આંગ ઉપર ધસીઓ.

તેતો પેલો અમીરજાદો શાહાપુર હતો, જે ખુશનોમાં બાંનું સાથ પરણવાની ઉમેદમાં તે નીસફલ થએઓ તે બાંનુની લાસનો ફરીથી સેજદો કરવા તથા તેનાં મુડદાંને ફુલોથી વધાવી લેવા માંટે શાહાપુર આ એકાંત વખતે અને એકાંત જગોએ અગાઉથી આવેલો હતો. તેહેમતનને જોઈને તે છુપાઈ ગએઓ હતો પણ જારે તેહેમતને તેમીનાનાં નાંજુક બદનને ખોલું કીધું તારે તેનો ગુસો ઠોકીઓ નહી. તેને ઈઆદ આવીઉં કે એતો તેમીનાનાં બાપનાં દુશમનનો દીકરોછે, "અને જાંહાંછે તાંહાં તે આ જગોએ તેમીનાની લાસને બેઆબરૂ કરવા આવીઓછે." માંટે તેહેમતનને બોચીમાથી પકડીને તે બોલીઓ કે—"ઓ નાંપાક ! શું તું તારો કીનો મોહોત પછે બી લેવા માગેછે ? ચંડાલ મેં તુને પકડીઓછે વાસતે મને તાબે થા અને મારી સાથે ચાલ. તારૂં મોહોત તુંને આજ ઘેરેછે."

તેહેમતન જે છેકજ નીરાસ થએલો હતો તે ધીરજથી બોલીઓ કે—"હા ભાઈ, તું કેહેછે તે ખરૂંછે. મને મોહોતે ઘેરેલોછે, અને હું મરવાને વાસતેજ હીઆં આવેલો છઉં, પણ સાથે તું શા વાસતે મરવા માંગેછે ? જા, છોકરા જા—તું તારે મારગે જા. મને મારા પોતાના જીવ ઉપર દએઆ નથી, પણ તારા જીવ ઉપર દએઆ લાગેછે, વાસતે તું ઘર જા અને ખોદા પાસ દુવા માંગ કે એક ઘેલાએ તારો જીવ બચાવીઓ "

પણ શાહાપુર ઠેકાણે આવીઓ નહી. તે તેહેમતન સાથ લડવા લાગો અને અંતે તે નોજવાંન તેહેમતનને હાથ મારીઓ ગએઓ, પણ પછે તેહેમતનબી જાજે વાર જીવીઓ નહી. તેણે શાહાપુરને ઓલખીઓ. તેણે વી

ચારીઉં કે "એ બીચારોબી તેમીનાંને ખાતરજ સુવેછે એને મારા તથા એનાં કપાલનાં લેખ એકજછે." એમ અંદેશો કરતો તે તેમીનાંની પાસે ગએઓ.

તેમીનાંનાં રોશન ચેહેરાને તાજે ને તાજો સુતેલો જોઈ તેહેમતનની છાતી ઉભાઈ આવી. તે મોટેથી ફોક મેલીને રડીઓ કે "ઓ મારી આંશુક, મારી બાંનુ, મારા જીવ, જે મોહોતે તારી છાતીનું મધ ચુસી લીધુછે તેનુંબી કુવત તારી ખુબસુરતી આગલ ટકી શકીઉં નથી. તું હજુર આટલી શુંદર રહીને દીપેછે, એ ઉપરથી મોહોત નહીં પણ તું જીતીછે. ખુબસુરતીની ધજા તારા કીરમજી હોટ અને ગોલાબી ગાલ ઉપરછે, પણ મોહોતનો શીહા વાવટો તાંહાંવેર આવીઓ નથી. ઓ પીઆરી તેમીનાં! તું એટલી મનમોવન સાઆરે રહીછે? શું મોહોતે તુંને આશુક કરી રાખીછે? શું તું મારી વાત જોતી સુતીછે? પણ ઓ માહાતાબ, હું હવે તુને છોડશ નહી. આ શીહા જગામાંથી હવે હું ખીશશ નહી. ઓ આંખ! આ ચેહેરાને છેલીવાર જોઈ લેવો. ઓ હાથ, આ બદનને છેલી કોટી કરી લેવો! ઓ હોટ! આ શુંદર રોખશારા ઉપર છેલો છાપ મારી લેઓ." આવી રીતે તેહેમતન બોલતો ગએઓ અને તેમીનાંને ચુંમીઓ લેતો ગએઓ, જે પછે અંતે થાકીને તેણે પોતાનાં ગજવામાંથી જેહેરની સીસી કાહાડી અને તે પી જઈને પોતાનો વાહાલો પરાંણ એકદમ બરબાદ કરી નાંખીઓ.

આ અંધારી જગો ઉપર તરણ જવાંન જીવડાઓ મોહોતનાં ભોગ થઈ તાહાડ અને થાંથરમાં કેટલોક વખત સુધી પડી રહેઆ એ દેખાવ કોણથી જોવાતે? પણ અફસોસ! પેલો નાઈક ગોદરજ પોતાનાં બુઢાપાનાં વખતમાં આ કમકમાટ ભરેલો દેખાવ પોતાની આંખોને દેખાડવા સારૂજ ગોએઆ જીવીઓ હતો.

તેમીનાંને બેશુધ થવાને ચાલીસ કલાક પુરા થવા આવીઆ માંરે તે બીચારીને જગાડવા સારૂં એ પીરમરદ આ ભએંકાર જગામાં દાખલ થએઓ તેનાં એક હાથમાં બતી અને બીજા હાથમાં કોરાડી હતી. દરવાજાની આગલજ તેહેમતનનો ચાકર ઉભેલો જણાએઓ. શાહાપુરનો ચાકરબી તે રાતનાં તાંહાં આવેલો હતો, પણ પોતાનાં શેઠને તેહેમતન સાથ મારામારી કરતાં જોઈ તે પાદશાહાને ખબર કરવા ગએઓ હતો. ગોદરજને ધાસતી પેડી કે તેહેમતન અંદર સું કરતો હશે? તે ઉતાવલ કરતો અંદર ગએઓ પણ તાંહાંતો સંધુ સમસાંન હતું. તેણે બુમ [illegible]ાડી [illegible] કોઈએ સાથ આપીઓ નહી, તે ધભરાટમાં [illegible] હતો તેવામાં તેને ઠોકર લાગી અને તે [illegible]ંન મુદડાં ઉપર લગભગ તુટી પડીઓ. આ [illegible] જબર ચોંકીઓ, પણ હીમત રાખીને જોએઉં તો [illegible]પુરની લાસ માલમ પડી. [illegible] પાસે તેહેમતન સુએલ[illegible] હતો અને તેનાં હાથમાં જેહેરની સીસી હતી. આ સઘલું જોઇને ગોદરજ તોબા તોબા અને અફસોસ કરવા લાગો, પણ થોડાંક વારમાં તેઓને મેલીને તે તુરત તેમીનાં આગલ ગએઓ. તેમીનાંનો દમ તે વખતે ચાલુ થએલો હો[illegible]તો. તે આસતે આસતે હીલી અને પછે ગોદરજની મદદથી ઉઠી ઉભી થઈ વાત કરવા લાગી.

ઉઠતાંને વાર તેમીનાં ગોદરજને પગે લાગી અને પુછવા લાગી કે તેહેમતન કાંહાંછે, પણ એજ વખતે વલી મોટો ઘોંગાટ સંભલાએઓ. સવારો અને સીપાઈઓની દોડાદોડનો અવાજ આવવા લાગો, માંરે ગોદરજે તેમીનાંને એટલુંજ કહીઉં કે "તેમીનાં હમણાંતો તું ચાલ, ઉતાવલ કર. કોઈ હીંઆં આવેછે." પણ તેમીનાએ માંનીઉં નહી, તે પુછવા લાગી કે "મારો તેહેમતન કાંહાંછે? જેથી ગોદરજને અંતે કહેવાની ફરજ પડી કે "તેમીનાં બધુ સુલટાંનું ઉલટું થએઉંછે. તું જીવતી રહીછે અને તેહેમતન મરી ગએઓછે, પણ હમણા વાત કરવાનો વખત નથી—તું જલદી ચાલ."

તેમીનાતો આ ખબરથી ગોએઆ પાછી બેસુધ થઈ. તેના મગજે ચકરી આવી. ગોદરજની સાથે જવાને તેણે નાં પાડીઉં, તેણે કહેઉં કે "હુંતો હીઆંની હીઆંજ મરશ" જેથી ગોદરજ આસપાસની ગડમડ જોઈને તેમીનાને મેલીને નાચારીથી જતો રહેઓ. તેમીના તેહેમતનની પાસે ગઈ. તેને મુવેલો જોઈને ગમ કરવાની હવે તેની વારી આવી, પણ તેનાથી જાન્નેવાર થોભાએઉં નહી, તેતો મરવાજ માંગતી હતી પણ મોહોત પોતાની મેલે આવીઉં નહી. તેનાં નાંજુક બદનને ધીરજ આપનાર કોઈ રહેઉં નહી. તેનાં કુમલા હાથને પોતાનાં જીવનું ખુન કરતાં કોઈએ અટકાવીઆ નહી. પાસેજ એક ખંજર પહેલું હતું, જેણે તે પોતાની છાતીમાં ભોકીઉં અને પોતાના વાહાલા ભરથારની છાતી ઉપર માથું નાખીને ઠંડી થઈ ગઈ.

હવે હીંઆં ગડબડ થવાથી મોટી દોડાદોડ અને બીડાબીડ થઈ પડી. સરકારના માણસો તલાસ કરવા ભેગાં થએઆં. શીઆવખશ અને શીઆંમક ઉમરાવો પોતાની ઉંઘમાંથી ઉઠી આવીઆ. પાદશાહા પોતેબી તાંહાં આવીઓ. કોઈ તેહેમતનના ખીદમતગારને પકડી લાવીઉં અને કોઈ રસતે જતાં બુઢા ગોદરજને પકડી લાવીઉં તથા પાદશાહા અચરત થઈને આસપાસ પુછવા લાગો કે આ "બનાવ શી રીતે બનીઓ? એકને બદલે તરણ તરણ મોહોત કેમ થએઆં? દેશનીકાલ તેહેમતન હીંઆં કેમ આવીઓ અને મુએલી તેહેમીના બાહેર કેમ નીકલી?"

અલબતાં આ કમકમાટ ભરેલાં ખુનો વીશે નાઈક ગોદરજ જેટલું જાણતો હતો તેટલું બાજું કોઈ નહી જાણતું, માટે ગોદરજે રડતી આંખે તથા દસકાં ખાતી છાતીએ સઘલો હેવાલ માંડીને પેહેલે ધરથી કહી સંભલાવીઓ. તેહેમતન અને તેહેમીના વચે કેટલો પીઆર હતો, પણ માબાપના કજીઆને લીધે તેઓ તે પીઆરને કેવા છુપાવતાં હતાં, તાર પછે તેઓ કેમ પરણીઆં અને વલી એ માહાબુરા કજીઆને લીધે કેમ છુટાં પડીઆં, તે પછે તેહેમીના શાહાપુર સાથ પરણવાને કેટલી નાખુશ હતી અને તે બીજ લગણ અટકાવાને તેણે કેવા કાલાવાલા કીધા હતા, જે ઉપરથી ગોદરજે તેને કેવી દવા આપી હતી અને તેહેમતનને તેડી મંગાવી તેમીનાને સોંપવા ધારી હતી, પણ તેનો કાગજ તેહેમતનને કેમ નહી પુંગો અને તેથી તે કેટલો ની

સફલ થએઓ, તોબી તે તેમીનાને ફેવો તુરત જગાડવા આવીઓ અને તાંહાં તેહેમતન આગમચથી આવીને મરી ગએલો જણાએઓ તે સઘલું વીસતારીને ગોદરેજે કહી સંભલાવીઉં.


એ ઉપરથી તથા તેહેમતન અને શાહાપુરના ચાકરો ની શાખસી ઉપરથી, અને વલી તેહેમતનના ચાકરે પોતા ના શેઠનો જે કાગજ રજુ કીધો તે ઉપરથી સઘલો ખરો ખો લાસો થએઓ, જે સાંભલીને પાદશાહા અને તેહેમતન તથા તેહેમીનાના મા બાપ તથા બીજાં સરવે જણ અચરતી થી દંગ થઈ જઈને હાએ અને અફસોસ કરવા લાગાં.

છેલે પાદશાહા બોલીઓ કે—

"ઓ કમબખત ! મા બાપો ! હવે તમારૂં રૂદન અને પીટણી શું કાંમ લાગશે ? અફસોસ કે તમો લોકોને આગમચથી સારી સુજ નહી આવી અને તમે સલાહા નહી કીધી. તમો લોકે નાપાક કજીઓ જારી રાખીઓ અને તેમાં તમે ખુવાર થએઆં તથા આ પરમાણે તમારાં એકના એક ફરજંદોને તમે ખુવાર કીધાં. તમેજ વીચાર કરો કે જો તમારી વચે સલાહા હતેતો આ તેહેમતન અને તેમીનાને પોતાની મોહોબત છુપાવાની જરૂર પડતે નહી પણ માટી અને બઈએરનું સુખ તેઓ આશાનીથી ભોગવતે તથા તેઓ કેટલાં સુખી થતે, પણ તમારા નાપાક કજીઆને લીધે એઓ સંધું છુપાછુપ રાખવા જતાં ફસી પડીઆંછે. વલી બુટા શીઆવખશ, તેં તારી દીકરીને તેની મરજી ઉપરાંત પરણાવા માંગી એબી તારી તકસીર થઈછે અને એબી આ ખુનોનું કારણછે. તારી અકલ એટલી કેમ ગુમ થઈ કે લગણ સરખાં કાંમમાં બચાંની મરજી પુછવાને બદલે તું તારી પોતાની મરજી પરમાણે ચાલવા ગએઓ ? હવે ફરીથી એવી ચાલ ના ચલાવતા. ફરીથી એવો કજીઓ ના રાખતા. કજીઓ ખરાબી અને ખુન કરાવેછે. કજીઓ ઘર અને સંસારનું સુખ લુટેછે, તથા ખાંનુંખરાબ.અને સતીઆનાસ વાલેછે. વાસતે ઓ ખોદા ! સરવેના ઘરમાંથી કજીઆનું મોહોડું કાલું કરજે અને મા બાપો પોતાના બચાં તથા કુટુંબ પરીવારને સારી રીતથી રાખે એવી તેઓને એદાએત બખશે"

આટલી બધી હોકર ખાઈને શીઆવખશ તથા શીઆમક ઉમરાવોએ સલાહા કીધી. એ કમબખતોને કાંઈ સારૂં સુજીઉં નહી. માતર પઈસાની હરીફાઈ અને ચહડા ચહડીને ખાતર તેઓએ પોતા વચે વેર વસાવી આવી ફેજને પાંમીઆં. તેહેમતનની મા પોતાનાં દીકરાનાં દેશનીકાલ થવા પછે માહેતમમાંજ મુઈ હતી તેહેમતન પોતે જીવથી ગએઓ. તેમીનાં બીચારી તુટેલાં દીલથી ઠેકાણે પડી અને જારે એટલું થએઉં તારે ઉપલા વેરી કબીલાઓમાથી નાપાક કજીઆએ કાલું મોહોડું કીધું.

## કસરતશાલા.



કસરતશાલા એબી એક જાતની નીશાલ છે. જેમ બીજી શાલાઓમાં છોકરાઓ કેલવણી લેવા જાએછે તેમ કસરત શાલામાંબી જાએછે. જેમ બીજી નીશાલોમાં શીખશકો અને તેમનાં હાથ હેઠલ ઊપશીખસકો રાખેલા હોએછે તેમ આ નીશાલ મધે પણ હોએ છે. જેમ બીજી નીશાલોમાં છોકરાઓને પેહેલાં થોડું અને પછે દાહાડ જોએ તેમ તેઓની કાએનાત મુવાફેક તેઓને વધતું શીખાડીઆમાં આવેછે તેમ કસરતશાલાઓમાંબી પચતી પચતી કેલવણી અપાએછે. જેમ બીજી નીશાલોમાં છોકરાઓને ઊતેજણ આપવા માંટે દર વરસે તેમની પરીખશા લઈ તેમને ઈનાંમો આપવામાં આવેછે તેમ કસરત શાલામાં પણ શીખનારાઓને ચાંન અને ચોપડીઓનાં ઈનાંમો મલેછે એવી કસરતશાલાઓ વેલાતમાં પુશકલછે. મુંબઈમા ધોબીતલાવ આગલ મેદાંનને નાંકે એક મોટી કસરતશાલાછે, તેમાં છોકરાઓને મોકલવા વીગેની જાહેર ખબર દર માસે આ ચોપાંનીઆનાં પુઠાં ઊપર છપાએછે. તેનું એક ચીતર હમે ઊપર આપીઊં છે જેમાં ફરક માંતર એટલોજછે કે મજકુર કસરતશાલા મધે આપણાં દેશી લોકોનાં છોકરાઓ જાએછે અને આ ચીતરમાં સરવે ઈંગરેજ બચાંઓને પારીઆંછે.

પણ આ ચીતર જોતાં વારજ કેટલીક વાંચ

નારી બાનુઓ કદાચ અચરત થશે કે એવી એક જગાને હમે નીશાલનુ નાંમ શી રીતે આપીએ છઇએ? એમાં છોકરાઓ કાંહાં શીખેછે? ઊલટા તેઓતો રમવા અને મસતી કરવા પડીઆછે. કોઈ એકેક સાથ મરાએછે, એકે બીજાને પોતાની ખાંધ ઊપર ચહડાવીઓછે, કેટલાએકો લાતે લાતે દડો ગગડાવેછે, કોઈ હીંજ ખાએછે, કોઇ ટીંગાએછે, અને વલી કોઈતો સુલેમાન.સાટકાની મીશાલ ઊંચા લાકડાં ઊપર એવી રીતે ચહડી બેઠાછે કે જો જરા આચકો લાગેતો લાગલા નીચે આવે અને.હાડકાં પાસરાં ખરખર દરખર થઈ જાએ. એવા મસતીખોર છોકરાઓની આ જગાછે અને વાંચનારાંઓ પુછશે કે વલી તેને હમે નીશાલ સાંની કહીએ છઈએ? નીશાલમાં રમવાનું હોએ કે શીખવાનું હોએ વારૂં?

આ સવાલોના હમે ટુકમા જવાબ આપીએ છઈએ. કશરતશાલામાં છોકરાઓ માંતર રમવા જાએછે એ હમે કબુલ કરીએ છઈએ, પણ તેટલા માંટે એને નીશાલ નહી કેહવી જોઈએ એમ નથી. કાંઈબી શીખવું એ કેલવણીછે. કસરતશાલામાં રમત શીખવેછે, માંટે તેબી કેલવણીજ થઈ. તાંહાં છોકરાઓ રમ[…]ના જાએ, છુકા છુકી રમે, અથવા કુસતીને માંટે અછા[…]

કમકમાં
રૂજ ગોએછાર કરે એતો ઘણુ સારૂં. છોકરાઓને રમત ઘ
તેમીનાંને નીછે. બચાં રમવાથી તંદરોસત રેહેછે. એ
વીઆ માંટે તે બાપેર.મારગી, માદું બચું જે કુજરાં અને
આ ભએંકાર જગામાં દાખલ થાલ એક એક સાથ બેલાએ ન
માં બતી અને બીજા હાથમાં કાળ્યથવા કાંઈ ઢોંગ ધતુરા ક
આગલજ તેહેમતનનો ચાકર ઉભેલો જણાઅ્યા રે વાલો, જહ
રનો ચાકરબી તે રાતનાં તાંહાં આવેલો હતો, પણ પોતા[…]
શેઠને તેહેમતન સાથ મારામારી કરતાં જોઈ તે પાદ
શાહાને ખબર કરવા ગએઓ હતો. ગોદરજને ધાસ
તી પેઠી કે તેહેમતન અંદર સું કરતો હશે! તે ઉ
તાવલ કરતો અંદર ગએઓ પણ તાંહાંતો સંધુ સમસાંન
હતું. તેણે બુમ.પાડી પણ કોઈએ સાથ આપીઓ નહી,
તે ધબરાટમાં [...] જતો હતો તેવામાં તેને ઠોકર
લાગી અને તે [...] જુવાંન મુડદાં ઉપર લગભગ તુ
ટી પડીઓ. આ [...] તે જબર ચોંકીઓ, પણ હીમ
ત રાખીને જોએઉં તો [...] પુરની લાસ માલમ પડી.
તેનીજ પાસે તેહેમતન મુએલો [...] હતો અને તેનાં હા
થમાં જેહેરની સીસી હતી. આ સધલું જોઇને ગોદરજ
તોબા તોબા અને અફસોસ [...] ગો, પણ થોડાંક વાર
માં તેઓને મેલાને તે તુરત તેમાં [...] ગલ ગએઓ. તે
મીનાંનો દમ તે વખતે આઉ થઈ ગએો નો. તે આસતે

નહી પડે—પણ તેમ નથી. કસરતશાલામાં છોકરાઓને કેટલીક રમતો શીખાડવામાં આવેછે ખરી, પણ તે માંતર રમતનાં શોખને ખાતર નથી શીખાડતા. કેટલીક રમતો એવી હોએછે કે જે દરએક માંણસ જાતને જાંણવી જરૂરનીછે. તેથી તે હીઆં શીખાડવામાં આવેછે. કસરત તેજ કેલવણીછે અને એ બેહુનો અરથ એ થાએછે કે હરએક ચીજનો માહાવેરો પાડવો. બચાંઓ વાંચવા લખવાનું શીખેછે એ મનને કસરત આપેલી કેહેવાએછે. બચાંઓ રમવા શીખે એ તંનને કસરત આપેલી કેહેવાઈ. હવે જેમ મંનની કસરત જરૂરનીછે તેમજ તંનનીબીછે. કાંએકે મગજને કેલવણી આપીને હોસીઆર તથા ચપલ રાખીએ અને શરીરને કેલવણી નહી આપીને તેને દુરબલ રેહેવા દઈએ એ ઘણું ખોટુંછે.

વાંચનારી બેહેનો જાંણેછે કે જોર અથવા કુવત માણસની જીંદગીને જરૂરનુંછે. જોરાવર આદમી નબલા આદમી કરતાં વધારે વરસ જીવેછે. નાપાક દરદો અથવા રોગો નબલાં માંણસ ઊપર તુરત તરાપ માંરેછે પણ જોરાવર ઊપર ફાવતા નથી. તેજ પરમાંણે વલી જોરાવર માંણસથી દુનીઆંમાં ઘણું કાંમ થાએછે. દુખીને તે મદદ આપી શકેછે, નાચારોને બચાવી શકેછે, ફસેલાઓને સાહે થાએછે ઈતીઆદી. એક નબલા આદમીથી એ સઘલું બનતું નથી. વલી એક જોરાવર આદમીને ફીકર ચીંતા થોડી રેહેછે. જો કોઇ દુશમન હોમલો કરે, જો કોઈ ચોર લુટવા આવે, જો કોઈ ખુની જીવ લેવા આવે તો તે પોતાનો બચાવ કરી શકેછે. એક જોરાવર આદમી જો કાંઈ શંકટ આ[…]

[…]ટકી શકેછે, જાંણે તે દરીઆમાં પડીએ
અને મુએલી તેહેમીના આવડવાથી તે બચેછે, જાણે કોઈ દુશ
અલબતાં આ કમક
દરજ જેટલું જાણતો હતો તેતો સવારી કરતાં આવડવાથી થા
તું, માટે ગોદરજે રડતી આંખે જાઅછે, જાણે કે ઘરમાં આગ લા
એ સઘલો હેવાલ માંડીને પેરૂ બલી ગએઆ હોએતો દોરાં
તેહેમતન અને તેહેમીના વચે
બાપના કજીઆને લીધે તએ[…]વાનો માહાવેરો હોવાથી તે બારો
હતાં, તારૂ પછે તેઓ કેમ, જાંણેકે કોઈ ઢુછો તેને વલગી પડેતો
ખુરા કજીઆને લીધે કેમ ફેંકવાથી તેને જમીન દોસત કરી શકેછે
શાહાપુર સાથ.પરણવાને
જં લગણ અટકાવાને તએ ઘોડાટમાં બેસીને જવું પડેતો હોય ખાવા
ઉપરથી ગોદરેજ તેને કેદ તેને જાજી ઓકારી લાગતી નથી
નને તેડી મંગાવી તેમાં તે જોરાવર આદમી નબલાં કરતાં વધારે
ફાગજ તેહેમતનને કેમ

હવે કસરતશાલા છોકરાઓને જોરાવર તથા તંદરોસત કરવા માંટે સથાપીછે. તેમાં બચાંના બદનને ચોકસ કશરી અથવા મેહેનત આપવામાં આવેછે, જેથી તે બચાંના હાડકાં શખત થાએછે. એ મેહેનત એવી રીતે આપવી પડેછે કે તે બચાં કંટાલી નહી જાએ, પણ ઓર હોંસથી વધારે મેહેનત કેરે. એટલા માંટે ઊપલાં ચીતરમાં દેખાડીઆ પરમાંણે રમુજી મેહેનત કરાવામાં આવેછે. તેથી તેઓને ગમત લાગેછે અને હાડકાં કસવાની ધારેલી મતલબ પાર પડેછે. એ ઊપરાંત તેઓને પોતાના અથવા બીજાઓનાં જીવ બચાવાની કલા અને હીકમતો શીખાડવામાં આવેછે. એ સંધી મેહેનત તેઓ હસી બોલીને કરેછે અને તેથી પરીનાંમ એ નીપજેછે કે તેઓ જોરાવર થાએછે; તેઓના બદન સંગીન અને હાડકાં કઠણ થાએછે, તેઓનાં હાથ પગ ખરતલ અને શોખ થાએછે, તેઓની છાતી અને ગોટલાં ખીલીને મજબુત બનેછે. એમ થવાથી પછે તેઓને મેહેનત કરવાની ટેવ પડેછે, જો મેહેનત થાએતો તેઓ થાકી જતા નથી અથવા આજારી પડતા નથી, જારે શંકટ આવી પડે તારે તેઓ બીહીધુજી રેહેતા નથી, પણ તેઓ હીમતવાંન થાએછે અને તેઓનુ જોર તે વખતે કાંમ લાગેછે.

પીઆરી બાનુંઓ, આ અગતની બાબદમાં લખવાનુંતો ઘણુંછે પણ વધુ શી રીતે લખીએ. તમુને હમારી એજ અરજછે કે મેદાંનને નાકે જે કસરતશાલા છે, તેમાં દરરોજ સાંજનાં ૧૦૦ થી વધુ છોકરાઓ પોતાની ઇસકુલનાં કાંમથી શરેગ થવા પછે કસરત કરવા જાએછે તાંહાં જઈને તમે જુવો તો તમારી ખાતરી થશે. દરએક માતાની ફરજછે કે પોતાનાં બચાંને આ રીતની તાલીમ આપે અને તેને કુવતમંદ તથા તંદરોસત કરે. જો તે બાલક કુવતમંદ હાશેનો તેને વઈદની જરૂર નહી પડશે, અને જે માતા પોતાના બચાંને જાંણી બુજીને એવી તાલીમ નહી આપે તેને તે બચાંની મા નહી પણ પેલા ભવની વેરણ સમજવી.

## અંતકરણનો દંખ.

માંણસ હરેક પાંતીનો ગુનાહ કરીને વખતે સરવેની નંજરથી તે છુપાવી ભારી સજામાંથી બચી જાએછે, પણ તેનું અંતકરણ તેને છોડતું નથી. તે તેને રાત દાહાડો જેહેરી સાંપની મીસાલે દંખ મારતું રેહેછે, અને તેનાં કરેલાં કરતુકની દર પલે ઈઆદ આપી તેનાં આકેબતનાં ફલ વીશે ચેતાવતું રેહેછે, અને તેથી કરીને તે પાપીનાં મનમાંથી તેના કરતુકની ઈઆદ અને તેનાં પરીનાંમનો ભઓ જીહાંવેર તેની ઘાંટીમાં પરાંણ આવેછે તીહાંવેર વીસરાતો નથી, એવી બાબદનો એક દાખલો નીચે આપીએ છઈએ, અને તે ઊપરથી વાંચનારી બાંનુઓને માલમ પડશે કે પાપીનું મન કેવું તેને મારેછે, અને આકેબત તેની સજાએ પોંહોંચાડેછે.

એક વેલાએ એક મોટા આબરૂદાર અને દોલતવાંન જહવેરીને કાંઈ અગતના કારણસર પોતાનું ઘર છોડી થોડેક વેગલેની જગાએ જવું પડીઊં, તે પોતાની સાથે કેટલુંક કીમતી જહવેરાત, અને નાંણાંની મોટી રકમ લઇને નીકલીઓ અને પોતાનો એક ચાકર હતો તેને સાથે લીધો. તે ચાકરને તેના શેઠ પાસના જહવેરાત તથા નાંણાંની ખબર પડવાથી તે ઊપર તેની નજર બગડી તેથી બંને જણ થોડેક દુર ગઆ પછે તે ચાકરે પોતાનાં શેઠને એકદમ ઠાર કરી નાખી, તેની પાસેનું સઘલું જવેરાત તથા રોકડ લઈ મેલી, તેને ગલે એક મોટો પથર બાંધી પાસે એક મોટી પાણીની નેહેર હતી તેમાં ફેંકી દીધો.

આએ પરમાણેનું કસાઈ કરમ કરી પેલી સઘલી મતા લઇને તે ચાકર એક એવા દેશમાં નીકલી ગઓ કે જીઆં તેને તથા તેના શેઠને કોઈ ઓલખતું ન હતું. તાંહાં જઈને તેણે થોડો થોડો વેપાર કરવા માંડેઓ, કે જેમાથી તે ધીમે ધીમે વધીને સરવે લોકમાં જાણીતો તથા વગવાલો થઈ ગીઓ. તીઆરપછે તે એક સારા ખાનદાનની છોકરી સાથ પરણીઓ, અને તે શેહેરનાં રાજકારોબારમાં મોટો ભાગ લેવા લાગીઓ. એ પરમાણે રાજદરબારી કામમાં હાથ ઘાલવા પછે એક ઓધેથી બીજે ઓધે ચડતાં છેક વડા નેઆઓધીસનો ઓધો મેલવીઓ.

એ ઓધો તેને મલવા પછે તેણેએવીતો ચાલાકીથી બજાવવા લાગીઓ કે ટુક મુદતમાં તે સઘલાનો માનીતો અને મનગમતો થઇ પડીઓ. એક દાહાડે તે બીજા નેઆઓધીસો સાથ તેમના પરમુખ તરીકે બેસીને મુકરદમાઓ ચુકવતો હતો તેવામાં એક સખશને

તેની સામને ઊભો કરીને તેની ઊપર તેના શેઠને મા
રી નાખવાનો અનેઆએ મેલવામાં આવેઓ. તેની
સામેને પકી સાખશીઓ પડવાથી તેની ઊપર મેલેલો
અનેઆએ સાબેત થઓ, અને તેને જુરીએ અપરાધી
ચેડવીઓ. હવે તેને સેનટનસ આપવાનો રહેઓ તે
થી દરબાર માહેલાં સઘલાં લોક તે નેઆએધીસનાં મોહો
તરફ જોવા લાગીઆં કે જોઈએ તે તેને શું સજા ક
રેછે. તેની સાથના બીજા નેઆએ કરતાઓ પણ તે
ની તરફ જોવા લાગીઆ, કારણ કે તેઓમાં તે સઊ
થી વડો હોવાથી તેનેજ સજા કરવાનો હક હતો, પણ
પેલો નેઆએધીસ કાંઈ ગભરાટમાં પડીઓ હોએ એ
વો જણાવવા લાગીઓ, અને તેના મોડાનો રંગ બદ
લાઈ ગઓ. અંતે તેનાથી નહી ખમાવાથી તે એકદ
મ પોતાની ખુરસી ઊપરથી ઊઠાઓ, અને બેઠક ઊપ
રથી નીચે ઊતરી આવીને પેલા માકાં ભાએગના બંધ
વાની પાસે આવીને ઊભો. આએ મામલો જોઈને
આખી દરબાર મોટી અચરતીમાં પડી, પણ તેવામાં
તે તેની સાથે બેસનારા નેઆએધીસો તરફ જોઈને બો
લીઓ કે "આજ તીશ વરસ શુધી છુપાવીઆ પછે
અંતે આજે ઈશવર મને બોલાવેછે કે જે તકશીરને મા
ટે તમે આએ કમનસીબ માણસને ગુનેગાર ચેડવીઓ
છે તેનાં કરતાં હું ઓછો તકશીરવાર નથીં" એટલું
બોલીને પછે તેણે પોતાનો સઘલો હેવાલ ભર કોરટમાં
પેલા નેઆએધીસોની આગલ કહી જણાવીઓ, અને
તેમને અરજ કરી કે "ધારા પરમાણે અને નેઆએની
રીતે મને પણ ઘટતી સજા કરવી."

આએ સઘલો બનાવ જોઈને આખી કોરટ ડં
ગ થઇ ગઇ અને ભારે અચરતીમાં પડી. તેવીજ મો
ટી અચરતી પેલા નેઆએધીસોને પણ લાગી, પણ પે
લાએ આવી ગંભીરાઈથી પોતાની તકશીર કબુલ કર
વાથી ધારા પરમાણે તેને સજા કરવાની તેમને ફરજ
પડી. ઈઆને તેને ફાસીએ ચહડાવીઓ કે જેથી તે
આખરે તીશ વરસે પોતાના ગુનાહની સજાએ પોંહાં
ચીને ભારી દીલથી મરણ પામીઓ.

(લખાઇ આવેલું.)

## હીંદુઓની માહાકાલી.



આ ચીતર જોતાંવાર વાંચનારી બાંનુઓ ક
હી શકશે કે હીંદુઓના કોઈ દેવીનું એ ચીતરછે. આ
દુનીઆંમાં આપણાં ભાઇબંધ માંણસ જાતનો મોટો
ભાગ વેહેમ અને અગનાંનપણાંમાં ડુબી ગએલોછે અ
ને હીંદુઓથી તેનો એક દાખલો મલેછે. આ દેશનાં
૧૪ કરોડ માંણસો પોતાને પેદા કરનાર અને પાલ
નાર એક ખોદાને ભુલી જઈ એકથી વધારે ખોદાઓ
ને માંનવાનુ પાપ કરેછે તથા ઈશવરની પરારથના
મેલી દેવ દેવીઓ અને પતરના આકારોની પરાર
થના કરેછે. તેવા દેવ દેવીઓમાંની એક આ મા
હાકાલી નાંમનીછે. એ મુરતી દેખાવમાં અસખતાં
ભએંકાર લાગેછે. તેનાં ચાર હાથછે, જેમાંનાં એક
હાથ મધે દાતરડુ અને બીજા હાથમાં માંણસનું દે
કુંછે. તેણે ગલાંમાં માંણસનાં દોકાંઓનો હાર કરી
ને પેહેરીઓછે, તથા તે એક માણસની છાતી ઊપર ચ
ઢીને કુદેછે.

માહાકાલી દેવીનું મુખીએ મથક બંગાલ ખાતેછે. તાંહાં તેની મુખીએ આરાધનાં થાએછે અને તાંહાં એ મુરતીને અતીશએ માંન આપવામાં આવેછે. હીંદુઓની દરએક મુરતીને લગતી કાંઈને કાંઈ કથા અથવા કાંહાંની હોએછે. તે દેવ દેવીઓનાં આગલાં કોઈ પરાકરમો, જેથી લોકોએ તેઓની માણતા શરૂ કીધી હોએ, તે પરાકરમોના બેઆંન શાસતરોમાં કીધેલાં હોએછે અને તેમજ આ માહાકાલી વીશે એકથી વધારે કથાઓ કેહેવાએછે. કેહેછે કે આગલ રખતવેજ નાંમનો એક મોટો રાખશ હતો, જેનાં ઊપર કાલીએ ફતેહ મેલવવાથી તે બહુ ખુશાલીમાં આવી અને એટલીતો નાચવા લાગી કે આખી ધરતી ધ્રુજી રહી. એ ઊપરથી તેને નાંચતી અટકાવા માંટે તેનો ભરથાર સીવ નાંમનો દેવ વચે પડીઓ અને તેને નરમ પાડવાનો ઊપાએ માતર એજ રહીઓ કે જે મુદદાંઓ ઊપર તે નાંચતી હતી તે મુદદાંઓ વચે પોતે જઈને પડીઓ. જારે કાલીએ જોએઊં કે તે પોતાના ભરતાર ઊપર એ રીતે ચઢીને કુદતી હતી તારે તેને બહુ ખેદ થએઓ, જેથી ગમ કરતાં તેણે પોતાની જીભને મોહોડાંમાંથી ખેંચી કાઢીને રોડી નાંખી. એટલા માટે માહાકાલીની દરએક મુરતીને એજ હાલતમાં હાલ બનાવામાં આવેછે.

અધીઆતમ રાંમાંએણ નાંમનાં પુસતકમાં કાલીને લગતી કથા બીજી રીતે લખીછે. તે એમ કે જારે રાવણનો નાંસ કરી રાંમ પોતાને ઘર આવીઓ તારે પોતાની બાએડી સીતા આગલ પોતાની વડાઈ કરવા લાંગો. એ ઊપરથી સીતાએ હસીને કહેઊં કે "તેં દસ માંથાંવાલા રાવણને મારીઓ માટે તું એટલો ખુશી થાએછે, તારે જો હજાર માંથાંવાલા રાવણને મારેતો કેટલો હરખાએ?" એ ઊપરથી રાંમે તે રાવણનોબી નાંસ કરવા માગીઓ પણ સીતાએ કહેઊં કે "તું ઘરમાં રેહ હું જાઊં." એ વાત રામે માંની નહી અને પોતાના રાખશો, વાંનરો, તથા સીપાઈઓનું લસકર લઈ સીતાની સાથે નીકલીઓ. તેણે રાવનનું ઠેકાણુ શોધી કાહાડવા પરથમ હનુમાન દેવને મોકલીઓ, જે થોડા વારમાં જવાબ લાવીઓ અને પછે રાવણ સાથ લડાઈ ચાલી. પણ રાવનના કદ આગલ રામનું આખુ લશકરતો નાહના બચાં જેવું દીસીઊં. રાવણે માતર તરણ તીર ફેકીઆ જેમાના એક તીરથી રામનાં સઘલા વાનરો પોતાની જગામાં ઊડી ગએઆ, બીજા તીરથી સરવે રાખશો લંકાંમાં નાહાઠા, અને તરીજા તીરથી સરવે સીપાઈઓ અઈઓધીઆમાં જઈ ભરાએઆ. આ દેખાવ જોઈને રામ પોતાની હારને માંટે રડવા બેઠો, તે ઊપરથી સીતાને હસવું આવીઊં અને પછે પોતે કાલીનો અવતાર લઈ રાવણની સાંમે લડવા ગઈ. એ લડાઈ દસ વરસ ચાલી પણ અંતે શીતાએ રાવણને ટાર મારીઓ. તેથી તે હરખમાં નાચવા લાગી, જે પછે તેને મુગી રાખવા માંટે તેનો ભરથાર મુદદાંઓની વચે જઈ પડીઓ અને તેથી સીતાએ પોતાની જીભને ખેંચી કાહાડી.


કાલીની ઊતપંતી વીશે આવી આવી કથાઓને હીંદુ લોકો માનેછે તે ઊપરથી તેઓનાં વેહમ અને મુરખાઈ માલંમ પડી આવેછે. પણ એ મુરતીને લગતી કીરીઆ એથીબી વધારે વેહમ ભરેલી અને દુખ ધરવા જોગછે. કાલી એ દુરગા નામના મોટા દેવનો એક અવતાર ગણાએછે અને દુરગાને હીંદુઓ મોટું માન આપેછે. કાલીને લગતી મોટી કીરીઆ તેની આગલ ભોગ આપવાનીછે. કાલીકા પુરાણ નામના એક શાસતરમાં લખીઊંછે કે કાલી આગલ જો એક વાઘને કાપીઓ હોએતો તેના લોહીથી કાલી ૧૦૦ વરસ સુધી સુખી રેહેછે, તથા સંહી, સાબર અથવા માણસના લોહીથી કાલી ૧૦૦૦ વરસ સુધી રાજી રેહેછે, પણ વલી તરણ માણસોનો ભોગ આપીઓ હોએતો કાલી ૧ લાખ વરસ સુધી ખુશી થાએછે! એક માણસ પોતાનું લોહી કાઢીને અથવા પોતાનું ગોસત કાપીને કાલીને ભેટ કરે એ મોટું સવાબ ગણાએછે. એક માણસ પોતાના સરીરને કાલીની આગલ કાકડાથી કરીને બાલે એબી તેને ખુશી કરનારૂં ગણાએછે. ચોર લોકો ચોરી કરવા જવા અગાઊ કાલીની પરારધના કરેછે, તથા પોતાના હથીઆરો તેની સાંમે રજુ કરી એ દેવીના આસીરવાદ માંગેછે. આ દેવીની માણતા પછવાડે કેટલાક વેહમી હીંદુઓ મોટો ખરચ કરેછે અને તેબી કેટલો? લખો રૂપીઆનો. તેઓ દેવીને સુના રૂપાંના દાગીણા અને હીરા મોતીના હાર પેહેરાવેછે, તેઓ તેની આગલ બરાંહમણોને જમાડેછે તથા પશુ જાણવરોને મારી નાખી તેમનો ભોગ આપેછે.

વાંચનારી બાંનુઓ, આ કેટલો બધો વેહમ!

આવીઆ કીધાછે. એ સરવેથી ખોલું પુરવાર થાએ છે કે ધુમકેતુઓનેબી ખોદાતાલાએ પોતાના બલવાંન હાથથી કાએદામાં રાખીઆછે.

વીદીઆની મંદદથી એવી ગણતરી કરી નોથી રાખેલા આસરે બસો ધુમકેતુઓછે, જેઓ વારાફરતી દુનીઆંની મુલાકાત કરી ગએલાછે. તે ઊપરાંત ઓલખાએલા નહી એવા સઘલા મલીને આસરે એક લાખથી વધારે ધુમકેતુઓ હશે એવું ધારવામાં આવેછે. પણ શુરજની આસપાસ ગરેહઓની મીશાલ તેઓ ગોલ ઘેરાવામાં ફરતા નથી. તેઓની ગતી કેવી તદન જુદી જછે, તે ગએઆ માસ જુનનાં સ્રી બોધ મધે સુરીઅ મંડલનુ જે ચીતર આપીઊં છે તે ઊપરથી જોવામાં આવશે. તેમાં એક ધુમકેતુને સુરજ તરફ આવતો પાડેલોછે. તેમાં દેખાડવા મુજબ ધુમકેતુ કોઈવાર ફરતાં ફરતાં સુરજની છેક નજદીક આવેછે અને કોઈવાર સુરજને મેલીને છેક સઊથી વેગલા ગરેહથીબી અતીશએ દુર જતો રેહેછે.

તપાસ કરતાં ધુમકેતુ એક જહલકતા તારા સરખો દેખાએછે, પણ તેની આસપાસ વાદલ સરખી કોઈ પરવાહી ચીજમા તેને લપેટીઓ હાએ તેવો દીસેછે અને તેને એક છેડેથી લાંબી પુછડી દેખાએછે. એ વીશે વીદવાનો તરેહવાર અટકલ કરેછે. ઘણાખરા એવું કેહે ~ કે ધુમકેતુ આરપાર દેખાએ એવોછે. સને ૧૮૨૭ ધુમકેતુ ધરતી અને સુરજની વચ્ચે આવીઓ હલીને સ~ ~ંઈ ગરહણ થએઊં નહી હતું, અથવા ધજારે રાવણનો ના~ ~ ઊપર છાએઓ પડીઓ નહી હતારે પોતાની બાએડી સ~ ~ સરખા દીસેછે અને પુછડી કરવા લાગો. એ ઊપરથી ~ ~ એવું લાગતું નથી. એ "તં દસ માંથાંવાલા રાવણને મ~ ~ વાર આવી જાએછે ખુશી થાએછે, તારે જો હજાર માં~ થતુ જાએછે જાં મારેતો કેટલો હરખાએ ?" એ ઊપ~ ~ ન નાખુદબી રાવણનોબી નાસ કરવા માગીઓ પણ ~ કેતુ આ કહેણ કે "તું ઘરમાં રેહે હું જાઊં." એ વ~ ~ સાથે ચે માંની નહી અને પોતાના રાખશો, વાંનરો, ત~ ~ સીપાઈઓનું લસકર લઈ સીતાની સાથે નીકલીઓ. તેણે રાવનનું ઠેકાણુ શોધી કાહાડવા પરથમ હનુમાન દેવને મોકલીઓ, જે થોડા વારમાં જવાબ લાવીઓ અને પછે રાવણ સાથ લડાઈ ચાલી. પણ રાવનના કદ આંગલ રામનું આખુ લશકરતો નાહાના બચાં જેવું દીસીઊં. રાવણે માતર તરણ તીર ફેકીઆ જેમા



થી બનેલુંછે એતો ચોકશછે, કારણ કે એ પુછડાંની અંદરથી પછવાડેના બારીકમાં બારીક સીતારાઓ આરપાર દેખાએછે. પાસે જે ધુમકેતુનું ચીતર આપીઊં છે તે ધુમકેતુ સને ૧૮૧૧ મા દેખાએઓ હતો અને એ ચીતરમાં બતાવીઆ મુજબ તેનાં પુછડામાંથી દુરબીને કરી બીજા સીતારાઓ દેખાતા હતા. એ પરવાહી પદારથ શુંછે તે ચોકસ જણાતુ નથી. નામાકીત વીદવાન સર આઈઝાક નીઊટનનું એવું મત હતું કે સુરજની ગરમીથી તારા મધેથી કાંઇ બાફ નીકલેછે અને તે બાફ તારાના અકરશણ અથવા ખેચાંણને લીધે તારાને વલગી રહી તેની સાથે ચાલીઆ કરેછે. ડાકટર હામીલટન નામનાં બીજા વીદવાનનું એવું મત હતું કે જુદા જુદા ગરેહઓ ઊપરથી વીજલી ઊતપંત કરતી જે વસતુઓ હવાનાં આકારમાં ઊડી જાએછે તેઓ આ તારાની પાછલ એકઠી થઈ રેહેવાથી તેનું પુછડું બનીઊંછે અને એ તારાની મારફતે તે વસતુઓને ગરેહઓ આગલ પાછી લાવામાં આવેછે. નામાંકીત જોતીશ શાસતરી સર ઊલીઅમ હારશચલ એવો ખેઆલ કરનો હતો કે એ તારાઓ સુરીઅ મંડલના ચોકસ ઊપીઓગ ધરાવતા હશે અને કદાચ તે એમબી હાએ કે શુરજ દરપલે પોતાના પેટમાંથી રોશની અને ગરમીના આકારમાં જે કાંઇ ખોહેછે તે પુછડીઆ તારાઓની મારફતે તેને પાછુ પુરૂ પડતું હશે. આ બાબદને મથાલે જે ચીતર આપીઊછે તે ઊપરથી ધુમકેતુના પુછડાં કેવાં પોચાં બાફ સરખાં હાએછે તે બરોબર માલમ પડશે. એ ચીતર આગલા વખતમાં દેખાએલા બે નવાઈ સરખા ધુમકેતુઓનાંછે. કોઈવાર એક ધુમકેતુને એવાં વલાંણદાર, વાંકાં અને વલી બે અથવા તરણ છેડાનાંબી પુછડાં જોવામાં આવીઆંછે.


ધુમકેતુના પુછડાંની લંબાઈ ખેરેખર હેરત ભ~ લ~ અને ~ છે. વાંચનાર એ લંબાઈ કેટલી વીચારશે ? એક~ ~થ કે ચાર પાંચ ગજ લાંબુ જો એ તારાનું પુ~ મસ બરા~ ~ તે કાંઈ નાંહાંનું નહી ગણાએ. પણ ની~ રી નાખી ~ વાંચના~ જોરો. સને ૧૮૧૧ નાં જે ધુમકેતુ

આજ કરતા હતા અને લાલ લુત જેવા થતાં હતા, જે જોઈને મેહેરબાઇનું પાકી આવતું હતું અને જુનો પં થકી રૂવાંનને પસંદ આવેછે એવો વેહેમ જો મેહેરબાઈ ને નહી હોતેતો તે આ પંથકીને એક ઘડી ઊભો નહી રાખતે. દોસાદારૂ બચાંઓ ઊપર હેત રાખતા, માંટે આફરગાન કરતી વખતે છોકરાંઓ આસપાસ આવીને બેસતાં, પણ મેહેરબાઈ જો જોએતો તેમને અટકાવતી. તેણી જેવા મોબેદ ઊઠીઆ કે છોકરાંઓની તુટાતુટ ચાલતી હતી અને લોખાણ મુકવાનુ હોએ તેની અગા ઊ દેખાઇ આવે એવું તો નહી ખવાએ પણ કોઈ મલી દો તફરાવી જાએ અથવા કોઈ એકુ તરેલી માછલી ઈઆ ગરમ ગરમ કરકરીઊ લઇને ગજવામાં મેલી દી એ એતો ચાલતું હતું. કોઈવાર ખુમચામાંની મીઠાઈ છોકરાંઓનાં ચોરી જવાથી ઓછી જણાતી તો મેહેર બાઈ એમ નહી સમજતી કે તે બચાંઓનું કાંમછે, પ ણ ગોરાંણીએ ઓછુ કીધું એમ તે સમજતી અને સઘલો ટોપલો તે બીચારીને માંથે ઓલવાતો હતો.

બજાબાવાની બાજને લીધે મેહેરબાઇ માંજરી ને પડોશમાં પણ વારે ઘડીએ કજીઆ થતો હતો. તે એમકે મેહેરબાઈનાં ઘરમાં નહી પણ ઓટલાની હેઠે કુવો હતો, અને તે ધરમખાતે હોવાથી સરવે લોક તે માંથી પાંણી ભરી જતાં હતાં. સહવારના અગત ક રીને ચાકર નફરો તથા પણીઆંરીઓનો મોટો જમા વ કુવા ઊપર થતો હતો અને ગોરાણીજીબી ચોખું પાણી તાંહાંથીજ લાવતાં હતાં. પણ તે ચોખુજ હોએ તેની તપાસ કરવા માંટે મેહેરબાઈ માજરી ઓટલા ઊ પર જઇને ઊભી રેહેતી. તે પાંણીને ચોખું ગણવા ની મેહેરબાઈની રીત હસવા સરખી હતી. તે એમકે જારે ગોરાંણી પાંણી કાહાડે તારે કોઈ બીજુ સાથે પાં ણી કાહાડે નહી તોજ તે ચોખું ગણાએ, પણ જો કોઈ બીજાએબી પોતાની તામરી કે દોરડુ ગોરાંણીની સા થે ખેંચીઊતો બસ ગોરાંણીનું પાણી અપવીતર થએ ઊં! એ પાંણી પવીતર કે અપવીતર થવાનો બીજા ઓનાં ખુદ તાંમરી દોરડાં ઊપર નહી, પણ તેમને ગોરાંણીની સાથે ખેચવા ઊપર આધાર ગણાતો હતો. દરએક તાંમરી ખેંચતાં મેહેરબાઈ બુમ મારતી કે "અરે, જરા રાખો રાખો." જો કોઈ ભલાં માણસ હોએતો ગોરાં ણી પાંણી ભરે તેટલોવાર ઊભાં રેહેતાં, પણ જો કોઈ માં થેના મલીઆં હોએતો જેમ તેમ કરીને ગોરાંણીની સાથે પાંણી કાહાડતાં. મેહેરબાઈ તેઓને પેહેલાં કાલાવાલા કરતી, પછે જરા મોટેથી બોલતી અને છેલે ગાલો દેતી, પણ જો ચાકરીઆ પાંણી ભરવા આવીઆ હોએતો મેહેરબાઈને સાંમી ગાલો દેતા હતા. તેઓનું ચાકી જતું હતું, કેમકે મેહેરબાઈ કાંઇ એ એકુ બે તાંમરી "ચોખું" પાંણી કહડાવતી નહી હતી, પણ મોટે હાંડો ભરીને પાંણી મંગાવતી, કેમકે મેજ ધોવા, અફરગાંન ની કરસલીમાં ભરવા, બાજના વાસણ કુસણ ધોવા, રાંધણીમાં નીપી લેવા સંધે તેને ચોખુંજ પાંણી જોઈ તું હતું.

બજાબાવાની બાજને લીધે મેહેરબાઈ માજરી ને ભરબાહુતોમાંથી પંચાતી થતી હતી. મહીનાંનાં ઘણાખરા સઘલા દીવસો ઊપર મેહેરબાઈની ખર કીમાં અબડાએલી ઓરતો બેસતી હતી અને દોસા દારૂ દરરોજ અગીઆરીમાં જે બાજ લઈને જાએ તે વખતે તે બઈરીઓની નજર નહી પડે એટલા મા ટે મેહેરબાઈ પુરતો સંભાલ લેતી હતી. "અરકાએલાં હોએ તે નજર નાં કરતાં," "નજર ફેરવજો" હેવી બુમ મારતો મારતો જવાનો દોસાદારૂને હોકમ હતો અને જેવો દોસાદારૂ ઊતરે તથા ગલી વીટાવીને નજરથી દુર થાએ તાંહાંસુધી તે સરવે ઓરતોએ આંખ વી ચી રાખવી એમ મેહેરબાઈ તે બીચારીઓને કહેતી હતી. દોસાદારૂ દમીએલ હોવાથી પાઆ પાઆ ક લાકે એક દગલુ ભરતા હતા અને મેહેરબાઈનુ ઘેર ગ લીની બરોબર સાંમે હોવાથી આખી ગલી પસાર કી ધા વગર દોસાદારૂ નજરથી જતા નહીં હતા અને તેટલો વખત સુધી આંખ ધાંકીને પડી રેહેવું તે સ્રી ઓને ભારી લાગતું હતું. કોઈવાર મેહેરબાઈ વી ચારતી તેમ સેતાંન ચોઘડીઊં થતું અને કોઈની અ રછતી નજર પડતીતો પછે કજીઆનાં પારાવાર જો ઈ લેવો.

પણ બજાબાવાની બાજને લીધે સઊથી વધા રે કજીઓ અને બુમાબુમ મેહેરબાઈને એક બીજા સબબથી કરવી પડતી. "હેઠે ઊતર, હેઠે ઊતર, મરી ગીઆ હેઠે ઊતર" એ શબદો વારે ઘડીએ સહવારનાં પોહોરમાં મેહેરબાઈને મોહોથી સંભલાતા હતા. જો કે બજાબાવાની બાજતો છેક રાંધણીમાં થતી હતી અને રાંધણી એટલી પછવાડે હતી કે તાંહાં કોઈને ટા પી નાંખીઊં હોએતો માલંમ નહી પડે તોબી મેહેર



રૂના ઝાડના રોપા.

બાઇ માજરી કોઈબી પરગનેઆત વાલાને માલા ઊપર આવવા દેતી નહી હતી. ધરમની કીરીઆ ઊપર દુરવંદની નજર નહી પડે એટલા માટે આ રવઈઓ ચાલેલો ધારવામાં આવેછે, પણ મેહેરબાઈના ઘરમાં દુરવંદની નજર નહી પડે એવુંજ નહી પણ કોઈ પરગનેઆત સપણાંમાં પણ નહી વીચારે એવુ હોવા છતાં મેહેરબાઈ કોઈબી ગર ધાટીને ઊપર આવવા ચાહાતી નહી હતી. તેને મનસ્રે કે તેઓએ દાદર ઊપર પગ મેલીઓ એટલેજ ઘર અપવીતર થએઊ. દીવસના બીજા બધા વખત સુધી તે તેઓને આવા દેતી હતી પણ સહવારનાં કોઈ જો માર ઊપર ચહડી આવતું તો મેહેરબાઈ ગોએઆ તેને ખાઇજ જતી. જો કોઈ ઘાટી દુધવારો હોએતો "ઊતર હેઠે મરી ગીઆ મુવા, કસાલા વરતી ચહડીને આવેછે, ખાલતીસી પુછુણ પુછુણસી પર આવે કેની ? જા, જા, ખાલતી જા, મરેરે તું ઊતંરની મુવો તું કાંહાં ઘરાનો લેનારો ઘેર બેઠો પખોરી લેવા. આવીઓ" એમ મેહેરબાઈ બોલતી. જો કોઇ ફીરંગી કે મુસલમાંન ઊપર આવેતો "અરે તુમ સાફ બાસતે ઊપર ચહડીને આવીઆ. મુવા પ્રજરકે વખત આવતા તે કુચ સમજતા નહી ? હમારા સનકા દાહાડા, તારૂ સર સંદાસમાં જાએ, નીચે જા " એ ઊપરાંત મેહેરબાઈ માજરી બુમ મારતી કે "આ વાએ શું થએઊં, હેઠે અભીતી તભીતી જેવીઓ ખારલે પડીછ, ને એક એક દરવંનને જોઇને કેમ આંધરી થઈછે. લુચરે એવાં ભારૂતને મુવાં રોજ સહવારનાં પોહારમાં કોઈને કોઇને ઊપર આવા દીએછે તો હેઠેથી અટકાવતાં મોહોડાંને ભાર લાગેછ કે શું !" એ રીતે મેહેરબાઈ ગાલો દેતી પણ વીચારતી નહી કે તેઓ કદાચ અનજાંનાં હોએ, કદાચ તેઓનું ધેઆંન બીજીગમ હોએ અને તેથીએ ભ્રમમાં તે પરગનેઆત વાલો ચહડી આવે. આવી વગર કારણની ગાલોથી મેહેરબાઈને એકગમથી ભાડુતનીઓ સાથ કજીઓ થતો અને બીજીગમથી ભાડુતોનાં ચાકર નફરો અથવા કાંમકાજનાં માંણસોને ઊપર નહી આવા દીધાથી તેઓ ફફડતા અને વારેઘડીએ કજીઓ કરવા આવતા, પણ મેહેરબાઈ ખારે હુશીઆરી બઈરી હતી. તે ગાલો દેવે બાધર હતી, પણ બજાબાવાની બાજે તેનીએ બાધુરીમાં વધારો કીધો હતો.

વાંચનારી બાનુઓ મેહેરબાઈનાં સરખો વેમ, તેનાં સરખો સવભાવ, તેનાં સરખી ચાલ આપણી કેટલી બેહેનીઓ ચલાવેછે. એવી રીતે ગાંમનાં લોકોને દેખાડવા મોટો ખરચ કરી અને બુમ બરાબારી બાન્જો કરવામાં કેટલો ગેરફાએદો થાએછે ! કેટલું નાંણું ફેંકટ વેરાએછે, કેટલું વેર અને અંતર પડેછે, કેટલી ગાલાગાલી અને કજીઓ થાએછે તેનો નમેજ વીચાર કરો.

## રૂનો રોપો.

રૂ રાજાએ આપણાં વેપારીઓને નેહાલ કરી નાંખીઆછે. આપણાં બજારમાં સરવેમાં સરદાર એ રૂ રાજાછે અને તેની સાથ જેઓ સંબંધમાં હતા તેઓને તડાકા પડીઆછે તથા દોલતની રેલ તેઓને ઘર બેઠાં ચાલી આવીઆથી તેઓ તાજા થએઆછે. હીંદુસતાંનની સરવે દોલત આજને કાલતો જાંણે રૂ થઈ પડીછે. તેની ખેતીવાડી ઘણી આગલ વધારવામાં આવીછે. તેનાં પાકનાં વધારાને સારૂં સરકારે મોટો ખરચ કીધોછે. વેલાતનાં વેપારીઓ તેને માટે બહુ ઈંનતેજારી રાખેછે અને રૂનાં રોજગાર ઊપર તોહાંનાં હજારો વણકરોની રોજીનો આધારછે. તેવા વખતમાં એ ઊપીઓગી જીણસનું થોહુંક બેઆંન કરવા ધારીએ છઈએ.

પાસેનાં સફામાં રૂનાં રોપાનું એક મોટું ચીતર આપીઊંછે. તે ઊપરથી એ રોપો કેવો શુંદરછે તે વાંચનારી બેહેનીઓનાં જોવામાં આવશે. એ રોપો આપણાં દેશની હવાને એટલોતો માફક આવીઓછે કે અસલ જમાંનાંથી તેની ખેતી હીંઆં થતી આવીછે અને પરજાએ તરેહવાર રીતે તેનો ઊપીઓગ કીધોછે. તે સઘલો ઊપીઓગ પેહેરવાનાં કપડાંનો છે. એ ઊતમ જીણસની નોધ અસલી લખનારાઓ કરી ગએઆછે. ખરીસટી લોકોનાં ધરમ પુસતક વાલો મોસીસ પોતાનાં વખતનાં રૂનાં જબાઓ વીશે લખી ગએઆછે. નાંમીચો ઈઊનાંની તવારીખ લખનાર હીરાડોટસ કહેછે કે હીદુ લોકોમાં રૂનાં કપડાં ઘણાં સાધારણ હતાં. તે લખેછે કે "તેઓ પાસે એક જાતનું જાહાડછે, જેમાંથી ફ્લ ઊગવાને બદલે ઊંન ઊગેછે અને તે ઊંન મેંઢાંનાં ઊંન કરતાં વધારે નરમ અ

ને સુમારૂં છે." શીકંદરનાં વખતનો નીઅરકસ નાંમ નો લખનાર લખી ગએઓછે કે "હીંદુસતાંનનાં લોકો મોટા જભા પેહેરેછે, અને જે ચીજમાંથી તે બનેછે તે ચીજને તેઓ જાહાડ ઊપર ઊંગાડેછે." એ ઊપરાંત મીસર, બાબીલોન, અને એથેનસ ખાતે રૂના પોશાક જણાએલા હતા એવું તવારીખ ઊપરથી માલમ પડેછે.

રૂનો વેપાર આગલ વધારવાનું માંન કેટલાક લખનારાઓ મહમદ પેગાંમબરનાં ચેલાઓને આપેછે. કેહેછે કે મહમદના વારેસ ઊમરે એક વખત વાએજી કરતાં એક રૂનો જભો પેહેડીઓ હતો જે બાર ઠેકાંણે થી ફાટેલો હતો અને અલી ખલીફતનો હોધો લેવાને પેહેલે દીને જારે મસજીદમાં ગએઓ હતો તારે તેણે એક રૂનો દગલો, તથા કમરપટો અને પાઘડી પેહેરેલી હતી, અને પોતાની સપાટ તેણે હાથમાં રાખી હતી. આગલા વખતથી પુરવ તરફની સઘલી પરજાઓમા રૂનો વપરાસ હતો, પણ ઓખલા ચીનાઓ તેમાંથી બકાત દીસેછે. રૂનું જાહાડ જોકે તેઓની નજદીકનાં દેશોમાં ઊગતું તોપણ ઘણીક સદીઓ સુધી ચીનાંઓનું ધેઆંન તે તરફ ખેંચાએઊં નહી હતું. અમેરીકાખંડમાં પણ ઘણી સદી અગાઊથી રૂની બનાવટ ચાલી હતી. મેકસીકોનાં લોકો રૂનાં કપડાં, તરેહવાર આકાર અને ઢપનાં બનાવતા હતા. તેઓ રૂમાં બીજી જીણસોને ભેલીને પચરસી વણત કરતા હતા અને તેવી જીણસોમાં પીછબી હતાં. વલી સસલાંનાં પેટનાં નરમ બાલને તેઓ દોરો બનાવામાં રૂની સાથે કાંમે લેતા હતા.


દુનીઆંનાં ગરમ દેશોમાં રૂનો ઊધરભાવ સારો ચાલેછે. અમેરીકાખંડમાં, આફરીકામાં મીસર દેશ તરફ અને એસીઆમાં હીંદુસતાંન તરફ એ જીણસની ખેતીવાડી ઘણી સારી ચાલેછે. એક ઈઊરોપીઅન લખનાર બેઆંન કરેછે તે મુજબ રૂ ઘણામાં ઘણાંક ફીટની લંબાઈનાં એક જાહાડ ઊપરથી નીકલેછે. તે જાહાડ ઘણામાં ઘણું તરણ ચાર વરસ જીવેછે, પણ તેની એટલી ઊમરમાં તે જે રૂ આપેછે તે હમેસાં વણવાનાં કાંમમાં આવી શકતો નથી. ઘણાંખરાં જાહાડો વરસમાં એકજવાર રૂની પેદાએસ કરી આપેછે અને તેની ખેતીવાડીમાં ઘણો સંભાલ લેવો પડેછે. ચોખા જે માતર છ મહીનાંમાં ઊગી નીકલેછે તેટલો ઊતાવલેથી રૂનો રોપો પોતાની પેદાએસને સમપુરણ સથીતીમાં લાવી શકતો નથી. રૂની એક ખુબી એછે કે ચોખાનાં જાહાડોની હારની વચે રૂનાં જાહાડ રોપવામાં આવેછે પણ તેથી ચોખાને કાંઈ હરકત થતી નથી. ખેડુત ચોખાનાંજ ખેતરમાં તેનાં બીઆં વાવેછે પણ તેથી ચોખાની કાપણી ઈતીઆદી મંનમાંનતી ચાલેછે.

જેવા ચોખાનાં પાકને કાપી લીધો કે પછે રૂના રોપા ઊપર શુંદર પીલાં ફુલો ઊગેછે. તે ફુલની અંદરનાં દરએક દાંખલાં ઊપર એક કીરમજી રંગનું છીદર દેખાએછે જેને આંખ કરીને કેહેછે. તારપછે તેમાંથી એક લીલી સીંગ ઊગેછે, અને તે સીંગમાં કાંઈ સફેદ ગર અથવા માવાનાં તાર બની રેહેછે. એ સીંગ જેમ પાકી થાએછે તેમ કઠણ થતી જાએછે અને તેનો રંગબી ફેરવાનો જાએછે, જે પછે તેમાં પોતાની મેલે બે તરણ ભાગ થાએછે અને તેમાં રૂ રેહેછે. અમેરીકા ખાતે મારચ, એપરેલ અથવા મે મહીનાંમાં રૂનાં બીઆં વાવવામાં આવેછે અને આગસટ, સપટેમબર તથા અકટોબર મહીનાંમાં તેની સીંગ ફુટા પછે રૂ કાહાડવામાં આવેછે. રૂનું ખેતર ઘણું ખુશનુમાં દીસેછે. જારે તેમાં હારેદાર સીંગ ઊગેછે અને એકસરખાં પીલાં ફુલો દીપેછે તારે તે ઘણોજ બાહાર આપેછે.

આપણાં દેશમાં જેમ અસલ જમાનાથી રૂ ઊગેછે તેમજ રૂને વણીને કપડાં બનાવાનો હોનરબી અસલથી ચાલતો આવીઓછે. પણ કેહવાને શરમ ઊપજેછે કે રૂની ખેતીવાડીમાં નહી પણ વણતમાં વેલાત વાલાઓએ આપણને હરાવીઆછે. વણતનાં જે હથીઆરો બે હજાર વરસ ઊપર આપણી પાસે હતાં તેજ આજેબીછે, પણ વેલાતમાં નાંમીચા સાંચાઓ નીકલીઆછે અને આપણાં દેશી વણકરોનો હોનર તદન પડી ભાગોછે. તેજ પરમાણે વલી રૂની ખેતીવાડીમાં હીંદુસતાન કરતાં અમેરીકા ખંડ સરસ ઊતરીઓછે. એ ખંડમાં રૂનો પાક માતર સો બસો વરસ થએઆંજ ચાલુ થએઓ, પણ તાંહાં એટલોતો સરસ રૂ ઊગવા લાગો કે હીંદુસતાનના રૂ કરતાં તે રૂ ઈંગલંડનાં લોકોને ઘણોજ પસંદ આવીઓ. વલી અમેરીકાનાં રૂનો જથોબી ઘણો મોટો થવા લાગો. વેલાતમાં જેટલો રૂ વણાએઓ તે ઘણોખરો અમેરીકાથી આવતો હતો, અને એ રીતે જે દેશ પછવાડે રૂ ઊગાડતું તે આગલ ગએઊં અને જે દેશ આગલ હતું તે પછવાડે પડીઊંછે.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૨૪.



પેઆરાં બેહેન,

છેલો કાગજ લખીઆ પછે હું ઇટલી દેશમાં આવીઓ છઊં. આજ બે તરણ મહીનાં થએઆ હું જે દેશોમાં સફર કરૂં છઊં તે આગલા જમાંનામાં મશહુર થએલાં અને એલમ તથા હોનરોને માંટે નાંમદારી ધરાવનારાં દેશોછે અને મારી મુસાફરીમાં તેઓ સાંમરાં આવીઆથી પુરાતન જમાંનાની હકીકતો મારા ધેઆંનમાં વધારે આવવા લાગીછે. છેલો કાગજ મેં લખેઓ તારે હું પુરાતન ઈઊનાંન દેશમાં હતો. આ ઈટલી દેશબી એજ રીતે પુરાતન જમાંનાની નાંમદારી ધરાવેછે. આપણાં ટેઆંનીઓ જેવા આગલ હતા તેવા આ ઈટાલી દેશનાં લોકોનાંબી હતા, તેથી આ દેશ ફરીને જોવાની હોંશ અને ઊલટ આવેછે, પણ તેમ વધારે એટલા માંટે થાએછે કે ઈટલી દેશ આપણાં હાલનાં વતન હીંદુસતાંનનેબી ઘણી રીતે મલતું આવેછે.

જેમ હીંદુસતાંન એશીઆખંડની દખણે વચોવચમાં આવેલુછે તેમ ઈટલી દેશ યુરોપ ખંડની દખણમાંછે. એ બેહુ દેશો ડવીપકલપનાં આકારનાંછે એટલે જે એ બેહુ દેશોની તરણ બાજુએ દરીઓ ફરી વલેઓછે. એ બેહુ દેશોની ઊતરે પાહાડો આવેલાછે અને તે બંને પાહાડો દુનીઆમાં સઊથી મોટા ગણાએછે—હીંદુસતાંનની ઊતરે હીમાંલીઆ અને ઈટલીની ઊતરે આલપસ પરવતછે. એ બેહુ દેશોની દખણે પડોસમાંથી એકેક ટાપુછે, હીંદુસતાંન આગલ સીલાંન અને ઇટલી આગલ સીસીલીછે. એ બેહુ દેશોમાં નદીઓ પુશકલ અને મોટીછે. એ બેહુ દેશોમાં હવા, ગરમી અને વસતી જાત જાતનીછે. એ બેહુ દેશો આગલા વખતમાં પરખેઆત થઈ ગએલાંછે. એ બેહુ દેશોનાં રેહેવાસીઓ આગલ ઘણી સારી હાલતમાં હતા, પણ હાલ તે હાલત તદન ઊલટી થઈછે. એ રીતે ઈટલી દેશ હીંદુસતાંનને ઘણી રીતે મલતું આવેછે.

અગરજો તમે નકસા ઊપર નજર કરશોતો ઇટલીનો આકાર એક બુટનાં સરખો દેખાશે. તેની ઊતર સીવાએ તરંડે બાજુએ ભુમધીઅ સમુદરનાં જુદા જુદા ભાગ આવેલાછે. એ દેશ વીસતારે ૭૫૦૦. ચોરસ માઇલછે અને તેમાં ૨૬૦૦૦૦૦૦ માંણસોની વસતીછે, પણ નોબી એ દેશ આગલા જમાંનાની તેની કીરતી અને હાલ જમાંનાની તેની સરસ જગાને લીધે જોવા લાએક થઈ પડીઊંછે. ઈટલીનાં બે તરણ નાંહાંના પરાંતો વસવા લાએક નથી, પણ

બાકીનાં મોટા ભાગની હવા ઠંડી, સુખાકારી ભરેલી અને મનપસંદછે. દખણ ઈટલીમાં આફરીકા તરફથી એક જાતનો ગરમ સુકો પવણ ફુંકેછે જેથી ઝાહાડ પાંણ ખરી પડેછે તથા માંણસ જાતને સુસતી તથા નબલાઈ થાએછે અને તાવનો રોગ ફેલાએછે.

ઇટલીની જમીન ઘણીજ ફલવંતછે અને તાંહાંનાં કુદરતી દેખાવો એટલાતો સુંદરછે કે ઈટલી દેશને "ઈઊરોપનો બાગ" એવું નાંમ આપવામાં આવીઊંછે. હીઆંની દરાખ ઘણીજ તોફેછે, જેનાં જુમખાને જુલખા જુલતા હારેહાર દેખાએછે.



ઓલીવ નાંમના ઝાહાડમાંથી ઘણું નાંદર તેલ નીકલેછે, તે ઊપરાંત ઈટલીમાં એટલુતો સેહેતુર ઊગેછે કે રેસમનો કીડો સારી રીતે જીવી શકેછે અને તેથી એ દેશમાં રેશમ બનેછે. ઘણીક જાતનાં ફલ, બદાંમ, અંજીર ઈતીઆદી ઝાહાડોને ટરકી દેશ મધેથી ઈટલીમાં દાખલ કીધાંછે. ઊપર મેં દરાખ વીશે લખીઊંછે, તેમાંની લીલી દરાખ મધેથી વાઈનનો દારૂ બનાવામાં આવેછે અને સુકવેલી દરાખને આપણાં લોકો કીસમીસ કહીએ છઇએ. એ દરાખની ખેતીવાડી ઇટલીનાં લોકોને ઘણી પીઆરીછે. જો તમે ગાંમડાઓમાં ફરવા નીકલોતો આ ચીતરમાં દખાડવા મુજબ ઇટલીની સુંદર ઓરતો દરાખ તોડવામાં કાંમે લાગેલી તમોને જણાશે.



ઈટલીમાં પરાંણીઓની વસતીનોખી અછો જણાવ જોવામાં આવેછે. જંગલી જનાંવરો થોડાંછે. પાહાડોમાં વરૂ, એનટીલોપ અને બીજાં પરાંણીઓ વસેછે. આલપસ પાહાડનાં પખશીઓ ઘણાં જોરમંદ અને કદાવર હોએછે, પણ અગત કરીને ગરૂડ પખશીનીતો તારીફ થઈ શકતી નથી. એ પખશી ખલીરની જાતનાંછે, પણ તે કદમાં ઘણાંજ મોટાં અને આખી બકરીઓને તેઓ પોતાનાં જોરાવર પંજા તલે ઊંચકી જાએછે. ઇટલીની હવા જેહેરી જનાંવરોને માફક આવતી દીસેછે કેમકે વીછુ, સાંપ ઈતીઆદીની હીઆં સારી વસતી છે. ઇટલીનાં એક જાતનાં સાંપનું ચીતર પાસે આપીઊંછે.




ઇટલીમાં જોવા લાએક ચીજો પુશકલછે. કુદરતી તલેસમાંતોમાં સઊથી સરસ તાંહાંના બલતા પાહાડોછે. બેહેન, તમે તમારી નીશાલની અને બીજી ચોપડીઓમાં બલતા પાહાડોનાં ઘણાં ચીતરો જોએઆંછે. તે પાહાડો ઇટલીમાં એકથી વધારેછે. સીસીલી ખાતે એટનાં નાંમનો જે બલતો પાંહાડછે તે તલીઆં આગલથી ઘેરાવામાં ૮૭ માઈલછે, તેનાં ઊપર સારી ખેતીવાડી ચાલેછે. તે છેલવેલો શને ૧૮૫૨ માં ફાટો હતો. તે ઊપરાંત નેપલસ નાંમના પરાંતની પડોસમાં વીસુવીઅસ નાંમનો એક બીજો બલતો પાહાડછે, તેમાંથી થોડાં થોડાં વરસને અંતરે બલતી પદારથો, રાખ, ધુંવો, ઈતીઆદી ફાટી નીકલેછે. એ પાહાડ પેહેલ વેહેલો આસરે ૧૮૦૦ વરસ ઊપર ફાટેલો વાંચવામાં આવેછે. એ પાહાડે બે આખા શેહેરોનો નાંસ કીધોછે, તે શેહેરો પાંમપીઆઈ અને હરકીઊલેનીઅમ નાંમનાછે. પેહેલું શેહેર વીસુવીઅસમાંથી નીકલતી રાખ તલે અને બીજું શેહેર બલતી પદારથોનાં ઢગલા તલે દટાઈ ગીઆં હતાં, તેઓ ઊપર તદન મેદાંન થએઊં હતું અને ઝાહાડો ઊગીઆં હતાં, પણ હમણાં તે જગાને પાછી ખોધી કાહાડવા માંડીછે અને અજાએબ જેવું એછે કે એ શેહેરોને દટાવાને સેંહેકડો વરસ થવા છતાં જેમ તે ખોધાએછે તેમ તેમાનાં ઘરો અને બીજી દરએક ચીજ જેવીને તેવી મલી આવેછે. પાંમપીઆઈ શેહેરની એક ખોધી કાહાડેલી જગાનું ચીતર હું હીઆં તમોને ભેટ કરૂં છઊં.



એ ઊપરાંત ઈટલી તરફ સટરાંમબોલી નાંમના બલતા પાહાડમાંથી દર થોડી થોડી મીનીટને અંતરે બલતું અને ધુમાંડો નીકલીઆ કરેછે. દખણ ઈટલીમાં એક ડુગર મધેની આસરે સાહાક જીની શટ મધેથી કુંભારને લાએક મરોડી બાહેર નીકલીઆ કરેછે. એક જગોએથી પાહાડમાંથી પીગલેલો કાચ નીકલેછે. સટરાંમબોલીમાં કેટલાએક ગેશઆછે જેમાં દાખલ થતાંજ ગરમી લાગેછે. લીપારી નાંમનાં ટાપુ આગલનાં એક કુદરતી ગેશમાં ૨૦૦ ફીટ લાંબો અને ૧૨૦ ફીટ પોહાલો એક ઓરડોછે.

આવા કુદરતી તલેસમાંતો ઊપરાંત ઈટલીમાં હોનરની ચીજો પણ જોવા લાએકછે. પીઆરાં બેહેન જે રૂમી લોકો બે હજાર વરસ ઊપર દુનીઆમાં પંકાએઆ હતા તેઓનું આ અસલ વતનછે અને તેઓનાં વખતની ઈમારતો ઈતીઆદીની ઘણી નીશાંનો હજુર જગેજગ રહેલીછે. રોમ શેહેર તથા તે કરતાં વેનીસ શેહેર બહુજ સુંદર અને નાંમીચુછે. રોમની એકજ ઈમારત જેમાં જનાંવરોને લડાવાની રમત થતી હતી તે હજુર લગભગ આખી રહીછે. આ કાગજની પેહેલાં જે ચીતરછે તે એ નાંદર બાંધકાંમનુછે. જો કે તેને બંધાવાને આજ આસરે ૨૦૦૦ વરસ થએઆંછે તોપણ તેનો મોરો ભાગ હજુર સલાંમત રહએ છે. તે ગોએઆ રૂમીઓની અસલ મોટાઈની ઈઆદગારીછે. એ ઈમારતનો ઘેરાવો ૧૬૦૦ ફીટનોછે અને તેમાં ૮૦ હજાર માંણસો બેસી શકે એટલી તે મોટીછે.



. ઈટલીનાં લોકો ખુબસુરત, ચબરાક અને મોજીલાછે, તેમની ઓરતો હાલ સાધારણ પોશાક પેહેરેછે. આગલ તેઓ પાસેનાં ચીતરમાં દેખાડીઆ પરમાંણેની ઊંચી ટોપી પેહેરતી હતીઓ. એ લોકો ઊપર ઘણાં શંકટો પડીઆંછે, તેઓનું ખુદ સવતંતર રાજ જવું રેહેવાથી અને જુલમગારોનાં અમલ તલે જવાથી તેઓ દલીદરી અને કંગાલીએત ભરેલી હાલતમાં આવીઆંછે. અગત કરીને ધરમગુરૂઓએ તેઓનું નખોદ વાલીઊંછે. તેઓ ધરમગુરને ખોદાઇ માંન આપેછે અને પાદશાહો વતીક તેનાં તાબામાં રેહેછે, તે ધરમગુરૂઓ કોઇને બી વીદીઆ હોનર શીખવવા દેતા નથી અને તેથી ઈટાલીઅનોનાં હાલ માહા બુરાછે, તોબી તેઓમાં ચીતાર, ગાએણ, નકશી, ઈતીઆદીનાં ઊંચા હોનરોનો શોખ ઘણોજ સરસછે. તેઓનો છુટકારો હાલ લગભગ થએઓછે. તેઓની ઈઆરીએ ગારીબાલડી નાંમનો એક સુરો ઈટાલીઅન આવીઓછે, જેણે ઈટલીનાં જુદા જુદા જાલમ રાજાઓને કાહાડી મેલીને એ દેશને એકજ રાજાને હવાલે કીધુછે, એજ અરજ.

હું છઉં તમારો
વાહાલો ભાઈ.

## રમુજે ફુરસત.

### એક ઓરતની કાંહાંની વીશે કવીતા.

ધનજી લા થઈ , એ ફૂરે,
૯૨, ૧૦૦નાંબાઈ જેવી, જુ જમાંનમરે.
કચ૧૨તો જાંણે ઊં માંછલીનું બ ,
ઘેર જાંણે તરલો ને ચર રકો સાહાર.
નાં પો માં ઈં વા જાએ,
બચાં રસી ખુમ માંરે, રોજ તો ર થાએ.
૧૦૦નાંનો કોઈ ૭ નહી, નહી સગુ રેહેન કે બાપ,
સ ક કોણ ૧ આપે સણી ઊલથાપ.
વીર મલમાં, ૧૦૦નાં કાંઈ સમજે નહી,
તે ગરી વા શું જાંણે ૧ લેજાંનું થાએ દહી.
મુછ મલીઆ વર, તેની એ વાત,
ખાંમી પડતાં તરત લીએ , કે લાત.
કહીછે મેં એક ઊતમ ! વાત, રે ૯૨ઓ પી રી,
ને કુચો નહી થાએ એવીછે તે સારી.

### સવાલોના જવાબ.

(જુઓ ગઆ આકનાં સવાલો)

બ, અખેર—સુનાંબાઈ, બચાં, બમનસા, બગલ, બાંહે, એ સરવેમાં બ આવેછે. બાલમાં બ ભરાએલોછે, ચાવલમાં ચને બદલે બ મેલતાં બાવલ થઈ જાએછે. સરબતમા બ છે અને બુદકી બોલબી બધીજ થાએછે. બીમાર, બેચાર, બુમ, એ સરવે બથી બનેછે, ઈતીઆદી.

## પરચુરણ બાબદો.

**કાક ઈસકોરૂ**—કેટલીક વખતે બાટલીમાં પેસી ગએલા બુચને બાહેર કાહાડવા માટે જ્યારે કાક ઈસકરૂ તરત જે ઈએ તારે તે જો મલી નહી આવતો તો મોટી અગવડ થાએછે અને બેસી રેહેવું પડેછે, એને માટે ખામખા કાક ઈસકરૂની જરૂર નથી, પણ કોઈબી ઈસકરૂ ચાલશે, જેને બુચને કાહાડવા માટે એક દોરી બાંધેલી હોએ એટલે બસ.

---

**જીનાં જનાવર** જો કોઈવાર મોહોડાં વાટે માંદામાં ગીઆં હોએ અથવા કાંનમાં ગીઆથી જો અડચેણ કરેતો માંદામાંના જાનવરને મારી નાખવા સારૂં થોડો સરકો પીવો અથવા કાંનમાં સાલીડનું તેલ નાખવું.

---

**હીરાનો ખપ**—અમેરીકાના ઈઉનાઈટેડ સટેટસમાં ગએ વરસે હીરા ઉપર નાખેલી જગાતથી ૬૫૯૪૦ ડાલરની આવક સરકારને થઈ હતી. એ ઉપરથી એવી ગણતરી થઈછે કે એ દેશમાં ખુના મરકી ભરેલી લડાઈ ચાલવા છતાં ૨૦૦૦૦૦૦ ડાલરની કીમતના હીરાનો ખપ પડીઓ હશે.

---

**સેહેવત**—આ નામનો જે રોગ થાએછે તેને માટે માસાચુસેટસનો એક વઈદ લખેછે કે ગરદનની આસપાસ ડાંમર લગાડેલી એક પટી બાંધવાથી એ રોગનો અટકાવ થાએછે.

---

**મોટું ફંડ**—અમેરીકાની લડાઈમાં જખમી અને દુરબલ થતાં હજારો માણસોની મદદને માટે હાલ એક ફંડ થએઉંછે, જેમાં ૧ કરોડ ૪૦ લાખ ડાલરની રાખશી રકમ ભરાઈ ગઈછે.

**કુતરાંની તરવાની શકતી**—આસટરેલીઆમાં થોડું ક ઉપર એક શેહેર મધે રેલ આવી હતી. તે રેલમાં એક કુતરો તણાઈ ગએઓ હતો અને સરવે કોઈએ તેને મુવેલો ધારીઓ હતો, પણ તાર પછે બીજે દીને રાતના તે કુતરો પાછો એક પડોસના ગાંમમાં મલી આવીઓ હતો, જેથી સાબેત થએઉં કે રેલમાં તે ૪૦ માઈલ સુધી અને આખો દાહાડો અને રાત તરીઆ કીધો હતો.

---

**ઊડતા રોગોમાં સંભાલ**—ઉડતા રોગોથી સરવે કોઈને ઘણું બીહીવું પડેછે. તેવા રોગવાલાં માણસની પાસે અથવા તેવા મોહોલા ઈઆ ઘરમાં બનતાં સુધી નહી જવું જોઈએ એ ખરી વાતછે પણ ઘણીવાર તેમ કીધા વીના ચાલતું નથી. ઘરમાં જો એક જણ તે રોગને ભોગ થઈ પડેતો તેની ચાકરી કીધા વીના તેને નાખીતો મેલાએ નહી, માટે તેવે વખતે તેની પાસે જવાની તથા તેની આગલ રેહેવાની ફરજ થઈ પડેછે અને તેથી જેટલાં જણ તે ફરજ બજાવે તેટલાં સરવેને તે રોગ ઉડવાની ધાસતી રેહેછે.

આ ધાસતી મીટાડવાનો એક ઘણો સેહેલો ઉપાએ માલંમ પડીઓછે. જે એતમાવી જોવાની જરૂરછે. તે એ કે જે ઘરમાં ઉડતો રોગ પેઠો પડેલો જણાએ તે ઘરમાં દર એક ઓરડા મધે સુરાખારના એક નાહાના કટકાને બાલવો. તેમજ તેવા રોગીશટ માણસ પાસે જો જવું પડેતો જવા અગાઉ પાંણીમાં થોડોક સુરોખાર પીગલાવીને તે પાંણી પીવું, તથા દરદીના ઓરડા આગલ જતાંવાર પેહેલાં બારણાની એક બાજુએ ઉભા રેહેવું કે ઓરડાઆંની હવાનો પેહેલો જપાટો બદનને લાગે નહી, અને પછે અંદર દાખલ થવું.

---

## સારૂ કામ કરવામાં હીમત રાખવા વીશે ગરબી.

"અલબેલિરે અંબેમાત જોવાને જઈએ"
એ રાગનીછે.

કરતાં કાંઈ રૂડું કામ, હીમત નવ હારો;
તો પામો શુભ પરિણાંમ, જો ધીરજ ધારો—ટેક.

મોટાં કારજ માથે લેતાં, અડચણ પડે અપારરે;
એમ વિચાર કરો આગલથી, પાડો મતલબ પાર,
હીમત નવ હારો. ૧

સંસારી જન સામા ઉઠે, નિંદે લાખો લોકરે;
અંતે એના એજ વખાંણે, કરી ફજેતી ફોક,
હીમત નવ હારો. ૨

આપત કાળ પડે અણજાણ્યો, વળી વધે બહુ વેરરે;
બોલે દુરિજન બોલ નઠારા, જાહાજું રાખી જેહેર,
હીમત નવ હારો. ૩

જે કારજમાં સંકટ જુલમી, જશ તેમાંહિ જરૂર રે,
તે માટે તે કારજ તજિને, દોડી ન જવું દુર,
હીમત નવ હારો. ૪

જુલમ કરે જે જન તેનું પણ, ઈછો રૂડું આપરે;
તો અંતે શુભ થશે તમારૂં, ટળશે તનના તાપ,
હીમત નવ હારો. ૫

બાલક કે અગ્નાની બોલે, તેનો તે શો તોલરે;
હસવા લાયક હોય હમેશાં, બાળક કેરા બોલ,
હીમત નવ હારો. ૬

કારજ મોટાં કરનારાએ, પોતે ખોયા પ્રાણરે;
પણ તે કારજ પાર પડયુંતો, વળતી થયાં વખાંણ,
હીમત નવ હારો. ૭

માથા કરતાં જશછે મોંઘો, જે જન લેવા જાયરે;
જશને માટે જુધ વીસે જઈ, મરદો કઈક મરાય,
હીમત નવ હારો. ૮

જેનો જશ આ જગમાં જામે, જીવો તે જન જાણરે;
બિજા બિચારા બહુ જીવીને, લઈ નવ શકિયા લહાણ,
હીમત નવ હારો. ૯

નર ખરચેછે જશને માટે, મળવું જે મુશકેલરે;
જશને માટે જિવતર તજતાં, સરવ ગણેછે સેહેલ,
હીમત નવ હારો. ૧૦

માનવિને એક દિન મરવુંછે, મરણ નથી મટનારરે;
તો તેનો કાંઈ ત્રાસ ન ધરશો, શુભ કારજ કરનાર,
હીમત નવ હારો. ૧૧

પરઉપકારે પ્રાણ સમર્પે, ખડો રહી તતખેવરે;
તો રૂદિયામાં તેને રીઝે, દલપતકેરો દેવ,
હીમત નવ હારો. ૧૨

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. સપટેમબર ૧૮૯૪ આંક ૯ મો.

## વગર પઈસાનો કીમતી વારસો.

અથવા

### પરીતની પીડા!

—

એક વારતા.†

—

#### પરકરણ પેહેલું.

#### માએ દીકરાની જુદાઈ.

બેહેમન નામે પારસ શેહેરનો એક અમીર હતો, તેને તેના બાપના મરણ પછે તરતનોજ તેનો ખેતાબ અને મીલકત મલીઆં હતાં. બેહેમનનો બાપ ઘણો નામદાર અને બાહાદુર ઉમરાવ હતો, તેથી તેને તે શેહેરનો પાદશાહ ઘણો ચાહતો હતો અને સદા પોતાની સાથે રાખતો હતો. જેવી તે પાદશાહને તેના મરણની ખબર પડી તેવોજ તે ઘણો દલગીર થએઓ, અને તેની જગા પર તેના છોકરા બેહેમનને દરબારમાં બોલાવી પોતાની સાથે રાખવાનો ઘેડાવ કરીઓ.

બેહેમન પોતાની વીધવા માએ તેહેમીનાં બાંનુ સાથે રેહતો હતો. તેવામાં એક દાહાડે, ઉપર લખીઆ પરમાણે પારસ શેહેરના પાદશાહાનું ફરમાન લઈને તે દરબારનો એક જાલ નામનો બુઢો અમીર બેહેમનને બોલાવવાને આવેલો. આએ પેગાંમ સાંભલી તેહેમીના બાંનુ ઘણી દલગીર થઈ, પણ તેનાથી કશું બોલી શકાઉં નહી, કેમકે તે વેલાનો પારસ શેહેરનો પાદશાહા એવોતો આપખુદ અને આપરંગીલો હતો કે તેના હોકમની વીરૂધ મોડાંમાંથી એક બોલ પણ કોઈથી નહી કહડાએ. તેની દરબારનું તેડું તેંપણ એક ખાશ હોકમ ગણાએ, અને તેને કોઈએબી જરા દમ કાહાડીઆ વીગરે તાબે થવું જોઈએ તેથી જાલને મોડેથી પાદશાહાનો પેગાંમ સાંભલી તેને માથે ચહડાવી તેહેમીના બાંનુ બોલી કે "મારા છોકરાને મારી આગલથી મોકલતાં જાણે મારો બીજો ભરથાર મરણ પાંમતો હોએ એવું મને લાગેછે."

**બેહેમન**—"અને હું, બાઈ, અહીંથી જતી વખતે મારા બાપના મરણ ઉપર નવેસરથી રડુંછુ, પણ મને આપણા મેહેરબાન પાદશાહાનો હોકમ માનવો જોઈએ."

**જાલ**—(તેહેમીના બાનું તરફ જોઈને) "બાઈ, પાદશાહા તમારા ભરથારની ગરજ સારશે, અને સાહેબ (બેહેમન તરફ જોઈને) તમારા બાપની ગરજ સારશે" એટલે કે તે તમારી બંનેની ઉપર ઘણીજ મેહેરબાનગી રાખશે.

**તેહેમીના**—"પણ તે નામવર પાદશાહને જે ભુંડુ દરદ લાગુંછે તેને સારૂં થવાની કેવી આસા રાખવામા આવેછે?"

**જાલ**—તેને માટે સઘલા વઈદો હારી ખાઈને બેઠા છે, અને તે નામવર પાદશાહને સારો થવાની આસા સઉએ છોડીછે.

**તેહેમીના**—(પોતાની પાસે જરબાંનું નાંમની એક જુવાન અને ખુબસુરત છોકરી ઉભેલી હતી તેની તરફ આંગલી બતાવીને) આએ રૂડી છોકરીનો જે બાપ હતો, તે જો હાલમાં જીવતો હતેતો બેશક તે આપણા નામવર પાદશાહને સારો કરતે. તે એવોતો ચંચલ અને અનુભવી હકીમ હતો કે જો થોડાં વરસ વધારે જીવીઓ હતેતો ખચીત તે એવા ઉપાએઓ સોધી કાહાડતે કે માણસ જાતની કાએ આ અમર કરતે! અને દુનીઆંપરથી મોતને નસાડી મેલતે.

**જાલ**—બાઈ, જેને વાસતે તમે બોલોછો તેનું નામ સું હતું?

**તેહેમીના**—સાહેબ, તે તેના ધંધામાં ઘણોજ વખણાએલો અને પુરવીણ હતો, તેનું નાંમ લુકમાન હતું.

**જાલ**—બાઈ, ખરેખર તે ઘણોજ કાબેલ હકીમ હતો; અને હમણાજ થોડા દાહાડાની વાત ઉપર પાદશાહે તેને ઈઆદ કરીઓ હતો, અને મોટી દલગીરીથી બોલીઓ હતો કે "જો તે આજે જીવતો હતેતો કેવું સારૂં!"

**બેહેમન**—મેહેરબાન સાહેબ, આપણા પાદશાહને શું દરદ થએલુંછે?

**જાલ**—ભગનદર, સાહેબ.

**બેહેમન**—મને આગલ એની મુદલ ખબર ન હોતી.

**જાલ**—(જરબાનુ તરફ આંગલી કરીને) શું આએ બાઈ તે લુકમાન હકીમની દીકરી થાએ?

† આ વારતા શુર શેકસપીઅરના એક નાટક ઉપરથી રચીછે

**તેહેમીના**—હા સાહેબ, એ તેની એકની એકપુરી દીકરીછે. એનો બાપ, તે નામીચો હકીમ, મરતી વેલાએ એને મારા સવાધીનમાં આપી ગએોછે; અને એની સઘલી ચાલ ચલણ, હુશીઆરી, નીતી, અને ખુબશુરતી ઉપરથી હું માનુંછુંકે એ આગલ ચાલતાં એક ઘણીજ સરસ સ્ત્રી થશે, એ ઘણીજ ડાહીછે.

**જાલ**—(જરબાનુંની આંખમાં આંસુ આવી ગએલાં જોઇને) બાઈ, તમારા આવા મીઠા બોલોથી એ જુવાન બાંનુંની આંખમાંથી આંસુ વરશેછે.

**તેહેમીના**—અરે! એ છોકરી એવાંતો નાજુક દીલનીછે, કે તેનાથી જરાએ દલગીરી ખમાતી નથી. તેના બાપનું નામ સાંભલતાંજ તેની આંખમાંથી ગરગર આંસું નીકલી પડેછે. એવી રીતે રાત દાહાડો રડતાં! અને શોક કરતાં એનો ચેહેરો કેવો કુમલાઈ ગએોછે, કેવી એની ગાલપરની સુરખી ઉડી ગઈછે! બસ, જરબાનુ, બસ હવે હવે હેવું મનમાથી કાહાડી નાખ; અગર નહીતો તેમાથી કંઈ નરશું થશે.

**જર**—મારી દલગીરી દાબવાને હું ઘણીબી કોશેશ કરૂંછું, પણ મારીથી નથી રેહવાતું.

**જાલ**—બાઈ, મુઆંની પછવાડે ઘણો શોક કરવો સારો નથી, ઘણુ રડવાથી માણશ દુખી થાએછે.

**બેહેમન**—માએજી, હું તમારી રજા માગુંછું.

**તેહેમીના**—બેહેમન, ખોદા તારો મદદગાર હોજો. જેવો તારો બાપ સદગુણી હતો તેવો સદગુણ તું પણ થજે અને તેની કીરતીએ પોહોંચજે. મારા વાહલા દીકરા, તુને છેલી સલામ. (જાલની તરફ જોઇને) મારા મેહેરબાન સાહેબ, એ એક કાચો દરબારીછે, માટે તમારી નેક સલાહથી સદા એને મારગ બતાવતા રેહજો.

**જાલ**—એને કંઈ કેહેવું નહીં પડશે.

**તેહેમીના**—ખોદા એનો મદદગાર થાએ: બેહેમન, તુને છેલી સલામ

**બેહેમન**—(જરબાનું તરફ જોઇને) બાંનુ, હું જતી વખતે તુંને એટલુંજ કહુંછું કે તું તારી સંભાલ રાખજે, મારાં માએજીને ખુશી રાખજે, અને તેમની સાથે સારી પેઠે રેહજે.

**જાલ** (જરબાંનુને) ખુબશુરત બાઈ. તમોને મારી છેલી સલામ: તમે તમારા બાપના જેવા ગુણનાં થજો, અને તેનું નામ રાખજો

એટલું કહીને, જાલ અને બેહેમન બંને જન પારસની દરબાર ખાતે જવાને રવાનુંદ થઆ.

બેહેમનને ઘરમાથી ગઆથી જરબાનું ઘણીજ દુખી થઈ અને ખુબ રડવા લાગી. જીઆરે જાલની સાથે તેહેમીના બાનુએ તેના બાપ વીશેનો વાત કરી હતી તીઆરેબી જે જરબાનુની આંખમાં આંશુ આવીઆં હતાં, તે કાંઈ તેના બાપને માટે નહી, પણ બેહેમનને માટે. કેમકે તે અંદર ખાનેથી તેને ઘણીજ ચાહાતી હતી, તેથી તેનાથી તે હવે જલદીજ દુર થશે એવા વીચારથી તેની આંખમાંથી આંશુની ધાર ચાલતી હતી. તે એક જગાપર એખલી જઈને બેઠી, અને મનસાથે બોલવા લાગી કે "અરે ખોદા! આશાતો હું ડુંગર જેવડી રાખુંછું. પણ તે ઘાસનાં તનખાં બરોબરબી પાર પડવાની નથી. મારી અને તેની ઓલાદમાં આસમાન જમીનનો ફેરછે. તે એક પારસ શેહેરનો મોટો અમીરછે, અને એ શેહેરના સઉથી નામીચા ઉમરાવોની પેહેડીથી ઉતરતો આવેલોછે; અને હું એક ખાનગી ગરહસથની રઈઅતની, એક હકીમની દીકરીછું. ખરેખર હું આસમાન માહેલા એક સેતારા ઉપર મોહીત પડીછું, કે જેને માતરે નીચે બેસીને રાત દાહાડો જોઆ કરીઆ સીવાએ બીજો કશો ઉપાએ નહી. તેથી બેહેમન મારી સાથે પરણે, અને હું જેવી એક સાધારણ મા બાપની છોકરીને પોતાની સ્ત્રી કરે એ કદી બનવાનું નથી; વાસતે બેહેમનની ઉપર જે મને ખરો પીઆર લાગેછે, તે પીઆરની આંખે તેને હવે પછે થનાર ભરથાર તરીકે નહી પણ એક મુરબી તરીકે ગણી, સદા તેની ચાકરીમાં રહી, અને માતરે તેનું મોડુંજ જોઈને સંતોશ પામી, મરણ પામવું.. અરે બેહેમન માતરે મને જોવાનો જ હતો, તોપણ તેમાં હું મોટો સંતોશ પામતી હતી. તેનું ખુબશુરત મોડું જોઈનેજ હું મનમા મલકાતી હતી, અને તેનું અણીઆરૂં નાખ, કમાનદાર ભવાં, પરવાલાં જેવા હોઠ અને મોતી જેવા દાંત, જેમી સબી મારી છાતી માંહેલાં અંતકરણ ઉપર ચીતારી ચીતારીને મધન થતી હતી. જોકે રાત અને દાહાડો તેનો ચેહેરો જોતાં મને ઘણ દુખ થતું હતું, (કેમકે તે મારો ભરથાર થવાનો નથી એવું લાગતું તેથી) પણ તે દુખમાં એક મોટું સુખ હતું. પણ અફશોશ! હવે તે પણ જતું રહીઉં, તે પણ ગુમ થએઉં. અરે કંઈ નહી થતે પણ બેહેમન જો રાત દાહાડો મારી નજર આગલજ રેહેતે તો હું હેવી સુખી રેહેતે, પણ એવું નસીબ કીઆંથી હોએ!

પણ ફીકર નહી. હજુ કાંઈ છેક થઈ ચુકું નથી. મારા હાથમાં એક છેલો ઉપાએ રહેઓછે, તે અજમાવી જોવો, પછે ઇઆતો તેમાથી બેહેમન મને મલે, કે નહીતો મારો જીવ જાએ. હા, છેલો ઉપાએ એજછે, અને તે હવે કરવો.

એ છેલો ઉપાએ એજ હતો કે જીઆરે જરબાનુનો બાપ, લુકમાન હકીમ, મરણ પામીઓ હતો તીઆરે તે તેને માટે વારસામાં કસા પઈસા કે દોલત મેલી ન ગએો હતો, પણ કેટલાક દવાઈના નુસકા, જે તેણે લાંબી મુદતવેર મેંનત કરી, અને કંઈ કંઈ વરસોવેર અનુભવ મેલવી તઈઆર કરીઆ હતા, અને જેને વીશે તે એટલોતો મગરૂર હતો કે જે દરદના તે દવાઈઓછે, તે ઉપર જો તે લગાડી હોએતો બે દાહાડામાં તે દરદ કદી પણ સારૂં થએઆ વગર રહે નહી, તેજ માતરે જરબાંનુના હાથમાં રહેલા હતા. એ દવાઈના કાગલોમાં એક એવું હતું કે જેમાં, જે દરદ પારસ શેહેરના પાદશાહને થઈઉં હતું અને જેને સારૂં થવાની સઘલા દરબારના હકીમોએ આસા મેલી હતી, તેને સારૂં કરવાની દવાઈ લખેલી હતી. એટલુંજ નહી પણ વલી તેમાં એવું લખેલું હતું કે "જેનેબી ભગંદરનું દરદ થઈઉં હોએ, અને તે ઉપર જો એ દવાઈ લગાડેતો બે દાહાડામાં તે દરદ તદન સાફ થએઆ વગર રેહે નહી." તે સીવાએ તે

નુસકો તઈઆર કરતાં કેટલાં વરસ ગએઆંછે, અને તે કે વો કૃતેમંદ રીતે ઉતરીઓછે તે વીશે પણ ઘણું'ક લખેલું હતું.

એ નુશકાની ઉપર જરબાનુનું મન લોભાએઉં, અને તેની ઉપર સઘલી આસા બાંધી. તેણે પારસ શેહેરની દર બારમાં જઈ તે દવાઈ પાદશાહના દરદ ઉપર અજમાવવા નો હેડાવ કરીઓ. જરબાનુને પોતાના બાપની કાબેલીઅત ઉપર, અને તેના બનાવેલા ઉપલા નુસકા ઉપર એટલોતો ભરોશો હતો કે, તે પાદશાહનું દરદ સારૂં કરવામાં ફાવશેજ એવું તેને ખાતરીથી દીલમાં લાગું, પણ એટલું બધું કર વામાં જરબાનું શું ઈનામની આસા રાખતી હતી ? નહી કે પાદશાહને એવા બુરાં દરદમાંથી મોકલો કરી, બરોબર બો લીએતો તેને મોતના પેરમાંથી પાછો લાવી, તેની પાસથી મોટી દોલત મેલવવાની કે મોટો બેતાબ મેલવવાની, કે કોઈ નાથલાં શેહેરનો રાજીએ અધીકાર ચલાવવાની, પણ તે ની મોટી દોલત, તેનું મોટુ સુખ અને તેની મોટી આસા, જે બેહેમન હતો, તેનું ઈનામ મેલવવાની આસા રાખતી હતી. તે સારી પેઠે જાણતી હતી કે જો પાદશાહ મારી દ વાઈથી સાજો થએઓતો બેશક તે મને મોટું ઈનામ આપી આ વગર રેહેશે નહી, પણ તે ઈનામ તે મારી મરજીની વીરૂધની વસતુનું આપશે નહી માટે જીઆરે તે મને ઈના મની વસતુની પસંદગી વીશે પુછશે તીઆરે હું સઘલામાં મારા બેહેમનને પસંદ કરશ, ઈઆને તેને હું મારો ભરથા ર કરવાની માગણી કરશ, જે પાદશાહથી ના પાડી શકાવા ની નથી, અને જીઆરે તેમ કરવાનો પાદશાહનો હોકમ થશે એટલે બેહેમનથી ના કેહેવાવાનું નથી તથા તેને કશી અડચણ રહેવાની નથી.

---

પરકરણ બીજું.

## ભરમનો ખોલાશો.

જરબાનું જે એખલી બેસીને ઉપર લખીઆ પરમાં ણે બોલી, તે કેથું ઘરમાનાં એક ચાકરે એક ખુણામાં ભ રાઈને બધું સાંભલીઉં; અને પછે જઈને તેમીના બાનુંને સઘલું કહી દીધું.

ચાકરને મોહેથી એવી વાત સાંભલીને તેહેમીનાં બા નુંને જરા અજબ જેવું લાગું ખરૂ, પણ ચાકરે આવીને જે તેનો ખોલાશો કરીઓ તેને માટે તેનો ઉપકાર માની તેને કહીઉં કે "જરબાનુને મારી આગલ બોલાવી લાવ." તે સાંભલી ચાકર બાઈને સલાંમ કરી જરબાનુને બોલાવ વા જીઆં તે બેઠી હતી તીઆં ગઓ.

જરબાનું બેહેમનને ચાહેછે એ વાત જીઆરે તેહેમી નાં બાનુનાં જાણવામાં આવી તીઆરે તે એવા કઢંગા પી આરને માટે ગુસે થવાને બદલે બીચારી જરબાનુની દઆ ખાવા લાગી કેમકે ખરા પીઆરમાથી ઉતપન થતાં દુ ખો કેવા નહી ખમાએ એવાંછે, તે તે સારીપેઠે સમજતી હતી. તે મન સાથ બોલવા લાગી કે જીઆરે હું પણ જુ વાંન હતી તીઆરે મને પણ એમજ બેહેમનના બાપ સા થ પીઆર લાગો હતો; અને તે વેવાએ જે મને દુખ થએ ઉં હતું તે હજી હું ભુલી ગઈ નથી. (એવામાં જરબાનું આવી લાગી.)

*જર*—કેમ બાઈ સાહેબ, તમારો શું હોકમછે ?

**તેહેમીનાં**—જરબાનું, તું જાણેછે, હું તારી મા એ થાઉં.

*જર*—નહીંજી (જરા ચોંકીને) તમે મારાં મેહેરબાં ન શેઠાણી થાઓ.

**તેહેમીનાં**—નહી, તારી માએ થાઉં. જીઆરે "હું તારી માએ થાઉં" એમ કહુછું તીઆરે તું "માએ નહી" એમ સા વાસતે કેહેછે ? અને એવો બોલ મારાં મોઢામાં થીં નીકલતાંજ જાણે તું એક સાંપ જોતી હોએ તેમ શા વા સતે ચોંકેછે ? હું કહુછું કે હું તારી માએ થાઉં; અને જેને મેં મારાં પેટમાંથી જનમ આપીઓછે તેમાંની એક તુંને પણ ગણુછું. બાનું ખોદા તુંને મદદ કરે, શું મા રાં આવાં બોલવાથી તારૂં લોહી ઉકલેછે ! મા તારી આં ખ કેમ ચકચકી આવીછે ? શું તું મારી દીકરી નહી ?

*જર*—નહીંજી હું તમારી દીકરી નહી.

**તેહેમીના**—હું કહુંછું કે, હું તારી માએ થાઉં.

*જર*—હું તમારી પાસે માફ માગુંછું. બાઈ, બેહે મન મારો ભાઈ કદી નહી થાએ. હું એક સાધરણ મા બાપની દીકરી, અને તે એક મોટા અમીરનો દીકરો અ મીર તે મારો સાહેબ અને મુરબીછે, માટે હું સદા તેની ચાકરડી દાખલ રહેવશ અને અંતે તેની ચાકરડી દાખ લજ મરણ પાંમશ. તે મારો ભાઈ નહી થવો જોઈએ.

**તેહેમીના**—અને તીઆરે હું તારી માએ પણ નહી થવી જોઈએ, નહી?

*જર*—બાઈ, અગરજો બેહેમન મારો ભાઈ નહી કે હેવાએ તો તમે મારાં માએ થાઓ. ખરેખર તમે મારાં માએ થાઓ કે નહીતો———

હું ખોદાને સાહેદ રાખીને કહુંછું કે અગર જો હું તેની કોઈ નહી થવા ચાહાતતો ખચીત તેની બેન થને, પ ણ જીઆરે હું તમારી છોકરી થાઉં તીઆરે શું તે મારો ભાઈ નહી થાએ ?

**તેહેમીના**—હા, જરબાનું. તીઆરે કદાચ તું મા રી વહુ થાએ.

હા, ખરેખર તું એમજ ધારેછે. કેમકે માએ, અને દીકરી, એ શબદોથી તારા મનમાં ઘણું દુખ ઉતપન થઈઉં છે. હવે તારાં એખલાં બેસવાની, અને એકાંતવાસ રહ વાની મતલબ હું સમજી. તું મારા છોકરાને ચાહેછે, પ ણ માતરે શરમને લીધે તું માની દેતી નથી. તું તે છુપા વવાની ઘણી કોસેશ કરેછે, પણ તારો જુસો તારી સાથ બેવફાઈ કરેછે. આ તારી આંખ, ગાલ અને ચેહેરો સઘ લું કહી આપેછે, પણ માતરે શરમ અને હુજતે તારી જ બાં બંધ કરી મેલીછે, પણ બોલ, જે સાચું હોએ તે બોલ, એમાં તુંને કશી હરકત થવાની નથી, પણ ખોદા તેમાંથી કાંઈ સારૂંજ કરશે.

*જર*—મેહેરબાન બાઈ, મને માફ કરો !

**તેહેમીના**—તીઆરે તું મારા છોકરાને ચાહેછેજ, નહી ?

*જર*—ભલાં બાઈ, તમારી પાસ હું માફ માગુંછું. શું તમે તેને ચાહતાં નથી ?

**તેહેમીના**—બસ, બસ, એવું આડું ના બોલ. મ નેતો તેને ચાહવો જોઈએછેજ. તું સઘલું એક કોરે મેલી દઈ મને સાચે સાચું કહી દે. તારો પીઆર તારાં મોડાં ઉપર મલકી આવીઓછે.

જર—તીઆરે હું કબુલ કરૂંછું. હું તમારી હજુર અને ઈશવરની હજુર આ ગુણ મડીએ બેસી હાથ જોડીને કબુલ કરૂંછું કે હું તમારા છોકરાને ચાહુંછું.

બાઈ, તમે ખફા ન થશો. જેવા મારા મીતરો ગરીબ પણ ભલા હતા, તેવોજ મારો પીઆર પણ છે. હું તેને ચાહુંછું, પણ તેમાથી તેને કશી નુકશાની થવાની નથી. કારણકે મારા પીઆરની સઘલી આસા ફોકટછે. જેમ એક હીંદુ સવારનાં પોહોરમાં સુરજ તરફ જોઈ તેને નમેછે, અને તેની ઉપર ભાવ રાખેછે, પણ તે તેને જોતો કે સમજતો નથી, તેમ હું બેહેમનને રાત દાહાડો જોઈને ખુશી થાઉંછું, પણ તે મારો વીચાર કશો સમજતો નથી. પણ બાઈ છઆંવેર હું તેની સ્ત્રી થવાને લાએકની થવશ નહી તીઆંવેર હું તેની સાથ પરણવાનો દમ પણ બાહેર કાડશ નહી, એ તમે ખાતરીથી જાણજો.

**તેહેમીના**—જરબાનું, તું સાચું બોલજે તેં હમણા પારસ શેહેરમાં જવાનો વીચાર નથી રાખીઓ ?

જર—હા બાઈ મેં રાખીઓછે.

**તેહેમીના**—સાચું કેહેજે, શાને માટે ?

જર—બાઈ, તમોને સારી પેઠે ખબરછે કે મારો બાપ મરણ પાંમતી વખતે મને કેટલાક દવાઈના નુશકા આપી ગઓછે. તે કેવા સરસછે, અને તેને તઈઆર કરવા માટે મારા બાપે કેટલી રંજ ભોગવીછે તે પણ કદાચ તમોને માલમ હશે. તે નુશકાઓમાં એક એવોછે કે આપણા પાદશાહને જે દરદ થએલુંછે, અને જેથી તે હવે મરણના કાંઠા ઉપર આવીને બેઠાછે, તે ઉપર બરોબર કારગત લાગે. માટે મેં એવો એરાદો રાખીઓછે કે, મર ગમે તે થાએ, પણ પારસની દરબારમાં જવું અને તે દવા પાદશાહનાં દરદ ઉપર અજમાવી જોવી.

**તેહેમીના**—તીઆરે પારસ જવાની તારી એજ મતલબ છે નહી !

જર—એવા વીચારની ઉતપંતીનુ મુલ તમારો છોકરોછે. તેણે મારૂં સઘલું ચીત તે તરફ ખેંચીઉંછે; બાકી પારસ, દવાઈ, પાદશાહ એ વીચારો મારા ખેઆલમાં કદી પણ આવતે નહી.

**તેહેમીના**—પણ જરબાનું તું જાણેછે કે જે દરદને માટે દરબારના સઘલા હકીમો હારી ખાઈને બેઠાછે તે તું જેવી એક જુવાન છોકરીથી સારૂં થશે એવું પાદશાહ શી રીતે કબુલ રાખશે ? અને તું પણ કેમ ફાવશે ?

જર—બાઈ, મને એવુંજ લાગેછે કે હું ફાવશ. મારો બાપ જે નુશકાઓને મોટી દોલત ગણી મારે વાસતે મેલી ગઓછે તે જેવા તેવા નહી હશે એવી મારી ખાતરીછે. મને તે ઉપર પુરતો વીસવાસછે. હું તેને માટે સઘલો જોખમ મારે માથે લેવાને તઈઆરછું. જો એમાં નીશફલ થતાં મારો છુવ જશેતો તેને માટે હું ખુશી છું.

**તેહેમીના**—શું તીઆરે એ દવાઈ ઉપર તારી એવીજ પકી ખાતરીછે ?

જર—હા બાઈ, મારી પકી ખાતરીછે. હવે મેહેરબાની કરી મને પારસની દરબાર ખાતે જવાની રજા આપો.

**તેહેમીના**—હા જરબાનું, હું તુને મોટી ખુશીથી રજા આપુંછું, તે સાથે તુને અગતને માટે પુરતા પઈસા, અને ચાકરીને માટે પુરતાં માંણસ પણ આપુંછું. તારી ઉમેદ બર આવે, અને તેમાં તું ફતેહ પાંમે એવી હું રાત દાહાડો સાહેબ પાસે દુવા માગસ. તારી મુરાદમાં તું ફાવી શકે એવું જેટલું મારાથી બનશે તેટલું હું કરશ. તું આવતી કાલે પારસ ખાતે કુચ કર.

# નાથાલી ડોઈગનીસ.

માણસ ગમે તેવી ગરીબ અવસથામાં જનમ પાંમીઊં હોએ, તોપણ જો તે કાંઈબી ભલું કામ કરવા માંગેતો તે બનાવવું મુશકેલ નથી. ભલા કામને વાસ્તે ઈશવર સદા રાજી રહેછે, અને તે કરનારને સદા મદદ કરેછે.

નાથાલી ડોઈગનીસ, જે પાછલથી સીસતર (બેન) નાથાલીને નામે પરખીઆત થઈ હતી, તે નાસ્રીચી સ્રી સન ૧૭૭૮ નાં વરસમાં ફરાંનસ દેશની ઇશાન ખુણા તરફનાં લીલી નામનાં ગાંમડાંની પડોશમાં એક ગામડીઆને તીઆં જનમી હતી. નાથાલીનાં સાત ભાઈ બેન હતાં, જેમાં તે સઊથી વડી હતી. હજુરતો તે પોતાની પુખતી વએમાં આવી નહોતી, તેટલામાં માઠાં ભાએગે તેના માં અને બાપ એ બંધે મરણ પાંમીઆં; જેથી પોતાનાં સાતે નાંનાં ભાઈ બેનોનું ગુજરાંણ કરવાનું તેને માથે આવી પડીઊં. અલબતે નાથાલી હજીતો એક નાદાન છોકરી, તેવામાં તેની ઊપર એક તરફથી પોતાનાં વાહાલાં મા અને બાપનાં અનચીતીઆં મરણનું દુખ, અને બીજી તરફથી પોતાનાં નાનાં અને અશકત ભાઈ બેનોનું ગુજરાણ ચલાવવાનો બોજો, એ બંને આવી પડીઆથી તેને જરા લાગુંતો ખરૂં, પણ પોતાની હીમત હારી નહી. તે લીલીનાં ગામડામાં વસનારા એક આબરૂદાર કુટુંબનાં ઘરમાં રાંધવા રહી; અને તીઆંથી જે તેને મલતું તેમાંથી તે પોતાનાં નાનાં ભાઇ બેનોનું પોશણ કરતી. એટલુંજ નહી પણ વલી તેમાંથી જે કાંઈ તેનાં હાથમાં બચતું તે કોઈ ગરીબ તથા દુખીની હાજત પુરી પાડવાને વાપરી દેતી. નાથાલી એક ગરીબ અને નાદાન છોકરી હોવા છતાં તે

નામાં એવા ઊતમ ગુણો જોઇને તેના શેઠ શેઠાંણી
તેની ઊપર ઘણા ખુશ રેહેતાં, અને ઘણી માએઆ
રાખતાં.

એમ ઘણાંક વરશ નીકલી ગયાં, અને તેના
ભાઈ બેન મોટાં થઈ પોતાનું ગુજરાણ પોતાની મેલે
કરવા લાગીઆં. નાથાલી ઊપરથી જેવી તેનાં ભા
ઈ બેનોનું પ્રાલણ કરવાની ફીકર ટલી, તેવુજ તેણે
પોતાનું ધીઆંન જે ગામમાં તે રેહેતી હતી તીઆંનાં
ગરીબ, લાચાર અને દુખીઓની હાલત ઊપર દોડા
વીઊં, અને તેમને કોઇબી રીતે સુખી કરવાનો ઊપા
એ શોધવા લાગી. ગોર કરતાં તેના મનમાં આવી
ઊં કે એવાં લોકને માટે એક એવું ખાતું સથાપવું
કે જેમાં તેમની સઘલી હાજનો પુરી પડે અને તેઓ
સુખી થાએ, પણ નાથાલી એક બાપડી ગરીબ ચાક
રડી, તેનાંથી આવું મોટું કાંમ કેમ માથે લેવાએ, અ
ને તે શી રીતે પાર પડે ? એવું કામ ઊઠાવી લેવાને
અને તે પાર પાડવાને તન, મન અને ધન એ તરણે
ની જરૂર હોએછે; જેમાનાં બેતો તેની પાસે હતાં, અ
ને તેનો બનતો ઊપીઓગ કરવાને તે તઈઆર હ
તી, પણ તરીજું (ધન) તેની પાસે ન હતું, પણ ના
થાલીનાં દીલમાં દઓએ એવુંતો મજબુત ઘર કરીઊં
હતું કે તેને માટે તે કોઈબી ઊપાએ કરવાને પાછી હ
ટતી ન હોતી. આખરે વીશ વરસ સુધી બારે કો
શેશ કરી, અને બેહદ રંજ બેંચી શન ૧૮૨૬ માં
એક ધરમને લગતી "સોસાએટી આફ ચાઈલડ જીજ
સ" નાંમની મંડલી સથાપી, અને તેની મુખીએ પો
તે થઈ. એ મંડલીમાં જે જે સ્રીઓ દાખલ થઈ
તેમને માટે એક મઠ બંધાવીઊં, અને તેમાં તેમને રા
ખી તેમની પાસ પરોપકારનાં કાંમો કરાવા લાગી. કેટ
લીક જોગણીઓને એ મઠને લગતી એક નીશાલ જેમાં
૧૨૦ માં બાપ વીનાનાં બચાંઓનું, જીહાંવેર તેઓ પો
તાનું ગુજરાણ પોતાની મેલે કરવાને સામરથવાન થાએ
તીઆં વેર, પાલણ પોશણ કરવામાં આવતું હતું, તેનો
કારોબાર સોંપીઓ, અને કેટલીએકોને એક બીજી ની
શાલ, જે સીસટર નાથાલીએ પોતે સથાપી હતી. અને
જેમાં ઘણાક છોકરાં વાંચવા, લખવા અને અગતજોગ
હુનર શીખતાં હતાં, તેનો કારોબાર સોંપીઓ. કેટલીએ
કોને ઈસપીટાલોમાં પડેલાં દુખી માણસો તથા બચાં
ઓની માવજત કરવાનું અને કેટલીએકોને દેવાનાઓ
ની ઈસપીટાલમાં ઘેલાઓની ખરદાસત લેવાનું કામ
સોંપીઊં. એ પરમાણે પોતાના હાથ તલેની સઘલી
જોગણીઓને એવાં એવાં ધરમ ખાતાંઓમાં પરમાર
થના કામો કરવાને સોંપીઆં, અને પોતે સઘલાંમાં
વડી રહી, બધાં ઊપર ઊપરીપણું ચલાવવા લાગી.

એવી રીતે નાથાલી ડોઇગનીસ જોકે એક ગ
રીબ મા બાપ વીનાની છોકરી હોવા છતાં પોતાની ભ
લી કોશેશથી અને અથાક મેહેનતથી પોતાની મકશદ
માં પાર પડી અને આવું મોહુ એક માહા ઊપીઓગી
અને માહા પરોપકારી ખાતું સથાપી, તેને હાર પાડી
અને તેમાંથી નીપજતાં ફેલો પોતાની નજરે જોઈ શ
ને ૧૮૫૮ માં ૮૦ વરસની ઊમરે મરણ પાંમી. એ
ખાતું હજુર શુધી સારી હાલતમાં ચાલેછે, અને તેની
નામીચી સથાપનારના ગુણ નીતે ગવાએછે.

## બેહેરાંમી ગોદ.

વાંચનારી બાઈઓ આ બોલ તંમો દરએક જ
ણે શાંભલેઓ હશે આપણા લોકોમાંથી વેહેમ અને રશ
મ હજુર શુધી દુર ન હોએઆના સબબથી કેવાં માઠાં
પરીણામો થાએછે તેહેનો એક દુખકારક દાખલો હમા
રી નજરે જોએલો તમારી હજુર મુકવાને હમો દુરૂસ
ત ધારીએછે કે તેથી શમજુ અને દાનેશમંદ બાઈઓ
પોતાની વેહેમી અને વગર અકલની બાઈઓને તેવી
ચાલ ચલાવવાથી દુર રાખવાની બનતી કોશેશ કરે અ
ને માઠા બનાવો બનવા ન દીએ.


આપણા લોકોમાં ઘણાએક બેશમજુ અને હે
મક ખાનદાંનોમાં અને તેમાં અગત કરીને ગામડીઆ
લોકોમાં શુવાવડી બાઈડીને બેહેરાંમી ગોદ પલાવેછે.
તે એકે તે બાઈને જણેઆ પછી બાર દાહાડ શુધી ત
દન ભુખી રાખેછે અથવા કેટલાંએક લોકો માતરે બદાં
મનું પાંણી પાએછે. કેટલાંકતો ચોખાના આટાની ઢે
બરો તરાંબાંની રકાબીમાં બે ચાર લુંછીને ચાર દીવશ
ખાએછે અને જરા બરાંડી પાંણી પીએછે. આવી રી
તની હેવાંનીઅત અને ઘાતકી ચાલ ચલાવવાનું કારણ
તેઓ એવું બતાવેછે કે તે જણનાર બાઈની ઓલાદથી
જો કોઈ એ ગોદ પાલવુ આવીઊં હોએ અને તે જો
ન પાલેતો, તેહેનું છોકરૂં જીવતું નથી અથવા તેહેને બી

જું છોકરૂં થતું નથી. આ તરાંના બેહુદા વીચાર અને વેહેમને લીધે શુવાવડી બાઈને બાર દાહાડા ભુખી રાખે આથી કેવી તરાંના માઠાં પરીનામ થાએછે તેહેનો એક દુખ ઊપજાવનાર દાખલો હમે હમારી નજરે જોએઓછે.

થોડાક દીવશ થએઆ એક શુવાવડી બાઈડીને હમો જોવાને ગએઆ હતા. તે બચારી જુવાન ૧૭ અથવા ૧૮ વરસની વએની હતી. તેહેના હાથ પગ ધ્રુજતા હતા, અને તેનામાં બોલવાની તાકાત ન હતી. તેહેનો ચેહેરો તદન ફીકો પડી ગએલો હતો અને દમ પણ લેવાની શકતી ન હતી. ખબર પુછતાં એવુ માલંમ પડીઊં કે એ બાઈને જણેઆને દસ દીવસ થએઆ હતા, અને તેણે બેહેરાંમી ગોદ પાલી હતી તેથી કાંઈબી ખાવાનું લીધા વગર માતર જરા પાંણી ઊપર રહેલી હતી. હવે શેઆંણી બાઈઓ જરા વીચાર કરીને જોવો કે સતર વરસની વએમાં તીજે વખત વેઆએલી એક દુબલી બાઈડી કે જેહેને ઘણું લોહી ગએલું તેહેને દસ બાર દાહાડા તદન ભુખી રાખીઆથી શું પરીનાંમ ઊપજવું જોઈએ. અલબતાં તે બચારીનો કાચગરો જીવ જતો રહેઓ અને વલી એવું થઈઊં કે તેહેનેતો તેઓ કેહેવા લાગાં કે મોત આવીઊ અને તે મરણ પાંમી. તેનાં ઘાટકી સગાં વાહાલાંઓ પોતાને વાસ્તે કેહેછે કે તેઓએ ઘણીબી ગોદ પાલી તેઓ કાંએ નહી મરી ગીઆં. પણ શેઆંણી બાઈઓ તેઓને ઘણું લોહી હશે, કુદરતી શકતી વધારે હશે તેથી તેઓ બચી ગએઆં નહીતો જેવો હાલ બચારી આ બાઈનો થએઓ તેવોજ થતે. એક શેજ દાખલો લેવો—ભારી તોશાંન થએઆથી કોઈ વાંહાંણ ભાગી જાએછે તેમજ કોઈ ઘર પડી જાએછે તેનુ કારણ શું? જે નબલું હોએ તેજ ભાગે અથવા પડે અને મજબુત હોએ તે શલાંમત રેહેછે. તેજ પરમાંણેની આ બાબદ પણછે જેમાં એક નાંજુક નારી બઈરાંઓના વેહેમને લીધે પોતાનાં જીવથી ગઈછે.

---

# દુરબીનની અજાએબીઓ.



૨.

સથીર તારા.

બાપ જે ઉ
ઓછે તે જેવા"તેવું જે આપણે અથાગ ગોલા જોઇએછે, ને તે ઉપર પુરતો દદર, ગરેહ અને ધુમકેતુનુ બેઆંન ખમ મારે માથે લેવા.ાએ. હવે બાકી રહેલા સથીર થતાં મારો જીવ જશેતો, તીને આ વીશએ પુરો કરીએ છ
તેહેમીના—શું
વીન પકી ખાતરીછે!
ભાગ કરેછે તેમાંનાં એક
જે જે હમેશ પોતાની જગો બદલતા ઈઆને ફરતા રેહેછે; અને બીજા ભાગનાં એવાછે કે જે પોતાની જગાએથી કદી ખીસતા નથી, પણ હમેશાં એક ચોકસ જગામાંજ નજર આવતા રેહેછે. એવા તારાને "સથીર તારા," એટલે "થંબ તારા" કહેછે. જોકે એ તારા પોતાની જગા કદી બદલતા નથી એમ કહેવાએછે ખરૂ, પણ તે ઊ

પરથી છેક એમ નહીં સમજવું, કે જેમ એક લાકડાંમાં ખીલા જડી મેલેલા હોએ તેમ તેમને આકાશમાં જડી મેલેલાછે. તેઓ પણ ધ્રુવના તારાની આસપાસ ફરે છે, પણ તે એવી ધીમી અને એવી એકસરખી રીતે કે જાણે તે કદી પોતાની જગાએથી ખીસતાજ નહી હો એ એમ જણાએછે.

એ તારા આખાં આકાશ ઊપર પથરાઈ ગએલાછે. આકાશમાં રાતરે એક ફરતો વાદલાંના આકારનો પટો જેવો જણાએછે, જેને આકાશ ગંગા કહેછે, તે કાંઈજ નહી પણ તે સથીર તારાઓનો એક જુમખનદો છે. સથીર તારાઓને ખોલી નજરે જોતાં તેમની સંખીઆ માતરે ૬૦૦ વેરની જણાએછે, પણ મોટી દુરબીનથી જોતાં તે અથાગ માલંમ પડેછે. એ તારાના જથામાં કોઈ ઘણા ચલકતા દેખાએછે, અને કોઈ થોડા ચલકતા દેખાએછે. એવા વતા ઓછા ચલકાટના તારા જુદા પાડીને તેમના ૬ વરગ બાંધેલાછે, પણ મોટી દુરબીનની મદદથી તેના સોલ વરગ શુધી જુદા પાડવામાં આવેલાછે. જે તારા ઘણા ચલકતાછે તેમને પેહેલા વરગમાં લીધેલાછે, જે તેથી ઊતરતા ચલકતાછે તેમને બીજા વરગમાં લીધેલાછે, અને એ પરમાણે જેમ જેમ ઓછા ચલકતા તેમ તેમ ચહડતા ચહડતા છેક સોલમાં વરગ શુધીમાં લીધેલાછે.

એ તારાને ઓલખવાને માટે આગલા જમાનાના વીદવાનોએ ૧૨ જુમખા બાંધીઆછે, અને તે દરેકના નામ તેની જગા પરમાણે કેટલાંક જનાવરોના નામ ઊપરથી આપીઆંછે, જેને રાસી કેહેછે. ખરેખર તે તારા કંઇ તેવાં જનાવરના આકારમાં નથી, પણ જો તેમાનો એક જુંમખો લઈને તેમાના દરેક તારાને લગાડીને લીટી દોરીએતો તેમાંથી કોઈ જનાવરના સરખો આકાર પડેછે. એ બાર જુમખાના નામ, અને તે દરેકમાં તારાની સંખીઆ આએ પરમાણેછે. મેશ એટલે ઘેટાંના આકારનો જુમખો, તેમાં ૬૭ તારા છે. વુરશભ એટલે બલદના આકારનો જુમખો, તેમાં ૧૪૩ તારાછે. મીથુન એટલે છોકરાંના જોડાંના આકારનો જુમખો, તેમાં ૮૭ છે. કરક એટલે કાચબાના જેવા જુમખામાં ૮૭ છે. શીંહમાં ૧૦૧ છે. કનીઆમાં ૧૧૭ છે. તુલા એટલે તરાજવાંના જેવામાં ૫૩ છે. વરશચક એટલે વીછુના જેવામાં ૩૭ છે. ધન એટલે કામઠાં જેવામાં ૭૩ છે. મકર એટલે બકરાનાં જેવામાં ૫૪ છે. કુંભ એટલે ઘડાના જેવામાં ૧૧૯ અને મીન એટલે માછલાંના જેવામાં ૧૧૫ છે. એ બારે રાસીઓ ઊપરથી આપણા દેશના બરાંમણો ઘરેહ, રાસ, દાહડા વગેરે જોએછે, અને તે ઊપરથી ભવીશ કહેછે. તે વાત ઊપર કેટલીક ભોલી બાઈઓ, વીશવાશ લાવેછે, પણ તેઓ ઘણા ઠગાએછે. કારણ કે એ બરાંમણો જે કેહછે તે સઘલું ખોટું હોએ છે, રાસીઓ માતરે આકાશમાંથી તારા ઓલખી કાહડવાને કરેલી નીશાંણીઓછે. તેની અસર માંણસ જાતપર કશી થતી નથી, તેમજ ને ઊપરથી ભવીશ કદી કહેવાતું નથી.

એ તારા આપણી પુરૂથવીથી બેહદ દુરછે. જેમ જે ઘણા ઝાંખા દેખાએછે, તેમ તે ઘણા દુર હોએછે, અને કેટલાક વીશેતો વીદવાનો એવું કહેછે કે તેઓ એટલાતો દુરછે કે તે આપણી ખોલી નજરેતો શું, પણ હાલ જમાનાની મોટામાં મોટી દુરબીનથી પણ દેખાતા નથી. પણ તેઓ એવું ધારેછે કે જો એ થીખી મોટી દુરબીન બનાવવામાં આવેતો તેવા તારા નજરે પડે ખરા. તેઓ આપણી પુરૂથવીથી કેટલા દુરછે તેની ગણતરી અતી અચરતી ઊપજાવનારીછે, અને તે ઊપરથી આકાશના બેહદ વીસતારનો, અને તે સઘલાંને પેદા કરનાર ઈશવરની અનહદ ચતુરાઈનો, અને તેની અદભુત શકતીનો વીચાર આપણા મનમાં આવેછે. એ તારાઓ મધેનો એક સઉથી પાસેનો તારો, કે જે સઘલા કરતાં વધારે ચલકતો દેખાએછે તે આપણાથી ૧૯૦૦૦૦૦૦૦૦૦૦૦ માઈલને અંતરેછે. એટલે કે આપણી પુરૂથવી ઊપરથી જો એક તોપનો ગોલો મારીઓ હોએ, અને તે જો એક મીનીટે ૨૦ માઈલને હીસાબે દોડીઓ જાએ, ઈઆને મુંબઈથી થાને એક મીનીટમાં જાએ તો ઊપલા તારા ઊપર જઈ પોહોંચતાં ૧૮૦૦૦૦૦ અઢાર લાખ વરસ લાગે! અથવા આવાજ કે જે એક મીનીટમાં ૧૩ માઈલ એટલે મુંબઇથી કુરલા શુધી જાએછે, તે પરમાણે જો આપણી પુરૂથવી ઊપરથી એક આવાજ નીકલેતો તેને તે તારા ઊપર જઈને સંભલાતાં ૨૦૦૭૦૦૦, વીશ લાખ શાત હજાર કરતાં વધારે વરસ લાગે. પણ કેટલાક વીદવાનોનો છેક એટલે શુધી કહેછે કે એ સથીર તારામાંના કેટલાક તારા એટલાતો દુરછે કે, જીઆરથી આપણી પુરૂથવી પે

દા થઇછે તીઆરથી તેમની રોશની દર મીનીટે ૧૨૦૦૦૦૦૦, એક કરોડ વીશ લાખ માઈલને હીસો બેની જડપથી આપણી ગમ દોડતી આવેછે, તોપણ હજુર તે આપણી પુરૂથવી, કે જેને પેદા થવાને આજ હજારો વરસ થઈ ગએલાં ગણાએછે, તે ઊપર આવી પુગી નથી !!!

એ દરેક સથીર તારો થંબ, જહલકતો અને રંગીન હોએછે. તે પોતાનીજ રોશનીથી પરકાશેછે. એટલે જેમ ચંદર સુરજની રોશની લઈને પરકાશેછે તેમ એ તારા કોઈની રોશની લઇને પરકાશતા નથી. તે ઊપરથી એવું ધારવામાં આવેછે કે તે એક એક તારો સુરજ હશે, અને જીઆરે તે એક એક તારો સુરજ હોએ તીઆરે આપણા સુરજ મંડલની માફક તેની આસપાસ પણ આપણી પુરૂથવી જેવા બીજા ઘણાક ગરેહેનું મંડલ હોવું જોઈએ.

વાંચનાર બાઈઓ, એ ઊપરથી હવે વીચાર કરો કે જેણે આવા અથાગ અને અતી ચમતકારીક તારાઓ પેદા કીધાછે, અને તેમને આવા અનહદ તરેવતે મેલીઆછે, તેની શકતી તે કેવી હશે! અને તીઆરે આપણે તેના હોકમથી ઊલટાં જવાને કેટલું બીવું જોઈએ.

---

## સમી સાંજની સટાક!

**કુંવરબાઈ**—રતનબાઈ, ઓ રતનબાઈ.
**રતનબાઈ**—અરે જી જી.
કું—જીતો તમારા ધની વેઆરને.
ર—તમારાની સાથે રે મરૂં; કાંએ માંએ શું કેહોય?
કું—કેહેશુ, મારપર શું કરેઆ કરોચ, હેઠે આવોની.
ર—હા માએ હા આ ચોક હમણાં પુરી રહી; હવે સુવાપર સાખ મેલેલુંછે તે જરા જોઇને આઉં. નહીતો બરી બરી જશેતો જીવણાઈ વલી આવીને તોપને ગલે મુકશે!
કું—તાહારે ચાલો વેહેલાં આવો.
ર—હા, પણ હેઠે કોણ કોણછે,
કું—કોણ હોએ તુલી, હું છેઉં, બીજા મારના રૂપાંબાઈછે, શુના વહુછે ને હેહેની પીરોજબાઈછે.
ર—ચાલો તાહારેતો હમણા આઉંચ.
રૂ—આસતે બોલની નહીતો વલી તારાં સાસુ સાંભલશે તો કેહેશે કે "વરી હેઠે જઇને નાચવા બેઠી."
કું—(પગ ઉંચકીને) ઓ ખાસરાંપર ભાર પરેઆચ સાસુના; એવી સાસુઓતો કયેરેકંઈ જોએલીછે.
પી—મરેરે કુંવરબાઈ, છેક મરી ગેઈ. કે?
રૂ—જવાદેની બેન; વલી કોઈના પેટમાં દુખી આવશે ને જઈને કેહેશેતો બધાંને ધોઈને ટેરને પેરે ઘાલશે. એમથી કાંએ સાંજીવરા શેતાન જગાવેચ.
કું—આએ ભાર પરેઆચ તેની ગારનાં. જે દે તે લેઆ કરે તેમાં તમારે શું. (એવામાં રતનબાઈને દાદરપરથી નીચે ઉતરતાં જોઈને) ચાલોની વાએ, શું થઈઉં, તા હારનું સાખજ જોએઆ કરતાંતાં કે?
ર—અરે ચપની (હલુ રહીને બેસેછે) મરેરે આતો કોતક જોતાં જોતાં નીરજ ગરી ગીઆં.
કું—વરી શું કોતક જોઈઉ. જરા કેહે, કેહે, જલદી કેહે. (બરડાપર હાથ મારીને)
ર—અરે સાખની તપીલીપરની રકાબીમાનુ પાંણી ટોરવા ગલીમાની બારી આગલ ગેઈ, તો જોઉંચતો પેલા પાશેના શાવકશા, ઓરડામાં, માર બુટ, પોતાં, ડગલો પેહેરી, હાથમાં લાકરી લઈને તઈઆર થઇને ઉભેલા, અને તે જોઈને તેનાંનાં ગુલબાઈના હઈઆં હરખાઈ હરખાઈ જાએ. માએ કંઈ તેનાના જુદાં હશે ને, શાવકશાજી જુદા હશે. એકની ઘર એમ પહેતો એકની ડોક એમ પડે.
રૂ—(વચમાંજ) મરે કોતકજતો,
પી—અરે માએ એ કોતક તે કાંઇ જેવાં તેવાં છેકે!
ર—મરેરે સાંભલો તો ખરાં. પછી શાવકશાજી બોલીઆ કે "ગુલી, મારા ગુલાબ, હું જાંઉચ હંકે" તારે વલી ગુલબાઈ જીણી જીણી આંખ કરીને કેહેછે "પણ તમે વેહેલા આવશો કેની" તારે વલી શાવકશાજી મોમાનુ લાંબુ ચુસીઉં તાણીને (તેમ કરી બતાવીને) હારે હા મારી ગુલ હા, હું જલદી આવશ. તું કેહેશેતો શાત વાગતામાં ઘેરમાં આવશ પછી કંઈછે.
કું—(સઘલાં ખુબ હસી પડેઆ પછે) મરેરે કોતકની ગારતી, તારાં કોતકતો તારેજ ગલે બંધાએ કહીએ. પછી, પછી.
ર—તારે વલી ગુલબાઈ, સરડાના જેવી લાંબી ડોક કરીને, બોલેઆં કે "હમણા કાંહાં સધાવશો, બેનઈસટાનપર કે"? "હા તાંહાંજતો," શાવકશા બોલેઆ. તારે વલી ગુલબાઈ જરા નાખનુ છીછડું ચહડાવીને બોલેઆં કે "બરીઉ તાંહાં શું જોવાનુછે? મુઆ અમયું આવીને માં શું ખાએઆ કરે. તેના કરતાં માહાલખમી તરફ ફરવા કાંની જતા." તારે શાવકશાજી જરા હશીને બોલેઆ કે "કાંએ તુનેતો વલી તે ઘણુ ભાવતું હતું ને એમ શું થઇઉ? તુતો જાહાર તાહાર મારી સાથે આવવા માગતી હઈઉ! તુતો જાહાર તાહાર મારી સાથે આવવા માગતી હતીને! ચાલની હમણા આવેચ"? તાહારે જરા ખભાં ચહડાવીને ગુલબાઈ બોલેઆં કે આજેતો નહી હોશેતો કાલે.
પી—મરેરે વલી સાથે બગલમાં હાથ લઈને ગેઈ કાંની. રોજ રાતનાં તો જાએચ.
શુ—કાંએ પીરોજબાઈ, તેમાં શું થઇઉ? પોતે વર બાઈ એરછે ગમે તેમ ફરે અને ગમે તાંહાં જાએ. તેમાં એબ શાની? કંઈ બીજાની બગલમાંતો હાથ આપીને નહી જતે? આપતે તો તેનો વર હુતો.
પી—હાની માએ હા; હું જાણુચની કે તમેબી જ

રા અરધાં ગએલાં છેએ. તમે કાંએ નહી તમારા રતન શાની બગલમાં હાથ લઇને ફરવા જતાં !

શુ—વાએ પીરોજબાઈ અમથું જુઠું કાંએ બોલોચ કારે તમે ગુલબાઇને તેના વરની બગલમા હાથ આપીને ફરતાં જોઇતી ?

પી—નહી વરી ? ચોથે પાંચમે દાહારે રાતના આ પરે ઓટલાપર ઉભેલાં હતાં ને તેંજ નહી દેખરાવેઆં હતાં કે "આએ બંને જણ ચાંદની ધુરવા જાએચ" ?

શુ—શું તે બગલમાં હાથ લઇને ચાલતાં હતાં કે ?

પી—બગલમાં નહી હોશે ને છુટાં હોશે. પણ જતાંતાંતો ખરાં કેની ?

શુ—તે હું કાંહાં ના કેહુંચ જે નહી જતાંતાં ? તમે વલી કેહોચ કે બગલમાં હાથ લઇને જતાંતાં તે પરથી હું તો બોલુંચ.

કું—મરેરે શુનાવહુ, પીરોજબાઈ, શું થઇઉ જરા સાંભલવા દેઓની; પછી રતનબાઇ પછી ?

ર—પછી "હું જાઉંચ હકે" કરીને ગુલબાઇને કહી, તેવનને શેકીન કરીને લાકરી ફેરવતા ફેરવતા દાદર ગમી ચાલેઆ.

કું—મરેરે કેમ શેકીન કીધીતી ? દેખારની (હસીને)

રૂ—(જરા ચસમો ઉંચો ચહડાવીને) હા વલી એનો હાથ લઇને કરી દેખાર, કે એમ શેકીન કીધીતી.

કું—પછી થઇઉં શું ? કેહની, એમ ભાવરાં પાડતાંતો રાત વહી જશે ને વાત રહી જશે.

ર—પછી થાએ શું શાવકશાજી એમ શધાવેઆ ને ગુલબાઇ એમ અસધાવેઆં, અને હું હેઠે આવી. મરેરે જોઇ જોઇને મને એખલીનેજ હસવું આવે.

પી—(બરડાપર હાથ ઠોકીને) મરેરે અધુરા તે પુરા તું કાંએ ડોરા બારેચ. પેલા કેહેચ તેમ "મારાં હોહોર, પરોસીનાં હરી, ને જોતાં જોતાં મરવા પરી" તેમ હું તો તેમનાં એવાં ખેન કોતક જોતાં મરવા પડીચ.

કું—મરેરે પીરોજબાઈ, ઓવારીઉ તમારીપરથી મરવાને, હમણાથી એવુ કાંએ બોલોચ ?

શુ—(હલુ રહીને) પણ રતનબાઇ, આ બધું તમે બોલેઆં તેમાથી બાદ કેટલું ?

રૂ—એ બાદ બધું; હવે તું મુંગી બેસની.

ર—નહીરે મરે સાચું કેહુંચ. જુઠું બોલે તે મરી જાએ.

શુ—તે દારે પેલી શીરીનબાઇની વાત કીધીતી તે મજકે ?

ર—તેતો જરા બે ઘરી હસવાજ બેઠાંતાંકેની ?

શુ—તારે હમણા શું રરવા બેઠાંચકે ?

પી—મરેરે ઓવારૂ રરવાને; ચાલ એવું શું બોલેચ સમીસાંજ વરા.

રૂ—તુતો સગણનો છોરજછે જો શુનાવહુ.

કુ—ચાલો વારૂ રૂપાંબાઈ, તેણે શું થઇઉં ! રર કેહે તેથી રરાઈ ગીઉકે ?

રૂ—આએ લે. આએ વલી બીજી ડાહી બોલી. "સસરાજી કેહેકે, વહુજી સગણ બોચે. તો કહે ખેતરમાં બલા પાકો" તેમ વલી એ—

પી—મરેરે એતો બધું રહીઉં, પણ સાંજપરી ને ખરકીમાં દીવો કાંહાંછે ?

કું—ખરાર, મરેરે કોઇએ જરા ઉંબર ધોઇને ચોકખી નથી પુરેઆ.

રૂ—પણ મુરમાં કચરોજ કોણે વારેઓચ જે ?

પી—કાંએ શું થઇઉ, વારો કોણનોછે જે ?

રૂ—કોણનો વલી પેલાં તીજે મારે નવાં ભારૂત આએઆંચ તેનાનો.

કુ—કીઆં પેલાં એમ એમ હાથ કરીને મડાઈ મોરાઇને ચાલેચ તેનાનાંકે ?

રૂ—હા તેનાંનોજતો.

કુ—તારે લે વાએ (હોઠ પીસીને) તેનાંનાં કચરો વારેજો, મારી પખી અતરંગના અતરંગ રહી ગેલાં તે.

પી—તો વાએ શું કરશે, (વાકાં આંગલાં કરીને) જો મોટી સાજી ચલેબીની છોકરી આવીકેની તે કચરો નહી વારે. છીછડી પકડીને વરાવશ તે.

શુ—પણ પીરોજબાઈ, અમથું કાંએ વેચાતું લેઓચ ? તમે કેમ જાણીઉં કે તે વારવાનીજ નથી ? નથી વારતી તાહારે તેનો આજે ચાર પાંચ દાહારા થએઆ વારો બેહોચ તે કોણ વારેચ, પરી રેહેચ કે ?

પી—તારે પણ કાંહાછે જોની, બાંને સાતવાગા તો બી ઉંબરપર ચોકના બે દાબરા નહી મલે, કે ખરકીમા દીવો નહી મલે. તુને સઉ સઉનુ ઘણુ લાગી આવતું દેખુ.

શુ—વલી લાગી શાનું આવે, પીરોજબાઈ, જે વાજબી હોએ તે બોલાએ. નહી તારે તમે ગમે તેની પછવારે ગમે તેમ જુઠુ બોલો !

પી—ઓવારૂ મારીપરથી જુઠુ બોલવાને. મારી બલારાતખી જુઠુ નહી બોલે.

ર—નહી રે માએ એને મનથીતો બધાંજ જુઠાં.

શુ—તે હા વલી, તેમાં ફેરશુ ? આએ તમે હમણા ગુલબાઇની ને શાવકશાની વાત કીધી તે બધી ખરી કે ? સાચેસાચુંજ બોલેઆં કે ?

ર—(પોહોલું મોંડું કરીને) નહી રે માએ, હમે કાંહાંથી સાચું બોલતાંતાં; તમારીજ માએ તમુને સાચાંની ગોરવાણી પાએલી. હમેતો જે બોલીએ તે જુઠુંજ બોલીએ.

રૂ—લે ચાલો હવે ટુકરૂં કરો.

પી—પણ જોવતો ખરાં, જેમાં તેમાં એને સઉતુ ઘણુ લાગતું દેખું.

શુ—તે હઇ આવો માએ, તમે કોઇની પછવાડે જુઠું બોલો, કે વગર વાંકે ગાર દેઓ. તે મારીથીતો નહી સંખાએ જો. હુતો જેહાએ તે મોડાંપર તર ને ફર કહી દેઉં.

પી—શું શું ? કોણને ગાર દીધી ?

શુ—હા વલી તમે હમણા દીધી.

કુ—મરેરે પીરોજબાઈ, તમુનેખી શું થઇઉં, હવે ટુકરૂ કરોની, બસની હવે.

પી—પણ જોવની માએ શુકણ જરલી ચીંચકલીઉ ચકાઈ જાએચ તે.

રૂ—મરેરે આએ શું પંચાતી. ચાલની બા હું મારા મારપર જતી રેહ.

કુ—પણ જોવની, કંઇ નામ નહી, નીશાન નહી, ને

અમથોજ બંને જણ કજીઓ લઈ ઉઠેઆં. અરેરે, જરા બે ઘરી બેસીને હસતાંતો જો. તેમાં એમ સેહેતાન ચરકો થઈ ગીઓ.

રૂ—હા આએ હા. એ એમ સેહેતાન ચરકો થતાં વાર નહી લાગે. તું મુંગી મુંગી મારપર જા; નહી તો વલી તાહારી સાસુ જાણશે ને છેરાશેતો તેનાને મુગાં નહી રખાશે.

કુ—હારે અરે ચાલની હુંબી જતી રહું

રૂ—અરેરે કુંવરબાઈ ઉભી રેહેની, હુંબી આંઉચ.

(ઉપર જતાં રેહેછે.)

પી—જોની આ રાંડો સવારતની કુતરીઓ કેવી આલી ગઈઓ. જરા મારી તરફથી બોલેચબી ?

શુ—હવે બંધીઓ સવારતની કુતરીઓ થઈઓ કે ! રાંડ સવારતની કુતરીતો તું જછે. બલીઉં તારૂ જીવતર એટલું કહીને શુના વહુ માલ ઉપર જતી રહી, અને હેકે પીરોજબાઈ બબડતી બબડતી પોતાની ઓરડીમાં ગઈ. એ પરમાણે બે ઘડી પરવારતાં પડીને સાંજનો વખત ગુજારેઓ ! ! !

## પરેસીડંટ લીનકન.



અમેરીકા ખંડથી હમારી ઘણીક વાંચનારી બાંનુઓ જાંણીતી થઈ હશે. એ ખંડનાં ઈઊનાઈટેડ સટેટસ ઈઆને જોડાઈ ગએલાં રાજોનાં ઉતર અને દખણ ભાગનાં રેહેવાસીઓ વચે હાલ જે ખુનખાર લડાઈ ચાલેછે તેથી એ ખંડ હાલ ઘણોજ મશહુર થએઓછે. તે રાજો વચે રાજનાં જેટલી સતા ધરાવનારો જે હદીકારી તે પરેસીડંટ લીનકનછે. તેનું એક ચીતર હમે ઉપર આપીઊંછે અને તેનો જે હેવાલ તેજ ગોએઆ અમેરીકાનો અને હાલની તાંહાંની લડાઈનો હેવાલછે.

અમેરીકા ખંડની શોધ છેક પાછલથી થઈછે અને તેની આગમચ લોકોને એ ખંડ જાણંએલો નહીતો તે વાંચનારાઓ જાંણેછે. તાંહાં ઉપલુ રાજ ઈંગરેજોએ વસાવેલુંછે. આગલ તાંહાં ઈંગલંડનોજ વાવરો ઉરતો હતો, પણ તારપછે ઈંગલંડનાં સતાવાલાઓની કેટલીક આપખુદ ચાલ ઉપરથી અમેરીકાનાં ઈંગરેજો બલવો કરી સવતંતર થએઆ હતા અને પોતાનું એક નવું રાજ ઉભું કીધું હતું.

જે દીવસથી તેઓ ઉપરથી ઈંગલંડની સતા ગઈ, તે દીવસથી તેઓએ પરજાસતાક એટલે કે પરજાનાં મત પરમાંણે ચાલતું રાજ ઉભું કીધું તે એવી રીતે કે કોઈને પણ પોતીકે માથે રાજા ઠરાવવાને બદલે પરજાનાં કેટલાક ચાલાક અને લાએકી વાલા માંણસોની એક ટોલી થઈ, પોતામાંથી એકને પોતા ઉપર વડો ઠેરવી એકમેક સાથે વીચાર કરી પરજાનાં હક જલવાએ; અને દેશની આબાદાંની વધે એવી રીતે દેશનો કારોબાર ચલાવવો. એ પરમાંણે રાજ ચલાવવાની રીત અમેરીકામાં આજનાં દાહડા શુધી ચાલે છે. ઉપર લખીઆ પરમાંણે જે પરજાનાં ચાલાક અને લાએક માંણસોની મંડલી, રાજ ચલાવવાને ઉભી થાએછે તેને "કાનગરેસ" કરી કહેછે, અને તે મંડલી જેને પોતીકે માથે વડો ઠેરવેછે તેને "પરેસીડંટ" કરી કહેછે. એ રાજ કારોબારી મંડલીનો હાલનો પરેસીડંટ ઉપલો મી૦ લીનકનછે.

એ પરેસીડંટ મી૦ લીનકને જેઆરથી અમેરીકાના રાજની લગાંમ લીધીછે તીઆરથી એ દેશમાં એક ઘણીજ ખુનખાર લડાઈ ઉભી થઈછે, જે આજની ઘડી શુધી ચાલેછે, અને તેમાં દરરોજ હજારો માંણસો મારીઆં જાએછે. એ ભઅંકાર લડાઈ ગોલાંમગીરીનાં ધંધાને લીધે ઉઠીછે. ઉપલા અમેરીકન લોકો બધી વાતે સુધરેલાછે પણ એક વાતે ઘણાજ ભુંડા છે. તે એકે તેઓ સરવેથી હીનપત્રતી અને પાપ ભરેલો, તથા માણસ જાતના ધરમથી ઉલટો એવો ગુલામી ધંધો કરેછે. એ દેશમાં ગોલાંમોને ખરીદ કરી તરેહવાર કાંમ ઉપર રાખેછે અને તેઓ ઉપર ભારી જબ્બ પાડેછે.

એ દેશમાં ચાલતા એવા કરૂર ગુલાંમી ધંધા લીધે કેટલાક ભલા અને કુદરતને સારી પેઠે પીછાનનારા પુરૂષો તદન નાખુશી હતા, અને તેને બંધ પાડવાને રાત દાહડો ઈઊકતી શોધતા હતા. તેઓ માહેલો પરેસીડંટ લીનકન પણ એક હતો. એ ભલા પુરૂષે જીઆરથી પોતી

કે હાથ રાજીઅ કારોબારમાં નાખીઓ હતો, તીઆ રેથીજ ગુલાંમી ધંધાની વીરૂધ તે ઘણોજ હતો. તે સદા તેને બંધ પાડવાનીજ તરફેણમાં બોલતો હતો, પણ તે મ કરવાને તેના હાથમાં મકમ ઊપાઓ ન હતા. પણ અંતે એવું બનીઊં કે, ઊપર લખીઆ પરમાણે ૧૮૬૧ માં મી૦ લીનકનને, રાજીઅ ટોલી, જે કાનગરેસને નાંમે ઓલખાએછે તેનો વડો ઈઆને પરેસીડંટ ચુંટી કહાડવામાં આવીઓ. મી૦ લીનકનના હાથમાં આ વો અખતીઆર આવવાથી તેણે પોતીકી ઊપર લખે લી ભલી મતલબ પાર પાડવાનો ઠેહાવ કીધો. તેણે સ ઘલી વાત પડતી મેલી એજ બાબદને આગલ કાડી, અ ને ગુલાંમી ધંધો અમેરીકામાંથી એકદમ નાબુદ કરવાને જણાવીઊં. આ ભલી સુચનાને ઊતર અમેરીકાના (કેમકે એ દેશના બે ભાગ થએલાછે, તેમાના એકને ઊ તર અમેરીકા અને બીજાને દખશીણ અમેરીકા કેહેછે) ઘણાક બલકે લગભગ સઘલા રેહેવાશીઓ માન આપ વાને અને તે પરાણે અમલ કરવાને તઈઆર થએઆ, પણ દખશણવાલાઓ જેમના પરાંતોમાં રૂ વગેરેનો પુ શકલ પાક થાએછે, અને જેઓ ગુલામોનો મોટો ઊપ ઓગ કરેછે તેઓએ તદન ના પાડીઊં. ગુલાંમી ધંધો નહી કરવો, ગુલાંમોને છુટા કરવા, તેમને પોતીકી બ રોબર માણસ તરીકેના સઘલા હક આપવા, એ તેમને ભારી આશચરીયકારક લાગું ! તેઓ એવી સુચનાને હસી કાઢવા લાગા, અને ઊતરવાલાઓને બેવકુફ ગણ વા લાગા ! દખશણવાલાઓને ઘણુબી સમજાવીઊં પ ણ તેમના મનમાં કશું ઊતરીઊં નહી. તેઓ એજ હુ જત લઈ બેઠા કે ગુલાંમી ધંધો કરવોજ, અને ઊતર વાલાઓ એ (ભલી) બોહોશ લઈ બેઠા કે તેને બંધજ કરવો. આખરે એ વાત એટલીતો રસપર આવી ગ ઈ કે તેમાંથી ઊતર અને દખશણવાલાઓ વચે હાલની ગજબનાક લડાઈ ઊભી થઈ.

એ લડાઈ શરૂ થવાને આજ ૩ વરસ થએઆં છે, અને તેટલી મુદતમાં એ દેશની મોટી ખરાબી થઇ ગઈછે. વેપાર સઘલો અટકી પડીઓછે, કારખાંના અ ને ખેતીવાડીના કામો બંધ પડીઆંછે, અને મોટાં મો ટાં શેહેરો વેરાન થઈ પડીઆંછે. પરજાના (કેમકે એ દેશમાં પગારદાર લશકર રાખવામાં આવતું નથી, પ ણ જીઅરે લડાઈ કરવી પડે તીઆરે સઘલી રઈએ તજ હથીઆર બાંધી લડાઈના મેદાનમાં નીકલેછે) લ ખો માણસો મારીઆં ગએઆંછે અને જાએછે, સેંકડો જુવાન અબલાઓ, કોઈ કાચી અને કોઈ પાકી ઊમે દમાં, નીશફલ થઈ, વીધવા થઇ પડીઓછે, સેંકડો મા તાઓ પુતર વગરની, સેંકડો બેનો ભાઈ વગરની, અ ને સેંકડો બચાં બાપ વગરનાં થઈ પડીઆંછે.

હાલમાં અમેરીકા તરફથી જે ખબરો આંવી છે તેમાં એવું જણાવેછે કે એ માનવંતા મી૦ લી નકનની પરેસીડંટ તરીકેની મુદત પુરી થવાથી તેની જગા ઊપર કોઈ બીજાને ચુંટી કાહાડવાને તીઆંનાં લોક ગુંતાએઆછે. તેથી જો તેની જગાએ કોઈ બી જાને બેડવવામાં આવીઓતો હાલની એ ખુનખાર લડાઈનો અંત જલદીજ આવશે એવી આસા રાખ વામાં આવેછે.

---

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૨૫.




પેઆરાં બેહેન,

ઇટલી છોડી હું સવીટજરલાંડમાં ગએઓ હતો, પણ તીઆં કાંઈ આજું જોવા જેવું ન હોવાથી માતરે એક દાહાડો અને રાત રહી બીજે દીને તીઆંથી પાછો

નીકળીઓ તે ૨૦ દીવસ મુસાફરી કરી ફરાંનસ દેશમાં આવી પોહાંચીઓછું. આખા ઈઊરોપમાં માતરે એ જ એક દેશછે, કે જે આખી દુનીઆંપર જાહોજલાલી ભોગવનારાં દેશ ઈંગલંડની બરોબરી કરી શકેછે. એ દેશની ઊતરે ઈંગલીશ ખાડી અને બેલજીઅમ તથા જરમની નામના બે નાહાના દેશો આવેલાંછે; પુરવે આલપસના ડુંગરોછે, જેઓ એને ઈટલી અને સુવીટજરલંડથી જુદુ પાડેછે, દખશીણે ભુમધીઅ સમુદર અને પાઈરેનીસ નામના પાહાડો, અને પશચીમે આટલાનટીક માહાસાગરછે. એનો વીસતાર બે લાખ આઠહજાર માઈલ, એટલે એક લાખ ચાર હજાર ગાઊનોછે, અને તે ઊપર તરણ કરોડ શાહાઠ લાખ માણસની વસતીછે.

એ દેશની હવા ઘણી ખુશનુમાછે, અને તંદોરસતીને ઊધારનારી ગણાએછે. એના ઊતર ભાગમાં ઈંગલંડના જેટલી ટંડી પડેછે, પણ દખશણમાં વધારે ગરમીછે; તેથી કરી તીઆં દરાખ, અંજીર, અખરોટ વગેરે પુશકલ મેવો પાકેછે. ડુંગરોના ઢોલાવ પર જીઆરે દરાખના માંડવાઓ ખીલી રહેછે, તીઆરે તેનો દેખાવ ઘણોજ રલીઆંમણો લાગેછે, પણ તેના કરતાં, જીઆરે સપટેમબર મહીનામા એ દરાખ પાકી રેહેછે, તેને સેંકડો નાહાની છોડીઓ, અને મોટી બાએડીઓ આંગમાં સુંદર પોશાક પેહેરી ટોપલીમાં ઘાલી માથાંપર મુકી, એમથી તેમ લાવ લઈ જાવ કરેછે તે જોનારને ઘણુંજ રલીઆમણું લાગેછે. એ સઘલી દરાખનો દારૂ બનાવેછે, તેને "વાઈન" કરી કહેછે. એ દેશમાં જાહાડોથી ભરેલાં ઘણા મોટાં જંગલોછે, તેમાનાં મુખીઅ તરણમાંથી પુશકલ લાકડાં મલેછે; તે તીઆંના લોક બાલવાના કામમાં વાપરેછે, કેમકે તેઓ ઈંગલંડના લોકની પેઠે ચુલામાં કોલસા બાલતાં નથી.

એ દેશમાં ઘણીક જાતના જંગલી જનાવરોછે, તેમાં મુખીઅ કાલા તથા રાતાશ પરના રંગનું રીંછ, અને લીંકસ નામનું ડાઘા ડાઘાવાલું જનાવરછે. તેનું એક ચીતર તમારે માટે મોકલુછું.



એ સીવાએ વરૂ, કોહોલાં અને એક જાતના ભુરા રંગના બકરાં ઘણા થાએછે. પકશીઓ પણ તરેવાર જાતના થાએછે, પણ તેઓ ઘેણકરીને ઈંગલંડના પકશીઓના જેવાંજછે. તેમાં કુએલ નામનું એક પકશી થાએછે તે ઘણું શુંદરછે, માટે તેનું પણ એક ચીતર તમારી ઊપર બીડુંછું.



વલી એના મધીઅ ભાગમાં રેશમના કીડા પુશકલ થાએછે, તેમાંથી જે રેશમ નીકલેછે તેના એજ દેશના લારનસ નામના શેહેરમાં સાટીન, મખમલ વગેરે તરેવાર જાતના કપડાં વણાએછે. તે ઘણા ચલકતાં અને સોભાએમાન હોએછે.

એ દેશ જીઆરે જંગલી અવસથામાં હતો, તીઆરે તે ગાલ દેશને નામે ઓલખાતો હતો. અને ઈસવી સનની ૫૯ વરસ અગાઊ જુલીઅસ સીજર નામના એક માહા બલવાન સરદારે જીતીને રોમની હકુમત સાથ જોડી દીધો હતો. તીઆર પછે ઈસવી સનની ૫ મી સદીમાં તે ઊપર ગાથસ; બરગનડીઅનસ તથા ફરાંકસ વગરે ટોલાંના લોકોએ હુમલા કરી એક પછે એક પોતાને સવાધીન કરીઊં હતું, પણ છેલું તે ફરાંકસ લોકોના હાથમાં રહીઊં; જેઓએ તેમાં પોતાનો પુરતો અમલ બેસાડીઓ, અને રાજની હદ વધારી. તીઆર પછેથી તે છેક અઢારમી સદી સુધી સેહેજ સાહાજ ફેરફારોથી ચાલતું રહીઊં, પણ તેની આખેરીમાં એક ઘણોજ મોટો ફેરફાર થએઓ. તે એકે ઘર મ સંબંધી રાજા અને પરજા વચે મોટો જઘડો ઊઠીઓ, અને તેમા રઈઅતના લોકોએ મોટો બલવો ઊઠાવી તે વખતનાં રાજા ૧૬ માં લુઈ અને તેની રાણી એ બનેને મારી નાખીઆં તથા જે લોકો તેમની તરફ હતાં તેમનામાંના હજારોને મારી નાખીઆં, આખા આખા દેશમાં મોટું ગોંદલ મચાવી મેલીઊં. અંતે નેપોલીઅન બોનાપારટ એ દેશનો શાનશાહ થએઓ, અને સઘલી ગડબડનો તેણે અંત આંણીઓ. વાહાલાં બેહેન, તમે વાંચીને અજબ થશો કે એ નેપોલીઅન જેણે આખા ફરાંનસ દેસ પર પુર જાહોજલાલીથી રાજ ચલાવીઊં હતું એટલુંજ નહી, પણ તેણે ઈઊરોપખંડના મોટાં મોટાં રાજોને, પોતાની જબરદસત તલવારથી થરથર ધુજાવીઆં હતાં, અને ઈંગલંડ સરખાં માહા બલવાન દેશને પણ એક વાર એક બુકમાં ગલી જવાની ધાસતી આપી હતી, તે ભુમધીઅ સમુદર માહલાં કારસીકા નામના ટાપુમાં એક સાધારણ મા બાપને પેટે જનમીઓ હતો! પર

થમેમાં તે ફરાનસ દેશના લશકરમાં એક સીપાઈ તરીકે નોકરી રહીઓ હતો, પણ પાછલથી પોતાની જાતી ચંચલાઈ, હીમત અને બલથી કરીને પુરૂથવી ઊપર એક નામીચો શાનશાહ થઈ ગએઓ '

પરીઅ બેહેનો, જેમ જમાનો કોઈને સદા ઈઆરી દેતો નથી, અને કોઈનો સદા એકસરખો દાહાડો રાખતો નથી, તેમ તેણે નેપોલીઅનને પણ સદા ઈઆરી દીધી નહી. તેને જેટલી ઝડપથી ઊંચે ચહડાવીઓ તેટલીજ ઝડપથી એકાએક પાછો નીચે નાખીઓ, એટલે વાટરલુની લડાઈમાં તે અંગરેજોને હાથ કેદ પકડાએઓ, અને તીઆર પછે સેનટહેલીના નામના બેટમાં એક બંધવા સરીકે કેટલાંક વરસ રહીને મરણ પાંમીઓ એવું જમાનાનું ચકરછે નેપોલીઅનના મરણ પછે બે વાર લોકોએ ખલવો કરીઓ અને એક પછેએક બે પાદશાહોને ગાદીપરથી ઊઠાડી મેલી રાજની લગાંમ પોતીકા હાથમાં લીધી છેવે ૧૮૫૧ ના વરસમાં તેઓએ ફરીને મરનાર નેપોલીઅનના ભાઈના છોકરા લુઈ નેપોલીઅનને શાનશાહ ઠેડવીઓ, જે આજ શુધી એ દેશ ઊપર રાજ ચલાવેછે. જીઆરે ઇંગલંડના લોકોને રશીઅન લોકો સાથ લડાઈ ચાલતી હતી, તીઆરે આપણી માહારાણી વીકટોરીઆ સાથ એ શાનશાહને ઘણીજ મીતરાઇ થઈ હતી. તે મીતરાઇની નીશાનીનું એક ચીતર જે મે આ પતરને મથાલે મેલીઊ છે તે જોવાથી તમને માલમ પડશે કે એ શાનશાહ અને આપણા માહારાંણીજી બંને પાસે પાસે બેઠેલાંછે, અને ફરાંનસનો વાવટો આપણી રાણીને માથે, અને ઈંગલડનો વાવટો શાહાનશાહને માથે ઊડેછે, એ મજબુત મીતરાઈની નીશાનીછે.

એ દેશની રાજધાંણીનું શેહેર જેમા શાહાનશાહ પોતે રેહેછે, તેને પારીસ કહેછે. એ પારીસ શેહેર આખી દુનીઆના શેહેરોમા સઊથી રલીઆંમનું અને રાચરચીલું ગણાએછે એ શેહેરમાં એકેકી ઈમારતો એકેકા મેહેલ સરખીછે તેના રસતાઓ ઘણાજ પોહોલાછે, અને તેની આસપાસ ઝાડો રોપેલાંછે, તેથી તે ઘણા સોભાએમાન દેખાએછે એ શેહેરમાં બાગ બગીચાઓનો તો પારજ નથી. લોકોને સાંજની વેલાએ હવા ખાવાને મોટા ચોકો અને બાગો મરેકાર બનાવેલાછે, અને તીઆ ઘણા શુંદર ફુંઆરા ઊડેછે તેથી તેનો દેખાવ ઘણો રલીઆંમણો અને દીલપસંદ લાગેછે એવા એક ફુઆરાનું ચીતર તમારે માટે આ કાગલમાં



ખીડીને મોકલુંછું. એવા ફુઆરાઓ તીઆ બે ચાર નથી, પણ આખા શેહેરમા ઠામેઠામ છે વલી તરેવાર જાતના અને તરેવાર રીતે પાણી ઊડે એવાછે. એ શેહેરમા ઘણુકરીને સઘલા તવગર અને મોજીલા લોક

વસેછે. એમાં મોટાં મોટાં પોહોંચખાંના અને નાટક શાલાઓછે. એ વીગરે પારીસ શેહેરમાં બીજું ઘણું જોવા તથા જાણવા જોગછે, પણ હાલમાં વધારે ફરસદ ન હોવાથી બીજું વધારે તમારી ઊપર લખી શકતો નથી, પણ હું આસા રાખું છું કે એ દુનીઆંપરના નામીચાં શેહેરના તુલોતવીલ હેવાલથી કોઈ દાહાડે તમોને વાકેફ કરીઆ વીના રહીશ નહી: હાલતો એજ અરજ.

હું છું તમારો,
**વાહાલો ભાઈ.**

## ઊદીઓગ અને તેનું ફલ.

જગત કરતા ઈશવરે માણસજાતને નાગું અને ભુખું પેદા કરીઊંછે એટલે કે તેના શરીરનો તાહાડ અને તડકાંથી બચાવ કરવાને તેને ઘેટાંના સરખું ઊંન, બીલાડીના સરખાં રૂઆં, કે ગાએના સરખા વાલ આપેલા નથી. તેમજ તેને ખાવા માટે ઘાસની માફક અનાજ પોતાની મેલે જમીનમાંથી ઊગી નીકલતો નથી. પણ તેથી તે કાંઈ સદા નાગું કે ભુખું રેહેતું નથી. જેને માટે તે સરવશકતીવાન સાહેબે આઈતું ખાવાનું, પેહેરવાનું અને રેહેવાનું કરી આપેલુંછે, તેના કરતાં તે વધારે સુખ ભોગવેછે. તે સઊથી ઊતમ વાંની ખાઈ શકેછે, મનગમતું પેહેરી શકેછે અને મન ચાહે તીઆં રહી શકેછે. એ સઘલું કરવાને માટે તેને, તે સાહેબે, અકલનું ઊમદા ઝવેરાત બખસીઊંછે, અને તેને ઊપીઓગમાં લાવી તેના ફલ ચાખવાને હાથ, પગ, આંખ, વગેરે આપીઆંછે. જીઆં શુધી હરેક માણશ, તે કીરતારની એ બખશેશનો પુરેપુરો ઊપીઓગ કરતો રહેછે, તીઆંવેર તે પોતાની સઘલી હાજતો પુરી પાડી શકેછે, અને સઘલી જાતનું, પછે થોડું કે ઘણું સુખ મેલવી શકેછે, પણ જીઆરે તેના દીલમાં આલસાઈ ઘેર કરી બેસેછે તીઆરે તેને તીઆં દલીદરતા આવેછે, અને તેનો અવતાર હેવાન કરતાંબી ભુંડો થાએછે.

માટે ઊદીઓગ, એ સઊથી ઊતમ ચીજછે. ઊદીઆગ, એ માણસજાતના સરવ સુખનું મુલછે. દુનીઆંમાં કોઈબી માણસ ઊદીઓગ કરવા છતાં ભુખે મરતો નથી. કેહેવત પરમાણે તેથી "ધન નહીતો ધાન પણ મલેછે." માટે દરેક માણસની ફરજછે કે નીત ઊદીઓગ કરીને પોતાનુ પેટ ભરવું. પણ ઘણાકો એ ઊતમ કાનુન વીસરી જાએછે, અને સદા ભીખ માગી કે કાંઈ એવુંજ બીજુ કામ કરી હરામખોરીથી પોતાનુ પેટ ભરવા માંગેછે. પણ એ ઘણું ખોટુંછે. છતે હાથ પગે, ઊદીઓગ ન કરતાં, ભીખશાથી પેટ ભરવુ એ કામ હેવાનથી પણ ઊતરતી પંકતીનાં, પરાણીનુંછે. ગમે તેવી હાલતમાં હોવા છતાં જો માણસ ઊદીઓગ કરેતો તે આ દુનીઆંમાં સુખી રહ્યા વગર રહેજ નહીં, તેનો દાખલો આ નીચે લખેલી વાત ઊપરથી મલશે.

(એક સખશ કહેછે કે) જીઆરે મારી ઊમર અઢાર વરસની હતી તીઆરે હું પારીસમાં રહેતો હતો. ઊનાલાની રૂતુમાં દર રવીવારે મારી માંને મલવાને હું વરસેલસ જતો હતો. તીઆં જવાને હમેશ મને એક આમનીબસમાં બેસવું પડતું હતું. જેવો હું તે આમનીબસમાં બેસીને એક દરવાજામાંથી પસાર થતો હતો, તેવો હમેશાં એક ભીખારી તીઆં મલતો, અને તે ખોખરા આવાજે બોલતો કે "કોઈ ગરીબને ઈઆદ કરો; સાહેબ, મેહેરબાની કરી કંઈ આપો." એ બોલો સાંભલી હમેશ હું એક ઢબુ તેની ટોપીમાં નાખતો.

એ પરમાણે એક દાહાડે એનથની (એ તેનુ નામ હતું) ની ટોપીમાં હું એક ઢબુ નાખુ છું, તેવામાં તે જગાએ એક ઠીંગણો સરીખો અને ચપલ મનનો સખશ આવી લાગો. તેને જોઇને એનથની તેની તરફ ફરી તેની પાસે એક ઢબુ માગવા લાગો. તે સખશ તરત ઊભો રહી ગઓ, અને સારીપઠે એનથનીનાં શરીરપર નજર કરીને પછે બોલીઓ કે "મારી નજરમાં તું ચાલાક અને મેહેનત કરવાને લાએકનો માલમ પડેછે તે છતાં તું આવો નીચ ધંધો શાને માટે લઇ બેઠોછે? હું તને આ કંગાલ હાલતમાંથી કાહાડીને એક એવું કામ સોંપવા ઈછુછું કે જેમાંથી તને દર વરસે ૪૦૦૦ રૂપીઆ મલે". તે સાંભલીને એનથની હસી પડીઓ. તે જોઇને પેલો સખશ બોલીઓ કે "કંઈ નહી, તારે ગમે એટલું હસ, કારણ કે હું પણ આગલ એમજ હસેઓ.હતો, પણ તું મારી સલાહ પરમાણે ચાલ. હું પગ એકવાર તારાજ સરખો ગરીબ હતો, પણ આ


એ પરમાણે તારી માફક ભીખ માગવાને બદલે હું એક મોટી ટોપલી માથાપર લઈને મોહોલે મોહોલે ભટકતો હતો, અને લોકો પાસ જુના ચીથડાં માગતો હતો, જે તેઓ જરાબી આંનાકાંની કરીઆ વગર મને આપતાં. તે ચીથડાં હું કાગલ બનાવનારને તીઆં જઈ સારી કીમતે વેચતો.

એ પરમાણે એક વરસ ગએઆ પછે મારી પાસ કેટલાક પઈસા થએઆ, તેથી ચીથડાં ઘેરેઘેરથી માંગવાના મેલી દઈ તે હું પઈસા આપીને ખરીદવા લાગો. વલી મેં એક નાહાનું ગાડું અને એક ગધેડું રાખીઊં, અને તેની મદદથી પુશકલ ચીથડાં ખરીદી કાગલવાલાઓને તીઆં વેચવા લાગીઓ. એ પરમાણે તરણ વરસ લગન કરવા પછે મારી પાસે ૧૨૦૦૦ રૂપીઆની પુંજી થઈ ! જેથી હું એક કાગલ બનાવનાર, કે જેની સાથે મારા ધંધાનો ઘણો વેહવાર હતો, તેની એક છોકરી સાથે પરણીઓ અને સુખ ચેનથી રેહેવા લાગો; તોપણ હજુ હું જુવાન અને શકતીવાનછું તેથી મેહેનત કરી પઈસા કમાતો જાઊંછું. હલમાં પારીસમાં મારાં બે ઘરછે, અને તે સાથે મારૂં એક કારખાનુંછે, જે મેં મારા છોકરાને સવાધીન કરીઊંછે મારે મારા મીતર, જેમ મેં કરીઊં તેમ તું પણ કરશે તો બેશક મારીકાંની તું પઈસાવાલો થએઆ વગર રેહેશે નહી.”

આ વાતથી એનથનીના મન ઊપર ઘણીજ અસર થઈ અને તેથી તેણે પેલા શખસની સલાહ પરમાણે કામ કરવાંને સહરૂ કરીઊં. તેથી થોડાક વરસમાં તેનું સઘલું દલદર મટી ગએઊં અને પેલાના જેવો તે પણ પઈસાવાલો થઈ સઘલું સુખ ભોગવવા લાગો.

જે છોકરો એનથનીને ઊપર લખીઆ પરમાણે દર રવીવારે એક ઢબુ આપતો હતો, તે તેને ઊપલી વાત થએઆ પછે ૨૯ વરસે બરસલસ શેહેરમાં મલેઓ હતો. તે વેલાએ એનથીની એક મોટી આફીસમાં પાંચ સાત મેતાઓ ઊપર હોકમ કરતો હતો. મલેતાંવાર બંને જણ એક બીજાને તાકીને જોવા લાગા; પણ થોડાજવારમાં એનથની બોલીઓ કે “શું તમે આજ ૨૯ વરસની વાત ઊપર દર રવીવારે પારીસથી એક દરવાજામાં રહીને વરસેલસ નહી જતા હતા ?” તેં સાંભલીને પેલો મોટો થએલો છોકરો બોલીઓ કે “શું તું એનથની કે ?” તે સાંભલી એનથની બોલીઓ કે “હા સાહેબ તેજ. તમે જોઈઊં, પેલા ગરહસથે કહીઊં હતું તે બરોબર થએઊં. આજે હું દર વરસે ૪૦૦૦ રૂપીઆની કમાઈ કરૂંછું !”

## ગરૂડ પકશી.



પકશીઓની ઘણીક જાતો હોએછે. કેટલાંક વનસપતી એટલે અનાજ વગેરે ખાઇને જીવેછે, અને કેટલાંક માંસ એટલે જનાવરનો શીકાર કરીને જીવેછે. ગરૂડ પકશી એ છેલી જાતમાનું, એટલે જનાવરનો શીકાર કરી જીવનારૂંછે. તેને માટે ખુદરતે તેને મોટી, જબરી અને વાંકી અણીદાર ચાંચ આપીછે, અને તેવાજ પંજા પણ આપેઆછે. જેમ પશુમાં સીંહ સઊથી જબરો ગણાએછે, અને તેથી તેને પશુઓનો રાજા હેવું નામ આપેલુછે, તેમ ગરૂડ એ સઘલાં પકશીઓમાં જબરૂ ગણાએછે અને તેથી તેને પકશીનો રાજા કહેછે. ગરૂડ, પકશીઓમાં એવું સરેશટ હોવાથી તેને અસલથી લોકો મોટું માન આપતા આવેઆછે, અને તેને દેવતાઈ પકશી ગણેછે. હીંદુઓની કથામાં કહેછે કે તેમનો વીશણુ નામનો મોટો દેવ ગરૂડ પકશીની ઊપર સવારી કરતો હતો. એ પકશીને આગલા વખતના લોકો ઘણું બાહાદુર અને આપએખતીઆર ગણતા હતા, તેથી મોટા મોટા રાજાઓ તથા સરદારો પોતાની બાહાદુરી તથા આપએખતીઆરીની નીશાણી દાખલ તેના પીછાંને પાઘડી અથવા ટોપીમાં ખોસતા. એવો ચાલ હજુ સુધીછે. જેના માથામાં ગરૂડનાં પીછાં ખોસેલાં હોએછે તે પુરુશ ઘણો માનઈઊકત ગણાએછે. આગલા વખતના તેમજ હાલના વખતના ઘણાક રાજાઓના વાવટા ઊપરબી બાહાદુ

રી, ફતેહ વગેરેની નીશાની દાખલ ગરૂડ પકશીનું ચીતર પાડવામાં આવતું હતું અને હજુ આવેછે.

ગરૂડ પકશી પ્રુરથવીના ચીઆરે ખંડના ઘણા ખરાં દેશોમાંથી મલી આવેછે. આપણા દેશમાં (હીંદુસતાનમાં) હીમાલીઆ પરવત તરફથી મલેછે. એ પકશી હમેશાં ઊંચી જગાએ રેહેછે, અને જીઆરે શીકાર કરવો હોએ તીઆરે નીચે આવેછે. એનું શરીર ઘણું ભારે અને પાંખ ઘણી મોટી હોવાથી કોઈ પણ શીકાર તેનાથી હવામાં સેહેલાઈથી પકડાતો નથી. તે જમીનપરથી બકરાં મેંઢાના બચાં, સસલાં, નાહાના હરણાં વગેરેને ચાંચમાં ઊચકી લઈ જાએછે. જીઆરે એને શીકાર પકડવો હોએછે તીઆરે એ નીચે મજબુત આંખ રાખીને આકાશમાં ઊડેઆ કરેછે, અને જેવો એકાદો શીકાર નીચે નજર આવેઓ કે તેનાં પર એટલીતો ઝડપથી નીચે આવીને ઝડપ મારેછે કે તે જનાવર નાહાશવા જાએ તેટલેતો તેને ચાંચમાં પકડીને હવામાં ઊડી જાએછે. બકરાં અથવા મેંઢાંના ટોલાંમાં એ પકશી એવી ઘણી ખરાબી કરેછે તેથી ભરવાડો એના માલાઓમાં કાંઈ ઈઊકતીથી આગ લગાડી, તથા એવીજ બીજી રીતે તેમનો નાશ કરેછે.

એ નામીચું પકશી પોતાનો માલો ઊંચા પાહાડ અથવા ડુંગરોની ટોંચ પર કોબરમાં બાંધેછે, અથવા એવીજ જગામાં એવાં ઝાડ હોએ, કે જેના ઊપર કોઈથી ચહ્ડી ન શકાએ અથવા કોઈ પણ બાજુએથી બંદુકની ગોલી પોંહાંચી નહી શકે તેની ઊપર બાંધેછે. માલો ઝાડની સુકી દાંખલીઓનો બાંધેછે, પણ તે ઘણો મજબુત હોએછે, અને તેની માહે લીલ કે પરનું અસતર હોતું નથી. એ પકશી દર વખતે બે ઈંડાં મેલેછે. તેના ઊપર ફીકા જાંબુડા અથવા તેવાજ રાતાશ પરના રંગની છાંટ હોએછે, જે તેના જાડા છેડા તરફ પુશકલ અને પાસે પાસે હોએછે.

એ પકશીને પોપટની માફક પીંજરાંમાં રાખવાથી તે થોડા વખતમાં સેહેલાઈથી માણસની સાથે હલી જાએછે. કેટલાકો કહેછે કે તે માણસની સાથ હલી જાએછે ખરું, પણ બીજા જનાવરના જેટલું નહી. પણ કેટલાકો તેથી ઊલટુજ મત ધરાવેછે, એટલે એવું કહેછે કે તે ઘણી સારી રીતે માણસ સાથ હલી જાએછે. તે માણસના હાથમાંથી ખાએછે, અને તેનાં ખભાં, માથાં વગેરે ઊપર જઈને બેસેછે. તેને બોલાવેછે તીઆરે તે જટ પાસે આવેછે, અને જીઆરે તેની પીઠ અથવા માથાપર પસવાડે તીઆરે તેને સુખ થતુ હોએ એવું બતાવેછે. પાલેલી અવસથામાં પણ તેને હમેશ તાજુ અથવા સોજુ માંસ ભાવેછે. જો કોહેલું અથવા માણસના ખાધામાં નહી આવે એવું માંસ મેલીઊં હોએતો તે મુદલ ખાતું નથી. જો તેને બચપણથી પકડીને પીંજરાંમાં રાખેછે તો તેની ઊપર ઝાજાં પીછાં આવતાં નથી, પણ જો તે જંગલમાંજ ઊછરેછેતો તેના શરીપર ઘણાં સુંદર પીછાં આવેછે. કેટલાંકને છાતીપર પીલા સુનેરી રંગનાં પીછાં હોએછે, તે ઊપરથી તેમનો "સુનેરી ગરૂડ" કહેછે. એવું કહેછે કે ઈંગલંડમાં એક સખશે ગરૂડ પકશી પાલીઊં હતું તે તેની સાથ એટલુંતો હલી ગઈઊં હતું કે જીઆરે તે બાહાર ફરવા જતો તીઆરે તેને છુટું પોતાની સાથે લેતો જતો હતો. તે પકશી તેના માથાપર ઊડતું રેહેતું હતું, તથા વખતે આગલ જઈ કોઈ ઝાહાડ પર બેસી પોતાંના ઘણીને જોએઆ કરતું હતું; અને જેવો પાસે આવતો કે વલી તેની બરોબર ઊડતું આવતું હતું. એ વગેરે એ ઊતમ પકશી વીશે જાણવા જોગ બીજુ ઘણુંછે, પણ હાલ તરત એટલું બસ કરીએ છઈએ.

## ચીનાઈ વાસણ.

ચાંહ પીવાના પેઆલાં, રકાબી, વગરે જે મટોડીના વાસણ આવેછે તેને ચીનાઈ કે કાડીના વાસણ કહેછે. જોકે એ વાસણનો રંગ ઘણોજ સફેદ અને ચલકતો દેખાએછે, પણ તે એક જાતની મટોડીમાંથી બનાવેલાંછે. તે મટોડી આ સાધારણ મટોડી કરતાં જુદીછે, અને તે આપણા દેશમાં કેથે મલતી નથી. એ વાસણોને "ચીનાઈ વાસણ" એટલા ઊપરથી કહેછે કે અસલ એ જાતની મટોડી ચીનમાંથી મલી આવી હતી અને એવાં વાસણ પણ પેહેલ વેહેલાં ચીનાઓએજ બનાવેઆં હતાં. એ વાસણ મટોડીનાછે ખરાં પણ તે કાંઈ એખલી મટોડીનાજ બનેલાં નથી, અને તેથી એટલાં સફેત પણ થાએ નહી. પણ તે મટોડીની સાથે ચકમકના પથરને બાલી તેને છુદી બારીક ભુકો કરીને સાથે મેલવેછે, અને પછે તે બંને ભુકાને એકઠા મેલવી તેમાં પાંણી રેડી છુદી છુદીને નરમ માખણ સ

રખો ફોલ કરેછે. પછે તેમાંથી જેવડું વાસણ બનાવવું હોએ તેવડો તેના લોંદો લઈ એક ફરતાં ચકર ઊપર મેલેછે અને જેમ કુંભાર પાંણીના માટલાં, પાટીઆ, કુહુલાં વગેરે બનાવેછે, તેમ તેમાંથી પેઆલાં, રકાબી, ચાહેદાની ઈતીઆદી વગેરે બનાવેછે. પછે તેને તે ચાક ઊપરથી ઊતારી સંઘારા ઊપર ચહડાવેછે, અને તે ઊપર ગોલનાં ગોલ સરખાં અને સાફ કરેછે. પછે તેમની ઊપર પકડવાની દાંડી કે ગલવાનાં મોડાં જડવાં હોએ; કે જે જુદાં બીબાંની માહે બનાવેછે, તે તેની ઊપર જડેછે, અને પછે એક મોટાં માટીનાં વાસણમાં ભરીને મોટી ભઠીમાં મેલેછે, જેમાં બે તરણ દાહાડા સુધી રાખી બાહેર કાહાડેછે. એટલુ થઈ રહીઊં કે તે વાસણ તઈઆર થએઆં ખરાં પણ તે કાંઈ ચલકતાં નહી થએઆં. એને ચલકતાં કરેઆ વગર વાપરવામાં લીધાં હોએતો તે શોભે નહી એટલુજ નહી પણ તેની ઊપરથી મેલ ફીટે નહી, અને તે સાફ થાએ નહી. માટે તેને ચલકતાં કરવાને તે ઊપર તદન જુદુજ કામ બનેછે. એક પોહોલાં વાસણમાં નીમક અને સીસાંના ખારની મેલવણી કરી તેમાં બોલી કાહાડેછે, અને પછે તેને પાછાં થોડી ગરમીવાલી ભઠીમાં મેલેછે. તેમાંથી બાહેર કાહાડેઆ પછે તે જેવાં આપણે હાલમાં ચલકતાં જોઇએ છઇએ તેવાં ચલકતાં બની રેહેછે. એ પરમાંણે એ વાસણને ચલકતાં કરવાની અજબ રીતે શોધ થઈછે એ શોધ થએઆની આગમચ એ વાસણો એવાં ચલકતાં થતાં નહી હતાં પણ તે ઊપર સીસાંનો ખાર લગાડી તેને સુમારાં કરવામાં આવતાં હતાં. પણ એક વખત એવો બનાવ બનેઓ કે એવાં વાસણમાં એક દાહાડે એક સ્ત્રી મીઠાંના પાંણીમાં ગોશ પકાવતી હતી, તેવામાં તે પાંણી ઊભાઈ ગએઆથી તે વાસણની આજુ બાજુ તેના રેલા ઊતરેઆ હતા. પેલું ગોશ ચડી રહીઆ પછે તે વાસણને નીચે ઊતારવામાં આવીઊં, જે તાહું પડતાં તેનાં જે ભાગ ઊપર રેલા ઊતરેઆ હતા તે ચલકવા લાગા. એ બનાવ તે અસતરીની પરોશમાં એવાં વાસણ બનાવનાર એક કુંભાર રેહેતો હતો તેના જોવામાં આવેઓ, તેવોજ તેના મનમાં વીચાર આવેઓ કે એ પરમાણે જો સીસાંના ખારની સાથે મીઠાંનું પાંણી મેલવી તે વાસણ ઊપર લગાડી તેને ગરમી આપી હોએતો તે ચલકતાં થાએ. તરત તેણે પોતાના ઘરમાં જઈ તે પરમાણે અજમાવી જોઈઊં તો તેજ પરમાણે બનીઊં. તાહરથી એ વાસણો હાલના જેવાં ચલકતાં થવા લાગાં.

પણ એવી જાતના વાસણ ઊપર ચલકાટ સીવાએ આપણા જોવામાં તહરેવાર જાતના અને રંગના ચીતારો પાડેલા પણ જોવામાં આવેછે. એ ચીતારો પાડવાની પણ ઘણી સરસ ઈગિકતી શોધી કાહાડેલીછે. જે વાસણ ઊપર ચીતાર પાડવો હોએ તે ઊપર લખેઆ પરમાણે તેને સીસાંનો ખાર અને મીઠાંની મેલવણી લગાડેઆની આગમચ પાડેછે. કેમકે જો ચલકતાં થએઆ પછે ઊપર પાડવા જાએતો તે ઊપર રંગ બરોબર ચોંહાંટે નહી અને તે પાછો તરત ધોવાઈ જાએ. હરેક વાસણ ઊપર જેવા આકારનુ અને જેવા રંગનુ ચીતર પાડવું હોએ તેવા આકારનુ અને તેવા રંગનુ ચીતર એક જાતનાં ચીકણા કાગલ ઊપર છાપી કાહાડેછે, અને પછે તે કાગલને તે વાસણ ઊપર એમનુ એમ ચોટાડી દેછે. એમ કરવાથી તે ચીતર તે વાસણ ઊપર એમનું એમ પડી રહેછે, અને પછે તેને ઊપર લખેઆ પરમાને મેલવણી લગાડી પાછાં ભઠીમાં મેલેછે, જે બાહાર નીકલેઆ પછે જેવાં આપણે ઘેરમાં વાપરીએ છઈએ તેવાં શુંદર, ચલકતાં અને તહરેવાર જાતના ચીતર સાથના તઈઆર વાસણ બની રેહેછે. કેટલાંએકની ઊપરતો સુનેરી રંગના ચીતાર હોએછે, પણ તેનેતો ચીતારાઓ પીછી વતે હાથે કરીને પાડેછે. તે પીછી ઊંઠના બાલની બનાવવામાં આવેછે; કેમકે તે બાલ એવાતો બારીક અને નરમછે કે તેથી ચીતરમાં ઘસા દેખાએ નહી.


અગાઊ એ વાસણ માતરે ચીનમાંજ બનતાં હતાં, કારણ કે તે બનાવવાની માટી તાંહાંજ મલતી હતી. પણ તે એટલાંતો થોડાં અને મોઘાં વેચાતાં હતાં કે તે મોટા પઈસાદાર લોકનાજ ઘરમાં નજરે આવતાં હતાં; પણ જાહારથી એ હુનર ઈઊરોપીઅનોના હાથમાં ગએઆછે તાહારથી તે વાસણો આખી પ્રુથવી ઊપરના દેશોમાં ફેલાઈ ગએઆંછે, અને વલી તે આજે એક પાદશાહાના મેહેલથી તે એક ગરીબ બેગારીની જુહુપડીમાં વતીક નજરે આવેછે. તેનું કારણ એજછે કે તેઓ એવાં વાસણ જથાબંધ બનાવેછે, અને તે ઘણાજ સગતાં વેચેછે તેથી કરી તે તવંગરોથી તે ગરીબો શુધીથી વપરાએછે. એ પરમાણે જથાબંધ થવાનું અને

સસતાં વેચાવાનું કારણ એછે કે, તેને બનાવવામાં ઇ ઊરોપીઅન લોકો સાંચાની મોટી મદદ લેછે, જે સાં ચા તેઓએજ પોતાની બેહદ ચતુરાઈથી શોધી કાહાડે લાછે. તેઓ લગભગ સઘલી જાતના કાંમો સાંચા વ ડેજ કરેછે. તેથી કરીને થોડા વખતમાં અને થોડા ખરચમાં પુશકલ ચીજો બનેછે, અને તેના સબબથી તે ઘણી બનેછે, અને સસતી વેચાએછે. જો તેઓ પ ણ આપણા દેશના લોકોની પેઠે હાથનીજ મેહેનતને કાંમે લગાડે અને "જેમ બાપદાદા કરતા આવેઆ તેમજ કરવું" એવા વીચારને વલગી રેહતા તેવોથી તે માંનો સોમો હીસો પણ કાંમ થાએ નહી, અને પઈસા મલે નહી, માટે જેવું તે બાપદાદા કરતા આવેઆ તેજ રીતે કરવું, અને તેમાં કશો ફેરફાર અથવા સુધારો કરવો નહી, એ મોટી બેવકુફાઇછે, અને દેશના દલી દરપણાનું મુલછે માટે એવો બુરો વીચાર સઘલી વાં ચનારી બાઈઓએ મનમાંથી કાહાડી નાખવો જોઈએ.

## લખનોનો ઈમાંમવાડો.

વાંચનાર બેહેનો, માણસ જાતે પોતાના પાંચ આંગલાંના હાથ, અને ચાર આંગલનાં ભેજાં વડે શું શું અજાએબ જેવી કારીગીરીઓ કરીછે તે તમે ઘા રાપુરી અને કારલા વગેરેના ગુફા, બદરીકેદાર અને જગનનાથ વગેરેનાં દેહેરાં અને તાજ માહાલ તથા જુ મા વગેરેના મસીદો, એટલું હીંદુસતાનનુંજ જોવતો તમને સમજ પડે. એ અને એવીજ દુનીઆંનાં બીજા ભા ગપરની ઈમારતો તથા ગુફાઓ જીઆરે માણસ નજ રે જોએછે તીઆરે તેની છાતી ડંગ થઇ જાએછે, અ ને બે ઘડી ઊભો ઊભો વીચારજ કરેછે કે માણસે આ તે શું તલેસમાત બનાવીઓછે!

હીંદુસતાન માહેલી એવી ઊતમ કારીગીરીની ઈમારતોમાં લખનોનો ઇમામવાડો એ પણ એક સઊ થી સરસ બાંધકાંમ ગણાએછે. તેની ઊપરના મોટા ઘુમબજો, ઊંચા મીનારા, અને તેની ઊપરની બારી ક નકસી જોઈ, જોનાર હેરતમાં પડી જાએછે. એ ઈમામવાડાનું એક ચીતર પાસેનાં પાંના ઊપર આપી ઊંછે, તે જોવાથી તેની રોનકનો થોડો ઘણો વીચાર તમારા મનમાં આવશે. એ ઈમારત લખનો શેહેરના હુશનબાદ નામના મોહોલામાં, ગોમટી નદીના કીના રા ઊપર મોટા દબદબાથી ઊભેલીછે. ઈમામવાડો એ મુસલમાન લોકનું પવીતર મકાન હોએછે. એ મ કાન તેમના એક મોટા પીરના છોકરા હસન તથા હુ સેનની જારત કરવાને માટે બાંધવામાં આવેછે. એ બંને ભાઈઓ આગલ લડાઈમાં મારેઆ ગએઆ હતા, તેથી તેની એઆદગારીમાં કેટલાક મુસલમાનો કાગલ નાં તાબુત બનાવી દરીઆ તથા નદીમાં ડુબાડેછે, અ ને કેટલાંક તેવું કશું કરતા નથી. જેઓ તાબુત કર તા નથી, તેઓ તાબુતની રીતને ધીકારેછે, અને કેહેછે કે તે તેમના ધરમમાં ફરમાવેલું નથી. એવું કેહેનારા આરબ, મોગલ વગેરે જાતના મુસલમાનોછે, જેઓ મો હોરમના દાહાડામાં તાબુત કરવાને બદલે ઈમામવાડા માં એકઠા થઈ કેટલીક જાતની કીરીઆ કરેછે. તે માં મુખીએ કરીને ખોદાની બંદગી કરેછે, અને હ સન હુસેનને રડેછે તથા કુટેછે. એજ કારણને સારૂ લખનોનો ઈમામવાડો બાંધવામાં આવેલોછે. આપ ણી મુંબઈમાં પણ ભાએખલે જતાં એવો એક ઈમામ વાડો બાંધેલોછે, પણ તે કાંઈ ઊપલાના જેવો સુંદર ન થી. આખા હીંદુસથાનમાં લખનોનોજ ઈમામવાડો સઊથી સરસ ગણાએછે. મોહોરમના તેહેવાર ઊપર જીઆરે એમાં રોશની થાએછે, તીઆરે એનો દે ખાવ ઘણોજ રલીઆમણો લાગેછે. એ ઈમામવા ડો "અસફ ઉદ દઊલા" નામના નવાબે અઢાર મી સદીની આખેરીએ બાંધેઓ હતો. લારડ વેલેનશીઆ નામનો એક અંગરેજ ઊમરાવ જે ણે એ ઈમામવાડો જોએઓછે તે લખેછે કે "માતરે તેનો આગલનો દરવાજો, અને તેમાં થઈને અંદર જવાનો જે મારગછે, તેજ એવોતો ઊતમ કારીગીરી થી બનાવેલોછે કે તે જોતાંજ માણસ અચરતીમાં પ ડેછે. એ ઈમારતની એવી બેહદ ખુબસુરતી અને મો ટી કારીગીરી જોઈ કેટલાક વેહેમી મુસલમાનો એવું કહેછે કે તે માણસને હાથની નહી પણ જીનોને હાથ ની બનાવેલીછે!" ખરેખર બેહેનો આકાસમાં વસનો રાં જીનોથી એ ઈમારત બંધાએલી નથી, પણ એક જાતનો કોઈને નહી દેખાએ એવો જીન માણસના મગજમાં વસેછે તેણે એ બાંધેલીછે. તે અનદીઠ જીન નું નામ અકલછે. અકલ જીન એવો જબરોછે કે જે તે ચાહેછે તે કરી શકેછે. વાંચનારી બાઇઓ, તમને ખ



લખનૌનો ઇમામવાડો.

ખબર હશે કે ૧૮૫૭ ના વરસમાં કેટલાક જહનુની અને લુચા લોકોએ હીંદુસતાનમાં ચોમેર મોટો બલવો ઊઠા વેઓ હતો. એ બલવામાં કેટલાક કરપીણોએ અંગરેજ લોકની સુંદર અને નાઝુક અખલાઓને અને તેમના ખુબસુરત તથા નીરદોશ બાલકોને વવાણી વવાણી ઘણાજ ઘાટકીપણે મારી નાખીઆં હતાં. એ બલવાની વખતે લખનોના બલવાખોરો એ ઈમામવાડામાં એકઠા થઈ અંગરેજો સાથે લડતા હતા, અને લડાઈનો સરનજામ માહે રાખતા તથા તઈઆર કરતા હતા. તેથી એજ કાલાં વરસના મારચ મહીનાની તા૦ ૧૪ મીને દીને ઈંગરેજ લશકરે મોટી લડાઈ કરી એ ઈમામવાડો પોતાને તાબે કરી લીધો હતો, અને તે માંના સઘલા બલવાખોરોને મારી કાહાડીઆ હતા, તથા તેમનો સઘલો લડાઈનો અસબાબ તારાજ કરેઓ હતો. પણ હાલમાં પાછો તેને મુસલમાનો વાપરેછે. એ ઈમારતની ઘણાક મુસાફરો તારીફ કરી ગએઆછે, પણ તે સઘલું લાખી અતરે લંબાન કરવાની જરૂર ન હોવાથી એટલાંમાંજ બસ કરીએ છઈએ.

---

## ફરસુદનો વખત.

તે સરવશકતીમાન સાહેબે કોઈપણ જીવંત વસતુને સથીર પડી રેહવાને સરજી નથી. કાંઈ અને કાંઈ પણ રીતે તેને તેના શરીરના અવીઅઓને ગતીમાં મેલવાનાં સાધનો કરી રાખેલાંછે; જે પાર પાડતાં દરેક પરાણીને દાહાડાનો અથવા રાતનો ચોકસ ભાગ મેહનત કરવી પડેછે. માણસને માટે કશું તઈઆર પેદા કીધું નથી, તેથી તેને જમીન ખોદી, રૂ કાંતી, ખાવા અને પેહરવાને માટે મેહનત કરવી પડેછે; પણ બીજાં પરાણીઓને તઈઆર કપડાં અને તઈઆર ખોરાક આપેલોછે, તે છતાં તેનાથી આલસુ બેસી રેહવાતું નથી. ગાએ ઢોરને માટે પુશકલ ચારો તઈઆરછે, પણ તે તેમને અહીંથી તહીં ભટકીને ચરવો જોઈએ. વાઘ, વરૂ વગેરેના વાસતે જાનવરોનો શેકાર તઈઆરછે, પણ તેમને તે સેકાર હંકી કાહાડવાને અને પકડીને મારી નાખવાને મેહનત કરવી પડેછે. એ પરમાણે જોઈએછે તો. દુનીઆંની દરેક જીવતી વસતુને તે પરમ કુરપાલુ ઈશવરે સદા મેહનત સાંપીછે; પણ જેમ મેહનત સાંપીછે, તેમ ગમત પણ સાંપીછે, જેથી પરાણી માતરે જાહારે મેહનત કરીને થાકે તાહારે ગમત લઈને પાછું તાજું થાએ. જે વેલાએ પરાણી હર કાંઈ મેહનત કરવામાં ગુંતાએછે, તેને કાંમનો વખત કહેછે, અને જે વખતે તે કાંમ પુરૂં કરી નચીત થાઇ બેસેછે તેને ફરસુદનો વખત કહેછે. જેમ કામની વખતે મેહનત કરવાને તરેવાર જાતના કાંમો તે સાહેબે સરજીઆંછે, તેમ ફરસુદની વેલાએ ગમત મેલવવાને તરેવાર જાતની ગમતો પેદા કરીછે. તેથી દરેક પરાણીએ અથવા માણસે જેમ દાહાડનો કેટલોક ભાગ મેહનત અને મજુરી કરવી જોઈએ તેમ કેટલોક ભાગ રમત અને ગમત પણ કરવી જોઈએ. જે પોતાનું કાંમ મેલી ગમત કરવા માડે તેને જેટલું આપણે બેવકુફ કહીએ તેટલુંજ બેવકુફ, જે માણસ પુરતું કામ કરવા પછે ફરસુદની વેલાએ ગમત નહી લે તેને કેહવું જોઈએ. મેહનતથી શરીર અથવા મન ઘસાએછે, અને ગમતથી તે પાછાં પુરાએછેઃ માટે જો મેહનત કરે અને ગમત નહી મેલવેનો તેનું તન અને મન ઘસાઈને જલદી રદ થઈ જાએ, અને જો ગમતજ કરે અને મેહનત નહી કરેતો તે ભરાઈને ફાટી જાએ. એટલે કે જો મેહનતની સાથે ફરસુદ અને ફરસુદની સાથે મેહનત, એ બંનેને રાખેઆં હોએ તોજ આપણી તંદરૂસતી સારી રહે, અગર નહીતો તેમાં બીગાડ થાએ. એ ઊપરથી ખોલી રીતે સાબેત થાએછે કે માણસે મેહનત કરી પછે ફરસુદ લેવી, અને ફરસુદ લઈ ગમત કરવી એવો કુદરતે નીઅમજ બાંધેલોછે અને કુદરતના નીઅમને તોડવો એ પથર ઊપર ટકર મારવા સરખુંછે.

ઊપલી બાબદ ઊપરથી સાફ જણાએછે કે માણસ માતરે થોડોવાર પરવાર મલે તીઆરે ગમત કરવી જોઈએ, પણ હવે આપણે જોઈએ કે એ કુદરતનો વાજબી કાએદો આપણી પારસી અસતરીઓ કેવી રીતે પાલેછેઃ પણ તેમાંની ખામીઓ બતાવવા આગમચ તેનો ઊપીઓગ કરનારા બીજાઓમાં શું ખુબી છે તે બતાવવી જોઈએ સુધરેલા દેશની સ્રીઓ (પોતાના મરદોની સાથે) ફરશુદની વેલાએ શું કરેછે તે જુઓ. જુવાન, ઘરડાં, નાહાનાં સરવે એકઠાં મલી મેહેલમાં રેહતાં હોએતો દીવાનખાંનામાં, કે જુપડીમાં રેહતાં હોએનો બાહેર ચોકમાં એકઠાં બેસેછે. બેસીને શું ગમત કરેછે? કોઈ વેલાએ ગામમાં બનતા બનાવો, જે ઊપર બીજાઓનું સારીપેઠે પેઆન લાગે તેની વાત કરેછે, કોઈ વખત તરેવા

-ર રાજા અને પાદશાહાની નીતીની અને હસવાની વાતો કરેછે; કોઇ વખત તેવી સુંદર વાતોની તથા નાટકોની ચોપડી એક જણ વાંચે અને બધાં જણ સાંભલેછે; કોઇ વખત હાથમાં શુંદર વજંતર લઇને તેમાંથી મધુર રાગ કાહાડેછે, અને વખતે તેની સાથે પોતાના વાંસલી સરખાં ગલામાંથી બુલબુલને શરમમાં નાખે એવો સરોદ મેલવી નાખી ગમતની સાકરમાં મધ મેલવી આ સપાસનાઓને ગલાવીદેછે; અને તેની સાથ કોઇવાર પોતાના તીતરની માફક ઊડતા નાજુક પગોને વાપરી નાચતા મોરને વીસરાવી મેલેછે કોઇવાર બાગમાં જઇ તેમાં ઊગેલાં વીધવીધ રંગના અને વાસના ફુલની સુગંધીમાં લપટાઇ જાએછે, અને કોઇવાર એકાંત લીલોતરીવાલાં મેદાન ઊપર, તથા આકાશ માહેલાં સુનેરી અને રૂપેરી રંગના વાદલના પરકાસથી શોભી રહેલાં તરેવાર રંગના પાંણીના કીનારાની જગા ઊપર એમથી તેમ ફરેછે, અને તે સાહેબની અજીમ કુદરતના નવાઈ સરખા નમુનાઓ જોઈ, આ ફાંની દુનીઆંવીશે તરેવાર વીચારમાં ચકચુર થઈ જાએછે.

આતો જાણે સુધરેલા દેશની વાત કહી, પણ જંગલી લોકો શું કરેછે તે જોઈએ. ખરેજ તે બાપડા કેટલીક હુનરની ગમતોથી ઘણેક દરજજે બેનસીબછે, પણ તેથી તેઓ કાંઈ તદન તે વીનાના નથી. તેમને સુધરેલા દેશના લોકોની માફક લખતાં કે વાંચતાં આવડતુ નથી, કે તેઓ તરેવાર ચોપડીઓ લખે અને વાંચે. તેમને મોટા મેહેલો અને ઈમારતો બાંધતાં નથી આવડતી કે તેના દીવાનખાંનામાં તરેવાર જાતના ચલકતાં ને જલકતાં વજંતરો ગોઠવી ગાએન કરે. તે બાપડાઓ જંગલમા જનાવરની માફક જે મલેછે તે ખાએછે અને જીઆં ઓથો મલેછે તીઆં શુએછે, તો પણ કંઈજ નહીતો ગાવું અને નાચવું એ બે તો તેમની સાથે ઈશવરે મોકલેલાંજછે. જોકે તેમના જનાવરના ખરાદ સરખાં ગાએણ, કાનને કઠોર લાગે એવાં વજંતર અને આંખને કંટાલો આવે એવો નાચ જોઇ આપણને હસવું આવેછે તથા નાપસંદ લાગેછે, પણ આટલુંતો સીધ થાએછે કે તેઓમાં પણ એટલું અને એવુંછે.

જંગલી દેશના માણસો મુકી આપણે તેમનાથી પણ ઊતરતી પંકતીના જનાવર ઊપર ધેઆન આપીએ. જનાવરોમાં પણ પશુ, પકશી, માછલાં વગરે ગાએન કરેછે, અને નાચેછે. ગાએન ગાનારી માછલી, ગાએન ગાનારૂં પકશી, એવા બોલો આપણે વારેવાર સાંભલીઆછે. બુલબુલના ગાએનથી અને મોરના નાચથી કોઈ અંજાણું નથી. હરણ, સસલાં, ગેંડાં, વાછરડાં વગેરેને. બામદાદને વખત કે સમીસાંજને વખત લીલોતરીવાલાં મેદાન ઊપર તરેવાર રીતે કુદતાં અને તરેવાર આવાજ કરતાં થોડાંએજ નહી જોએઆં હશે.

એ સઘલાં ઊપરથી આપણે શું વીચાર કરીએ ? વીચાર એજ આવેછે, અને આપણી બુધી આપણને એમજ કહેછે કે માણસ ગાતરે ગાવા, બજાવવા, નાચવા, વાંચવા, હસવા, બોલવા, ફરવા વગરેની ફરસુદની વેલાએ ગમત લેવી એમ અવશીઅજછે, અને ઈશવરે એવો નીરનઈઅજ કરેલોછે. જીઆરે એવી ગમતો કરવી એ પણ આપણી એક આએ દુનીઆંમાંની ફરજજછે, તીઆરે તેનાથી કોઇએ પણ બેનસીબ શાને માટે રેવું જોઈએ ! અને જીઆરે કોઈએ નહી રેહેવું જોઈએ તીઆરે આપણી સ્રીઓએ શાને માટે તદન તે વગર રેહેવું જોઈએ ? જે જાતની ગમતો એક સઊથી સુધરેલા દેશથી તે એક શઊથી જંગલી દેશથી, તે સાથે પશુ, પકશી, માછલાં અને જંતુ શુધીમાં નજર પડેછે, તેવી ગમતો આપણી સ્રીઓ પાસ કાંએ નહી હોએ ? અફશોશ ! એ કેવું દુખ ઊપજાવનારૂં ! પારસીનો ટોલો આજે આખા એશીઆખંડમાં સઊથી સુધરેલો ગણાએછે, તેમની સ્રીઓને ગાતાં, વજાડતાં અને નાચતાં નહી આવડે એ કેવા અચરતીની વાત ! જીઆરે એવું સુધરેલા દેશના લોકો અથવા સ્રીઓ સાંભલે તીઆરે તેમને કેટલી તાજુબી ઊતપન થાએ અને કેવા તેઓ હસી કરે ! ખરેખર પારસીઓની એવી હાલત હસી કરવા જોગજછે. વલી વધારે અજબ જેવું અને વધારે હસી કરવા જોગ એછે કે આવી કુદરતની સરજેલી અને માણસ જાતની પછવાડે સુખના મુલ સરખી પેદા થએલી ગમતને પારસીની ઘણીક સ્રીઓ અને મરદો ધીકારેછે !! એ કેવી ઘેલાઈછે તેનો જો તેઓજ જરા નીરાંતે બેસીને વીચાર કરેતો તરત પોતાની ભુલ જોએ. આએ કેવી દલગીરીની વાત કે પારસીની બાંનુઓ, આખો દાહાડો કોઈ પણ જાતની મેહેનત કરી જીઆરે સાંજની કે બીજી વેલાએ પરવારતાં બેસે તી

આરે એક બીજાની તાત, નીંદા, મશકરી અને એ વીગરે બીજા એવાજ નીચ અને સ્ત્રીના નામને એબ લગાડનારી ગંમતો (જેમ તેઓ સમજેછે તેમ) મેલવી ઊઠેછે. આજે પારસીઓમાં કોઈ પણ એહેલી ચોપડી નહી વાંચી શકે એવી થોડીજ સ્ત્રીઓ હશે, તોપણ કોઇ એવી વેલાએ સારી ચોપડી લઈ વાંચવા બેસતું નજરે પડતું નથી. આજે સુધરેલા જમાનાનાં તરેવાર વજંતરના હુથીઆરોછે, અને નામીચા કવીઓના તરેવાર નીતી અને ભકતીના ગાએનોછે, પણ કોઈબી તેનો ઊપીઓગ કરતું નથી. સઘલાં વજંતરમાં, ગાએનમાં અને નાચમાં ઘણીક પારસી સ્ત્રીઓ પાસે પુરતી ગાલો, કજીઆ કરવાની રીતો અને નીંદા કરવાની ઊર્લટો સીવાએ બીજું કશું નથી ! અફશોસ ! પણ એ સઘલાંનો દોશ હમો એકલી સ્ત્રીઓ ઊપરજ મેલતા નથી. તેમાં બરોબર જોઇએતો પારસી પુરૂશોનો વાંક પણ ઘણોછે. આજે એવા થોડાજ પારસીઓ મલી આવશે, જેઓ પોતાની બેન કે દીકરીને કોઈ જાતનું શુંદર ગાએન ગાતાં સાંભલી તથા વજતર વજાડતાં કે કોઈ તેવી ચોપડી વાંચતાં જોઇ ખુશી થાએ અને તેમને ઊતેજન આપે ! પણ તેથી ઊલટા ખવાસનાં આજે ઘણા મલી આવશે. કેટલીક બીચારી બાનુઓ ઊપર તેમનાં ઘરમાનાં મરદોનો એવોતો જુલમ હોએછે કે ગાવું અને બજાડવું તો રહીઊં પણ જીઆરે તેઓ (મરદો) ઘરમાં હોએ તીઆરે તે બીચારીઓથી મોટે સાદે વાત પણ નંહી થાએ ! એવા જુલમ તલે કચડાએલી, તથા એવા વેહેમી હાથ તલે ઊછરેલી બીચારી બાનુઓ કુદરતના આવી ઊમદા બખશેશનો કેમ લાભ લીએ, અને બરોબર બોલીએતો તેનાં એવા સુખકારી હુંકમને કેમ તાબે થાએ ! માટે પારસીઓની આવી હીનપસતી ભરેલી ખામીનું મુખીઅ મુલ મરદોછે એમ કહીએતો તેમાં બીજી અડચણ નથી. જો આજે મરદો કોશેશ કરી ઘરમાંની સ્ત્રીઓને સુધારવા માંગે, તથા તેમનામાં એવા મનોરંજક ગમતો દાખલ કરેનો એ કાંમને માટે લાએક સરજેલી એવી જે બાનુની જાત, તે કદી પણ તેમની સામે થઈ તેમાં વાંધો લે નહી. માટે જોકે આએ બીનાં હમોએ સ્ત્રીઓને કાજે લખીછે તોપણ તેની ઊપર સ્ત્રીઓએ તેમજં પુરૂશોએ એકસરખું પેઆન આપવાની ફરજછે.

---

## રમુજે ફરસત.

૧. જીઆરે હું જીવતું હતું તીઆરે ગાએ, બલદ, ભેંસ, બકરાં, મેંડાં વગેરેનાં માસ તથા હાડકાંનો બચાવ કરતું હતું; અને મરણ પછે બીજો જનમ લઇને માંણશનાં પગનો બચાવ કરૂછું. જેનાં પાસે હું હોઉછું તેને લોક માન આપેછે, પણ મને અપમાનમાં ગણી કોઈને અપમાન આપવાની જગાએ મારૂં નામ લેછે તથા મને વાપરેછે.

૨. મારો ઘાટ એક ખાટાં અને મીઠાં ફલનાં સરખોછે. હું સઘલા પરાંણીને મારા ઘરમાં રાખુછું, ખવાડુછું, પીવાડુછું અને કપડાં પેહેરાઉછું, તોપણ તેઓ મને પુરતું માન આપતાં નથી. મને લાત વતે મારેછે, મારી ઉપર થુકેછે, અને એ વીગેરેની બીજી અનેક તહરાંની ગલીચી મારાં શરીર ઉપર કરેછે.

૩. હું સઘલા માંણસને મારા પેટમાં સદાકાલ રાખુછું. અને જીઆરે જરાક તેમનાં પેટમાં હું જાઉછું તીઆરે તેઓ મને આંચકો મારીને કાહાડી મેલેછે, તોપણ હું એવી હટીલીછું કે દર પલે જમ્યા વગર રેહેતી નથી. જોકે મારા વીગર કોઈને એક પલવાર પણ ચાલતું નથી, તોપણ મને મેલવવાને કોઈ કાલજી રાખતું નથી.

૪. વાંચનારી બાઈઓ, હું કોણછું તે મને ઓલખશો ? જીઆરથી તમો બાર વરસના થયાછો તીઆરથી હું તમારી સાથેછું, તે છેક તમારી જીંદગીનાં છેડા સુધી રેહેવાની. મારો જનમ ચીન દેશમાં થયો હતો, અને મારાં મા બાપ પણ તેજ દેશનાં એક બાગમાં જનમીઆં હતાં. મારા વગર તમારીથી કેથે પણ જવાતું કે અવાતું નથી. હું ગમે તેવી ખરાબ હોઉં તોપણ તમો મને "મજેની" જ કરીને કહોછો.

---

## પરચુરણ બાબદો.

**સાબુનો ઝરો**—કેલીફોરનીઆ શેહેરમાં એક સાબુનો વેહેતો ઝરો માલમ પડીઓછે. એ ઝરામાંનો સાબુ પરવાહી આકારમાંછે, પણ તેને થોડોવાર ખુલી હવામાં રાખવાથી તે બંધાઈને કઠણ થઈ જાએછે.

---

**લડાઈની ખુવારી**—હાલમા અમેરીકામાં જે લડાઇ ચાલેછે, તેને માટે એવું માલમ પડીઉંછે કે જીહારથી તે શરૂ થઈછે તીઆરથી તે ૧૮૬૩ ના ડીસેમબર મહીના સુધીમાં, એટલે તરણ વરસના અરસામાં બધાં મલીને ઉતરવાલાઓની તરફનાં ૫૫૨૭૨૦ માંણુસો, અને દકશણવાલાઓની તરફનાં ૩૪૭૪૬૫ માંણુસો મારીઆં ગયાં, ઘાએલ થયાં તથા કેદ પકડાયાં હતાં.

---

**બાફનું જોર**—વેલાતમાં એક રેલવેના એનજીનમાં બાફનો જથો વધી જવાથી તેનું બાઇલર એટલાતો જોરથી ફાટું હતું કે તેનાં આંચકાથી તે આખું એનજીન, જેનો વજન ૧૬૦૦ મણનું હતું, તે ૨૦ ફુટ શુધી ઉંચે હવામાં ઉડીને નીચે પડીઉં હતું.

---

**કબુતરની ઝડપ**—ચોકુંદની વાતપર નારથંમપટન નામનાં શેહેરમાંથી ૬ (કાસદીઆં) કબુતરને સવારના ૬ કલાક ને ૪૫ મીનીટે છોડીઆં તે વેનટન નામનું શેહેર જે ૧૨૦ માઇલને તફાવતે તાંહાં સવારનાજ ૮ ને ૫૦ મીનીટે આવી પોહોંચીઆં હતાં !

---

**દરીઆઇ ફોજ**—એવું માલમ પડીઉંછે કે આખી દુનીઆંની દરીઆઇ ફોજમાં ૧૬૮૩ ઇસટીમર, ૧૨૯૬ સઢનાં વાહાણછે, અને તે સઘલાંમાં બધી મલીને ૩૬૯૫૩ તોપછે.

---

**નાલીએરની નવાઇ**—ઇંગલંડ મધે રેહેનારા એક આગીરના બાગમાંનાં એક નાલીએરીના જાહાડપરથી પાકું નાલીએર મલી આવીઆથી તીઆંનાં લોકોને ઘણી અચરતી લાગી હતી. કેમકે આખા ઇઉરોપમાં પેહેલ વેહેલું એજ નાલીએર થએલું ગણાએછે.

---

**પીઆર અને શોક**—એક શખ્સની ઘણીજ પીઆરી સ્ત્રી મરણ પાંમવાથી તેણે તેને માટે એવો શોક પાલેઓ હતો કે દર રોજ એકકી નવી ઇસટાકીનની જોરી પેહેરવી, કેમકે તેની મરનાર વાહાલી સ્ત્રી તેની સાથ પરણવાની આગમચ ઇસટાકીન ગુંથીને પોતાનું ગુજરાણ કરતી હુતી. એ શખ્શ મરણ પાંમીઓ તીઆરે તેના ઘરમાથી ૨૪૩૮ ઉનનાં અને ૨૦૦૨ સુતરાઉ ઇસટાકીન મલી આવીઆં હતાં.

---

**રૂપાંની આવક**—ગણતરી ઉપરથી એવું માલમ પડીઉંછે કે આખી દુનીઆંની રૂપાંની ખાનમાંથી દર વરસે ૧૦૦૦૦૦૦૦૦ રૂપીઆની કીમતનું રૂપું નીકલેછે.

---

## ભવિષ્ય કાળનું ધોળ.

"વાડીના ભમરા દરાખ મીઠી રે આપાનેરની"
એ રાગનુંછે.

સજની, સારા શીસુકથી મેં તો સાંભળ્યું,
આપણા, ઉપર ઇશ્વરનીછે મેહેરરે,
સોહાગણ સજની, સરસ સમય આગળ આવશે—ટેક.

વધશે; દોલત વિદ્યા આખા દેશમાં;
જોવા, લાયક થાશે લીલા લેહેર રે, સોહાગણ સજની૦

એવા, ઉદ્યોગી જન જગતમાં જાગશે;
જેથી, સંસારીને સાંપડશે સુખરે, સોહાગણ સજની૦

ઘોડા, શ્રમથી નીપજશે વસ્તુ નવ નવી;
જેથી, ભાગશે ભાવઠ ને ભુખરે, સોહાગણ સજની૦

પાન, કનકના અને ઘર કાચના;
બાગ, બગી ને બંગલા બહુનરે, સોહાગણ સજની૦

પહોળા, પંથ બંધાશે આરસપહાણના;
નિશ્ચે, નહિ રહે કશી વાતે ન્યુનરે, સોહાગણ સજની૦

મહા, સાગરના પાણી તે મીઠાં થશે,
રહેશે, ખેતર લીલાં ખરેખાતરે, સોહાગણ સજની૦
સરવે, લોકો ભોગવશે સારી સાહેબી;
વળતી, વિપતની વિસરી જાશે વાતરે, સોહાગણ સજની૦
મળશે, સાકર જેવા મેવા મીઠડા;
ટળશે, તનના ત્રીવિધના પરીતાપરે, સોહાગણ સજની૦
થાશે, સ્વર્ગ સમાન સુખ સંપદા;
જાશે, પીડા ને પરલે થાશે પાપરે, સોહાગણ સજની૦
પાણી, પવન ને પાવક મજુર થશે;
વદશે, વીજળી સંદેશાની વાતરે, સોહાગણ સજની૦
પાણી, ભરશે લોટા પથ્થરની પુતળી,
ભોજન, ભાવતાં મળશે ભલી ભાતરે, સોહાગણ સજની૦
લાયક, લોટાનો ધોબી ધોશે લુગડાં;
વાયુ, વાળશે વાશીદું તે વારેરે, સોહાગણ સજની૦
છૂટો, વરસાદ રસ્તે પાણી છાંટશે;
તાજાં, તાંબુળ તે મળશે તૈયારરે, સોહાગણ સજની૦
દહાડા, સઘળા દીવાળી જેવા દીસશે,
સૃષ્ટી, માહિથી શમી જાશે શોકરે, સોહાગણ સજની૦
એવે, અવસરે આ ઠેકાણે અવતરી,
લહાવો, લેશે તે ભાગ્યશાળી લોકરે, સોહાગણ સજની૦
ગાન, તાન ગવાશે રૂડા રાગમાં,
ઘેરે, ઘેર થશે ઘણેરો આનંદરે, સોહાગણ સજની૦
ધીરજ, રાખજે આવ્યા દહાડા ઢુકડા;
તપશે, શીતળ સૂરજ ને ચંદરે, સોહાગણ સજની૦
હીરા, મણિઓની ખાણો મળશે હરઘડી;
વળી દૂધના વરસશે વરસાદરે, સોહાગણ સજની૦
ખાંડ, સાકર તો ખાતાં નહી ખૂટશે;
એવું, ભોગવશે આપણી ઓલાદરે, સોહાગણ સજની૦
વસ, આપણે નજરે નથી દેખતાં;
એવાં, પેહેરશે પંડે પ્રજા જનરે, સોહાગણ સજની૦
તેવાં, લોટાના બનશે ચોખાં ચળકતાં;
કરશે, ગમત લોકો ચડી ગગનરે, સોહાગણ સજની૦
સાગર, પર્વત ખશી મારગ આપશે—
ત્રાસ, પામશે જનથી તતખેવરે,

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. ઓકટોબર ૧૮૯૪ . . આંક ૧૦ મો.

## વગર પૈઈસાનો કીમતી વારસો

અથવા

## પરીતની પીડા!

—∞—

### એક વારતા.

—

### પરકરણ તરીજું.

### દેહેનું સુખ તો દુનીઆંનું સુખ.

પારસ શેહેરમાં નદીના કાંઠા ઉપર એક ઘણોજ મોટો દબદબા ભરેલો અને રલીઆંમણો મેહેલ હતો. તેની જમીન અને ભીત સઘલી સંગેમરમરની બાંધેલી હતી, અને તે ઉપર જમાનાના કાબેલ કારીગરોનિ હાથના તરેવાર ચીતારો તેની ખુબસુરતીને ગજાવી મેલતા હતા. તેની આસપાસ ફરતી અથાગ બારીઓ હતી, જેમાના રંગ બેરંગી કાચનો છાએઓ નીચેની નદીના નીરંમલ નીર ઉપર પડવાથી તે સઘલાંનો દેખાવ એક અતી ચમતકારીક લાગતો. એ સીવાએ અનેક તરાંની, અને દુનીઆંની સઘલી અજાએબીથી સીનગારેલા મેહલમાં એક ઓરડો હતો, જેના સીનગાર અને ખુબસુરતીનું વરણન કરવાને ભલા ભલા કવીઓની કલમ હારી જતી હતી. એવા રલીઆમણા ઓરડામાં એક મોટો પલંગ હતો; તેની ઉપર મખમલની તરાઈ અને તકીઆઓ હારબંધ ગોઠવેલા હતા, અને તેની ચાહારે બાજુએ સુનેરી જાહલરો, બાહેરથી આવતી ઠંડી લેહેકીના જોરથી મોજા મારતી સરખી હીલતી રેહી હતી. તે પલંગની ઈસ અને દાનડા સુનાના બનાવેલા હતા, અને તે ઉપરનુ છતર સઘલું જહવેરાતનુ બનાવેલું હતું.

એવા એક ઉમદા પલંગ ઉપર મધીઅમ ઉમરનો અને ખુબસુરત પણ દુખથી દુબલો થઈ ગએલો એવો એક મરદ સુતેલો હતો. તે પડીઓ પડીઓ પોતાની ચલકતી આંખમાંથી મોટીની ભીસાલે આંસુના કતરા વરસાવી ઝાર ઝાર રડતો હતો, અને મોહેથી પોકારતો હતો કે "અરે ખોદા, મેં તારે તીઆં શું ચોરી કીધી, કે તેં મારીપર આવો ગજબ પાડીઓ! અરે આ મારી દોલત, આ મારો મેહેલ, આ મારો દબદબો શું કામનો! જેને દેહનુ સુખ તેને દુનીઆંનુ સુખ. હું ચાહું તો હીરાના હારો મારે સરપર ઓલવું, અને ચાહું તો ઝવેરાતના જામા કરીને પેહેરૂં. હું ચાહું તો બાર કોશનો બાગ બનાવી તેમા સેહેલ કરૂં, અને ચાહું તો સેંકડો બલકે હજારો માણસોના સર મારા પગપર નમાઉં. પણ એવો મારો અખતીઆર, અને તેમાંથી નીકલતાં બેહદ અને મન ચાહે એવાં સુખો, તે આએ ચંડાલ કાએઆ, આએ કારમી કાએઆએ પાએમાલ કરી નાખીઆંછે. આએ દોજખમાનાં દેવનાં પેદા કરેલાં દરદે તે સઘલાનો ભંગ કરી મને નીરાસ કરી મેલીઓછે જે મારી તલવાર આગલ કોઈ પણ શતરૂ ઉંચી નજર કરવાને હીમત ધરતો નથી, તે મારી તલવારને આ દરદ રૂપી શતરૂ મોડાંમાં પકડીને ચાવી જાએછે! જે મારો ખજાનો, જેના વડે ચાહું તો આખી દુનીઆ વેચાતી લઈ સકું, તે ખજાનાથી મારી એક છેલી આંગલીનું સુખ ખરીદી શકતો નથી! તીઆરે ઓ ખોદા, જે તેં મને એટલું બધું આપીઉ તે શું કામનું? હા! આએ સઘલું ઝવેરાત; આએ ખજાનાનો મોટો ઓરડો; અરે, તેને હું શું કરૂ? દુખે મને દેવાનો કરી મેલીઓછે, દુખે મારાં દીલ ઉપર ડાહામો દીધાછે! હવે ઓ ખોદા, મને આ સંતાપથી છોડવ, મને આએ દુખી દુનીઆંમાંથી બોલાવી લે, અને આએ મારી દોલત અને રાજ પાટ ઉપર આગ લગાડી મેલ"।

વાંચનારી બેનો, તમે સમજીઆં હશે કે એ પરમાંણે જે સખશ ઉપર લખેલા હેરત ભરેલા ઓરડામાં પડી એવી બુમો મારતો હતો, અને હાએ અફશોશ કરતો હતો, તે કોઈ ગરીબ ભીખારી, કોઈ ગામડીઓ ખેડુત કે કોઈ સાધારણ વેપારી નહી હતો, પણ તે પારસ શેહેરનો મોટો દબદબાવાલો પાદશાહા પોતે હતો. એ પાદશાહને ભગનદરનું દરદ થએલું હતું, અને તેથી તે ઘણોજ હેરાન થતો હતો. અલબતે તે પાદશાહા, બેહદ ખજાનાનો ખાવંદ હતો, તેથી તેણે કાંઈ પણ ઉપાએ કરવામાં બાકી રાખીઆ ન હતા. દેશેદેશથી અને શેહેરેશેહેરથી હકીમોને બોલાવીઆ હતા, પણ કોઈથી તે દરદ સારૂ થઈ શકીઉં ન હતું; પણ સઘલાઓએ હારી ખાઈ દલગીરી સાથ એજ જણાવીઉં હતું કે એ કરપીણ દરદ પાદશાહાનો પરાણ લ

ઈનેજ જશે. અફશોશ, મરવું, એ કેવું ભઅંકારછે; વલી હવે થોડા દાહાડામાં મરશું એવું જાણીને મરવું એ ઘણુ જ ભઅંકાર, અને જેના મનમાં હજારો આસા ઉમેદ ભરેલી તે સઘલી મનમાની મનમાંજ લઈને મરવું, એ તેથી ભઅંકારછે.

એવો દોલત અને દુનીઆંનો પાદશાહા, પોતાની જીંદગીથી હાથ ધોઈ બેઠો હતો, અને પોતાના આવા માંઠા બખત ઉપર અફશોશ કરતો હતો, તેવાંમાં તેનો જાલ નાંમનો જુનો અને ઘણોજ વીસવાસુ તથા વાહલો અમીર તેના ઓરડામાં આવી પોંહોંચીઓ. આવતાંનેવાર ગુડણભડીએ પડી કેટલોકવાર પાદશાહાને દુવા કીધી, અને પછે તે નામવરની આગલ હાથ જોડીને ઉભો રહીઓ. પાદશાહે પોતાના આંસુ ભરેલા ડોલા તેની તરફ ફેરવીઆ, અને જાણે પોતાના આવા હાલથી તેની પાસ મદદ માગતો હોએ એવા હાલથી કેટલોકવાર જોએઆ કીધું. પછે પોતાના ફીકા પડી ગએલા હોઠ ઉઘાડી નબલે આવાજે બોલીઓ "મારા વીસવાસુ અમીર, તું શું સમાચાર લાવીઓછે"? "સાહેબ," જાલ બોલીઓ "હું તમારી પાસ માફ માગીને કહુંછું કે, આજે તમારે માટે એક ઘણીજ ખુશ ખબર લાવીઓછું." "હા!" પાદશાહ બોલીઓ, "શું ખુશ ખબર લાવીઓછે તે મને જલદીથી કેહે." "સાહેબ, તમે સારા થવાને ઈછોછો?" "ના, નહી," પાદશાહ દલગીરીથી બોલીઓ, "મને સારો થવાની હોસતો ઘણીછે, પણ તેમ થવાની આસા કંઈજ નથી." "નહી સાહેબ," જાલ બોલીઓ, "આસા નથી એવું હવે બોલશોજ ના, હવે તમે ખાશો, પીશો, નાચશો અને જે ચાહાશો તે મોજ મજા કરશો. તમારે માટે હું એક દવાઈ લાવીઓછું, જે, જો પથરને લગાડી હોએ તો તે પણ સજીવન થઈ ચાલવા માંડેછે! તેને શરીરને લગાડતાંજ દરદ ખાતરે નાહાશી જાએછે. માટે ઓ મારા નામવર પાદશાહ, જો તમે રજા આપોતો તે સુંદર નાજનીને તમારી હજુરમો બોલાવી લાઉં." "શું તે દવાઈછે કે સ્રીછે?" નામદાર પાદશાહા તે દવાઈછે, પણ તેનો ઉપીઓગ કરનાર એક જુવાન અને ખુબશુરત છોકરીછે." "નીમક હલાલ અમીર," પાદશાહ બોલીઓ, "તેને જલદીથી મારી આગલ લાવ, હું જોઉં કે એવી સ્રી કોણછે."

## પરકરણ ચોથુ.

## હીમતની ફતેહ—દુખમાં સુખ.

વાંચનારી બેનો, તમે સમજીઆં હશો કે જે જુવાંન છોકરી વઈદ વીશે બુઢા જાલે પાદશાહાને કહીઉં તે પેલી હીમતવાન જરખાનું હતી. તેણે તેના વાહાલા બેહેમન સાથ પરણવાને માટે આટલી બધી જંજાલ પોતાના જીવ ઉપરે બેઠી હતી. જે જગાએ તેને જાલ ઉભી રાખી ગએઓ હતો, તે જગાએ તે તેને પાછો આવવાની મોટી ઈનતેજારીથી વાત જોતી ઉભી હતી. તેવામાં જાલને પાછો આવતો જોઈ તેની છાતી ધડકવા લાગી, પણ તરત તેણે આવતાંનેવાર તેને ખુસ ખબર કહી કે તને પાદશાહા બોલાવેછે. તરતજ, જરખાનું ખુસી થઈને જાલની સાથ ચાલી, અને પાદશાહાની હજુરમાં જઈ ગુડણ ભડીએ પડી સેજદો કરીઓ. પાદશાહે તરત તેને પાછી ઉઠાડી, અને પુછીઉં "શું તું મારું આએ ભઅંકાર દરદ સારું કરવાને હીમત રાખેછે?" એ સાંભલી જરખાનુ હીમતથી બોલી કે, "હા સાહેબ, હું રાખુંછું, કેમકે હું લુકમાન હકીમ, જેને તમો નામદાર સારીપેઠે ઓલખોછો, અને જેની કાબેલીઅત વીશે તમો નામવર ઉચું મત ધરાવોછો, તેની હું દીકરીછું, અને તે મરતી વખતે એક મોટા વારસા તરીકે મને કેટલીક દવાઓ આપી ગએઓછે, તેમાની એક દવાથી તમો નામદારનું આએ ભઅંકાર દરદ હું બે દાહાડામાં સારું કરવા માગુંછું." "અરે ઓ જુવાન છોકરી," પાદશાહ વીશમએ પામીને બોલીઓ, "શું તું મારું આવું ભઅંકાર દરદ, જેને માટે આએ જમાનાના કાબેલમાં કાબેલ હકીમો હારીને બેઠાછે, તેવાં જીવલેનાર દરદને તું બે દીવસમાં શારું કરવા માગેછે"? જરખાનુએ હીમતથી જવાબ દીધો કે, "હા સાહેબ હું એ દરદને બે દીવસમાં સારૂં કરશ." એ પરમાંણે કેટલોક વખત સુધી પાદશાહ સાથ રકજક કરતાં મોટી મેહેનતે તેને જરા જરખાનુના બોલવા ઉપર વીસવાસ આવીઓ, અને તેને પોતાની દવાઈ, બરોબર બોલીએતો, નસીબ, અજમાવી જોવાને પાદશાહે રજા આપી. પણ એવી બોલીથી કે જો બેથી તરીજે દાહાડે તે દરદની જરા પણ નીશાન પાદશાહાના શરીર ઉપરે રહી તો તેને ગરદન મારવી. એવી બોલી જરખાનુએ હીમતથી કબુલ કીધી, પણ જો બે દાહાડામાં પાદશાહા જેવો અસલ હતો તેવો સાહાજો થાએતો તે તેને ઈનામ શું આપે તેની પણ કબુલાત તેણે પાદશાહા પાસે માગી. પાદશાહાએ તેને શું ઈનામ જોઈશે, તે છુટથી માંગી લેવાને રજા આપી

વાંચનાર બાંનુઓ, તમે કહી શકશો કે જરખાનુએ શું ઈનામ માંગીઉં? કદાચ તમે એમ ધારશો કે તેણે મોટી દોલત માગી હશે, કે મોટો મેહેલ રેહેવાને માગીઓ હશે, કે કદાચ એક મોટુ ગામડું માગીઉ હશે. પણ નહી, તેમ નથી. જરખાનુને પઈસાની, કે મેહેલની કે રાજપાટની હોંસ નહી હતી; તેની સઉથી મોટી દોલત, મોટો મેહેલ, અને મોટુ રાજ, તેનો ભલો, સદગુણી અને અંતકરણથી વાહાલો બેહેમન હતો: તેને તે સીવાએ બીજાં કશાની હોંસ નહી હતી, તેથી તેણે પાદશાહાના મોડાંમાથી બોલ નીકલતાંજ એવી માંગણી કરી કે, જો તે બે દાહાડામાં સાહાજો થાએતો તેને ઈનામની અંદર તેની દરબાર માહેલા, તેના સાહાજાદા સીવાએ, જે સઘલા કુમારા ઉમરાવોછે, તેમાથી જેને તે પસંદ કરે તેની સાથ તેને પરણવાની છુટ આપવી. કેમકે તે સારીપેઠે જાણતી હતી કે દરબાર માહેલા સઘલા ઉમરાવોમાં બેહેમન પણછે, તેથી જેવી તેને પસંદ કરવાની તક મલશે, તેવીજ તે તેના જીગરનાં લોહી બેહેમનનો હાથ પકડશે.

પાદશાહે એવુ ઈનામ આપવાને કબુલ કરીઉ અને, જરખાનુએ પોતાની દવાઈ પાદશાહાના આંગ ઉપર લગાડી.

ખરેખર ખુશબખતીનો દાહાડો; ખરેખર ચીમડાઈ ગએલું આસાનુ ઝાડ પાછું તાજુ થઈ તે ઉપર પાતરાં અને ફુલ તથા ફુલ આવવાનો દાહાડો: તે દાહાડો તે દવાઈ લગાડીઆ પછીનો તરીજો દાહાડો. તરીજે દાહાડે સહ

વારના ઉઠીને પાદશાહ પોતાંના શરીરપર નજર કરેછે તો, એક મોટો ચમતકાર ! એક મોટો મોજીજો ! પાદશાહા જાણે માંદો હતોજ નહી, તેના શરીર ઉપર જાંણે કંઈ દર દ હતુંજ નહી ! એટલી મુદત શુધી તેણે દુખ સહીઉં હતું તે તેને હવે એક સવપનો લાગવા લાગો.

પણ એ દેખાવ જોઈને જરબાનુને કેટલી ખુશાલી ઉપજી તેનું કોણ વરણન કરી શકે ! તે ખુશાલી કાંઈ એટલા માટે નહી ઉપજી કે, જો પાદશાહા નહી સારો થતેતો તેનો જીવ જતે, માટે હવે તેનો જીવ સલામત રહીઓ, પણ તેની મોટી ખુશાલી, મોટી હોંસ અને મોટી આસાનું મુલ બેહેમન હતું. તેને બેહદ ખુશાલી એટલાજ ઉપરથી ઉપજી કે હવે બેહેમન તેનો હાથ પકડશે, અને તેની આખા ભવના સુખની આસા બર આવશે.

પાદશાહે મોટી ખુશાલીમાં આવી પોતાના મેહેલમાં અને આખા શેહેરમાં ખુગી ખુશાલી કરાવી, હજારો રૂપીઆની ખેરાત કીધી, અને આખો દાહાડો નોરોજના સરખા તેહેવારની માફક ગુજારીઓ.

---

### પરકરણ પાંચમું.

### આસાનો ભંગ—જીગરપર જખમ.

બીજે દાહાડે પાંદશાહે જરબાનુને આપેલો કોલ પુરો પાડવાનો ઠેડાવ કીધો. તેણે દરબાર ભરી અને પોતાના સઘલા અમીર ઉમરાવોને તેમાં બોલાવીઆ. જરબાનુને બોલાવીને વચે ઉભી રાખી અને તેને આસપાસના ઉમરાવોના જુમખામાંથી એકને પસંદ કરવાને પાદશાહે મોટી ખુશાલી સાથ હોકમ આપીઓ. હવે જરબાનું શું ખોટી રહે, અને શું જુએ ? તેનો પુનમનો ચંદર, તેનો સુકરનો તારો અને તેનું જાફાઈ ભરેલું કમલનું ફુલ, બેહેમન, તેની સામનેજ બેઠેલો હતો, તેની આગલ જઈ મોટા હરખથી બોલી, "સાહેબ આએ માણસ, એજ મને ઈનામમા જોઈએછે." એ જોઈ પાદશાહા બોલીઓ, "બેહેમન, એનો હાથ તું ધર; એ તારી રી થઈ."

અફશોશ ! કેવી આસાનો ભંગ, કેવું નાસીપાએશપણું ! જોકે જરબાનું બેહેમનને આટલા બધા પીઆરથી ચાહાતી હતી, અને તેને મેલવવાને એકવાર તેણે પોતીકા જીવને વતીક ધાસતીમાં નાંખીઓ, પણ પથરની છાતીનાં બેહેમનનાં દીલમાં જરબાનું વીશેના પીઆરનું એક ટીપું બી નહી હતું. તેને એ વાત એટલીતો નાપસંદ આવી, કે તેણે જરા પાદશાહાનો પણ ડર ન કરતાં જાહેરમાં જરબાનુનો હાથ રી તરીકે પકડવાને ના પાડીઉં. તેના કારણમાં તેણે જણાવીઉં કે "સાહેબ, હું આએ પારસ શેહેરના એક મોટા અમીરનો દીકરો, અને એ એક ગરીબ હકીમની છોકરી: મારા ઘરમાં મારાં માબાપનાં પઈસાથી ઉછરેલી, અને હજુ તેમનુંજ નીમખ ખાનારી, માટે તેવી છોકરી મારી જોડી કદી કેહેવાએ નહી, અને થાએ નહી.

આહા ! આએ વેલાએ જરબાનુના દીલમાં કેવું દુખ ઉપજીઉં હશે, અને તે કેવી નાસીપાસ થઈ ગઈ હશે, તેનો કોણ વીચાર કરી શકે ? ખરેખર જેના ઉપર એવું વીતીઉં નહી હોએ તેને તેનો ખરો વીચાર કદી આવનાર નથી. જે પકશીને માંરે પારધી દાહાડાના દાહાડા અને મહીનાના મહીના શુધી ભુખો અને તરશીઓ, વાઘ અને વરૂથી ભરેલાં ભય્યંકાર જંગલમાં ભટકે, અને એવી મોટી જેહેમત ખેંચી પકશીને એક સારી તકે પકડવા જાએ, અને તે હવે હાથમાં આવીઉંજ, એવી હોંસથી તેના પગને આગલી લગાડતાંજ જીઆરે તે આકાશમાં ઉડી જાએ, તીઆરે તેને કેવું દુખ લાગે, તેનો વાંચનારજ વીચાર કરશે. તોપણ બેહેમનનો આવો તીરસકાર જરબાનુએ ધીરજથી ખમીઓ, અને ધીરજથી બોલી કે, "સાહેબ હું તમારી રી થવા માગું છું ખરી, પણ હું તમારી એક સેવા બજાવનારી સ્ત્રી થઈ રેહેવશ."

આફરીનછે, એવી સ્ત્રી ઉપર ! જેને કઠણ દીલનો બેહેમન ભર મીજલસમાં આવી ધીકારેછે; તેને તે હજુ એટલી બધી ચાહેછે, અને તેની સેવા બજાવનારી દાખલ તેની સાથ પરણવા માગેછે ' ખરેખર એનું નામ તે ખરો પીઆર, અને એનું નાંમ તે મોટું મન જે દાહાડે બેહેમનનાં હાથમાં એવી રી આવે તે દાહાડે તે કેવો સુખી થાએ, તેનો વીચાર ફરેસતાઓજ કરી શકે.

પાદશાહે બેહેમનનું એવું નારાજીપણું જોઈઉં ખરૂં, પણ પોતાના હોકમને એ પરમાંણે રદ જવા દીધો નહી. તેણે તેજ દીવસે બેહેમનને જરબાનુ સાથ પરણવાની ફરજ પાડી, જેથી બેહેમનને મોટી ગ[illegible]ીની અને નાખુશીથી પરણવું પડીઉં. જરબાનું બીચારી આટલી મેહેનત કરીને બેહેમન બોલ સીવાએ બીજું કશાં સાથ પરણી શકી નહી. પાદશાહાના હાથમાં સઘલો અખતીઆર હતો, પણ બેહેમનના પીઆર ઉપર ચલાવવાને કશો અખતીઆર હતો નહી. તે જરબાનુને બેહેમન સાથ પરણાવી શકીઓ ખરો, પણ તેને તેનો પીઆર અપાવી શકીઓ નહી.

તોપણ જરબાનુંએ બેહેમન સાથ કસી નાફરમાની કરી નહી પણ આખરે બેહેમને તેની સાથ ઘણીજ અનઘટતી ચાલ ચલાવી

---

## સ્ત્રીની એકીનદારી.

### ખરા પીઆરનો એક દાખલો.

હરેક સ્ત્રીમાં ગમે એવા ઊતમ ગુણો હોએ, પણ જો તેનામાં એકીનદારી અને પોતાના ભરથાર વીશે ખરો પેઆર નહી હોએ તો તેને સ્ત્રીનું નામ આપવુંજ અનઘટતુંછે. દરેક સ્ત્રીની આતો સ૭ીમાં મોટી ફરજછે કે જે પોતાનો ભરથાર હોએ. અથવા જેને પોતાનો ભરથાર કરવાને વચન આપેઓ હોએ. તેને અંતકરણથી ચાહાવો, તેને પોતાનો સાહેબ અને સોબતી સમજવો અને જીંદગીના અંત શુધી તેની સાથે નીમકહલાલીથી ચાલવું. જે સ્ત્રીએ પોતાના ખાવંદની સાથે નીમકહરામી કીધી, અને તેના વચન તોડી

ઓ, તેણે ખોદા સાથ નીમકહરામી કીધી અને તેનો વચન તોડીઓ એમ જાણવું. પછે તે ગમે તેવી હાલતમાં હોએ અથવા પાછલથી આવે, પણ જેને રાજી ખુશીથી અને અકલ હોશીઆરીથી કોલ આપેઓ હોએ તે સદાકાલ શુધી પાલવો. એવી બાબદમાં જે સ્ત્રી ભલી રીતે અને એકીનદારીથીજ ચાલવાની કોશેશ કરેછે તેને ખોદા મેહેરબાન થઈ હમેસ સુખજ આપેછે. નીચે એક શાહાજાદીની વાત લખીછે, તે ઊપરથી વાંચનારી બાઈઓને માલુમ પડશે કે જે સ્ત્રી પોતાનાં આપેલા કોલને નીતીનાં ચીકથી વલગી રેહેછે તે પાછલથી કેવી સુખી થાએછે.

ફરાંનસ દેશના પાદશાહા લુઈની છોકરી શાહાજાદી ઈસાબેલનાં લગન ઇંગલંડના શાહાજાદા એડવરડ સાથ થનાર હતાં. શાહાજાદા એડવરડે જે સ્ત્રીને પોતાની ધણીઆંણી એટલે સદાકાલની શુખ અને દુખની ભાગીએણ કરવાને થેડવી હતી, તે જેને ચાહેછે તેની ઊપર કેવી પરીતી રાખેછે, અને વચન આપીને કેવી રીતે પાલી જાણેછે, તેની તપાસ કરવાને થેડાવ કરેઓ. એ શાહાજાદાએ પાદશાહા એડવરડનાં એક નોકરનાં પોશાકમાં ઘણુક શુધી રહીને શાહાજાદી ઈસાબેલ સાથ દોસતી પાડી. તે દોસતી છેક એટલે શુધી વધી ગઈ કે શાહાજાદી ઈસાબેલ તેને પોતાનાં જીગરથી ચાહાવા લાગી, અને છેલે તેની સાથ પરણવાને તેણે વચન આપીઓ. અલબતે શાહાજાદી ઈસાબેલ કાંઈ એવી અનસમજુ તથા વગર વીચારની નહી હતી કે એક નોકરની પદવીનાં માંણસ સાથ પોતાનું દીલ એટલું બધું લગાડે, અને છેલે તેની સાથ પરણવાની કબુલાત આપે, પણ સાહાજાદા એડવરડનાં દીલમાં જોકે નોકરનો પોશાક હતો, પણ તેની માંહે એક સાહાજાદા તરીકેનાં જે ઊતમ ગુણો હતા, તે ઈસાબેલની નજરથી છુપા નહી રહીઆ હતા. ઈસાબેલ જાતે એ વીતો શેઆંની હતી કે એડવરડનાં એવા ગુણ જોઈને તેની પદવી તરફ કશી પણ નેધા ન કરતાં તેની ઊપર લોભાઈ હતી, અને તેને પોતાનો ભરથાર કરવાનો કોલ આપેઓ હતો.

એક દાહડે સમી સાંજને વખત, આગમચથી ગોઠવણ કરેઆ મુજબ, શાહાજાદો એડવરડ (નોકરનાંજ પોશાકમાં) નદીને કીનારે એક નવરી જગામાં આવીને ઊભો. થોડેક વાર થએઓ નહીં એટલામાં શાહાજાદી ઈસાબેલ તીઆં આવી લાગી, જેને જોતાંજ એડવરડ મોટા હરખથી તેની આગલ દોડીઓ અને તેને પોતાની છાતી સાથ દાબી. એથી કરીને ઈસાબેલ જે ધાસતીથી કરીને ફીકી પડી ગએલી હતી, તેનાં મોડાં ઊપર સુરખી આવી ગઈ, અને તે પણ હોંસથી, પોતાનો વાહલો, જેને તેના સદગુણ ઊપરથી પોતાનો જનમનો સાથી કરવાને થેડવીઓ હતો, તેને ભેટી, અને પછી બોલી, "વાહલા એડુઅરડ, (કેમકે શાહાજાદાએ નોકરનાં પોશાકમાં પોતાનુ નામ એડુઅરડ કરી રાખીઊં હતું) હું માહા મેહનતે તારે માટે અહીં એખલી આવીછું, પણ જાણજે કે એ આપણી છેલી મુલાકાતછે! કેમકે હું નથી જાણતી કે જીઆરે એ વાત મારા બાપ પાદશાહાને ખબર પડશે તીઆરે તે તુને અને મને શું કરશે." નોકર એડુઅરડ, ઈસાબેલના હાથને પોતાની આંખમાં ચાંપીને બોલીઓ, "વાહલી ઈસાબેલ, મારી સાથે તું નાહાશી આવ, આપણે જરમણી દેશમાં જઈશું, જીઆં મારા કેટલાક મીતરો તથા સગાછે, જેઓ આપણને રેહવાને જગા આપશે, અને આપણે તીઆં શુખ-ચેનથી દાહડા ગુજારીશું." રૂડી શાહાજાદી ઈસાબેલે પોતીકુ ડોકુ હીલાવીને બોલી કે "નહી પીઆરા એડુઅરડ, હું એવી રીતે મારા બાપનો હોકમ તોડનાર નથી. એવું કરવામાં કાંઈ સારૂ નથી. જે જોડુ એવી રીતે પરણેછે તેને ખોદા કદી સારો દાહડો દેખાડતો નથી." એટલું બોલતાં ઈસાબેલનુ મોહોડું લાલ થઇ આવીઊં અને આતુરતાઈથી તેની આંખો ચલકવા લાગી. એ સાંભલી એડુઅરડ બોલીઓ "ઈસાબેલ, આએ ઊપરથી માલમ પડેછે કે તું મને મુદલ ચાહાતી નથી. અગર નહીતો એવો ઊતર તું મને દેતે નહી. હું સારી પેઠે જાણુંછું કે તું એડુઅરડ નોકરનાં કરતાં એડવરડ શાહાજાદાને વધારે ચાહેછે. મેં ઘણીવાર જોઈઊંછે કે સીઓ તાજને માટે એટલીતો લોભાઈ પડેછે કે તેઓ ખરા પીઆરને તદન તજી દેછે." એટલા બોલ સાંભલતાંજ ઈસાબેલની આંખમાં આંસું આવી ગએઆં, અને રડતી રડતી બોલી કે "હા! નીરદએઆલુ અને કપટી માણસ! શું મારા તારી ઊપરના પીઆરને સાબેત કરવાને એકબી બોલ જોઇએછે? હું તારે માટે મારી દરજો ભુલી ગઈછું એટલુંજ નહી પણ મારી ફરજ વતીક

ભુલી આ તારી મુલાકાતને માટે મારા બાપના હાકમ વગર એપલી આ બીઆબાન જગામાં આવીછું, અને તારી સેવા, જે એક આખા રાજને માટે નહી થાએ, તેવી કરૂં છું, અને તું મારા પીઆરને માટે આવો શક લાવેછે!" શાહાજાદી ઈસાબેલનાં મોડાંમાંથી આવા મધુર પણ અસરકારીક શબદો નીકલવાથી એડુઅરડની છાતી પાણીની માફક પીગલી ગઈ, અને તે ઈસાબેલને પોતાની છાતી સાથ દાબીને બોલીઓ, "ઓ વાહલી, મને માફ કર! તું મારા હાથમાથી જાએછે એવી ધાસતીથી હું ગેઓઆ ઘેલો થઈ ગએઓ છું, અને તેથી કરી મારેથી એવા નીમકહરામી ભરેલા શબદો બોલાએછે. મારે પીઆરી, આ તારો હાથ મારા હાથમાં આપે, અને તારે મોડેથી કેહકે "જેને શાહાજાદો એડવરડ જીતી નહી શકશે, તેને નોકર એડુઅરડ મેલવી શકશે." "પીઆરા," ઈસાબેલ બોલી, "તું ખાતરી રાખ કે હું તારા સીવાએ બીજા કોઈની નહીં થવાની. શાહાજાદા એડવરડની શાથ પરણેઆની આગમચ હું આકાશવાસી થઈ પડશ.!" ઈસાબેલ એટલું બોલી રેહછે તેવામાં દુરથી માણસનાં પગલાંનો આવાજ સંભલાએઓ; તેવીજ તે બોલી, "એડુઅરડ, જા, જા, અહીંથી જલદી જા, અગર નહીતો હમણાં બધું થઈ ચુકશે! ઘરમાંથી એકાએક મારા ગુમ થવાથી મને એ માંણસો શોધવાને આવીઆંછે, તેથી તું જલદીથી અહીથી જા." એડુઅરડે ઊતાવલમાં તેની એક ભેટ લીધી અને તરત નદીમાં એક બોટ તઈઆર હતી તેમાં બેસીને આગલ નીકલી ગએઓ.

એડુઅરડ જેવો બોટમાં બેસીને નદીની વલાણ તરફ ચાલી ગએઓ, તેવામાંજ બે સખસો આંગમાં ઘણો ભપકાદાર પોશાક પેહેરેલા, શાહાજાદી ઈસાબેલની આગલ આવીઆ, અને તે બેમાં જે વડો હતો તે માથાંપરથી ટોપી ઊતારીને બોલીઓ, "તમો રાજકુવરી પાસે માફ માંગીને જણાવુછું કે તમારી શોધ કરવાને માટે અમને રાજાજીએ અહીં મોકલીઆછે. તમને બે વરા તમારા ઓરડામાં જોવાડીઆં, પણ તમે નહી મલીઆં, અને તેમને એવી ખબર મલી કે તમે એખલાંજ કયે ગએઆંછો, તેથી તમને ઘણો ગોસો ચહડીઓછે." ઈસાબેલ જરા હસીને બોલી, "બલાં જીનોટ, કંઈ ફીકર નહી, મારી ઊપર જે કપકો આવશે તે હું સોસીશ." એટલું બોલી તે તેમની સાથે મેહેલ તરફ ચાલી, અને ઘણાં ધાસતી ભરેલાં દીલથી પોતીકા બાપની હજુરમાં આવીને ઊભી.

તેને જોતાંજ તેનો બાપ જરા ગુસામાં આવીને બોલીઓ, "કેમ એ શું વાતછે? ફરાંનસ દેશના રાજાની છોકરી, પોતાની સાથે કોઈબી નોકર વગર એક ગાંમડીઆની છોકરીની માફક નવરી જંગામાં રખડે, એ ઘણુંજ કઢંગુછે. પણ હમણાં તે સઘલી વાત રેહેવા દઈ જલદીથી તારા ઓરડામાં જા, અને સઊથી સરસ જહવેરાતથી તારા આંગપર સીનગાર કર. કેમ કે શાહાજાદો એડવરડ હમણાં અહીં આવી લાગશે, અને તે આવતાંને વાર તુંને જોવા માંગશે." ટુટેલાં દીલથી, અને કચવાએલાં મનથી ઈસાબેલ પોતાનાં ઓરડામાં ગઈ, પણ જતાં જતાં એક હાએ મારીને મન સાથે બોલી કે "અરે હું પાદશાહની છોકરી શાને માટે થઈ? તેનાં કરતાં હું એક ગરીબ ગાંમડીઆને તીઆં જનમ લેતેતો કેવું સારૂં! કે આજે હું પઈસા અને તાજને માટે મનને તદન નહીં ભાવતાને તીઆં વેચાતે નહી."

શાહાજાદી ઈસાબેલ સીનગાર કરીને જેવી મોટાં દીવાનખાંનામાં આવી તેવીજ જોએછે તો તે આખું મોટા મોટા અમીરો, સરદારો, અને એવાજ બીજાઓથી ભરાઈ ગએલું હતું. દીવાનખાંનાના આગલા ભાગની ઊપર ફરાનસનો પાદશાહ લુઈ, અને ઈંગલંડનો પાદશાહ ૧ લો એડવરડ બંને સાથે ઊભેલા હતા. શાહાજાદી ઇસાબેલ જેવી તે બંને પાદશાહોની સનમુખ જઈ પોતાનું સરવનાં છોડ સરખું સરીર વાંકુ વાલી તેમને આવકાર દીધો, તેવોજ એડવર પાદસાહ જે તેનો સસરો થનાર હતો, તે તેની તરફ ઘણી અચરતીની આંખે જોવા લાગો, અને તેને પોતાની એક દીકરીની માફક કપાલ ઊપર બોશો લઇ બોલીઓ, "વાહાલી દીકરી, ખોદા તારો સાથી થજો" મારા દીકરાના નામથી હું તુંને મુબારકબાદી આંપુછું. તે હમણાં અહીં આવી મોટા પીઆરથી તારો હાથ પકડશે, અને તુને તે પોતાની વાહાલી સ્ત્રી કરશે, પણ તેની આગમચ, તેને માટે તુને કાંઇ પુછવાનું છે?" પાદશાહ એડવરડને મોડેથી એવા શબદો સાંભલવાથી ઈસાએલને જરા હીમત આવી, અને તે બોલી, "તમો નામવરને ખોદા સલામત રાખે! મને તમોને તે બાબે કાંઈ કેહવુંછે ખરૂં, પણ આએ જગાએ તે હું

કહી શકતી નથી." "જો એમ તારી મરજીછે તો" એ
ડવરડ બોલીઓ, "આપણે બીજા ઓરડામાં જઇએ."
એમ કહી બંને જણ બીજા ઓરડામાં ગએઆં, અને
એડવરડ બોલીઓ, "તારા મનમા શું છે તે મને જે હો
એ તે અહીં કહી દે. મને કોઇજ નહી પણ એક તારા
બાપ સરખોજ ગણ, કેમકે થોડા વખતમાં હું તેજ થ
ઈશ, અને જે તારે બોલવું હોએ તે ખોલાશાથી મારી
આગલ બોલ." ઈસાબેલે બોલવાને એટલોતો ડર ખાધો
કે તેના હોઠ બંધ થઈ ગએઆ, અને તેની આંખમાં
થી આંસુ નીકલી પડીઆં. પણ અંતે જેમ તેમ હઈ
હું કદણ કરીને બોલી, "નામદાર સાહેબ, હું તમારી વ
હુ કદી થઈ શકનાર નથી, કેમકે હું તમારા દીકરા એ
ડવરડને ચાહાતી નથી ! અને ખરી ચાહેઆ વગર પ
રણવું એ મોટું પાપછે." એટલું બોલતાં ઈસાબેલ સમ
જી કે હવે પાદશાહ તેની ઊપર ઘણોજ ગુસે ભરાશે,
પણ તેથી ઊલટુ તે ધીરજથી બોલીઓ, "તેં મારા
છોકરાને હજુ જોએઓ નથી અને તેટલામાંજ તું તેને ના
પસંદ કેમ કરેછે? તે ઘણો બાહાદુર, ખુબશુરત અને ડાહે
ઓછે. તું તેને જોઈને પસંદ કરેઆ વગર રેહેશ નહી."
"નહી સાહેબ," શાહાજાદી બોલી, "તમે કહોછો તે સઘલું ખ
રૂંછે, અને તે હું જાણુંછું, પણ તે મારાં દીલને જીતી શક
નાર નથી, કેમકે હું એક બીજાને મારા અંતકરણથી ચા
હુંછું" એવો ખોલાશો કરતાંજ બીકથી ઈસાબેલ બેશુધ
સરખી થઈ ગઈ, પણ પાદશાહે જરાબી ગુસાના ચીનીઅ
ખતાવીઆ વગર પુછીઊ "જેને તું ચાહેછે તે શું એ
ડવરડની બરોબર પદવીવાલોછે ?" "નહી સાહેબ"
ઈસાબેલ બોલી, "તે કંઈ પાદશાહી ખાનદાનનો નથી,
પણ એક સાધારણ પણ આબરૂદાર મા બાપનો છો
કરોછે. હું સારીપેઠે જાણુછું કે મારીથી તેની સાથે પ
રણી શકાશેજ નહી, તોપણ હું કોઈ બીજા સાથ કદી
પરણનાર નથી." એટલુ બોલતાં ઈસાબેલનું મોહું જે
લાલ થઈ આવીઉં તે જોઇ પાદશાહ એડવરડ અચ
રત થએઓ, અને બોલીઓ, "હા, તે જુવાન સખશ જે
ને તું ચાહેછે, અને જેની સાથ તું પરણવા માગેછે, તે
એડુઅરડ નોકરછે! એક મારા ઘરમાનો તે નોકર થ
ઈ મારા કુંવરનો તે હરીફ થેએઓછે ! કેમ નહી વારૂં?"
આ શબદો સાંભલતાંજ ઈસાબેલના હોસ ઊડી ગ
એઆ, કેમકે તેણે એવો સપનામાં પણ વીચાર નહી
કીધો હતો કે તેના મનની આવી છુપી વાત પાદશાહ
એડવરડ જાણેછે ! તે તરત એડવરડના પગપર પડી,
અને હાથ જોડીને બોલી; "હા, સાહેબ, તમે તેને બ
ચાવો ! તમે ખોદાને વાશતે તેનું નામ મારા બાપની
આગલ કહીને તેને મરાવી નાખશો ના ! એ બદલામાં
મારોજ વાંકછે ! હા, મારોજ વાંકછે ! હું તમારી પાસ
એટલુંજ માગુછું કે મને તેની સાથ ના પરણવા દેઓ,
પણ તેના વગર મને દુખ અને દલગીરીમાં એક ખુ
ણે પડી રેહેવા દો!" પાદશાહે તેનો હાથ પકડી ઊઠાડી
ને કહીઊ, "ઈસાબેલ, તું કાંઈ બીહી ના; તુંને અને
તેને હું કશું નુકશાન થવા દેશ નહી. હું તુંને મારા
તાજના સોગન લઈને કહુંછું કે તુને હું તારી મરજી
પરમાણે અમલ કરવા દેશ. તારી આગલ બંને જ
ણછે; એક એડુઅરડ નોકર, અને બીજો એડવરડ શા
હાજાદો : તેમાથી તારી મરજીમાં આવે તેને કબુલ ક
ર; પણ હું જાણુછું કે તું છેક એવી બેવકુફ નથી કે એ
વા એક દુનીઆંને ખુણે પડેલા સખશને વાસતે તું તા
જની કીરતીને છોડી દેશ." "સાહેબ" ઈસાબેલ જ
રા મકમ થઈને બોલી, "એમ કેહેવાથી હું તમારા
શાહાજાદાને વાસતે કશો હલકો વીચાર કરતી નથી.
હું જાણુંછું કે તેની વખાણ આખાં શેહેરમાં થાએછે,
તોપણ હું જોઊછું કે મને એક મોટા દબદબાવાલા પાદ
શાહા કરતાં એક સારો નોકર વધારે પસંદ લાગેછે."
એ સાંભલી પાદશાહ એડવરડ હસીને બોલીઓ, "તા
રે તારી મરજી એમજછે, નહી ? તો ફીકર નહી, પણ
તારો એવો વીચાર મારા છોકરાએ તારે મોડેથી જા
ણવો જોઇએ, માટે હું બાહાર જાઊંછું, અને તેને અં
દર મોકલુંછું." એટલું બોલો જેવો પાદશાહ એડવ
રડ ઓરડાની બાહેર ગએઓ, તેવોજ એડુઅરડ નો
કર, પોતાના અસલ શાહાજાદાના પેહેરવારામાં અંદર
દાખલ થએઓ, પણ દાખલ થતાં જે તેણે જવેરાતની
ટોપી માથાં ઊપર પેહેરી હતી, અને જેની ઊપર
ઈંગલંડનું તાજ બીરાજતું હતું, તે ટોપી તેણે બાર
ણામાં દાખલ થતાંજ ઊતારી હાથમાં લેવાથી ઈસાબેલ
કંઈ સમજી શકી નહી. તે તેને અતીઆર સુધી પા
દશાહ એડવરડનો એક નોકરજ સમજતી હતી, તે
થી જેવો તે તેને ઊલટ ભર ભેટવા જાએછે, તે
વીજ ઈસાબેલ તેના હાથ ખીસાડી નાંખી ગભરાઈને
બોલી, "વાહાલા એડુઅરડ હમણાં એમ કરવાનો જ
રા વખત નથી. જો તું મને ખરેખર ચાહતો હોએ

તો આએ પલમાંજ અહીંથી જા, કેમકે શાહાજાદો એડવરડ હમણાં અહીં આવશે." "હા ! મારી મીઠી ઈસાબેલ," એડુઅરડ બોલીઓ, "શાહાજાદો એડવરડ આ તારી આગલજ ઊભોછે ! એડુઅરડ નોકર અને એડવરડ શાહજાદો એ બંને એકજછે ! મારી વાહલી ઈસાબેલ, તારી નીતીની અને ઈમાનદારી તપાસ કરવાને જે મેં આટલુંવેર તુંને ઠગીછે તેને માટે હું માંગી લઊછું કે તું મને માંફ કરશે." શાહજાદી ઈસાબેલ એકાએક આવો મામલો જોઈ ગભરાઈ ગઈ, અને પછી આવી મોટી દલગીરીમાંથી એકાએક એવીતો ખુશીમાં આવી ગઇ કે તેનું વરણન થઈ નહી શકે. છેલે સરવાલે સઘલો ભરમ ખુલો થએઓ; અને ઊમેદના ચીંમડાઇ ગએલાં ઝાડ ઊપર સુંદર ફલો આવીઆ; એટલે પછે થોડેક દાહાડે મોટી ધાંમધુમથી તે નીમકહલાલ રાજ પુતરીનાં ઈંગલંડનાં રાજ પુતર સાથ લગન થએઆં, અને બંને જણ ખુશી ખુશાલીમાં રહેઆં.

વાંચનારી બાઈઓ, આ વાત ઊપરથી તમને માલમ પડશે કે જે સ્ત્રી સદા એકીનદાર હોએછે, તેને ખોદા કેવી રીતે શુખી કરેછે. ઈસાબેલની ઈમાનદારી અને પરીતીની આટલી બધી તપાસ કરેઆ પછે જીઆરે સાહાજાદો એડવરડ તેની સાથ પરણેઓ તીઆરે તે તેને નીત રોજ કેવા પેઆરથી ચાહતો રહેઓ હશે, અને કેવી તેને નીત સુખી રાખી હશે !

---

## મારાં વેહેમી સાસુજી.

### દીવાલીનો તેહેવાર.

જાંગીરજી—બેન જરબાઈ અહીં આવોની.

જરબાઈ—ઓ મરૂંરે બાઈ છેઓ કે ?

જાં૦—છેઓ નહી તાહારે કાંહાં ગીઆ !

જ૦—કાંએ આજે આફીશમાં નહી સધાવેઆ કે ?

જાં૦—આજે આતવાર તે જાણતાં નહી.

જ૦—મરેરે ખરાર જો; મને હમણાવેર એઆદ ઉતીજો, ને આટલાવારમાં વરી ભુલી ગેઈ !

જાં૦—કેમ, તમે હમણા કાંહાંથી આએઆં ?

જ૦—સાસરેથીજતો, વરી કાંહાંથી.

જાં૦—પણ આજે આતવારનો દાહાડો તમુને તમારાં સાસુજીએ આવવા કેમ દીધાં. બધાં ગાંમનાં વેહેમી ને આજે એમ કેમ સુધરી ગીઆં !

જ૦—અરે બાઈ, બોલોના, આજતો મરાઇને આવીચ.

જાં૦—કાંએ પણ એટલું બધું શું હતું ? મરાએઆં શું કરવા ?

જ૦—નહીરે બાઈ, મરાઇને આવીચ એટલે શું જો, કંઈ કજીઓ કરીને નહી, પણ કાલાવાલા કરી જેમ તેમ સમજાવીને આવતી રહીચ. બીજું કંઈ નહી. એવારૂં મારીપરથી કજીઓ કરવાને, મુઆં હલકાં પીંજારડાં હોએ તે એમતો કજીઓ કરે.

જાં૦—તાહારેતો ઘણું સારૂં થઇઉં. તમારા વર સાથે દીવાલીનો મેલો બેલો જોવા ગએઆં હતાં કે ?

જ૦—જા, વરખી તેવાજ પોતાર કેની, તે સાથે લઈને જશે !

જાં૦—કાંએ, તમારા વરતો કાંઈ બીજાઓના જેવા વેહેમી નથી.

જ૦—તેતો ખરૂંજતો પણ સાસુજીના વેહેમનો કેઈ પાર લાગતો નહીની. તેથી તેવણ કેમ એમ કરવા દે ? જો જાણેતો હમણા બંનેને ઘેઈ કાહાડે.

જાં૦—તાહારે મુદલ ફરવા ગએઆંજ નહી ?

જ૦—નહી, નહી; એમતો ગીઆંતાંજતો, હું, મારાં સાસુજી, મારી નણદ, મારી કુંવરબાઈ દેરાણી ને ઘેરમાના ભારૂતની એક છોકરી કરી રોજ ગીઆંતાં પણ સાસુજી જરા શીગરામના વીનીજનખી ઉઘાડવા નહી દે ! જો જરા તેમાંથી જોતાં હોઇએ તેવામાં ભીરને લીધે જો ગાડી જરા ઉભી રહી, અને આજુ બાજુ દુકાનપર માટીડા બેઠેલા હોએતો, "ટાકરે છોકરી, ટાકરે છોકરી" કરીને તરત ઢંકાવી દે. બરીઉં એતે કંઇ જોવાનું, ને એમ તે કાંઇ મેલો જોવાએ ? મરે આએ વરસતો જે ગારી જોઈએ તો ઉઘારી, ને અંદર બઈરાં બેસીને સારી પખે તમાસો જોએ, અને મારાં સાસુજીનેતો બધી પાંતીની લાજજ આવી જાએ. સાસુજી ને હમે જાહારે સોર વારીને રસતામાં ચાલીએ તાહારે માટીડા મોનું નહી જોએ, ને ગારીમાં બેસીએ તાહારેજ જોએ ! મરેરે, એબી કોતકજતો.

જાં૦—પણ આએ વરસતો મેં જોઈઉં કે કોઈજ કોઈ ગારી એમ છેક વીનીજન મહડાવેલી આવતી; બાકી સઘલી ખોલીઓ આવતી અને માહેનાં બઈરાં સારી પેઠે ફરી ફરીને ચોમેરની રચણા જોતાં હતાં.

જ૦—હારે બાઈ, હું તે શું કેહુચ તાહારે, ઘણી ખરી ગારીઓ આએ વરસે ઉઘારીજ ફરતીતીઓ.

જાં૦—પણ એકતો મેં તદનજ ખોલી ગારીમાં બે બઈરીઓને જોઈ હતી.

જ૦—હા બાઈ હા, મેંબી તે જોઈ હતી; તે ઓપન કેરેજની ગારી હતી; અને તેની ધમન નાખી દીધેલી હતી, અને માંહે બે બઈરીઓ બેઠેલી હતી.

જાં૦—કેમ તેને વીશે તમે શું વીચાર આપોછો.

જ૦—નહી બા, હુંતો તે જોઇને ઘણીજ ખુશી થઇ. એમાં શું નરસુંછે ! એજ બઈરીઓ રસતામાં ચાલતી હોતે, તાહારે તેઓને સઉ જોતેકેની, તાહારે વલી ગારીમાં જોએ તેમાં શું થઇ ગીઉં ?

જાં૦—હા બેન, હું બી તે જોઇને ઘણોજ ખુશી થએઓ હતો, અને તે બંને બાઇઓની હીમત ઉપર આફરી ન કીધી હતી, અને તેમને ઘણીજ સાબાશી આપી હતી.

જ૦—પણ તેઓના કરતાં તેઓનાં માંએબાપને, કે સાસુ સસરાને વધારે સાબાશી ઘટેછે. કેમકે તેઓએ લાંમબો અને રૂડો વીચાર કરી એ પરમાંણે તેઓને ફરવાની છુટ આપી. તેઓતો ગમે તેવી હીમત રાખે, પણ ઉપરવારાં વેહેમી અને આરાં હોએતો તે બીચારીઓ શું કરે ? એમતો હુંજ છેઉં, લાવોની મને કોઇ કેહેતો હમણા હું ઉંઘાડી ગાડીમાં બેસીને બધાં ગાંમમાં ફરી આઉં, પણ તેમ કરવા કોણ.દીએચ ? દીવારીપરની વાત કેહું અતે સમજીઆ કેની, કે વીનીજનબી નહી ઉંઘારવા દીધાં.

જાં૦—હા બેન, તમે કહોછ તે પણ ખરૂંછે. જેમ એવાં કાંમને મારે તે બાઇઓને સાબાસી ઘટેછે, તેમ તેમનાં માબાપ તથા સાસુ સસરાં એ બધાંને ઘટેછે. હું એ સઘલાં ઉપર ઘણી આફરીન કરૂંછું, અને ખોદા પાસ કુવા માગુંછું કે આવતે વરસ એવી એકને બંદલે એક ડજન ગારી નજર પડે.

જ૦—અરે જોજોની ભાઇ, તેમબી થશે. ગીઆં બે કે તરણ વરસની વાત ઉપર કોણ બઇરાં એમ શીગરાંમનાં બધાં વીનીજન ઉતારીને બેસતાં અને એવા મેલામાં ફરતાં ? અને આજે આપરે જોઇએચકેની સેંકરે પંચોતેર એવી ગારીઓ થઇછે, તેમ વલી બીજાં એક બે વરસમાં તેમબી ફરવા નીકલશે.

જાં૦—પણ બેન જરા લાંબો વીચાર કરોની, ગએઆં પાંચ વરસની વાત ઉપર એવા મેલામાં બંધ પણ બઇરાંની ગાડી કોણ જોતું હતું. આજેતો ચાર ગાડી બઇરાંની જોઇએછે તો એક ગાડી માટીડાઓની નજર આવેછે.

જ૦—હા પણ હું કાંહાં ના કેહુંચ, હું કેહુંચ કેની, કે એક બે વરસમાં તેમ પણ થશે. તેમાં નવાઇ શું છે, અને તેમ થાએ તેમાં અનઘટતું શુંછે ?

જાં૦—પણ કોણ કહેછે કે અનઘટતું : આજે એવુ કેહેનાર ભાએગે સોમાં પચીશ રહેઆ હોએ. ઉપલી બાઇઓને ઉંઘાડી ગાડીમાં બેઠેલી જોઇ હુંજ અને મારા મીતરોજ ખુશી થએઆ એમ નહી, પણ જે જોતાં તે ખુશી થતાં; કોઇજ કોઇને તે જરા નહી ગમતું હતું. વલી જેઓ એ દેખાવ જોઇને ખુશી થતા હતા તેઓમાં ઘણાંકો એવા હતા, કે જેઓ આજે ચાર કે પાંચ વરસની વાત ઉપર એવુ બોલનારને ગાલ દેવા અને મારવા ઉઠતા હતા. તેમ બેન, જેમ વખત જતો જાએછે, તેમ લોકો પોતાની મેલે સમજતા જાએછે. અગાઉ છોકરીઓની નીશાલ નીકલી તાહારે એમજ સેંકડો પારસી તે કામ ઉઠાવી લેનારાઓને બુરૂં બોલવા મંડી ગએઆ હતા, અને સોટા લઇને મારવા ઉઠેઆ હતા, તેઓજ આજે કાલાવાલા કરી અને પગે હાથે લાગી પોતાની છોકરીઓને નીશાલોમાં મુકી જાએછે, અને આજે આખી મુંબઇમાં લગભગ બે હજાર પારસીની છોકરીઓ ઈસકોલો તથા નીશાલોમાં વાંચવા લખવા શીખેછે. તેમ વલી જેમ જેમ વખત જતો જશે, તેમ તેમ અગનાનીઓના મનમાથી વેહેમ ખસતો જશે, અને આજે આપણે એક તદન ઉંઘાડી ગાડી જોઇ નવાઇ ગણીએછે, તે બેચાર વરસ પછે તેવી સેહેંકડો જોતાં પણ તેમ નહી લાગશે. જેમ આજે કોઇ પારસી એવો નથી રહેઓ કે પોતાની છોકરીને ઈસકોલમાં મોકલવાને છીત ગણતો હોએ, તેમ વલી ચાર પાંચ વરસ પછી કોઇ પારસી એવો નહી રેહેશે કે તે પોતાને તાંહાંનાં બઇરાંઓને ઉંઘાડી ગાડીમાં બેસાડવાને છીત ભરેલું ગણશે. એમ વખત પોતાનુ કામ પોતાની મેલે કરતો આવશે.

જ૦—ભાઇ હુંતો આ સાસુને બસથી છુંટું કેની, તો સુખી થાઉં. એવણ જેવાં વેહેમી, અને એવણ જેવાં બોહોસીલાં કોઇ દુનીઆંમાં નહી હોશે. માએ માએ ! આટલા દીવાલીના દાહાડા તેમના વેહેમ, અને વેહેમ ભરેલી જુઠી કીરીઆઓ જોતાં હુંતો કંટાલી ગઇ. ઓ માએ, એવાંની સાથે જો બે ચાર વરસ રહેઆં હોએ કેની, તો વેહેમીઓના પાદશાહા થઇ જઇએ, અને પાપના ઢગલે ટગલા માથે એકઠા થાએ. નારે માંએ, મારે ઘેર જાહારે છોકરાં થાએ, તાહારે હુંતો એવાં વેહેમીની સાથે નહી રેહું જો; એતો સાથે બચાંબી નાનપણથી તેવું જોઇને તેવું શીખે. ને પછી કંઇ નાનપણનું શીખેલું તે મોટપણે જાએચ કે ! નારે માંએ.

જાં૦—પણ તમારે તાંહાં છોકરાંતો થાએ (જરા હસીને) પછી તેની વાત.

જ—નહીરે ભાઇ, પણ હાલમાં હુંજ કંટાલી ગેઇચ ને. મરેરે અંગરેજ લોકમાં કેવું સારૂંછે, કે એક ગમ પરણેઆં કે બીજી ગમ જુદાં રેહે. ને હાંતો મુઆં મરે તોબી બધાં એકઠાં ગરે ટોરે બંધાઇ રેહે.

જાં૦—બેન તમે કહોછ.તે ખરી વાતછે, પણ તમે જાણોછ ? જે માબાપ શરીરે અને પઇસે એ બંને સુખી હોએ તેમને તેમના દીકરા દીકરી છોડી દઇને જુદાં રહેતો સારૂ, પણ જે બીચારાં શરીરે નાતવાન અને પઇસે ગરીબ હોએ તેમને તેમનાં દીકરા દીકરી એમ નાખીને ચોલી જાએ, તાહારે તે બાપડાંઓનો શું હાલ થાએ ? તેમની ચાકરી કોણ કરે, અને તેમનું પેટ કોણ ભરે ? એતો મા બાપ સાથ મોટી નીમખહરાંમી કરેલી કેહેવાએ, અને જે બચાં માંબાપ સાથ નીમકહરાંમી કરે તે સઉથી ભુંડાં અને પાપી કેહેવાએ.

જ૦—મારા વાહલા ભાઇ, તમે કેહોચ તે ખરી વાતછે, અને હું પણ એમ સમજુચ પણ મારાં સાસુ સસરાં કાંહાં ઘરડા થઇ ગએલાંછે, અને શું પઇસાની આપદા છે ? હજુતો બંનેની ઉમર ચાલીશ વરસની નથી, અને સસરાજી પાસે આજે પાંચ સાત લાખ રૂપીઆની પુંજીછે, અને વલી વેપાર કરેચ તે જુદા.

જાં૦—હા એ વાત જુદીછે. તમે જેવાં જુદાં રહો તો તેમાં કાંઇ નુકસાન ભરેલું નથી. પણ તમારાં સાસુજીએ દીવાલીપર શું શું વેહેમી કીરીઆ કરી હતી તે કહોની?

જાં૦—અરે ભાઇ તેતો બોલોજના. વાઘબારસને દહાડેનો કારી મરઘીઓ મંગાવી ઉંબરમાં, આંગણામાં ખપે કપાવી. ધંનતેરસને દાહાડે બધાંનું ઘરણ થોડાક રૂપીઆ લઇ દુધમાં ધોઇને ડબટમાં મેલીઆં. કાલી ચંઉદશને દહારે સમી સાંજે ઉંબરે ઉંબર ઇડાં ભાજીઆં, અને દુધ,

તારી, દારૂ બેરીને બધે બધ છાંટેઆં. વલી તેં દાહારે તેની સાથે "કારી મઉદરાના કારીઆ" પણ ભરેઆ. બે કારા રંગના કોરા પાટીઆ મંગાવેઆ અને તેમાં દુધ અને તારી રેડી; અને પાસે એક કારી દારૂની બાટલી ભરી મુકી. પછી તે બધાંની ઉપર પોરી, પોરા, મરેરે હસવુંખી આવેચ, ભાખરા, ભજીઆ, એવું બધુ મુકીને પછી સાસુજીએ તેનું લુબાન મુકીઉં. લુબાન મુકતાં મુકતાં બોલેઆં કે, હસતા નાહ ભાઈ, "દુધનું તે સાપ નાગને પુગે, તારીનું તે વારી વરતને પુગે, અને દારૂનું તે વારે ધારે પુગે !!" મરેરે, મા રાંતો હસતાં હસતાં કલેજાં દુખી આવે. વરી દીવારીને દાહારે મુઆ ગેરીઆ આએઆ. સાસુજીએ દર વરસે ગેરીઆ રમાડવાની માનતા લીધેલી, તેથી તેઓને રમવા તેરેઆ. પેહલેતો, વરા ગેરીઆને આગલ બોલાવીને તેને ટીલું કરી, ચોખા ચોહોરીને ઓવરણા લીધાં ! પછી બધા ગેરીઆઓ ઉપર ચોખા નાખીને વધાવી લીધા, અને તેઓની આગલ દુરથી લુબાન કીધું ! પછી વડા ગેરીઆએ પુર્છીઉં કે "ભાઈ કોણને નામના રમાહોય," તાહારે સાસુજીએ વેહેલાં વેહેલાં રૂસતમજીનું (મારા વરનું) નામ દીધું. પંછી મુઆ બધા ગેરીઆઓ ખણખણ ઘુંગરા વજારી ધપાધપ વાંદરાની કાંગ્ણી કુદવા લાગા, અને મોટેથી બોલેઆ કે "રૂસતમજી રે ભાઈ, ઘેરીએ ચહરેઆ, ઘેરીએ ચહરેઆ, બીરાબીર, ઉપર રે જરેઆ લીલા ચીર" પછી મુઆ કંઈ બીજું બીજું બકી ડાંડીઆ અફાડી બે રૂપીઆ લઇને ચાલી ગીઆ. તાહારે સાસુજીના જીવને કરાર થએઓ. આ એવા મારાં સાસુજીછે ભાઈ, માંએ મને દીવો લઈને જોઈ જોઈને અપાવેઆંમ (જરા હસીને)

જાં૦—તે તમારા રૂસતમજી કંઈ નહી કેહેતા ? તેઓ બાહારતો શુધારાનું આવું મોટું ઢોલ ઘાલેછે. ને ઘરમાં કંઈજ કેહેતા નહી ?

જર૦—તેણાનાએ કહીઉં. જાહારે ઘેરાપર બેસારેઆ ને બીરાબીર કીધું તાહારે મારપર બેસીને સાંભલેઆ કીધું પણ કંઈ બોલેઆ નહી તાહારે વલી તેવંન બીજું તે શું કેહે ! એ સઉ.

જાં૦—તાહારે એઓ પણ અમથાજ મોટી મોટી વાતો કરેછકે !

જર૦—તો બીજું શું. પણ વલી છેક નથી કેહેતા એમબી નથી જો, કેહેમ તાહારે વલી સારી પબે કેહેમ પણ સાસુજી કદી સમજે નહી. જો જરાબી બોલેઆં કે ઉપરથી સંડોવવા મંડી જાએ, અને ઈસકોલ કાહાડનારાઓને ગાર દેવા મંડી જાએ. અરે બીચારા ઈસકોલવારા ફોકટમાં એવાઓની ગાર ખાએચ. તે બીચારાઓએ શુ એવાની ચોરી કીધી કે તમને ગાર દેચ ! ભાઈ, બલા જાણે તમેના ઈસકોલ માસતર થતા. પણ ભાઈ એ દીવાલીનો તેહેવાર શા ઉપરથી નીકલેઓછે તે મને કેહેશો.

જાં૦—હા, માહારી વાહાલી બેન, હું તુને મોટી ખુશીથી કહીશ, પણ હમણા મને જરા લખવાનુંછે, તેથી આપણે સાંજે એ વીશે વાત કરશું. હમણાંતો તમે જરા માંએ આગલ જાઇને બેશો.

જર૦—કંઈ નહી બા, પછી પરવારીને (જરબાઈ જાએછે.)

# અફીણ.



જગત કરતા ઈશવરે દુનીઆમાં તરેવાર ચીજો ઊતપન કરીછે, અને તેમાં તરેવાર ગુણો મેલીઆછે. સાધારણ નજરે જોતાં કોઇમાં સારા ગુણ માલમ પડેછે, અને કોઈમાં નરસા માલમ પડેછે. કોઈ ચીજ ખાધાથી માણસ જીવતો હોએ તે મરેછે, અને કોઈથી મરતો હોએ તે જીવેછે. જેથી માણસ જીવેછે તથા સુખી થાએછે તેને આપણે સારો ગુણ કહીએછે, અને જેથી તે મરેછે તથા દુખી થાએછે તેને નરસો કહીએછે; પણ તે પરમ કુરપાલુએ સઘલામાં સારોજ ગુણ મેલેલોછેઃ કોઈમાં નરસો મેલેલોજ નથી. ખાંમી માતરે આપણી સમજની તથા શકતીનીછે. જે ચીજને જે જગાએ વાપરવી જોઈએ, તથા જેવી રીતે વાપરવી જોઇએ, તે જગાએ તથા તેવી રીતે વાપરવાને આપણને નઆવંડીઆથી તે નુકશાંનકારક થઈ પડેછે. દુનીઆમાં કોઈ ચીજ એવી નથી કે જેનો ઊપીઓગ બરોબર રીતે કરતાં તે માંણસને દુખકારી થઈ પડે, તેમજ કોઈ એવીબી નથી કે જેનો ગેરઊપીઓગ કરતાં તે માણસનાં હકમાં ફાએદો કરનારી થઈ પડે. માટે સઘલો આધાર તેનાં ઊપીઓગ અને ગેરઊપીઓગ ઊપરછે, અને સઘલો વાંક માણસની સમજનોછે તેમાં તેના પેદા કરનારને કશો દોશ ઘટતો નથી.

અફીણ પણ એક એવી વસતુછે, કે જેને વાપર

નારા ખરાબે હાલ થઈ જાએછે, અને તરાંબાનાં સરખી દેહનાં તે દુબળા અને ઢોર જેવા થઇ મરણ પાંમેછે. શુરા હોએછે તે કાએર બની જાએછે, અને તવંગર હોએછે તે ભીખારી બની જાએછે. અફીણની કેફમાં રાજાઓએ રાજ ખોઈ દીધાંછે, અને પરજાએ પોતાનાં ટેક ગુમાવીઆછે. અફીણથી કરીને ચીન સરખો ફલવંત, કલાવંત અને પુરૂથવીની સપાટી ઊપરે સઊથી બોહોલી વસતી વાલો દેશ આજે પાએમાલ થઈ ગએઆછે. દેશની દોલત ઘટી ગઇછે, અને રાજનું બલ ટુટી ગઈઊછે. ફલવંત જગાઓ તે વેરાન થઈ પડીછે, અને તરેવાર હુનરો તે ગુમ થઈ ગએઆછે. લોકમાંથી સુરાપણું જઈ હીચકારાપણું આવીઊંછે, અને અકલ ગુમ થઈ દેવાનાંપણું ચાલીઊંછે.

એ સઘલાનું કારણ અફીણનો ગેરઊપીઓગછે. અફીણનો જેવો ઊપીઓગ ઘણા લોકો કરેછે તેવા ઊપીઓગને માટે તેને ખોદાએ પેદા કરીઊં નથી. જેમ ખેતરમાંનો અનાજ કાપવાને એક માણસનાં હાથમાં દાતરડું આવે, તે તેને પગમાં મારી લંગડો થઈ બેશ, તથા ધાન પકાવવા આતસ આપે તે માથાપર મેલી ટાલકી બાલી બેસે, તેમ અફીણ, જે કેટલાંક દરદો સાફ કરવાને એક દવાઈ દાખલ ખોદાએ સરજીઊંછે, તેને બદલે લોકો તેને વગર સબબે અને વગર અરથે, માતરે શોખને ખાતર કે કેફની ઝુમમાં સકચુર થઇ તેમાંથી ઊતપન થતા તરેવાર વીચારોમાં મોજ મારવાને ખાતર ખાએછે, તેથી તેમના તેવા બુરા હાલ થાએછે. જેમ બીજી ચીજોનો ઘટતો ઊપીઓગ કરવાથી ફાએદો થાએછે, તેમ એનો બી જો કરેઓ હોએ તો તેમાંથી પણ ફાએદો થાએ.

અફીણ એક જાતના ફલનો રસછે. ખસખસ એ અફીણના બીઆંછે. ખેતરને સારીપેઠે ખેડી માહે ખાતર નાખી ખસખસ વાવે તીઆરે તેમાંથી અફીણના રોપા ઊગે. એ રોપા ગજ, દોઢ ગજથી વધારે ઊંચા થતા નથી. પરથમ એની ઊપર ફુલ આવેછે, તેની પાંદડીઓ લાલ અને સફેદ હોએછે. ફુલ ખરી પડેઆ પછી એક દીડવું બંધાએછે. જે મોટું અને પાકટ થએઆ પછી તેમાંથી અફીણ નીકલેછે. અફીણ કાહાડવાની રીત એવીછે કે, તે દીડવાં ઊપર સમીસાંજને વખત છરીવતે કાપા પાડેછે, અને તેવી હાલતમાં સહવાર શધી રેહેવા દેછે. આખી રાત તેમાંથી ચીક નીકલેછે, અને તે તે ફલની આસપાસ એકઠી થઈ વલગી રેહેછે, તેને સહવારના પોહોરમાં છરીવતે આખવી લેછે. એ પરમાણે બે તરણવાર તે દીડવાંઓમાંથી ચીક કાહાડેછે. એ ચીક તેજ અફીણ થઈઊં, કેમકે એ સીવાએ બીજી કસી કીરીઆ તેની ઊપર કરવામાં આવતી નથી. ઊપર જે ચીતરછે તે અફીણના રોપાની એક દાખલોનુંછે. તે ઊપર એક ફુલ ફુટેલુંછે, અને તેમાં ઝીણું બંધાતું દીડવું નજર આવેછે. અફીણ એટલું મોઘું મલેછે, કે તે નવ દશ રૂપીએ રતલ વેચાએછે. એનો રંગ કાલો અને સવાદ કડવોછે.

જે માણસને અફીણ ખાવાની મુદલ ટેવ ન હોએ તેણે જો એક મગના દાણા જેટલું ખાધુ હોએતો તેની તેને ઘણીજ કેફ ચહડેછે, પણ એની કેફવાલો માણસ દારૂની કેફવાલાની માફક મસતી તોફાન કરતો નથી કે બુમ બરાડા પાડતો નથી, પણ તેથી ઊલટુંજ કરેછે; એટલે સુસત થઈ આંખવીચી મુરદાંની માફક પડી રેહેછે કે નહીતો બેસીને જુરીઆ કરેછે. પણ જે એને અફીણ ખાવાની ટેવ હોએછે તેઓ પા, અરધા કે પોણા તોલા શુધી ખાઈ શકેછે. જેને એકવાર અફીણની ટેવ પડી તે પછી કદી છોડાતી નથી. જો ખરોબર વખતે અફીણ નહી મલી આવેતો તેનો જીવ આકલ વીકલમાં પડેછે, પગ લથરી જઈ જમીન પર તુટી પડેછે, અને વખતે મોડે ફીણ આવી મરણ પણ પામેછે. તેથી અફીણીઆઓ હમેશ પોતાની સાથે દાબડીમાં અફીણ રાખેછે, અને જેવી તેને તલપ થઈ કે તેમાંથી થોડુંક કાહાડી ગોલીવાલી ગલી જાએછે. કેટલાએક એનુ પાણી બનાવીને પીએછે, તેને કસુંબો કહેછે. કેટલાએક એનો હુકાની માફક ધુમાડો લેછે, તેને ચંડુલ કહેછે. અફીણ ખાનારા તથા પીનારાઓના શરીર ઘણા દુબલાં હોએછે. આંગમાં શકતા રેહેતી નથી, અને ખાંધેલું જરતું નથી તથા પુરૂં ખવાતું નથી. કાએઆ તદન લથરી જાએછે, અને અંતે થોડી મુદતમાં મોત આવેછે. અફીણ, જો બે તોલાથી વધારે કોઈ માણસના ખાધામાં આવેતો તે ઝેર થાએછે અને તેથી તે ખાનાર થોડા કલાકમાં મરણ પામેછે. ઘણીક બેસમજ સ્ત્રીઓ સેહેજ કજીઆને માટે અફીણ ખાઈ આપઘાત કરવા જાએછે પણ સમજતીઓ નથી કે તેવે મોતે મરવાથી ખોદાના ચોર થાએછે અને કએઆંમત થધી ઊંડા દોજખમાં પડવું પડેછે.

# દુનીઆંનો મુસાફર.

## પત્ર ૨૬.



પીઆરાં બેન,

ગઈ વખતનાં પતરમાં મેં ફરાંનસ વીશે તમો
ને લખી જણાવીઊં હતું; તે હું ધારૂછું કે તમે વાં
ચીને સારીપેઠે સમજીઆં હશો. એ પતર લખીઆ પ
છે તરીજે દાહાડે હું સપેન જવા નીકલીઓ. તમોને
ખબરતો હશે કે ફરાંનસ અને સપેનની વચે "પીરીની
ઝ" નાં ડુંગરો આવેલાછે, તે ઓલંગીને સપેનમાં જ
વાએછે. એ ડુંગરો ઘણાં ઊંચા, અને તેનાં રસતા
ઘણા સાંકડા અને ઢોલાવદાર હોવાથી ખચરપર બે
સીને તે ઊપર મુસાફરી કરવી પડેછે. કેમકે તેમનાં પ
ગ એવી જગાએ ચાલવાને ટરી રહેલા હોએછે. એ
વાંચી તમોને જરા હસવું આવશે કે ખચરતો ગધેડાનાં
જેવાં દેખાએ તેથી તેનાપર કેમ બેસાએ! પણ બેન,
એ ખચરોને તેમનાં ધણીઓ ઘણો સારો ખોરાક
આપેછે, અને સારી માવજત કરેછે, તેથી તેઓ શરી
રે ઘણાં પુશટ, અને ઘોડા જેવાંજ દેખાએછે. એ પી
રીનીઝનાં ડુંગરોમાં કેટલાકતો એવા ઊંચાછે કે તેમ
નાં મથાલાં ઊપર બરફ પડીઊં રેહેછે. એ ડુંગરો
પસાર કરી હું સપેન દેશમાં આવી પોંહોંચીઓછુ.

સપેનનો દેશ આપણા દેશની માફક એક મો
ટો દવીપકલપછે. તે ઇઊરોપ ખંડનાં નઇરૂતીઅ ખુ
ણમાં આવેલોછે. એની ઊતર દીશાએ બીસકેના ઊ
પસાગર અને પીરીનીઝનાં ડુંગરોછે; પુરવે ભુમધીઅ
સમુદર, દખણીણે પણ ભુમધીઅ સમુદર અને જીબરાલ
ટરની સમુદર ધુની, અને પશચીમે આટલાનટીક મ
હા શાગરછે. એનો વીસતાર ૨૧૮૦૦૦ ચોરસ મા
ઈલછે, અને તે ઊપર ૨૦૦૦૦૦૦૦ માણસની
વસતીછે:

એ દેશમાં પાહાડોની હારો ઘણીછે. જો સા
રીપેઠે તપાસીને જોઈએ હોએતો તેની ચીઆરે ગમ
ડુંગરો માલમ પડેછે. એ ડુંગરોની વચે મોટી મો
ટી ગાલીઓછે અને તે દરેક ગાલીમાંથી નદીઓ વ
હેછે. એ દેશનાં એક ભાગપર ઘણાક ડુંગરો હારબં
ધ અને અણીઆલાછે, તેથી તેને "કરવતીઆ ડુંગર"
કેહેછે. કેમકે દુરથી જોતાં તેનો આકાર કરવતનાં સ
રખો લાગેછે. કેટલીક જગા તદન સપાટ પણછે. એ
દેશમાંથી ઘણીક નદીઓ વહેછે, તેમાં બે મુખીઅછે. તે
મનાં નામ ડુરો અને ટેગસછે. એ બંને નદીઓ સપે
નનાં વચલા ભાગમાં થઈ પોરચુગલમાં રહી સમુદરને
મલેછે.

એ દેશની આખો હવા જુદી જુદી જગાએ
જુદી જુદીછે. જે જગા સપાટ મેદાન જેવીછે, તીઆં
ઊનાલાની મોસમમાં તાપ ઘણો પડેછે, અને તાહાડ
ની મોહોસમમાં તાહાડ અતીશ પડેછેઃ પણ કીનારા ત
રફની હવા મધીઅમ અને ઘણી ખુશનુમાંછે. એ દે
શનાં ઊતર ભાગમાં વનસપતીની સારી પેદાએશ થા
એછે. તેમાં અંજીર, દરાખ, નારંગી વગેરે પુસકલ ફ
લો થાએછે અગાઊ ઘણાક વરસ શુધી સપેનનો એ
ભાગ મુર એટલે એક જાતનાં આરબ લોકોનાં તા
બામાં રહેઓ હતો, તેથી તેમાનાં વખતની બાંધેલી
મોટી મોટી ઈમારતો મધેની ઘણીકો આજે ભાગેલી તુ
ટેલી હાલતમાં જોવામાં આવેછે. એ ભાગમાં ચોખા
અને શેરડી પણ પાકેછે.

એ દેશમાં જનાવરો પણ પુશકલ થાએછે. જે
માં વરૂ, રીંછ અને જંગલી ગોધા એ મુખીઅછે. પા
લેલાં જનાવરમાં ગધેડાં અને ખચર પુશકલ અને ઘણા
સારાં હોએછે. એ દેશમાં મરીનાં નામના બકરાં ઘણા
જ થાએછે. તેના ઊનનું કપડું બનાવેછે, તેને "મરી
નો" કહેછે. એ મરીનાની બે ચાર પેટી તથા બની
આંનો તમે પેહેરીઆં હશેજ. એ ઊનને તે બકરાંના



દીલ પરથી ઊંના
લાની રૂતુમાં કાપે
છે. એ દેશની દ
ખણીણમાં જીબરા
લટરછે, તે અંગરે
જ લોકના તાબા
માંછે. એથી કરી
ને અંગરેજોના હાથમાં આખા ભુમધીઅ સમુદરની ચા

વી આવેલી કેહેવાએછે. એ જગાએ કાલા રંગના વાંદરા પુશકલ થાએછે, તેમને મારવાને સરકારની તરફથી મના કરવામાં આવેલીછે.

સપેન દેશના રસતા ઘણાજ સાંકડા અને ખરાબ છે. જેટલી એ દેશમાં નેહેરો ખોદવામાં આવેલીછે, તેટલી આખા ઈઊરોપના કોઈ દેશમાં ખોદવામાં આવેલી નથીઃ તેમાની કેટલીકો વાહાણ ખેડવાને માટે, અને કેટલીકો ખેતીવાડીને પાણી પોહોંચાડવાને માટે બાંધવામાં આવેલીઓછે. સપેનના શેહેરોમાં મુખીઅ મેડરીડછે. એ તેહેની રાજધાનીછે. એ સીવાએ માલાગા અને કેદીજ એ બે મુખીઅ બંદરોછે. સઊથી મોટો વેપાર માલાગાના શેહેરમાંછે. એ સીવાએ તીઆં ઘણાક કારખાંના અને એક મોટી પાઠશાલાછે. એની રાજધાનીનું શેહેર મેડરીડ લખીઊંછે, તેને પારીસ અથવા લંડનના સરખું સમજશોના. એ શેહેરમાં મોટામાં મોટી ઈમારત એક રાજાનો મેહેલ સીવાએ બીજી એકે નથી. તેમાં બાગ બગીચા, કે લીલોતરી ભરેલી જગા જવલેજ નજર આવેછે. એ શેહેરને શતરૂના હુમલામાંથી બચાવવાને તેની આસપાસ ફરતી ભીત બાંધી લીધેલીછે, અને તેમાં પંદર દરવાજાછે. એ શેહેર અસલતો એક નાહાનું ગામડું હતું પણ ઈસવી સનની સોલમી સદીમાં તાંહાના બીજા ફીલીપ પાદશાહે તેને સુધારી પોતાની રાજધાની બનાવી હતી. મેડરીડથી પચીશ માઈલને છેટે એક જગાછે, જીઆં એક મોટું દેવલછે. એ દેવલ વીશે એવું કેહેવાએછે કે તે બાંધનીમાં તથા સુના રૂપાં વગેરેના સીનગારમાં આખા ઈઊરોપમાં સરસ ગણાએછે, એ સીવાએ તીઆં મોટી મોટી મઢો, ઈસપીટાલો, પાઠશાલાઓ, અને પુસતકખાંનાછે. એક પુસતકખાંનામાં ઘણા પુરાતન વખતના આરબી અને ઈઊનાની લેખોછે.

નામીચો વાહાણવટી કોલમબસ, જેણે અમેરીકા સરખો, એક બીજી દુનીઆમાં જેવડો ખંડ શોધી કાહાડીઓ હતો, તેનો જનમ એજ દેશમાં થએઓ હતો. એ પુરૂશ ઘણો નામીચો હોવાથી તેનું એક ચીતર સઊથી પેહેલાં તમારી ઊપર બીડીઊંછે.

સપેનના લોકને સપેનીઆરડ કહેછે. તેમના ચેહેરા અંગરેજ તથા ફરેંચોના જેવા છેક સફેદ નહી પણ જરા શામલા અને રાતાશવાલા હોએછે. મોડાંના એવા રંગ છતાં, કાલા કેસ, કાલાં ભમર અને કાલી આંખો હોવાથી તીઆંની સ્રીઓ ઘણી ખુબસુરત દખાએછે. પુરૂશો માથે એક જાતની ટોપી ઘાલેછે, અને દીલમાં ડગલા તથા પાટલુન પેહેરેછે. સ્રીઓ ઈંગલંડની સ્રીઓની પેઠે માથે ટોપીઓ પેહેરતી નથી, પણ ફકત ઝીણું સફેદ કે રંગીન રૂમાલ જેવું કપડું નાખેછે. એ દેશના પુરૂશ તથા સ્રીનું એક ચીતર તમારી ઊપર મોકલીઊંછે.



સપેનનાં લોકને ગોધાની લડાઈ ઘણીજ ગમે છે. એ લડાઈ કરાવવાને તથા લોકોને જોવાને દરેક શેહેરમાં એક મોટાં મેદાન ઊપર એક મોટી ઈમારત બાંધવામાં આવેછે. એ ઈમારતની વચોવચ ગોધાઓને લડવાને મોટો ચોક હોએછે, અને તેની આસપાસ લોકોને બેસવાને ફરતી બેઠક કરેલી હોએછે. જીઆરે લડાઈ થવાની હોએછે તીઆરે શેહેરનાં સઘલાં લોકો તેમાં એકઠાં થાએછે, અને પછે એ કાંમને માટે ખવાડી ખવાડીને મસતાન કરેલા ગોધાને વચે લાવીને છુટો મેલેછે. એની શાંમણે એક માંણસ ઘોડેસવાર થઈ હાથમાં લાંબો ભાલો લઈ લડવાને જાએછે.



એ લડાઈમાં ઘણીવાર જુવાંન અને ખુબસુરત તથા બાહાદુર મરદો મારેઆ જાએછે. જો ગોધો જલદીથી લડવાના શુરપર આવતો નથી તો કેટલાક લોકો તેને પછવાડેથી ભાલા ભોકી તથા રંગીન કપડાં દેખ

ડાવીને તેને ચીડવેછે, અને શુર ચહડાવેછે. એ ગોધાઓ લાલ કપડું જોઇ ઘણાજ ચીરડાએછે. એ ગોધાની લડાઈમાં ઘણાક માણસોનો જીવ જાએછે તેથી જે શીઆનાં અને સમજુ લોકછે તેઓતો તેને ઘણાજ ધીકારેછે, અને તેને જોવા વરીક જતા નથી. એ લડાઈનું એક ચીતર તમારી ઊપર મોકલીઊછે તેમાં તમે જોશોકે કેવો એક જુવાંમ સખસ ઘોડાપર બેસીને હાથમાં લાંબો ભાલો લઇ ગોધાની સાથે લડેછે! તેમજ ગોધો પણ કેવા જોરથી તેની સાંમણે થએલોછે!

બેન, થોડા દાહાડા હું મારા એક તીઆંજ થએલા મીતરની સાથે પોરટુગલ દેશમાં જઇ આવેઓછું, તેથી આ સપેનની બાબદ પુરી કરી થોડુંક તે દેશ વીશે પણ તમોને લખી જણાઊછું. પોરટુગલ દેશ સપેનની આથમન દીશાએ આવેલુંછે. સપેન અને પોરટુગલની જમીન એકજછે, પણ માતરે જુદાં રાજથી તેનું જુદુ નામ પડીઊછે. બાકી સઘલી પાંતીએ તે સપેન દેશનેજ મલતુછે. એ દેશની રાજધાંની લીસબન શેહેરછે. એ દેશમાં પણ દરાખ પુશકલ પાકેછે. તેને પાકી રહેઆ પછે જુવાંન સ્ત્રીઓ અને છોકરીઓ ટોપલીમાં ભરીને લઈ જાએછે તે દેખાવ ઘણો



રલીઆંમણો લાગેછે. એમાં ઓપોરટો કરી એક મોહું બંદરછે, તીઆંનો વાઈનનો દારૂ ઘણો વખાંણ વાજોગછે, અને તે આખા ઈઊરોપમાં વપરાએછે. તેને "પોરટ વાઈન" કહેછે. ટુકામાં લખુછું કે એ દેસ સપેનને એટલોતો મલતોછે કે તેનું જુદું વરણન લખવાની કસી જરૂર દીશતી નથી, તેથી આ પતરને હાલ તરતતો અહીંજ પુરો કરવાની રજા લઊછું.

હું છું તમારો,

વાહાલો ભાઈ.

## સાધારણ સમજ.

સઘલી બાઈઓ, રાત દાહાડો, ઘણાક સાધારણ બનાવો જોતી, બોલતી કે સાંભલતી આવેછે, પણ તે સઘલા કેમ બનેછે, અને શાથી બનેછે તે વીશે થોડીઓજ જાણતી કે વીચાર કરતી હશે. ચુલામાં વીણાએ વા નાખીઓ હોએતો જલદી બલતુ થઇ આવેછે, એ વાત સઘલી બાઈઓ જાણેછે, પણ એમ કાંએ થાએછે, તે થોડીઓજ જાણતી હશે. વરસાદ વરસેછે તીઆરે આકાસમાં વીજ પડેછે અને ગગડાટ થાએછે એતો સઘલી બાઈઓએ જોએલુ તથા સાંભલેલુછે, પણ તે વીજલી પડેછે તે શું છે, અને ગગડાટ થાએછે તે શુંછે તે વીશે જો પુછીઊં હોએતો થોડીજ બાઈઓ તેનો જવાબ દઈ શકે. તેથી એવા એવા રાત દહાડો આપણી નજર આગલ બનતા બનાવો કેમ અને સાથી બનેછે, તેની દર અંકમાં થોડી થોડી સમજ આપવાને થોડાવ કરીઓછે. એ બાબદો સઘલી બાઈઓ હાંસથી વાંચશે, અને વાંચીને તેમાંથી સારૂ ગનાન મેલવશે એવી હમોને આશાછે. પરથમમાં ગરમી એ બોલ આપણે રાત દાહાડો બોલીએ છઇએ તે શું ચીજછે, તે કીઆંથી નીકલેછે, અને તેને લગતા દરરોજ શું શું સાધારણ બનાવો આપણી નજરે પડેછે, તે વીશે થોડુંક લખીએ છઇએ. એ સઘલું સવાલ જવાબના આકારમાં લખીએ છઈએ, કેમકે તેથી વાંચનારી બાનુઓને સેહેલથી અને સારી રીતે સમજણ પડે એવુ લાગેછે.

**સવાલ**—ગરમી એટલે શું?

**જવાબ**—હરકાંઇ વસતુને હાથ લગાડતાં ચામડીને જે ઊનુ લાગેછે, તે ઊનાને ગરમી કહેછે.

**સ૦**—ગરમી એ શું ચીજછે?

**જ૦**—હજુ આપણે કહી નથી શકતા કે ગરમી એ શું ચીજછે. ઘણા ઘણા વીદવાનો હજુ એ ચીજ વીશે કશું ચોકસ કહી શકતા નથી.

**સ૦**—ગરમીનું મુખીઅ મુલ શુંછે?

**જ૦**—સુરજ: સુરજ આખી દુનીઆંને ગરમી આપેછે.

**સ૦**—સુરજની ગરમીથી માણસને શું ફાએદો થાએછે?

**જ૦**—ઘણોજ મોટો: ગરમીથી માણસ જીવે

છે; જો એ ગરમી નહી હોએતો માણસ થંડુ થઈ જાએ, તેના શરીરમાં ફરતું લોહી બંધ થઈ જાએ, અને તે મરી જાએ. મરણ પામેલું માણસ જેમ તેનો સવાસોસવાસ બંધ થઈ ગએઆથી માલમ પડેછે, તેમ તે ઠંડુ પડી ગએઆથી પણ પરખાએછે. જો માણસ નો સવાસોસવાસ ચાલતો બંધ પડી ગએઓ હોએ, અને તોપણ જો તેનુ શરીર ગરમ હોએતો, તેનામાં જીવછે એમ જણાએછે.

સ૦—એની કંઈ વનસપતી ઊપરબી અસર થાએછે કે?

જ૦—હા, ઘણીઃ જો સુરજનો તાપ વનસપતી ને લાગે નહીતો તે કદી ઊગે નહી. અનાજને પણ પાણીની સાથે સુરજની ગરમી મલે તીઆરેજ તે ઊગે, નહીતો મરી જાએ. એજ કારણથી લોકો ઘરમાં બાગ બનાવતા નથી, તથા ઓરડામાં ઝાડનાં કુંડાં મુકતા નથી. કેમકે ઘરમાં તેમની ઊપર સુરજનુ તડકું બરોબર પડે નહી.

સ૦—ગરમીથી જાનવરોનેબી કંઈ ફાએદો થાએછે કે?

જ૦—અલબતે, વલી માણસ પણ એક જાતનુ જાનવરજછે; ફેર માતરે એટલોજછે કે તે તરૂં ચાલેછે, પોતાના મનની વાત શબદ રૂપે કહી શકેછે, ખરાં ખોટાંનો વીચાર કરી શકેછે, અને તેને મારે જવાબ દેવાને ઈશવરને બંધાએલોછે; અને બીજી જાતના જનાવરોમાં એ નથી, પણ તેથી કંઈ તેમનાં શરીર ઊપર થતી અસરમાં ફેર પડતો નથી. તીઆરે જે ફાએદો ગરમીથી માણસને થાએ તેજ ફાએદો જાનવરને પણ થાએ.

સ૦—વારૂ, ગરમીથી કાંઈ બીજો ફાએદો આપણને થાએછે કે?

જ૦—હા, ગરમીથી કરીને આપણને પાણી મલેછે. સુરજના તડકાંની ગરમીથી મોટા મોટા દરીઆ, નદી, તલાવ વગેરેનુ પાણ ધીમે ધીમે ઊકલી તેનો બાફ થઈ આકાશમાં જાએછે, અને તીઆં તેનાં વાદલાં બંધાઈ જાએછે. પછી જીઆરે તેને ઠંડો પવન લાગેછે, તીઆરે તેમાની ગરમી નીકલી જવાથી તે પાછું પાણી થઇને જમીનપર તુટી પડેછે. તેને આપણે વરસાદ કહીએ છઈએ. તેમાંથી નદી નાલાં થાએછે, અને નદી નાલાંઓમાંથી જમાનમાં ચોમેર ઝરાઓ ફેલાએછે, તેનું પાણી કુવામાં અને તલાવમાં આવેછે, અને તે આપણે પીને જીવીએ છઇએ. વલી જમીન ઊપર વરસાદ પડવાથી, તથા નદીના પાણી ફરીવલીઆથી તે ઘણી રસાલ થઈ જાએછે, અને તેમાં અનાજ ઊગેછે તે આપણે ખાઈને જીવીએ છઈએ. વલી પેહરવાનાં લુંગડાં પણ આપણને ગરમીથી મલેછે એમ કહીએતો ચાલે, કેમકે તે વીના રૂના ઝાડ થાએ નહી. રૂના ઝાડ હમેશ ગરમ દેશોમાંજ પાકેછે. રૂ કાંતી, તેનો દોરો બનાવી, તેના કપડાં વણી આપણે પેહરાએ છઈએ.

સ૦—તીઆરે શું સુરજની ગરમી નહી હોતેતો આપણને ખાવાને અન, પીવાને પાણી, અને પેહરવાને લુંગડાં એ કશું મલતે નહી કે?

જ૦—હા, ખરૂજતોઃ એવું સઘલું કંઈ નહી મલતાં વલી આપણે પણ જીવતાં નહી રહી શકતે.

---

## પુરૂથવી અને તેને લગતા બનાવો.


ભાગ ૧ લો.

### પુરૂથવીની ઊતપંતી.

જે પુરૂથવી ઊપર આપણે વસીએ છઇએ તે પુરૂથવી કેવીછે, તેમાં શું શુંછે, અને તે કીઆરે થઇછે એ વીશે જાણવું ઘણું અગતનુછે. અલબતે જેટલું જાણવું જોઇએ તેટલું સઘલુંતો આપણે જાણી શકતાં નથી, પણ જેટલું વીદવાનોએ જાણવાજોગ બાહેર દાહાડીઊંછે તેટલું જાણવાની તો ફરજછે.

જે પુરૂથવી ઊપર આપણે વસીએ છઇએ તે એક મોટો કઠણ અને અપાર દરશક ગોલોછે. એ ગોલાને તેનાં પેદા કરનાર સાહેબે કોઈ પણ વસતુનાં ટેકા વગર અધર રાખેલોછે. કેટલાકો કેહેછે કે તેને નાગનાં માથાપર રાખેલોછે, અને કેટલાકો કેહેછે કે તેને ગાએનાં શીંગડાં ઊપર મેલેલોછે, પણ એ સઘલી વાત તદન ખોટીછે. તે આકાશમાં તદન નીરાધારછે, પણ તે કેમ રહેલોછે તેનું વરણન હવે પછે કરવામાં આવશે.

પુરૂથવીની ઊતપંતી કીઆરે થઈ અને તેને આજ કેટલાં વરસ થએઆં તે હજી સીધ થઈઊં



મીસરના હાકમને માટે બનાવેલી રેલવેમાં-જોડવાની ગાડી.

નથી. કેટલાકો તેને પેદા થવાને ચાર હજાર વરસ ગણેછે, કેટલાકો બાર હજાર ગણેછે, અને કેટલાકોતો કેહેછે કે તે અનંત વખતની પેદા થએલીછે. જેમ એની ઊતપંતી વીશે તરેવાર મતો ફેલાએલાંછે, તેમ એનાં અંત ઈઆને નાશ વીશે પણ તરેવાર મતો પડેલાંછે. કેટલાકોનું એવું મતછે કે તેનો એક ચોકસ વખતમાં અંત આવશે, અને કેટલાકો કેહેછે કે તેનો અંત કદી આવનાર નથી: જેમ તે અનંત વખતથી પેદા થએલીછે, તેમ તે અનંત વખત શુધી રેહેવાની. વલી કેટલાક વીદવાનોનું એવું મતછે કે તેનો, એટલે પુરૂથવીનો પોતાનો નાશ થતો અથવા થવાનો નથી, પણ તેની ઊપરની પેદાએશનો નાશ થાએછે અને થશે. તેઓ એવું કહેછે કે પુરૂથવી ઊપર એક ચોકસ મુદતે પડ ફરી વલેછે, અને તેથી આગલી પેદાએસ સઘલી નાસ પાંમી જઈ તે નવાં પડ ઊપર નવી જાતની વસતુઓ પેદા થાએછે. તેઓ એવું કેહેછે કે પુરૂથવીનાં આએજ પડ ઊપર માણસ જાતની ઊતપંતી થઈછે, બાકી તેની આગમચનાં પડ ઊપર તેવું કશું હતું નહી, અને જે દાહાડે આપણી ઊપર બીજું પડ ફરી જશે તે દાહાડે આપણ સઘલાંનો નાશ થશે, અને વલી કાંઈ જુદીજ જાતનાં જનાવર તથા ઝાડ પાન પેદા થશે. તેથી તેઓ કેહેછે કે જે લોકો આએ પુરૂથવીનો અને તેની સાથે માણસ જાતનો નાશ થશે એવું કેહેછે, તે નાશ નવું પડ ફરી વલવાથીજ થશે. અલબતે તેમાં માણસ જાતનો નાશ થશે, પણ પુરૂથવીનો તેમની ધારણાં પરમાંણે થવાનો નહીં. જેઓ એવું કેહેછે તેઓ પોતાની તકરારનો પાએઓ ભુયરની વીદીઆ ઊપર બાંધેછે. ઈઊરોપ ખંડમાં કેટલીક જગાએ ઘણીજ ઊંડાઈવેર ખોદવામાં આવીઊછે, અને તેમાંથી કેટલાંક એવી જાતનાં જનાવર તથા તેમનાં હાડ પંજર અથવા છુટાં હાડ મલી આવીઆંછે, કે તેવી જાતના આજે પુરૂથવીના કોઈ ભાગ ઊપરથી મલી આવતાં નથી. વલી પુરૂથવીને ખોડતાં તેમાં એક પછી એક પડ બંધાએલાં નજર આવે છે, અને તે દરેક પડમાંથી જુદી જુદા જાતની વસતુઓ મલી આવેછે. જે વસતુ એક પડમાંથી મલેછે તે બીજાંમાંથી મલી આવતી નથી, પણ તે પડ સઘલે સરખાંજ અને સરખીજ ઊંડાઈએ નથી. એ ઊપરથી આપણી ઊપર એક એવું પડ કોઈ વેલાએ ફરી વલશે, અને આપણે સઘલાં ડટાઈ જશું એવું મત આપવાને વીદવાનો સામરથવાન થએઆછે.

કેટલાક વીદવાનો એવું કહી ગએઆછે કે પુરૂથવી જીઆરે પેહેલ વેહેલી પેદા થઈ હતી અને જીઆરે તેની ઊપર કશી જાતની ઊતપતી થઈ નહી હતી, તીઆરે તે અરધ પરવાહી આકારમાં હતી, પણ જેમ ઈંડાં ઊપર કોટનું બંધાતુ જાએછે, તેમ તેની ઊપર ધીમે ધીમે પડ બંધાતુ ગઈઊં, અને તે દન પર દન વધારે શકત અને જાડુ થતુ ગઈઊં. પછી તેની ઊપર પાણી, વનસપતી, જાનવર, વગેરેની ઊતપતી થઈ. હાલમાં પણ એવુ કેહેવાએછે કે પુરૂથવીની અંદરનો મધીઅ ભાગ સાલો પરવાહી આકારનોછે. કેમકે તેમાં એટલી બધીનો ગરમીછે, કે જેવી કરીને તે જગાના પથર, ધાતુ વગરે સઘલું પીગલીને પાણી જેવું થઈ રહીઊંછે. એ મત એટલા ઊપરથી બાંધવામાં આવીઊંછે કે, પુરૂથવીની અંદર જેમ જેમ વધારે ઊંડુ જવાએછે તેમ તેમ તેમાં ગરમી વધારે લાગતી જાએછે. તેથી તેઓએ પુરૂથવીના મધીઅ ભાગના ઊંડાણનું, અને દર માઈલે ગરમીના વધારાનું પરમાણ કાહાડી, એવુ અટકલીઊંછે કે મધીઅ ભાગની ઊંડાઈએ એટલી ગરમી હોવી જોઈએ, કે જેમાં પથર ધાતું વગેરે સઘલું પીગલી જાએ.

એ પરમાણે પુરૂથવીની ઊતપતી, નાશ, અને, હાલત વીશે અનેક મતો ફેલાએલાંછે, તોપણ હજી ચોકસ કેહેવાઈ શકાતું નથી કે, તે કીઆરે ઊતપન થઈ, અને કીઆરે ફના થશે.

## મીસરનાં વડા હાકેમને માટે ઉનાલાની ઋતુમાં બેસવાને બનાવેલી રેલવેમાં જોડવાની ગાડી.


મીસરનું શેહેર આફરીકા ખંડના પુરવ કીનારા ઊપર આવેલુંછે. એ શેહેર તુરકીનાં રાજને તાબેછે, અને તીઆં તે સરકારની તરફથી મોકલેલો એક વડો હાકેમ રાજ ચલાવેછે એ હાકેમને માટે ઊનાલાની રૂતુમાં રેલવેની ગાડીમાં મુસાફરી કરવાને એક ઘણીજ સુંદર કારીગીરી ભરેલી ગાડી બનાવવામાં આવી છે. એ ગાડીનું એક ચોતર પાસેના પાનામાં આપી

ઊંછે, તે ઊપરથી જણાશે, કે તે કેવી મોટી અને તેને તઈઆર કરવામાં કેવી ચાલાકી અને બારીક કારીગીરી કામે લગાડવામાં આવેલીછે. એ ગાડી લનડન મધેનાં પરખીઆત કારખાનાં વાલા મીસીઅરસ રાઈટ અને કંપનીનાં કારખાનામાં મી૦ બગઊીન નામના કારીગરે બનાવીછે. એ ગાડીને માટે એવું કહેવાએછે કે એવી કોઈવાર તે તરફની રેલવેમાં જોડવામાં આવી ન હોતી. એની લંબાઈ ૨૧ ફીટ, પોહોલાઈ ૮ ફીટને ૩ ઈંચ, અને ઊંચાઈ ૭ ફીટનીછે. તેનાં છાપરાં બે છે, અને વચે કેટલીક ખાલી જગા રાખવામાં આવેલીછે; તેનું કારણ એકે તે દેશ જાતે ઘણો ગરમ હોવાથી અને વલી ઊનાલાની રૂતમાં ઘણો ગરમ-પવન ફુંકવાથી તે પવન જો સીધો દીલને લાગે તો ઘણી ગરમી ઊતપન કરે તેથી તે અંદરનાં પડમાં અથડાઈને આવેલો પવન જરા ઠંડો થાએ, અને તેથી ઘણી ગરમી નહીં લાગે. બેહેનો, માણસ પઈસાથી કરી પોતાનાં સુખને ખાતર જેબી કરેછે અને કરશે, તે સઘલું થોડું! એ ગાડીને ચાર પઈડાંછે. તે સઘલાં સાધારણ ગાડીની માફક જડવામાં આવેલાંછે, પણ તેનાં બાહેરનાં ભાગ ઊપર તુરકી દેસને મલતી ઘણીજ સુંદર નકસી કોતરવામાં તથા ચીતારવામાં આવેલીછે. તેની બાહેરની બાજુ પાટીઆંનીછે, પણ તે ઊપર એવાતો સુંદર ચીતારો ચીતરવામાં આવેલાછે કે તે જોઈ માંણસની આંખને ઘણુ જ રલીઆંમણું લાગેછેઃ તેમાં જે તુરકીનાં રાજની નીશાન પાડેલીછે તે સઘલામાં ઘણીજ વખાંણવા જોગછે. ચીતારની અંદર ઘણીક જગાએ સુનેરી ઘોર વાપરવામાં આવેલોછે, અને જે ભોંએ ઊપર ચીતાર ચીતરેલાછે, તે ભોંએ ઘણાં ઊંચી જાતનાં સ્રેફેદ રંગથી રંગેલીછે. એ ગાડીનાં સઘલાં પાટીઆં સાગનીછે, અને તેને લોહાડાંની ફરેમો કરી તેમાં બેસાડેલાંછે. એને બધી મલીને બાર બારીઓછે, અને એક મોટું બારણુંછે. બારણાં ઊપર પણ ઘણીજ સુંદર નકસીછે, અને દરેક બારીમાં લીલા રંગનાં પરદા જડેલાછે.

જેમ એ ગાડીને બાહેરથી સીનગારવામાં કસી કશુર રાખવામાં આવેલી નથી, તેમજ તેને અંદરથી સીનગારવાને પણ ઓછી મેહેનત લીધેલી નથી. અંદર સઘલા ભાગ ઊપર તરેવાર નકસદાર વણેલી સાટીનનું અસતર કરી લીધેલુંછે, અને તેમાં પણ ઘણીક કારીગીરીથી રોનકમાં વધારો કરેલોછે. તેની અંદર એક નાકાપરથી હાકેમને બેસવાને એ લોકની રીત પરમાંણેનું તખત બનાવવામાં આવેલુંછે, અને તેની આગલ કેટલી ખુરસી તથા તે વીગરે બીજો કેટલોક સુંદર સામન મેલવામાં આવેલોછે. એ ગાડીની સાથે એક બીજી ગાડી જોડેલી હોએછે, તેમાં આવવા જવાને વચેથી રસતો રાખેલોછે, તેમાં તે હાકેમનાં ખીજમતદાર વગેરે માણસો બેસેછે. એ ગાડીને જીઆરે રેલવેમાં જોડેછે તીઆરે તે બીજી ગાડીઓમાં ઘણીજ દીપી નીકલેછે, અને લોકો મોટી હોંસથી જુએછે. જે કારીગરે એ ગાડી બનાવીછે તેની ઘણીજ વખાંણ થાએછે, અને હાકેમ પણ તેની ઊપર ઘણો ખુશી થએઓછે.

## કુતરૂં.

### ચોકીદાર કુતરો.



પશુઓની આખી વરણમાં કુતરાં સરખું નીમખહલાલ, અને માણસ જાતને ઊપીઓગી જનાવર બીજું એકે નથી. જોકે ઘોડા, હાથી વગેરે જનાવરોની ચંચલાઈ અને ઇમાનદારીના કેટલાક દાખલાઓ જણાએલાછે, પણ કુતરાંની બરોબરી કોઈ કરી શકતું નથી. લોકો વખતે કોઈને માઠું લગાડવાને માટે, “તું કુતરોછે” એમ કહેછે, પણ તેમાં તેમની મોટી ભુલછે. માણસને કુતરાનો ઊપમા આપવામાં તેની કીરતીમાં ઘટાડો થવાને બદલે ઓર મોટો વધારો થવો જોઈએ. કેમકે જેવી વફાદારી અને ઈમાનદારી કુતરાંઓએ પોતાના ધણીઓ સાથ બતાવીછે તેવી કોઈજ માણસે પોતાના ધણીને બતાવી હશે. માણસ દુની

આં માહેલાં સઘલાં પરાણીમાં ઊતમ ગણાએછે, પણ તેને તેમના કરતાં હલકાં અને નીમકહરામીના કામો કરતાં શરમ ઊપજતી નથી. જે કુતરાંને તે હલકુ ગણેછે, અને બીજાને હલકી ગણવા તેનું રૂપ આપેછે, તેના જેટલી, બલકે તેને પા હીસે પણ તે ઈમાનદારી નંહી રાખે, તીઆરે તેને કેટલી શરમ ઊપજવી જોઈએ? જેણે કુતરાંઓની પોતાના ધણીઓની એન વખત નીમખહલાલીથી બજાવેલી ચાકરીઓના થોડાબી દાખલા વાંચીઆ હશે, તે કદી પણ એમ કહેશે નહી કે માણસ તેનાથી સરસછે.

કુતરાં ઘણી જાતના થાએછે. કુતરાંઓની જુદી જુદી જાત, તેમનામાં જુદાં જુદાં કામો બજાવવાની કુદરતી શકતી ઊપરથી થએલીછે, પણ તેમ તેમના દેખાવમાં, અને શરીરના બાંધા તથા રંગમાં પણ ફેર હોએછે. જે જાતનું કુતરૂં હોએ, તેને તેજ જાતનું કાંમ સાંપીઊં હોએતો તે ઘણીજ ચાલાકીથી બજાલાવેછે, પણ જો તેથી ઊલટું સાંપીઊં તો તે તેનાથી ઘણું કરીને સારૂં બનતું નથી. જેમકે જો ચોકીદાર કુતરાને ડુબતાં માણસને કાહાડવાને પાણીમાં નાખેઓ હોએતો તે ગભરાઈને પાંછો નીકલી આવેછે; અને પાણીના કુતરાને જો ચોકી કરવા મેલીઓ હોએતો તેની આગલથી કોઈ ઊંચકી જાએ તોપણ તે પરવા કરે નહી, અને કોઈ ભએ દેખાડેતો નાહાસી જાએ. એ પરમાણે સઘલા કુતરાનું જાણવું. વલી એ જનાવરમાં સઊથી મોટી ખુબી એછે કે પોતાના ધણીનું કામ હમેશ હીમત, ચંચલાઈ અને ઈમાનદારીથી બજાવેછે. તેમના ઊપર ગમે એવું સંકટ આવી પડેછે, તથા તેમને કોઈ ગમે એવી લાલચ બતાવેછે, તોપણ તેઓ ડરતાં કે લલચાતાં નથી. જીઆંવેર તેમની ઘાંટીમાં પરાણ આવેછે, તીઆંવેર તેઓ પોતાનો અધીકાર બજાવવામાં જરા કસુર કરતાં નથી. એટલાજ ઊપરથી તેને માણસ કરતાં ઊંચો દરજ્જો અપાએછે. કુતરાંની ઘણી જાતો કરવામાં આવેલીછે, પણ તમાંની કેટલીક મુખીઅના અહીં વરણન કરીએ છઈએ:

કુતરાંની પેહલી જાત ચોકી કરનારાંનીછે. તમને "માસટીફ" કરીને કહેછે. એ કુતરાં પોતાના ધણીની, અથવા તેની મીલકતની જેવી હીમત અને ઈમાનદારીથી ચોકી કરેછે, તેવી બીજી કોઈ જાતનાં કુતરાં તાં શું પણ કોઈ માણસ પણ કરી શકતો નથી. હરકાંઈ મીલકતની અથવા કશાની ચોકીને માટે એક કે બે એ જાતનાં કુતરાં રાખેઆં હોએતો તે પંદર સીપાઈનાં કરતાં ઘણું સારૂં કામ બજાવેછે. ગમે એવા વીસવાસુ સીપાઈ હોએ તોપણ જો તેમને એવું લાગે કે હવે આપણો અહીં જીવ જશેતો તેઓ ઘણું કરીને પોતાનાં ધણીની મીલકતને લુટાવી મેલી નાહાસી જએઆ વગર રેહશે નહીં; તેમજ જો તેમને કાંઈ એવી મોટી નાંણાંની રકમ મલતી હોએ કે જેથી તેમનું દાલદર ફીટી જતું હોએતો ઘણું કરીને પોતાનાં ધણીનો જીવ જવા દે તથા તેની મીલકત લુટવા દે; પણ કુતરાં સરખું વગર વાચાનું પરાણી એવી નીમકહરામી કદી કરતું નથી. અલબતે કોઈબી જનાવર પઈસા ટકા કે હીરા માણેક ઊપર લોભાતું નથી, પણ જો તેને કાંઇ સારૂં ખાવાનું મલીઊં તો તે ઊપર તેનું મન દોડેછે; પણ આ નીમખહલાલ કુતરાંની આગલ ગમે એવું સુંદર અથવા મઘમઘતું પકવાન નાખીઊં હોએ, તોપણ તેની તરફ તે આડી નજરે પણ ન જોતાં પોતાનો અધીકાર નીમખહલાલીથી બજાવીઆં જાએછે. એ કુતરાંની ઊપર કોઇ જબરો સોટો ઊઠાવીને, કે મેઆંનથી તલવાર ખેંચીને ગમે એવો ઘભરાટ ભરેલો હુમલો લઈ જાએ, અને તેને મારી નાખવાનો ગમે એવો ભએ આપે, પણ તે જોઈ તે નાહાસી જઈ પોતાનાં ધણીનું લુટાવા દેતાં નથી. જીઆંવેર તેનાં કંઠમાં પરાણ આવેછે, અને જીઆંવેર પોતાનો એક હાથ પણ હીલવાએછે, તીઆંવેર તે રૂડું જનાવર પોતાનાં ધણીની તરફથી લડેછે, અને તેનો તથા તેની મીલકતનો બચાવ કરેછે; પણ જેવો તેનામાંથી જીવ ગએઓ કે તે લાઈલાજ થઈ પડેછે. એ જાતના કુતરાંઓએ બતાવેલી એવી ઈમાનદારીના ઘણાએક દાખલાઓછે, જેમાનો એક અંતરે પરગટ કરીએ છઈએ:—

મી૦ ટરનર નામે એક ગરહસથ લંડન શેહેરમાં રેહેતો હતો. એક વેલાએ તેને કાંઈ એવું કામ નીકલી આવીઊં કે જેથી તેને પોતાનું ઘર મેલી કેટલાંક દીવસ બાહર જવું પડીઊં. તેના ઘરમાં એક માસટીફ જાતનો કુતરો હતો, તેના ઊપર બધું ઘર સોંપી જવાને તે ગરહસથે ઠરાવ કીધો. તેણે તે કુતરાને માટે કેટલીક ખોરાક તથા પાણી એક જગાએ મેલીઊં, અને પછે તે તેને બતાવી, બારણા બંધ કરી ચોમાને કામે ચાંલી ગએઓ. થોડેક દાહાડે તે પોતાનું કામ ક

રીને પાછો આવાઓ. આવતાંને વાર બારણું ઊઘાડી કુતરાને હાંક મારીઓ, પણ તેણે કશો જવાબ આપીઓ નહી. મી૦ ટરનર તરત ઘરમાં ગએઓ, અને આસપાસ જોવા લાગો; એવામાં બબરચીખાંનામાં તે ભલું જનાવર મરણ પાંમીને પડેલું જોઈઊં. તેના ગલાં ઊપર એક મોટો જખમ પડેલો હતો, અને તેની આસપાસ પુશકલ લોહી બંધાઈ ગએલું હતું. ઘરમાં સઘલું ઊથલ પાથલ થઈ ગએલું અને ગભરાટ ભરેલું નજરે આવતું હતું, પણ કશું ખોવાએલું જણાતું ન હતું ! એ ઊપરથી મી૦ ટરનરે ધારીઊં કે ઘરમાં કોઈ ચોરો ચોરી કરવાને ભરાએઆ હશે, તેનો અટકાવ કરતાં આ ભલું જનાવર મારીઊં ગઇઊંછે. તીઆર પછી થોડેક દાહાડે, એક માણસ કુતરાંના શકત જખમોથી ઘાએલ થઇ એક ઈસપીટાલમાં પડેલો, માલંમ પડીઓ. તેની તપાસ કરતાં એવું માલંમ પડીઊં કે તે અને બીજા તરણ જણ તે ઘરમાં ચોરી કરવાને ભરાએઆ હતા, પણ તે કુતરાએ તેમનો મોટી ખલતવારીથી અટકાવ કરવાથી તેઓ તેના ગલામાં એક મોટી અને વેહંતી છરી વતે જખમ કરી નાહાશી ગએઆ હતા.

## દીવાલી.

એ તેહેવારનું નામ દીપાવાલી, એટલે દીવાની હાર, એવુંછે; તે ઊપરથીં આપણે તેને દીવાલી કરી બોલીએ છઈએ. હીંદુઓમાં અનેક દેવો તથા દેવીઓછે, તેઓ માહેલી કાલી અથવા ભવાની, દેવીના નામથી; એટલે તેની કીરીઆને માટે તે થએલોછે. એ દીવસે હીંદુઓના વીશણુ નામના દેવે તારાકી નામના રાખશશ ઊપર મોટી ફતેહ મેલવી હતી, એવું તેમના શાસ્રમાં કહેછે. દીવાલીનો તેહેવાર વરસની આખેરી એ; એટલે આસો મહીનાના પાછલા દાહાડા ઊપર પડેછે. એ તેહેવાર વીતાં પછે હીંદુઓનું નવું વરસ શરૂ થાએછે. દીવાલીનો તેહેવાર આસો મહીનાની વદ તેરસ, જેને ધનતેરસ કરીને કહેછે, તે દીવસથી શરૂ થાએછે. એ દીવસથી આપણી મુંબઇમાં બધેબધ દીવાની રોશની થાએછે, અને તરેવાર દુકાનો મંડાએછે, તે જોવાને પુશકલ લોક આવેછે, તેથી મોટો મેલો થઈ રહેછે. એવી રોશણી અને મેલો દીવાલી વીતાં પછી બે દાહાવેર, એટલે બધા મલીને પાંચ દાહાડાવેર રહેછે. કોઈવાર વતા ઓછા દાહાડા પણ રહેછે. એ મેલો જોવાને પુરૂશો તથા અસતરીઓ, ગાડીમાં બેસીને પુશકલ આવેછે: પાંચ વરસની વાત ઊપર કોઈબી પારસી સ્રી એ મેલામાં વીનીજન ઊતારેલી શીગરામમાં બેસીને જોવા આવેલી નજરે પડતી નહી હતી, પણ આજતો, લખવાને બેહદ ખુસાલી ઊપજેછે કે, તેવી સેંકડો ગાડીઓ, અને સેંકડો સ્રીઓ નજરે પડેછે. એ કંઈજ નહી પણ પારસીઓના સારા દાહાડાની, અને આવતાં સુખની નીશાંનીઓછે. પારસીની સ્રીઓ એમ મેલેઠેલેખી ફરવા શીખેતો તેમના ગનાનમાં કેટલોક વધારો થાએ. ધનતેરશને દાહાડે હીંદુઓ ધનની પુંજા કરેછે. એટલે કેટલીક કીરીઆ કરી ધનમાં વધારો થાએ, એટલે તેમને પઈસા મલે એવુ તેઓ પઈસાની દેવી, જેને લકશમી કહેછે, તેની પાસ માગેછે. પણ જો લકશમીમાં દોલત આપવાની શકતી હોએતો પછે કોઇ ખોદાની દરકાર કરે નહી ! કેમકે પઇસા વડે દુનીઆંની પોણી હાજતો પુરી પડેછે. એ દાહાડા ઊપર હીંદુઓ ફટાકા ફોડેછે, કોઠીઓ સલગાવેછે, અને એ વીગરે ઘણીક ધાસતી ભરેલી આતસની રમતો કરેછે.

ધનતેરસ પછી ચઊદશ પડેછે, તેને કાલીચઊદસ કરીને કહેછે. હીંદુઓના શાસ્રમાં કહેછે કે એ દીવસે તેમના વીશણુ નામના મોટા દેવે, ભારી લડાઈ કરીને, નરકાશુર નામનો એક રાખશશ, જે કોઈથી જીતી નહી શકાએ એવો હતો, તેને મારીઓ હતો. તે રાખશશને મારી વીશણુ બીજે દાહાડે જીતના નગારાં વજાડતો પોતાના શેહેરમાં દાખલ થએઓ હતો, તેની ખુશબખતીમાં આખા શેહેરમાં રોશણી કરવામાં આવી હતી, અને આખાં શેહેરની સ્રીઓ સીનગાર કરી હાથમાં બલતા દીવા લઇ તેને શામણે લેવા આવીઓ હતી. તેટલા માટે તે દીવસની ઈઆદગારી રાખવાને માટે હીંદુ લોકો સહવારના પોહોરમાં ઊઠેછે, અને નાહી ધોઈને પોતાં કપડાં તથા ઘરેણાં પેહેરેછે, અને પોતાના છોકરાંઓને પણ ઘણા સનગારેછે. એ દીવસે એજ પરમાણે પારસી બાંનુઓ પણ નાહી ધોઇને કપડાં બદલેછે, અને સીનગાર કરેછે, પણ હવે તેઓ સમજશે કે હીંદુઓતો તેમના દેવ વીશણુની ફતેની ઈઆદગારીમાં આવું કરેછે, પણ પારસી સ્રાઓ તેમ શાના પર

કમાં કરેછે. પડોસીના ઘરમાં લગન થાએ અને ત એ તમારા ઘરમાં ધાંમધુમ કરો તે કેવું કઢંગું અને હસવા સરીખું લાગે, તેમજ તમારા પડોશી હીંદુઓના તેહેવાર ઊપર તમે કપડાં બદલી નીકલો, અને સહવારથી ઘરમાં, ઊઠીને ગોધીઆરૂં કરો, એ કેવું હસવા સરીખું!

ચઊદસને બીજે દાહાડે પુનમ થાએછે, તે દાહાડો દીવાલીનો કહેવાએછે. એ દાહાડે હીંદુઓનું વીક્રમાજીતનું વરસ પુરૂં થાએછે, તેથી સઘલા વેપારીઓ પોતાનો જુનો હીસાબ નકી કરી બંધ કરી નવો નવી ચોપડીમાં ચાલુ કરેછે. એ વેલાએ કેટલીક કીરીઆ કરવામાં આવેછે, જેને વહીપુંજા કહેછે. એ દીવસે હીંદુઓની સાથે પારસીઓ પણ વહીપુંજા કરેછે, એટલે કેટલીક કીરીઆ કરીને નવા ચોપડા ઊઘાડેછે. અલબતે તેમને હીંદુઓ સાથ વેપાર વણજ સંબંધી ઘણો વેહેવાર અથવા સંબંધ હોવાથી તેમની બરોબર દાહાડો વાર રાખવાને તેમને તેમની સાથ ચોપડા બદલવાની જરૂર પડેછે, પણ તેની સાથે તેમના સરખી કીરીઆ કરવાની તેમને જરૂર અથવા ફરજ નથી. એ દીવસે ચોપડાની વહીપુંજા કરીઆ પછી, હીંદુઓ પોતાના બરાંમણોને મોટી મોટી દખશણા આપેછે, તેનું જોઈને આપણા પારસીઓ ગોબેદોને પઈસા આપેછે. એ પઈસાની લાલચથી તે દીવસ ઊપર કેટલાક ગોબેદો ભરબજાર વચે એવો ભીખારીના સરખો દેખાવ કરેછે, કે જેથી પારસીઓના નામને અને અગત કરીને તેમના પવીતર ધરમને મોટી હીણપસતી પુગેછે. એવે દાહાડે પારસીઓ ગોબેદોને પઈસા વેંહેંચવાનું બંધ કરેતો ઘણું સારૂં.

દીવાલી પછી બીજે દાહાડે પડવો પડેછે. એ દાહાડે હીંદુઓના મોટા દેવ વીશણુએ બાલી નામના રાજાને તેની સારી વરતનુકને માટે પાતાલમાં મોકલીઓ હતો. એ દીવસે હીંદુઓ સહવારના પોહોરમાં ઊઠી, એક ટોપલીમાં ફાટાં તુટાં ચીથડાં ભરી તેને દીવાની જોત વડે સલગાવી, "ઘરમાંથી સઘલી આપદા ટલી જાઓ, અને બાલી રાજાનું પાછુ રાજ થાઓ." એમ બોલીને બારણે નાખી દેછે, પછે સ્ત્રીઓ નાહીને બાલી રાજાનું એક પુતલું બનાવેછે, અને તેની પુંજા કરેછે, પછે ખાઈ પીને ગમત કરેછે.

પડવા પછી બીજ થાએછે; તેને ચાંદરાત કહેછે. એ દીવસે હીંદુઓનાં શાસ્ત્ર પરમાંણે નરકનો રાજા ઈઆંમાં પોતાની બેનને તીઆં જમવાને ગએઓ હતો, તેથી તે દીવસની ઈઆદગારી રાખવાને તથા તે રાજા તેમનાં પાપની સજા કરવામાં ઘટાડો કરે એવું માંગવાને હીંદુઓ સહવારનાં પોહોરમાં ઊઠેછે, અને પોતપોતાની બેનને ઘેર જમવા જાએછે. જમીઆ પછે તેઓ બેનોને પઈસાની ભેટ કરેછે, તથા સુનાં રૂપાંની જનસ પેહેરાવેછે.

દીવાલીનાં તેહેવારની આટલી મતલબછે. એ સઘલી મતલબ હીંદુઓનાં ધરમ સાથે તાલુકો ધરાવેછેઃ તેમાં પારસીઓને કશું લાગતું વલગતું નથી, તેથી હવે જેમ બને તેમ, આપણી ભોલી પારસી બાનુઓ એવે વખતે ન ઘટતી કીરીઆઓ કરી, જે પોતાને માથે પાપનો બોજો વધારેછે તે ચાલ હવે તેઓ છોડી દેતો ઘણું સારૂં.

---

## એક નોકરની નીમખહલાલી.

જે વેલાએ ફરાંનસ દેશની અંદર મોટો બલવો ચાલતો હતો, તે વેલાએ મારસેલસ શેહેરમાં રેહેનારી એક સ્ત્રીને પોતાનું ઘર છોડી બીજે ગામ જવાની ફરજ પડી, પણ તે ઘર છોડી જવાની આગમચ જે તેનાં ઘરમાં સુનાં રૂપાંનાં દાગીનાં, રોકડ વગેરે જે કાંઈ કીમતી વસતુઓ હતી, તે બલવાખોરોને હાથ લુટાઈ નહી જાએ એવી રીતે કેથે સાંતી રાખવાની વેતરણ શોધવા લાગીઃ ઘણોબી વીચાર કરીઓ પણ તેને કેમ છુપાવવી તથા કીઆં મુકવી તે સુઝીઊં નહી. તે સ્ત્રીનાં ઘરમાં એક તેનો ઘણો જ પુરાંણો નોકર હતો, જે નાનપણથી તેનાં ઘરમાં નોકરી કરતો છેક બુઢો થએઓ હતો. તેણે કેટલીક વાર એવીતો નીમખહલાલી બતાવી હતી કે તેથી તેની ઊપર તે સ્ત્રીનો ઘણોજ વીસવાસ હતો, તેથી તે બાઈએ પોતાનો જીવ જીવણગાલો બલવાખોરોનાં હાથમાંથી કેમ બચાવવો તે વીશે તે બુઢા નોકરને સલાહ પુછી. તેણે એવી સલાહ આપી કે તેની પાસે જે જેવર હોએ તે સઘલું એક નાની પેટીમાં ભરવું, અને તે પેટીને કાતરીઆંપરના એક ઓરડામાં મેલી તેનું બારણું ચણી લેવું. એ ઈકીકતી તે સ્ત્રીને પસંદ આવી, અને તે પરમાંણે તેણે પોતાનું સઘલું જે

વર એક નાની પેટીમાં ભરી તે ખુદા નોકરનાં હાથમાં આપીઊં; તેણે તે પેટી ઊપર કહેલી જગાએ મેલી તેનું બારણું પોતાને હાથે ચણી લીધું, અને તે જગાએ નહીં તેને માટે આખા ઓરડામાં ચુનો લગાડી લીધો.

પેલી સ્ત્રીએ પોતાનું સઘલું ઘર તે ખુદાનાં સવાધીનમાં આપીઊં, અને તેને સાવચેતીથી રેહવાને કહીં પોતાની મુસાફરીએ ચાલતી થઈ. થોડેક દાહાડે એક અમલદાર પોતાની સાથે કેટલીક માંણસોને લઈને તીઆં આવીઓ, અને જાણીઊં કે તે ઘરની ધણીઆંણી બીજે ગામ જતી રહીછે, તેથી ધારીઊં કે તેમાં તેની સઘલી મતા એમની એમ હશે. કેમકે તે સારીપેઠે જાણતો હતો કે આએ વખતમાં કોઈ પણ પોતાની મતા પોતાની સાથે લઈને નાહાસી જઈ શકે નહી. તે અમલદાર પોતાનાં માંણસ સહીત તે ઘરમાં દાખલ થએઓ, અને તેનાં ઓરડે ઓરડા, તથા ખુણે ખુણાં શોધીઆં, પણ ઢોલીઆ, કોચ, ખુરસી, કબટ વગેરેનાં મોટા સામન સીવાએ બીજી કશી કીમતી ચીજ તેને હાથ લાગી નહી; તોપણ તે અમલદારે ધારીઊં કે એ ઘરમાં કંઈ કીમતી ચીજ નહીં હોએ, અથવા તેની ધણીઆંની તે સઘલું પોતાની સાથે લેતી ગઈ હોએ એમતો બનેજ નહી: માટે ગમે તે હોએ પણ સઘલું જેવર એ ઘરમાં કેથે પણ છુપાવેલું હોવું જોઈએ. એ વીચારથી તેણે પેલા ખુદા નોકરને ઘણીજ ધાસતી આપીને કહીઊં કે જો તે તેની શેઠાંણીનાં જેવરને છુપાવેલી જગા નહી બતાવી આપશેતો તેને ઓટી સજા કરવામાં આવશે. તે ખુદા અને નીમખહલાલ નોકરે તે અમલદારને ખોલી રીતે કહીઊં કે, તેની શેઠાંણીએ પોતાનું જેવર કીઆં સાંતેલુંછે, અથવા તે અહીંજ કેથે સાંતેલુંછે કે તે પોતાની સાથે લેતી ગઈછે, તે વીશેની તેને કશી ખબર નથી. આ જવાબથી તે ઊસકેરાએલા અમલદારની જરા ખાતરી થઈ નહીં, અને તે ખુદાને એક નેઆઓની દરબારમાં ઘસડી લઈ ગએઓ. તીઆં તેને મારી નાખવાનો વટીક ભએ આપવામાં આવીઓ, પણ તે પોતાના આગલાજ બોલને વલગી રહઓ તેથી તેને કંઈ ખબર નહીજ હશે એવું ધારીને છોડી મેલીઓ.

થોડુંક પછી તે બલવો બંધ પડીઓ, અને સઘલી સમાધાંની થઈ. એક દાહાડે એક ઠગારો માણસ તે ઘરમાં આવીઓ અને ખુદાને કહીઊં કે તેની શેઠાંણીએ તેને મોકલીઓછે અને ફલાણી જગાએ જે તેણીના જેવરની પેટી તારી પાસ છુપાવેલીછે તે માગીછે; એમ કહી તેણે તે જગાની અને તે પેટીમાં શુંશુંછે તેની એવીતો બરોબર નીશાંની આપી કે તે ખુદા અને ભોલા નોકરે તરત તે તેને કાહાડી આપી. પેટી લઈને જતી વેલાએ તે શખસ તે ખુદાને કહી ગએઓ કે તેની શેઠાંણીએ એવું કેહવાડીઊંછે કે હવે તે પાછી અહીં આવવાની નથી, માટે તેનું ઘર બંધ કરી તારે કોઈ બીજો ધંધો શોધી લેવો. આથી કરી તેને ઘણુ લાગીઊંતો ખરૂં, તોપણ સબુરી અખતીઆર કરીને શટેલાં જોડા સીવીને ગુજરાણ કરવા લાગો. થોડુંએક પેલી સ્ત્રી પાછી આવી અને આવી ખબર સાંભલી ઘણીજ અચરત તથા દીલગીર થઈ, પણ જાણીઊં કે તેની પાસેથીજ કોઈ પણ લુચાને કંઈ ભરમ મલવાથી તે આવી ઠગાઈ કરી ગએઓછે, તેથી તેણીએ તેવું છતાં પણ પોતાના ખુદા નોકરની નીમખહલાલની ઘણીજ તારીફ કીધી અને તેને મરતી વખતે ઘણોજ કીરતીવંત કરીઓ.

## રમુજે ફુરસત.

### રમત.

જેટલી જણીઓ રમનાર હોએ તેટલી જણીઓએ ખુરશી ઉપર ગોલ ચકરડાનાં આકારમાં બેસવું અને પછી દરેક જણીએ નીચે લખીઆ પરમાંણેનાં ક થી સરૂં કરીને ખ, ગ વગેરેનાં એક પછી એક, તરત, વાકીઅ બોલી જવા. જેને બોલતાં વાર લાગે, અથવા ગુંચવાએ કે ખોટો બોલે તે હારે. જેમકે—

સુનાબાઈ, પીરોજબાઈ, રતનબાઈ, જરબાઈ, ગુલબાઈ ગોલ વલીને બેઠાંછે, તીઆરે સુનાબાઈ બોલે કે "હું કને ચાહુછું, કેમકે તે કપટ વીનાનોછે." પછે પીરોજબાઈ બોલે કે "હું ખને ચાહુછું, કેમકે તે ખરાં દીલનોછે." પછે રતનબાઈ બોલે કે "હું ગને ચાહુછું, કેમકે તે ગરજની વેલાએ મદદ કરેછે." પછે જરબાઈ બોલે કે "હું ઘને ચાહુછું, કેમકે તે ઘણો નીતીમાનછે." એ પરમાંણે છેક સા સુધી વાકીઅ બોલવા; પણ તેમાં જે અક્શરથી કોઈબી શબદ સરૂ ન થતો હોએ, જેવો કે ઙ તેને મેલી દેવો.

### સમશીઆ.

☞ હું એક તરણ અક્શરનો સબદ છું. જો મારો પેહેલો અક્સર લેઓતો તમારા સઉથી વાહલામાં વાહલું એક

સગુ થાઉં, જો મારો છેલો લિઓતો તડકામાં ચાલતી વેલાનું એક જાતનું દરદ થાઉં, અને જો મારા તરણે અકશર લિઓતો પાંણી ભરવાનું એક વાસણ થાઉં.

હું એક અનદીઠ વસ્તુ છું: કોઇમાં ઘણી ને કોઇમાં થોડી, પણ સઘલા માંણસ તથા જનાવરમાં હું છું. જેમ જેનામાં હું વધારે હોઉછું તેમ જો તે મારો ઘટતો ઉપીઓગ કરેછે તો તે દુનીઆમાં ઘણો વખણાઇ જાએછે. મારાં નાંમની પાસે ક અકશર મેલો, તો એક જાતનું માંણસ જાતને ઘણુંજ ઉપીઓગી જાનવર થાઉં, અને જો ખ અકશર મેલોતો ઈરાંન દેશનું એક નામીચું શેહેર થાઉં. જો મારા છેલા અકસરને એક કાંનો કાહાડોતો એક જાતની સઉથી ખરાબ કલપીત દેવી થાઉં, અને વડુ કાહાડોતો એક જાતના રંગનું નામ થાઉં.

હું ઠંડુંબીછું, અને ગરમબીછું: હું જડબીછું, અને પરવાહીબીછું. પુરથવી ઉપરનાં દુરનાં દેસમાં રહુછું, અને જીઆરે તમે મને બોલાવોછો તીઆરે હું મોટા મોટા દરીઆ ઓલંગી તમારા શેહેરમાં આઉછું, અને તમારા ગલામાં ગપ દઈને ચાલી જાઉછું. જીઆરે તમુને મારી ગરજ હોએછે તીઆરે પાસે આવોછો, ને પીઆરથી હાથમાં લોછો, અને જીઆરે ગરજ મટી જાએછે તીઆરે ધીકારીને દુર નાહાખોછો.

હું નાનુબીછું, ને મોટુંબીછું: હું તમારી પાસેબી રહુછું, ને ઘરમાંબી રહુછું. મને બે આંખછે પણ દેખાતુ નથી, અને મને પગ નથી પણ હું ચાલુછું. જોકે હુ આખે દાહાડે એક વેંહેત, કે એક આંગલ જેટલું ચાલુછુ, તોપણ મારી જહડપ પુરથવીને પોતાની ધરી ઉપર ફરતી વખતની જહડપની બરોબર ગણાએછે. મને રોજ ખાવાનું નહીં આપોતો ફીકર નહીં, પણ મારી ટેવ પરમાણે જો વખતસર અમલાવીને અમરો તોહો નહીંતો વખતે હું પેલું થઈ જાઉં કે નહીંતો મરી જાઉં: પણ મરીને વલી જીવતું થાઉં.

## સવાલોનાં જવાબ.

(જુવો ગએઆ આંકના સવાલો.)

૧—જોડા.
૨—પુરથવી.
૩—હવા.
૪—પેહેરવાની સારી.

## પરચુરણ બાબદો.

**ભટકતાં છોકરાં**—તપાસ કરતાં એવું માલમ પડીઉછે કે આખાં લનડન શેહેરમા ૩૦૦૦૦ છોકરાં ધનીં ઘોરી વગર, તથા મા બાપની સંભાલ વગર રસતે રસતે ભટકેછે.

**એક નવાઈ સરખુ વીલ**—વેલેસીઆ નામના શેહેરમાં એક ૭૮ વરસની ઉમરનો સખસ મરણ પાંમેઓ, તે એવું વીલ કરી ગએઓ હતો કે જેઓ તેની પાદસે આવે તેઓને તેણે એકઠી કરેલી ૧૦૦૦૦ બીડીઓ વેંહેંચી આપવી! વલી બીજું એવું લખી ગએઓ હતો કે જે તેનાં મીતરો તેના ઘરમાં આવે તેઓએ જેટલો ઘરમાં વાઈનછે તેટલો બધો પીધા વગર જવું નહી!

**કીડીનો નાશ**—એક સખસે એવી શોધ કરીછે કે જે ઘરમાં કીડી ઘણી થતી હોએ, અને જો તેનો નાશ કરવો હોએતો એક વાદલાંનો કટકો લઇ તે ઉપર ખાંડ ભલરાવી કીડીઓની જગાપર મેલવું. કીડી તે ઉપર ખાંડ ખાવાને ચહડતાંજ તેના ઓખરાઓમાં ભરાઈ જશે. પછી તે કટકાને ગરમ પાંણીમાં બોલી નીચવી નાખવો અને ફરીથી ખાંડ ભભરાવીને મેલવો.

**રેલવેની સડક**—ગએઆ પાંતરીસ વરસમાં આખી દુનીઆ ઉપર બધી મલીને ૧૧૩૦૦૦ માઈલ રેલવેની સડક બંધાઈ હતી, તેને માટે ૪૦૦૦૦૦૦૦ ટણ લોહોડું લાગું હતું.

**ઘોરપર છબી**—આજવેર મરણ પાંમેલા માંણસોની ઘોર ઉપર તેમના નામ લખવામાં આવતાં હતાં, પણ હાલમાં આસટરીઆ દેશની રાજધાંની વીએનાં શેહેરમાં ઘોર ઉપર મરણ પાંમેલા સખશનો ફોટોગરાફ લીધેલી છબી કાચમાં મેલીને જડવાનો ચાલ નીકલેઓછે.

**કોલશાનો ખપ**—આખાં લનડન શેહેરમાં એક વરસમાં ૫૧૧૯૮૮૭ ટણ એટલે ૪૦૫૯૦૧૬૦ મણ કોલસો ખપેછે-એવું ગણતરો ઉપરથી માલમ પડીઉંછે.

**બે વરસવેર તાજું ઈંડું!**—બરતુર નાંમના કોઈ ફરેંચ વીદવાને એવું શોધી કાહાડીઉંછે કે જો પોણો ભાગ આલીવનું તેલ, અને એક ભાગ મધમાંખનું મીણ એ બંનેને ગરમ કરી મેલવીને ઈંડાં ઉપર ચોપડીઉં હોએતો તે બે તરણ કે તેથીબી વધારે વરસવેર કોહેઆ વગર રહી સકેછે. એવી રીતે બે વરસવેર રાખેલાં ઈંડાં તેણે ખાધાંછે.

**મોટું કરજ**—અમેરીકામાં હાલમાં લડાઈ ચાલેછે તેથી એખલી ઉતરની સરકારને માથે ચાલતાં વરસમાં ૩૪૬૩૭૯૬૬૭૦ રૂપીઆનું કરજ થઈઉંછે.

**વેહેમ**—આગસટસ સીજર નામના પાદશાહાને એવો વેહેમ હતો કે સહવારના પોહોરમાં ઉઠતાં વાર જો તેના જમણા પગમાનો જોડો ડાબા પગમાં પેહેરાઈ ગએઓ તો એમ સમજતો હતો કે તે દાહાડે કાંઈબી ખાડો બનાવ બનશે!

**બાલનો વધારો**—જેને બાલનો વધારો કરવો હોએ તેને માટે એક લખનાર એવો ઉપાએ બતાવેછે કે ૧ રતલ બકરાંની ચરબી, ૪ આંઉસ સોજુ સફેદ મીણ, ૩ ડરાંમ બરગેમોનટનો તેજાબ, ૩ ડરામ લીંબુનો તેજાબ, ૧ ડ

રાંમ લવંડરનુ તેલ, ૧ ડરાંમ થાઈમનુ તેલ, એ સઘલુ લ ઈ, પરથમ મીણ અને ચરબી બંને સાથે ભેલી તેમને ધીમા ઈંગાર ઉપર મેલી મેલવી દેવા અને પછે તેમાં ઉપલા તે જાબ તથા તેલ, નાખવાં. પછે તે એક કાચના અથવા કો રીના પાટમાં ભરી મેલીને રોજ સહવારના બાલમા ઘસવુ.

**ગીચ વસતી**—એશીઆ ખંડમાં જેમ ચીનદેશ માં માણસોની મોટી વસતી ગણાએછે, તેમ ઈઉરોપમાં બેલજીઅમમાં તેના વીસતાર પરમાણે ઘણી વસતી કેહેવા એછે. એ દેશના કેટલાક ભાગ ઉપર દર ચોરસ માઈલે ૭૦૦ માણસ વસેછે.

**પાણીમાએ ચાલનારાં વાંહાંણ**—રશીઆના શા હાનશાહાના હોકમથી હાલમાં, લડાઇને માટે એક જાત ના એવાં નાહાના વાહાંણો બનાવવામા આવેછે, જે પા ણીની અંદર ચાલી શકે !

## સવાડીશટ પકવાંનો, ઈતીઆદી.

**સુંઠનો દારૂ**—આ એક લેહેજતદાર દારૂ નીચે મુ જબ બનાવામા આવેછે--બે ગેઆલન ઠંડા પાણીને ચુલ્હા ઉપર ઉકાલવા મેલવું, અને તેમા બે આઉંસ છુદેલી સુંઠ તથા બે રતલ ખાંડ નાખવી એ સરવેને એક કલા ક સુધી ઉકાલવું, જે પછે તે ઉપર જે થરી બંધાએ તેને ઉ પર-ઉપરથી કાહાડી લઈને તે દારૂને એક બરણી અથવા ટપમા નાખવો તથા તેમા એક લીંબુની કાતરીઆ તથા અ રધો આઉંસ "ક્રીમ આફ ટારટાર" નાખવી. જારે આ દારૂ તદન ઠંડો થાએ તારે તેમા એક પીઆલુ ભરીને ખ મીર અથવા ખાણ નાંખવું. હવે દારૂ થએઓ, તેને બે દીવસ રેહેવા દઈને પછે ગાલી કાહાડવો તથા બાટલીઓમાં ભરવો, પણ બાટલીનાં બુચને જોરથી બાધી લેવા

**લીંબુનાં વેલાતી અચાર**—એક ડજણ સારા, જ હલકતા, માવાદાર લીંબુ લેવા પરથમ તે ઉપરના દાઘ છો લી કાહાડવા અને પછે બરોબર વચમાથી હેઠેવેર આરપા ર ચાર ચીરા પાડવા. તે ચીરાની અંદર નીમક ભરવું અને તેમને એક રકાબીમા મેલીને તડકામા ઈઆ ચુલા આગલ સુકાવા મેલવા તે પછે થોડાક ઈંચા વેલાતી સ રકાને લસણ, સેકતો, હલદ ઈતીઆદી સાથે ઉકાલવો અને તેને ઉપલી રકાબીમા લીંબુની ઉપર નાખવો ને એવી રીતે કે લીંબુ અંદર તદન ડુબી જાએ. એમના એમ બે તર ણ મહીનાં તેને રેહેવા દેવા જેથી સરકાની અંદર દાખલ થવાથી લીંબુ પોચા અને ખાવા લાએક થશે

### એક પરદેશી ભરથાર ઉપર તેની સ્ત્રીએ લખેલો પત્ર.

(રાગ—ઓખાહરણનો ટાલ.)

વ્હાલા વરયો છે જે દિથી તુને,
દિથી તે કાં ના જોઉં હું તુને;
કેમ છેક થયો પરદેશી,
કેમ દુર રહ્યો હજી બેસી—૧

લાગોછ દ્રવનો બહુ તુને લોલ,
જેનો કરતો નથી તું થોલ;
ધારેછ શ્રીમંત થઈને હું જાઉં,
સ્વદેશે, રહી સુખી થાઉં—૨.

પણ જાણ એ મારા વ્હાલા,
લોભે કંઈક થયાછે દુખાલા;
લોભે જાય સઘલું સુખ,
લોભે દાખવે દલિદ્રતા મુખ—૩.

દ્રવ, માયા જાણીછે આ જગની,
ચકચકતી તે ખોલી ઠગની;
નવ સાર એમાં કંઈ લેશે,
અંતે હરે એમાં જે કો પેશે—૪.

દ્રવ્ય મળ છે દોષ ડગાનું,
તે ન થાએ કદી નિજ સગાનું;
તેની હોડી કરી તરવા જાએ,
ભવસાગર, તો ઝટ બુડી જાએ—૫.

મારે પ્રાણપતિ પતિ મારા,
સુખ દઈ સિત દીલ કરનારા,
કર ઈઆદ વચન તારો શું છે,
કર ઈઆદ હુકમ તુને શુ છે—૬.

દ્રવથકી હું વરી નથી તુને,
હતી હોંસ તેની નહી મુને;
રૂપ ગુણ સકલ તારાં જોઈ,
રૂરો જાણી તારા પર મોઈ—૭.

મને જોઈએ ન તારૂં ધંન,
પણ જોઈએ એક તારૂં તંન,
જે પર જડયા છે બેમુલ હીરા,
સુસોભીત સુગુણના પૂરા—૮.

મારે વ્હેલો આવી હવે પોંચ,
દેસ આવી વીજોગની સોચ,
વિનતી મારી છે તુને એજ,
નાનાબાઈ, ખરૂં સુખછે તેજ—૯.

## પોંહોંચ.

"જય કુમારી વીજય નાટક" એવે નાંમનું એક નાટ કનુ પુસતક તેનાં બનાવનાર મી૦ રણછોડભાઈ ઉદયરાંમ ની તરફથી પોહોંમીછે. એ નાટકની વલણ ઘણું કરીને સ્ત્રી સુધારા ઉપરછે તે જોઈ હમોને ઘણો સંતોસ ઉતપન થા એછે. મી૦ રણછોડભાઈએ પોતાની ફુરસદનાં વખતનો આવો સારો ઉપયોગ કરીઓછે તેથી તેમને માંન ઘટેછે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. નવેમબર ૧૮૬૪ આંક ૧૧ મો.

## વગર પઈસાનો કીમતી વારસો

અથવા

### પરીતની પીડા!

એક વારતા.

### પરકરણ છઠું.

### દુખ ઊપર ડાહામ.

ગરીબ બીચારી જરબાનું! કમનસીબ બીચારી જરબાનું! બેહેમનનાં પીઆરને માટે તેણે કશું કરવામાં બાકી રાખીઉં નહી. તે એકવાર પોતાનો વાહલો પરાણ આપવાને પણ તઇઆર થઇ, પણ કપટી દીલનાં બેહેમનનાં મનમાં કશું ઉતરીઉં નહી. તેણે ભલી જરબાનુને ભર મીજલસમાં ધીકારી, ભર દરબારમાં તેને અપમાંન કરીઉં, અને તેનો હાથ પકડવાને ના પાડીઉં, તોપણ એ રૂડી છોકરીનાં દીલમાંનો બેહેમન ઉપરનો પીઆર એક તલ ભાર પણ કમતી થએઓ નહી. બેહેમનનાં દરેક તીરસકાર ભરેલા બોલો તેને મીઠા મધ સરખા લાગતા, અને તેનાં દરેક અપમાંન ભરેલા ચાલા તેને પીઆર ભરેલા લાગતા. એટલું છતાં પણ તે બેહેમનને પોતાનાં ખરા જીગરથી ચાહાતી હતી!

પાદશાહાનાં હોકમથી બંનેનાં લગન થએઆં તો ખરાં પણ તેથી બાપડી જરબાનું ઉપરનાં વીધનમાં ઘટાડો થવાને બદલે ઓર વધારો થએઓ. બેહેમન જાણતો હતો કે પાદશાહ જરબાનુંનો એકે બોલ પાછો ફેરવશે નહીં, અને વલી સાથે એ પણ સારીપેરે જાણતો હતો કે તેને ખરાં જીગરથી ચાહાનારી જરબાનું તેનું કહેલું સાંભલવાને તથા બજાવવાને એક પલભાર પણ આનાકાની કરશે નહી, તેથી તેણે એવું કહીઉં કે પાદશાહા પાસે જઇ દરબારમાંથી થોડા દાહાડા બાહાર જવાનો હોકમ લાવવો. પોતાનાં વાહલા પતીનો બોલ માથે ચહડાવી જરબાનું પાદશાહ પાસે ગઈ, અને ભારે મેહેનતથી રજા મેલવી. રજા લઈને ખુશી ભરેઆં દીલ સાથે બેહેમન પાસ આવી, અને તેને પાદશાહનો હોકમ જણાવીઓ.

હા! હવે બીચારી જરબાનુનાં દુખનો પાર કીઆં લાગશે! અરે, કેવું તેનું જીગર ફાટી ટુકડા થઈ જશે! અને કમબખ્ત બેહેમનનું કીઆં ભલું થશે! જરબાનુંને મોહોંથી એવું સાંભલતાંજ તે બોલીઓ, "હાલમાં મને એક એવાતો અગતના કામસર પરદેસ જવું પડેછે, કે જેને માટે એક કલાક પણ મારે અહીં ખોટી રેહેવું ઘટતું નથી. એક પલબી હવે અહીં થોભવું, એ મારી સઉથી વાહાલી આબરૂના જોખમેછે, માટે મને એક પણ વધારે બોલ બોલીઆ વગર કુચ કરી જવી જોઇએ, માટે તું હમણાંતો મારી માને ઘેર જા." એટલું બોલી પોતાનાં એક નોકરને સાદ મારીઓ, અને તરત તેને કાંઈ અગતજોગ સરનજામ લઈ તેની સાથ ચાલવાનો હોકમ કરીઓ. અફશોશ! બેહેમનનો એકાએક આવો બોલ સાંભલી જરબાનુંની નજરમાં જમીન અને આસમાન એક થઇ ગએઆં, તેની આંખમાં આંસુની રેલ ચહડી આવી, અને બોલી, "સાહેબ, હું તમારી એક તાબેદાર નોકર છું, અને તમારા હોકમને તાબેઉં પણ—"

બેહેમન—"પણ શું"? "તું શું કેહેછ"?

જરબાનું—સાહેબ કંઇ નહી, હું શું કહું સાહેબ, એ પરમાણે જરાબી ભેટીઆ વગર કોઈ અજાણીઓ પુરૂષ હોએ તે, તથા વેરી હોએ તે સીવાએ બીજું કોઈ જતું નથી."

બેહેમન—બસ, બસ હવે, એ બધું બોલવાનું રેહેવાદે, અને તારી ગાડીમાં બેસ, અને આપણા ઘર તરફ જા.

જરબાનુ—સાહેબ, હું તમારા હોકમને જરાબી શામણે થવા માગતી નથી, હું તમારા હોકમને તાબેઉં, અને તમારા ફરમાવીઆ મુજબ હું ઘેર જાઉંછું, પણ જાણજો કે તે ઘર અને તે આખુ શેહેર એક તમો વગર મારે મનથી એક બીઆબાન જંગલ સરખું છે.

બેહેમન—તું ઘેર તરફ જા, જીઆં હું હવે કદી આવનાર નથી, હવે મારૂં કામ, મારી તલવાર અને લડાઇનગારાંના અવાજ સાથ રહીઉંછે.

એટલું બોલી બેહેમને પોતાનો રસતો લીધો, અને દુખી બીચારી જરબાનું ગમગીન દીલ સાથે પોતીકી સાસુનાં ઘર તરફ ગઈ.

---

વાનો, અને રાજદ્વારી પુરૂશો મલી "એડીનબરગ રીવીઊ" નામનું એક ચોપાંનીઊ, પરવરતાવવા માંડીઊં, જેમાં બરોહામ પણ એક લખનાર થએઓ સઘલા લખનારાઓ કરતાં બરોહાંમ તેમાં વધારે અને સઊથી સરસ લખતો. એક વેલાએ લારડ બાઓરનની છપાએલી કવીતા જોઈ, તેણે એ ચોપાંનીઆમાં એવું મત આપીઊં હતું કે તે આગલ ચાલતાં મોટો કવી થશે; અને તેમજ થઈઊં. સન ૧૮૦૩ માં તેણે ઈઊરોપીઅંન રાજ વાલાઓની સંસથાનો ઊપર ચાલતી રાજ નીતી બાબે બે પુસતકો લખીને બાહેર પાડીઆં જેથી તેની ઊંચી મનશકતી વધારે પરકાશવા બાહેર આવીઓ.

બરોહાંમ સકાટલંડ છોડી ઈંગલંડમાં ગએઓ, અને તીઆંની એક નેઆએની દરબારમાં દાખલ થએઓ. તીઆં કેટલુક શુધી રહેઆ પછે તેને તીઆંની એક વીદીઆનો વધારો કરનારી મંડલીનો સભાસદ ઠેડવીઆમાં આવીઓ. તેની પછવાડે થોડુક રહીને સને ૧૮૧૦, માં શાહાનશાહ નેપોલીઅને ઈંગરેજ વેપારીઓ સાથે બીજા દેશ વાલાઓને વેપાર કરવાની મનાઈ કરી હતી, તેને માટે એ દેશનાં કેટલાક વેપારીઓ મલી તે હોકમ રદ કરાવવાને ઊમરાવની સભામાં અરજ કરવાને તથા તેમની તરફથી લડવાને બરોહામને વકીલ ઠેડવવામાં આવીઓ. તીઆર પછે એ પારલામેનટમાં દાખલ થએઓ. તીઆં તે કેટલાક ભાશાંણ કરનારાઓનાં મત સાથે એકમલતો થઈ ગુલામગીરી કાહાડી નાખવા બાબે બલતવારીથી લડવા, અને મોટાં મોટાં ભાશાણો કરવા લાગો, અને અંતે એટલું કરીઊં કે ૧૮૧૧ માં એક એવો ધારો પસાર કરાવીઓ કે જે કોઈ બરીટીશ પરજા ગુલામનો ધંધો કરે તેની ઊપર લુટ કરવાની તકસીર લાગુ પાડી તેને સજા કરવી. તીઆર પછે તેની મુદત પુરી થઈ અને એ કાંમથી છુટો થએઓ પાછો ૧૮૧૬ માં પારલામેનટમાં આવીઓ, અને તે સભાએ અનાજ સંબંધી એક ધારો પસાર કરીઓ હતો, જેથી હજારો ગરીબ માણસો ઊપર ભુખમરો અને જુલમ આવી પડીઓ હતો, તેની સાંમણે થઈ તે કાહાડી નખાવીઓ. તીઆર પછે કેરોલાઈન રાંણી ઊપર કાંઇ આવી પડીઆથી મોટી બલતવારીથી તેણીનો બચાવ કરીઓ, જેથી બરોહાંમ ઘણોજ વખણાએઓ, અને તેનું દરેક ભાશાંણ મોટું અમુલીઅ ગણાવા લાગું. એ કામમાંથી પરવારીઆ પછી ઈંગલંડ અને વેલસનાં ગરીબ માં બાપોનાં બચાઓને સરકારની તરફથી મુફત કેલવણી આપવાને એક ધારો પસાર કરાવીઓ.

એ પરમાંણે પરજાનાં વાજબી હકોને માટે લડતાં, તથા વારેવાર મુદત પુરી થતે પારલામેનટમાંથી છુટો થતાં અંતે ૪ થા જીઓરજ પાદશાહાનાં મરણ પછી ફરીને તે પારલામેનટમાં દાખેલ થએઓ, અને તે વેલાએ અનચીતીઓ તેને ઊમરાવ (લારડ) નો ખેતાબ મલીઓ. તીઆર પછે તે અમીરોની સભાનો પરમુખ થએઓ. એ સભામાં ગએઆ પછે તેણે દેશને ફાએદો થાએ એવા ઘણાક ધારા પસાર કરાવીઆ, તથા ઘણાકોમાં સુધારો કરીઓ.

એ પરમાંણે રાજદ્વારી બાબદમાં ૧૪ વરસ ગુજારી, અને તેટલા વખતમાં પોતાની ઊમદા મનશકતીનાં ભલા ઊપીઓગથી આખી પરજાનું ભલું કરી પોતાની કીરતી આસમાંન સુધી વધારી ૧૮૩૪ નાં વરસમાં લારડ બરોહામ તેમાંથી છુટો થએઓ અને પોતાનો કાલ વીદીઆ હુનરની બાબદમાં ગુજારવા લાગો. એ નામીચો રાજીઅ અધીકારી તથા વીદવાન હજુ હઈઆતછે, અને હજુ પોતાની અથાક મનશકતી અને કોશેશનાં મીઠાં ફલ વીદીઆનાં ભુખાઓને ચખાડી તેમને સંતોશી કરેછે.

એ નામીચા ઊમરાવે આજ સુધીમાં ઘણાક રીસાલા, તથા પુસતકો લખી બાહેર પાડેલાંછે. તેમાં તેણે જે પોતાની મનશકતીનું બલ બતાવીઊંછે, તે ઊપરથી તે આજે આએ જમાનાનો મોટો ફીલસુફ ગણાએછે. એ ઊમરાવનાં ચરીતર ઊપરથી માલમ પડેછે કે કોઈબી માંણસ ઊદીઓગ અને બુધી એ બેથી દુનીઆમાં કેટલુ આગલ વધી શકેછે.

---

## સમએ સુચકતા.

બેનો તમે સમજીઆં હશો-કે સમએ સુચકતા એટલે શું :-અગર નહીતો હું તમને સમજાવીશ. હરેક સંકટની વેલાએ ગભરાઈ જવાને બદલે ધીરજ રાખીને ઘટતો ઊપાએ કામે લગાડી તેમાથી સલાંમત પાછી જવું, તેનું નામ સમએ સુચકતા.

દુનીઆનો મારગ કાપતાં માણસ ઊપર તરેવાર જાતનાં સંકટો આવી પડેછે. કેટલાંકનો ધીમે રહીને તથા આગમચથી ચેતવણી આપીને આવેછે, અને કેટલાંકતો આંખ વીચીને ઊંઘાડે એટલાવારમાં આવીને ઊભાં રેહેછે. ઘડીની વચે હસતાંને રડાવી પાડેછે, ખુશાલીમાં શોક ઊતપણ કરેછે, અને રંગમાં ભંગ કરી મેલેછે. એવા અનચીતીઆ સંકટની વેલાએ તે સંકટમાં ફસનારને તથા સામના જોનાર માણસને તરત સમએસુચકતા કામે લગાડી તેમાંથી છુટકો કરવો જોઇએ. પણ એમ કોઈજવાર બનેછે. ઘણીખરીવાર માણસ ઊપર અનચીતીઊં સંકટ આવી પડવાથી તે તે વેલાએ એટલુંતો ગભરાઈ જાએછે કે તેમાંથી બચી જવાનો તેના મોહોડાંઆગલ ઊપાએ પડેલો, તે છતાં તેમાં ફસી જઇ હેરાન થઇ પડેછે, અથવા પોતાનો જીવ ખોહી બેસેછે.

સુધરેલા દેશનાં લોકો બીજા કરતાં વધારે સારી રીતે સમએસુચકતા વાપરેછે. તેનો સબબ એજછે કે તીઆંની સ્રીઓ ભણેલી હોએછે, અને તેથી તેઓ પોતાનાં બચાંઓને નાનપણથીજ જે તરેવાર નીતીઓ તથા રીતીઓ શીખવેછે, તેમાં સંકટની વેલાએ સમએસુચકતા કેમ રાખવી, તથા કીઆં સંકટની વેલાએ કીઓ ઊપાએ કાંમે લગાડવો એ પણ તેઓ શીખવેછે. પણ માંઠા ભાએગે આપણા દેશની સ્રીઓ એટલી ભણેલીઓ નથી, તેથી તેઓ અગનાન રહી પોતાનાં બચાંને પણ અગનાન રાખેછે: તેઓ વલી મોટાં થઇ પોતાનાં બચાંને અગનાન રાખેછે, એમ આખી ઓલાદ બલકે રોલો અગનાન રહી જાએછે. માટે આએ ચોપાંનીઆંનાં પુઠાં ઊપર, નામીચા પેહેલવાંન અને શાહાનશાહા નેપોલીઅનનાં જે વચનો ટાંકેલાછે તે આપણાં દેશની સઘલી સ્રીઓએ પોતાનાં હઈડામાં કોતરી રાખવાં જોઇએ. આજે થોડીજ બાઈઓ જાણતી હશે કે આંગમાનાં કપડાં એકાએક સલગી ઊઠીઆં તો શું ઊપાએ કરવો; જો ઘરમા સુતાં હોએ ને તેમાં એકાએક આગ સલગી ઊઠી હોએતો શું કરવું, અથવા કેમ બાહેર નીકલવું, કે એકાએક પગ સરીઓ, ને કુવા, તલાવ, નદી વગેરે પાંણીમાં પડી જવાઈઊં તો મદદ મલે તીઆંવેર બુડવાથી કેમ બચવું. જીઆરે તેઓ જાણે નહીં તીઆરે તેઓ પોતાનાં બચાંને કેમ શીખવી અથવા સમજાવી સકે. માટે જે માતાઓ, પોતાનાં બચાંનું ભલું, સુખ અને સલાંમતી ચાહાતીઓ હોએ, તેઓએ એવી એવી બાબદો ચોપડી, ચોપાનીઆંઓમાં વાચીને સમજવી, અને પછે તે પોતાનાં કુમલાં વાંસ જેવાં બચાંને સમજાવવી. એવી એવી અગતની બાબદોમાં જેટલું અગનાનપણુ આપણા દેશની સ્રીઓ રાખેછે, તેટલું સુધરેલા દેશની સ્રીઓ રાખતી નથી. તેમને જો ઊપલા સવાલો કરીઆ હોએતો તરત કહેશે કે આંગમાંનાં કપડાં જો એકાએક સલગી ઊઠીઆં હોએતો ગભરાઈને દોડી જવું નહી, કેમકે તેમ કરવાથી વા લાગી તે વધારે જોરથી બલેછે, અને તેથી શરીરને નુકશાન થાએછે, માટે તેમ કરવાને બદલે ધીરજ રાખીને એકદમ જમીન ઊપર પડી જવું અને સારીપેઠે લેટવું, એટલે તરત બલતુ હોલવાઇ જાએછે. તેમજ જો ઘરમાં આગ સલગી ઊઠી હોએ, અને ઘર ધુમાડાથી ભરાઈ ગઈઊં હોએતો ગુગલાઈ નહી જઇએ માટે ગુઠન મડી ચાલીને બાહેર નીકલવું, કે દાદર બલી ગએઆ હોએતો ધીરજ રાખી પોતાના બચાંને ગોદરામાં લપેટી બારીએથી નીચે નાખવાં, અને પછે પોતે દોરડુ અથવા તે નહી મલેતો બે તરણ ચાદરો લઈ તેને એકેક સાથે ગાંઠ વાલી વલ દઈ કશાં સાથે બાંધી ધીરજથી નીચે ઊતરવું. જો પાણીમાં પડી જવાઇઊં હોએતો ગભરાઈ જઇને હાથ પગ નહી પછાડવા, કેમકે તેમ કરતાં બુડી જવાએછે, પણ તેને બદલે ધીરજ રાખી હાથ પગ ઢીલા અને સથીર મેલી દેવા, કે ઊપર તરી અવાએ, અને પછે ધીમે રહીને બનેતો પીઠ ફેરવી ચતું થઈ જવું, કે દમ ગુગલાતો ખુલો થાએ, અને તેવામાં મદદ આવી પોહોંચવાથી સલાંમત ખેંચી કહડાએ. જો એકાએક શરીર ઊપર કયે જખમ લાગે, અને તેથી ધોરી નસ કપાઇ હોએ કે એવીજ બીજી નસ કપાઈને ધડધડાત લોહી જતું હોએ, તો તે વેલાએ ગભરાવાને બદલે, જો આપણે હાથે બનેતો તરત કાંઈ શરીરમાનું કપડું કે કાંઈ દોરી લઈ તે કપાએલી જગાથી આંગલેકની ઊંચાઇએ ખુબ તાણીને બાંધી લેવું, અથવા આપણાથી ન બને ને સામનો જો ગભરાતો હોએ, તો તેની પાસ તેમ કરાવવું. એથી કેરી નસનું કપાએલું મોડું દોરીથી દબાઇને બંધ થઈ જાએછે તેથી આવતું લોહી અટકી પડેછે. જો સાપે કે એવાંજ કોઈ બીજાં જેહેરી જનાવરે દંખ મારીઓ હોએ, તો તેને પણ એજ મીસાલે ઊપરથી તાણીને બાં

ધી લેવું કે તેટલી જગામાં લોહીનું ફરવું બંધ થઈ જાએ, અને જેહેર શરીરમાં ફરી વલે નહી. પછે તે દંખવાલી જગા કંઈબી કરીને ખમીને બાલી અથવા કાપી નખાવવી. એ વીગરે બીજા અનેક તરેના ઊપાએ, ને, એટલે ભણેલી સ્ત્રીઓ કેહેશે, અને તેમનાથી શીખેલાં તેમનાં નાના બાલક પણ કેહેશે.

એવાં એવાં સંકટની વેલાએ એવા ઘટતા ઊપાએ, ગેરમાહીતગારીને લીધે પડતા મેલી, આપણી સ્ત્રીઓ ગભરાઈ જાએછે, અને "માએરે, બાપરે, કોઈ આ વોરે," એવી બુમો પાડેછે; તેટલાવારમાતો વખતે પોતાનો કે કોઈ બીજુ, જેને માટે તે બુમ પાડવામાં આવતી હોએ તેનો પરાણ પણ નીકલી જાએછે. એવા વખતમાં જો તેઓ એવી જનાવરના સરખી બુમો પાડી ગોધીઆરું કરી મેલવાને બદલે ધીરજ રાખી ઊપાએ શોધેતો તતકાલ તે મલી આવે, અને તેઓનો તથા બીજાનો પરાણ બેશક બંચે. વલી તેમનાં એવા ગોધીઆરાંથી મદદને માંટે આવેલા માણસો પણ ગભરાઈ જાએછે, અને તેઓ જે ઘટતા ઊપાએ ધારીને આવીઆં હોએ તે ભુલી જઈ ભલતાજ કરી દેછે, અથવા એમથી તેમ દોડીઆ કરેછે. માંટે હમો દેશી બાઇઓને મજબુત ભલામણ કરીએ છઇએ કે તેઓએ ચોપડી ચોપાંનીઆં વાંચી, એવા સંકટની વેલાએ ધીરજવાલા થવાને શીખવું, અને તેવી વેલાએ ધીરજ બતાવી, તથા ફરસુદની વેલાએ સમજાવી પોતાના બચાંને શીખવવું. એવા સંકટોતો હજારો જાતના થાએછે, અને અતરે ઊપાએ દાખલતો ચાર કે પાંચ લખીઆંછે. તે ઊપરથી એમ નહી સમજવું કે બધાં કાએ નહી લખેઆં હશે. એવા એવા ઘણાક ઊપાએઓ જો ધીરજ રાખી હોએતો પોતાની મેલે કુદરતથીજ આવડેછે. માંટે જો હમારી પાસેથી સમઅ સુચકતાના સઘલા ઊપાએઓ વાંચનારી બાઈઓ માંગતી હોએતો તે સઘલામાં હમો તેમને એક, ધીરજ, એ શબદ આપીએછે, એની મૌહથી સઘલા ઊપાએ નીકલેછે.

---

## એક નીરદએઆલુ બાપનો દએઆલુ દીકરો.

બાપ અને દીકરા વચે ફેર.શું ? કંઈજ નહી. એકજ લોહી, એકજ માસ અને એકજ હડકાં. જેમ ઝાડનાં એક થડમાંથી અનેક ડાલીઓ નીકલેછે, તેમ એક બાપમાંથી અનેક છોકરાં નીકલેછે. ફેર માતરે એટલોજ હોએછે કે ડાલીઓ થડને વલગી રેહેછે, અને છોકરાં મા બાપથી છુટાં ફરેછે. પણ તે છુટાપણુ છતાં તે બેની વચે એવો સંબંધછે કે જો એકને કાંઈ દુખ થઈઊં અથવા દીધું હોએતો તેની અસર તરત બીજાને પોંહાંચેછે. જોકે તે જગત કરતા ઈશવરની એવી ગોઠવણછે ખરી, તોપણ જેમ ઘણીક ચીજમાં શેહેતાન દાખેલ થઈ તેને ખરાબ કરેછે, તેમજ તે કેટલાંક માણસનાં દીલમાં પણ દાખેલ થઈ તેની માહેલા એવા સદગુણ કાહાડી નાખી પોતાના દુરગુણ દાખલ કરેછે, અને તેથી માણસ પોતાનો સીધો મારગ છોડી આડા ઊપર જાએછેઃ તેથી જે માણસ દુરગુણનું ખોરીઊં ઓઢી આડા મારગ ઊપર ચાલે તેને શેહેતાન અથવા દેવ જાણવો. એવા દુરગુણનો પરવેશ થવાથી ઘણાક મા બાપો પોતાના દીકરા દીકરી તરફનો પીઆર અને ફરજ ભુલી જાએછે, અને ઘણાક દીકરા દીકરી પોતાનાં મા બાપ તરફનો પીઆર તથા ફરજ ભુલી જાએછે; અને વખતે એક બીજાને એવું દુખ દેછે કે તે જોઈ તથા સાંભલી આપણને અચરતી પેદા થાએછે; અને એવું લાગેછે કે તે બાપ અથવા દીકરો નહી હશે, પણ એક બીજાના જંનમના કે પેલા ભવના વેરી હશે ! બાપે પોતાના દીકરાને અને દીકરાએ પોતાના બાપને કાપી નાખેલા આપણે ઘણીવાર સાંભલીએ છઈએ, તેમજ કોઈવાર એકના ઘાટકીપણા વીશે, અને બીજાની દએઆલુ ચાલ વીશે પણ સાંભલીએ છઈએ. કોઈમાં બાપની સતુતી કરી દીકરાને ધીકારીએ છઈએ, અને કોઈવાર દીકરાની સતુતી કરી બાપને ધીકારીએ છઈએ. પણ આટલુંતો ચોકસ જાણવું, કે જે માણસ પોતાના શરીરપર જખમ કરવાને બીહે નહી, તે માણસ બીજાના પેટમાં છરી ભોકી ઘાલવાને કદી ડરે નહી. તેમજ જે માણસ પોતાના મા બાપ, કે દીકરા દીકરી સાથ નીમકહરામી કરે અથવા ઘાટકીપણુ ચલાવે, તે બીજાં સાથ કદી નીમકહલાલી કરે નહી, તથા બીજાને માટે દીલમાં દએઆ આણે નહી.

કોઈબી માણસ બીજાં માણસને નાહકને માટે દુખ દે, તો તેનું વેર લેવાને અથવા તેમાંથી પોતાનો બચાવ કરવાને કુદરતે તેને કહેલુંજછે; અને તેને માટે દરેક

ને હુશીઆરો વતીક આપીઆંછે. પણ જે માણસમાં માફ કરવાની અને અપકારને બદલે ઉપકાર કરવાનો ગુણ હોએ તેની મોટી વડાઈછે. મા બાપો કોઈવાર એવાં હઠીલાં અથવા ઘાટકી નીકલેછે, કે તેઓ પોતાના બચાંઓને હદથી જાદા દુખ દેછે તે છતાં પણ જે બચાં તેવાં મા બાપને લઈ ચલાવે, તેમનું ભલું કરે, અને સંકટની વેલાએ તેમને સાહાએ થાએ, તે ખરાં બચાં, અને તેઓએ ખરેજ પોતાની ફરજ બજાવી એમ કેવાએ. એક નીરદએઆલુ બાપે પોતાના દીકરાને ઘણુક દુખ દીધા છતાં તેણે પોતાના બાપને સંકટની વખતે કેવી મદદ કીધી, અને કેવો તેનો પરાંણ બચાવીઓ તે નીચે લખેલી એક વાત ઉપરથી સમજાશે:—

એનલીઅસ કરીને એક રૂમી સરદાર હતો, તે જાતે ઘણોજ ઘાટકી હતો. તેણે પોતાનાં તાબા તલેની પરજા ઉપર એટલોતો જુલમ ગુજારીઓ કે અંતે લોક કંટાલીં જઇ તેની સામે ઉઠીઆ, અને તેને દેશનો રાજકારોબાર ચલાવનારી મોટી મંડલીની સાંમે પકડીને ઉભો કીધો, અને તેની ઉપર ઘણાક અનેઆઓ મેલીઆ. જે જે અનેઆઓ એનલીઅસ ઉપર મેલવામાં આવીઆ હતા, તેમાં એક એવો પણ હતો કે તેણે પોતાનાં દીકરા ઉપર ઘણુંજ ઘાટકીપણું ગુજારીઉં હતું. એનલીઅસનો એક દીકરો હતો, તે તોતરૂં બોલતો હતો તેથી તે તેને ઘણોજ અનગમતો થઇ પડીઓ હતો. તેણે કોઈબી રીતે તેને પોતાની આગલથી, એટલુંજ નહી પણ પોતાનાં શેહેરથી પણ દુર રાખવાને ઠેડાવ કરી તેને પોતાનાં શેહેરથી એક ઘણીજ દુરની જગા ઉપર જનમ શુધી દેશનીકાલ કરીઓ હતો. એ ખુની અને નીરદએઆલુ બાપ એટલુંજ કરીને બેઠો નહી હતો, પણ વલી તેને રાત અને દાહડો એક બંધવા અથવા ગોલામની પેઠે મજુરી કરવાની સાંપી હતી! એનલીઅસની આવી અનઘટતી ચાલ ઉપર તેની આખી પરજા ફીટકાર નાખતી હતી, અને તેની ઉપર ધીકારનો વરસાદ વરસાવતી હતી. જોકે એનલીઅસની આવી ઘાટકી ચાલથી લોકોને આટલું બધું લાગુ હતું, પણ તેવું તેનાં લાએકીવાલા અને ભલા દીકરાને લાગુ ન હતું. તેનાં ઉપર તે મુદલ ગુસે ભરાએઓ ન હતો, તથા વેર લેવાને તદનં વીચારતો પણ ન હતો: પણ ઉપરથી તેની દએઆ ખાતો હતો!

એ રૂડા છોકરાને જીઆરે પોતાનાં બાપને એવાં સંકટમાં ફસી પડવાની ખબર પડી; તીઆરે તેને ઘણુંજ લાગીઉં, અને તેને મદદ કરવાનો અને બનતાં શુધી તેનો જીવ બચાવવાનો ઠેડાવ કીધો. તેણે પોતાની સાથે એક મોટું ખંજર લીધું, અને તેને કપડામાં સાંતી જે પોંમપી નાંમના મોટા અમલદારે તેનાં બાપની સાંમણે ફરીઆદ ઉઠાવવામાં તથા તેને મંડલીની સાંમણે ઉભો કરી શીકશા કરવાને આગેવાંની કરી હતી, તેના ઘરમાં ગએઓ અને તેની સાથ એક ખાંનગી જગામાં વાત કરવા માંગી. તે અમલદાર ખુશી થતો તેની સાથ એક ખાંનગી ઓરડામાં ગએઓ, કેમકે તેણે વીચારીઉં કે એ છોકરો પોતાનાં બાપની આડી ચાલની તથા ઘાટકીપણાંની કાંઇ વધારે અથવા નવી ખબર આપવા આવેઓ હશે; પણ તે પોતાની ધારણામાં તદન ઠગાએઓ. જેવા બંને જન ખાંનગી ઓરડામાં આવીને ઉભા, તેવુંજ પેલા છોકરાએ પોતાના ડગલામાંથી ખંજર ખેંચી કાહાડીઉં, અને તે પોમપીની છાતી ઉપર ધરીઉં. આએ મામલો જોઇ તે અમલદાર ગભરાટમાં પડી ગએઓ, પણ તેવામાં તે ભલા છોકરાએ તેને કહીઉં "જો તું આએ ખંજરથી બચવા ચાહાતો હોએનો હમણા તું સોગન લે, કે મારા બાપની ઉપર કશું તોહોમત મેલવું નહી, અને તેની તપાસ કરવાને ફરીને સભા ભરવી નહી." પોમપીએ જોઇઉં કે આએ જગાએ તે તદન એખલો અને હથીઆર વીનાનોછે, અને સામનેનો હરીફ એક નોજવાન છોકરો એક જબરાં ખંજર સાથેછે, તેથી જો તે કાંઈબી વધારે વાત કરશેતો તેનો જીવ જશે. તેથી તેણે તરત સોગન લીધા અને પેલા ભલા અને હીમતવાન છોકરાએ પોતાનું ખંજર પાછું મેઆંનમાં ખોસીઉં.

એથી કરીને એનલીઅસનો પરાણ બચીઓ, કેમકે નહીનો તેને તપાસ કરી ખચીત શુલીએ ચહડાવવામાં આવતે. જોકે એનલીઅસે પોતાના છોકરા સાથ આવી અનઘટતી અને માઠી ચાલ ચલાવી હતી, તોપણ તેનો ભલો છોકરો પોતાની ફરજ વીસરીઓ નહી, તથા પોતાના મારગ ઉપરથી આડો ગએઓ નહી. એવા છોકરાની જેટલી વખાણ કરીએ તેટલી થોડી, અને જેટલું માન આપીએ તેટલું થોડું. વાંચનાર બેનો, આએ વાત તમે તમારા ભરથારની અ

ને તમારા છોકરાઓની આગલ વાંચી સંભલાવજો કે તેઓ પણ એવા સદગુણી થાએ.

—•••—

## ઉપકારનો બદલો.

### એક સીંહની ઈમાનદારી !

બેનો, આ દુનીઆમાં દરેક માણસ, પછે પુરૂશ કે સ્ત્રી, નાનું કે મોટું, ગરીબ કે તવંગર, એ સરવેની આઈન ફરજછે કે કોઈ તેનાપર વેહેંતપુર ઊપકાર કરે તો તેને બંદલે તેણે તેનાપર એક હાથપુર ઊપકાર કરવો જોઇએ. જોકે ઊપકારને બદલે ઊપકાર કરવો, એ અપકારને બદલે ઊપકાર કરવાનાં કરતાં વધારે ઊતમ નથી, તોપણ તેમ કરવું એ માંણસની પેહેલી ફરજછે દુનીઆમાં જીઆરે આપણે જોઈએ, અને જીઆરે આપણને એવા દાખલા મલે કે વગર વાચાનું અને વગર અકલનું હેવાન પણ પોતા ઊપર કોઇએ કરેલો ઊપકાર ભુલતું નથી, વલી છેક એટલે શુધી કે વાઘ અને સીંહ સરખું અતી વીકરાલ અને પરાણી માતરની ઘાત કરનારૂં જનાવર વતીક ભુલતું નથી, તીઆરે માણસ, જે આએ સુરૂશટીની સરવે ઊતપનતીમાં અમુલીઅ રતન શરખું ગણાએછે, તે જીઆરે પોતા ઊપર કરેલો કોઈનો ઊપકાર ભુલી જાએ, તથા તેથી પણ વધારે જઈ તેને બદલે અપકાર કરે તીઆરે તે કેવું ધીકારવા જોગ થઈ પડે, અને કેવું તે હેવાનથી પણ ઊતરતું ગણાએ ? ખચીત માણસની એવી ચાલ, માણસ, એ નામને એબ લગાડેછે તાપણ આપણે જોઈછે, કે દુનીઆંમાં આજે ઘણાખી એવાં માંણસોછે, કે જેણે તેમની ગરદન બચાવી હશે, તેમનુંજ તેઓએ કલેજું કાપીઊં હશે ! ઊતરતી પંકતીના જનાવરો કરતાં, ઊપકારને બદલે અપકાર કરનારા ઘણા માણસો મલી આવશે. તેનો સબબ એ છે કે તેમના હાથમાં ભવરૂપી વાંહાંણનું જે વીવેકરૂપી સુંકાન આપીઊંછે, તેને ઘટતી દશા મેલી દઈ આડી દસાએ ફેરવેછે, એટલે તેમને આડે મારગ સુહુજ પડેછે. પણ બાઈઓ, તમે જાણેછ, કે જે વાહાણ પોતાના મારગ ઊપરથી આડું ગઈઊં, તે કયેથીબી ખરાબા ઊપર અઠડીને ભાગેઆ વીના રેહેવાનુંજ નહી. એટલે કે જે માણસો પોતાની બુધીને આડે મારગે વાવરી આડી ચાલે ચાલેછે, તે અંતે દુખી થએઆ તથા પસતાઓઆ વગર રેહેતો નથી. નીચે એક સીંહની વાત લખીછે, તે ઊપરથી તમને માલમ પડશે કે એવું નીરદઅઆલુ હેવાનપણ પોતા ઊપર કરેલા ઊપકારનો બદલો કેવી રીતે વાલી આપેછે—

અગાઊનાં વખતમાં એક ગુલામ હતો, તેના ઊપર તેના ધણીએ બેહદ જુલમ ગુજારવાથી તેણે જંગલમાં નાહાસી જવાનો કસદ કીધો. જંગલમાં એટલા માટે કે તીઆં તે એકાએક તેનાં ધણીનાં કે તેનાં શોધવા મોકલેલાં માણસનાં હાથમાં આવે નહી. કેમકે જો તે પાછો હાથમાં આવેતો તેનાં ઊપર તેનો ધણી વધારે જુલમ ગુજારે એટલુંજ નહી પણ ચાહેતો મારી પણ નખાવે તથા નાખે: તેમાં કોઈ તેને પુછે નહી ! બેનો, માણસ જાત, જે સરવે આપણા ભાઈબંધ ગણાએ તેમાં સબલે અબલ ઊપર એવો જુલમ ગુજારવો, એ સરવેથી નીચ અને કરપીન કરમછે એક દાહાડે તે ગુલામ તક જોઇને નાઠો, તે દોડતો એક બીઆબાન જંગલમાં જઈ લાગો. તીઆં તેની પાસ ખાવાનુ કે ઓઢવાનું કાંઈ ન હોવાથી તેની ઊપર ઘણુક દુખ પડીઊં, તથા તે વેરાન જંગલમાં ફાડી ખાનારાં જનાવરો ઘણાં વસતાં હતાં તેથી તેને ઘણીક બીક પણ લાગી, પણ તેણે વીચારીઊં કે એવા જુલમી શેઠને તીઆં રાત દાહાડો મજુરી કરી ઊપર મોટો જુલમ ખમવાનાં કરતાં કોઇ એવાં જનાવરનો ભોગ થઈ પડવું એટલે તેને હાથે મરવું એ બેહતરછે. તેથી તે હીમત પકડીને રાનમાં આગલ ચાલીઓ, પણ અંતે ઘણું ચાલવાથી થાકી ગએઓ, અને વલી સાંજ નજીક આવી, તેથી તે એક મોટો ખોહો જોઈ તેમાં તેને નીરભએપણે રાત કાહાડવાને ઠીક પડશે, એવા વીચારથી તેનાં મોડાં આગલ આવીને બેઠો. બેસીને જરા પોતીકા પગ લાંબા કરેછે, એટલામાં તેને એક મોટો ભઅંકાર આવાજ સંભલાએઓ. ગુલામે વીચારીઊ કે આ આવાજ વાઘ કે સીંહનોછે, અને વલી તે ઘણો નજીક આવેલો જણાએછે, તેથી તેનાં હાથમાંથી બચવાને તે ખોહામાં ભરાવા ગએઓ. જીવતા જીવની માચીઆ કેવીછે ! જોકે તે દર પલે મોત માંગતો હતો, પણ જીઆરે મોત તેની સાંમણે આવી ને ઊભું તીઆરે તેને તાબે થવાની હીમત ચાલી નહી: તીઆરે તેને ભએ પેદા થએઓ, અને તે બ

ચાવની જગા શોધવા ગએઓ ! જેવો તે બાપડો આવતા વાઘથી બચવાને ખોહામાં ભરાવા જાએછે, તેવોજ એક જબરદસ્ત સીંહ તેમાંથી બાહાર નીકલી આવેઓ. કેહેવાતછે કે "માછલી પેણામાંથી ઊછલી ને આતસમાં પડે" તેમ તે બાપડો વાઘથી બચવાને ખોહામાં ભરાવા ગએઓ તો તેની સાંમણે એક મોટો સીંહ આવીને ઊભો! એ જોઈને તે ગુલામનાં હોંસ ઊડી ગએઆ અને તે થરથર કાંપવા લાગો. તેણે વીચારીઊં કે હવે અહીં આવી બનીઊં, કેમકે એ જનાવર હવે તેને છોડવાનું નથી. પણ તે સીંહ, તેને જોતાંજ ફાલ મારતો આવવાને બદલે ઘણીજ ધીમી ચાલે, અને પુછડું હલાવતો તેની આગલ આવીઓ, અને તેના પગ આગલ માથું કરીને જાણે કંઈ અરજ કરતો હોએ એવો જણાએઓ. આથી કરી તે ગુલામને મોટો અચંબો લાગો ખરો, પણ તે જાતે હીમતવાન હતો, તેથી આ બનાવથી વધારે હીમત પકડી તેની સામણે ટટાર ઊભો રહેઓ, અને તેના શરીરની આસપાસ જોવા લાગો. જોતાં તેને સીંહનો એક પગ શુજેલો દેખાએઓ, જે ઊપરથી તેણે જાણીઊં કે તેના પગને કંઈછે, અને તે તે સારૂં કરાવા માગેછે. તેથી તે એક પથરા ઊપર બેઠો, અને સીંહનો તે પગ ખોલાપર લઈને જુએછે તો તેમાં એક જબરો કાંટો ભાગેલો



હતો. ઝટ તે તેણે ખેંચી કાહાડીઓ, અને માંએ ભરાએલુ પરૂ પણ કાહાડી નાખીઊં, તેથી તેના પગને ઘણો આરામ થઈ ગએઓ. એથી કરી તે સીંહને ઘણીજ ખુશાલી ઊપજી અને તેના વઈદના હાથ, પગ, પુછડું હીલવતો ચાટવા લાગો. પછે તે સીંહ તે ગુલામને પોતાનાજ ગુફામાં રાખીઓ અને દરરોજ શીકાર કરી લાવી તેને ખાવા આપવા લાગો. પણ એક દીવસે તેના ધણીના માણસોને તે નજર પડી ગએઓ તેથી તેઓ તેને તરત પકડી લઈ ગએઆ. તે બાપડા ઊપર તેનો ધણી એટલોતો ગુસે ભરાએઓ કે તેને સરકારમાં મોકલી દીધો. તે વેલા એ સરકારનો એવો ધારો હતો કે, જે કોઇ ગુલામ પોતાનાએ ધણીને તીઆંથી નાહાસી જાએ, તેને પકડીને સીંહ તથા વાઘ પાસે ફાડી નખાવે ! તેથી તે બીચારાને પણ એજ સજા ઠેહેરી. ઠેહેરેલે દીવસે, એ કામને માટે કરી રાખેલી જગા ઊપર તે ગુલામને લાવીઆ, અને તે ભઅંકાર તમાસો જોવાને તીઆં રાજા તથા ઘણાક લોક જમાવ થએઆ. એક મોટી જગાની આસપાસ ફરતા મજબુત કટેરા ભરી લીધા હતા, તેમાં તે ગુલામને ઊભો રાખીઓ, અને તેની ઊપર, એક ભુખીઆ સીંહને પકડી લાવીને, છોડી મેલીઓ. સરવે તમાસગીરોનાં હઈડાં ધડકવા લાગાં, અને ઈનતેજારી તથા દલગીરીથી જોવા લાગાં કે હમણા આની કરાલ જનાવર તે બીચારાને ચીરીને કટકા કરી નાખસે. પણ એકાએક સઘલાના મનમાંથી ધાસતી ઊડી ગઇ, અને બેહદ અચરતી પેદા થઇ. કેમકે તે સીંહ તે ગુલામને ફાડી નાખવાને બદલે પુછડું હલાવતો તેની પાસે ગએઓ, અને તેના પગ ચાટવા લાગો!



ગુલામે પણ તે સીંહને તુરત ઓલખીઓ, કે એનો, જેનો તેણે કાંટો કાહાડીઓ હતો તે છે, અને તેનાથીજ પોતાનો ઊગાર થએલો જોઈ ભારી આનંદ પામીઓ. એ બનાવ જોઈ પાદશાહને પણ ઘણીજ અચરતી લાગી, તેથી તેણે તરત તે ગુલામને પોતાની હજુરમાં બોલાવીઓ અને એ વાતનો ભેદ પુછીઓ. ગુલામે ઊપર લખેલી સઘલી બીના કહી જણાવી, જેથી પાદશાહ ઘણો અજબ થઈને બોલીઓ "આવાં ભઅંકાર જનાવર જેવાં પણ ઊપકારનો બદલો સમજેછે, તીઆરે માણસ નહી સમજે એ કેવું ખોટું." એટલું બોલી તેને દએઆ આવી, અને તે ગુલામને માફી બકશી.

## માણકબાઈ મસકલી!

કૃપાંબાઈ—અરેરે માણકબાઈ, સાંજ થવા આવી ને હજુ કચરોજ વારેઆ કરોચ કે!

માણેકબાઈ—શું કરૂં રૂપાંબાઈ માંએ, આંએ મુઆં હોણીઆના જણેઆ દુખતાં જરા ઠર પરેતો કંઈ કરી મરૂં કેની, મુઆંતો એકજ ઉજારપાટો આપેચ તે એમ કરૂં

રૂ૦—હોએજનો માંએ, બચાં હોએ તે એવા નહી હોએતો કેવા હોએ ? બચાંતો બધેજ હેવા. વાજીઆં વખતે એવો કંટાલો આપે કે જાણે મારી છુદી નાખીએ.

મા૦—અરે માંએ મારૂં ચબીરે, હરવાએઆંને મારૂંચ, છુદુચ, તવાથો લઈને દજારૂંચ, પણ કોઈ શેહેતાન દુખતાં. છેતો બે પણ બસોની ગરજ સારેચ.

રૂ૦—હોએ માંએ હોએ, કોઈ બચાં ગરીબ હોએ ને કોઈ વીકટ હોએ. એમતો જી ભરૂ મારી રતનબાઈ (છોકરી) નાં છોકરાં બે દાહાડા ઘેરમાં રેહેતો મગાઈ મરે ગાલમેંબી નહી પરે કે તેઓ કાંહા ખાએચ, કાંહાં સુએચ, ને કાંહાં રમેચ; જી ભરૂં બધાં માંએ જેવાં ગરીબ. ને આંએ એક મહીરાં મુઈ (વહુ) નો એકછે, પણ નરો માંએ જેવો સાંહાડીઓ. જો જરા છેરાએઓ હોએતો ધરેઓ ધરાએઓ નહી રેહે. તેમ એતો કોઈ બચાં કેવાં ને કોઇ કેવાં, પણ જીવતાં રેહે એટલે બસ.

મા૦—હારે માંએ હા, આ મારાં દુખતાંબી રાન બપાઈ જેવાં વીકટ, જેમ તે રાને ચાલતા ચલણમાં જેટલો દેર કરી લીધો, અને હવે મોંને માથે ધુર ભરીને બેઠીચ, તેમ એ હરવાએઆં હમણાથી તેની ગરજ સારેચ.

રૂ૦—(જરા હસીને) વારૂ ચાલો તારેતો સારૂં, કે તમેબી એખલાં રહીને વહી ગીઆતાં તે એ તમુને હવે જેર કરવા આએઆં.

મા૦—અરે એ જેરનાં કરતાં હરવાએઆં, મસતી કરેચ ત'રે એવી ચીર લાગેચ કે બેઉને છુદી બેસારૂં, અને પછી જરાક વાર થાએચ કે જીવ બરીને રાખ થઈ જાએચ. જેવાંછે તેવાં પણ જાંહાં તાંહાથી જીવતાં રેહે એટલે બસ. એ દાદર પરથી હલુ હલુ કોણ ઉતરેચ ?

રૂ૦—(દાદર તરફ જોઈ, મોડાનો ટચકારો કરી) એનો માંએ સુધાં લોએચ; કે જોઈએ મારાં સાસુ શું બોલેચ, કંઈ ગાર દેચ કે બીજી વાત કરેચ. કાંએકે એને વલી આજ સહવારનો હાંફરો ચહરી રહેલોછે.

મા૦—(આસતેથી) કોણ, તમારી વહુ કે ?

રૂ૦—તેજતો મહીરાં ખાઈ, બીજુ કોણ વરી ! બાઈ બાપ મુઈએ સુના જેવા દીકરાને ફુરવી ફુરવીને મારી સાથે વેર પરાવીઉં. માણેકબાઈ, એ દીકરાને ઉધારતાં ઉધારતાં, ને મોટો કરતાં મારા લોહીનુ પરૂ થઈ ગીઉચ; ને આજે તે મને, મહીરાં મુઈની ફુરવણી ઉપરથી જે ગમે તે બોલે ને ધમકાવે (ડુસકે રડી દઈને) એવો તે જુલમ કોયે હોએ માંએ ! એ મરેરે, એની સાતશે પેરી દોજખમેં જાએરે, જાહારથી એ બાંઈ બાપ ખાઈનું પગલું મારા ઘેરમાં આઈઉંચ, તાહારથી સુના જેવા દીકરા સાથ વેર વસીઉંચ.

મા૦—ઓવારૂં રૂપાંબાઈ, સાંજીવરા આખ પાંણી શાના ભરોચ, ઓવારીઉં તમારી પરેથી રરવાને. ચાલો મારા ઓરડામાં આવો ને તાંહાં જરા બેસો. એમ તમેં શું પેલાં ઠાહારોચ.

રૂ૦—(ઓરડામાં ચાલી જઈને) શું કરૂં માણેકબાઈ, મારા પેટમાં મોટા દરીઆ ઉજાઈ આવેછે તારે તેના જોરે બાઈઓને ને રરતા કમાતા બાપને નામે રરૂં નહીતો શું કરૂં.

મા૦—એ વાએ કંઈ એતે વહુવારૂની રીતછે ! સાસે વહુની લાવેલી કે વહુ સાસુની લાવેલી, કે તે આજ કાલની શુઠણ જેટલી પોરી તે તમારી ઉપર હોકમ ચલાવા જાએ ? એ તમારી રસતમજીની શુધ કાંહાં જતી રેહી ?

રૂ૦—જેવ માંએ, જેવાં પેટ તાહારી, તેવાં તમારાં બેછે તેના બાવીશ થાએ, મહીરાં મુઈતો મને હોકમમાં રાખતા માગેચ ! પણ શું કરીએ માંએ, આપરા પેટનું બુરૂં તાહા [illegible]રે કેની! નહીતો એ દુખ નીકરી શું એટલું બધું બોલે ને કે[illegible] ? મરૂં મારા કુવરજી જેવો હોએતો મારે છાતીમાં બે લાત—[illegible]નાખી દે પેલીમેર ચરી પત ! પણ આતો તેનો ગોલામ થઈ ન[illegible] રહેલો તે ?

મા૦—પણ વાંજણી[illegible] એ તે કંઈ રીતછે ! કાલે સાંજેબી હેઠે, મારપરની સુનાવહુ, પીસી[illegible]જવહુ ને તીજે માર વારાં, ધનમાઈજી આગલ તરેવાર બોલી[illegible] ખીચ ને છાદેનીઆં પારેઆં.

રૂ૦—માંએ જે બોલે તે એની માએ [illegible]ખાઈને, ને એની માતશે પેહેરીને, મારીપરથી ઓવારીઉં.

મા૦—પણ વાંજણી ગારં તે કેમ ખમાએ ? તે[illegible] અમસી માંએ માસીની ખીચજ પારી બેસતી હોએતો [illegible] કંઈ નહી, પણ વરી ઉપરથી જે મોનામાં આવેચ તે બોલે[illegible]વી પારે તેથી તમુને કેઉંચ.

રૂ૦—મરેરે તે મહીરાં મુઈ એટલું બધું બોલીને [illegible] એ સાંભલેઆજ કીધું ! ધનબાઈજીબી કંઈ નહી બોલે[illegible]

મા૦—લે વરી, તે બધાં તેણાની મોનમાં ભરાએ[illegible] તે તમારી તરફથી બોલે ? તેતો બધાં સાથે હુસવાને ખીચ પારવા લાગતાતાં.

રૂ૦—વારૂં તમારાં પેટ બરે, રાંડો એવીબી કુતરીઓ છે કે મારાં મોનાપર એમછે, તેમછે, એમ સપલીઓ થાએ ને પછવારેથી આટલું બધુ બોલાવેચ ? વારૂં કંઈ નહી, તમે કાંહાં મારા હાથમાંથી જવાનાંછો ? મરે સાંજ થઈ કે ? ચાલની મરે મારપર જઈને દીવો બીવો કરૂં, તેતો બાઈ મુઈ હજુ બાઈને હેઠે રરવા બેઠીચ. (જાએછે.)

મા૦—મરેરે દીનવહુ, મારપર જની, તારાં સાસુની ખાંનપર વરી કંઈ આવેલુંછે.

દી૦—વરી શું થઈઉં ! મરેરે કેહેની, બલા જાંણે હુંતો કંઈ બોલીબી નથી ને ચાલીબી નથી. વરી સાનું ખાનપર આઈઉં ?

મા૦—મરેરે આસતે બોલની, નહીતો ઓલીની બલા ટોલી પર આવશેતો એજ જાઃ નહીતો બાપુ ઓડામાં આવની, નહીતો હમણા મારીપર તારધરીઆં પરશેતો કાંહાં મરશ ?

દી૦—(ઓરડામાં જઈને) મરે કેહેની, શું, શું થઈઉં શું વરી ? વરી તેણાના જાણશેતો કેહેશે વરી તે મારાં મોએ સાથે કજીઓ કીધો, ને તેણાંને હેરાન કીધાં.—તેથી મરેરે, ઉતો બીહી, બીહીને ચાલુંમ, ને વરીઃ શું શેહેતાન ચરકો થઈ ગીઓ ? મરેરે ઓવારૂં, એ સી આપ[illegible].

મા૦—બલા જાંણે જે શું થઈઉંમ વરી, હમણા મા

રી આગલ આમેઆં તે લાખ લાખ ગારનો દઈ ગીઆં. હમણાજ, દીવો કરવાનોછે; કરી મારપર ગીઆં.

દી૦—મને લાખ લાખ ગાર દઈ ગીઆં ! શાંને વાસતે, નારે ઓવારૂં મારી પરથી ગારને; મેં શું કીધું જે મને સાંજવરા ગાર દીધી ! હું પેલો આવે કે તેની ફેંટ પકડીને કેહું, કે હું કંઈ બોલી નથી, ચાલી નથી, ને વરી મને ધરોદર વખત એટલી બધી ગાર સાને વાસતે દીધી ?

મા૦—મરેરે દીનવહુ, મારૂં કંઈ નામ ના લેતીજો; નહીતો હું શું કરરા ! મરેરે, કાંહાંનું કાંહાં બોલાઇઉં.

દી૦—ઓવાએ માણકબાઈ, હું કંઈ પેની થઈ ગેઈચ કે તમારૂં નામ દેવસ ! વારૂં તને બીચારાએ એટલી ભુલ ભાંજી તે તમારૂં પેટ તાંહારૂં રેહે.

મા૦—નહીતો આએ, બલાઈ કરે તેનેજ ભુત વલગે જો—ધરમ કરતાં કરમ નરે તેમાંની વાત નહીં આએ; નહીતો મારા વરનો સભાવ તમે જાણોયતેઃ ખરાં.

દી૦—પણ માણકબાઈ હું કંઈ છેક મરી ગેઈચ, કે એમ તમારૂં નામ દઈ દેવશ, હું શું જાણતી નથી કે ! વારૂં આવવા દેઓ વરી પેલાને ઘરમાં, પછી પુછુંતો ખરી, કે મેં શું વાંક કીધો કે મને એટલી બધી ગાર દીધી ! (જાએછે.)

રૂસતમજી—કાએ દીની, વરી રરેચ કાએ ! વરી શું થઈઉં બોલની. એનું નબોદ જાએ, આએ કાંહાં પંચાતી. હજીરનો ઘરમાં પગ નથી મેલ્યો તેટલામાં વરી જોઉયતો આએ બેસીને રરેચ, ને પેલાં તાંહાં બેસીને બબરેચ ! અરે ખોદા ! એવાં કમબખતોને બસંધી નંહીતો મારૂં મોત કેમ નથી આપતો કે રોજનાં આવા જુલમમાંથી છુટું. આએ શું રોજ ઉઠીને ઘેરમાં ફેસતો. (પાઘરી હેઠે પટકી નાખેછે)

દી૦—(ચીડમાં) અહીં આવો, એમ તમેબી ખાલી ધાંધલ નાં કરો, ને આવતાંને વાર એમ ઉનરાં ના લેઓ. જરા કેઉં તે તમે સાંભલો. તમારાં માએને પુછો, કે વરી મેં આજે શું તેમનો વાંક કીધો કે મને સંમી સાંહાંજ વરા લાખા લાખ ગાર દીધી ?

રૂ૦—(ગુસામાંજ ઉઠીને) અહીં આવ નકટી, વાંક કરીને ઉપરથી અનેઆ પોકારેચ કે ! કાહારે તુંને મેં લાખ લાખ ગાર દીધી ? જેવું તું જુઠું બોલેચ કની તેવો આરા પાપનો જવાબ દેંજે, સમજી ! વરી હું ગરીને બેઠી તાહારે તું ઉપરથી આટલી બધી તની કરેચ કે !

દી૦—શું, શું ગરીને બેઠાં, કેહોની, બોલોની મેં તમુને શું કીધું ! કાંઈ ગાર દીધી, બેર દીધી, શું કીધું ?

રૂ૦—હજુર વલી સતી થાએચ ! કેઉં ! કાલે સાંજે હેઠે બેસીને કહી તારી માએ મમાઈના ખીચ છાંડણીઆં પારેઆં. ને ઉપરથી ગાર દીધી ?

દી૦—ગારના દેતાં મરેરે, ને તેની કાએઆમાં કીડા પરેરે. કોણ રાન ઠેરની જણીએ તમુને ગાર દીધી, ને તમારી ખીચ પારી, ને કોણ રાન ભંગીઆની જણીએ તમુને કહીઉં ? તેનું નામ દેઓની મારી આગર.

રૂ૦—નહી, નહીં વરી ! તેં મારપરતી સુનાવહુ, પીરોજવહુ ને તીજે મારના ધનબાઈજી આગલ બેસીને મારી ખીચ નહી પારી ! તેં મને ગાર નહી દીધી !

દી૦—શું; મેં તેઓના દેખતાં તમારી ખીચ પારી ને ગાર દીધી ? મરેરે સાસુ, જરા ગુના ભાગીનો બીહો, લાવોની તે બધાંઓને અહીં તેરી લાઉં (જઈને ગુસામાંજ મોટેથી હાક મારી તેમને બોલાવી લાવેછે) અહીં આવો ધનબાઈજી, આ રાતનો વખતછે; સુવા જવું ને મરવા જવું બરોબર, સાચું બોલો; મેં કાલે તમારી આગલ મારાં સાસુની ખીચ પારીતી ને ગાર દીધીતી ! સાચું બોલજો.

ધ૦—નારે માંએ, કોણ કેહેચ એમ ! મારી આગલ લાવોની તેને, કંઈ વાત કરવી એ બધું જુઠુંછે. કોઈ પેટ બરીએ અમથાં આગ લાકડાં લગાડેઆંછે.

રૂ૦—કોણે કહીઉં, હેહેની માણકબાઈએ મને કહીઉં. આવોની તેને પુછાઉં.

દી૦—શું માણકબાઈએ તમુને એમ કહીઉં ? માણકબાઈએ મને કહીઉં કે તમુને તમારા સાસુંએ લાખ લાખ ગાર દીધી.

ધ૦—જોવ માંએ જોર, એમ પેટ બરીઓ ટુમલાં લરાવેચ. આવો તેને હેઠે જઈને પુછીએ; આજતો એછે, ને કાલે કંઈ બીજું. આવો હેઠે બધાં જણ.

જેવાં બધાં હેઠે જાએછે, તેવોજ માણકબાઈ મસકલીની માફક ઓરડામાં ભરાઈ ગેઈ, અને બારણું બંધ કરી માંહેથી સાંકર દીધી. આએ ઉપરથી બધાંની ખાતરી થઈ કે માણકબાઈએ ખાલી ટુમલાં લડાવવાને એવું નીચ જુઠું બોલી, તેથી બધાં ઘેરનાં માણસોએ તેને થુથુ કીધી, અને રૂપાંબાઈએ તથા દીનવહુએ ખુબ ગારો દીધી. બધાં ભારત ભભરી નીકલીને માણકમાઈને લેઆનતના શકુનો કેહેવા લાગાં, પણ તે મસકલીની માફક એવી ઓરડામાં ભરાઈ રહી કે જરાએ વડી કે વવડી નહી.

# કીમંતી પથરાઓ.

ભાગ ૧ લો.

## હીરો અને તેના ગુણ.

શરીરને શોભા મલે એવા ઘરેણાંના બીઆનમાં જુદી જુદી જાતના કીમતી પથરા જેવાકે હીરો, માણેક, પોખરાજ, સનીસર ઈતીઆદીની એક ટુક તવારીખ હમારી વાંચનારી બાઈઓને અગતની ધારી અંતરે જુદા જુદા ભાગોમાં આપવાનો હાલ હમોએ ઈરાદો રાખીઓછે, ને આસાછે કે વાંચનારી બાઈઓને અગતનો થાઈ પડશે.

અશલના ગરીક અને રોમન લોકોનો એવો વીચાર હતો કે હીરો શોનાની ધાતું સાથ હમેશ લેલઓ મુકેછે અને જેમ એક જાહાડની અંદર ગાંઠ હો

એછે તેમ હીરાને ગ્રોનાની અંદરનો ગાંઠ સમજતા હતા, પણ આ ભોલા લોકોની તે કેહવી મોહટી ભુલ હતી તે હલ આપણને સાફ માલમ પડેછે. તેઓ હીરાને આ દુનીઆની સઘળી ચીજોમાં કીમતી ગણતા હતા અને તે વખતે હીંદુસથાનનાં હીરાની સઊથી વધારે કીમત આવતી હતી.

હીરાની ખાશીએત ઘણી અજાએબ જેવીછે. તે એટલીતો કઠણ છે કે તીખાંની કાનસ તેની ઊપર કાંઈ પણ અસર કરી શકતી નથી: ફકત હીરાનીજ ભુકીથી બીજો હીરો કપાએ તથા પાલીસ થાએછે. ઘણાખરા હીરાઓ પારદરશક હોએછે પણ કેટલાક ઊપર ઝીણી ઝીણી છાંટ હોએછે અને કેટલાકતો તદન કાલા મલી આવેછે. હીરાની કીમત તેના પાણી એટલે ચલકાટ ઊપર થાએછે. રંગ અને ખાધ વગરના હીરા તો ઘણાજ થોડા મલી આવેછે અને આ દુનીઆમાં આજ શુધી જે જે હીરા ખણી કાહાડવામાં આવીઆછે, તેનો પા ભાગ સોજા અને વગર રંગનો, અને પોણો ભાગ ખાધ તથા રંગીન હીરાનોછે. રંગીન હીરાના પણ બે ભાગછે, તેમાં જે ખોલા રંગના હોએછે તેની કાંઈ ઘણી કીમત પોસાતી નથી, પણ વલી જે ઘણાજ પીલા અને બદામી રંગના હીરા આવેછે તેની કીમત તો રંગ વગરના હીરાઓ કરતાં પણ ઘણીજ મોહટી આવેછે, કારણ કે તેનુ પાણી ઘણુજ શારૂ હોએછે. કાલા હીરા પણ ઘણા ચલકતા આવેછે પણ તેઓ અતીશે શકત છે અને બોરનીઓના ટાપુમાંથી મલી આવેછે. ઈંગલંડનાં ૧૮૫૧ ના શંઘરહસથાનમાં આવો એક ૨૫૦ કેરટનો કાલો હીરો દેખાડવા મુકીઓ હતો, અને તે એટલો શકત હતો કે તેને પાલીસ કરવાને સદહી મેહનત કીધી તે ફોકટ ગઈ. હીરાનો ભુકો હમેસ કાલા રંગનો દેખાએછે અને જેમ ભુકો વધારે જીણો કીધો હોએછે તેમ તે વધારે કાલાટ પકડેછે, હીરો એક બલી શકે એવી પદારથછે. ૧૬૯૪ માં ફ્લોરેનસ શેહરમાં એક જણે હીરાને આગીઆ કાચથી બાલી દેખાડીઓ હતો. આતશની અંદર જો હીરાને ઘણીવાર મુકીઓ હોએતો બલી કોએલો બની જાએછે.

દુનીઆના તરેણ ભાગમાં જથાબંધ હીરા મલી આવેછે. હીંદુસથાંન, બોરનીઓ, અને બરેજીલ. તે શીવાએ મેકશીકો, નોરથ [illegible]ના, જીઆરજીઆ, અને આસટરેલીઆમાં પણ [illegible] મલી આવેછે. આપણા દેશમાં હીરાની તરણ મોટી ખાંનછે, તેમાં ગોલકંડા જે હેદરાબાદની પાશે આવીઊછે તેની ખાંન ઘણીજ વખણાએછે. હીંદુસતાનમાંથી પુશકલ હીરા આજ શુધી મલી આવીઆછે. અને ૧૨૦૫ માં જીઆરે સુલતાન મહમદ ગુરીદ મરણ પાંમેઓ તીઆરે એવું કેહેછે કે તે પોતાની પાછલ ૪૦૦ મણ હીરાનો એક ઢગલો મુકી ગએઓ હતો, અને તીઆર પછે એ હીરાઓ આખી દુનીઆમાં પથરાઈ ગએઆ હતા. બરેજીલમાં પણ હાલ હીરા ખણવાનું કાંમ ધુમધોકાર ચાલેછે, જીઆની એક ખાંનમાંથી તરણ વરસની મુદતમાં ૩૭ રતલ હીરા કાહાડવામાં આવીઆ હતા. બરેજીલમાં મોટા મોટા વેપારીઓ હીરા મેલવવાની લાલચે સરકાર પાસ ચોકશ બોલીથી જગાઓ ખરીદ કરીને ખોદેછે. અને ઘણીક વખત તે બીચારાઓની મેહનત બરબાદ જાએછે; તોએ પણ કેહવતછે કે "હારેલો જુગારી વધારે રમે" તે માફક બીજી જગાઓ ખરીદ કરી પછી ખણાવેછે, એ પરમાંણે ઘણાએક વેપારીઓ હાલ પોતાની દોલત ખોઈને બેઠાછે.

હીંદુસથાનના વતનીઓ પેહલ વેહલા હીરાને ઘરેણામાં વાપરવા લાગીઆછે એવું જણાએછે. તેઓ કેટલીક વખતે ભુત, ડાકણની અસર તેઓ ઊપર નહી થાએ એવી મતલબથી પેહરતા હતા અને હાલ પણ કેટલીક વેહમી ઓરત તથા મરદો પણ એજ મતલબથી પેહરેછે.

હીરાની કીમત, તેનુ પાણી, કદ, રંગ અને ખુબસુરતી ઊપર આધાર રાખેછે. હાલ કાપીઆ વગરના હીરાની કીમત દર કેરટે ૪૫ થીતે ૫૫ રૂપીઆ શુધીની થાએછે, અને એક વગર ખાધના તથા કાપેલા હીરાની કીમત ૧૨૦ રૂપીઆ બેસેછે. નાહાના હીરા સસતા મલેછે પણ વલી ઘણાજ મોહટાની કીમત પોસાતી નથી કેમકે તેને પાસા પાડતાં ઘણી મેહનત પડેછે.

## કુતરૂં.

### શીકારી તથા પાણીના કુતરાં.

ગઈ વેલાએ ચોકીદાર કુતરાનું વરણન કરીઉં હતું. એ શીવાએ કુતરાંની બીજી જાત શીકારીનીછે, તે કુતરાં શીકારીઓને ઘણાજ ઊપીઓગી હોએછે. ઈ

ઊરોપખંડમાં મોટા શીકારીઓ પાસે વીશ, પચીશ, કે તેથી પણ વધારે કુતરાં હોએછે. એવાં કુતરાંની મદદ વગર તેમનાંથી ઝાઝા શીકાર મારી શકાતા નથી. એ કુતરાં પરથમતો વાસથી કરીને શીકારને શોધી કાહાડેછે અને પછે તેની ઊપર હુમલો કરી તેને જમીન દોસત કરી નાખેછે. પછી તેને ધણીની આગલ ખેંચી જાએછે. એ કુતરાં નાહાનાં સસલાંથી તે મોટાં સાબર તથા હરણ વટીકનો શીકાર કરેછે. ઈઊરોપ સરખાં ઠંડા મુલકમાં સાબર તથા હરણો એવાંતો જબરાં હોએછે, કે વખતે તેઓ મધેનું એક, બેથી તરણ માણસને જેર કરી શકેછે, તે છતાં તેમને એ કુતરાં પકડીને મારેછે. એમની વાસ લેવાની શકતી એવીતો તીકશણ હોએછે.કે ગમે એવી જગાએ શીકાર છુપાઈને બેઠેલો હોએ તોપણ તેને શોધી કાહાડેઆ વીના રેહેતાં નથી. તેમજ એમની દોડ પણ એવી જબરી છે, કે પવનની મીશાલે દોડનારા હરણ તેનાથી માહાત થાએછે. એ જનાવર પોતાના ધણીને જોઇએ એટલા શીકારો લાવી આપેછે, પણ તેને માતરે એક તેના આટરડાં, કે એવીજ બીજી નકામી ચીજની આશા હોએછે, તે તેને મલીઊ એટલે તે ઘણો ખુશી થઈ જાએછે. કેટલાક કુતરાઓ એખલા શીકાર કરવા જાએછે, તેમનાં હાથમાં જેટલા આવેછે તેટલા પણ બરોબર લાવીને પોતાનાં ધણીની આગલ મેલેછેઃ તેમાં કદી પણ તેઓ પોતાનું એકીન બગાડતા નથી, તેમજ તેઓ મુરખ માંણસની પેઠે ધણીની ગેરહાજરીમાં આલસુ કે બેપરવા રેહેતાં નથી. જેવું કાંમ એ ભલાં જનાવર પોતીકા ધણીની હાજરીમાં કરેછે, તેવુંજ તે તેની ગેરહાજરીમાં પણ કરેછે. એ જાતનાં કુતરાની એકીનદારીની એક વાત નીચે પરમાંણેછેઃ—

આએરલંડ દેશમાં મેજર ઓબરાઈન નામે એક ગરહસથ રેહેતો હતો, તેની પાસે બે શીકારી કુતરા હતા. એ કુતરા ઘણી ઊંચી ઓલાદના હતા, અને એકનું નામ "વાચ" અને બીજાનું નામ "વારડ" હતું. એ બને કુતરા હમેસ રાતની વેલાએ હુંગર ઊપર જઈ સસલાંઓનો શીકાર કરતા, અને તેમને ઘરમાં લાવી બબરચીખાનામાં લઈ જઈ બબરચીનાં પેગ આગલ નાખતા તે તેમને પકાવવાને સારૂ સેમારતી વેલાએ તેના પગ, આટરડાં વગેરે કાહાડી નાખતો, તે તે બંને કુતરા ખાઇને ખુશી થતા હતા. એક દીવસે રાબેતા પરમાંણે બંને કુતરા ઘરમાંથી બાહાર ગએઆ અને પાછા આવતી વેલાએ "વાચ" એખલો જ ઘરમાં આવીઓ. ઘરમાં આવી તે આણી ગમથી પેલીગમ ખોરાકને માટે શંશં મારવા લાગો, અને જે વો તેનાં હાથમાં થોડોક આવીઓ કે લઇને પાછો ચાલતો થએઓ. એ પરમાંણે તેણે કેટલા દીવસ લગી કરીઊં, પણ તેની મતલબ કોઈ સમજીઊ નહી. સઘલા એમજ જાણતા હતા કે "વારડ" કયે મરી ગએઓ કે કોઈ પકડી લઈ ગએઊં. એ વખતે મેજર ઓબરાઈન કયે બાહાર ગએલો હતો તે પાછો આવી લાગો, તેને જોતાંજ "વાચ" તેની આગલ ખુબ કુદવા અને ગેલ કરવા લાગો, અને તેનો ડગલો ધરી ધરીને તાણવા લાગો. "વારડ" નાં ગુમ થવાની ખબર સાંભલી તેને ઘણીજ દલગીરી ઊપજી હતી, પણ "વાચ" નાં આવાં સઘલાં ચીનીઅ જોઈ તેને શક પડીઓ કે એમાં કાંઈ પણ મતલબછે. તેણે તરત પોતાની ટોપી પેહેરી અને "વાચ" ની સાથે ચાલીઓ. ડુંગર ઊપર એક માઈલથી વધારે ચહડેઆ પછે દુરથી મેજર ઓબરાઈનને તેનો વાહાલો "વારડ" નજરે પડીઓ. તરત તેની પાસે દોડતો ગએઓ, પણ જઈને જોએછેતો તેનું ડોકું ખડકનાં એક દરમાં એવું તો સપડાઈ ગએલું હતું કે તેનાંથી કાહાડી શકાતું ન હતું, તેથી તે બાપડું જનાવર તાંહાં એક બંધીવાન થઈને રહીઊ હતું, અને તેનો વાહાલો મીતર "વાચ" તેને દરરોજ ખાવાનું પોહોંચાડતો હતો. મેજર ઓબરાઈને કેટલીક મેહેનતે તરત તેનું ડોકું બાહાર કાહાડીઊં, અને તેને એક મહા શંકટમાંથી છુટો કીધો. "વારડ" પોતાને છુટો જોઇ ઘણોજ મઘન થઈ મેદાન ઊપર કુદવા અને ભોંસવા લાગો, અને પોતાના સોબતી "વાચ" નો ઊપકાર માનતો હોએ તેમ તેની સાથ ખુબ ગેલ કરવા લાગો, અને પોતાના ધણીએ તેને આવી બંધીમાથી છુટો કરીઓ તેને માટે તેનો ઊપકાર માનતો હોએ તેમ તેના હાથ પગ વગેરે ચાટવા લાગો. મેજર ઓબરાઈનને તપાસ કરતાં માલમ પડીઊં કે તે દરમાં ભરાએલો શીકાર "વારડના" હાથમાં ન આવવાથી તેણે તેને પકડવાને ખુબ જોરથી પોતાનું માથું તેમાં ખોસી ઘાલીઊં હતું, પણ પાછું તે નીકલી શકીઊં ન હતું. તોપણ તેને પાછુ કાહાડવાને તેણે ઘણી કોશેશ કરેલી હોએ એવું

જણાતું હતું, કેમકે તેના ગલાથી તે ખભાં શુધીની ચામડી છોલાઈને ઊખડી ગએલી હતી.

તરીજી જાતનો કુતરો "પાણીનો કુતરો" કેહેવાએછે. એ કુતરામાં બે જાતછે, એક મોટી અને નાની; પણ બંને એક સરખા કામનાછે. તેમના વાલ લાંબા અને ગુચલીઆલા હોએછે અને તેમનો સઘલો દેખાવ ખુશનુમાં હોએછે. એ જાતનાં કુતરા તરવામાં ઘણા બાહાદુર હોએછે, અને ગમે એવી જગાએ માણસ પડીઉં હોએતો તેને ઊપર ખેંચી લાવેછે. એવી જાતનાં કુતરા ઘણુ કરીને વાંહાણો ઊપર રાખવામાં આવેછે. તેઓ એવાતો ચંચલ અને નીમખહલાલ હોએછે, કે ગમે એવા જોરમાં મોજા મારતા હોએ, તોપણ જો ભોગ જોગે કોઈ માંણસ પાણીમાં પડીઓતો કોઈના પણ હોકમની વાટ જોએઆ વગર પાણીમાં નખાવી મેલેછે, અને બુડતાં માણસને પકડી ઊપર લાવેછે. એને લોકો ઘરમાં પણ ઘણા પાલેછે. પારીસમાં એક ગરહસથની પાસે




એ જાતનો એક કુતરો હતો તેને માટે એવું કેહેછે કે, એક દીવસે તેના ધણીની સાથે એક નાલાં આગલ ફરતો હતો, તેવામાં તેના ગજવામાંથી એક સુનાનો સીકો પાણીમાં પડી ગએઓ. તેની ખબર તેને ન હોવાથી તે એકદમ આગલ ચાલીઓજ ગએઓ, પણ થોડેકવારે તેણે જોઈઉં કે તેનો કુતરો તેની સાથે નથી તેણે તેને ઘણાક સાદ મારીઆ પણ તેનો ઊતર ન મલવાથી તે સમજીઓ કે કદાચ તે ઘર તરફ ગએઓ હશે. ઘણેક વારે તે ગરહસથ પોતીકા ઘરમાં ગએઓ, તીઆરે તેના ચાકરે તેને જણાવીઉં કે કુતરો બાહારથી આવીઓ તીઆરનો આજારી થઈને પડીઓછે, અને ખાવાનું કશું લેતો નથી. પેલો ગરહસથ તરત તેની પાસે ગએઓ, પણ તેને જોતાંજ તે કુતરો ઊઠીને કુદકા મારવા લાગો, અને તેના પગ આગલ આવીને મોડામાંથી પેલો સુનાનો શીકો નાખીઓ, અને પછે પોતા આગલ જે ખાવાનું પડેલું હતુ તે ખાંવા મંડી ગએઓ. એ બલા કુતરાએ ખાધું નહી તેનો સબબ એજ કે તેણે મોડામાં પેલો સીકો પકડી રાખીઓ હતો, અને પોતાના ધણીને આવવાની રાહ જોતો હતો! વાંચનારી બેનો, એવી એવી એકીનદારી તમે કીઆં માણસમાંથી બતાવશો?

---

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૨૭.



પીઆરાં બેન,

છેલો પતર જે મેં સપેનથી લખીઓ હતો તે વાંચીઆ પછે તમે સમજીઆં હશો કે ઈઊરોપખંડની મારી આખી મુસાફરી થઈ ચુકી, અને તેનાં જાણવા લાએક સઘલા દેશો હું જોઈ વલીઓ. સપેનમાં મારા ઘણાક મીતરો થએઆ હતા, જેઓ મને ઘણા ચાહાતા હતા અને મને માન આપતા હતા. તેમને મેં આફરીકાખંડમાં જવાનો મારો એરાદો જણાવીઓ, તીઆરે તેઓ મને ના કેહેવા લાગા કે તે ખંડમાં જોવા જેવું કશુ નથી. એ ખંડમાં જીઆં જાઇએ તીઆં જંગલ, રણ અને જંગલી માંણસો સીવાએ બીજું કશું નથી, અને વલી એવી જગાએ મુસાફરી કરવાનું કામ ઘણું ઘાસતી ભરેલું હોએછે, તેથી તેઓ મને થોડા મહીનાં તાંહાંજ રેહેવાને ભલાંમણ કરતા હતા. પણ બેન, તમે જાણોછ કે હું આખી દુનીઆંપર ફરવા નીકલીઓછું, અને દુનીઆપરનાં સઊથી મોટા તથા સઊથી રાચ રચીલા ખંડોમાં ફરી વલીઓછું, તીઆરે આફરીકા જોવા વગર પાછો કેમ હટું. જેમ ઈઊરોપમાં સઘલા રાચ રચીલા શેહેરો તથા દેશોની મોજ ભોગવી, અને અનુભવ મેલવીઓ, તેમજ હવે આફ

રીકા સરખા વેરાન ખંડનાં બીઆબાન જંગલો, અને જીહુપદાંથી ભરેલા કાલા હબસીનાં મોહોલ્લા જોઈ તેનો પણ અનુભવ મેલવવો. એ વીચારથી મેં આફરીકા જવાનો પકો ઠરાવ કરીઓ. થોડાક દાહાડા પછે એક વાંહાંણ જોઈ કાહાડી તેમાં પેસેજ લઈ તેમાં નીકલીઓ તે ભુમધીઅ સમુદરમાં રહી કેટલેક દાહાડે હું આફરીકાનાં કીનારા ઊપર ઊતરીઓ એ કીનારા પરની જગામાં સારા શેહેરો વસેલાંછે જેમાં ટીઊનીસ, આલજીઅરસ વગેરે મુખીઅછે. આફરીકાનાં એ ભાગને "બારબેરી" કેહેછે, પણ બેન એ દેશોનું વરણન કરવાની આગમચ પરથમ એ ખંડ વીશે તમોને થોડુક લખી જણાઊછું, જે હું આસા રાખુછું કે તમુને ઘણું પસંદ પડશે અને ઊપીઓગી થઈ પડશે.

આફરીકા ખંડ એક મોટો દવીપ કલપછે, એટલે તેની તરણે બાજુએ પાંણીછે, અને માતરે એકજ બાજુએથી તે જમીનને વલગેલોછે. જે બાજુએથી તે જમીનને લાગેલોછે, તે એક ઘણોજ સાંકડો ભાગછે, જેને "સુએજની સઇઓગી ભુમી" કેહેછે. માતરે એ સ્લીજ જગાએથી તે એશીઆખંડ સાથે જોડાએલો છે, અગર નહીતો તે તદન છુટો હને, અને દવીપકલને બદલે એક મોટો બેટ કેહેવાતે; પણ અંતેતો તેમજ થવાનુંછે. બેન, આજ કાલ ઈઊરોપનાં બચાં કુદરત સાથ પણ બાથ ભીડવા જાએછે, અને તેનાં કાંમને પણ રદ કરવા જાએછે! ઇંગલંડ, ફરાનસ વગેરે દેશોમાંથી હીંદુસતાનમાં આવવાનો ટુકામાં ટુકો તરીનો રસતો ભુમધીઅ સમુદર અને લાલ સમુદરમાં થઈને આવવાનોછે, પણ એ બેની વચે સુએજની સઈઓગી ભુમી આવવાથી વચે માલ તથા ઊતારૂઓને ઊતરવું પડેછે, અને બીજે કીનારે જઈ બીજી આગબોટમાં બેસવું પડેછે. એથી કરીને ઘણીક અગવડ પડેછે, તથા વધારે દાહાડા લાગેછે, માટે તે અગવડ મટાડવાને, એટલે ભુમધીઅ સમુદરમાંથી સીધુ લાલ સમુદરમાં આવવાને હાલમાં એ સઈઓગી ભુમીને ખોદી કાહાડવામાં આવેછે. એ કાંમ અંગરેજોને માથે લેવું જોઈતું હતું, પણ તેઓએ તે નહી બને એવું સમજીને પડતુ મેલીઊં, તેથી તેને ફરાનસની સરકારે ઊઠાવી લીધુછે, અને હાલમાં તે ધમધોકાર ચાલેછે. જે દાહાડે એ સઈઓગી ભુમી ખોદાઈ રેહેશે, તે દાહાડે ઇંગલંડ અથવા ફરાંનસથી નીકલેલુ વાંહાંણ તથા આગબોટ સીધુ અરબી સમુદરમાં આવી હીંદુસતાનનાં જે બંદરમાં આવવું હોએ તીઆં આવશે.

આફરીકા ખંડની સીમા આ પરમાંણેછેઃ—ઊતરમાં જીબરાલટરની સમુદર ધુની, અને ભુમધીઅ સમુદર; પુરવે સુએજની સઈઓગી ભુમી, લાલ સમુદર અને હીંદી મહા શાગર; દખશીણે દખશીણ મહા શાગર, અને પશચીમે આટલાનટીક મહા સાગર. એ ખંડનો વીસતાર ૧૨૦૦૦૦૦૦ ચોરસ માઇલનોછે અને તે ઊપર બધી મલીને ૬૦૦૦૦૦૦૦ માણસની વસતીછે. એટલે દર ચોરસ માઇલે ૫) માણસ વસેછે.

એ દેશના લોકો જંગલીછે. કેટે અરધા જંગલીછે અને કેટે પુરા જંગલીછે. તેમને સીધી તથા હબસી કેહેછે એ જાતના લોકોનેતો તમે મુંબઈમાં જોએઆ હશે, તોપણ તેનુ એક ચીતર તમારી ઊપર મોકલુંછું.



એ લોકનો ચોકશ ધરમ નથી. જે કેટલાકો કીનારા ઊપરનાં દેશોમા વસેછે, તેઓ મહમદીઆન તથા ખરીસટી ધરમ પાલેછે, પણ મધીઅ ભાગના લોકોતો તરેવાર ચીજની પુજા કરેછે. તેઓને જે ગમે તે ચીજને તેઓ ખોદા બનાવેછે, અને તેને એકગમ મેલી તેની નીત ભકતી કરેછે. વખતે ભકતી કરેછે, અને વખતે કાંઈ કામ નહી બનતું તો તેને માર મારેછે! તેઓ પોતાના એવા ખોદાને માણસનો વટીક ભોગ આપેછે. એ લોક બાપડા અને જંગલી હોવાથી ઘણાક કરપીણ ખરીસટી તથા મુસલમાંનો વાહાણમાં બેસી, તાંહાં આવી તેમને તથા તેમના બચાંને જોર જુલમથી પકડી લઈ જાએછે, અને તેમને બીજા દેશોમાં લઈ જઈ ગુલામ કરી વેચેછે.



આ ચીતર ઊપરથી તમોને જણાશે કે કેટલાક કરપીણ પુરશો કેવા ઘાતકી પણાથી બીચારા સ્રીઓ, તેમની સ્રીઓ અને બચાંઓને ખેંચી લઈ જાએછે. ખરેખર એ ઘણુજ દલગીરી ભરેલુ અને દએઆ આણવા જોગછે.

આફરીકા ખંડમાં વનસપતી ઝાઝી થતી નથી: કેટલાક ભાગમાંતો એવો સકત તાપ અને રેતીની જમીન હોએછે કે તીઆં એક જાહાડનું તનખું પણ નજરે આવતું નથી. એ ખંડમાં એક મોટુ રેતીનું રણછે, જેની પોહોલાઈ ૧૮૦૦ માઈલછે: એટલી બધી જગામાં રેતીજ રેતી સીવાએ બીજુ કશું નથી. એ રણ વીશે ઘણીક જાણવા જોગ હકીકતોછે, પણ તે હું કોઈ ફરશુદની વેલાએ તમોને લખી જણાવીશ.

એ ખંડમાં ઘણીક જાતનાં જનાવરો થાએછે, તેમાં કેટલાંક ફાડી ખાનારાં, કેટલાંક જંગલી અને કેટલાંક પાલવા જોગ હોએછે. ફાડી ખાનારામાં સીંહ મુખીઅ હોએછે. તે ઘણાજ જબરા અને વીકરાલ હોએછે. તેમનું એક ચીતર હું તમારી ઊપર મોકલુછું તે જોતાંજ તમોને કદાચ ભએ લાગશે! પાલવા લાએક જનાવરમાં મુખીઅ જીરાફ અને ઊંટછે. ઊંટતો તમે જોએઆં હશે, પણ જીરાફ કદાચજ જોએઆં હશે, માટે તેનું પણ એક ચીતર તમારી ઊપર મોકલુછું.



ચીતર ઊપરથી તમારા જોવામાં આવશે કે તે લગભગ ઊંટને મલતાંજછે, પણ ઘાટ તથા કદમાં કેટલોક ફેરછે. જંગલી જનાવરોમાં હાથી મુખીઅછે, તેનાં દાંત ઘણાં કાંમમાં આવેછે. તેનું માસ પણ કેટલાક લોકો ખાએછે. એ ખંડની કેટલીક નદીઓમાં મગર થાએછે. એવાં મગર આપણાં દેશમાં પણ થાએછે. એ જાતનાં મગરનું એક ચીતર તમારી ઊપર મોકલુછું. એ જનાવર ૬ સથી પંદર ફીટ લાંબું થાએછે, અને તે હમેશ મીઠાં પાંણીમાં વસેછે પણ પોતાનાં ઇંડાં ગરમ રેતીમાં મુકેછે.



આફરીકા ખંડ વાશે હાલતો એટલું જણાવી તમારી રજા લઊછું. કેમકે હાલમાં મને અતરે પરદેશી તરીકે બીજું કાંમ ઘણુંછે માટે એજ ઊપર વધારેવાર ખોટી રેહેવું ન જોઇએ. વલી બીજા પતરમાં એ ખંડનાં બીજા દેશોની વાત તમુને લખી જણાવીશ; એજઅરજ.

હું છું તમારો,
વાહાલો ભાઇ.

## સાધારણ સમજ—ગરમી.

(અંક ૨ જો.)

**સંવાલ**—ગરમીનું તરીજું મુલ શુંછે?

**જવાબ**—રસાએણ કીરીઆ, એટલે બે ઠંડી વસતઓ એક બીજા સાથ મલી જતાં તેમાંથી ગરમી ઊતપન થાએછે. જેમકે પાણીમાં ગંધકનો તેજાબ રેડીઓ હોએતો તે પાણી ગરમ થઈ જાએછે. અથવા ચુના ઊપર પાણી રેડવાથી તરત તે ગરમ થઈ જાએછે, અને તેમાથી વરાલ નીકલવા માંડેછે.

**સ૦**—લોકો એવું કેહેછે કે ગાડાંમાં ઘર બાંધવાનો ચુનો લાવતાં વખતે નદીમાં ઊતરીઆ પછે ભુત છેડાઇને તેમને સલગાવી મેલેછે એ ખરી વાત કે?

**જ૦**—હા ખરી વાત: તે મોટો ભુત તે ગરમી: ઊપર લખીઆ પરમાણે ગાડાં માહેલા ચુનાને પાણી લાગવાથી તેમાં ગરમી ઊતપણ થાએછે, અને તેથી વખતે ગાડું સલગી ઊઠેછે. એજ પરમાણે કેટલીકવાર ચુનો લાધેલાં ગધેડાં પણ નદી ઓલંગતાં બલી મુઆંછે. લોકો એનું કારણ સમજતા નથી, કેમકે ચુનોબી ઠંડો અને નદીનું પાણીબી ઠંડું તીઆરે આગ કીઆંથી સલગે, અને વલી નદીના પાણીમાં આગ કેમ સલગે, તેથી તેઓ તેને ભુત તથા જીન કરી ઘેકી બેસાડેછે.

**સ૦**—કેટલીક બાઇઓને કંઈ ભેજાનું કે એવુંજ બીજું દરદ થાએછે તીઆરે તેમનાં આંગમાં ભુત, જીન કે ખવીસ આવીઓછે, એવું માની કેટલાક ધુતારાઓને બોલાવેછે, તે ઠગારાઓ તેવી બાઇઓનાં માથાપરથી થોડેક રૂ ઓવારીને પછે નીચે નાખી દેછે એટલે બલી જાએછે, અને પછી કહેછે કે ભુત અથવા જીનને બાલી નાખીઆ, તે વાત ખરી કે?

**જ૦**—હા, તે વાત ખરી કે રૂ આતશ વગર નાખતાંને વાર સલગી ઊઠેછે, પણ તેમાં કાંઈ ભુત કે જી

ન બલી જતો નથી. કેમકે દુનીઆમાં એવી ચીજતો કાંઈ છેજ નહી. પણ એ બનાવબી ઊપર 'લખીઆ પરમાંણે રસાએણ કીરીઆની ગરમીથીજ બનેછે. ફા સ્ફરસ કરીને એક જાતની વસતુ આવેછે, તે માંણસ નાં હાડકાંમાંથી કાહાડેછે. એ વસતુમાં એવો ગુણછે કે તેને રૂ અથવા એવીજ બીજી ચીજમાં મેલતાંજ તે સલગી ઊઠેછે, તેથી પેલો ઠગારો ઘરમાંથી રૂ લઈ તેને પેલી બાઈનાં માથાપરથી ઓવારી તેમાં હાથ ચાલા કીથી પેલા ફાસફરસની કરચ, જે તે પોતે સાથે લેતો આવીઓ હોએ, તે મેલી દેછે, તેથી તે રૂ સલગી ઊઠેછે.

સ૦—તીઆરે ઘણીખરી બાનુઓ એમ કરવા થી સાહાજી કેમ થઈ જાએછે ?

જ૦—કેહવતછે કે "સંકા ભુત, ને મંછા ડાકણ" તેમ જેવા વેહેમથી થએલું હોએ, તેવા વેહેમથીજ જા એ. વલી ઘણીવાર એવુ બનેછે કે જે વઈદ તથા જે ઊપાએ ઊપર દરદીનો વીસવાસ હોએ, અને તે થવાથી તેને એવું લાગે કે હવે તેને સારૂં થશે, તો ઘણીવાર સારૂં થઈ જાએછે.

સ૦—લોકો કેહેછે કે રાતરે મસાણ કાંઠે ભુત ફર વા નીકલેછે, અને તીઆં જગે જગે બલતાંના ભડકા નજર આવેછે તે શું ?

જ૦—તેનું કારણ પણ એજ કે મુએલાં માંણસ ના હાડકાંમાંનો ફાસફરસ છુટો પડી તેને પાણી કે કાં ઈ એવી બીજી વસતુ લાગેછે, તીઆરે તેમાં રસાએ ણ કીરીઆ થઈ તેમાંથી ગરમી ઊતપન થઇ બલ તું ઊઠી આવેછે. અગનાની લોકોને એવું કારણ ન સમજ પડવાથી તેને ભુત પરેતમાં ગણેછે.

સ૦—ગરમીનું ચોથું મુલ શું ?

જ૦—ઘસારો: બે ચીજ એક બીજા સાથે જોરથી ઘસાએઆથી તથા અઠડીઆથી તેમાથી ગરમી નીક લી આવેછે. જે લોકોને બીડી પીવાનો ચાલ હોએ છે, તેમને જીઆં જોઈએ તીઆં આતસ નહી મલી આવે તેથી તેઓ પોતાની સાથે ચકમકનો પથર ને એ ક લોહાડાંનો કટકો રાખેછે. જીઆરે આતશની જ રૂર પડેછે તીઆરે તેમની વચે રૂ મેલી એક બીજા સા થ અઠડાવેછે તેથી તેમાંથી ગરમી નીકલી આવી રૂ સ લગી જાએછે. કેટલાંક જંગલી લોકો બે લાકડાંના કટકાને એક બીજા સાથ જોરથી ઘસીને આતસ પાડે છે. પારસીઓમાં એવું કહેછે કે પરથમ કોઈ આતસ જાણતું ન હતું, પણ એક દીવસે તેમના પેશદાદ રો લાના કઈઓમરશ પાદશાહાનો બેટો પાદશાહા હોશંગ ફરવા નીકલીઓ હતો, તેવામાં જંગલમાં એક મોટો સાંપ તેની ઊપર હુમલો કરી આવતો જોઈ હોસંગે એ ક મોટો પથર ઊઠાવી જોરથી તેની ઊપર મારીઓ. એ પથર તે સાપને લાગવાને બદલે એક બીજા પ થર સાથ. અઠડીઓ, અને તેથી ઘસારો થવાથી તેમા થી આતસ નીકલી આવીઓ, અને આસપાસનું સુકું ઘાસ સલગી ઊઠીઊં. તીઆરથી ઇરાનીઓના હાથ માં આતસ આવીઓ.

સ૦—લોકો કહેછે કે જંગલમાં પોતાની મેરે આ ગ સલગેછે, અને ઝાડો બલી જાએછે, તે શું ?

જ૦—તેબી, ઝાડની ડાલીઓ પવનથી એક બી જા સાથ ઘસાઈ, તેમાથી ગરમી ઊતપન થાએછે, અ ને તેથી ઝાડો સલગી ઊઠેછે. સરાંણીઆ સરાણપર છરી ચુલીઆ વગેરે ઘસેછે, તીઆરે આતસની ચીન ગારીઓ ઊઠેછે, તથા લુહાર લોહોડાંનાં સલીઆને ટી પેછે તીઆરે તે તાતી જાએછે, તેનું કારણ પણ એજછે.

સ૦—ગાડીનાં પઈડાંમાં, તથા એવીજ બીજી ચી જોમાં તેલ શાને માટે મુકવામાં આવેછે ?

જ૦—તેનું કારણ પણ એજછે, કે જો તેવી ચીકણી જણસ મેલે નહીતો તે ફરતી ચીજ અથવા પઈડું ધરી સાથ ઘસાઈને તેમાં ગરમી ઊતપન થાએ, અને વખ તે સલગી ઊઠે. વલી તેથી ઘોડાને કે બલદને ઘસડ વું સેહેલું પડેછે.

સ૦—ગરમી કહી કહી ચીજોમાંછે, અને કહી કહી ચીજોમાં નથી ?

જ૦—ગરમી સઘલી ચીજમાંછે. કોઇ પણ વ સતુ એવી નથી કે તેમાં ગરમી નહી હોએ.

સ૦—શું તીઆરે ઠંડાં પાંણીમાં, અને આઈસમાં પણ ગરમીછે કે ?

જ૦—હા તેમાં પણછે. મોટલાંમાંનુ પીવાનું પાં ણી, તેમાં આઇસ કરતાંને વધારે ગરમીછે: તેથીજ તે પરવાહી આકારમાં રહેછેછે. જો તેમાથી હજુર ગર મી કાહાડી લીધી હોએતો તે બંધાઇને બરફ થાએ, અને બરફના કટકાને ઘણીક ગરમી આપી હોએતો

તે પાણી જેવા આકારમાં આવે. એ પરમાંણે જેટલી ગરમીએ બરફનુ પાંણી થઈઊં, તેટલી ગરમી તે પાણીમાં સમાઈ રહી.

સ૦—તીઆરે તે પાંણી ઊનું કેમ નથી લાગતુ?

જ૦—કારણ કે એ ગરમીનુ નામ "છુપી ગરમી" હાએછે, અને તેથી તે આપણને માલમ નથી પડતી. ઊપર કહીઊં કે સઘલી ચીજોમાં ગરમીછે, પણ આપણા હાથનેતો ઘણીક ચીજો ઠંડી લાગેછે, પણ તે સંઘલામાં છુપી ગરમી હોએછે. તેમજ પાણીમાં પણ છે. જો તેમાં વધારે ગરમી ઊમેરીએ, તો તે વધારે ગરમ લાગે. અને તેને ઘણીજ ગરમી આપીએ તો તેનો બાફ થઇ જાએ.

સ૦—તીઆરે કોઈ ચીજમાં ઠંડીછેજ નહી?

જ૦—ઠંડી એ કંઈ છેજ નહી. જેમ અંધારૂ એ કંઇજ નથી પણ અજવાલાંની ગેરહાજરીછે, તેમજ ઠંડી એ કંઈજ નહી પણ માતરે ગરમીની ગેરહાજરી છે. જેમ જે ચીજમાં ગરમી થોડી, તેમ તે વધારે ઠંડી લાગે.

સ૦—તીઆરે આઇસમાં હજુ ગરમી રહેલીછે એ આપણે કેમ જાંણીએ?

જ૦—કારણ કે આઇસમાં મીઠું નાખીઊ હાએ, તો તે મીસર એટલુંતો ઠંડુ થઇ જાએછે, કે તે એખલાં આઈસ કરતાં વધારે ઠંડુ લાગેછે. એ ઊપરથી માલમ પડેછે કે આઈસમાં હજુ ગરમી હતી, તે મીઠાંના મેલાપથી નીકલી ગઇ. એ પરમાણે જેમ જેમ હરેક ચીજમાંથી ગરમી ઓછી થતી જાએ તેમ તેમ તે ઠંડી પડતી જાએ. અને જેમ જેમ ગરમી વધતી જાએ, તેમ તેમ તે ગરમ થતી જાએ. પણ તેમાં છુપી ગરમી જેટલી જોઇએ તેટલી સમાએઆની આગમચ તે આપણને ગરમ લાગતી નથી.

---

## શેઠ દોસાભાઈ શોહોરાબજી મુનશી.

દુનીઆમાં એવાં થોડાંજ માણસો હશે, જેઓ મોટા માબાપને પેટે જનમ લઇ પાછલથી મોટાં કેહેવાઈ ગએઆ હાએ, પણ દુનીઆમાં જે જે માણસો વખણાઈ ગએઆછે, અને જેનાં જેનાં નામો આજે અમર રહી ગએઆછે, તેમાનો મોટો ભાગ ગરીબ માબાપને પેટે ઝુપડાંમાં જનમેલોછે. સુનાના તઇઆર કરી રાખેલા ઢગલામાંથી સુનું લાવી, તવંગર બનવું, તેનાં કરતાં આશટરેલીઆ કે કેલીફોરનીઆં સરખા દુરના અને વેરાન દેસોમાંથી અથાક મેહેનતે જમીનમાંથી ખોદી કાહાડી તવંગર થવું, એમા મોટી વડાઇછે. તેમજ મોટાં માબાપને તીઆં જનમી પાછલથી મોટાં થવા કરતાં જે ગરીબને તીઆં જનમી પાછલથી આપશકતીથી મોટાં થાએ તેમને ઊતમ જાણવા.

એ પરમાણે આપ ઊદીઓગ અને આપશકતીથી વધેલા પુરૂશોના જનમારાનો હેવાલ, એ મનુશ જાતના મનમાં, ઊદીઓગ, હીમત અને એકીનદારીનો ભડકો ઊઠાવવાની દીવાસલીછે. તેટલા માટે અંગરેજ અને એવાજ બીજા સુધરેલા દેસોમાં એવા એવા માણસોની જીંદગીના હેવાલો નોંધી રાખેછે, એટલુંજ નહી પણ તેવાં માંણસોના મોડાંમાથી, કેટલીક વેલાએ નીકલેલા શબદોને અમુલીખ રતન સરખા ગણી, નોંધી રાખેછે. તેથી તેઓમાં આજે એવા હજારોના જનમારાનો હેવાલ મલી આવેછે, અને તેમાથી મોટો શીકશાનો સાગર આપણી નજરે આવેછે. પણ લખવાને હદથી જાદા દલગીરી ઊપજેછે કે આપણા દેશીઓમાં એવો ચાલ ન હોવાથી આજે ઘણાક બે કીમતી હીરા સરખા પુરૂશોનાં દરેક કામ અને કલા હમેસગીના અંધારા ગારમાં ગુમ થઈ ગએઆંછે. હીંદુઓ તથા પારસીઓ, જેઓ આજ હજારો વરસના સુધારાના સરોવરમાં રમતા આવેઆછે, તેઓમાં કારડીનલ ઊલસી, સર આઈજાક નીઊટન અને સર રીચરડ આરકરાઈટની માફકના ગરીબ ઝુપડાંમાં જનમી પાછલથી મોટા નામીચા પુરૂશો નહી થઇ ગએઆ હાએ, એમ કદી કેહેવાશેજ નહી. પુરવેની વાત પડતી મેલી હાલનીજ વાતને પકડીએ, કે જે પારસીઓ આજે નાઈટ, બારોનેટ, કાઊનસલર, જસટીસ આફ ધી પીસ, શીપરાઈટ (વાહાણ બાંધનારા) અને મોટા મોટા સોધગરો થએઆછે, અને ઘણાકો મોટા જોખમ ભરેલા સરકારી ઓધા ધરાવેછે, તેઓમાના દરેકના બીજી તથા તરીજી ચહડતી પેહેડીના પુરૂશો, કોઈ નોસારી, કોઈ સુરત, કોઈ ભરૂચ, કોઇ ખમાત કે અરાંજન, એરાવ, સુમારી સરખાં ગાંમડાંઓમાં ગરીબ માબાપને પેટે ઝુપડીઓમાં જનમી વગર આધારનાં ગરીબ માંણસ દાખલ મોટા થએઆ નહી હાએ એમ કોઈથી કેહેવાશે ન



મિ૰ ડાહ્યાભાઈ મોહોરામજી મુનશી.

હી. તીઆરે તેઓ સઘલા આપ ઊદીઅમે અને આ પ શકતીથીજ હાલની જાહોજલાલીને પુગેઆ એમ સા બેતજ થાએછે, પણ હાલમાં કોણુની જીંદગીનો એવો અસરકારીક હેવાલ આપણને મલી આવેછે? અફશોશ! બેચાર સીવાએ બીજા કોઈનો નહી!

પણ હવે એ દુખ ભરેલી વાત પડતી મેલી હાલમાં લખવાને ધારેલી બાબદ ઊપર આવીએ છઈએ. પાસેનાં પાનાપરનાં ચીતર ઊપરથી વાંચનારને માલમ પડશે કે તે આપણી મુંબઈમાં પારસીઓનાં અથોરનાન ટોલાનાં વખણાંએલા શેઠ ડોસાભાઈ સોરાબજી મુનશીનુંછે. એ ગરહસથનો જનમ ઈસવી સન ૧૭૮૯ નાં વરસમાં ભરૂચ શેહરમાં થએઓ હતો. એમનાં બાપે જોકે તે વખત પરમાંણે મલી આવે તેટલી કેલવણી લીધી હતી, તોપણ જાતે ઘણાં ડાહેઆ અને વીચારવંત હતા તેથી તેમને તે શેહરમાં પડી રેહેવાનાં કરતાં મુંબઈમાં આવી પોતીકા એક પુરા દીકરા શેઠ ડોસાભાઈને સારી કેલવણી આપવાનો ઠડાવ કરીઓ, અને તે પરમાંણે સન ૧૭૯૮ નાં વરસમાં તેમને ભરૂચ છોડી પોતીકા આખા કબીલા સહીત મુંબઈમાં આવી મુકાંમ કરીઓ. એ વેલાએ શેઠ ડોસાભાઈની ઊમર માતરે બાર વરસની હતી. મુંબઈમાં આવતાંને વાર શેઠ ડોસાભાઈને એમનાં બાપે એક મકતબમાં, તે વખતનાં સઊથી કાબેલ મુનશી હાજી મહમદ કઈઊમનાં હાથ તલે ફારસી ભાશાની તાલીમ લેવાને મેલીઆ. મકતબમાં દાખલ થએઆ પછે શેઠ ડોસાભાઈએ શીખવા ઊપર એટલીતો ઊલટ અને ચંચલાઈ બતાવી, કે તેથી તેઓ આગલ ચાલતાં એ ભાશાનાં ઘણા સારા વીદીઆરથી નીકલશે એવું સરવેને લાગવા લાગીઊં. એવીજ ઊલટ અને હોંસથી લગભગ સાત વરસવેર એ પુરાણી ભાશાની પુરતી માહીતગારી મેલવી સન ૧૮૦૫ માં મકતબ છોડી.

મકતબ છોડીઆ પછે શેઠ ડોસાભાઈને શેઠ હોરમજી બમનજી વાહાડીઆ, તેમનાં તથા બીજા કેટલાક સારા માણસનાં છોકરાઓને ફારસી શીખવવાને શીકશક ઠેડવીઆ. તેમાં એમનાં હાથ તલે કેલવણી લીધેલાઓ મધેથી શેઠ ડોસાભાઈ જમશેદજી વાહાડીઆ પાછલથી ઘણા સારા વીદીઆરથી નીકલીઆ. એજ વખતે એમને મુનશીનો ખેતાબ પણ મલીઓ, અને એમની ફારસી, હીંદુસતાંની અને ગુજરાતી ભાશાની અછી માહીતગારીની, તથા તે જુવાંન બચાંઓને ઝટ મનમાં ઠસે એવી શીખવવાની શકતીની મુંબઈમાં ભારી વખાણ થવા લાગી. તે વેલાએ મુંબઈમાં ઇંગરેજી નીશાલ ન હોવાથી શેઠ ડોસાભાઈ પોતાની જાતી કોસેસથી ઈંગલીશ ભાશા શીખીઆ, અને પાછલથી અંગરેજો સાથ ઘણો વેહેવાર પડવાથી તેમાં પણ સારા માહીતગાર થએઆ. શેઠ ડોસાભાઈની એવી ચંચલાઈની ખબર તે વેલાએ વેપારને અરથે ઈરાંનથી આવેલા કેટલાક અરમીનીઅન સોદાગરોને પડવાથી તેઓએ પોતીકા છોકરાઓને એમના હાથ તલે ફારસી શીખવાને મેલીઆ. એ પરમાંણે શેઠ ડોસાભાઇ મુંબઈમાં પરખીઆત થએઆ પછે તેમની ઊપર માજી ઈસટ ઇનડીઆ કમપનીની ચાકરી માંહેલા સનદી તથા લશકરી અમલદારોનું ધીઆંન ખેચાઈઊં, અને તેઓ તેમનાં હાથ તલે ફારસી, હીંદુસતાંની વગેરે ભાશાઓની કેલવણી લેવા લાગા: કેમ કે તેની તેમને પરીકશા આપવી પડતી હતી. શેઠ ડોસાભાઈનાં હાથ તલે પેહેલો અંગરેજ કેપટન રાબરટ ટેલર શીખીને બાહેર પડીઓ હતો જેણે કેટલાક વરસવેર બગદાદમાં રેસીડંટનું કાંમ ચલાવીઊં-હતું. તીઆરપછે એમનાં હાથ તલે બીજા ઘણાક સનદી તથા લશકરી અમલદારોએ ફારસી, હીંદુસતાંની વગેરે ભાશાઓની કેલવણી લીધી, તેમાં મુખીઅ—સર બારટલ ફરીઅર, મુંબઇનો હાલનો ગવરનર; આનરેબલ ડબલીઊ ઈ. ફરીઅર, હાલનો મુંબઈની કાઊનસીલનો મેમબર, અને આપણા માનવંતા ગવરનરનો ભાઇ; મેસરસ વારડન, સીમપસન, લીગેટ, રીવસ, બેલાસીસ, ગીબસ, રાબરટસન, અને એલીસ હતા.

એ પરમાંણે જેમ શેઠ ડોસાભાઈએ એક બાહોશ શીકશાગુરૂ તરીકે કીરતી મેલવીછે, તેમજ એક સરસ ગરંથકરતા તરીકે પણ મેલવીછે. એમને અતીઆર શુધીમાં કદીમનામુ, તજકરત અલ હુકમા, શવાહેદે કબીશા દરદીને જરતોશતીએ, ખીસતાબ, જરીદોશત અફસાર, જીનદેહરૂદ એ સઘલી ફારસી કેતાબોનો ગુજરાતીમાં તરજુમો; તથા કેટીકીઝમ આફ હેલથ નામની ઈંગરેજી કેતાબનો તરજુમો, તથા ઈંગલીશ અને હીંદુસતાંની તથા ફારસી અને ગુજરાતી વાકીઅવાલી, તથા દોહરા અને કેહેવત પોથી, તથા રાગપોથી, અને ઈંનદર શભા પોથીઓ પરગટ કીધીછે.

એ પરમાણે શેઠ ડોસાભાઈ મુંબઈમાં ખુબ મશહુર થવાથી તેઓ શન ૧૮૫૫ માં નામદાર રાણીના સુલેહના અમલદાર-થઈઆ. ૧૮૪૯ માં એઓ સર જમશેદજી જીજીભાઈ પારસી બીનેવલંટ ઇનસટીટીઊશનના એક મેમબર થઈઆ હતા, તે આજ સુધીછે. સન ૧૮૬૦ માં, આનરેબલ મી૦ ડબલીઊ ઇ. ફ્રીઅરે, શેઠ ડોસાભાઈનો, પોતીકા માનવંતા શીફશક તરીકે તેમની ઈઆદગારી દાખલ, ફોટોગરાફ લીધો. હાલમાં શેઠ ડોસાભાઈની ઊમર ૭૮ વરસનીછે. અને તેઓ હજી સારી તંદોરસતી ભોગવેછે. જોકે તેમનું તન આજે બુઢું થઈઊંછે, તોપણ તેમનું મન હજી પુર જવાનછે, અને હજુ તેઓ તેનો પુરતો અને ઘટતો ઊપીઓગ કરતા જાએછે.

# પુરૂથવી અને તેને લગતા બનાવો.

ભાગ ૨ જો.

## પુરૂથવીનો આધાર.

આગલ કહીઊં કે પુરૂથવી નીરાધાર ઊભેલીછે, અને જેમ કેટલાકો માનેછે, તેમ તે ગાએનાં શીંગડાં પર, કે નાગનાં માથાંપર ઊભેલી નથી. અલબતે આપણી નજર આગલ એક રાઈનો દાણો વટીક અધર ઊભો રહી શકતો નથી, તો પછી પુરૂથવી સરખો આવો અતી મોટો ગોલો કેમ અધર ઊભો રેહ એમ કાઇને વીચાર આવીઆ વગર રેહે નહી માટે તે બાબેનો થોડોક ખોલાશો કરીએ છઈએ.

પરથમ જાણવું જોઇએછે કે જેમ આપણી પુરૂથવી એક મોટો, કઠણ અને અપાર દરશક ગોલોછે, તેમ આકાશમાં જે આપણે સુરજ, ચંદર, તારા વગેરે જોઈએછે તે પણ તેવાજ કઠણ અને અપાર દરશક ગોલાછે. વલી તેમાનાં કેટલાકતો આપણી પુરૂથવી કરતાં સેંકડો બલકે હજારો ગણા મોટાછે. જેમ આપણે આપણી પુરૂથવી ઊપર ઊભા રહી આકાશ તરફ નજર કરીએ છઈએ તીઆરે જેમ ચોમેર ઝીણા ઝીણા તારા, ચંદર વગેરે દેખાએછે તેમજ જો આપણે ચંદર ઊપર કે કોઈ બીજા તારા ઊપર ઊભા રહી જોઇએ તો આપણી પુરૂથવી પણ પેલા અથાગ તારાઓમાં એક તારા સરખી જણાએ.

વલી બીજું એ જાણવું જોઈએછે કે આપણી પુરૂથવી દરેક વસતુને પોતાની ભણી ખેંચેછે, અને દરેક વસતુ પુરૂથવીને પોતાની ભણી ખેંચેછે: પણ પુરૂથવીનું બલ (આકરશણ) વધારે હોવાથી સઘલી ચીજો તેનાં તરફ ઘસડાઈ જાએછે. વલી એક ચીજ બીજી ચીજને પોત પોતા ભણી ખેંચેછે, તેમાં જે નાની હોએછે તે મોટી આગલ ખેંચાઈ જાએછે. એમ બનતું આપણે જોતા નથી, તેના કારણોછે પણ હાલમાં તે લખવાની જરૂર નથી. એ પરમાંણે જેમ વસતુ વસતુને ખેંચેછે તેમ ગગનમાં તારો તારાને એટલે, પુરથવી પુરૂથવીને ખેંચેછે. તેમજ આપણી પુરૂથવીને સુરજ ખેંચેછે, અને પુરૂથવી સુરજને ખેંચેછે. પણ સુરજ પુરૂથવી કરતાં ઘણો મોટો હોવાથી તેનું આકરશણ પુરૂથવી ઊપર વધારે થાએછે, તેથી તે તેના તરફ ઘસડાઈ જવા માંગેછે, પણ તેવાંમાં તેને બીજી બાજુએથી ચંદર વગેરે ગરહોનું અકરસણ થાએછે, એટલે તે તેને ખેંચેછે. તેથી કરી જેમ એક માંણસનાં બંને હાથ પકડી બે બાજુએથી બે જણ સરખે જોરે તાંણેતો તે કોઈની પણ તરફ ખેંચાઈ જએઆ વગર વચમાંનો વચમાં રહી જાએ, તેમ પુરૂથવીને બંને બાજુએથી સરખું અકરસણ એટલે ખેચાણ થવાથી તે વચે અધર રહી ગઈછે. જો તેનુ એક બાજુનું અકરશન નીકલી જાએતો તે બેશક બીજી બાજુ તરફ ખેંચાઇ જાએ. પણ જગતકરતા ઈશવરે એવું કરેલુંછે કે તેની એક બાજુનુ અકરશન નીકલે પણ નહી અને તે કોઈની ગમ ખેંચાએ પણ નહી. પણ બંને તરફથી સરખી ખેંચાવાથી તે અધર ઊભીછે, અને હજુ અનંત વખત શુધી ઊભી રેહેવાની. વાંચનાર, એટલાજ ઊપરથી ઈશવરનાં ડાહપણનો શું વીચાર કરશો ? જોકે એતો હજુ તેનાં અદભુત કુરતીઓનો હજારમો બલકે લાખમો ભાગછે !

# પરચુરણ.

## જાંણવાજોગ બાબદો.

**કાગલનો નવાઈ સરખો ઊપીઓગ**—હાલમાં એવું શોધી કાહાડવામાં આવીઊંછે કે જાડાં કાગલનાં તાપ

નો ગોલો દાખલ થઈ શકતો નથી ! એ બાબેની તપાસ કરતાં એક ગોલાએ ૧૦ ઈંચ જાડું ઓકનું લાકડું આરપાર ફાટી ગઈઉં હતું, પણ તેજ ગોલાએ એક ઈંચ જાડું કાગલ ફાડું ન હતું !!

**સેવીંગ બેંક**—આખા ગરેટ બરીટનમાં બધી મલીને ૬૦૩ સેવીંગ બેંકોછે, અને તેમાં લોકોનાં બધા મલીને ૪૦૯૫૨૩૧૧૦ રૂપીઆ મેલેલાછે.

**ધંધાદાર સ્ત્રીઓ**—હીંદુસથાંન માંહેલા સરકારી ટેલીગરાફનાં ખાતામાં સંધેસા લેવા તથા મોકલવાનાં કાંમ પર ચાકરી રેહેવાને ૯૦૭ સ્ત્રીઓ ઈંગલંડથી અતરે આવવાને તઈઆર થઇછે.

**વીજલીથી ચીતાર**—ફરાંનસમાં બે માંણસો એક ઝાડ તલે ફુલ વીણતા હતા, તેવામાં તે ઝાડ ઉપર વીજલી પડવાથી તેનો ધકો લાગી તે બંને જન જમીનપર બેસુધ થઈ પડીઆ હતા. તેઓ હુશીઆરીમાં આવીઆ પછે તપાસ કરતાં તેમની છાતી ઉપર તે ઝાડનો એમનો એમ ચીતાર પડી રહેઓ હતો.

**ઘડી કરાએ એવો મછવો**—હાલમાં ઈંગલંડમાં એક સખશે એવો મછવો શોધી કાહાડીઓછે કે જીઆરે તેને ખુલો કરે તીઆરે તેની લંબાઈ ૨૬ ફુટ અને પોહોલાઈ ૫ ફુટ થાએ અને તેમાં ૪૦ આદમી બેસી શકે અને જીઆરે તેને ઘડી કરે તીઆરે આતરે તે ૨૬ ફુટ લાંબી અને ૪ ઈંચ જાડી થઈ જાએછે.

**મોટો હથોડો**—હાલમાં દુનીઆંપર સઉથી મોટો હથોડો ઈંગલંડનાં એક તોપ બનાવવાના કારખાંનાંમાં ગોઠવવામાં આવીઓછે. તેનું વજન ૧૨૮૦ મણનુંછે, અને તે બાફના જોરથી ઉંચકાઈને પડેછે.

**સલેટનો ખપ**—પારમેહોક નામની જગા આગલની સલેટની ખાનમાંથી ગએઆં એક વરસમાં ૬૦૮૦૦૦૦ મણ સલેટો કાહાડી તઈઆર કરી બાહેર મોકલવામાં આવી હતી.

**ગરીબોને મદદ**—ઈંગલંડ દેશનાં ગરીબ અને અશકતોને મદદ કરવામાં ગએઆં એક વરસમાં બધાં મલીને ૬૫૨૭૦૩૬૦ રૂપીઆનો ખરચ થએઓ હતો.

**એક સ્ત્રીની હીમત**—મોરાદાબાદના માજીસટરેટ મી૦ બોલડરસનની સ્ત્રી તેની સાથે દશ વખત વાઘનો શીકાર કરતી વેલાએ હાથીપર બેસીને ગઈ હતી !

**લુચાઓની સંખીઆ**—તપાસ કરતાં એવું માલમ પડીઉંછે કે આખા ઈંગલંડમાં ૧૫૯ માણસે ૧ માણસ ચોરી, લુટ વગેરે ખંદાઈનું કાંમ કરેછે. આએરલંડમાં ૨૬૦ માણસે ૧ માણસ એવો ધંધો કરેછે.

## પકવાન વગેરે બનાવટ.

**મધરાજ કરી**—બે આઉંસ ઘી લઈ તેને પેણાંમાં નાંખવું અને તેમા બે જીણા કાંદા કાપીને લાલ કરવા. પંછે તેમાં દોહોડ ચમચો ભરીને કરી પાઉડર (જે તઈઆર મલેછે) નાખવો, અને તેને સારીપેઠે ચમચે કરી મેલવી નાખવો. પછે ગોસના એક એક ઇંચના કટકા કરી, માહે નાખવા અને તેની ઉપર પોણુ કપ થાએ એટલુ કોપરાંનુ દુધ નાંખી, તે સઘલાંને અરધા કલાક શુધી ચુલાપર ચરવા દેવું. ચરતી વખતે તેને હીલવીઆ કરવું. કે બંધાએ અથવા દાઝે નહી. પછે ઉતારી રકાબીમાં નાખી ઉપીઓગમાં લેવું.

**સુરણાનો શીરો**—૭ રતલ ખાંડ લઈ તેને એક કટાઈમાં નાખવી, અને તેમાં પાચ પેંટ સોજું અને તાજું પાંણી રેડવું. બીજી એક પેંટ પાંણી લઈ તેમાં એક ઈંડાંની સપેતીને ડોહોવી, તે પાંણી પણ પેલાંમાં રેડી દેવું, અને પછે તેને ખુબ હીલવવું. એ પરમાંણે કરતાં જીઆરે સઘલી ખાંડ પીઘલી રહે, પછી તે કટાઈને ચુલા ઉપર મુકી નીચે ધીમી આચે બલતું કરવું, અને ઉપર છારી આવવા દેવી. એ પરમાણે પાચ મીનીટ થવા પછે નીચેથી બલતું કાહાડી નાખવું, અને ઉપર આવેલી છારીને કાહાડી નાખવી. પછી પાછું નીચે ધીમું બલતું કરવું, અને તેમાં અરધું કપ ઠંડુ પાંણી નાખવું, કે જેથી મેલ હોએ તે ઉપર તરી આવે. એમ કરતા જીઆંવેર ઉપર છારી આવવાની બંધ થાએ તીઆંવેર તેને ચુલાપર રાખી પછી નીચે ઉતારવું, અને એક કપડાંમાંથી ગાલી કાહાડવું એટલે તે કામને લાએકનો શીરો થએઓ.

**એક સારું અને સસતું કેક**—દોહોડ રતલ ઘંઉનો આટો, પા રતલ માંખણ, પોણો રતલ કીસમીસ દરાખ, પા રતલ ખાંડ, એક ઇંડું, એક ચાહનો ચમચો ભરીને સોડા, અને અરધી પેંટ દુધ લેવું. પેહેલાં દુધને ગરમ કરીને અંદર સોડાને પીગલાવવો, તારપછે સરવેને મેલવી નાંખવું અને ધીમી બઠી ઉપર ભુંજવા મેલવું.

**માકાસર આઈલ**—મીઠું તેલ અથવા સલીટનું તેલ ચાર આઉંસ, કેનથારીડીસ તરીશ ટીપાં, ગુલાબનું તેલ પાંચ ટીપા, બરગેમાનટનું તેલ તરીશ ટીપાં, લીંબુનું તેલ (એ સઘલા તેલો તરીઆર અથવા રાજરસની દુકાંને મલેછે) તરીશ ટીપાં, તે સઘલાને એકઠાં મેલવી તેમાં રંગ આવે તેટલું આલકેનેટ નાખી એક સીસીમાં ભરી મેલી અગત પડે તીઆરે કામમાં લેવું.

**કાચ વલગાવવાની લાહી**—એક ભાગ રબર અને સોલ ભાગ માસટીક ગુંદર એ બંનેને કલોરોફારમમાં બે દાહાડાવેર પીઘલાવી પછે તેને એક સીસીમાં ભરી રાખવું, અને અગત પડે તીઆરે કામમાં લેવું. સીસીને વારેવાર હીલવ્વીઆ કરવી.

**લાલ પાલીસ**—એક વાસણમાં ચાર આંઉંસ મીણ ઓખવી નાખી, તે પીઘલી લાહી જેવું થાએ તેટલો ઉપરથી શપીરીટ ઓફ ટરપેનટાઇન નાખવો; પછે તેમાં પા આંઉંસ રાજમ વાટીને નાખવી. એ સઘલું બરોબર પીઘલી રહે ને માંહે થોરોક ગેરૂ નાખવો. પછે ખુબ મેલવીને જે પર લગાડવું હોએ તેપર લગાડવું.

## શમશીઆ.

(ચોપાઈ)

જાતેતો છું નારી.રૂપ, પણ મુજ સરખો નથી કો ભુપ.
સરવેથી ઉતંમ કહેવાઉં, કોઈ થકી નવ જીતી જાંઉં.
સરવ સુખછે મુજની માહે, ખરો હીણ જે મુજ નવ ચાહે.
દશ.દરવાજા ખોલી દઉં, રગે રગનો ભરમજ કહું.
જીઆં કહે તીઆં હું હાજર થાઉં, કદી કોઈને નવ ટવલાઉં.
ગરીબ તવંગર જાણી એક, મનમાં રાખું નવ કંઈ ટેક.
પણ ચાહે તેની ચકલી થાઉં, નહીં તેને ઓલે નવ જાંઉં.
કીમતનો મુજ પારજ નહીં, વીસતારનો મુજ ઠારજ નહીં.
ભલાં ભલા કંઈ મથીઆ મને, વરવા, લઈ મુજ આખી કણે.
પણ નવ ફાવીઓ કોઈ લેશ, સરવે મુજ મન બાલે વેશ.

---

હું બે અકશરનો બોલ છું. જને એક રીતે લેતા એક સંખીઆ થાઉં, અને બીજી રીતે લેતા જનાવરને ખાવાનો એક પાલો થાઉં. મારા પેહેલા અકસરને માથે એક માતરા વધારેતો, એક રીતે એક ઘણોજ બેવીસવાસી માણસ થાઉં અને બીજી રીતે, એક એકના માથાપર બેસવાની રીતનું નામ થાઉં. જો તેની પાસે એક સ વધારેતો નીશપકશપાટપણાની નીશાણી થાઉં, અને જો ણો વધારે તો અંરેરોનું એક પેહેરવાનું કપડું થાઉં.

## ખોલાશો.

શિખી સારા પાઠ સદગુણે શોભાવજોરે લોલ;
લખી વાંચિને ગંભીરપણું લાવજોરે લોલ. ૩
કરો પ્રેમે પ્રભુ પ્રાર્થના પ્રભાતમાંરે લોલ;
તજો વાદ ને વિવેક લાવો વાતમાંરે લોલ. ૪
બોલ બોલતાં બહુ વિચારિ બોલજોરે લોલ,
તેમાં તત્વમાંથિ તત્વ વાત તોળજોરે લોલ. ૫
આઠે પહોર ચિત રાખવું આનંદમાંરે લોલ;
ફોસલાઇને ફસાવું નહીં ફંદમાંરે લોલ. ૬
કુટિલ થાય તે ભણેલિ કશા કામનીરે લોલ;
નફટ નારિ રહે તે ભણેલિ નામનીરે લોલ. ૭
ધડક ટાળિ દુર્ગુણાળિને ધિક્કારવીરે લોલ;
ધર્મ હીણિને તો ધૂળ જેવિ ધારવીરે લોલ. ૮
ઘેર પારકે જે ઘૂમતી ફરે ઘણીરે લોલ;
તુછતા જણાય તેવિ તારૂણી તણીરે લોલ. ૯
હઠીલાઇતો હઇયાથિ પરી પરહરો રે લોલ;
શીખ સાસુની સદૈવ ધયાનમાં ધરોરે લોલ. ૧૦
સાંત ચિત્ત થકી સૌનુ બોલ્યું સાંખજોરે લોલ;
ક્રોધને વિરોધ જોધ કાટિ નાંખજોરે લોલ. ૧૧
બહુ અદબ રાખિ બોલવું ને ચાલવું રે લોલ;
ભુંડાપો તજીને ભલપણું સંભાળવુંરે લોલ. ૧૨
અધમ આલશતો અંગમાં ન આણવીરે લોલ;
જશ જમાવવાનિ જુગતિ જોડિ જાણવીરે લોલ. ૧૩
પિયર સાસરે સુકીર્તિ સંપડાવજોરે લોલ;
કુળ દિપાવટી કુટંબમાં કહાવજોરે લોલ. ૧૪
ઘણું અંગમાં ઘરાણુ નહી ઘાલવુંરે લોલ,
મેલી લોકનિ મરજાદ નહી મહાલવુંરે લોલ. ૧૫
કરજ હોયતો વધારે કસર કીજીએરે લોલ;
દેવા દામ તે તમામ વાળિ દીજીએરે લોલ. ૧૬
સ્વામિને કુશબ્દથી નહી સંતાપિયેરે લોલ;
ધિરજ ધારિને વધારે ધિરજ આપિયેરે લોલ. ૧૭
રૂડું આંગણું સમારિ સાફ રાખવુંરે લોલ;

# સ્ત્રીબોધ.

પુસ્તક ૮ મું. ડીસેમબર ૧૮૯૪ આંક ૧૨ મો.

## વગર પઈસાનો કીમતી વારસો

અથવા

## પરીતની પીડા!

એક વારતા.

### પરકરણ નવમું.

### વીજોગમાં સંજોગ.

અફશોશ! આખર બીચારી જરબાનું, પોતાની મા એ તોલની દએઆલુ સાસુનું ઘર, અને પોતાનું વાહાલું વતન તજી તીઆંથી સદાનો દેસનીકાલ લીધો. તે કકડતી ઠંડીમાં, અને ઠારમાં એખલી બીહીસતાન તરફ ચાલી, અને મારગમાં ચાલતાં પોતાનાં જીવ ઉપર હજારો હાએ અને અફસોસ નાખવા લાગી. ઘડીમાં તે હઈડામાં ધીરજ લાવી એક સરદ હાએ મારી આગલ ચાલતી, અને ઘડીમાં સઘલી ધીરજ ખોઈ દઇ ડુસકે રડી પડતી. એ પરમાંણે કેટલાક દીવસ મહા સંકટ અને શોકમાં મારગ કાપી સીસતાનમાં આવી પોંહોંચી. કેમકે બીહીસતાનનાં મઠ તરફ જવાનો રસતો તીઆં થઇનેજ હતો. એ શેહેરમાં શેહેરબાનું કરી એક વીધવા સ્ત્રી હતી, તેણીનો એવો ચાલ હતો કે જેબી સ્ત્રી બીહીસતાનનાં મઠ તરફ જવાને મુસાફરી કરતી તે શેહેર તરફ આવે તેને પોતાનાં ઘરમાં ઉતારો આપતી, અને તેની ખાવા પીવા વગેરેની સઘલી પરકારની આસના વાસના કરતી. તે ભલી બાઇને જરબાનુને તે તરફ આવવાની ખબર પડવાથી તરત તેણીને શોધી કાહાડી અને રાએતા પરમાંણે પોતાનાં ઘરમાં લઈ જઈ તેને ઉતારો આપીઓ. જરબાનું બાપડી રસતાની થાકથી થાકેલી અને દુખનાં મારથી નબલી પડી ગએલી તેથી તે પેલી બાઇની આતી દએઆલુ ચાલથી ઘણીજ ખુશી થઈ અને મનમાં ખોદાનાં સુકરાનાં કીધા.

---

### પરકરણ દસમું.

### નીચ ઈલકતીમાં નીશફલપણું.

વાંચનાર બાઈઓ, બીચારી જરબાનું ઉપર દુખનાં ભારા કેવા પડીઆ તેતો તમે અતીઆર શુધી જોઈ. બેનો, એ ઉપરથી તમે એમ નાં વીચાર કરતાં કે એ પરમાંણે જરબાનુ પોતાનાં ખરા એકીનથી ચાલી, અને પોતાનાં ખરા પીઆરથી બેહેમનને માટે આટલું બધુ કીધું, તેને શું ફાએદો થએઓ. ભલી રીતે અને નીતીથી ચાલતાં માણસ ઉપર ગમે એવું દુખ પડે તેપણ આકેખત તેનો બદલો તેને સારોજ મલેછે; પણ ભુંડી રીતે અને અનીતીથી ચાલતાં પરથમમાં થોહોવાર સુખ નજર આવેછે, પણ પાછલથી, તેનો બદલો ફજેતી, દુખ, શરમ અને પસતાવા સીવાએ બીજો કશો મલતો નથી. ઘણાક માણસોને એવી ટેવ હોએછે, કે થોહોવાર નીતીથી ચાલી તરત તેનો બદલો માગેછે, જે ન મલી આવતાં અધીરાં પડી અનીતીમાં પડેછે, પણ વીચાર નથી કરતાં કે નીતીથી ચાલી.સુખનો મેહેલ પથર કોરીને બનાવવો પડેછે, જે ઘણે વખતે થાએછે, અને એકવાર થએઓ એટલે પછી કદી તે પડતો નથી, અને અનીતીથી ચાલી સુખનો મેહેલ રેતીનો ઢગલો કરી બનાવવો પડેછે, જે તરત થઈ જતાં થોડાવારમાં ધશી પડેછે, અને સઘલી રેતી આપણા આંખ, નાખ કાન વગેરેમાં ભરાઈ જઈ આપણને આંધલાં, બેહેરાં, મુંગા વગેરે કરી નાખેછે. માટે જરબાનું જે આટલું સંકટ પડતાં પોતાના ખરાં એકીનને વલગી રહીછે, અને જેને પોતાના અંતકરણનો વચન આપીઓછે, તેને હજુ પોતાનાં ખરાં જીગરથી ચાહેછે, તેનો બદલો સાહેબ તેને સારોજ આપીઆ વીના રેહેનાર નથી. પણ તે એકીનદારીના ઝલકતા નમુનાને અહી રેહેવા દેઈ, બેહેમનની થોડીક હકીકત સાંભલો.

બેહેમન જેવો જરબાનુનાં પીઆર ભરીઆં જીગરમાં જુદાઈનું તીર મારી, તેની આગમાં તરફડીઆં મારતી મેલી પારસ શેહેરમાંથી નીકલી ગએઓ, તેવો તે સીશતાનમા આવી પોંહોંચીઓ. તીઆં આવી પોંહોંચીઆ પછે તેને એવા ખબર મલી કે તે શેહેર ઉપર એક જબરદસત દુશમન હુમલો કરી આવીઓછે, અને તેની સાંમણે થવાને તે શેહેરનો પાદશાહ લશકરની તઈઆરી કરેછે. એ ખ

બર સાંભલતાંજ તે પાદશાહાની દરબારમાં ગએઓ, અને તેની હજુરમાં ઉભો થઈ, પોતે તેનાં લશકરમાં નોકરી માગી. પાદશાહે બેહેમનને ઘણો જુવાન, કદાવર, હીમતવાન અને ચંચલ જોઈ તેની ઉપર કુરબાન થઈ ગએઓ, અને તેને પોતાના લશકરનો એક સરદાર બનાવીઓ.

એ પરમાંણે, બેહેમન સીશતાનમાં ઠરીઠામ પડીઆ પછે. તેને મેહેરબાનુ નામે એક અતી શુંદર પણ નીતીમાન સ્ત્રી સાથ દોસતી પડી, અને તેની ઉપર તે મોહીત થએઓ. તે શુંદર સ્ત્રી, શેહેરબાનું, જેના ઘરમાં જરબાનુએ ઉતારો લીધો હતો, તેનીજ છોકરી હતી. બેહેમન મેહેરબાનું ઉપર એટલોતો મોહીત થઈ ગએઓ હતો કે નીત રોજ તે તેણીનાં ઓરડાની બારી આગલ આવી, કોઈ નહી જાણે-તેમ રાતને વખત તેને ઓરડામાં લેવાને તેણીને ભારે કાલાવાલા કરતો, પણ મેહેરબાનું જે શેહેરબાનું સરખી ડાહી માતાની નજર અને સંભાલ તલે ઉછરેલી, અને સદા નીતી અને ભકતીની કેલવણી પાંમી, સઘલા સદગુણનું સરોવર બની રહેલી, તેણે બેહેમનની એવી અનઘટતી માંગણી કોઈ દાહાડે પણ હરગેજ કબુલ રાખી નહી. બેહેમને તેણીનાં થએઆ તેટલા નીત કાલાવાલા કરીઆ પણ તેથી મેહેરબાનુનાં એક રૂવાં ઉપર પણ અસર ન થઈ. આફરીનછે એવી નીતીમાન છોકરી ઉપર. હવે બેહેમનને તેની બુરી નીશરામાં અહીં ગબરતો મેલી, અને મેહેરબાનુંને તેણીનાં નીતીનાં નંગ સાથ રમતી મેલી જરબાનુની હકીકત સાંભલો.

---

### પરકરણ અગીઆરમું.

## સુખની સાહવાર.

જરબાનુને શેહેરબાનું પોતાનાં ઘરમાં લાવીઆ પછે તેણીને એક આખો દાહાડો ખુબ આસાએશ લેવા દીધી, અને બીજે દાહાડે તેણીને શેહેરમાં ફેરવવાને લઈ ગઈ. રસતામાં ચાલતા શેહેરબાનુએ વાત કાહાડી કે પાદશાહનાં લશકરનો હાલમાં એક નવો સરદાર થએઓછે, તે ઘણોજ બાહાદુર અને ચાલાકછે, અને આખા ગામમાં તેની સતુતી થાએછે. તે પારસ શેહેરનાં એક મોટા અમીરનો છોકરો છે, પણ તેને તીઆંનાં પાદશાહે જબરીથી એક છોકરી સાથ પરણાવીઆથી તે અહીં નાહાશી આવીઓછે, અને પાદશાહાનાં લશકરમાં રહીઓછે. ખચીત આએ વાત સાભલી જરબાનુનાં દીલમાં દુખનો મોટો દરીઓ ઉલટી આવીઓ, પણ ધીરજ રાખી તેવા કશાં ચીનીઅ જણાવીઆં નહી. શેહેરબાનું વાત કરતાં બોલવા લાગી કે તેણીનાં સાંભલવામા એવું આવીઉંછે કે જે છોકરી સાથ બેહેમનને પાદશાહે જબરીથી પરણાવીઓ હતો તે છોકરી ઘણીજ ખુબશુરત, ડાહી, અને નીતીમાનછે, પણ બેહેમન જાતે બેવકુફ અને કમનસીબ હોવાથી તેણે આવો કઢંગો મારગ એખતીઆર કીધોછે. અલબતે આ શબદો સાંભલી જરબાનુનાં દીલમાં લગાર હીમત આવી, અને પોતાનાં જોશ ભરીઆં જીગરને જરા નરમ પાડીઉં. શેહેરબાનું બીજું એવું બોલી, કે તેની એક મેહેરબાંનું નામે ઘણી ખુબશુરત અને ડાહી છોકરીછે, તેની ઉપર બેહેમન ઘણોજ મોહીત થએઓછે, પણ તે એક પરણેલો પુરૂશ હોવાથી તેનું મોહીતપણુ નકામુંછે, એવું સમજી રૂડી મેહેરબાનું તેની સાથ કશો વેહેવાર રાખતી નથી. બેહેમન પણ એ વાત સારી પેઠે સમજેછે, તેથી તે રૂડી મેહેરબાનુને એક એવી અનઘટતી માગણી કરેછે, જે ઉપર તે ભલી છોકરી ધીકારની નજરે જોએછે. અલબતે આ નવી વાત સાંભલી જરબાનુના દીલમાં ઘણું દુખ ઉપજીઉં ખરૂં, પણ વલી મેહેરબાનુની આવી ભલી ચાલ સાંભલી તેણીને જરા સંતોશ થએઓ.

ફરી હરીને બંને જન ઘેરમાં આવીઆં, અને મેહેરબાંનું સઉ સાથે મલી જમવા બેઠાં. જમી રહીઆ પછે, કેટલીક વાત બેહેમન વીશે, તથા તેની કમનસીબ સ્ત્રી વીશે ચાલી, જેમાં બંને માએ દીકરીઓ જરબાનુંનું ભારે હેત ખાતી, અને બેહેમનની ચાલને ઠપકા આંપતી. એથી કરી જરબાનુંને ઘણી હીમત આવી, અને આખેરે દીલમાં ધીરજ ન રેહેવાથી, પોતે કોણછે, તે વીશેનો તે બંને માએ દીકરી આગલ ખોલાશો કરી દીધો, અને પોતા ઉપર વીતેલો સઘલો એહેવાલ કહી જણાવીઓ. તે સાંભલી શેહેર બાનું તથા તેની ભલી દીકરી બંને ઘણાં અચરત થએઆં, અને જરબાનુની ઘણીજ દએઆ ખાવા લાગીઆં. જરબાનુંની ખાતરી થઈ, કે એ બંને માં દીકરીઓ ઘણી ભલીઓછે, તેથી તેઓ તેને મદદ કરવાને જરાએ ના પાડશે નહી. એવો વીચાર કરી તેણે બેહેમનની સાથ મુલાકાત લેવાને એક હીકમત શોધી કાહાડી. જરબાનુએ મેહેરબાનુને એવી અરજ કરી કે, "જો તું ખરેખર મારી દએઆ ખાતી હોએ, અને બંનેનું ટુટેલું જોડું પાછું સંધાએ એવું જો તું ખરેખર ચાહાતી હોએ, તો જે છુપી મુલાકાત લેવાને બેહેમન નીત તારા કાલાવાલા કરેછે, તે મારે ખાતર એકવાર કબુલ રાખી, રાતને વખત તેને ઓરડામાં બોલાવી લાવ, પછે તારે બદલે હું તેની સાથ વાત ચીત કરૂં, અને જાણે આખરે તું તેને પરણવાની કબુલાત આપતી હોએ તેમ હું આપું, અને તેમ કરી તેના હાથમાની વીટી કહાડાવી લેઉં: કેમકે તેણે પોતાના છેલાં કાગલમાં મારી ઉપર લખીઉંછે, "કે જીઆંવેર તારા હાથમાં મારી વીટી આવે નહી, તીઆંવેર તું મને ભરથાર કરી જાણતી ના," તે એનો બોલ પુરો પાડું અને પછે એને મારો ભરથાર થવાની ફરજ પાડું."

મેહેરબાંનુએ તરત એ વાત કબુલ રાખી, અને તે પરમાણે બેહેમનની મુલાકાત કરાવવાને જરબાનુંને કબુલાત આપી, પણ તેમ કરવાની આગમચ, બેહેમનના મનમાં સઘલી અડચણ દુર કરવાને પરથમ તેણીએ તેને એવું જણાવીઉં, કે જરબાંનુંના મરણની ખબર મલીછે, અને તેથી હવે તે તેની છુપી મુલાકાત લેવાને તઈઆર થઈછે. આ ખબરથી બેહેમન ઘણો ખુશી થએઓ, અને મોટા હરખથી ઠેડવેલે વખતે મેહેરબાનુના ઓરડાની બારી આગલ આવીને ઉભો. આગલ ગોઠવણ કરવા પરમાણે અંધારા ઓરડામાં મેહેરબાંનુને બદલે જરબાનું આવીને બેઠી અને બેહેમનને હલુશેથી અંદર લીધો. બેહેમન સમજીઓ કે એ મેહેરબાનુજછે, તેથી તેણી સાથ તે ઘણાજ મોટા પીઆરથી વાતો કરવા લાગો. એ વેલાએ જરબાનું, મેહેરબાનું થઈને

એવીતો સરસ રીતે બેહેમન સાથ વાત કરવા લાગી, કે તે ગોએઆ તેની ઉપર દીવાનો બની ગએઓ, અને તેણી સાથ પરણવાને ઘણીજ ઇનતેજારી બતાવી. તે વાતમાં જરબાનુ પણ જાણે રાજી થઇ હોએ તેમ જણાવીઉં, અને અંતે તે ગોઠવણ નકી કરી, બંને જને એક બીજાની વીટી બદલી લીધી, અને તરત છુટાં પડીઆં.

---

પરકરણ બારમું.

## સુખનો બપોર—વફાદારીનો બદલો.

આએ પરમાણે બેહેમન એક અનગમતી સ્ત્રીથી પેતાને છુટો થએલો, અને એક મનગમતી સ્ત્રી સાથ પરણવને બાહાલ રખાએલો જોઇ, તરત પોતાના કાર્મથી ફારેગ થઇ પોતીકી માના ઘર તરફ ચાલીઓ. જે વેલાએ તે માએના ઘરમાં પોંહોંચીઓ તે વેલાએ તેણીને મલવાને પાદશાહા પણ તીઆંજ આવેલો હતો, તેથી બેહેમનને આવવાની ખબર સાંભલી, તેને પોતાની હજુરમાં બોલાવીઓ. બેહેમન પાદશાહાની હજુરમાં આવીઓ, જેને જોઇ પાદશાહે તેને ઘણો ઠપકો આપીઓ પણ બેહેમને તેને માટે ઘણો પસતાવો જણાવવાથી અંતે તેને માફી બખશી; પણ તેવામાંજ પાદશાહાની નજર બેહેમનના આંગલા માહેલી વીટી ઉપર પડી, જે જોતાંજ તેણે ઓલખી કે તે વીટીતો જે તેણે જરબાનુને આપી હતી, અને જેનીથી કદી પણ છુટી નહી પડવાને તેણીએ મને કોલ આપીઓ હતો તેછે. એ ઉપરથી પાદશાહાને શક પડીઓ, કે મબાદા બીચારી જરબાનુને બેહેમને મારી નાખી હશે તે પરમાણે તરતજ બેહેમનને પકડવાને પોતાના ચોકીદારોને હોકમ કરીઓ અને બેહેમનને ધમકાવીને પુછીઉં, કે એ વીટી તેના હાથમાં શી રીતે આવી. બેહેમન મોટા ગભરાટમાં પડી ગએઓ, અને કાંઇ એવું બોલવા લાગો, કે તે મુદલ મનાએ નહી. એવામાં શેહેરબાનું અને મેહેરબાનું બંને જન પાદશાહાની હજુરમાં આવીને ઉભાં, અને મેહેરબાનુએ તેને એવી અરજ કરી કે બેહેમને તેણી સાથ પરણવાને કોલ આપીઓછે, માટે તેને તેણી સાથ પરણવાનો હોકમ આપવો. એ સાંભલી બેહેમન ગભરાઇ ગએઓ, અને બોલીઓ કે મેં તેણી સાથ પરણવાને કદી કોલ આપીઓ નથી. તેની સાબેતીમાં મેહેરબાનુએ પાદશાહાને જણાવીઉં કે જે વીટી બેહેમનનાં આગલામાં હાલછે, તે તેણીએ તેના વચનના બદલામાં આપીછે. એવા સકુન સાંભલી પાદસાહે મેહેરબાનુંને પણ પકડવાનો હોકમ કીધો અને તેણીને પણ ધમકાવીને પુછીઉં, કે એ વીટી તેણીના હાથમાં કીઆથી આવી? મેહેરબાનુએ પોતાની માંની તરફ ફરીને તેણીને તે વીટી આપનારને પાદશાહાની હજુરમાં બોલાવી લાવવાને જણાવીઉં. શેહેરબાનું તરત મેહેલની બાહેર ગઇ, અને તીઆં જરબાનું એક ગમ ઉભી હતી, તેને પાદશાહાની હજુરમાં બોલાવી લાવીને તેની સનમુખ ઉભી રાખી

આ હા! કેવી અચરતી! એક તરફથી પાદશાહા, બીજી તરફથી તેહેમીનાં બાનું અને તરીજી તરફથી બેહેમન, એ સઘલા ભારી અચરતીથી જોવા લાગા, અને તરણેની છાતી હરખથી ઉંચકાવા લાગી. તેવામાં જરબાનું બેહેમન તરફ જોઇને બોલી, "તે લખીઉં હતું કે "જીઆરે મારી વીટી તારા હાથમાં આવે તીઆરે તું મને તારો ભરથાર જાણજે," તે આ તારી વીટી મારે આગલે આવી અને હવે તું મારો ભરથાર થઇ ચુકો." એ જોઇ બેહેમન ઘણો અચરત થએઓ, અને બોલીઓ, "સીસતાનમાં મેહેરબાનુને નામે જે સ્ત્રીએ મારી મુલાકાત લીધી હતી તે જો તુંજ હોએ તો હું તને મારા ખરાં જીગરથી ચાહુંછું અને આએ પલે મારી સ્ત્રી કરૂંછું."

અંતે તેજ વાત નકી ઠરી અને બેહેમને મોટી ખુશીથી પાદશાહાની હજુરમાં જરબાનુનો હાથ પકડીઓ, અને પોતાની આગલી સઘલી ચાલનો પસતાવો કરી તેને માટે જરબાનું પાસ માફ માગીઉં, અને તેને પોતાની સ્ત્રી કબુલ રાખી. આ હા! આએ વેલાએ જરબાનુની ખુશાલીનું કોણ વરણન કરે! ખરેખર જેવી જરબાનુએ દેઆનત રાખી, તેવોજ તેને સાહેબે બદલો આપીઓ.

---

## સંસારનો સનેહી.



બાઇઓ, તમારા સંસારનો સનેહી કોણ? તમે આ ભવરૂપી મહા સાગરમાં સંસાર રૂપી વાંહાંણમાં બેસી મુસાફરી કરોછો, તે વાંહાંણનો સુકાની કોણ, અને તેમાં સુખ રૂપી હોકાઇ અંતર ઊપર નજર રાખી તે ચલાવનારો કોણ? તમારા માએ નહી, બાપ નહી, બેંન નહી, ભાઇ નહી, પણ તમારો ભરથાર: ભરથાર, જેને તમે જોઇ, મોઇ અને ધોઇ, જીંદગીની દોરીનાં છેલા ગાંઠ સુધી, સંકટની અને દુખની વેલાએ તમારા ગલામાં પરાંણ આવે તીઆં સુધી, હરખ અને ખુશાલીની વખને તમારી છાતી ઊંચકાઇને બેસે તીઆં સુધી તમારો કરી, તેનો જમણો હાથ ધરી, તમારે જમણે હાથે, પાંચશો પુરશમાં, સાતશો સ્ત્રીમાં અને ફરતા ફરેસતાઓમાં કોલ આપીઓછે, તે તે તમારો સનેહી, તે તમારો વાલી, તે તમારો મદદગાર, તે તમારો પાલણ હાર, તે તમારો સરવે. તે તમારૂ

સુનું, તે તમારૂં રૂપુ, તે તમારો હીરો, તે તમારૂ માણે ક. તે તમારૂં રતન, તે તમારૂં મોતી. તે તમારા હાથ, તે તમારા પગ, તે તમારી આંખ, તે તમારૂં નાખ (શરમ). હવે કહો કે તમે તેને સુખ દીધું તે કોણને દીધું? તમે તેને દુખ દીધું તે કોણને દીધું? તમે તેનું ભલુ કીધું તે કોણનું કીધું? તમે તે તેનું બુરૂ કીધું તે કોણનું કીધું? તમે તેને ધીકારીઓ તે કોણને ધીકારીઓ? અરે ભલી બાઈઓ! તે સઘલુ તમુનેજ: તમે તમારા જમણા હાથે ડાબા હાથમાં સોએ ભોકીને ખમો, તમારે હાથે તમારી આંખમાં કાંકરો નાખીને ખમો, તમારે મોડે કાચનો કકડો ગલીને ખમો, જેવું તે તમુને દુખ, જેવું તે તમુને સંકટ, તેવુજ તે.

ખરે! એવા જે તમારો ભરથાર, તેની સાથે તમે કાંએ નહી સઘલી પાંતીની વાત કરો? કાંએ નહી તેની સાથે એક ટેબલપર બેસીને ખાઓ? અને કાંએ નહી તેનો હાથ પકડીને જીઆં જવું પડે તીઆં જાઓ અને ફરો? ઘણીક બાઈઓને એવી ચાલ હોએછે કે પોતાનાં ભરથારને નામ દેઈ હાક મારવાને બદલે છોકરાંને નાંમે હાક મારેછે, કે નહીતો "આ સાંભલોચ કે?" એવી રીતે બોલેછે, કે નહીતો નામ વગર જાણે કાંઈ બીતને કહેતાં હોએ તેમ જે કહેવું હોએ તે કહેછે. તેનું ભાણું કરી આપી, તેને જમાડી, પોતે રાંધનીમાં, કે મોરી આગલ બેસી! જમેછે. કંઈ સાથે જવાની જરૂર પડીતો તે આગલ ચાલે અને પોતે દુરથી પાછલ ચાલે, કે નહીતો પોતે આગલ ચાલે અને તે દુરથી પછવાડે ચાલે. ઘરમાંની કાંઈ પણ વાત તેને કેહવી નહી, અને પુછેતો જવાબ દેવો કે "બઈરાંની વાત બઇરાં જાણે." પોતા ઊપર કાંઇ આવી પડીઊં હોએ, તો તે ભાંજી તોડી પોતેજ ખીસાડવું, અને નહી ખીસેડાએ તીઆરે ફસાઈ પડી બુમો મારવી. કાંઇ ઓછું પડેતો તેની સાથે કજીઓ કરવો, તેને કકલાવવો, તેને કુહુડાવવો, તેને દુખી કરવો, તેને કરજદાર કરવો, તેને બેઆબરૂ કરવો. હવે વીચાર કરો, કે એવો અંતર તમે કોણની સાથે રાખોછો? જે તમારો ઊપર લખેલો ભરથાર, તેની સાથે, કે કોઈ તમારો આ ભવનો શતરૂ, તેની સાથે? ખરેખર તે તમારો કવો થાએછે, અને તમે તેને કવો ગણોછો. તમે તેનેકોણ કહોછો, અને તમે તેને કોણ માનોછો.

(ઓખાહરણનો ઢાલ.)

આપે ધરથી જે ધાનીઅ અચાગ,
જાણે કાંપતણો તેને ભાગ.
આપે પાણી જે પુપટી પરાણે,
તેને અંગોલ ઇઓગજ જાણે.
આપે વાઇઉ જે વા જોત તેજ,
જાણે ઉપણ સીતક તેને સેજ.
વરસે મેઘ પડે નીરમળ નીર,
દુખી થાએ મને લાંજે ચીર.

## રંગ.

જગત કરતા ઈશવરે માંણસ જાતને જે પાંચ ઇંદરીઓ મેલીછે, તે પાંચોને જેમ ઘટતો ઊપીઓગ કરવાને સરજીછે, તેમ તેને સુખ આપવાનાં સાંધનો પણ મેલીઆંછે. જીભને સુખ આપવાંને તરેવાર જાતનાં સવાદ કરીઆછે, નાખને સુખ આપવાને તરેવાર જાતનાં વાસ કરીઆછે, કાનને સુખ આપવાને તરેવાર જાતનાં રંગ કરીઆછે, ચાંમડીને સુખ આપવાને તરેવાર નરમ તથા લીસી વસતુઓ કરીછે અને આંખને સુખ આપવાને તરેવાર જાતનાં રંગ કરીઆછે. તરેવાર રંગથી કરીને જગત ઘણુંજ રમણીક લાગેછે, અને તે જોઈ માંણસ જાતની રંજનાં લોહીથી લાલ થએલી, તથા ગમનાં આંસુથી ભીનાએલી આંખને સંતોશ થાએછે. તે સરવ શકતીમાન ઈશવરે જેમ વસતુઓનાં આકારમાં એકસરખાપણુ રાખીઊં નથી, તેમજ વસતુઓનાં રંગમાં પણ એકસરખાપણુ રાખીઊં નથી. જો જગતમાં સઘલી ચીજો સફેદ કે કાલા રંગનીજ હતે, તો તેથી આખું જગત માણસની આંખને કંટાલા ભરેલુ થઈ પડતે, અને વધારે કોઇને જોવાને નહી ભાવતેઃ તેટલા માટે તે ચાહએ અપાર ડાહાપણ વાપરી આપણે માટે અપાર જાતનાં રંગો પેદા કરીઆછે.

જોકે આપણે દુનીઆમાં અપાર જાતનાં રંગો જોઇએ છઇએ, તોપણ મુખીઅમાં મુખીઅ માતરે તરણ રંગછે. તે તરણે રંગોને જુદી જુદી રીતે જુદા જુદા પરમાણમાં ભેલવીઆથી તેમાંથી અથાગ જાતનાં રંગો થાએછે. મુખીઅ રંગમાં લાલ, પીલો અને ખલુછે, અને તે સીવાએ બાકીનાં સઘલા મીસર, એટલે

એક એક સાથે ભેલાએલા હોએછે. જેમકે પીલો અને બલુ, ઈઆ આસમાની મલી લીલો રંગ થાએછે, તેમાં જો પીલો ઓછો નાખીઓ હોએતો તે ઘેરો લીલો થાએ, અને જો આસમાની ઓછો નાંખીઓ હોએતો ખુલો લીલો થાએ. જો પીલો અને લાલ સાથે ભેલીઓ હોએતો નારંગીઓ રંગ થાએ, અને જો આસમાની અને રાતો મેલવીઓ હોએતો જાંબુડો રંગ થાએ. એ પરમાણે જુદા જુદા રંગોને જેમ જુદા જુદા પરમાણમાં ગોઠવતા જઇએ તેમ તેમાંથી જુદા જુદા રંગો થાએછે.

સફેદ અને કાલો એને આપણે રંગ કહીએ છઈએ, પણ ખરેખર તે રંગ નથી, પણ કોઈબી રંગની ગેરહાજરી તે તે રંગોછેઃ તોપણ આપણે તેમને જુદા રંગો ગણી એક બીજાને આપી શકીએ છઈએ. લોકોની સમજણ પરમાણે સફેદ રંગ પવીતરાઈ સાથે નીસબત ધરાવેછે, અને કાલો રંગ ગંભીરાઈ તથા શોક સાથે સંબંધ રાખેછે. તેમજ લાલ, લીલા, પીલા, એ ખુશાલી સાથ તાલુકો રાખેછે.

જુદા જુદા રંગોને એક બીજા સાથ મેલવી તેમાથી જુદા જુદા રંગ કરવા એ જુદી વાતછે, અને જુદા જુદા રંગો નજરને ખુશ લાગે એવી રીતે એક બીજાની પાસે ગોઠવવા, એ જુદી વાતછે. હરેક વસતુ ઊપર રંગ ગમે એવા સુંદર હોએ, તોપણ જો તેમને રીતસર એક એકની પાસે ગોઠવીઆ ન હોએ, તો તે વસતુ કદી શોભનાર નથી. રંગોને એક બીજા સાથ ભેલવા એ એક હુનરછે, પણ તેમને શોભે એમ એક બીજા પાસે ગોઠવવા એ ચતુરાઇછેઃ માટે એવા રંગોને ખરેખર ધીઆનથી ગોઠવવા જોઇએ. આપણી બાઈઓ તરેવાર રંગના ઊનનાં ભરતો ભરેછે, પણ તેમાં તેમને ગોઠવવાની ઘણી કશુર માલમ પડેછે. કેટલીક બાઇઓતો ગોઠવવાની વાત મુદ્દલ સમજતીઓજ નથી, તેથી તેમને જેમ ફાવેછે તેમ, તથા જેવા મલેછે તેવા રંગો ભરી દેછે, પણ તેથી ભરતની શોભા જાએછે, અને નજરને નઠારૂં લાગેછે. માટે હમો સઘલી બાનુઓને મજબુત ભલામણ કરીએ છઈએ કે હરેક ભરત ભરતી વેલાએ તથા હરેક એવું એકથી વધારે રંગોનુ કામ કરતી વેલાએ તેમને એક બીજાની પાસે ગોઠવવામાં ઘણુ ધીઆન તથાં સંભાલ રાખવી. પણ એ ઊપરથી વાંચનારી બાઈઓને મનમાં સવાલ ઊતપણ થશે કે કીઆ રંગની પાસે કીઓ રંગ મેલીઓ હોએતો તે સારો લાગે? તેના ઊતરમાં હમો તેમને જણાવીએ છઈએ કે એ વાતની માહીતગારી મેલવવાને કુદરતી વસતુઓ, જેવીકે ઝાડ, ફુલ, પકશી વગેરેના રંગો ઊપર ધીઆન આપવું, અને જોવું કે તેમાં રંગો કેમ ગોઠવેલાછે. જેવી કુદરતે પોતે કરેલી રચના શોભાએમાન દેખાએછે, તેવી બીજી કોઇ નથી, માટે તેની નકલ કરવી ઘણી સારીછે. વરસાદના દાહડામાં જે આકાસમાં વરસાદની કમાણ થાએછે, જેને મેઘ ધનુશીઅ કહેછે, તેમાં બધા મલી ૭ રંગોછે, અને તે સઘલા એવી રીતે ગોઠવેલાછે કે તે જોતાંજ આપણી આંખ હેરતમાં પડેછે. તેમાં પેહેલો લાલ, પછી નારંગીઓ, પીલો, લીલો, આસમાની, જાંબુડો અને ભાગો જાંબુડો એ પરમાણે એક એકની પાસે ગોઠવેલાછે. એવીજ મનોરંજક રંગ રચણા, ઝુમરનાં લુલકને તડકાંમાં પકડીઆથી શામણી બેરદુએ માલમ પડેછે. એ પરમાણે કાચમાંથી સાત રંગ નીકલવાનો સબબ વીદવાન લોકોએ એવો શોધી કાહાડીઓછે કે સુરજનાં તડકાં અથવા રોશનીમાં એવો સાત જાતનો રંગ એકઠો ભેલાઇ રહેલોછે, તે તે કીરણો કાચમાંથી પસાર થએઆ પછે, એક બીજાથી છુટાં પડેછે. એની સાબેતી એમ મલેછે કે એક ગોલ ચકર ઊપર એવા સાત રંગના સરખા સાત પટા પાડી તે ચકરને જોરથી ફેરવીએ છઈએ, તીઆરે તે સાતે રંગો એક બીજા સાથ મલી જઈ તેનો એક રગ સફેદ અથવા તડકાંનાં જેવો દેખાએછે. એ સાત રંગોને દુનીઆમાંની દરેક વસતુ જુદા જુદા પરમાંણમાં પોતાની અંદર સોશેછે, તેથી તેમના જુદા જુદા રંગ થાએછે. સઘલા રંગમાં લીલો રંગ આંખને ઘણો ગમેછે, તેથી ઇશવરે જગતમાં ઘણી વસતુ એ રંગની કરેલીછે. ઊપર લખીછે કે એ સઘલા રંગો માણસ જાતને સુખ આપવાને સરજેલાછે, પણ એવું સુખ કોણને લેવું ઘટેછે, કે જે રાત દાહડો ઊદીઓગ કરી, પોતાની સકમાઈથી રોટલી મેલવી, પોતે ખાઈ તથા પોતાનાં કુટુંબને ખવાડી, નીરાંતે બેસે, તેનેજ ઘટેછે. નહી કે કેટલાક આલસુ અને અધમ પુરૂશો, શદા નીરૂદીઓગી રહી, ઘરમાં પોતીકાં બચ્ચાં છોકરાંને અન વગર ભુખાં, અને વસતર વગર નાગાં મેલી, એવી રચણાની મોજ મારતા ફરે.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૨૮.



પીઆરાં બેન,

ગઈ વેલાએ મેં તમારી ઊપર લખીઊ હતું કે હું ઈઊરોપ ખંડની મુસાફરી પુરી કરી હાલમાં આફ રીકામાં આવી પોહોંચીઓ છું. તે વેલાએ મેં એમ પણ જણાવીઊ હતું કે હું આફરીકાનાં કીનારા ઊપ રનાં "બારબેરી" નામનાં પરાંતમાં છું, પણ તે પરાં તમાં તરતનોજ જઈ પોહોંચવાથી અને વલી તેની આ ગમચ જે નવા ખંડમાં હું ગએઓ તેનું સાધારણ વર ણન તમારી ઊપર પરથમ લખવાનાં એરાદાથી તે પ રાંત માંહેલા શેહેરોનું વરણન કરવાનું બીજા પતર ઊપર મુલતવી રાખીઊ હતું. વાહાલાં બેન, તે આ ખા "બારબેરી" માં એટલે તેનાં જોવાજોગ શેહેરો જેવાં કે તરીપોલી, આલજીઅરસ, મોરોકો, ટીઊનીસ વગેરેમાં મુસાફરી કરી હાલમાં બે દીવસ થએઆ એ ખંડનાં સઊથી પુરાણા અને નામીચા શેહેર મીસરમાં આવી પોહોંચીઓ છું. પણ એ શેહેરમાં હું રહુ અ ને તેને ફરીને સારીપેઠે જોઊ, પછી તમારી ઊપર લ ખું તેની આગમચ જે શેહેરોમાં હાલ હું ફરીને આ વીઓછું, તેમાં જે જે મારા જોવામાં આવીઊછે તે નો સેહેજ હેવાલ હાલમાં તમારી ઊપર લખી જણા ઊછું. બેન, એ પતર વાંચવાની આગમચ એમ નાં સમજતાં કે એ શેહેરોનું વરણન પણ લનડન, પા રીસ વગેરેનાં શેહેરોનાં સરખું હશેઃ એ બીચારાં ગરી બ અને થોડાં સુધરેલાં દેશોછે, તોપણ તે વરણન કર વા જોગપણામાંથી જતાં નથી. પરીઅ બેન, મુસાફ રી કરવાની મતલબ એટલીજછે કે, દેશેદેશની રચણા જોઈ માહીતગાર થવું, અને પછે દારેદાર તે જગત કરતા સાહેબનાં અદભુત સરખાં કામો જોઈ વીસમએ પામી તેની સતુતી કરવી એ મતલબ સઊથી સુધરે લાં દેશોમાં ફરવાથી પાર પડેછે, એમજ નથી, કેમકે જે વા તેણે પોતાનાં અનહદ શકતીનાં નમુનાં સુધરેલા શે હેરોમાં બતાવીઆછે, તેવાજ નમુના વેરાન જંગલો માં પણ બતાવેલાછેઃ તેથી આખી પુરૂથવી ઊપર કે ઠેબી ફરો, તીઆં તમને કાંઈ નવી અને નવીજ ખુબી માલમ પડશે.

જેવો હું વાંહાણ ઊપરથી ઊતરીઓ તેવો હું તરીપોલીમાં આવી પોહોંચીઓ. જે દાહાડે હું એ શેહેરમાં પોહોંચીઓ, તે દાહાડે છેક સાંજ પડી ગઈ હતી, અને વલી લગાર થાકેલો પણ હતો, તેથી ઊતારાની જગા ઊપર જઈ આંગ સાફ કરી, જમી, સકારે સુઈ ગએઓ; તે એવો ઊંઘાઈ ગએઓ કે સહવારનાં છેક સુરજ ઊગતે મારી આંખો ઊઘડી. ઊઠતાંને વાર નાહી ધોઇ રાબેતા પરમાંણે ખોદાની બંદગી કરી નાસતો કરી બે સોબતીઓની સાથે એ શેહેર હું જોવાને નીકલીઓ. એ શેહેરનાં રેહેવાસી ઘણાંખરા મુર જાતનાંછે. તેઓ માથાંપર મોટી પા ઘડી ઘાલેછે, અને દીલમાં ઢીલો જબો તથા ઢીલો સુર વાલ પેહેરેછે. સ્ત્રીઓ દીલ ઊપર એક મોટો સાહે ઓ પેહેરેછે જેમાં તે માથાંથી તે પગની પાટલી સુધી ઢંકાઈ જાએછેઃ માતરે આંખની આંગલ દોરાની જા લી રાખેલી હોએછે, જેમાંથી તેઓ જોઈ શકેછે. એ વાત વાંચી હું ધારૂછુ કે તમે ઝાઝાં અચરત નહી થ શો, કેમકે તમે જાણોછો કે દરેક મુસલમાંની દેશમાં, તે ગનેઆતની સ્ત્રીઓ ઊઘાડે મોડે ફરતીઓ નથી તથા પારકા પુરૂષને મોહું દેખાડતીઓ નથી. એ ચાલ કે વો બેવકુફાઈ ભરેલો અને હસવા સરીખોછે, તેતો તમે સારીપેઠે સમજોછો, તેથી તે વીશે તમુને કાંઇ લખવા ને દરકાર જોતો નથી. એ શેહેરનો વીસ્તાર ઘણો બોહોલોછે, પણ તે પરમાણે વસતી નથી. એનાં ઘરો ચોરસ આકારમાં બાંધેલાંછે, અને તેના છાપરાં ઘણાજ ઓછા ઢોલાવદાર હોએછે. એવા ઓછા ઢોલાવના સ બબથી વારેવાર તે ઊપર માણસો ચાલતાં નજર આ વેછે. સઘલાં ઘરોને એકથી વધારે બાર નથી. મોહો લાઓ ઘણા સાંકડા, વાંકાટીકા, અને રેતીથી ભરેલા હોએછે. માલ વગેરેની વસતુઓ, એક જગાએથી બી જી જગાએ લઈ જવાને ઊંટો વાપરવામાં આવેછે, જે

આ ચાલતાં એટલુંતો ધુલાડું ઊડાડેછે, કે જેથી આપણ જેવાને રસતામાં ચાલતાં ઘણો કંટાલો આવેછે. એ શેહેરને શતરૂના હુમલામાંથી બચાવવાને તેની આસપાસ ફરતી ભીત બાંધી લીધેલીછે અને તેમાં આવવા તથા જવાનાં બે દરવાજા રાખેલાછે. તેમાનો એક જે ઊતર તરફનોછે, તે દરીઆ તરફ જવાનોછે, અને બીજો દક્શણ તરફછે, તે માહેલાં દેશાવરો ખાતે જવાનોછે. શેહેરનાં પુરવ ભાગ ઊપર એક કીલોછે, તેમાં તીઆંનો પાદશાહ રેહેછે. તે કીલાના બચાંવને માટે તેની આસ પાસ ફરતી ૪૦ ફીટ ઊંચી દીવાલ બાંધેલીછે. એ રાજા જાતે આપ અખતીઆર, અને ઘણો ઘાતકી હોએછે, અને તે પરજા ઊપર ગમે એવો જુલમ તથા ઘાતકીપણું ગુજારી શકેછે. તેને તેની પરજાનું કોઈ માણસ તથા કોઈ અમલદાર મારી નાખે તેને માટે તે સદા બીહીતો રહેછે. એ રાજા બીજા મુસલમાન રાજાઓની માફક ઘણી સ્ત્રીઓ રાખેછે, જેમને તરેવાર શીનગાર અને વસતરથી શીનગારી, તથા તરેવાર ખશબોથી મઘમઘતાં કરી, એક મેહેલમાં ઘાંધી રાખેછે. તેમને ફરવા હરવાની, કે કોઇ પણ બેગાના માણસની સાથે વાતચીત કરવાની, કે કોઈ પારકા પુરૂષને પોતાનું મો બતાવવાની શકત મનાઇ હોએછે. તે બાપડીઓ જીવતાં જીવત વગર તકશીરે સદાકાલ બંદીખાંનું ભોગવેછે! એમાં પણ કેટલી મુરખાઈછે, તેતો તમે જાણોછો. એ શેહેરની હવા ઊનાલામાં ઘણીજ ગરમ હોએછે. તીઆં વરસાદ વરસમાં થોડાજ દાહાડા પડેછે, પણ તે એટલો બધો તો પડેછે, કે ઓલે પાણી સમાતાં નથીઃ પછી તે એકદમ ઊગરી જાએછે, તે પાછો એક ટીપું પણ વરસતો નથી. એ જબરા વરસાદનું પાણી, જે તેઓએ મોટી ટાંકીઓ બનાવેલી હોએછે તેમાં ઝીલાઈ રહેછે, અને તે આખું વરસ લોકોને કામ લાગેછે. એ શેહેરના લોકો મુસલમાની ધરમ પાલેછે, તેથી તેઓ જુ, કરીશચીઅન વગેરે જાતના લોકોને ઘણા ધીકારેછે, અને વખતે તેઅને ભારી દુખ દીએછે. એ શેહેરમાં જુ ઘણા વસેછે, પણ તે બાપડાઓ ઊપર મુરો ઘણો જુલમ ગુજારેછે. એક વેલાએ રસતામાં ફરતાં એક બીચારા બુદા જુને એક મુર દાહાડી પકડી મારતો હતો તે જોઈ મને ઘણીજ દએઆ આવી, પણ તે બાપડાને બચાવવાને મારા હાથમાં કશો એલાજ હતો નહી, અને કોઈ મુસલમાન તેની દએઆ ખાતો હતો નહીં. બેન, તમે જાણોછ, હું પણ જો અહીંઆં મુસલમાનને વેશ નહી ફરૂં, અને એવો જણાઊં કે, હું પારસીછું, અથવા બીજો ધરમ પાલનારોછું, તો તેઓ પણ મારા એવાજ હાલ કરે. તેઓ અંગરેજ તથા ફરેંચોને પણ ઘણા હેરાન કરેછે, પણ જુના જેટલા નહીઃ કેમકે તે બાપડાઓની તરફથી નેપોલીઅન સરખો શાહાનશાહ, કે નામવર વીક્ટોરીઆ સરખી રાણી નથી.

એ સીવાએ તરીપોલીમાં બીજું કશું જોવા જોગ ન હોવાથી માતરે બે દાહાડા તીઆં રહી હું આલજીઅરસમાં આવીઓ. તીઆં આવીને જોઊછું તો તે પણ સઘલી પરકારે તરીપોલીનેજ મલતું એટલે તીઆંના લોકો પણ તેવાજ, અને તીઆંનાં ઘરો પણ તેવાંજ. અહીં કેટલાંક ઘરોનાં છાપરાં ઊપર બાગો બનાવેલા જોઈ મને ઘણી અચરતી લાગી હતી. એ શેહેરનાં રાજાને આગલ "ડે" કરી કહેતા હતા, અને તે પણ તરીપોલીનાં બાશાના સરખોજ અખતીઆર રાખતો હતો તથા અમલ ચલાવતો હતો. એ શેહેરને ભુમધીઅ સમુદરનાં કાંઠાની નજદીક એક ડુંગરનાં ઢોલાવપર બાંધેલુંછે તેથી વાંહાંણમાં બેસીને આવતાં દુરથી તેનો દેખાવ ઘણોજ રલીઆંમણો લાગેછે. એ શેહેર હાલમાં ફરેંચ લોકોને તાબેછે. કેમકે અગાઊ એ શેહેરનાં લોકો જબરા દરીઆઈ લુટારાં હતા, અને આખા ભુમધીઅ સમુદર મધેનાં વેપારને હરકત કરતા હતા. એ માંઠી ચાલનો અટકાવ કરવાને તીઆંનાં "ડે" ને ઘણીવાર અંગરેજ તથા ફરેંચ સરકારે જણાવીઊ, પણ તે પત નહી કરવાથી અંતે અંગરેજ સરકારે લહાઈ કરવાને એક મોટો વાંહાંણનો કાફલો મોકલીઓ; જે જોઇ "ડે" ડરી ગએઓ અને લુટકાંમનો અટકાવ કરવાનું તહનાંમું કરી ઊં; પણ તે તહનામાં પરમાંણે થોડોક વખતવેર અમલ કરી વલી પાછુ આગલુ કાંમ જારી કીધું. તેથી અંતે અંગરેજોએ લારડ એકસમાઊથની સરદારી હેઠલ એક મોટો કાફલો મોકલીઓ, જેણે એ શેહેર ઊપર ૧૮૧૬ માં હુમલો કરી તેનાં કીલાઓ વગેરેનો નાસ કરી તેમની શુધ લગાર ઠેકાંણે લાવી પાછો ફરીઓ. તીઆર પછે બીજી લડાઈ ફરેંચોએ કરી તેને પોતાને હાથ કરી લીધો તે હજી વેરછે પણ તેની કાંઈ આઝી આએપત નથી.

એ શેહેરમાં પણ કશું જોવા જોગ ન હોવાથી

તર ધરૂવથી દક્ષીણ ધરૂવ ભણી પણ તેટલેજ અંતરે દોરેછે, તેને રેખાંશ વરત કેહેછે. હવે એ લીટીઓ ઊપરથી હરેક દેશ તથા શેહેરની જગા સેહેલથી શો ધી કહડાએછે તથા તેનાં જેવો આકાર બીજી ચીજ ઊપર સેહેલથી પાડી શકાએછે. વાંચનારી બાઇઓ કેનવાસ ઊપર ભરતાં તો જાણેછે, તેમને માલમ હશે કે કેનવાસનાં ખાનાં ગણી કેવી રીતે બીજા દાણાની જગા શોધી કહડાએછે, તથા તે તેજ પરમાંણે બીજી જગા ઊપર ભરી શકાએછે, તેજ પરમાંણે એ વીશે પ ણ બની શકેછે. એ ગોઠવણથી કરી દરેક શેહેરની રે ખાંશ તથા અકશાંશ માલમ હોવાથી સેહેલથી તેની જ ગા શોધી કહડાએછે.

વલી એ રેખાશ અને અકશાંશ સીવાએ બી જી પણ લીટીઓ એ ગોલા ઊપર પાડેલી હોએછે તે ઓ પુરૂથવીની ગરમી તથા સરદી વગેરેની હાલત બ તાવેછે. જેમકે—વીશુવ વરતથી કેટલેક માઈલને છેટે ઊતરે એક લીટી દોરેલી હોએછે, તેની વચેની જગામાં ગરમી વધારે હોવાથી તેને ઊપણ કટીબંધ કહેછે. તેની ઊપર વલી થોડેક અંતરે એક બી જી લીટી દોરેછે, તેમાં ગરમી અને ઠંડી મધીઅ મપણે હોવાથી તેને સમસીતોષણ કટીબંધ કહેછે. તે લીટીથી તે ઊતર ધરૂવ શુધી અતીશએ ઠંડી હોએછે તેથી તેને સીત કટીબંધ કહેછે. એ તરણે કટીબંધો મધેથી જે જે દેશો ઊપણ કટીબંધમાં આ વીઆંછે, તેમાં ઘણી ગરમી પડેછે અને તેનાં સબબ થી તીઆંના લોકો કાલા રંગનાં હોએછે. જે દેશ સમ સીતોષણ કટીબંધમાં આવેલાંછે, તીઆં મધીઅમ ગર મીછે, અને તેથી તીઆના લોકો શામલા રંગના હોએ છે. જે દેશો સીત કટીબંધમાં આવેલાછે, તીઆં અતી શઅ ઠંડી પડેછે, અને તેથી તીઆના લોકોની ચામડી નો રંગ ગોરો હોએછેઃ એજ પરમાણે તરણ કટીબંધો દખશીણમાં, એટલે વીશુવ વરતથી દક્ષીણ ધરૂવ તરફ પણ હોએછે.

વાંચનારી બાઇઓ કદાચ ગુંચવાશે, કે આટલા નાના ગોલા ઊપર હજારો માઈલ લાંબી અને હજા રો માઈલ અંતરની લીટીઓ કેમ દોરાએ? પણ તેની સમજ સેહેલીછે. એવી લાંબી લીટીઓ નાની જગામાં દોરવાને તેનું પરમાણ લેવામાં આવેછે. જેમકે એક માઈલે પા ઇંચનું પરમાણ લેવામાં આવે, તો તે નાના ગોલા ઊપરની એક ઇંચ જગાને ચાર માઈલ સમજ વી. એ ઊપરથી એક શેહેર વીશુવ વરતથી ૫૦૦ માઇલ દુર પાડવું હોએતો તેને ૧૨૫ ઇંચને છેટે પાડ વું. એ તફાવત પણ ઘણો થાએ, તેથી દર માઈલે એ ક ઇંચના ઘણાજ નાના ભાગનું પરમાણ લેવામાં આ વેછે અથવા કેટલા સો માઈલે એક ઇંચનું પરમાણ રા ખવામાં આવેછે.

## કીમતી પથરાઓ.

ભાગ ૨ જો.

### દુનીઆમાં પંકાએલા હીરાઓ અને તેઓની એક ટુક તવારીખ.

૧૦૦ કેરટથી વધુ વજનના હીરાઓ આ દુની આમાં થોડાજ મલી આવેછે અને તેઓની શંખીઆ ફકત પાંચનીછે. જેઓના નામોઃ—

ઓરલોફ અથવા ગરાંડ રૂશીઅન, ૧૯૩ કેરટ નો; † ગરાંડ ટશકન, ૧૩૯॥ કેરટનો; રીજેંટ અથવા પીટ ૧૩૭ કેરટનો; સટાર આફ ધી સાઊથ, ૧૨૫ કે રટનો; અને કોહેનુર, ૧૦૨ કેરટનો.

એથી ઊતરતા બીજા પાંચ હીરાઓછે, જેઓ નીચે જણાવેલા નામથી શુધરેલી દુનીઆમા ઓલખા એછે. સાહા આફ પરશીઆ, ૮૬$\frac{1}{16}$ કેરટનો; શેનસી ૫૩॥ કેરટનો; નાશક, ૮૯ કેરટનો; આરકટ ૫૬ કેર ટનો; અને પીગર ૪૯ કેરટનો.

એક વેલાએ શરવેનો હેવો વીચાર હતો કે શ ઊથી મોહટામાં મોહટો હીરો પોરટુગાલના રાજા પા શછે, જેનુ વજન ૧૬૮૦ કેરટનું ધારવામા આવતું હ તું; પણ આજ શુધી તે કોઈના જોવામા આવીઓ નથી વાસતે તેની હશતી વીશે શક ઊપજેછે. હાલ મોહટા માં મોહટો હીરો બોરનીઆના રાજા પાશેછે, જેનુ વજ ન ૩૬૭ કેરટનુંછે અને આકારમાં તે એક ઈંડાને મલ તો આવેછે, તે આસરે ૧૦૦ વરશની વાત ઊપર મ લી આવીઓ હતો. જોકે આ હીરાને મેલવવા શારૂ આં જ કેટલાં વરશો થઆં એ ટાપુના ગામઠી રાજાઓ તેના માલેક શાથ લડાઈ ચલાવેછે તોએપણ હજુર શુધી એ હીરો પોતાના અસલી માલેકના હાથમાં રહેલોછે.

† એક કેરટની ૨॥॥ રતી થાએછે

એક ડચ ગવરનરે એ હીરાને બદલે ૧૫૦૦૦૦ ડાલર, બે મોહટી હથીઆરબંધ મનવાર તથા બારી તોપોની એક મોહટી ગંખીઆ એ હીરાના ધણીને આપવા જણાવી હતી, પણ એ રાજાએ તે હીરો આપીઓ નહી, કાંએજે એ હીરાને તે એક તલેશમાત દાખલ ગણેછે, અને તાહાના રેહવાશીઓનો એવો વીચાર છે કે એ હીરાને પાણીમાં બોરીને તે જો પાણી પીધું હોએતો માણશ જાતના શરવે દુખ દરે થાએછે.

ઓરલોપ નામનો ઈઊરોપનો મોહટામા મોહટો હીરો રૂશીઆના બાદશાહના ખજાનામાંછે. કોહેનુરની માફક તે તલીએથી તદન સપાતછે અને તેજમા ઘણો શરશછે. એ અને એક બીજો હીરો નાદરશાહાના તખતની અંદર જડેલો હતો, પણ એ રાજાના મરણ પછી એક ફરેંચ શોલજરે તે ચોરીને ૨૦૦૦૦) રૂપીએ એક કપતાંનને વેચીઓ જેણે એક ઈઆહુદી વેપારીને ૧૨૫૦૦૦ રૂપીએ પાછો વેચીઓ. તે હીરો બીજા બે શખસના હાથમાં જઈને આખેરે રાણી કેથેરીનના હાથમાં ૪૫૦૦૦૦ રૂપાંના રૂબલ વાસતે આપીઓ. કેટલાકનો એવો વીચારછે કે એ હીરો પરથમ બરમાના દેહડાંની એક મુરતીની આંખમાં જડેલો હતો.

ગરાંડ ટશકન જે આસટરીઆના બાદશાહા પાસછે અને જેનો રંગ જરા પીલાસ ઊપરછે તેની કીમત ૧૯૦૦૦૦૦ રૂપીઆની અંકાઈછે. ગરેનશનની લડાઈમાં આ હીરો ચારલસ ધી બોલડે ખોએઓ હતો, જે એક શ્વીશ ગામડીઆને જડીઓ—પણ આ બીચારા ભોલા ગામડીઆએ એ હીરાને કાચનો કટકો સમજી ફેંકી દીધો, પણ પાછલથી વીચાર ફેરવી ઊચકી લેઈને એક જોગીને તરણ રૂપીએ વેચીઓ જેના હાથમાંથી નવ રૂપીએ એક બીજા શખસના હાથમાં ગએઓ જેને ૧૫૦૦૦ રૂપીએ એક વેપારીને વેચીઓ. એ રીતે કેટલાક અમીરો તથા રાજાઓના હાથ મધે ગએઆ પછી આખરે એ હીરો તેના અશલી ધણી ચારલશ ધી બોલડના છોકરાના છોકરાના છોકરાના હાથ મધે આવીઓ.

રીજેંટ અથવા પીટ નામનો હીરો ફરાનશના બાદશાહ પાશેછે, પીટ નામના ઈંગરેજ પાસે એ હીરો ૯૨૦૦૦૦ રૂપીઆ વાસતે ખરીદ કરવામાં આવીઓ હતો, અને હાલ તેની કામત બેવડી ધારવામાં આવેછે. એ હીરાની તવારાખ ઘણી અજાએબી ભરેલી અને નહી મનાઈ શકાએ એવીછે. કેહછે કે કરીશના નદીના કીનારાની ખાંણમાંથી આ હીરો એક ગોલામને પાએઓ, જે કોઈ નહી જોએ તેને વાસતે એ ગોલાંમે પોતાની જાંગ ચીરીને તેની અંદર મુકીઓ, અને એક શેલરને, જો તે કાંઈ પણ રીતે તેનું છુટપણું બખશાવે તો તે આપવા કહેઓ; પણ આ લુચા શેલરે એ ગોલામને પોતાના વાંહાંણ ઊપર બોલાવી તેની પાસથી એ હીરો લેઈ તે બીચારાને દરીઆ મધે નાખી દીધો, અને પીટ નામના ઈંગરેજને ૧૨૦૦૦ રૂપીઆ વાસતે વેચીઓ. એ સેલરના હાથમા આટલી મોહટી શંખીઆ લુચાઈથી અને કાંઈ પણ મેહનતવગર એકદમ આવી આથી તે તદન ઘેલો થાઈ ગએઓ અને ઘેલાપણામા પોતે ફાંશી દેઈ મરણ પાંમીઓ.

સટાર આફ ધી સાઊથ પોરટુગાલના રાજાના ઝવાહેરોમાં બીરાજેછે, જારે એ હીરો કાપીઆ વગરનો હતો તારે એનુ વજન ૨૫૪½ કેરટનું હતું. હાલના પોરટુગાલના રાજાના બપાવાને કીમતી ઝવાહેરો પેહરવાનો અતીશીઅ શોક હતો તેને એ હીરાની અંદર એક છેદ પાડાવીઓ હતું, અને તે તેહવારના દીવશોપર રોજ પેહરતો હતો. આ હીરાની તવારીખ પણ જાણવા જોગછે. તરણ બરેજીલીઅનોને કાંઈ ઘણા મોહટાં વાંકને મારે બરેજીલના એક ઘણાજ એકાંત ભાગમાં હાંકી કાહડવામાં આવીઆ હતા. જે ભાગમાં તેઓને દેશનીકાલ કરવામાં આવીઆ હતા તે ભાગ શોના તથા હીરાની ખાંણોથી ભરપુર હતો, વાસતે આ બીચારા તરણ શખસો રાત અને દાહાડો એક હીરાની અથવા શોનાની ખાંણની શોધમાં પડીઆ, જેથી કરી તેઓ પોતાનુ છુટપણુ તાંહાંની પોરટુગીજ શરકાર પાસ મેલવી શકે—૬ વરશ તુલીક રાત અને દાહાડો મેહનત કરીઆ પછે આખરે તેઓને પોતાની મેહનતનુ ફલ મલેલું અને તેઓને આ ઊપલો હીરો એક શુકાઈ ગએલી નદીને તલીએથી મલીઓ, કે જેથી કરી બેશક તેઓ પોતાનુ છુટપણુ મેલવવાને શકતીવાન થઆ.

કોહેનુર વીશે હમારા એક આગલા આંક મધે લખવામાં આવીલુંછે તે હમારી ઘણીખરી વાંચનારી બાઈઓ જાંણતી હશે—એ હીરો પેહલાં હીંદુસથના મનેથી મલી આવીઓ હતો. એવું કેહછે કે એ હીરાનો એક ભાઈ "દરોઆએ નુર" નામનો હાલ ઈરાન

ના શાહાની તીજોરીમાંછે, મોગલ વંઊશનો પાઍઓ નાખનાર બાબર બાદશાહા પોતાની જીંદગીના હેવાલ માં એ હીરાને વાસતે પેહલ વેહલો ઈશારો કરેછે. તે એ વું કેહેછે કે ૧૪ મી શદીમા એ હીરો માલવાના રાજા ના હસતકમાં હતો, તાહારપછે અલાદીન બાદશાહા શાથ એ હીરો દીલીમાં આવીઓ અને ૧૫૨૬ માં બાબર પોતે તેનો ધણી થઓ—૧૭૩૯ માં એ હીરો અઊરંગઝીબના છોકરાના છોકરાના હાથમાથી નાદરશાહે કાંઇ તરકટ કરીને લીધો. આ છેલા શખસના હાથમાથી બીજા બે શખસના હાથમાં ગઍઆ પછે શાહાસુજા એનો માલેક થાઓ. એ રાજા જારે સીખ લોકોના હાથ મધે શને ૧૮૧૩ માં પકડાઓ તારે ઊપલા હીરાનો માલેક રનજીતશીંગ થાઍઓ, અને જારે ૧૮૪૯ માં સીખ લોકોએ ઈંગરેજની શામને બલવો ઊઠાવીઓ તે વેલાએ કેટલાક જવાહેરો શાથે એ હીરો એક ઈંગરેજી રીજમીંટને લુટ દાખલ મલીઓ, જેઓએ એ હીરો આપણી માહરાણી વીકટોરીઆને ભેટ આપીઓ. જારે એ આપણી રાણીના હાથ મધે આવીઓ તારે ઘણોજ બેડોલ અને ખરાબ રીતે કાપેલો હતો, પણ હાલ તેને કાપીને ઘણોજ ચલકતો અને ખુબશુરત કરવામા આવીઓછે. એ હીરાને કાપતાં ૩૬ દાહાડા દર રોજના ૧૨ કલાક લેખે લાગા હતા.

(લખાઈ આવેલું.)

## સંકટ અને ધીરજ.

બેનો, દુનીઆમાં કોઈપણ એવા માણસને તમે નહી મલશો, જે તમને એમ કહે કે, દુનીઆમાં કાઇવાર તેની ઊપર કશી જાતનું સંકટ ગુજરીઊં નથી. માણસ મેલીને જનાવર તરફ જાઓ, તો તેમાં પણ કોઈ એવું નહી મલશે કે તેની ઊપર કોઈવાર પણ સંકટ નહી પડીઊં હોએ. દુનીઆમાં ચોમેર જોવ, સઘલે સંકટ, અને સંકટ સીવાએ બીજું કશું નજર આવવાનું નથી. પણ જેમ ઇશવરે દરેક વસતુનો ઊપાએ મેલેલોછે તેમ એનો પણ મેલેલોછે. સંકટનો મોટો ઊપાએ ધીરજછે જે માણસે સંકટ સમએ પુરતી ધીરજ રાખી તેને બચવાનો કાઈપણ એલાજ મલેછે, અથવા તે જગત કરતાનો તેવો હોકમ તેની ઊપર ઊતરેછે. કેટલીકવાર માણસો ઊપર એવાં બેવડ ચોવડ સંકટો આવી પડેછે, કે તે સઘલી ધીરજ ખોઈ દઈ ગાભરૂં પડી જાએછે. પણ જો ધીરજ રાખીને તેનો બનતો ઊપાએ કરે, અથવા તેવો ઊપાએ કરવાની જોગવાઇ ન હોએતો, તે સારી જગતના રકશણ કરનાર ઊપર ભરોશો રાખી બેશતો તેમાંથી કાંઇ પણ સારૂ પરીણામ નીપજીઆ વીના રહે નહી. નીચે લખેલી વાત ઊપરથી જણાશે કે માણસ ઊપર સંકટ કેવું રૂઠેછે અને તે અંતે કેવી રીતે મટેછે.

એક વેલાએ ફરાનસમાં જીઆરે લડાઈનો આતશ સલગેલો હતો, તેવા વખતમાં તે દેશના બે ગણીત શાસતરીઓ નામે બાએઓટ અને આરાગો, કાંઈક જોતીશ વીશે શોધ કરવા થકી, ઈંગલંડ અને સપેનની સરકારની પરવાનગી લઇ મુસાફરીએ નીકલીઆ. તેમને ધારેલું કાંમ પાર પડતાં, બાએઓટ સલાંમત ઘેર આવીઓ, પણ આરાગો પછવાડે રૂહીઓ, તેની ઊપર એક મહા સંકટ આવી પડીઊં—આરાગો પોતાના કામથી પરવારી ફરાનસ આવવાને મેજોરકાના ટાપુ મધેના "ડી ગેલેજો" નામના પાહાડ ઊપર તઈઆર થઈને રહીઓ હતો, તેવામાં તીઆંના લોકો મોટી ગભડ લઈ ઊઠીઆ. આરાગો પાસે જે તરેવાર જીઓતીશ વીદીઆના ઇઅંતરો હતાં, તે જોઇને, અને તેમાં અગત કરી તેની પાસ જે આંતશથી નીશાન કરવાનું ઇઅંતર હતું, જેની મારફતે તે આઈવીકાના ટાપુ ખાતેના પોતાના સોબતીને નીશાન કરી જણાવતો હતો, તેને મારે તે લોકોને એવો શક પડીઓ કે, તે કોઈ ફરાંનસનો ભેદુછે, અને તે એવી નીશાની કરી તેમના શતરૂ ફરેંચોને બોલાવેછે. એવા વીચારથી તે ટાપુનાં સઘલાં લોકો હથીઆર લઇને ઊઠીઆં, અને ચોમેર આરાગોને મારી નાખવાની બુમો મારવા લાગાં. આરાગોએ પોતા ઊપર અંનચીતીઊં આવું સંકટ આવી પડેલું જોઈ, તથા મોતને શામણે આવતું જોઈ, તે તરત તીઆંનાં એક ગામડીઆનાં કપડાં લઈ, તે પેહરી છુપા છુપ તીઆંથી નીકલી નાઠો, તે પામા તરફ આવીઓ. તીઆં તેને એક વાંહાંણ મલીઊં, જે જોતાં તેણે ઓલખીઊં કે, તેમાંજ તે તે ટાપુમાં આવીઓ હતો, તેથી તરત તે તેમાં સંતાઈ બેઠો. તે છતાં પણ તેણે, તે વાંહાંણના કેટલાંક બાહાદુર માણસોની મદદથી, જે પોતાનાં હથીઆરો તે પાહાડ ઊપર મેલી-

ને નાહાશી આવીઓ હતો. તે સઘલાં પાછાં મેલવીઆં. પણ એટલાંમાં બીચારા આરાગો ઊપર બીજું સંકટ આવી પડીઉં—કાંઈ ભએને લીધે, કે કાંઇ લોભને લીધે, પેલાં વાંહાંણના કેપટનને તેને વધારે મદદ કરવાને તથા પોતાનાં વાંહાંણમાં રાખવાને, અનચીતીઉં ના પાડીઉં. જોકે એ કેપટન આરાગોનો ઘણો મીતર હતો તે છતાં તેનુ ડોલ જોઇ તે બીચારો જરા ગભરાએઓ અને તેને કાલાવાલા કીધા, તેને નાંણાં આપવાની કબુલાત આપી, છેલે તેને ઘણાક ઠપકા પણ દીધા, પણ કશાંથી તે કેપટનનુ ફરી ગએલું દીલ પાછું ઠેકાણે આવીઉં નહી. અંતે આરાગો ધીરજ રાખીને બેઠો, તેવામાં તે ટાપુનો વડો સરદાર તેની તરફથી નીકલીઓ, પણ પેલા ઝનુની લોકોના હાથમાંથી તેને તે વેલાએ બચાવી લેવાનો કશો ઊપાએ તેને ન મલવાથી, તેણે તેને કેદ કરીઓ. આરાગો બીચારો બંધીખાને પડીઓ છતાં પણ દરરોજ સંકટનાં વાદલ તેના માંથા ઊપર ચહડી આવતાં હતાં, દરરોજ તે ટાપુના ઝનુની અને ઊસકેરાએલા જોગીઓ તે બંધીખાનાં આગલ આવતા, અને ચોકીદારને લાંચ આપી આરાગોને તીઆંજ ઠાર કરી નાખવાની કોશેશ કરતા. એ પરમાણે કેટલાક મહીના ગએઆ પછે, અંતે તેના મીતર સપેનના ગણીત શાસતરી રોડરીગેજે, મહા મેહેનતે તેને તીઆંથી છોડવીઓ, અને આલજીરીઅસ શુધી એક નાની બોટમાં જવાની પરવાનગી મેલવી.

આરાગો આલજીરીઅસમાં આવી પોંહોંચીઓ; જીઆં તે વેલાએ ડુબાઇસ ટેનલાઈલ નામનો ફરેંચ કોનસલ હતો, તેણે તેની સારી બરદાસત લીધી, અને તેને એક આલજીરીઅન વેપારીનાં વાંહાંણમાં બેસાડી ફરાંનસ મોકલીઓ. કેટલેક દાહાડે વાહાણ મારસેલસ બંદરમાં આવી પોહોચીઉં, જે જોઈ આરાગોને સલાંમત ઘેર પોંહોંચવાની આશા આવી, અને ઘણી ખુશાલી ઊપજી. પણ તેવામાં એક સપેનીઅરડ લોકોનુ લુટારૂ વાહાણ પછવાડેથી આવી લાગું, અને તે વાહાણને પકડીને લઈ ચાલીઉં! તે વાહાણને તેઓ સપેનના કીનારા ઊપરના "રોસાસ" નામના બંદરમાં લાવીઆ, અને તેઆં તે ઊપરનાં સઘલાં માણસોને ઊતારીઆં. આરાગો બીચારો એટલું ખમીને પણ બચીઓ હતો, કેમકે, વાહાણની ચોપડીમાં તેને એક જરમન વેપારી લખેલો હતો; પણ તેમ થતામાં એક સેલર નીકલી આવીઓ, જેણે આરાગોને અગાઊ જોએઓ હતો, તેણે તરત સપેનીસ અમલદારોને જણાવીઉં કે, તે જરમન નહીં પણ ફરેંચ છે. તે ઊપરથી તે બાપડાને એક ભઅંકાર બંધીખાનાંમાં નાખવામાં આવીઓ. એ વાતની ખબર જીઆરે આલજીઅરસના "ડે" ને પેડી, તીઆરે તેણે સપેનના પાદશાહ ઊપર તાકીદનો પેગામ મોકલીઓ કે, તેણે એકદમ તે વાંહાંણને, તે ઊપરના માલને અને સઘલાં માણસોને છુટાં કરી તેમને મારગે જવા દેવાં, અગર નહીતો તેની સાથે લડાઈ ઊઠાવવામાં આવશે. આ પેગાંમ વાંચતાંજ સપેનના પાદશાહે તરત તે સઘલાને છોડી મેલીઆ, જેથી આરાગો એકવાર ફરીને સહીસલાંમત મારસેલસનાં બંદરમાં આવી પોંહોચીઓ, અને ધારીઉં કે હવે તે થોડા વખતમાં પોતીકે ઘેર પોંહોંચશે, કેમકે તે બંદરમાં એટલોતો નજદીક આવીઓ હતો કે, તે કીનારા ઊપરનાં ઘરો સાફ જોઈ શકતો હતો. પણ અફશોશ! સંકટ, જે આરાગોની પુઠેજ લાગેલું હતું તે તેને કીઆંથી છોડે? જેવો તે હરખ ભરી છાતીથી કીનારા તરફ જોએ છે અને ઊતરવાની તઈઆરી કરે છે, તેવામાં એકાએક પાણીમાં એવુ શકત તોફાન ઊઠી આવીઉં, કે આરાગોનુ વાંહાંણ છેક સારડીનીઆના બેટ શુધી પાછુ ચાલી ગઈઉં. અહીઆં વલી, આરાગોની શામણે એક નવુ સંકટ આવીને ઊભુ—તે વેલાએ સારડીનીઆની સરકારને આલજીરીઆના "ડે" સાથે ભારે અદાવત ચાલતી હતી, તેથી તેમને પકડી કેદ કરવાની તેમનાપર ધાસતી આવી પડી. પણ સારાં ભાએગે મટી ગઈ, કેમકે તે વાંહાંણનો કપતાંન, સારડીનીઅનોના હાથમાં ન આવતાં એકદમ આફરીકાના કીનારા તરફ નીકલી ગએઓ, તે તરણ દાહાડે બોજીનાં બંદરમાં આવીઓ, પણ અહીં વલી આરાગોને નવાં સંકટે ઘેરેઓ—આલજીરીઆનાં જે "ડે" એ તેને સપેનીઅરડોનાં હાથમાંથી છોડવીઓ હતો, તેને મારી નાખી તેની જગા ઊપર બીજો નવો "ડે" થએઓ હતો, તેનાં માંણસો તે વાંહાંણનાં ઝાડા લેવાને આવીઆ, અને આરાગોની હથીઆરથી ભરેલી પેટી જોઈ તેમાં નગદી હશે એમ સમજી તે લઈ ગએઆ. એ ખમીને પણ આરાગો બેઠો, પણ તેવામાં

ના શાહાની તીજોરીમાંછે, મોગલ વંશના પાએઓ નાખનાર બાબર બાદશાહા પોતાની જીંદગીના હેવાલ માં એ હીરાને વાસતે પેહલ વેહલો ઈશારો કરેછે તે એવું કેહેછે કે ૧૪ મી શદીમાં એ હીરો માલવાના રાજાના હસતકમાં હતો, તાહારપછે અલાદીન બાદશાહે શાપ એ હીરો દીલીમાં આવીઓ અને ૧૫૨૬ માં બાબર પોતે તેનો ધણી થઓ—૧૭૩૯ માં એ હીરો અઉરંગઝીબના છોકરાના છોકરાના હાથમાથી નાદરશાહે કાંઇ તરકટ કરીને લીધો. આ છેલા શખસના હાથમાથી બીજા બે શખસના હાથમાં ગએઆ પછે શાહાસુજા એનો માલેક થાઓ. એ રાજા જારે સીખ લોકોના હાથ મધે શને ૧૮૧૩ માં પકડાઓ તારે ઊપલા હીરાનો માલેક રનજીતશીંગ થાએઓ, અને જારે ૧૮૪૯ માં સીખ લોકોએ ઈંગરેજની શામને બલવો ઊઠાવીઓ તે વેલાએ કેટલાક જવાહેરો શાથે એ હીરો એક ઈંગરેજી રીજમીટને લુટ દાખલ મલીઓ, જેઓએ એ હીરો આપણી માહ રાણી વીકટોરીઆને ભેટ આપીઓ. જારે એ આપણી રાણીના હાથ મધે આવીઓ તારે ઘણોજ બેડોલ અને ખરાબ રીતે કાપેલો હતો, પણ હાલ તેને કાપીને ઘણોજ ચલકતો અને ખુબશુરત કરવામા આવીઓછે. એ હીરાને કાપતાં ૩૬ દાહાડા દર રોજના ૧૨ કલાક લેખે લાગા હતા.

(લખાઈ આવેલું.)

---

## સંકટ અને ધીરજ.

બેનો, દુનીઆમાં કોઈપણ એવા માણસને તમે નહી મલશો, જે તમને એમ કહે કે, દુનીઆમાં કોઈવાર તેની ઊપર કશી જાતનું સંકટ ગુજરીઊં નથી. માણસ મેલીને જનાવર તરફ જાઓ, તો તેમાં પણ કોઈ એવું નહી મલશે કે તેની ઊપર કોઈવાર પણ સંકટ નહી પડીઊં હોએ. દુનીઆમાં ચોમેર જોવ, સઘલે સંકટ, અને સંકટ સીવાએ બીજું કશું નજર આવવાનું નથી. પણ જેમ ઇશવરે દરેક વસતુનો ઊપાએ મેલેલોછે તેમ એનો પણ મેલેલોછે. સંકટનો મોટો ઊપાએ ધીરજછેઃ જે માણસે સંકટ સમએ પુરતી ધીરજ રાખી તેને બચવાનો કાઈપણ એલાજ મલેછે, અથવા તે જગત કરતાનો તેવો હોકમ તેની ઊપર ઊતરેછે. કેટલીકવાર માણસો ઊપર એવાં બેવડ ચોવડ સંકટો આવી પડેછે, કે તે સઘલી ધીરજ ખોઈ દઈ ગાભરૂં પડી જાએછે. પણ જો ધીરજ રાખીને તેનો બનતો ઊપાએ કરે, અથવા તેવો ઊપાએ કરવાની જોગવાઇ ન હોએતો, ને સારી જગતના રકશણ કરનાર ઊપર ભરોશો રાખી બેશતો તેમાંથી કાંઇ પણ સારૂ પરીણામ નીપજીઆ વીના રહે નહી. નીચે લખેલી વાત ઊપરથી જણાશે કે માણસ ઊપર સંકટ કેવું રૂહેછે અને તે અંતે કેવી રીતે મટેછે.

એક વેલાએ ફરાનસમાં જીઆરે લડાઈનો આતશ સલગેલો હતો, તેવા વખતમાં તે દેશના બે ગણીતશાસતરીઓ નામે બાએઓટ અને આરાગો, કાંઈક જોતીશ વીશે શોધ કરવા થકી, ઈંગલંડ અને સપેનની સરકારની પરવાનગી લઇ મુસાફરીએ નીકલીઆ. તેમને ધારેલું કાંમ પાર પડતાં, બાએઓટ સલાંમત ઘેર આવીઓ, પણ આરાગો પછવાડે રૂહીઓ, તેની ઊપર એક મહા સંકટ આવી પડીઊં—આરાગો પોતાના કામથી પરવારી ફરાનસ આવવાને મેજોરકાના ટાપુ મધેના "ડી ગેલેજો" નામના પાહાડ ઊપર તઈઆર થઈને રહીઓ હતો, તેવામાં તીઆંના લોકો મોટી ગડબડ લઈ ઊઠીઆ. આરાગો પાસે જે તરેવાર જીઓતીશ વીદીઆના ઇઅંતરો હતાં, તે જોઇને, અને તેમાં અગત કરી તેની પાસ જે આતશથી નીશાન કરવાનું ઇઅંતર હતું, જેની મારફતે તે આઈવીકાના ટાપુ ખાતેના પોતાના સોબતીને નીશાન કરી જણાવતો હતો, તેને માટે તે લોકોને એવો શક પડીઓ કે, તે કોઈ ફરાંનસનો ભેદુછે; અને તે એવી નીશાની કરી તેમના શતરૂ ફરેંચોને બોલાવેછે. એવા વીચારથી તે ટાપુનાં સઘલાં લોકો હથીઆર લઇને ઊઠીઆં, અને ચોમેર આરાગોને મારી નાખવાની બુમો મારવા લાગાં. આરાગોએ પોતા ઊપર અંનચીતીઊં આવું સંકટ આવી પડેલું જોઈ, તથા મોતને શામણે આવતું જોઈ, તે તરત તીઆંનાં એક ગામડીઆનાં કપડાં લઈ, તે પેહેરી છુપાછુપ તીઆંથી નીકલી નાઠો, તે પામા તરફ આવીઓ. તીઆં તેને એક વાંહાણ મલીઊં, જે જોતાં તેણે ઓલખીઊ કે, તેમાંજ તે તે ટાપુમાં આવીઓ હતો, તેથી તરત તે તેમાં સંતાઈ બેઠો. તે છતાં પણ તેણે, ને વાંહાણના કેટલાંક બાહાદુર માણસોની મદદથી, જે પોતાનાં હથીઆરો તે પાહાડ ઊપર મેલી-

ને નાહાશી આવીઓ હતો. તે સઘલાં પાછાં મેલવીઆં. પણ એટલાંમાં બીચારા આરાગો ઊપર બીજું સંકટ આવી પડીઊં—કાંઈ ભએને લીધે, કે કાંઈ લોભને લીધે, પેલાં વાંહાંણના કેપટને તેને વધારે મદદ કરવાને તથા પોતાનાં વાંહાંણમાં રાખવાને, અનથીતીઊં ના પાડીઊં. જોકે એ કેપટન આરાગોનો ઘણો મીતર હતો તે છતાં તેનુ ડોલ જોઇ તે બીચારો જરા ગભરાએઓ અને તેને કાલાવાલા કીધા, તેને નાંણાં આપવાની કબુલાત આપી, છેસે તેને ઘણાક ઠપકા પણ દીધા, પણ કશાંથી તે કેપટનનુ ફરી ગએલું દીલ પાછું ઠેકાણે આવીઊં નહી. અંતે આરાગો ધીરજ રાખીને બેઠો, તેવામાં તે ટાપુનો વડો સરદાર તેની તરફથી નીકલીઓ, પણ પેલા ઝનુની લોકોના હાથમાંથી તેને તે વેલાએ બચાવી લેવાનો કશો ઊપાએ તેને ન મલવાથી, તેણે તેને કેદ કરીઓ. આરાગો બીચારો બંધીખાને પડીઓ છતાં પણ દરરોજ સંકટનાં વાદલ તેના માંથા ઊપર ચહડી આવતાં હતાં, દરરોજ તે ટાપુના ઝનુની અને ઊસકેરાએલા જોગીઓ તે બંધીખાનાં આગલ આવતા, અને ચોકીદારને લાંચ આપી આરાગોને તીઆંજ ઠાર કરી નાખવાની કોશેશ કરતા. એ પરમાણે કેટલાક મહીના ગએઆ પછે, અંતે તેના મીતર સપેનના ગણીત શાસતરી રોડરીગેજે, મહા મેહેનતે તેને તીઆંથી છોડવીઓ, અને આલજીરીઅસ શુધી એક નાની બોટમાં જવાની પરવાનગી મેલવી.

આરાગો આલજીરીઅસમાં આવી પોહાંચીઓ; જીઆં તે વેલાએ ડુબાઇસ ટેનલાઈલ નામનો ફરેંચ કોનસલ હતો, તેણે તેની સારી બરદાસત લીધી, અને તેને એક આલજીરીઅન વેપારીનાં વાંહાંણમાં બેસાડી ફરાંનસ મોકલીઓ. કેટલેક દાહાડે વાહાણ મારસેલસ બંદરમાં આવી પોહાચીઊં, જે જોઈ આરાગોને સલાંમત ઘેર પોંહોંચવાની આશા આવી, અને ઘણી ખુશાલી ઊપજી. પણ તેવામાં એક સપેનીઅરડ લોકોનુ લુટારૂ વાહાણ પછવાડેથી આવી લાગું, અને તે વાહાણને પકડીને લઈ ચાલીઊં! તે વાહાણને તેઓ સપેનના કીનારા ઊપરના "રોસાસ" નામના બંદરમાં લાવીઆ, અને તેઆં તે ઊપરનાં સઘલાં માણસોને ઊતારીઆં. આરાગો બીચારો એટલું ખમીને પણ બચીઓ હતે, કેમકે વાહાણની ચોપડીમાં તેને એક જરમન વેપારી લખેલો હતો; પણ તેમ થતામાં એક સેલર નીકલી આવીઓ, જેણે આરાગોને અગાઊ જોએઓ હતો, તેણે તરત સપેનીસ અમલદારોને જણાવીઊં કે, તે જરમન નહીં પણ ફરેંચછે. તે ઊપરથી તે બાપડાને એક ભઅંકાર બંધીખાનાંમાં નાખવામાં આવીઓ. એ વાતની ખબર જીઆરે આલજીઅરસના "ડે" ને પડી, તીઆરે તેણે સપેનના પાદશાહ ઊપર તાકીદનો પેગામ મોકલીઓ કે, તેણે એકદમ તે વાંહાંણને, તે ઊપરના માલને અને સઘલાં માણસોને છુટાં કરી તેમને મારગે જવા દેવાં, અગર નહીતો તેની સાથે લડાઈ ઊઠાવવામાં આવશે. આ પેગાંમ વાંચતાંજ સપેનના પાદશાહે તરત તે સઘલાને છોડી મેલીઆ, જેથી આરાગો એકવાર ફરીને સહીસલાંમત મારસેલસનાં બંદરમાં આવી પોંહાંચીઓ, અને ધારીઊં કે હવે તે થોડા વખતમાં પોતીકે ઘેર પોંહોંચશે, કેમકે તે બંદરમાં એટલોતો નજદીક આવીઓ હતો કે, તે કીનારા ઊપરનાં ઘરો સાફ જોઈ શકતો હતો. પણ અફશોશ! સંકટ, જે આરાગોની પુઠેજ લાગેલું હતું તે તેને કીઆંથી છોડે? જેવો તે હરખ ભરી છાતીથી કીનારા તરફ જોએછે અને ઊતરવાની તઈઆરી કરેછે, તેવામાં એકાએક પાણીમાં એવુ શકત તોફાન ઊઠી આવીઊં, કે આરાગોનુ વાંહાંણ છેક સારડીનીઆના બેટ શુધી પાછુ ચાલી ગઈઊં. અહીંઆં વલી, આરાગોની શામણે એક નવુ સંકટ આવીને ઊભુ—તે વેલાએ સારડીનીઆની સરકારને આલજીરીઆના "ડે" સાથે ભારે અદાવત ચાલતી હતી, તેથી તેમને પકડી કેદ કરવાની તેમનાપર ધાસતી આવી પડી. પણ સારાં ભાએગે મટી ગઈ, કેમકે તે વાંહાંણનો કપતાંન, સારડીનીઅનોના હાથમાં ન આવતાં એકદમ આફરીકાના કીનારા તરફ નીકલી ગએઓ, તે તરણ દાહાડે બોજીનાં બંદરમાં આવીઓ, પણ અહીં વલી આરાગોને નવાં સંકટે ઘેરેઓ—આલજીરીઆનાં જે "ડે" એ તેને સપેનીઆરડોનાં હાથમાંથી છોડવીઓ હતો, તેને મારી નાખી તેની જગા ઊપર બીજો નવો "ડે" થએઓ હતો, તેનાં માંણસો તે વાંહાંણનાં ઝાડા લેવાને આવીઆ, અને આરાગોની હથીઆરથી ભરેલી પેટી જોઈ તેમાં નગદી હશે એમ સમજી તે લઈ ગએઆ. એ ખમીને પણ આરાગો બેઠો, પણ તેવામાં

વલી એક નવાં સંકટે તેને ઘેરીઓ—તેને તે વાંહાંણ ઊપરથી બોજીનાંજ બંદર ખાતે ઊતારી પાડીઓ જેથી તેને આલજીરીઅસ સુધી પગે ચાલીને મુસાફરી કરવાની ફરજ પડી, પણ તે ચાલવાનાં કરતાં તીઆંનાં જંગલી અને ઝનુની લોકોની વચેથી પસાર થવું ઘણુ મુશકેલ હતું. અંતે તે ધીરજ રાખીને તીઆંના એક ખુદા ધરમ ગુરૂને મલીઓ, જે તેને તુરકી લેખારામાં કેટલાક મોત સમાનાં સંકટમાંથી બચાવી, પાહાડો ઓલંગાવી સલાંમત પાછો આલજીરીઅસમાં લાવીઓ. આએ હાલતે લાંબી મુદતે આરાગોને આલજીરીઅસમાં પાછો આવેલો જોઈ તીઆંનો ફરેંચ કોનસલ, જેણે તેને ફરાંનસ ખાતે મોકલીઓ હતો, તે ઘણોજ અજબ થએઓ. પછે તે કોનસલે ફરીને ભારી કોશેશ કરી તેની હથીઆરની પેટી પાછી અપાવી, અને ફરાંનસ જનારૂં વાંહાંણ મલે તીઆંવેર તેને પોતાની સાથે રાખીઓ. તેવામાં તે એલચીને ફરાંનસ ખાતે પાછો ફરવાનો હોકમ આવીઓ, જેથી તે આરાગોને સાથે લઇને એક વાંહાંણમાં બેસી ફરાંનસ આવવા નીકલીઓ. આએ વેલાએ પણ જેવું તે વાંહાંણ મારસેલસનાં બંદરમાં આવીઊં અને આરાગોનું દીલ એકવાર ફરીને હરખાવા લાગું, તેવામાં વલી એક નવું સંકટ તે દુખીઆરા મુસાફરની સાંમણે આવીને ઊભું. જેવું તે વાંહાંણ બંદરમાં ચાલે છે તેવામાં પછવાડેથી એક બરીટીશ મનવાર આવી, અને તે તથા બીજા વાંહાંણોને પકડી મીનોરકાનાં ટાપુ તરફ લઈ ચાલી. અફશોશ! આએ વેલાએ બીચારા આરાગોને કેવું દુખ ઊતપન થઈઊ હશે? પણ નાચાર! તે બીચારાનાં હાથમાં કશો ચારો ન હતો જેથી તે ખોદાપર સબર રાખી બેઠો હતો. પણ તેવામાં સાહેબે તેની દાદ લીધીઃ કાંઈક તક જોઇને તથા સારા પવનનો લાભ લઈને આરાગોનાં વાંહાંણનો કેપટન તે બંધીમાંથી છટકી ગએઓ અને સપાટા બંધ માંરસેલમાં દાખલ થઈ ગએઓ અનેં આરાગો સલાંમત કીનારે ઊતરી પોતાને મકાંને ગએઓ.

બેનો, માણસ ઊપર એમ કોઈવાર દુખનાં ઢગલા આવી પડેછે, પણ તેમાં જો ધીરજ ન રાખીએનો હોએ તેનાં કરતાં બેવડાં દુખમાં આવી ફસીએ છઇએ.

---

# સુખ! સુખ!



( છપો. )

નવ સુખ સુખની માહે, સુખછે દુખની માંહે,
દુખ સુખનું મુળ, દુખવન સુખ ન જણાએ;
માહે માનું સુખ, સુખ છે સુખની આગે,
નવતો સુખનું સુખ, દુખનું રૂંખજ લાગે;
સુખ સુત સંતાપનો, સમજુ શેરમાં હોએ,
કુંખ દુખની ઝાલીને મુર્ખ સુખ નવ જોએ.

બાઇઓ, તમે દુનીઆમાં કેથેબી જાઓ, તીઆં સુખ અને દુખ એ બે શબદો હમેસાં તમારે કાને પડવાનાંઃ તેમાં એકનો ધીકાર, અને બીજાનો સવીકાર, એવી વાણી હમેશ તમારે કાંને પડવાની. એ પર માંણે દુખને સઘલા કાહાડે છે, અને સુખને સઘલા માંગે છે. સુખને સઘલા માંગે છે ખરા પણ સુખ શુ છે, અને સુખ કીઆં છે તે તેઓ પરથમ સમજતા નથી. કેટલાકો સુખને નસીબમાં લખેલું સમજે છે, તેથી નસીબની વાતને બનવાની આવતી નોબતની રાહા જુએ છે; કેટલાકો સંજોગ મલતે સુખ મલવાની આસા રાખે છે, તેથી સંજોગની સવારીની ઊમેદવારીનાં મેદાંનમાં ઊભા રહી વાત જુએ છે; કેટલાકો ખોદા ઊપર તોકલ રાખી બેસે છે, તેઓ ખોદાની મેહેરનો વરસાદ વરસવાની રાહા જુએ છે. પણ તેમાં સઘલા ચુકે છેઃ સુખ નસીબમાં પણ નથી, સુખ સંજોગમાં પણ નથી, અને સુખ સાહેબ આપેછે, અથવા નથી આપતો એમ પણ નથી. સુખને સઊ માંણસનાં મુખની આગલ નાખેલું છે, પણ કેટલાકોને દાંત ફુટવાનો વાર હોવાથી તે ચવાઈ શકાતું નથી, કેટલાકોનાં દાંત પડી ગએઆથી તે ચવાતું નથી, અને જેમુનાં દાંત સલાંમત અને મજબુત છે, તે ખટાશથી અંમલાંઈ જવાથી ચવાતું નથી. માટે જેમને દાંત ફુટવાના છે

તેમને ફુટવાની રાહ જોવી, અને જેમનાં પડી ગએલા છે, તેમને વડોલીને ગલી જવાની આસા રાખવી, પણ જેમનાં અમલાઈ ગએઆ છે તેઓ જો રાખે થોલી સાફ કરે અને ફરીથી ખરાશ નહી ખાએતો તેણુ લુકી કરી સવાદે ચાવીને ખાવાનો આશા રાખવી. પણ માંણસનું દીલ, ચાર આંગલનું અને ચોસટ ચકરનું: જે દરેક ચકરની ડોર લોભ અને લાલચનાં પટાની બનાવેલી, તે ચાહે તેટલી પોહોલી થાએ છે, અને તે માંહે વસનારા હવસને મારગ આપે છેઃ તે એટલા લાંબા ચાલે છે કે સાંમણેનાં મારગનો સુદલ છેડો જણાતો નથી.

બેનો, સુખ કીઆં છે ? રાજાનાં મેહેલમાં ? તીઆં જઇને જોવ, રાજપાટની ખટપટ, શતરૂનો ભએ, અને પરપંચાતીનાં પોટલાં ખાંધે અને માથે. તીઆંથી નીકલો, અને એક સોદાગરનાં ઘરમાં પેસો, ઘરાકી તુટવાની ફકર; માલ બલવાની કે ડુબવાની કે કોહાવાની કે ચોરાવાની ફકર અને છેલે દીવાલું કાહાડવાનો ભએ. તીઆંથી નીકલો અને કારીગરનાં ઘરમાં પેસો, કામ કીઆં મલશે, કામ કીઆરે મલશે, કામ કરતાં શરીરનું કે જીવનું જોખમ થશે, અને છેલે કોઈ રડાવી ચાલી જતો રેહેશે તેની ફીકર. તીઆંથી નીકલો અને નોકરનાં ઘરમાં પેસો, શેઠ ગુસે થશે, શેઠ ઠપકો દેશે, શેઠ કાહાડી મેલશે તો બેશી રહીશું, ખાશું તેની ફીકર. તીઆંથી નીકલો અને ખેડુતનાં ઘરમાં પેસો, ઊગતા અનાજનો મોટો ભાગ સરકાર લઈ મેલશે, તીડ પડી અનાજ ખાઈ જશે, વરસાદ નહી વરસસે તો છોડવા સુકાઈને મરી જશે, તેની મોટી ફીકર. તીઆંથી નીકલો અને ફકીરની જુપડીમાં પેસો, કોઈ દાતા રસતામાં મલશે કે નહી, અને કંઈ નહી મલશે તો ખાશું શું, ઠંડી આવી છે તે હોડશું શું, અને દુકાલનો વખત આવીઓ છે તે ભીકશા કોણ આપશે, તેની ફીકર. તીઆંથી નીકલો અને ઝાડની તલે પડેલા જોગીનાં તકીઆ આગલ જાઓ, તેમે દુખ દરદની વેલાએ મદદગાર નહી મલે, જંગલી જનાવરના પંજાગાંથી બચવાનો ભએ ઘણો, અને છેલે મરણ પામેઆ પછે ઠેકાણે પાડનાર જવલેજ મલે એવી ફીકર. તીઆરે હવે સુખ કીઆં ? પઈસો હોએ, અને દેહ સારી ન હોએ, દેહ હોએ, અને પઈસો નહી હોએ, એ બંને હોએ ને બચાં નહી હોએ, બચાં હોએ ને તે બંને અથવા બેમાનુ એક નહી હોએ. પગે ચાલનારના ચાલતાં પગ દુખે છે, અને ગાડીમાં બેસનારના બેસી રેહેતાં પગ દુખે છે. વસતીના વસનારને રાત દાહાડો ગડબડથી કંટાલો આવે છે, જંગલમાં વસનારને રાત દાહાડનુ નવરૂં જોઈ કંટાલો આવે છે. અંધારાંમાં ઊભેલાને અજવાલાં વગર દીસતુ નથી, અને જે હાથમાં અજવાલુ લઇ ઊભો હોએ તેને તેની ઝાલથી દીસતુ નથી. તીઆરે પણ સુખ કીઆં હશે? બેનો, ગભરાઓ નાં, સુખ તમારાં મોડાં આગલ છે. સુખની માએ સંતોષ કરી છે, તેના લગન જીઆરે દુર વીચાર તથા દુનીઆંની ફનાઈ સાથ થાએ છે, તીઆરે, તેને તીઆં એક બચું અવતરે છે, તેનુ નામ ખરૂ સુખ કરી છે. જે હાલતમાં તમે હોવ, તે હાલતમાં ખરાં દીલથી સંતોષ માનો, એટલે ખરૂં સુખ પોતાની મેલે તમારાં મોડાં આગલ આવીને ઊભુ રેહેશે. એ સીવાએ બીજે કયેથી ખરૂ સુખ મલવાનુ નથી. જીઆરે એમ તમારીથી નહી બને તીઆરે જાણો કે તમે લોભની જાલમાં વીટલાઈ કાંટાની જમીન ઊપર ગબડો છો, જેથી તમને સઘલી જગાએ દુખ સીવા બીજુ કશુ મલી આવતુ નથી. માટે વીવેકરૂપી છરી લઇ તે જાલ કાપી નાખો, અને તેમાં જકડએલા તમારા હાથ પગ છુટા મેલી સંતોષના સુમારા રસતા ઊપરથી સરી જાઓ કે સુખનાં ઘરમાં જઇને પડો.

---

## સાધારણ સમજ—ગરમી.

### ભાગ ૩ જો.

**સવાલ**—આતશ એટલે શું ?

**જવાબ**—સલગી ઊઠે એવી વસતુઓ બલતી હાલતમાં આવી રોશની તથા ગરમી આપે છે તે.

**સ૦**—લાકડાંને ગરમી આપીએતો તે સલગી ઊઠીને બલે છે, અને લોઢું કેમ નથી બલતું ?

**જ૦**—કારણ કે લોઢામાં સલગી ઊઠે એવી પદારથો નથી.

**સ૦**—તીઆરે લાકડામાં સલગી ઊઠે એવી પદારથો શું છે ?

**જ૦**—કોએલો, હાઈડરોજન અને આકસીજન.

વલી એક નવાં સંકટે તેને ઘેરીઓ—તેને તે વાંહાણ ઊપરથી બોઝીનાંજ બંદર ખાતે ઊતારી પાડીઓ જેથી તેને આલજીરીઅસ સુધી પગે ચાલીને મુસાફરી કરવાની ફરજ પડી, પણ તે ચાલવાનાં કરતાં તીઆંનાં જંગલી અને ઝનુની લોકોની વચેથી પસાર થવું ઘણુ મુશકેલ હતું. અંતે તે ધીરજ રાખીને તીઆંના એક ખુદા ધરમ ગુરૂને મલીઓ, જે તેને તુરકી લેબાસમાં કેટલાક મોત સમાનાં સંકટમાંથી બચાવી, પાહાડો ઓલંગાવો સલામત પાછો આલજીરીઅસમાં લાવીઓ. આએ હાલતે લાંબી મુદતે આરાગોને આલજીરીઅસમાં પાછો આવેલો જોઈ તીઆંનો ફરેંચ કોનસલ, જેણે તેને ફરાંનસ ખાતે મોકલીઓ હતો, તે ઘણોજ અજબ થએઓ. પછે તે કોનસલે ફરીને ભારી કોશેશ કરી તેની હથીઆરની પેટી પાછી અપાવી, અને ફરાંનસ જનારૂં વાંહાણ મલે તીઆંવેર તેને પોતાની સાથે રાખીઓ. તેવામાં તે એલચીને ફરાંનસ ખાતે પાછો ફરવાનો હોકમ આવીઓ, જેથી તે આરાગોને સાથે લઇને એક વાંહાણમાં બેસી ફરાંનસ આવવા નીકલીઓ. આએ વેલાએ પણ જેવું તે વાંહાણ મારસેલસનાં બંદરમાં આવીઊં અને આરાગોનું દીલ એકવાર ફરીને હરખાવા લાગું, તેવામાં વલી એક નવું સંકટ તે દુખીઆરા મુસાફરની સાંમણે આવીને ઊભું. જેવું તે વાંહાણ બંદરમાં ચાલે છે તેવામાં પછવાડેથી એક બરીટીશ મનવાર આવી, અને તે તથા બીજા વાંહાણોને પકડી મીનોરકાનાં ટાપુ તરફ લઈ ચાલી. અફશોશ! આએ વેલાએ બીચારા આરાગોને કેવું દુખ ઊતપન થઈઊ હશે? પણ નાચાર! તે બીચારાનાં હાથમાં કશો ચારો ન હતો જેથી તે ખોદાપર સબર રાખી બેઠો હતો. પણ તેવામાં સાહેબે તેની દાદ લીધીઃ કાંઈક તક જોઇને તથા સારા પવનનો લાભ લઈને આરાગોનાં વાંહાણનો કેપટન તે બંધીમાંથી છટકી ગએઓ અને સપાટા બંધ મારસેલમાં દાખલ થઈ ગએઓ અને આરાગો સલાંમત કીનારે ઊતરી પોતાને મકાંને ગએઓ.

બેનો, માણસ ઊપર એમ કોઈવાર દુખનાં ઢગલા આવી પડેછે, પણ તેમાં જો ધીરજ ન રાખીએનો હોએ તેનાં કરતાં બેવડાં દુખમાં આવી ફસીએ છઇએ.

## સુખ! સુખ!



(છપો.)

નવ સુખ સુખની માહે, સુખછે દુખની માહે,
દુખ સુખનું મુળ, દુખવન સુખ ન જણાએ;
ચાહે માતું સુખ, સુખ છે સુખની આગે,
નવતો સુખનું સુખ, દુખનું રૂંખજ લાગે;
સુખ સુત સંતાપનો, સમજુ શીરમાં હોએ,
દુંખ દુખની ઝાલીને મુર્ખ સુખ નવ જોએ.

બાઈઓ, તમે દુનીઆમાં કશેબી જાઓ, તીઆં સુખ અને દુખ એ બે શબદો હમેસાં તમારે કાને પડવાનાંઃ તેમાં એકનો ધીકાર, અને બીજાનો સવીકાર, એવી વાણી હમેશ તમારે કાંને પડવાની. એ પરમાંણે દુખને સઘલા કાહાડે છે, અને સુખને સઘલા માંગે છે. સુખને સઘલા માંગે છે ખરા પણ સુખ શુ છે, અને સુખ કીઆં છે તે તેઓ પરથમ સમજતા નથી. કેટલાકો સુખને નસીબમાં લખેલું સમજે છે, તેથી નસીબની વાતને બનવાની આવતી નોબતની રાહ જુએ છે; કેટલાકો સંજોગ મલતે સુખ મલવાની આસા રાખે છે, તેથી સંજોગની સવારીની ઊમેદવારીનાં મેદાંનમાં ઊભા રહી વાત જુએ છે; કેટલાકો ખોદા ઊપર તોકલ રાખી બેસે છે, તેઓ ખોદાની મેહેરનો વરસાદ વરસવાની રાહા જુએ છે. પણ તેમાં સઘલા ચુકે છેઃ સુખ નસીબમાં પણ નથી, સુખ સંજોગમાં પણ નથી, અને સુખ સાહેબ આપેછે, અથવા નથી આપતો એમ પણ નથી. સુખને સઊ માંણસનાં મુખની આગલ નાખેલું છે, પણ કેટલાકોને દાંત ફુટવાનો વાર હોવાથી તે ચવાઈ શકાતું નથી, કેટલાકોનાં દાંત પડી ગએઆથી તે ચવાતું નથી, અને જેમુનાં દાંત સલાંમત અને મજબુત છે, તે ખટાશથી અંમલાઈ જવાથી ચવાતું નથી. માટે જેમને દાંત ફુટવાના છે


છે, એટલે તે દીવાની માફક બલેઆ કરે છે. એવા દીવાને ગેઆસનાં દીવા કેહે છે. એવા દીવા આગલ મુંબઈમાં કશે કશે થએઆ હતા, તીઆરે તેમને વગર તેલે તથા વગર જોતે બલતા જોઈ ઘણીક બાઈઓને ઘણું અજબ જેવું લાગીઉં હતું અને કેટલીક ભોલી બાઈઓનેતો તે જાદુ અથવા નજરબંધી લાગી હતી! પણ ખરૂં કારણતો ઊપર કહીઉં તેજ છે, એટલે જે જગાએથી હાઈડરોજન બાહેર નીકલે છે, તે જગાએથી તેને ગરમી આપવાથી અને સાથે હવામાંનું આકસીજન મલી જવાથી તે વગર તેલે અને વગર જોતે બલીઆ કરે છે. દીવો પણ એજ ગેઆસથી બલે છેઃ તેલમાંથી તથા મીનબતીમાંથી હાઈડરોજન છુટું પડી સલગે છે, અને તેને બાહેરની હવા માંહેલી આકસીજન મલી તે બલીઆ કરે છે. વલી હાઈડરોજન સઘલી વસતુઓ કરતાં હલકી છે, તેથી તેને એક ઘણાજ ઘટ કુમાસનાં કપડાનાં કોથલામાં ભરી બંધ કરે છે એટલે તે ઊપર ઊડી જાએ છે. તેને બલુન કરી કેહે છે. મુંબઈમાં એવા બલુનમાં બેસી થોડાંક વરસની વાત ઊપર એક મી૦ કાઈટ નામનો અંગરેજ આકાશમાં ઊડેઓ હતો, તે જોઈને પણ સઘલી બાઈઓ ભારે અચરતીમાં પડી હતી, અને ઘણીકોએ તેને જાદુ તથા નજરબંધી માંની હતી. બલુન આકાસમાં પોતાની મેલે ઊડે છે તેનો સબબ એજ કે તેમાં ભરેલી હાઈડરોજન હવા બાહેરની હવા કરતાં એટલીતો હલકી છે કે તેનાંથી, તેને એટલે બાહેરની હવાને, દાબીને નીચે બેસી રેહેવાતું નથી, તેથી તે બાહેરની હવાનાં આંચકાથી ઊપર ઊડી જાએ છે. કુદરતનો એવો કાએદો છે કે, જે વસતુ પાણી કરતાં હલકી હોએ, તે પાણી ઊપર તરે, અને જો ભારી હોએતો માહે બુડે. લોહોડાંના કકડાને પાણીમાં નાખશું તો તરત તે તલીએ જશે, પણ એક બુચને કે લાકડાંના કકડાને છેક તલીઆંમાં લઇ જઈને મેલશુ તોપણ તે ઝટ ઊપર આવશે. કેમકે તે પાણી કરતાં ઘણુ હલકુ હોવાથી પાણી તેનાથી દબાતું નથી, તેથી તેને ઊપર ઊંચકાઈ આવવાની ફરજ પડે છે. તેમજ હવામાં પણ, જે વસતુ તેના કરતાં ભારી હોએ, તે તેને દાબી નીચે આવે, પણ જે તેનાથી હલકી હોએ ને તેના આચકાથી ઊપર જતી રહે. એ કાએદાથી બલુન ઊંચે જાએ છે, અને તેની સાથે માણસો પણ જાએ છે. ઈઊરોપખંડમાં તો પુરૂષોની સાથે સ્ત્રીઓ પણ બલુનમાં બેસી ઊડે છે, અને આપણી સ્ત્રીઓતો એક મોહોલામાંથી બીજા મોહોલામાં જતાં, દીસને વખતે બીહે છે, તેથી પછવાડે ચાકરને લઈને જાએ છે! બલુનને માટે હાઈડરોજન પાણીમાંથી કાહાડે છે, કેમકે હાઈડરોજન અને આકસીજન એ બંને મલી જઈ પાણી બનેલુ છે. વાંચનારી બાઈઓને અજબ લાગશે કે, હાઈડરોજન જાતે બલનારી, અને આકસીજન જાતે બલતાંને ટેકો આપનારી, એવી બે વસતુઓ એકઠી થઈ તેમાંથી એક એવી બની કે, જેને બલતાં ઊપર રેડતાં જ તેને હોલવી ઠોએલા કરી નાખે છે! જગત કરતા, ઈશવરનાં અપાર ડાહાપણનો એ કેવો નમુનો! પાણીમાંથી હાઈડરોજનને જુદી કાહાડવાને, તેમાં ગંધકનો તેજાબ રેડે છે, અને ઊપરથી થોડાક જસતના કકડા નાખે છે. ગંધકના તેજાબથી પાણીમાં રસાએણ કીરીઆ બની હાઈડરોજન અને આકસીજન છુટે પડે છે, જેમાંથી આકસીજનને જસત સાથ ઘણો સંબંધ હોવાથી તેમાં તે સોસાઈ જાએ છે, અને હાઈડરોજન એકલી રહી જાએ છે. તે ઊપર નીકલી આવે છે; તેને ઘેરીને બલુંનમાં ભરે છે. એ બલુંનની મોટી નજરબંધી છે.

---

## દીનબાઈ દંડાએઆં.

ધનજીશાહા નાંમનો એક જુવાંન પારસી પોતાની ધણીઆંની દીનબાઈ તથા તેનાં ખેશ કબીલા સાથ મુંબઈ મધે મરઘા સેરીમાં રેહતો હતો—જેમ હાલનાં કેટલાક પારશીઓ એખલપેટાઓની પેઠે પોતાની ઓરતોને ઘર મધે એખલી મુકીને પોતે મોજ અને અમન ચમનમાં ફરે છે તે માફક ધનજીશાહા પણ ફરતા હતા—ગીઆ વરાવાને દાહાડે ધનજીશાહા પોતાનાં બે છોકરાંઓને લઇને નાધલે કોલાબે પોતાનાં દોસતો સાથે વાડીએ શીધાવીઆ, અને દીનબાઈ તથા તેવણનાં બેન નવાજબાઈ તથા તેવણનાં સાસુ આવાંબાઈ તથા માશી સુનામાશી એઓ ઘર મધે હતાં. ધનજીશાહા વારી ગએઆ પછે ડોસલાંનો સાંમાન ઊંચો નીચો કરતાં દીનબાઈને ૧૨ વાગા—અને શાશુજીએ હોકમ કીધો કે ખાવાનો વખત થએઆ વાસને ભોણુ કરો. આ ઊપરથી દીનબાઈ ભોણું કરીને લાવીઆં

અને છતી ટેબલ ખુરશી મુકી દઇને દીનબાઈ તથા તેવણનાં માશી તથા શાશુજી તથા બેન શરવે બોએ ઊપર ખાવા બેઠાં—ખાધા પછે શાશુજી શીવાએ શરવે જણીઓ શારી કાહાંડી વાશન ઊજાડવા બેઠીઓ. વાશનુ ઊજાડીઆ પછી જે ખરાબ પાંણી તપીલાંની અંદર હતું—તે મોરી મધે ધોલી નાખવાને બદલે દીનબાઈએ બારીવાટે નાખીઊં. હવે બનાવ એવો બનીઓ કે તેજ વેલાએ એક ઈંગરેજ અમલદાર દીનબાઈનાં ઘર આગલથી જાતો હતો તેનાં દીલ ઊપર દીનબાઈએ નાખેલું બધું પાંણી પડીઊં કે જેથી કરી તે અમલદાર માંથેથી-તે પગવેર તદન ભીજાઈ ગએઓ. આ ઊપરથી તે ઈંગરેજ નાકા ઊપરજ એક સીપાઈ ઊભો હતો તેને લેઈને દીનબાઈનાં માર ઊપર ચહડી આવીઓ—દીનબાઈનાં બેન નવાજવહુ જે તે વેલાએ ચાલમાં ધોલકી ઊપર બેઠાં હતાં તે શીપાઈ તથા ઈંગરેજને દાદર ઊપર ચહડી આવતો જોઈને ઘણા ઘબરાએઆં અને રાંધણી મધે દોડી જઇને એ વીશેની ખબર દીનબાઈ તથા બીજાઓને જણાવી. એ શાંભલી બીચારી દીનબાઇનાં હોશ કોશ તદન ઊડી ગએઆ અને તેવન ઊપર જાણે એક મોહટી આફ્ત આવી પડી હોએ તેમ બોલી ઊઠીઆં કે એ માંએરે હવે આપણે શું કરશું ! પણ શુનામાશી જેવણ શરવેનાં કરતાં વધારે હીમતવાન હતાં તેવણે બધાંઓને હીમતે આપી અને રાંધણી બાહેર નીકલી આવીને શીપાઇને પુછવા લાગાં કે "તુલા કા જોઇએચ" એ ઊપરથી તે શીપાઈ દીનબાઈ જેવણ બારણામાંથી ચીમાઈને જોતાં હતાં તેવણ ગમ હાત લાંબો કરી બોલીઓ કે "તે બાઈને એ સાહેબાચા આંગાત નાંશલેલાં પાંણી ટાકલાં તેચી સાથી મી એલ્લા ધરાએલ્લા એલો" આ સાંભલી દીનબાઈનાં હોશ કોશ ઊડી ગએઆ અને થડથડ ધ્રુજવા લાગાં—પણ શુનામાશી પોતાની હમેસાંની ચાલ પરમાંણે બોલીઆં કે "મુઆ તારી માઓ મંમાઇને કાંએ નહી ધરતો, મુઓ ઘર બેઠાં ઘરો લેવા આવેઓચ, નીકલ મારા ઘરમાંથી નહીતો મુઆનું બાવરની ચીર લેઇને માથું બાંજી નાખસ." આ સાંભલીને તથા સુનોમાશીનાં હાતનાં લાંબા ટુકા નેહકા જોઈને તે અમલદારને ઘણુજ હસવું આવીઊં—તે અમલદારને હસતો જોઈને સુનામાશી બોલીઆં કે "મુઓ પેલો દેવ હસેચ તેતો જોઓ, મુઆની દાહાડી ધરીને પીખવી જોઈએ, કોન જાણે કોણે પાંણી નાખીઊં હશે ને મુઓ હઈએ ગરે પડવા આવીઓછ." શીપાઈ બોલીઓ કે "બાઈ એ માલા ખાલીપીલી કસાલા સીવી દેતે એ સાહેબાને સાંગલા ચનીક મી ઈકરે એલો." સીપાઈને વધારે બોહસ કરતો જોઈને સુનામાશી તથા સરવે દંગ થાઈ ગએઆં અને વીચારવા લાગાં કે હવે શું કરવું, ઘર મધે કોઈ માંટીડો મલે નહી—છેલે અંતે શુનામાશીએ પોતેજ શુબેદારને તાંહાં જાવાનો ઠેડાવ કીધો અને સીપાઈને કહું કે "ચાલ મી તારી સાંથ આઊંચ" પણ તે ઈંગરેજ બોલી ઊઠીઓ કે "જીને પાંણી ફલા ઊસકુ ધરણા ચહીએ એ ખુધીકુ લેજાકર કીઆ કરતા હએ." ખુધી બોલ સાંભલી સુનામાશીનો મીજાજતો સજર ગએઓ અને તે ઈંગરેજ ગમ બોહટા મોહટા ડોલા કાહાડી જોવા લાગાં, પણ તે વખતે કાંઈ બોલીઆં નહી—હવે તે ઈંગરેજે દીનબાઈને બારીવાટે પાંણી નાખીને પાછાં જતાં બરોબર જોએઆં હતાં અને વલી દીનબાઈએ પીલી ચોલી પેહરીહની તેની પણ તેને બરોબર નીસાન રાખી હતી, વાસતે તે અમલદાર દીનબાઈનેજ પકડવા માંગતો હતો—આવો મામલો જોઈને સુનામાશીએ કહું કે "એ મુઓતો તમુનેજ ધરવા માંગેચ વાશતે ચાલો આપણે ખોદાનું નામ દેઇને જઈએ જે થવાનું હશે તે થશે." એ સાંભલી દીનબાઈએ રડતાં રડતાં શારી પેહરી અને શુનામાશીએ નવાજબાઇને કહું કે "જરા પેલા પાશેનાં દોલાને બોલાવી કોલાબે ધનજીશાહા વારી ગઆ છે તાંહાં મોકલો કે દીનબાઈને પકડી લઇ ગઆ છે વાશતે તમુને જેમ બને તેમ જલદીથી બોલાવે છે એમ કહી દીનબાઈ, શુનામાશી શરવે દાદર ઊપર ઊતરીઆં. દીનબાઈ રડતાં હતાં વાશતે શીપાઈ શમજે નહી તેમ શુનામાશી બોલીઆ કે, "માશમાએ આશમાપરો વાંશમાક ને વશમરી રશમરેચ શાનાં" એમ બોલીને નીચે ઊતરીઆં. રશતામા બે પારસી ઓરતો સાથ એક શીપાઈ તથા એક ઈંગરેજને ચાલતી જોઈને પુશકલ લોક એકઠું થાવા લાગું, અને થોડા વખતમાંનો દીનબાઈ તથા શુનામાશીની આશપાશ નજીક બશો માણશ એકઠું થઈઊં—એથી કરી બીચારી દીનબાઈનીતો પુરીજ ફજેતી થાઈ અને નીચું મોહ કરી ચાલવા શીવાએ બીજો કાંઈજ ઈલાજ રહ્યો નહી,



ઘણાએક રાહદારીઓએ દીનબાઈને છોડી દેવા તે ઈંગરેજને શમજાવીઓ પણ તે શમજીઓ નહી. એમ કરતાં આખરે શુબેદારનું ઘર આવીઊં—પણ દીનબાઈના કમનશીબે શુબેદાર ઘર મેં નહી હતો વાશતે રશતામાં તેણીને બોહ્લા કલાક વેર ખોટી થાવું પડીઊં અને એટલાંમાંતો દીનબાઇના વર ધનજીશાહા તથા શુબેદાર આવી પુગો અને તેવણે તે ઇંગરેજ સાથ કેટલીક તકરાર કરીઆ પછે દીનબાઇનું તથા પોતાનું તે અમલદારને નામ આપી દીનબાઈ સાથ પોતાને ઘર આવીઆ—ઓરડામાં પગ મુકીઆ કે ધનજીશાહાની જબાં ઊપડી અને નીચે જણાવેલું એક નાપલું શરખું ભાશાણ લગાર શકત શબદોમાં કીધું.

“દોતબાઈ—આજ હું તમુને કેટલા મહીના થએઆ કેહતો આઊંચ કે છતી મોરી ચોતરા મેલી દઈને તમો બારીએ કાંઈ પણ ચીજ ના નાખો—પણ હું જણાંતાને ઘણોજ દલગીર છું કે આજ શુધી તેની અશર તમો ઊપર એક રતીભાર પણ થાઈ નથી—અફશોશ હોજો તેના જીવતર ઊપર કે જેને કેહનશાર ઓરત મલી ન હોએ અને જે ઓરત પોતાના ખાવીંદનું કેહઊં નહી માને તેની હાલત ઊપર પણ અફશોશ હોજો, નથી મેં તમુને એક અથવા બે વખત એ વીશે કહેઊં પણ પાંચશો.વખત હું તમુને જણાવી ચુકો છું કે એ કામ તમો.હરગેજ કરશો ના, શું નથી તમુને ઈઆદ.કે પરમ દીવશે જારે તમોએ કેરીનું ગોટલું ચુશીને બારીવાટે નાખીઊં તારે તે વીશેની મેં તમુને ખતી ખતીને મનાઇ કીધી હતી. અભાગ મારા કે તમારા જેવી હટીલી અને કશમજ ઓરત મને મલી છે કે જે પોતાની તથા પોતાના ધણીની આબરૂની કાંઇ પણ દરકાર રાખતી નથી.” આટલું કહી ધનજીશાહા પાઘડી પેહડી પાછા વાડીએ ગએઆ.

હવે વાંચનારી બાઈઓ, દીનબાઈની હાલત ઊપર વીચાર કરો, પણ તમો એમ નાં સમજતાં કે દીનબાઈની હરમારીનો હવે અંત આવીઓ હજુરતો પોલીશ આફીશમાં શું થાશે તેનો વીચાર ને વીચાર લાગો હતો અને બીજેજ દીવશે દીનબાઈ ઊપર પોલીસનો શમન આવીઓ કે “તેવને આવતી કાલે ૧૧ કલાકે કોટની પોલીસમાં હાજર થાવું”—બીજે દીવસે દીનબાઈ પોલીસ આફીસમાં હાજર થએઆં અને દીનબાઈ ઊપર વાંક શાબેત થવાથી માજીશટરેટે એ માટી ચાલ ઊપર કેટલાક ટીકા કરીઆ પછે રૂ૧૦ નો દંડ દીનબાઇને કીધો—કે જેમાંથી રૂ૫ તે ઈંગરેજ અમલદારને અપાવીઆ અને દીનબાઈ પોતાની તથા પોતાનાં ભરથારની ફજેતી કરી ઘર આવીઆં.

વાંચનારી બાઈઓ આશા છે કે આ વાર્તા વાંચીઆથી તમારા માંહેની કેટલીક જણીઓ ઊપર પુરતી અશર થાશે અને વારેઘડીએ એવો દેખાવ જે કેટલાક મોહલાઓમાં જોવામો આવે છે તે બંધ પડશે.

(લખી મોકલેલુ.)

*** ઉપલી બીનામાં જે લખીઉં છે કે “સીપાઇ અને અંગરેજ માલ ઉપર ચહડી ગએઆ, અને દીનબાઇને સુબેદારને તીઆં પકડી લઈ ગએઆ,” તે હાલમાં ઘણીખરી વાર બનતા બનાવો પરમાંણે બરોબર છે, પણ તે કાએદા વીરૂધ છે. કોઈ પણ સીપાઈને અથવા પારકા માંણસને એવા કારણસર એક ગરહસથ માંણસનાં ઘરમા વગર હોકમે ચહડી જવાની મુદલ સતા નથી, તેમજ એવા અનેઆએને માટે એક ગરહસથ સ્રીને સુબેદારને તીઆં પકડી લઈ જવાની પણ સીપાઈને સતા નથી: તેને એટલુંજ કરવું જોઇએ છે કે તે બાઇનું અથવા તેવા માંણસનું નામ લઈ તે ફરીઆદ કરનારને આપે; અને તે તેમની ઉપર બીજે દાહાડે પોલીસનો સમન કરે. પણ હાલમાં પોલીસનાં ઘણાખરા સીપાઈઓ કાએદા કાનુનથી ઘણા બીન માહીતગાર હોએ છે તેથી તેઓ એવાં કાએદે વીરૂધ કાંમ ઘણીવાર કરે છે.

એડીટર.

## કનતાન શેહેરનો એક મોહોલો.

ચીન દેસ મધે કનતાન કરી એક શેહેર છે તે તો વાંચનારી બાઈઓને સારીપેઠે માલમ છે. એ શેહેરનાં એક મોટા મોહોલાનું ચીતર પાસેનાં પાનાં ઊપર આપવામાં આવીઊં છે, તે ઊપરથી જણાસે કે તે મોહોલો, તથા તે મધેની ઇમારતો તથા દુકાંનો કેવી રોનકદાર અને સોભીતી છે! બાઈઓ, તમે જાણોછ કે દરેક ઘર, કે મોહોલો. કે શેહેર ગમે તે હોએ પણ જો તેને રોનકથી બાંધેલું, તથા સફાઈદાર હોએનો ગમે એવી સાદી બાંધની છતાં તે શોભાએમાન દેખાએઆ વગર રેહેતું નથી. આપણા ઘરમાં ગમે એવો થોડો અથવા હલકી જાતનો સામન હોએ, પણ જો તેને તેની બરોબર જગાએ ગોઠવીઓ હોએ અને તેને નીત સાફ રાખીઓ હોએતો તે શોભાએમાન ન દેખાએઆ વગર રેહે નહી. ઘણીક બાઈઓ ઊં